Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળાઃ પુસ્તક ૨૨, ૨૩, ૨૪.

વીર દુર્ગાદાસ

અથવા મારૂ સરદારો.

૧
૬૨

લખનાર-

વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલ. મુ. નડીયાદ.

પ્રસિદ્ધ કર્તા,

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. કાલબાદેવી–મુંબઈ.

તરફથી મંત્રી, ભિક્ષુ–અખંડાનંદ.

પ્રથમાવૃત્તિ પ્રત ૫૩૦૦. સં. ૧૯૫૮ (બીજું વર્ષ.)

મૂલ્ય રૂ. ૦ાા, પાકું પૂઠું ૧, સોનેરી ૧ાા પોસ્ટેજ માફ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સર્વ હકક સ્વાધીન."

અમદાવાદમાં શ્રી રામકૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસમાં **મગનલાલ હરિવલ્લભદાસે** પૃષ્ટ ૧ થી ૨૮૮ સૂધી છાપ્યું તથા ધી "ડાયમંડ જ્યુબલી" પ્રીન્ટીંગ પ્રેસમાં **પરીખ દેવીદાસ છગનલાલે** શરૂઆતનાં પૃષ્ટ ૧ થી ૬૦ તથા સર્વથી છેલ્લાં ચાર પૃષ્ટ છાપ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

રાજકોટમાં પ્રકટ થતા "વિજ્ઞાનવિલાસ"ના તંત્રીનું કામ ઈ. સ. ૧૮૭૮ થી મેં કરવા માંડયા પછી અંગ્રેજીમાં "મીસ-જેનપોર્ટર"ની લખેલી "સ્કાટીશ ચીફ્સ"ની નવલકથા મારા વાંચવામાં આવી. ત્યારથી મારા મનમાં આવ્યું કે એ કથાનું ગુજરાતીમાં અનુકરણ થાય એવો બનાવ હિંદુસ્તાનના ઈતિહાસમાંથી ખોળી કહાડી એક વાર્તા વિજ્ઞાન વિલાસમાં લખવી. એ વિચારને પરિણામે આ વાર્તા વિજ્ઞાન વિલાસમાં લખાઈ. "સ્કાટીશ ચીફ્સ" માં વર્ણવેલા બનાવોનું ને આ વાર્તામાં આવેલા બનાવોનું સામ્ય ઘણું છે. ઈંગ્લાંડના રાજા ૧ લા એડવર્ડે સ્કાટલાંડ જીત્યા પછી તેની ધુસરીમાંથી નીકળવાને સ્કાટીશ સરદારો સામા ઉઠયા. તેમાં આગેવાન વિલિયમવાલેસ હતો, તેણે છેવટ સુધી લઢીને પોતાના રાજા બ્રુસને માટે સ્કાટલાંડ સ્વતંત્ર કર્યું. પણ એ છેવટની લઢાઈમાં માર્યો ગયો છે. મારવાડના રાજા જશવંતસિંગજી મહારાજના મુવા પછી ઔરંગજેબ પાદશાહે એ રાજ્ય ખાલસા કર્યું ત્યારે પોતાના બાળરાજા અજીતસિંગજી માટે પાદશાહ સામા મારૂસરદારો ઉઠયા; તેમનો આગેવાન દુર્ગાદાસ હતો. તેણે છેવટ સુધી લઢીને મારવાડ સ્વતંત્ર કર્યું ને પોતાના રાજાને ગાદીએ બેસાડી રાજા પાકી ઉમરનો થતા સુધી રાજ્ય સાચવ્યું. આટલું સામ્ય લેઈ સ્કા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટીશ ચીફ્સનું અનુકરણ કર્યું છે. બાકીનો ભાગ આપણા ઐતિહાસિક બનાવોમાં થોડા ફેરફાર સાથે લખાયો છે.

સરકારી નોકરીમાંથી પેનશન લીધા પછી મને વિચાર થયો કે મેં દુર્ગાદાસની વાત લખી તે વખતે મારવાડનો મુલક જોયો નહોતો; તેથી જોયા વગર જે લખાયું છે, તે મુલક જોઈ યોગ્ય ફેરફાર સાથે વાર્તા લખી છપાવવી. આ વિચારથી હું જોધપુર ગયો. ત્યાંનો કિલ્લો, શેહેર ને આસપાસનો મુલક જોયો. જોધપુરમાં રહી દુર્ગાદાસ સંબંધી કેટલીક માહિતી મેળવી તથા દુર્ગાદાસ, જશવંતસિંગજી મહારાજ ને ઉદેપુરના રાણા રાજસિંગજીનાં ચિત્ર મેળવ્યાં. આ રીતે તૈયાર થઈ પાછા આવી, આણેલાં ચિત્રો ઉપરથી પુસ્તકમાં મૂકવાને ત્રાંબાના બ્લાક કરાવ્યા. અને તે આવ્યાથી "દુર્ગાદાસ" ની વાત છપાવવાની નોટીસો બહાર પાડી. એ નોટીસ વાંચવામાં આવતાંજ એક ગૃહસ્થે "વિજ્ઞાન વિલાસ" એકઠાં કરી દુર્ગાદાસની વાત છપાવી દીધી. આ વાત મારા જાણવામાં આવતાંજ મેં એ વાત છપાવવાની માંડી વાળી. હાલમાં મારા લખેલા પુસ્તકની લખેલી પ્રત સસ્તાસાહિત્ય મંડળે માગણી કરવાથી તેમને આપ્યાથી આ પુસ્તક તેમણે છપાવી સસ્તી કિંમત રાખી એનો બહોળો ફેલાવો કરવાનો યોગ આણ્યો છે.

કર્ત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા.

પ્રકીર્ણ વિષયો.

વિષય.	પૃષ્ઠાંક.
નિવેદન.	૯
નવાજુની.	૧૩
ગ્રંથસ્વીકાર.	૧૭
ત્રીજા વર્ષના નિયમો...	૨૦
(क) વર્ગ, મૂલ્ય, પોષ્ટેજ અને કમીશન વિષે. ...	૨૦
(ख) વાર્ષિક મૂલ્યની પહોંચ વિષે.	૨૧
(ग) કદ વિષે.	૨૨
(घ) રવાનગી અને ગેરવલ્લે જવા વિષે	૨૨
(ङ) નવીન ગ્રાહક થવા વિષે.	૨૪
(च) પત્ર વ્યવહાર તથા નાણાં વ્યવહાર વિષે. ...	૨૫
(छ) શિરોનામ તથા વર્ગ બદલવા વિષે.	૨૬
(ज) પ્રકીર્ણ....	૨૭
આવતા વર્ષનું મૂલ્ય વસૂલ કરવાની ગોઠવણ....	૨૮
ચાલુ વર્ષની આ સંસ્થાની પ્રવૃત્તિઓ. ...	૩૧
(૧) વિવિધ ગ્રંથમાળા (બીજું વર્ષ.)	૩૧
(૨) ચરિત્રમાળા (પ્રથમ વર્ષ.)	૩૫
(૩) ૦)- વાળી સાર્થ ભગવદ્ગીતા.	૩૭
(૪) વેદાન્ત ગ્રંથમાળા.	૩૮
(૫) વિવેકાનંદ વાક્યામૃત.	૪૦
(૬) પુરાણ ગ્રંથમાળા...	૪૧
વિવેચન.	૪૨
(૧) ન્યૂનતાઓ અને કારણો	૪૨
(૨) આભાર સ્વીકાર	૪૪
(૩) કેટલીક ખાસ વિનતિઓ	૪૬
(૪) સાક્ષર સત્કાર.	૫૦
(૫) સાહિત્યની સંસ્થાઓને વિનતિ.	૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર દુર્ગાદાસ.

પ્રકરણાંક	વિષય.	પૃષ્ઠાંક.
૧	કથાપ્રવેશ.	૧
૨	દુર્ગાદાસ ઘેર.	૧૦
૩	સોનિંગજી ચાંપાવત ને દુર્ગાદાસ. ...	૧૬
૪	દુર્ગાદાસના ઉપર આફત.	૨૪
૫	દુર્ગાદાસનો અરણ્ય વાસ.	૪૭
૬	માંડા ઉપર આફત.	૫૯
૭	માનસિંગ મદદે.	૯૦
૮	લાલબા ફસાઇ.	૧૦૪
૯	દુર્ગાદાસનો છુટકારો ને સોજીત જીતવું. ...	૧૧૦
૧૦	આફતપર આફત ને જય ઉપર જય. ...	૧૨૯
૧૧	જોધપુરની જીત.	૧૪૮
૧૨	જોધપુરમાં દરબાર.	૧૮૨
૧૩	હિંદુ મુસલમાન સરદારોમાં એક્કો. ...	૧૯૪
૧૪	એક્કો તૂટયો.	૨૧૧
૧૫	દેબારીનું યુદ્ધ.	૨૧૯
૧૬	પાદશાહી જાળ.	૨૨૨
૧૭	શાહજાદો ને શંભાજી	૨૩૯
૧૮	ભણ્યો ભૂલ્યો.	૨૪૮
૧૯	રજપુતો સાથે સંધિ....	૨૫૮
૨૦	રાજકુંવર અજીતને જાહેરમાં મુકયો. ...	૨૬૪
૨૧	અજીતસિંગને અજમેરમાં રાજ્યાભિષેક. ...	૨૭૨
૨૨	જોધપુરમાં મહોત્સવ.	૨૭૭
૨૩	ગુણનો બદલો અવગુણથી, સંતોષ. ...	૨૮૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન.

વિવિધ ગ્રંથમાળા ૨૨, ૨૩ અને ૨૪ મા પુસ્તક તરીકે **વીર દુર્ગાદાસ** અથવા **મારૂસરદારો** નામનું આ પુસ્તક રજુ થાય છે.

આ પુસ્તક એક ઐતિહાસિક નવલકથા રૂપે છે. ગુજરાતની કેટલાંક વર્ષ સુધી સારી સેવા બજાવી બંધ પડેલા "વિજ્ઞાન વિલાસ" નામે માસિકના અંકોમાં આ નવલકથા તેના રચનાર મહાશયે આપી હતી.

આ વાર્તા તેમાં જોવામાં આવતા નિશ્ચલ સ્વામીભક્તિ, નિષ્કામ સ્વાર્થત્યાગ, અપૂર્વ સાહસ, અડગ સહનશીલતા, અસાધારણ સ્વધર્મ-પ્રીતિ અને પ્રચંડ વીરત્વ ઈત્યાદિ સદ્‌ગુણોને લીધે વાંચક વર્ગ માટે હિતાવહ જણાયાથી તેના કર્ત્તાની પરવાનગી લઈને વિવિધ ગ્રંથમાળા-દ્વારા પ્રસિદ્ધ કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું છે.

આ નવલકથાના પ્રયોજક સુપ્રસિદ્ધ વયોવૃદ્ધ ગુર્જર સાક્ષર શ્રીયુત્ વિઠ્ઠલદાસ ધનજીભાઈ પટેલ એઓ છે. તેમણે આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની રજા નિષ્કામતાથી આપી છે; તથા યોગ્ય સુધારણા-સહિત આ વાર્તાની સ્વહસ્તે ફરીથી લખી રાખેલી કોપી જે ઘણા સમયથી હસ્તે પરહસ્તે ચ્હડી ગઈ હતી તે કેટલોક યત્ન કરીને મેળવી આપી છે; તેમજ આ વાર્તા પોતા તરફથી પ્રસિદ્ધ કરવાના મૂળ વિચાર સમયે કેટલોક ખર્ચ કરીને ત્રાંબાના પતરાવાળાં તેમણે જે ચિત્રો ખાસ તૈયાર કરાવેલાં તે આ પુસ્તકની સાથે છપાવવા સારૂ આપ્યાં છે; આં સર્વ બદલ એ ઉદારચિત્ત મહાશયનો આ સંસ્થા તરફથી અાત પ્રેમપૂર્વક આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

આ વાર્તામાં આવેલા મુખ્ય સ્થળરૂપ **મારવાડમાં** આવેલું **જોધ-પુર** અને તેની આસપાસનો પ્રદેશ જાતે જોઈ આવીને, તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તામાંના મુખ્ય ઐતિહાસિક બનાવો અને પાત્રો વિષે બનતી માહિતી મેળવીને આ આવૃત્તિની પ્રત ઉક્ત લેખક મહાશયે ફરીથી લખી તૈયાર કરેલી હોવાથી; તેમજ આ સાથે અપાયલાં દુર્ગાદાસ તથા રાણા રાજસિંગજીનાં ચિત્રો પણ તેમણે તે પ્રદેશમાંથી જાતે મેળવેલી છબીઓ ઉપરથી તૈયાર કરાવેલાં હોવાથી જે અન્ય ગૃહસ્થે "વિજ્ઞાન વિલાસ" ભેગાં કરી તે ઉપરથી દુર્ગાદાસની વાર્તા છપાવી દીધાનું લેખક મહાશયે પ્રસ્તાવનામાં જણાવ્યું છે; તેના કરતાં આ પુસ્તક ગુર્જર વાંચકવર્ગમાં વિશેષ આદરને પાત્ર મનાય તો તે સંભવિતજ છે.

મહારાજા જશવંતસિંગજીના ચિત્રનો ત્રાંબાનો કટ પણ લેખક મહાશય તરફથી છપાવવાને મળ્યો હતો; અને તેવા એક ઐતિહાસિક મહાન વીરનું ચિત્ર આ પુસ્તકને વધુ આકર્ષક બનાવત; પરંતુ તે ત્રાંબાના બ્લૉકનું કદ સહજ મ્હોટું પડવાથી તે ચિત્ર પડયું મૂકવાની ફરજ પડી છે.

બીજા સર્વ પ્રકારના વાંચન કરતાં વાર્તાઓના વાંચનમાં જે અસર અને આકર્ષકપણું રહેલું છે તે જોતાં વાર્તાઓની એકાદ સ્વતંત્રજ 'ગ્રંથમાળા' અથવા 'માસિક પત્ર' સસ્તી કિંમતે નીકળવાની ખાસ જરૂર છે. યોગ્ય હસ્તે જો આ કાર્ય ઉપાડી લેવાય અને સ્ત્રી પુરૂષો વચ્ચેના શૃંગારિક આચાર વિચારોના પ્રાધાન્યવાળીજ વાર્તાઓ પ્રસિદ્ધ કરવાને બદલે વિવિધ સદ્‌ગુણોની ઉત્તમ ભાવનાઓને જાગૃત કરે, પોષે અને દૃઢીભૂત કરે એવી તથા હાસ્યરસ, વીરરસ, કરૂણારસ, શાન્તરસ ઇત્યાદિ સત્વબળને પોષનારા પ્રકારોને પ્રાધાન્ય આપીને રચાયલી વાર્તાઓ અને તેવી વાર્તાઓનાં ભાષાન્તરો તે દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે; તો વાંચક વર્ગનું તેથી ઉત્તમ હિત સધાય અને પ્રયાસ પૂર્ણ સફળતાને પામે એમાં સંશય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્તાઓની નવીન રચનાની બાબત બાજુ પર રાખતાં ઈંગ્રેજી, મરાઠી, હિંદી, તેમજ બંગાળી ભાષાઓમાંથી પણ એવી પુષ્કળ ઉત્તમ વાર્તાઓ મળી આવે તેમ છે કે જેનું દેશકાળાદિને અનુસરીને સારી શૈલી પૂર્વક ભાષાંતર કરી પ્રસિદ્ધ કરવામાં આવે; અને ખંત, મહેનત તથા કરકસર પૂર્વક એવી વાર્તામાળા કે માસિકની વ્યવસ્થા ચલવવામાં આવે તો તે યોજના ઘણીજ સુબોધક અને લોકપ્રિય તથા જનસમાજની અગત્યની સેવા બજાવનારી થઈ પડે. વળી એક ઉત્તમ પ્રકારના ધંધા તરીકે આ કાર્ય પચીસ પચાસના પગારવાળા નોકરી ચાકરીના ધંધાઓ કરતાં અનેક પ્રકારે લાભદાયકજ નિવડે તેમ છે. આ વિષે વધુ *માહિતીની ઇચ્છા હશે તેમને અમદાવાદમાં રૂબરૂ મળવાથી તે ઘણીજ ખુશીની સાથે પૂરી પાડવામાં આવશે. પત્રવ્યવહારથી ફાવશે નહિ.

---

*રા. **રત્નસિંહ દીપસિંહ પરમાર** જેઓ સાહિત્ય સેવામાં ઘણા ઉત્સાહિ છે તેમણે આ બાબત પૂછતાં આ ખાતા તરફની વિવિધ ગ્રંથમાળાના જેવા સસ્તા ધોરણે સારી નવલ કથાઓ નિયમિત કહાડવા બાબતના ખર્ચની તથા બીજા સંભવોની બનતી માહિતી તેમને આ લખનાર તરફથી આપવામાં આવી હતી. હાલ 'નૉવેલમાળા' નો પ્રયાસ તેમણે કરવા માંડયો છે એ ખુશી થવા જેવું છે. જો કે સૂચવાયા પ્રમાણેનું સસ્તાપણું રાખવાનું તુરતમાં તેમના જેવા માટે સાહસ રૂપ થઇ પડે તેમ હોવાથી તેઓ તે ન રાખી શકે એ સ્વાભાવિકજ છે; તો પણ કથાઓની પસંદગી, શૈલી તથા રચનામાં તેઓ ઉત્તમતાનું ધોરણ દર્શાવી જનસમાજની પસંદગી મેળવવામાં વિજયી થશે તો તેથી ખપતનું પ્રમાણ વધતાં યોગ્ય સસ્તાપણાનો માર્ગ સ્વાભાવિક રીતે ખુલ્લો થશેજ. 'મંત્રી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંસ્થા તરફથીજ તેવી એક વધુ ગ્રંથમાળા કેમ નથી કહાડવામાં આવતી ? એવો પ્રશ્ન અહિં કોઈના મનમાં થઈ આવે તેના સમાધાન માટે જણાવવાનું કે તે બાબત વિચારણા બહારતો નથીજ. પરંતુ યોગ્ય મનુષ્યોની અને બીજા આવશ્યક સંયોગોની સગવડ વિના તે થઇ શકવું મુશકેલ છે.

વિવિધ ગ્રંથમાળામાં પણ વખતો વખત સારી નવલકથાઓ આપવાનો મૂળથીજ વિચાર રાખેલો છતાં હજી તે ઘટતા પ્રમાણમાં આપી શકાય નથી; પરંતુ હવે આ શિવાય ઐતિહાસિક અને સામાજીક નવલકથાઓનાં બીજાં કેટલાંક પુસ્તકો થોડા સમયમાં તૈયાર થનાર છે. જેમાંથી બે એક પુસ્તકો આવતા વર્ષમાં પ્રસિદ્ધ થશે. રા. રા. શિવપ્રસાદ દલપતરામ પંડિતની કેટલીક ન્હાની વાર્તાઓનું પુસ્તક નામે **કથાગુચ્છ** પણ એજ વર્ષમાં, વિવિધ ગ્રંથમાળાદ્વારા પ્રસિદ્ધ થશે.

સં. ૧૯૬૮ શ્રાવણ શુકલ ૧
તા. ૧૩–૮–૧૯૧૨

'મંત્રી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાજૂની.

(૧) શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા.

ગયા પુસ્તકની રવાનગી પછીના આઠ દિવસ સુધીમાં વિવિધ ગ્રંથમાળાના જે ગ્રાહકો ઉપલું પુસ્તક મંગાવે તેમને અગાઉના ગ્રાહકોમાં ગણીને તે ચાર આને ઓછું આપવાનું જાહેર કરેલું તે મુજબ અમલ થઇ ચૂક્યો છે. કેટલાકો તે મુદત પછી પણ તેવી ઓછી કિંમતે પોતાને મોકલવા લખતા હોવાથી જણાવવાનું કે એ સમય પછીથી એ પ્રકારની છૂટ મળી શકે તેમ નથી અને મધ્યમ આવૃત્તિ રૂ. ૧-૧૦-૦ ની તથા ઉત્તમ આવૃત્તિ રૂ. ૨) ની પૂરી કિંમતે માગ્યા શિવાય આ પુસ્તક મોકલવાનું બની શકશે નહિ. ઉપરાંત પોષ્ટ તથા વી. પી. ખર્ચ પણ દર પ્રત દીઠ ૦।- અને ૦≈ વધુ સમજવાનું છે. સામટી આઠ પ્રતે એક પ્રત બક્ષિસ અપાશે.

(૨) ત્રણ ઉપયોગી પુસ્તકો.

નીચેનાં ત્રણ ઉપયોગી પુસ્તકોની સસ્તી કિંમત કરી નાખી તેની વેચાણ વ્યવસ્થા આ સંસ્થાને સોંપવામાં આવી છે. એ ત્રણે પુસ્તકો રા. રા. શિવપ્રસાદ દલપતરામની જાણીતી કલમથી લખાયલાં હોઇ ખાસ વાંચવા યોગ્ય છે.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર. આ ચરિત્ર નવું લખાયું છે અને તે છબી તથા આર્ટ પેપરના પૂઠા સાથે થોડાજ સમયપર પ્રસિદ્ધ થયેલું છે ૧૬ પેજી પૃષ્ટ ૧૨૦ કિં. ૦।- હાલ ૦)≈

દેવી અઘોર કામિની. આ ચરિત્ર પણ નવુંજ નીકળેલું છે ચિત્ર, આર્ટ પેપરનું પૂઠું, કિં. ૦)ના હાલ ૦)-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈત્રેયી. (વૈદિક સમાજ ચિત્ર) સાદી વાર્તાના રૂપમાં એમાં તત્વજ્ઞાનનો વિષય છે. પૃષ્ટ ૮૦ કિં. ૦)~

સૂચના. એ ત્રણે પુસ્તકોની હાલની કિં. ૦।~ છતાં ત્રણે સાથે લેનારને રૂ. ૦। માં અપાશે પોષ્ટેજ ૦)~ તથા વી. પી. ખર્ચ જુદું.

(૩) નીતિ શિક્ષણ.

વડોદરા સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલું આ પુસ્તક આ ખાતામાંથી મળી શકવા ગોઠવણ થયેલી પણ પાછળથી તે પડતી મૂકાયાથી હવેથી આ ખાતામાંથી મળી શકશે નહિ. વડોદરાની સરકારી બુક ડેપો યા ભાષાંતર સ્ટોરમાંથી જોઇયે તેમણે તે મેળવવું.

(૪) એક નવું ધોરણ.

લેખકો તેમજ ગ્રંથ પ્રકાશકો તરફથી આ સંસ્થા તરફ ભેટ દાખલ મોકલવામાં આવતાં પુસ્તકોની પહોંચ હવેથી **ગ્રંથ સ્વીકાર** અથવા **ગ્રંથ સ્વાગત** એવા મથાળા નીચે પુસ્તકના તથા તે મોકલનારના નામ સાથે સ્વીકારવામાં આવશે. જે પુસ્તકો વિશેષ ઉપયોગી જણાશે તેનું મળવાનું ઠેકાણું, કર્તા કે પ્રકાશકનું નામ, પુસ્તકનું કદ, છપાઈ, કાગળ, પૂંઠાની જાત, વિષય તથા મૂલ્યની વિગત પણ **વિવિધગ્રંથમાળા**ના વાંચક વર્ગની જાણ માટે આપવામાં આવશે.

સદ્‌ગૃહસ્થો તરફથી હરકોઈ નિમિત્તે જ્ઞાનવૃદ્ધિ અર્થે ભેટ યા લ્હાણી વહેંચવાને અથવા તો ખાસ સસ્તી કિંમતે વેચવાને પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો માટે મળી શકશે તો ટુંક વિવેચન પણ અપાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) વાંચકોને વિનંતિ.

આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થતી **ચરિત્રમાળા** માટે હૃદયની ઉચ્ચ લાગણીથી રા. રા. શિવપ્રસાદ દલપતરામ પંડિત. **ભારત વર્ષના સંત પુરૂષો**નાં જીવન ચરિત્રો લખવાનો જે પરિશ્રમ કરી રહ્યા છે, તે પુસ્તકમાં અસાધારણ વિદ્વત્તા, યોગસિદ્ધિ, પરોપકાર, આદિ સદ્ગુણોથી ભારત ભૂમિને વિભૂષિત કરી ગયેલા હિંદુ, જૈન, બૌદ્ધ અને શિખ સંપ્રદાયના સાધુ સંતોનાં ચરિત્રોનો સંગ્રહ કરવાનો અભિલાષ છે; જેથી 'વિવિધ ગ્રંથમાળા' ના 'ચરિત્રમાળા' ના તેમજ અન્ય સર્વ ગુર્જર વાંચક બંધુઓને વિનંતિ છે કે,—

એવા કોઈ પણ અસાધારણ કોટીના સાધુ સંતોનાં જીવનની સામગ્રી એમની પાસે હોય તો તે નીચલાં ત્રણમાંના હરકોઇ અનુકૂળ પડે તે સ્થળે લખી મોકલવાની કૃપા કરવી. જેથી આ ઉપયોગી અને વિશાળ સંગ્રહમાં તેનો સદુપયોગ કરવામાં આવશે.

રા. રા. શિવપ્રસાદ દલપરામ પંડિત.

मु. बारां, (कोटाराज्य) राजपुताना.

'વ્યવસ્થાપક' સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

ઠે. હાથીબિલ્ડીંગ, કાલબાદેવી રોડ **મુંબઇ.**

'વ્યવસ્થાપક' સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખા.

ઠે. ખમાસાનો ચકલો, જમાલપુર રોડ, **અમદાવાદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) આ સાથેના કાર્ડનો ઉપયોગ.

‘વિવિધ ગ્રંથમાળા’ તથા ‘ચરિત્રમાળા’ ના જે ગ્રાહકોને.

(૧) આવતા વર્ષથી ગ્રાહકમાંથી નીકળી જવું હોય.

(૨) કાચાં પૂઠાંને બદલે પાકાં પૂઠાંના વર્ગમાં ગ્રાહક થવું હોય.

(૩) શિરોનામમાં ફેરફાર કરાવવો હોય.

ઉપલામાંની એક યા વધુ બાબત વિષે જે ગ્રાહકોને જે કાંઈ લખવાનું હોય, તેમણે મોડામાં મોડું આ પુસ્તક પહોંચ્યા પછી દશ દિવસ સુધીમાં આ સાથે લખેલા કાર્ડ પર અવશ્ય લખી જણાવવું.

જેઓ માત્ર ચાલુ વર્ષ માટેજ ગ્રાહક થયા હોય ને આવતા વર્ષમાં નજ ચાલુ રહેવું હોય તેમણે પણ આ પ્રસંગે અવશ્ય લખવા મહેરબાની કરવી.

જેમને હાલ છે તેજ શિરોનામથી અને તેજ વર્ગમાં ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તેમણે એ કાર્ડ કે બીજું કાંઈ લખી મોકલવા જરૂર નથી.

(૭) આવતું પુસ્તક વી. પી. થી મોકલાશે.

ઉપલી ચેતવણી બદલ ઉપર લખેલા સમય સુધી રાહ જોયા પછી તુરતમાં વી. પી. નાં શીરનામાં કરવાની તથા પેકેટો બાંધવાની તૈયારી શરૂ થશે. જે પૂર્ણ થઈ રહેતાં દરેક ગ્રાહકપર ‘વિવિધ ગ્રંથમાળા’નું આવતું ૨૫ મું પુસ્તક સંવત ૧૯૬૯ ના કાર્તિક માસમાં રવાના થશે. કાચા પૂઠાવાળાં ગ્રાહકોએ વી. પી. ખર્ચ સાથે રૂ. ૧-૯-૦ અને પાકા પૂઠાવાળાં ગ્રાહકોએ રૂ. ૩-૧-૦ ભરીને તે સ્વીકારી લેવા તસ્દી લેવી.

કોઈ પણ કારણસર કોઇને એ વી. પી. સ્વીકારવામાં વાંધો હોય, તો તે સ્વીકારવાની એકદમ ના પાડી દઈ પાછું વાળવું નહિ; પરંતુ દશ દિવસ સુધીનો વાયદો પોષ્ટમેનને કરી શકાય એવો પોષ્ટ ખાતાનો કાયદો હોવાથી તે મુજબ કરીને વાંધાનો નીકાલ અમારાપર પત્ર લખીને કરી લેવો.

આટલી સમજુત અને ખુલાસો આપ્યા છતાં જેઓ આળસુપણાથી, ભૂલથી યા બેપરવાઈથી વી. પી. પાછું વાળશે; તેઓ તે બદલ આવા એક ધર્મ-કાર્યમાં થનારા નુકશાનના જવાબદાર અને પાપના ભાગી થશે. અને તેમની એવી વર્તણુંકને લીધે તેમનાં નામ ગ્રંથમાળામાં પ્રસિદ્ધ કરવાને પાત્ર ગણાશે.

‘વ્યવસ્થાપક.’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથસ્વીકાર.

નીચે જણાવેલાં પુસ્તકોની પહોંચ આભાર સહિત સ્વીકારવામાં આવે છે.

(૧) **સ્વર્ગનાં રત્નો.** રચી પ્રસિદ્ધ કર્તાઃ વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર.

કાગળ—ગ્લેજ ૬૦ રતલી, પૂઠું—પાકું સોનેરી.

કદ—રોયલ ૧૨ પેજી ફોર્મ ૩૨ પૃષ્ટ ૩૮૪ **મૂલ્ય** રૂ. ૧)

વિષય—પ્રભુપ્રેમ, જ્ઞાન, સત્સંગ, નીતિ ઇત્યાદિ બાબતો ઉપર સરળ સુબોધક ૧૦૧) દાખલાઓ.

ઠેકાણું:—કર્તા પાસેથી ઠે. હાથી બીલ્ડીંગ, કાલબાદેવી. **મુંબઇ.**

(૨) **સ્વર્ગની સુંદરીઓ** રચી પ્રસિદ્ધ કર્તા. અ. સું. પઢિયાર.

વિષય—સ્ત્રીઓ ધારે તો સહેલાઇથી પોતાને સ્વર્ગની દેવીઓ જેવી કેવી રીતે બનાવી શકે તે રીતનાં સરલ દ્રષ્ટાંતો તથા અસરકારક ઉપદેશો.

કાગળ—ગ્લેજ ૬૦ રતલી, **પૂંઠાં**—પાકાં સોનેરી. **મૂલ્ય** રૂ. ૧॥

કદ—રોયલ ૧૨ પેજી ૫૦૦ પૃષ્ટ, **ઠેકાણું**—ઉપર પ્રમાણે.

(૩) **રાજકુમારી સુદર્શના** યાને **સમળી વિહાર.**

લખનાર—પન્યાસજી શ્રી કેશરવિજયજી ગણી.

પ્રસિદ્ધ કર્ત્તા—શા. સોમચંદ ભગવાન કાગળના વેપારી.

સહાયક—શેઠ વીરપાળ પાશુનાં પુત્રી બ્હેન દેવલીબાઇ (કચ્છ)

કદ—ડબલ ક્રાઉન ૧૬ પેજી પૃષ્ટ ૪૫૬. **કાગળ** ગ્લેજ.

પૂઠું—પાકું. **મૂલ્ય**—આઠ આના. વિવિધ ગ્રંથમાળાના ગ્રાહકોમાંથી મંગાવનારને છ **આના.** ટ. ખ. ૦)=

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેચન—આ પુસ્તક ધાર્મિક વાર્તા રૂપે છે. વિષય જૈન ધર્મનો હોઈ જૈન બંધુઓએ ખાસ વાંચવા યોગ્ય છે. પરમત–સહિષ્ણુ, જૈન મતના પદપદાર્થો જાણનાર, ઈતર ધર્મીઓ માટે પણ તે સતસંસ્કાર વર્ધક થઇ પડે તેમ છે. આ ગ્રંથ તૈયાર કરનાર એક જાણીતા જૈન ધર્મગુરૂ છે. આ પુસ્તક સસ્તી કિંમતે વેચાય તે બદલ રૂ. ૨૦૦) ની સહાયતા આપનાર ઉક્ત બાઇ ઉદાર ચિત્ત અને ધર્માપ્રય હોઇ આવાં કાર્યોમાં વખતો-વખત સહાય કરતાં રહે છે. પ્રસિદ્ધ કર્તા અમદાવાદના એક સતસંસ્કારી સજ્જન છે. પુસ્તક આવી સસ્તી કિંમતે પ્રસિદ્ધ થવામાં નિમિત્તભૂત થનાર એ ત્રણે વ્યક્તિઓનો પરોપકારક પ્રયાસ ધન્યવાદને પાત્ર છે. દિવસાનુદિવસ બીજાં એવાં અનેક ધર્મકાર્યો કરવાને તેઓ ઉત્સાહી થાઓ.

(૪) જૈન ધર્મની માહિતી.

મરાઠીપરથી ભાષાન્તર કરી છપાવી પ્રસિદ્ધ કરનાર હરજીવન રાયચંદ શાહ. આમોદ. જી. ભરૂચ.

વિષય—પુસ્તકના નામ પ્રમાણેનોજ છે અને જૈન બંધુઓને તથા તે ધર્મની માહિતી મેળવવાને ઉપયોગી છે.

કાગળ—ગ્લેજ **પૃષ્ટ** ૯૦ **મૂલ્ય** પાકા પૂઠા સાથે રૂ. ૦।.

વિવેચન—ઉપલું પુસ્તક તેના પ્ર. ક. સદ્‌ગૃહસ્થે પોતાના સદ્‌ગત પિતા શેઠ રાયચંદ મનોરદાસના સ્મરણાર્થે ભેટ આપવા માટે ૧૦૦૦ ની સંખ્યામાં છપાવેલું છે. સ્વદ્રવ્યનો સદુપયોગ આ પ્રકારે કરવાની તેમની સદ્‌બુદ્ધિ અન્ય જૈન બંધુઓ તેમજ વિવેકી હિંદુ સજ્જનોએ અનુકરણ કરવા યોગ્ય છે. ગ્રંથનું દાન એક પ્રકારનું જ્ઞાનદાનજ છે અને તેવું દાન સારા માઠા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવસર નિમિત્તે કરવાનું હિંદુ બંધુઓ હજી બરાબર સમજતા નથી એ દિલગિરિ છે. જૈન બંધુઓ આવી બાબતો સત્વર સમજી શકે છે તેનું એક કારણ જૈનધર્મગુરૂઓના મોટા વર્ગમાં ત્યાગવૃત્તિ ચાલતી આવેલી હોવાનું અને તેથી તેઓ ગ્રહસ્થાશ્રમીઓની ઉદારતાને વિવિધ નિમિત્તોએ ગુરૂસેવા (સ્વસેવા!) માંજ ન પ્રેરતાં તેમને અન્ય અજ્ઞાન, દુઃખી પ્રાણીયોની શુશ્રૂષા તરફ દોરવતા હોવાનું પણ સ્પષ્ટજ છે.

ઉપલાં એ પુસ્તકોની પેઠે જૈન બંધુઓ તરફથી તેમના ધર્મ સંબંધી બીજાં પણ અનેક પુસ્તકો વિના મૂલ્યે તેમજ ખાસ ખોટ ખમીને સસ્તી કિંમતે વખતો વખત નીકળતાં રહે છે. જૈનધર્મ અને વર્ગ સંબંધી ભાવનગરમાં એક સંસ્થા તથા સ્વતંત્ર પ્રેસ પણ છે.

પ્રમાણમાં સ્વલ્પ સંખ્યાવાળા જૈન બંધુઓનો ગ્રંથપ્રચાર અને ગ્રંથદાનનો આ ઉત્સાહ જોઇને આપણા આચાર્યો, આગેવાનો, વિદ્વાનો અને પરોપકારી સદ્‌ગૃહસ્થો પરોપકારના એ એક અતિ મહત્વના પ્રકારની ઉપયોગિતા સમજી શકે; અને ઉત્તમ સાહિત્યને સર્વ માટે સુલભ બનાવવાના કાર્યમાં સ્વશક્તિ અનુસાર વિદ્વત્તાથી, દ્રવ્યથી અને જાત મહેનતથી બનતી ઉદારતા તેઓ દાખવે એવો સમય ક્યારે આવશે?

'મંત્રી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ વર્ષ કરતાં સહજ ફેરફાર સાથે

ત્રીજા વર્ષના નિયમો.

(क) વર્ગ, મૂલ્ય, પોષ્ટેજ અને કમીશન વિષે.

૧. 'વિવિધ ગ્રંથમાળા' માં હવેથી '**કાચા પૂઠાં**' '**અને પાકાં પૂઠાં**' આ બેજ વર્ગ ચાલુ રહેશે.

કાચાં પૂઠાં—આ વર્ગમાં કાગળો ચાલુ ધોરણ પ્રમાણે ૫૦ રતલી અનગ્લેજ અને પૂઠાં કાગળનાં સાદી (ટીચાંગ) શીલાઈનાં આવશે. વાર્ષિક મૂલ્ય. રૂ. ૧–૮–૦ વી. પી. ખર્ચ. ૦)– પોષ્ટેજ માફ.

પાકાં પૂઠાં—આ વર્ગમાં કાગળો ૫૦ રતલી ગ્લેજ અથવા કેટ્રીજ પેપર વપરાશે. પૂઠાં પાકાં અને બનતાં સુધી શાહીથી છાપેલાં આવશે. વાર્ષિક મૂલ્ય. રૂ. ૩–૦–૦ વી. પી. ખર્ચ. ૦)– વધુ. પોષ્ટેજ માફ.

૨. આફ્રિકા, ઈંગ્લંડ ઇત્યાદિ બહારના દેશોના ગ્રાહકો પાસેથી વધારાના પોષ્ટેજ સાથે રૂ. ૧–૧૪–૦ અને પાકાં પૂઠાંના વર્ગ માટે રૂ. ૩–૧૨–૦ લેવાશે.

૩. 'વિવિધ ગ્રંથમાળા' ના **સોનેરી પૂઠાં**વાળા વર્ગમાં માત્ર ૫૦–૭૫ ગ્રાહકોજ હોવાથી ત્રીજા વર્ષથી તે બંધ પડશે. અને તે વર્ગના ગ્રાહકોને હવેથી પાકા પૂઠા વાળાં પુસ્તકો વાર્ષિક મૂલ્ય રૂ. ૩) થી મોકલાશે.

૪. કોઇ એક અથવા ઘણા મનુષ્યો મળીને વાર્ષિક મૂલ્ય રૂ. ૩૦) થી ઓછું ન થાય એટલી પ્રતો એકજ નામ પર ભેગી મંગાવવાની ગોઠવણ કરશે, તો અમદાવાદના કાર્યાલય બેઠાં લેવાથી તેને તે પોણી કિંમતે આપાશે. અને અમદાવાદથી ૫૦૦ માઇલ દૂર સુધીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરકોઇ સ્ટેશન બેઠાં લેવાથી સાડાબાર ટકા ઓછી કિંમતે આપવામાં આવશે. વળી આગલાં વર્ષોના 'વિવિધ ગ્રંથમાળા' ના સટ પણ જેઓ એકી વખતે રૂ. ૩૦) ના એકજ નામ પર ખરીદશે તેમને પણ અમદાવાદના કાર્યાલય બેઠાં તે પોણી કિંમતે આપવામાં આવશે. જો તે બહાર ગામ ખાતે જોઇતા હશે તો પેકીંગ તથા રેલ્વે ખર્ચ તેમને શિર રહેશે.

(ख) વાર્ષિક મૂલ્યની પહોંચ વિષે.

૫. મુંબઇમાં અને અમદાવાદમાં ત્યાંનાં કાર્યાલયોમાં તેમજ કાર્યાલયોની બહાર કામ કરનારા જે જે મનુષ્યોને, તેમજ આ સંસ્થા તરફથી બીજાં ગામો ખાતે કામ કરનારા જે જે સજ્જનોને વિવિધ ગ્રંથમાળાનું તેમજ ચરિત્રમાળાનું મૂલ્ય વસૂલ કરવાની સત્તા આપી હોય છે; તે તે દરેકને તેવી સત્તાની નિશાની બદલ આ ખાતા તરફથી આપવાની છાપેલી પહોંચોની બુકો આપેલી હોય છે. અને તેમાંની દરેક પહોંચમાં મેનેજરની સહી શિક્કો હોય છે. માટે રૂબરૂમાં મૂલ્ય આપતી વખતે લેનાર પાસેથી તેની પણ સહી સાથે એવી પહોંચ તેજ સમયે ગ્રાહકે મેળવવી જોઇયે.

૬. મનીઓર્ડરથી મૂલ્ય મોકલનારને કાર્યાલયના મેનેજરની સહી શિક્કાવાળી પહોંચ પોષ્ટ ખાતાના નિયમ પ્રમાણે તે ખાતા દ્વારા મળે છેજ.

૭. જેમનું મૂલ્ય વેલ્યુપેબલ બુકપોષ્ટ દ્વારા વસૂલ કરાય છે, તેમના પર મોકલાયલા બુકપોષ્ટ પર વીંટેલા કાગળ પર શિરોનામની પાછલી બાજુએજ તે તે ગ્રાહકના રજીષ્ટર્ડ નંબર સાથે વાર્ષિક મૂલ્યનું બીલ (આંકડો) લખેલું હોય છે. વી. પી. સ્વીકારી મૂલ્ય ભરનારે શિરોનામ સહિત તે બીલનેજ પાવતી સમજી જાળવી રાખવું.

૮. ઉપરી અધિકારી દ્વારા મૂલ્ય મોકલનાર પુસ્તકાલયો વિગેરેનું મૂલ્ય મળ્યા બદલની પહોંચ તે અધિકારીનેજ અપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંધો પડતાં એમાંના હરકોઈ પ્રકારની પહોંચ રજુ કર્યા શિવાય, અથવા તે હાજર ન હોય તો આ સંસ્થાના રોકડમેળમાંથી દાખલો મળે એવી હકીકત રજુ કર્યા શિવાય, અને તેવો દાખલો મળ્યા શિવાય મૂલ્ય ભરાયલું સ્વીકારાશે નહિ.

(ગ) કદવિષે.

૯. વિવિધ ગ્રંથમાળાદ્વારા અપાતાં વાર્ષિક બાર પુસ્તકોમાં સરાસરી (રોયલ ૧૬ પેજી) ૧૨૫ પૃષ્ટને હિસાબે વર્ષ દહાડે ૧૫૦૦ પૃષ્ટ આવશે. જેમાં આ સંસ્થાની, તેમજ બીજી યોગ્ય લાગશે તે તે પરોપકારી સંસ્થાઓની જાહેર ખબરો તથા બીજી વિગતોનો, અને બીજાં માસિકો ઈ. ની બદલામાં લેવાની જાહેર ખબરોનો સમાવેશ થશે. વળી પુસ્તકોમાં અપાતી છબીઓ કે જેનો ખર્ચ સાધારણ રીતે દરેક છબી દીઠ ગ્રંથમાળાના સવા ફોર્મ જેટલો આવે છે. તે બદલ તેના ખર્ચ જોગાં પૃષ્ટો ઉપલી ૧૫૦૦ ની સંખ્યામાંથી બાદ થશે.

૧૦. કોઈ પુસ્તક અથવા પુસ્તકોના કદમાં ફેરફાર કરાશે તો તે કદ સાથે હાલનું (રોયલ ૧૬ પેજી) કદ સરખાવતાં જે કાંઇ ફેર પડશે તેના પ્રમાણમાં પૃષ્ટ સંખ્યા વધુ યા ઓછી આપી વાર્ષિક લખાણનું ઉપલું નિયમિત પ્રમાણ જાળવવામાં આવશે.

(ઘ) રવાનગી અને ગેરવલ્લે જવા વિષે.

૧૧. સં. ૧૯૬૯ ના ત્રીજા વર્ષનાં પુસ્તકો છપાવવાની શરૂઆત સં. ૧૯૬૮ ના ચાતુર્માસથીજ થયેલી હોવાથી રવાનગીની ઢીલ આવતા વર્ષમાં ઓછી થશે. રવાનગીના સમય અગાઉ તૈયાર કરાવી શકાયલાં પુસ્તકો આવશ્યક સુગમતાર્થે તેના સમય અગાઉ પણ રવાના કરવાની વ્યવસ્થાપકને છૂટ રહેશે.

૧૨ દરેક પુસ્તકની રવાનગી વખતે દરેક ગ્રાહકનાં નામ ઠામ ઇત્યાદિ ચોકસીથી મેળવી લઇને, તથા રવાનગી બુકમાં દાખલો નોંધી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેજ પુસ્તકો પોષ્ટમાં નંખાય છે. છતાં ગમે તે કારણથી રસ્તામાં ગેરવલ્લે જવાથી કોઇને કોઈ પુસ્તક ન મળે તો તે પુનઃ મોકલી આપવાની જવાબદારી આ સંસ્થાને શિર ન સમજતાં કિંમત મોકલીને તે ફરીથી મંગાવી લેવું જોઇએ. આમ છતાં તેવે પ્રસંગે જેઓ ખરી હકીકત સાથે નીચેની મતલબનો પ્રતિજ્ઞાપત્ર લખી મોકલશે, તેમના-પર બનતાં સુધી વિના મૂલ્યે બીજું પુસ્તક મોકલવામાં આવશે. અને ગેરવલ્લે ગયેલા પુસ્તક માટે યોગ્ય તપાસ થવા માટે તે પત્ર પોષ્ટખાતાના યોગ્ય અમલદાર પર ઘટતી અરજ સાથે મોકલી આપવામાં આવશે.

(પુસ્તક ગેરવલ્લે જતાં લખવાના પત્રની નકલ નીચે મુજબ.)

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની શાખાના વ્યવસ્થાપક,

મુ. અમદાવાદ.

વિ. કે સંવત ૧૯૬૯ નું ________ મું પુસ્તક નામે ________ અત્યાર સુધીમાં મળી જવું જોઇએ તે હજી સુધી મને યા મારા-વતી બીજા કોઇને મળ્યું નથી. બદદાનતથી કે મળ્યા પછી ગેરવલ્લે જવાથી જુજ રકમનું પુસ્તક ફરીથી મેળવવા ઇચ્છનાર એક ધર્મ-કાર્યમાં તેટલું નુકશાન કરી સંસ્થાનો ને ઇશ્વરનો કેટલો ગુન્હેગાર તથા પાપનો ભાગી થાય છે, એ હું સમજું છું.

પુસ્તક ફરીથી મળ્યા પછી જો પ્રથમનું પુસ્તક મ્હારા તરફ આવશે તો તે ન સ્વીકારતાં તમારા તરફ પાછું વાળીશ.

મ્હારો રજીષ્ટર્ડ નંબર, ________

નામ, ________

ગામ, ________ ઠેકાણું, ________ પોષ્ટ ________

જીલ્લો, ________ તારીખ ________

સહી ________

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના—પોતાના ગામના અન્ય ગ્રાહકોને પુસ્તક મળ્યા છતાં પોતાને ન મળ્યું હોય તોપણ દસેક દિવસ વધુ રાહ જોયા વિના અને ઘરમાં તથા પોષ્ટમેનથી તપાસ કર્યા વિના, તેમજ કોઇ અડોશી-પડોશી કે મિત્રના હાથમાં બારોબાર જવા વિષે અથવા તો તેઓ ઘરમાંથી વાંચવા લઈ ગયા હોય અને ધણીને ખબર ન હોય તે બાબતની તપાસ કર્યા વિના ઉપલો પત્ર લખવો નહિ.

(ङ) નવીન ગ્રાહક થવા વિષે.

૧૩. નવીન ગ્રાહક થવા ઈચ્છનારે નીચે મુજબનો કાર્ડ લખી મોકલવો અથવા રૂબરૂ આપવો.

'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' ની શાખાના વ્યવસ્થાપક,

અમદાવાદ.

વિ. કે 'વિવિધ ગ્રંથમાળા' ના ચાલુ સંવત ૧૯ ના વર્ષથી અમને ગ્રાહક તરીકે નોંધીને તેનાં કાર્તિકથી હાલ સુધીમાં નીકળેલાં સર્વ પુસ્તકો વી. પી. પોષ્ટથી મોકલી વાર્ષિક મૂલ્ય વસૂલ કરશો; અને ભવિષ્યમાં પણ દરેક વર્ષનું પહેલું પુસ્તક વી. પી.થી મોકલીને વાર્ષિક મૂલ્ય વસૂલ કરતા રહેશો. ગ્રાહકમાં નહિ રહેવું હોય ત્યારે તે વિષે અગાઉથી લખી જણાવી ખબર આપીશું.

પૂઠાં ______ વાર્ષિક મૂલ્ય રૂ. ______

પૂરૂં નામ. ______

______

ગામ ______ ઠેકાણું ______

પોષ્ટ ______ જીલ્લો. ______ તારીખ ______

સહી ______

૧૪. નવીન ગ્રાહકે ઉપર પ્રમાણે પત્ર લખી મોકલવા સાથે તેમાં જણાવ્યા પ્રમાણે વેલ્યુપેબલદ્વારા વાર્ષિક મૂલ્ય ભરવાની માગણી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે, અથવા તો તે કાગળની સાથેજ મનીઓર્ડરથી યા કોઇની સાથે તે મૂલ્ય મોકલી આપ્યું હશે; તોજ તેનું નામ ગ્રાહકમાં નોંધી પુસ્તકો મોકલવાં શરૂ થશે. જે દેશમાં વી. પી. જતું ન હોય ત્યાંના ગ્રાહકોએ તો એવો પત્ર લખવા સાથેજ પોષ્ટદ્વારા મૂલ્ય મોકલી આપવાનું રાખવું.

૧૫. નવીન ગ્રાહકે મૂલ્ય ભર્યા પછીથી પાંચ દિવસ સુધીમાં તેને ચ્હડતા વર્ગના ગ્રાહક થવાની ઇચ્છા થાય તો, આવેલું પુસ્તક અથવા પુસ્તકો સારી હાલતમાં પોતાને ખરચે પાછાં મોકલી આપવાથી, તે વર્ગમાં નામ બદલીને પાકા પૂઠાનાં પુસ્તકો ખૂટતા લવાજમનું વી. પી. કરીને મોકલી આપવામાં આવશે.

૧૬. મૂલ્ય મોકલાઈ ચૂકયા પછી પાંચ દિવસ સુધીમાં કોઇને ગ્રાહકમાંથી નીકળી જવું હશે તો મળેલાં પુસ્તક પાછાં મોકલવાથી મૂલ્ય તેના ખર્ચે પાછું મોકલવામાં આવશે.

૧૭. ગમે તે માસમાં ગ્રાહક થનારને તે આખા વર્ષના ગ્રાહક તરીકે ગણીને પુસ્તકો કાર્તિક માસથીજ મોકલાશે.

૧૮. પ્રથમ વર્ષનાં પુસ્તકો પણ જે નવીન ગ્રાહકોને જોઇશે ત્હેમને કાચા પૂઠાવાળાં બારે પુસ્તકો રૂ. ૧-૮-૦ થી અને પાકા પૂઠાવાળાં . ૩-૦-૦ થી તથા સોનેરી પૂઠાવાળાં રૂ. ૪-૮-૦ થી મળી શકશે. પોષ્ટેજ માફ. વી. પી. ખર્ચ જુદું.

(च) પત્રવ્યવહાર તથા નાણાં વ્યવહાર વિષે.

૧૯. વિવિધ ગ્રંથમાળા, તથા ચરિત્રમાળાની સર્વ વ્યવસ્થા **સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની અમદાવાદની 'શાખા'** માં રાખેલી હોવાથી, નવીન ગ્રાહક થનારે તેમજ અગાઉના ગ્રાહકોએ તે સંબંધી સર્વ પત્રવ્યવહાર તથા નાણાં વ્યવહાર તે શાખાના 'વ્યવસ્થાપક' ના શિરોનામેજ કરવો. માત્ર **મુંબઇ** તળના ગ્રાહકોએજ એ સંબંધી સર્વ વ્યવહાર **મુંબઇના કાર્યાલય** સાથે રાખવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦. વિવિધ ગ્રંથમાળાના દરેક ગ્રાહકને ત્હેમનો રજીષ્ટર્ડ નંબર પાવતીમાં કે વી. પી. સાથેના બીલમાં અને દરેક પુસ્તક મોકલતી વખતે તે પર લખાતા શિરોનામ સાથે જણાવાય છેજ. આ નંબર ગ્રંથમાળા સંબંધી કોઇ પણ પ્રકારનો પત્ર લખવો પડતાં ગ્રાહકે તેમાં અવશ્ય લખવો; તે વિના પત્રપર સમયસર અમલ કરી શકાશે નહિ.

૨૧. ઉત્તર નક્કીપણે મળવા માટે રિપ્લાઈ કાર્ડ અવશ્ય મોકલવું.

(છ) શિરોનામ તથા વર્ગ બદલવા વિષે.

૨૨. નવા વર્ષથી જેમને પોતાનાં શિરોનામ બદલાવવાં કે સુધરાવવાં હોય તેમણે તે વિષે આ પુસ્તક પહોંચેથી તુરતમાં લખી જણાવવું; પરંતુ મહિનો બે મહિના માટેજ તે બદલાવવાનાં હોય તેમણે તે વિષે પોષ્ટ ઓફીસને લખીને યા બીજી કોઇ રીતે બંદોબસ્ત કરી લેવો. વધુ સમય માટે બદલાવવાં હોય ત્યારેજ અત્ર તરફ લખવું.

૨૩. નવું ઠેકાણું અહિં લખવા સાથે પ્રથમની પોષ્ટ ઓફીસને પણ લખવું જોઈએ. નહિ તો ખબર મળ્યા અગાઉ રવાના થઈ ચૂકેલું પુસ્તક ગેરવલ્લે જવા સંભવ છે. જેમ થતાં કિંમત મોકલ્યા શિવાય બીજું પુસ્તક આપવામાં આવશે નહિ.

૨૪. નવા ત્રીજા વર્ષથી જેમને કાચાં પૂઠાંવાળા વર્ગને બદલે પાકાં પૂઠાંવાળા વાર્ષિક રૂ. ૩) વાળા વર્ગમાં ગ્રાહક થવું હોય, તેમણે આ પુસ્તક મળેથી તુરતમાં પોતાના ચાલુ રજીષ્ટર્ડ નંબર સાથે લખી જણાવવું. જેથી તે મુજબનો ફેરફાર વખતસર કરીને નવા વર્ષનું તેજ વર્ગનું પુસ્તક વી. પી. કરી મોકલવા બને.

સૂચના—આ પ્રમાણે વર્ગ બદલાવનારનો રજીષ્ટર્ડ નંબર પણ બદલાય છે. અને તે તેમને મળનારી વધારાના મૂલ્યની પાવતીમાં અથવા વી. પી. સાથેના બીલમાં જણાવ્યો હોય છેજ. માટે તે પછીના પત્રવ્યવહારમાં ગ્રાહકે તે નવો નંબર લખવા ધ્યાનમાં રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ज) પ્રકીર્ણ.

૨૫. વિવિધ ગ્રંથમાળાનાં છૂટક પુસ્તકોનું વેચાણ રાખવા જતાં વર્ષ પૂરૂં થયે વધારાના સટ તૈયાર કરવામાં અનિયમિત ટૂટ પડતી હોવાથી હવેથી છૂટક પુસ્તકો ખાસ કારણ શિવાય અપાશે નહિ.

૨૬. **નમુના માટે પુસ્તક મફત મોકલવાનું, નિયમ કરતાં ઓછા મૂલ્યે મોકલવાનું તથા પાછળથી મૂલ્ય મેળવવાને વાયદે મોકલવાનું, તેમજ બીજે ઠેકાણે મળતાં હોય તેવાં પુસ્તકો ત્યાંથી લાવીને મોકલવાનું** બની શકે તેમ ન હોવાથી તે પ્રમાણે મંગાવવાની કોઇયે તસ્દી લેવી નહિ.

સં ૧૯૬૮ }
શ્રાવણ સુદ ૧. }

'વ્યવસ્થાપક.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતા વર્ષનું મૂલ્ય વસૂલ કરવાની ગોઠવણ.

૧. અમદાવાદ અને ભાવનગરના ગ્રાહકો શિવાય દરેક ગ્રાહકને આવતું ૨૫ મું પુસ્તક આવતા સં. ૧૯૬૯ ના કાર્તિક માસમાં વી. પી. થી મોકલી નવા વર્ષનું મૂલ્ય વસૂલ કરવામાં આવશે.

૨. નીચેનાં સ્થળોના ગ્રાહકોએ નીચેના ગૃહસ્થોને વાર્ષિક મૂલ્ય આ પુસ્તક પહોંચ્યા પછી પંદર દિવસ સુધીમાં પહોંચાડી તેઓની સહી સાથે આ ખાતાના સહી શિક્કાવાળી છાપેલી પાવતી મેળવવી. અમદાવાદના ગ્રાહકો આ ખાતાનો જે માણસ પુસ્તકો વહેંચવા આવે તેને મૂલ્ય આપશે તોપણ ચાલશે; પરંતુ તેજ વખતે તેની પાસેથી તેની સહી સાથે આ ખાતાની સહી શિક્કાવાળી છાપેલી પાવતી લેવી જોઇયે.

૧. **મુંબઈ–સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય**ના વ્યવસ્થાપક.
ઠે. કાલબાદેવીરોડ, ભાંગવાડીને નાકે હાથી બિલ્ડીંગ ત્રીજે માળે.

૨. **અમદાવાદ–સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય**ની શાખાના વ્યવસ્થાપક. ઠે. ખમાસાનો ચકલો, જમાલપુરને રસ્તે.

૩. **ભાવનગર–રા. કરૂણાશંકર ભવાનીશંકર ભટ્ટ.**
ઠે. કણબીવાડ નેરાને નાકે.

૪. **નડીયાદ–રા. ચુનીલાલ બાધાભાઇ.**
ઠે. અમદાવાદી બજાર.

૫. **બોરસદ–ડા. હરિલાલ મોહનલાલ.** ઠે. બજાર.

૬. **સોનગઢ–રા. રા. દલપતરામ હરિરામ** ભટ્ટ.

૭. **ભરૂચ–બુ૦ ઠાકોરલાલ ચુનીલાલ.** ઠે. લલ્લુભાઇનો ચકલો.

૩. ઉપલાં સ્થળોના જે ગ્રાહકોનું વાર્ષિક મૂલ્ય આ પુસ્તક પહોંચ્યા પછીના પંદર દિવસ સુધીમાં ઉપલે ઠેકાણે નહિ પહોંચ્યું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં નામ ગ્રાહકમાંથી કમી થશે. આવાં નામ મૂલ્ય ભરી ફરીથી દાખલ કરાવી શકાશે.

૪. વડોદરા રાજ્યના આશ્રય નીચેનાં જે પુસ્તકાલયો તે રાજ્યના લાઇબ્રેરી ખાતાના મે. ડિરેક્ટર સાહેબદ્વારા ગ્રાહક થયેલાં હોય, તેમની વતીથી તેઓ સાહેબ તરફથી આજ્ઞા મળશે તે તે પુસ્તકાલયો પર આવતા સં. ૧૯૬૯ નાં પુસ્તકો મોકલવાનું શરૂ કરવામાં આવશે.

૫. વી. પી. ખર્ચ ઓછો લાગવાના હેતુથી એકજ નામપર એકથી વધુ ગ્રાહકોનું ભેગું વી. પી. મોકલવાનું કોઇ લખે તો તે મુજબ કરવાની સગવડ થાય તેમ નથી. તેમજ એકજ ઘણી વિવિધ ગ્રંથમાળા અને ચરિત્રમાળાનો ગ્રાહક હશે અને બેઉ પ્રકારનું વી. પી. ભેગું કરી મોકલવા લખશે તો તેમ પણ બની શકશે નહિ. માટે જેમને તેવી ઇચ્છા હોય તેમણે આ પુસ્તક પહોંચેથી વધુમાં વધુ પંદર દિવસ સુધીમાં સામટો મનીઓર્ડરજ મોકલી આપવો.

૬. એકથી વધુ ગ્રાહકો તરફનો તેમજ વિવિધ ગ્રંથમાળા અને ચરિત્રમાળાનો ભેગો મનીઓર્ડર મોકલતી વખત તે તે બાબતની દરેક વિગત દરેક જણના નામ ઠામ તથા રજીષ્ટર્ડ નંબર સાથે એક જુદા પત્રમાં લખી જણાવવી. કુપનમાંજ ઝીણું અને ઘણું લખી મોકલવું નહિ.

દેશાવરના ગ્રાહકો.

૭. આફ્રિકા, ચીન, ઈંગ્લંડ ઇત્યાદિ જે દેશાવરો ખાતે વી. પી. જઇ શકતાં નથી, ત્યાંના દરેક ગ્રાહકે કાચાં પૂઠાંના વર્ગ બદલ અઢી શીલીંગનો અને પાકાં પૂઠાંના વર્ગ બદલ પાંચ શિલીંગનો પોષ્ટલ ઓર્ડર નીચેને શિરનામે આ પુસ્તક પહોંચેથી તુરતમાંજ મોકલી આપવો. અઢી શિલીંગ મોકલવા ન બનતા હોય તેમણે ત્રણ શિલીંગ મોકલવા અને વધારા બદલ પોષ્ટેજ સાથે છ આના થાય તેવું આ ખાતામાંથી મળી શકતું કોઈ પુસ્તક કે પુસ્તકો મોકલવાનું લખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To

The Manager,

Sastu Sahitya Vardhak Karyalaya Branch,

P. O. AHMEDABAD, (India.)

૮. કેટલાકો પોષ્ટલ ઓર્ડર ક્રોસ કરેલા મોકલે છે પણ તેનાં નાણાં બેંકના ખાતેદાર વિના વસૂલ મળતાં ન હોવાથી તે પાછા મોકલી આપવા પડે છે. માટે પોષ્ટલ ઓર્ડરો સીધા પોષ્ટ ઓફીસ ઉપરનાજ મોકલવા. વળી વિવિધ ગ્રંથમાળા તથા ચરિત્રમાળાની સર્વ વ્યવસ્થા અમદાવાદની શાખામાં રાખેલી હોવાથી તે પોષ્ટલ ઓર્ડરો મુંબઈની ઓફીસપરના નહિ પણ અમદાવાદની પોષ્ટ ઓફીસ પરનાજ અને ઉપર જણાવેલે શિરનામે અમદાવાદ ખાતેજ તે મોકલવા.

૯. કેટલાકો અધુરાં નાણાંના પોષ્ટલ ઓર્ડરો મોકલે છે. તેમ ન કરતાં ખાસ ધ્યાન રાખીને વધારાના પોષ્ટેજ ખર્ચ સાથે પૂરેપૂરાંજ નાણાં મોકલવાં, નહિ તો તેમને પુસ્તકો પણ ઓછાંજ મોકલાશે.

૧૦. આ ખાતાની મુંબઈની ઓફીસપર નાણાં મોકલવાં હોય ત્યારે પોષ્ટલ ઓર્ડરમાં એકલું **મુંબઇ** ન લખતાં **મુંબઇ નંબર ૨.** એ પ્રમાણે અવશ્ય લખવું.

૧૧. દેશાવરના જે ગ્રાહકો તરફથી ઉપલી રીતે, યા પોતાના કોઇ અહીંના ઓળખીતા મારફતે, અથવા બીજી કોઈ રીતે આવતા વર્ષનું મૂલ્ય મળશે તેમના તરફજ આવતા વર્ષનાં પુસ્તકો મોકલવાનું શરૂ થશે.

૧૨. વિવિધ ગ્રંથમાળાનું નવું વર્ષ કાર્તિક માસથી શરૂ થતું હોવાથી જેમના તરફથી ઈંગ્રેજી વર્ષ માટેના ઓર્ડરો મળશે, તેમના તરફ પણ કાર્તિકથી આસો માસ સુધીના વર્ષ પ્રમાણેજ પુસ્તકો મોકલાશે.

'વ્યવસ્થાપક.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલુ વર્ષની આ સંસ્થાની પ્રવૃત્તિઓ.

આ ઉલ્લેખ દ્વિતીય આષાઢ માસમાં લખાવા સમયે ચાલુ વર્ષ પૂરૂં થવાને ત્રણ માસ બાકી છતાં આ પુસ્તકની રવાનગી સાથે વિવિધ ગ્રંથમાળાનાં ચાલુ (સં. ૧૯૬૮)ના વર્ષનાં ૧૨ પુસ્તકો પૂર્ણ થતાં હોવાથી ચાલુ વર્ષની આ સંસ્થાની પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત હકીકત તે સાથે આપવાનું ઉચિત ધાર્યું છે.

(૧) વિવિધ ગ્રંથમાળા (બીજું વર્ષ.)

(क) વી. પી. નો અસ્વીકાર.

વિવિધ ગ્રંથમાળા સંબંધી આ વર્ષના પ્રથમ બનાવ તરીકે નિયમાનુસાર યોગ્ય ચેતવણી આપ્યા પછી મોકલાયલાં વી. પી. મોટી સંખ્યામાં અનેક ગ્રાહકોએ પાછાં વાળવાનો અને તેથી આ સંસ્થાને નાહક સોએક રૂ. નું અને બીજી મહેનત તથા સમયનું નુકશાન થવાનો બનાવજ દિલગિરિ સાથે આગળ ધરવો પડે છે. તેઓનું આ કાર્ય અયોગ્યજ હતું. અજ્ઞાન અને તેની અનેકવિધ સંતતિની પ્રબળતાના સમયમાં ચોથા ભાગના ગ્રાહકો આવા નીકળે એમાં આશ્ચર્ય તો નથીજ તોપણ તેમનીજ સેવા કરતી આ સંસ્થા સાથે પણ એવુંજ વર્તન!

જ્ઞાનપ્રાપ્તિનાં આવાં ઉત્તમ સાધનો પ્રત્યે એવી ગેરવર્તણુંક ચલાવનારાઓ પોતાની ભૂલ જુએ અને સુધારે તેટલા માટેજ આ વિષયને આટલી અગત્ય આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથમાળાઓનો નિયમજ છે કે દરેક વર્ષનું પ્રથમ પુસ્તક પી. કરીને વાર્ષિક મૂલ્ય શરૂઆતમાંજ મંગાવી લેવું. જેથી ભવિષ્યમાં ઉપર પ્રમાણે ન બન્યા કરે તેટલા માટે આ બાબત ખાસ કરીને હાલના ચાલુ ગ્રાહકોના ધ્યાનમાં વારંવાર લાવવી એ પણ ખાસ કારણ છે. આશા છે કે 'વિવિધ ગ્રંથમાળા' તથા 'ચરિત્રમાળા' નું આવતું પુસ્તક આવતા કાર્તિકમાં વી. પી. કરી મોકલવામાં આવશે તેને દરેક ગ્રાહક બંધુ સ્વીકારી લેશેજ. અને જેમને ગ્રાહક તરીકે ચાલુ નહિ રહેવું હોય તેઓ આ સાથે મોકલાયલાં કાર્ડોપર તે મતલબનું તુરતમાં લખી મોકલવા તસ્દી લેશેજ. જેથી તેમના નિમિત્તે આવા ધર્મકાર્યમાં પોષ્ટેજ ઈ૦ નું અયોગ્ય નુકશાન થવા પામે નહિ.

(ख) ચાલુ વર્ષનાં પુસ્તકો તથા તેની પૃષ્ટ સંખ્યા.

(તેના લેખક મહાશયોનાં નામ સહિત.)

પુસ્તકાંક.	નામ.	ચિત્ર સંખ્યા.	પૃષ્ટ સંખ્યા.
૧૩-૧૪	**નવસંહિતા** (ગણપતરાવ ગોપાળરાવ બર્વે.)	૧	૨૪૦
૧૫-૧૬	**કાશ્મીરનો પ્રવાસ** ઈ૦. (સ્વ. કલાપી.)	૧	૨૫૬
૧૭-૧૮	**સ્વામી વિવેકાનંદનાં પત્રો.** (મોહનલાલ દલીચંદ દેશાઈ)	૧	૨૭૨
૧૯	**નવાયુગની વાતો** ભાગ-૨ જો. (અમૃતલાલ સુંદરજી પઢીયાર.)	૦	૧૫૨
૨૦-૨૧	**સ્વામી રામતીર્થ** એમ. એ. ના સદુપદેશ. ભાગ ૪ થો. (કૃપાશંકર [illegible] [illegible].)	૦	૧૬૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨ થી ૨૪	**વીર દુર્ગાદાસ** અથવા **મારૂ સરદારો.** (વિઠ્ઠલદાસ ધનજીભાઇ પટેલ.)	૨	૩૫૨
	કુલ સંખ્યા	૫	૧૪૫૬

દરેક ચિત્ર દીઠ સાધારણ રીતે ખર્ચનું પ્રમાણ ૧૧ ફોર્મ જેટલું આવે છે, તે હિસાબે પાંચ ચિત્ર બદલ ૧૦૦ પૃષ્ટ ઉમેરતાં તથા તેમાંથી બહારની પૈસાથી લેવાયલી જાહેર ખબરોનાં પૃષ્ટ ૩૦ શુમારે બાદ કરતાં ચાલુ વર્ષની નક્કી પૃષ્ટ સંખ્યા ૧૫૨૬ ની થાય છે. જેમાં નિયમાનુસાર આ સંસ્થા તરફની તથા બદલાની જાહેર ખબરોનાં પૃષ્ટ ૨૭ પણ સમાઈ જાય છે.

(ग) ગ્રાહકોની સંખ્યા.

સં. ૧૯૬૮ ના છેલ્લા પુસ્તકમાં નિવેદન કરાયલી ગ્રાહકોની સંખ્યા પછીથી બે એક માસ રહીને ચાલુ સં. ૧૯૬૮ ના વર્ષનું પહેલું પુસ્તક વી. પી. કરી મોકલ્યું તે સમયે તે સંખ્યા શુમારે પોણાચાર હજારની હતી. જેમાંથી સવેળા ના પાડનાર તથા વી. પી. નો અસ્વીકાર કરનાર મળીને શુમારે ૮૦૦–૯૦૦ ગ્રાહકો શરૂમાં ઘટયાં હતાં.

ચાલુ વર્ષના અત્યાર સુધીના સમયમાં પાછાં એટલાંજ નવીન ગ્રાહક વધ્યાં છે જેથી હાલની સંખ્યા પોણાચાર હજારની છે. જો કે પાંચ હજારની ગ્રાહક સંખ્યા અતિ આવશ્યક છે; છતાં સં. ૧૯૬૭ ના ચાતુર્માસથી દુષ્કાળ પડી ચૂકી આ વર્ષના આષાઢ પર્યંત તે ચાલુ હતો તે જોતાં, થયેલો ઘટાડો એવા સમયમાં નવીન ગ્રાહકોથી પૂરાઈ જઈને ગ્રાહકોની આગલી સંખ્યા જળવાઇ રહી એજ સંતોષની વાત છે. ગ્રાહક બંધુઓના 'વિવિધ ગ્રંથમાળા' પ્રત્યેના આ સદ્ભાવ માટે તેમને ધન્યવાદ છે.

ઇશ્વરકૃપાથી હવે અનાવૃષ્ટિનું દુઃખ ટળી જઇ આવતું વર્ષ સર્વ રીતે સારૂં નીવડે એવું થયું છે. જેથી આશા રહે છે કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્યને જેમ બને તેમ વધુ લોકોની જાણમાં લાવીને તેનો તેઓ લાભ લે તેમ કરવાના હાલનાં ચાલુ ગ્રાહકોના નવીન ઉત્સાહપૂર્ણ પ્રયાસથી વિવિધ ગ્રંથમાળામાં ખૂટતાં સવા હજાર ગ્રાહકો, તેમજ ચરિત્રમાળામાં ખૂટતાં દોઢ હજાર ગ્રાહકો આવતા વર્ષમાં પૂરાં થઈ જશેજ.

(ग) આવતા વર્ષમાં કહાડવા ધારેલાં પુસ્તકો.

***નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુ** એમના જીવનપરથી લેવાનો બોધ (સચિત્ર)
***સ્વામી રામતીર્થ** ભાગ ૫ મો.
***દુઃખમાં વિદ્યાભ્યાસ.**
***નવલકથા સંગ્રહ.**
***કથાગુચ્છ ભાગ ૧ લો.**
મા અને છોકરાં (ના. હે. કૃત).
ભગવદ્ગીતા ગુ. કવિતામાં.
પરોપકારના માર્ગ.
વેદકાળ વિચાર.
વ્યાખ્યાન સંગ્રહ ભાગ ૧ લો.
રામકૃષ્ણ પરમહંસ વાર્તામૃત.
રામાયણ કથાસાર.
બર્થોલ્ડ.
શાન્તિપર્વ.
છોટાલાલ પદ બોધિની.
વિરાગ બોધ કાવ્ય ટીકા સાથે.
પ્રાર્થના સંગ્રહ.
મનુસ્મૃતિસાર.
મેવાડનો ઈતિહાસ.
ભજન સંગ્રહ.
સંવાદ સંગ્રહ.

*નિશાનીવાળાં પુસ્તકો કે જે શુમારે ૭૫૦ પૃષ્ઠનાં થશે તે તો છપાવા પણ માંડયાં છે. બાકીનાં પુસ્તકો તરીકે ઉપલાં નિશાની વિનાનાં પુસ્તકોમાંથી તેમજ નવીન પસંદગી થાય તેમાંથી બની શકશે તે તે અને આવી શકશે તેટલાં પુસ્તકો અપાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ચરિત્રમાળા (પ્રથમ વર્ષ.)

(क) ઉદ્દેશ, કદ, મૂલ્ય.

ચાલુ વર્ષની બીજી મુખ્ય પ્રવૃત્તિ તરીકે "ચરિત્રમાળા"ની નવીન પ્રવૃત્તિ છે, જેનો હેતુ દેશવિદેશનાં મહાન સ્ત્રીપુરૂષોનાં સંક્ષિપ્ત તેમજ વિસ્તૃત જીવનચરિત્રોનાં પુસ્તકો બનતી સસ્તી કિંમતે પ્રચાર કરવાનો છે. આ '**ચરિત્રમાળા**'નું કદ પણ 'વિવિધ ગ્રંથમાળા'ના જેટલું એટલે કે વાર્ષિક ૧૫૦૦ પૃષ્ટનું તથા વાર્ષિક મૂલ્ય રૂ. ૨) અને પાકા પૂઠાનાં પુસ્તકોનું વાર્ષિક રૂ. ૩) પોષ્ટેજ માફ. આ પ્રમાણે રાખવામાં આવ્યું છે. કાગળો આમાં વિવિધ ગ્રંથમાળા કરતાં ઉંચી જાતના વાપરવાનું રાખ્યું છે.

(ख) ચાલુ વર્ષનાં પુસ્તકો.

ચરિત્રમાળાનાં ચાલુ વર્ષનાં નીચે જણાવેલાં ૧૭૫૦ પૃષ્ટનાં તમામ પુસ્તકો–જેના લેખક સજ્જનોનાં નામ પણ નીચે આપ્યાં છે–તે અત્યાર અગાઉ તૈયાર થઈ દરેક ગ્રાહકપર રવાના થઈ ચૂક્યાં છે. નવીન થનાર ગ્રાહકોને પણ હજી તે રૂ. ૨) માં અને પાકાં પૂઠાં સાથે રૂ. ૩) માં એકી વખતે મોકલવામાં આવે છે. પોષ્ટેજ માફ છે.

પુસ્તકાંક.	નામ.	પૃષ્ટ સંખ્યા.	છૂટક મૂલ્ય. કાચું પૂઠું.	છૂટક મૂલ્ય. પાકું પૂઠું.
૧	**શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ.** (મણિલાલ નથુભાઈ દોશી બી.એ.)	૨૮૦	૦।≈	૦॥≈
૩ થી ૮	**ભારતનાં સ્ત્રીરત્નો** ગ્રંથ ૧ લો. (શિવપ્રસાદ દલપતરામ પંડિત.)	૭૨૦	૧)	૧।
૯ થી ૧૨	**ભારતનાં સ્ત્રીરત્નો** ગ્રંથ ૨ જો. (શિવપ્રસાદ દલપતરામ પંડિત.)	૭૫૦	૧)	૧।
	કુલ	૧૭૫૦	૨।≈	૩)≈

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પ્રમાણે ચાલુ વર્ષમાં ૧૫૦૦ ને બદલે ૧૭૫૦ પૃષ્ટનાં પુસ્તકો ચરિત્રમાળાના ગ્રાહકોને આપવામાં આવ્યાં છે. છતાં તે બદલ વાર્ષિક મૂલ્ય કાંઇ પણ વધુ ન લેતાં તે જેમનું તેમજ ચાલુ રાખવામાં આવ્યું છે.

(ग) ગ્રાહક સંખ્યા.

'ચરિત્રમાળા'ના દરેક પુસ્તકની સવાબેહજાર પ્રત હાલ છપાય છે અને તેટલા ગ્રાહકો નીકળી આવવાની ગણત્રી ઉપર તેની શરૂઆત કરવામાં આવી છે.

આ યોજનાની ખરેખરી શરૂઆતને છ માસ થયા છે, તે દરમીયાન તેના આઠસો ગ્રાહકો થયેલા છે.

'ચરિત્રમાળા' માટે આવશ્યક ગ્રાહકોની સંખ્યા પૂર્ણ થવામાં હજી બીજા દોઢહજાર ગ્રાહકો નીકળી આવવા જોઇએ. આશા છે કે વિવિધ ગ્રંથમાળાના તેમજ ચરિત્રમાળાના હાલના ગ્રાહક બન્ધુઓ અન્યોઅન્ય આ વિષયની માહિતી ફેલાવી એ સંખ્યા પૂર્ણ થવામાં સહાયભૂત થશે.

(घ) હવે પછી કહાડવા ધારેલાં ચરિત્રોનાં પુસ્તકો.

ચરિત્રમાળાદ્વારા આવતા (સં. ૧૯૬૯ ના) વર્ષમાં ઘણે ભાગે નીચલામાંનાં પુસ્તકો પ્રસિદ્ધ થશે.

ભારતના સંત પુરૂષો.	**ભારતના દેહી અને વિદેહી અગ્રેસરો.**
ભારતના વીર પુરૂષો.	**મહારાણા છાત્રસાલજીનું જીવનચરિત્ર.**
ઔરંગજેબ ચરિત્ર.	**કાબુલના અમીર અબદુલરહેમાનખાં.**
ભીષ્મપિતામહ.	**આનંદીબાઈ જોશીનું જીવન ચરિત્ર.**
હરિદાસનું ચરિત્ર.	**ભારતનાં સ્રી રત્નો ગ્રંથ ૩ જો.**
સોનેરી [illegible].	**[illegible]**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ङ) તૈયાર કરવા યોગ્ય ચરિત્રો.

એ શિવાય બીજાં પણ અનેક ચરિત્રો ચરિત્રમાળાદ્વારા પ્રસિદ્ધ કરી શકાય તેમ છે. પરંતુ તે પ્રસિદ્ધ થવાનો આધાર તે ચરિત્રોને સુયોગ્ય રીતે નિષ્કામતાથી તૈયાર કરી આપનાર યા કરાવી આપનાર સજ્જનો નીકળી આવવા ઉપર રહેલો છે. એવાં ચરિત્રોની થોડીક યાદી નીચે પ્રમાણે છે.

મહાન પુરૂષોની માતાઓ.	**અમેરિકાના મહાન પુરૂષો.**
જગતના પરોપકારી પુરૂષો.	**ગરીબાઇમાંથી મ્હોટા થયેલાઓ**
જગતનાં સ્ત્રીરત્નો.	**પરોપકારી સ્ત્રીઓ.**
બાબુ કેશવચંદ્રસેનનું ચરિત્ર.	**શ્રી રામચરિત્ર.**
જાપાનના મહાન પુરૂષો.	**શ્રી ગૌરાંગ ચરિત્ર.**

(૩) ૦)' વાળી સાર્થ ભગવદ્ગીતા.

ચાલુ વર્ષની ત્રીજી મુખ્ય બાબત **અર્થસહિત શ્રીમદ્ ભગવદ્ગીતાની એક આનાવાળી આવૃત્તિ** પ્રસિદ્ધ થવાની છે. ગીતાની બે આનાથી આઠ આના સુધીની–પૂઠાં અને કાગળોના ફેરફારવાળી–સાત જાતની આવૃત્તિઓ તો ગયા વર્ષ સુધીમાં આ સંસ્થા તરફથી નીકળેલી છેજ; છતાં આવી એક આનાવાળી આવૃત્તિની પણ જરૂર હતી, તે એક સદ્‌ગૃહસ્થના ઉછીના દ્રવ્ય વડે અનગ્લેજ કાગળો પર અને સહજ ન્હાના અક્ષરોમાં, ચાલુ વર્ષના શીતકાળમાં પ્રસિદ્ધ થઇછે.

આ આવૃત્તિનો લાભ પણ ઠીક લેવાતો જણાયો છે. કેમકે તેને પ્રસિદ્ધ થયાને આજે છ માસ થયા તેટલામાંજ તેની ૧૦૦૦૦ (દશ હજાર) પ્રતોમાંથી પોણા ભાગની પ્રતો વેચાઇ ગઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) વેદાન્ત ગ્રંથમાળા.

'વિવિધ ગ્રંથમાળા' અને 'ચરિત્રમાળા'ની પેઠે નિયમિત રૂપમાં નહિ તોપણ બની શકે તો દર વર્ષે સો એક ફોર્મ સુધીનાં વેદાન્ત વિષયનાં પુસ્તકો બનતી સસ્તી કિંમતે કહાડવાનો ઇરાદો રાખીને આ '**વેદાન્ત ગ્રંથમાળા**' ની શરૂઆત કરવામાં આવી છે. જેનું પહેલું પુસ્તક નામે—

(क) શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા.

ચાલુ વર્ષમાં પ્રસિદ્ધ થઇ ચૂકયું છે. આ પુસ્તકનું કદ રૉયલ અષ્ટપત્રી ફૉર્મ ૬૯ પૃષ્ટ ૫૫૨ તથા મૂલ્ય સાધારણ ગ્લેજ કાગળ અને પાકા સોનેરી પૂઠા સાથે રૂ. ૧ાાઃ અને ઉંચા ૭૫ રતલી કાગળ તથા વિશેષ સોનેરી પાકા પૂઠા સાથે રૂ. ૨) રાખવામાં આવ્યું છે. અગાઉથી થએલા ગ્રાહકો પાસેથી તથા 'વિવિધ ગ્રંથમાળા' અને ચરિત્રમાળાના ગ્રાહકોને આઠ દિવસની મુદ્દત આપીને તેમની પાસેથી ચાર ચાર આના કમી લેવામાં આવ્યા હતા.

(ख) પંચદશી.

'વેદાન્ત ગ્રંથમાળા'ના બીજા પુસ્તક તરીકે શ્રીમદ્ વિદ્યારણ્યસ્વામી વિરચિત 'પંચદશી'–મૂળ શ્લોક, શબ્દાર્થ તથા વિવેચન સહિત છપાવવા વિચાર રાખવામાં આવ્યો છે. આ પુસ્તકના યોજક અને પ્રથમાવૃત્તિના પ્રકાશક રા. રા. વિશ્વનાથ સદારામ પાઠક એઓ છે. આ પુસ્તકનું કદ રૉયલ અષ્ટપત્રી ૫૦ થી ૬૦ ફોર્મ અને મૂલ્ય સારા કાગળ અને પાકા સોનેરી પૂઠા સાથે શુમારે રૂ. ૧ાા થી ૧ાાા રહેશે. જેમાંથી વિવિધમાળા તથા ચરિત્રમાળાના ગ્રાહકો પાસેથી અમુક દિવસ સુધી કંઇક ઓછું લેવાનુ ધોરણ રહેશે. જે વિષે પુસ્તક છપાઇ તૈયાર થયેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળા દ્વારા યોગ્ય ચેતવણી આપવામાં આવશે. આ ગ્રંથ ઘણે ભાગે આવતા શિયાળામાંજ પ્રસિદ્ધ થાય તેવો યત્ન ચાલે છે.

(ग) બીજાં પુસ્તકો.

એ શિવાય વેદાંત ગ્રંથમાળા દ્વારા નીચે જણાવેલાં અને તે શિવાય બીજાં પણ જે જે ઉપયોગી પુસ્તકો કહાડવાનું બની શકે તેમ જણાતું જશે તે તે પુસ્તકો પ્રસિદ્ધ થતાં રહેશે.

ગ્રંથનું નામ ઈત્યાદિ.	કદ રૅાયલ ફૉર્મ.	*કિંમતનો શુમાર.
દાસબોધ. (મરાઠીપરથી ગુ. ભાષાંતર.)...	૫૦	૧૧
વિચારસાગર. (હિંદીપરથી ગુ. અનુવાદ.)		
શંકર પંચરત્નાદિ સ્તોત્ર સંગ્રહ. (મૂળ તથા ગુજરાતી અનુવાદ સાથે.) ...		
ઉપનિષદો. (મૂળ તથા ગુ. અર્થ સાથે)...		
અધ્યાત્મ રામાયણ. (મૂળ તથા અનુવાદ.)		
જીવન મુક્તિ વિવેક. (ગુ. અર્થ સાથે.)...	૨૦	૦ાા
અખાની વાણી.	૨૦	૦ાા
સુંદર વિલાસ.	૨૦	૦ાા
યોગવાસિષ્ઠ મહા રામાયણ. (મ્હોટા ટાઇપમાં છએ પ્રકરણનો અનુવાદ નીચે મુજબના બે વિભાગમાં)	૨૪૦	૪
૧ પ્રથમનાં પાંચ પ્રકરણ. મૂલ્ય રૂ. ૨–૦–૦		
૨ છઠ્ઠું નિર્વાણ પ્રકરણ. ... રૂ. ૨–૦–૦		

* કેટલાંક વર્ષપર "સસ્તા વાંચનની સૂચના"માં ઉપલાં પુસ્તકોની કિંમતના આપેલા અડસટ્ટા કરતાં આ અડસટ્ટો વધુ હોવાનાં કારણો, ૧. પુસ્તકોની ઓછી સંખ્યા છપાવી. ૨. કાગળ તથા પૂઠાં વધુ સારાંનું ધોરણ. ૩. ખર્ચના પ્રમાણનો વધારો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલામાંનાં જે જે પુસ્તકો છપાઇને પ્રસિદ્ધ થશે તે વિષેની ખબર વિવિધ ગ્રંથમાળાદ્વારા જણાવવામાં આવશે.

આ સર્વ પુસ્તકો એક પછી એક સત્વર યા ઢીલથી પ્રસિદ્ધ કરી શકાવાનો સર્વ આધાર, છપાતાં જાય તે પુસ્તકોનો વહેલો યા મોડો ઉઠાવ થવાપર વધારે રહેલો છે.

(૫) વિવેકાનંદ વાકયામૃત.

વિવિધ ગ્રંથમાળાદ્વારા પ્રસિદ્ધ થયેલા "સ્વામી વિવેકાનંદનાં પત્રો" એ નામના પુસ્તકમાં આવેલાં હિંદના એ મહાન હિતૈષી અને ઉપદેશક મહાત્માનાં પરમહિતાવહ, ઉન્નતિના માર્ગસૂચક અને ખાસ ચાનક આપનારાં કેટલાંક હૃદય સ્પર્શી વચનોનો બહોળો પ્રચાર થાય એટલા માટે તે જુદાં છપાવીને તેની ૫૧૦૦૦ પ્રત ચાલુ સાલમાં આ સંસ્થા તરફથી વિના મૂલ્યે વહેંચવામાં આવી હતી. જેનું નામ **"વિવેકાનંદ વાકયામૃત"** રાખ્યું હતું. અને તેમાંના એક ભાગપર આ સંસ્થા તરફનાં પુસ્તકો ઇત્યાદિની માહિતી આપી આ ચોપાનીયાનો રૂ. ચારસો શુમારેનો ખર્ચ જાહેર ખબરના ખર્ચ નિમિત્ત આ સંસ્થાએ કર્યો હતો.

હજી એમાંની કેટલીક પ્રતો શિલક છે તેમાંથી પોતા માટે યા પોતાના સ્નેહી સંબંધીઓમાં વહેંચવા માટે મંગાવનારને માત્ર પોષ્ટેજ ખર્ચ મોકલવાથીજ જોઇતી પ્રતો વિના મૂલ્યે શિલક હશે ત્યાં સુધી મોકલવામાં આવશે. અર્ધા આનાની ટીકીટમાં તેવાં સાત ચોપાનીયાં મોકલી શકાય છે અને સો ચોપાનીયાં પાછળ પોષ્ટેજના છ આના લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૬) પુરાણ ગ્રંથમાળા.

(क) શ્રીમદ્ ભાગવત ભાષાંતર.

આ ગ્રંથમાળાના પહેલા પુસ્તક તરીકે **શ્રીમદ્ ભાગવતનું** વૈદધર્મ સભાવાળું ગુજરાતી ભાષાંતર છપાવું શરૂ થઈ ચૂક્યું છે. જે આવતા ચૈત્ર માસના શુમારમાં નીકળશે.

આ પુસ્તક આ હકીકત જે ટાઇપમાં છાપી છે તેવા મુંબઈના નિર્ણયસાગર પ્રેસના ખાસ નવા ટાઇપોમાં છપાશે.

આ પુસ્તકનું કદ સુપરરોયલ ૧૨૫ ફૉર્મનું એટલે અષ્ટપત્રી ૧૦૦૦ પૃષ્ટનું થશે. ચિત્રો પણ તેમાં ૧૫ ને શુમારે આવશે. આ પુસ્તકને માટે કાગળો મજબૂત અને જાડા ૭૫ રતલી કેટ્રીજપેપર દેશાવરથી ખાસ ઑર્ડરથી બનાવી મંગાવેલા છે. આ પ્રમાણે હકીકત છતાં પાકાં પૂઠાં સાથે તેની કિંમત માત્ર રૂ. ૨) અને અગાઉથી ગ્રાહક થવા લખનાર પાસેથી રૂ. ૧॥= લેવાની ગોઠવણ રાખેલી છે. જેથી અત્યારથી-જ તે માટેના કાગળો સેંકડોની સંખ્યામાં આવવા લાગ્યા છે.

(ख) પુરાણમાળાના બીજા ગ્રંથો.

ભાગવત શિવાયનાં બીજાં પુરાણોમાંથી ઉત્તમ વાર્તાઓ તથા ખાસ સુબોધક પ્રસંગોની ચુંટણીના સંગ્રહરૂપ કેટલાંક પુસ્તકો કહાડવા વિચાર છે; પરંતુ હાલ તે વિષે સમય ઇત્યાદિનું કશું નક્કી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેચન.

(૧) ન્યૂનતાઓ અને કારણો.

ચાલુ વર્ષમાં પુસ્તકોની પસંદગી, છપાઈ, પ્રૂફશુદ્ધિ, રવાનગી અને પત્રવ્યવહારાદિ વ્યવસ્થા મુંબઇ તથા અમદાવાદનાં કાર્યાલયો દ્વારા તે તે સ્થળના વ્યવસ્થાપક ઇત્યાદિ યથાપ્રાપ્ત મનુષ્યોની સહાયતાથી, યથાપ્રાપ્ત મતિ, પ્રકૃતિ અને અન્ય સંયોગાનુસાર બને તેટલી સારી થવા યત્ન કર્યો છે. સર્વાંશે તેને સંતોષકારક મનાવવાની યથાર્થતા, દુરાશા કે આવશ્યકતા મૂળથીજ નથી. નીચે જણાવેલાં કારણોને લીધે સ્વદૃષ્ટિએ પણ તેમાં ન્યૂનતાની પ્રતીતિ છેજ.

(૧) સત્ય સ્વોન્નતિનાં પ્રભુકૃપાજન્ય અન્ય સાધનો વધુ અનુકૂળ આવવાથી માતૃભાષામાં પ્રવીણતા, સંસ્કૃત ઇંગ્રેજી ઇ. ભાષાઓનું જ્ઞાન તથા સાક્ષરોના જેવી આવડતની તે બાબતમાં અપેક્ષા ન રહેવાથી, આ લખનારથી સાહિત્યના વિષયમાં ખાસ ઉપયોગની તે તે યોગ્યતાઓ મેળવી શકાઇ નથી.

(૨) શારીરિક જડતા, સ્વભાવની તીક્ષ્ણતા, કાર્યશક્તિની મંદતા ઇ. દોષો તેની પ્રકૃતિમાં જન્મથીજ જડાઇ આવેલા છે.

(૩) થોડા ખર્ચથી કામ લેવું પડતાં યોગ્ય અને પૂરતાં મનુષ્યોની ન્યૂનતા.

(૪) ગ્રાહકોની આવશ્યક સંખ્યાની અપૂર્ણતાને લીધે, વ્યવસ્થા, ખર્ચમાં અને નાણાંની જોગવાઈ બાબતમાં પડતી અગવડ.

(૫) યોગ્ય સગવડો માટે મદદ મેળવવાને નીકળી પડવા કરતાં બનતાં સુધી અગવડજન્ય ક્લેશ, જાતમહેનત અને કરકસરની વિશેષતા સાથે ... રહેવાથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રકારે થાય તેટલું, તેવું અને ત્યાં સુધી કાર્ય કર્યા જવાની આ લખનારની પ્રકૃતિ.

આમ સ્વદૃષ્ટિએજ સાધનોમાં, સ્વયોગ્યતામાં અને વ્યવસ્થામાં ન્યૂનતા જણાતી હોય, ત્યાં પછી દૂર રહીનેજ વિચાર બાંધનાર પર-દૃષ્ટિમાં તો તેથી પણ વિશેષ-ખરી યા ખોટી--ન્યૂનતાનું ભાન થાય એ સ્વાભાવિકજ છે. વળી **साकाष्ठा सा परागति**રૂપ સર્વોત્તમ બ્રાહ્મી સ્થિતિ વિનાની બીજી સર્વ વસ્તુઓ, સ્થિતિઓ અને વ્યવસ્થાઓ એક બીજાથી ચ્હડતા ઉતરતા પ્રકારનીજ હોવાથી, કોઈ પણ બાબતને તેનાથી ચ્હડતી બાબત સાથે સરખાવતાં ન્યૂનતાનુંજ ભાન થવું, અને તેનાથી ઉતરતી બાબત સાથે સરખાવતાં વિશેષતાનું ભાન થવું એ સ્વાભાવિકજ છે. અને તેથી જે દૃષ્ટિ અને જે ભાવનાથી વિચાર થાય તે ઉપર પણ નિર્ણયનો આધાર રહેલો છે.

ઉક્ત કારણો અને સિદ્ધાન્તો પ્રથમથીજ જ્ઞાત હોવા છતાં "વિશ્વમાં દરેક વસ્તુસ્થિતિનું સ્થાન અને ઉપયોગ છે" એ સત્યને લીધેજ આ ન્યૂનતાવાળી વ્યક્તિ અને સંસ્થા પણ-જેમને તે કંઇ પણ હિતાવહ અને ઉપયોગી હોય તેમની-યત્કિંચિત શુશ્રૂષાર્થે પ્રવર્તે છે.

જ્યાં સુધી તેનો અમુક પ્રમાણમાં લાભ લેવાતો રહેશે, જ્યાં સુધી તેના ચાલકની રૂચિ કાયમ રહેશે, જ્યાં સુધી ઉત્તમ વ્યક્તિઓ આ ઉત્તમ સેવાક્ષેત્રમાં બહાર પડીને પોતાની સુયોગ્ય વિદ્વત્તા અને કાર્યશક્તિથી તે ક્ષેત્રને વિશાળ, સાધનસંપન્ન અને દેદીપ્યમાન કરીને વર્તમાન ન્યૂનતા રૂપી ખાડાઓને બદલે વિશેષતા કે પૂર્ણતાનાં શિખરો સ્થાપિત કરશે નહિ, યા જ્યાં સુધી દૈવેચ્છા હશે; ત્યાં સુધી હરકોઇ પ્રકારે, હરકોઇ સ્વરૂપે, હરકોઇ હસ્તે, દોષ યા ગુણ વધતા જઇને કે ઘટતા જઇને, થોડા કે વધુ પ્રમાણમાં તે ચાલુ રહેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) આભાર સ્વીકાર.

(क) 'વિવિધ ગ્રંથમાળા' તેમજ 'ચરિત્રમાળા' તે તે સ્થળના ગ્રાહકોને પહોંચાડવામાં તેમજ તેનો પ્રચાર કરવામાં ખાસ પરિશ્રમ લઇને નીચે જણાવેલા સજ્જનોએ જે સહાયતા કરી છે, તે બદલ તેઓ દરેકનો આ સ્થળે સર્વથી પ્રથમ આભાર માનવો જોઇએ.

ભાવનગર શ્રીયુત્ કરૂણાશંકર ભવાનીશંકર ભટ્ટ.
,, ,, અંબાલાલ જેઠાલાલ વ્યાસ.
નડીયાદ ,, ચુનીલાલ બાપાભાઈ.
સોનગઢ ,, દલપતરામ હરિરામ ભટ્ટ.
વડોદરા ,, અંબાલાલ મોતીભાઈ પટેલ.
પેટલાદ ,, રણછોડ વશરામ ઉપાધ્યાય.
બોરસદ ,, હરિલાલ મોહનલાલ ઠક્કર.
ભરૂચ ,, ઠાકોરલાલ ચુનીલાલ.
ચોરવાડ ,, જમનાદાસ દામોદર શાહ.

(ख) **ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના** ચાલુ વર્ષમાં વડોદરા ખાતે મળેલા સંમેલન સમયે આ સંસ્થા તરફથી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો દેખાડવા અને વેચવા માટે આ સંસ્થાને પરિષદ્‌ના સ્થળની બાજુમાં સ્વતંત્ર તંબુની કરી આપવામાં આવેલી સગવડ બદલ તે પરિષદ્‌ના નેતા અને વ્યવસ્થાપક મહાશયોનો અત્ર ખાસ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

(ग) નીચેનાં માસિક તથા સાપ્તાહિક પત્રોમાં તેમના અધિપતિ મહાશયોએ આ સંસ્થા તરફથી નીકળતાં પુસ્તકોની સમાલોચના લ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈને તેના કાર્ય પ્રત્યે જે સહાનુભૂતિ દર્શાવી છે તે બદલ તેઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

મોડર્ન રિવ્યુ (ઇંગ્રેજી માસિક કલકત્તા), **કડવા વિજય** (વીરમગામ), **સત્ય** (મુંબઇ), **કેળવણી** (વડોદરા), **સનાતન ધર્મ પતાકા** (બનારસ), **સુંદરીસુબોધ** (અમદાવાદ), **ગુજરાતીપંચ** (અમદાવાદ), **મહીકાંઠા ગેઝેટ** (અમદાવાદ), **કોરોનેશન એડવરટાઇઝર** (અમદાવાદ), **પટેલ બન્ધુ** (સુરત), **જ્ઞાનસુધા** (અમદાવાદ), **માસિક મિત્ર** (મુંબઈ).

(ઘ) નીચે જણાવેલાં માસિક તથા સાપ્તાહિક પત્રો સાથે આ સંસ્થાનાં હેન્ડબીલો કાંઈ પણ ખર્ચ કે બદલો લીધા વિના વહેંચી આપવામાં આવ્યાં છે, તે બદલ તે દરેક પત્રના અધિપતિ તેમજ વ્યસ્થાપક મહાશયોનો પણ આ સ્થળે ઉપકાર પ્રદર્શિત કરવામાં આવે છે.

બુદ્ધિપ્રકાશ (અમદાવાદ), **જૈન** (મુંબઇ), **સુંદરીસુબોધ** (અમદાવાદ), **જૈન સમાચાર** (અમદાવાદ), **ગુર્જર બ્રાહ્મણ** (સરખેજ), **ગદ્યપદ્યસંગ્રહ** (વડોદરા), **નાગરવિજય** (અમદાવાદ), **નાગર ત્રિમાસિક** (રાજકોટ), **મહીકાંઠા ગેઝેટ** (અમદાવાદ), **કોરોનેશન એડવરટાઇઝર** (અમદાવાદ), **ઉનેવાળ અભ્યુદય** (મુંબઇ), **જીજ્ઞાસુ** (ભાવનગર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) કેટલીક ખાસ વિનંતિઓ.

(क) ગ્રાહકો પૂરા થઇ જવાની ખાસ જરૂર.

પ્રિય વાંચક બંધુઓ !

અગાઉ લખાઇ ચૂક્યું છેજ કે ' વિવિધ ગ્રંથમાળા 'ના ગ્રાહકોની સંખ્યા હજી સવાથી દોઢ હજારની ઓછી છે. અને તે છતાં તેની પ્રત તો દર સમયે પૂરેપૂરીજ (૫૩૦૦) છપાવ્યા કરવી પડે છે. કેમકે વસ્તુની તૈયારી તો પ્રથમથી રાખવીજ જોઇયે. તો હવે આ ન્યૂનતા કયાં સુધી ચલાવી શકાશે ? કયાં સુધી એ વધારાનો ઢગ વધ્યે જશે ? મિત્રો ! આ વાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે કે હજી આ યોજનાથી જાણીતા કરતાં અજાણ્યા લોકોની સંખ્યા અતિશય વધારે છે. નહિ તો એટલાં તો શું પણ હાલ છે તેથી બે ચાર ગણાં ગ્રાહકો તેનો લાભ લેનાર નીકળી આવે એમાં સંશયજ નથી. હવે પ્રભુની કૃપા થઈ છે અને નબળું વર્ષ ગયું છે; માટે દરેક વાંચનાર બંધુએ હવે ઉત્સાહથી પોતાના ગામમાં, જ્ઞાતિમાં, ઓળખીતાઓમાં, મિત્રોમાં, પડોશીઓમાં આ બાબત વિષે બનતી માહિતી ફેલાવવા યત્ન કરવો અને રોજ નહિ તો અઠવાડિયે પણ થોડો સમય ગાળવો ઘટે છે. વળી ખાસ સમય ગાળ્યા વિના પણ આ વાત ધ્યાનમાં રાખી મૂકી હોય તો અનેક નિમિત્તે પરિચયમાં આવતા મનુષ્યોમાં માહિતી ફેલાવવાનું સહેલાઇથી બની શકે તેમ છે. શું તમારા એકાદ ગૃહકાર્ય કે ધર્મકાર્ય જેવું આ કાર્ય નથી ?

ચાલુ સાલમાં ગ્રાહકો વધારવાના કાર્યમાં જે સજ્જનોએ શ્રમ લીધો છે તેમનાં નામ આ સંસ્થા તરફના ધન્યવાદ સાથે નીચે આપ્યાં છે.

રા. લલ્લુભાઇ શંકરભાઇ પટેલ **મુ. નડા.** રા. શિવદત્તરાય માધવરાય ફીકાણી **જુનાગઢ.** રા. અંબાલાલ બાપલાલ શાહ **સાદરા.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રા. ભાઇલાલ વરજરાય દેશાઈ **વડોદરા.** રા. જેઠાલાલ નરોત્તમદાસ ડોકટર **અમદાવાદ.** રા. તલકચંદ દેવજી શાહ **રંગુન.** રા. મૂલજી હરજીવન **આલપાઇ.** રા. માણેકલાલ નાનજી ચંદારાણા, તાલુકા સ્કુલ માસ્તર **કુતીયાણા.** રા. મગનલાલ મણિલાલ **અમદાવાદ.** રા. વસંતરાય ભગવાનજી ત્રવાડી **જુનાગઢ.** રા. બાલાશંકર પ્રાણશંકર દવે **મુ. બોરી.** રા. નથુભાઇ નેમીદાસ પારેખ **રંગુન.** રા. ગોરધનદાસ કહાનદાસ અમીન, **સીનોર.** રા. ચુનીલાલ હરિચંદ શાહ તલાટી **મુ. વાવડી.** રા. છોટાલાલ બાપુભાઈ બક્ષી **જેતલસર.** રા. પ્રાણજીવનદાસ દામોદર આસર **જલગામ.** રા. ડી. આર. પટેલ **નડિયાદ.** રા. ત્ર્યંબક ત્રીકમરાય ઓઝા **પોરબંદર.** ડા. નાથુભાઈ દેવશંકર **સુંવાલી.** રા. મકનજી રણછોડજી દેશાઇ **વાંદરા.** રા. શિવભદ્ર હરિભદ્ર **પુના.** રા. એચ. એમ. બાચાની **મીઠી (સિંધ).** ગોસાંઇ જ્ઞાનગર જેરામગર **ભચાઉ (કચ્છ).** રા. અંબાલાલ શંકરભાઇ પટેલ **ટીંબરવા.** રા. ભવાનીશંકર હ. પંડયા **વાલોડ.** રા. કશીભાઈ મોતીભાઇ પટેલ **મોગબાસા.** ડા. કાનજી જીવરાજ **કીમારી.** રા. વ્રજલાલ મહાદેવજી રાવલ **હળવદ.** રા. મંગળદાસ ખીમચંદ પરીખ. **માતર.**

(ख) સારાં પુસ્તકોની ખબર આપવા વિષે.

અનેક વાંચકો અને વિદ્વાનો કે જેમને જુદી જુદી ભાષાઓનું જ્ઞાન હોઇ તે તે ભાષાઓનાં જુદા જુદા વિષયનાં અનેક ઉપયોગી પુસ્તકો તેમના વાંચવામાં આવ્યા કરતાં હોય છે. તેમને ખાસ વિનતિ કે—

ઇંગ્રજી, મહારાષ્ટ્રીય, હિંદી, સંસ્કૃત, બંગાળી, ઉર્દૂ, ઇ. મુખ્ય ભાષાઓનાં તેમના વાંચવામાં અને જાણવામાં આવેલાં પુસ્તકોમાંથી જે જે પુસ્તકો અસાધારણ કોટિનાં અને ગુજરાતીમાં તૈયાર થઈ પ્રસિદ્ધ થવાથી વાંચકોને ખાસ ઉપયોગી થઈ પડે તેવાં તેમને લાગતાં હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તે પુસ્તકો વિષે, તેમજ ગુજરાતીમાં પણ અગાઉ નીકળી ચૂકેલાં જે ઉત્તમ કોટિનાં પુસ્તકો બહુ પ્રચલિત ન થયાં હોય, યા મળી શકતાં ન હોય, એવાં પુસ્તકો વિષે તેમણે નીચે જણાવ્યામાંથી બની શકે તેટલી માહિતી પૂરી પાડી આ સંસ્થાના કાર્યમાં તે પ્રકારે મદદ કરવા કૃપા કરવી. જેમકે—પુસ્તકનું નામ, કર્તા તથા પ્રકાશકનું નામ, કદ, મૂલ્ય, મળવાનું ઠેકાણું, ભાષા, વિષય, તે પુસ્તક વિષે પોતાનો અભિપ્રાય, અને તેને ગુજરાતીમાં તૈયાર કરતી વખતે અને પ્રસિદ્ધ કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય સૂચનાઓ.

આવી માહિતીની મદદ આવા એક ખાતાને માટે ઘણા ઉપયોગની થઇ પડશે અને ગુર્જર વાંચક વર્ગની સેવામાં રજુ કરવા યોગ્ય સારાં પુસ્તકોનું ક્ષેત્ર તેથી વિશાળ બની તેમાંનાં અનેક ઉત્તમોત્તમ પુસ્તકોનાં ભાષાંતરો કરાવીને તેમજ માલીકોની રજા મેળવીને પ્રસિદ્ધ થવાનો સુયોગ આવશે.

(ग) સારાં પુસ્તકો તૈયાર કરવા વિષે.

જે સજ્જનો સંસ્કૃત, ઇંગ્રેજી, બંગાળી, મહારાષ્ટ્રીય, હિંદી, ફારસી ઇ. ભાષાઓમાંની એક યા વધુ ભાષાઓનું સારૂં જ્ઞાન ધરાવતા હોઇને તેપરથી ગુજરાતીમાં સારી રીતે ભાષાંતર કરી શકે તેમ હોય; અને તે પ્રકારે આ જનસેવાના કાર્યમાં નિષ્કામતાથી થોડી યા વિશેષ મદદ કરી શકે તેમ હોય; તેવા દરેક મહાશયને પણ આથી ખાસ પ્રાર્થના છે કે તે બાબત તેમણે રૂબરૂ યા પત્રથી બનતી વિગત સાથે જણાવવાની ખાસ કૃપા કરવી. વધુ નહિ તો એકાદ વખત પણ માત્ર સાત કે આઠ ફૉર્મ જેટલી એકાદ નવીન રચના યા ભાષાન્તરરૂપે કોઈ ખાસ ઉપયોગી વિષયના શુદ્ધ લખાણની મદદ મળશે તો પણ આવા કાર્યમાં તે ઉપકારકજ થઈ પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

લેખકોને યોગ્ય બદલો આપવા જેવાં સાધનો આ સંસ્થાને પ્રાપ્ત

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોવાથી ઉપર પ્રમાણે નિષ્કામભાવે મદદ કરનાર સજ્જનોને મિત્ર વર્ગ માટે માત્ર સોએક પ્રત અથવા તો આવશ્યક સામગ્રીના ખર્ચ બદલ થોડીક નહિ જેવી રકમ મોકલવાનુંજ આ સંસ્થાથી બની શકે છે. આ કારણથી જણાવવું જોઇએ કે, જેઓ એક ઉત્તમ ધંધા તરીકે યા નોકર તરીકે લેખકનું કાય કરતા હોઈ તે કાર્ય આડે યા બીજાં કારણોથી આવી બાબતમાં નિષ્કામ સહાય ન આપી શકે તેમ હોય તેમને અમારો આગ્રહ નથી. જે વિદ્વાન સજ્જનો સારી સ્થિતિમાં હોવા સાથે આ જ્ઞાનદાન-જ્ઞાનપ્રચાર-ના કાર્યમાં ઉત્સાહપૂર્વક પોતાનો થોડો થોડો પણ કિંમતી સમય ગાળીને-પરોણા માટેની ઉત્તમ રસોઇની પેઠે-હજારો વાંચકો માટેના માનસિક હિતાવહ ભોજન દાખલ પોતાથી બની શકે તેવી સારામાં સારી નવીન કૃતિ અથવા ભાષાંતર રૂચિપૂર્વક તૈયાર કરી શકે તેમ હોય, તેઓ પ્રત્યેજ અમારી આ નમ્ર પ્રાર્થના છે.

ઉક્ત પ્રકારે કોઈ કોઈ સારા અને નિષ્કામ વિદ્વાનોની મદદ આ સંસ્થાને ક્યારની મળવા લાગી છેજ; તોપણ કાર્યવિસ્તારના પ્રમાણમાં એવા વિશેષ સજ્જનોની સહાયની આવશ્યકતા ઓછી નથી.

જે ગ્રંથરચનાને છપાવવા કે ફેલાવવા ખાતે તેના કર્તાને કાંઈ પણ મહેનત, જોખમ કે ખર્ચ વેઠવું ન પડતાં એકી વખતે તેની સવા-પાંચહજાર પ્રત છપાઈ જઇને તુરતમાંજ તૈયાર ગ્રાહકોમાં ફેલાઈ જાય; અને વીશથી પચ્ચીશહજાર મનુષ્યોના વાંચવામાં તે આવીને તેઓમાં સતસંસ્કારોની જાગૃતિ અને વૃદ્ધિ કરવાને શક્તિવાન થાય; તેમજ પાછળથી પણ જે રચના એક ઉત્તમ પુસ્તકરૂપે તેના કર્તાના નામ સાથે સેંકડો લાઇબ્રેરીઓમાં અને હજારો ગૃહોમાં એક મહત્વની વસ્તુ તરીકે જળવાઈ રહી, વર્ષોનાં વર્ષો સુધી ઉપયોગમાં આવ્યા કરે; અને જેને જ્યારે પણ જોઇયે, તેને તેજ સમયે પોતાની સદ્‌ગુણવર્ધક અસરો આપ્યા કરે; તે રચનાની અને તેના નિષ્કામ લેખકની તે સફળતા ઓછી છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતના અન્ય વર્ગોમાં પણ વિશેષ પરોપકાર વૃત્તિયુક્ત મનુષ્યો થોડાંજ હોવા છતાં તેવાં થોડાં મનુષ્યોના પરોપકારથી પણ જેમ જગતના લાખો સહાયપાત્ર જીવોનુ અનેક પ્રકારે હિત થતું રહે છે, તેમ વિદ્વદ્ વર્ગમાંથી પણ સંતોષ, નિષ્કામ દયા, પરોપકાર વૃત્તિ તેમજ સહાયપાત્રની વાળાં, તેમની શુશ્રૂષામાં પોતાની વિદ્વત્તાની સફળતા માનવા જેવી ઉચ્ચ ભૂમિકાએ વિરાજનારાં સાક્ષરરત્નો પણ થોડાંજ—સેંકડે એકાદજ—નીકળી આવશે તોપણ **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** એ ભગવદ્ વાક્યાનુસાર તેઓનો નિષ્કામ, સાહિત્ય સેવા રૂપ ધર્મ થોડો થોડો પણ ચાલુ રહેવાથી, તેને પરિણામે વિવિધજ્ઞાનનો બહોળો પ્રચાર થઇ તેથી લાખો મનુષ્યોનું અજ્ઞાનથી તથા અજ્ઞાનનાં બાળબચ્ચાંરૂપ અનેકવિધ દુઃખોના મહાન ભયથી તારણ થશેજ.

(૪) સાક્ષર સત્કાર.

કોઇ કોઈ સજ્જનોનું કહેવું એમ પણ થાય છે કે લેખકો પાસે સારા લેખો તૈયાર કરાવી તેમને યોગ્ય સત્કાર રૂપે ઉત્તેજન આપવાનું કાર્ય પણ આ સંસ્થાએ કરવું જોઇએ.

ખરૂં છે કે સાહિત્યમાં પૂરતું સસ્તાપણું લાવવા માટે તેની વ્યવસ્થાને લગતો ખર્ચ જેમ સાર્વજનિક પરોપકારી સંસ્થાઓએ સ્વસાધનથી તથા બહારની મદદ મેળવીને નિભાવી લેવાની જરૂર છે; તેવીજ રીતે ઉપયોગી સાહિત્ય તૈયાર કરનાર સારા સાક્ષરોને ઉત્તેજન આપવાનું કાર્ય પણ—તેને લગતો ખર્ચ ઉપલી રીતે નિભાવી લઇને—એવી સંસ્થાઓએજ કરવું જોઇયે. કેમકે વિદ્વાન વર્ગનું કાર્ય માત્ર સાહિત્ય તૈયાર કરવાનુંજ કહી શકાય. તેને ખપ્યે યોગ્ય પુરસ્કારને અભાવે તે ખપાવવાનું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાળવવાનું, ખપાવવાનું અને તે ખાતે નાણાં રોકવાનું કાર્ય પણ આ દેશમાં વિશેષ ભાગે તેમનેજ કરવું પડે છે; જે ઘણા બનાવોમાં તેમને માટે પ્રકૃતિવિરૂદ્ધ, દુઃખદાયક, આર્થિક નફાને બદલે નુકશાનકારક અને ઉત્તમ સાહિત્ય સેવાના માર્ગમાંથી તેમને નિરૂત્સાહ બનાવીને પાછા હઠાવનારૂંજ થઇ પડતું આવ્યું છે. ખરેખર આ પરિસ્થિતિ એ બીજું કશુંજ નહિ પણ દેશમાં ચાલતી અનેકવિધ દુર્દશાઓમાંની એક દુર્દશાનુંજ સ્વરૂપ છે; અને હાથ યા પગ વડે કરવાની ક્રિયા મસ્તક વડે કરવાની ફરજ કોઇ મનુષ્યને પડે તેના જેવીજ આ દુર્દશા દુઃખદાયક છે. અને તે જોતાં જેમ લાખો નિર્ધન અને અજ્ઞાન મનુષ્યોના હિતાર્થે જ્ઞાનરૂપ વિવિધ પકવાન્ન સામગ્રીની અને તેના પૂર્ણ સસ્તાપણાની જરૂર છે; તેવીજ રીતે તે સાહિત્ય રૂપ પકવાન સામગ્રીને દેશકાળાદિ સંયોગાનુસાર તૈયાર કરનારા પાચક (રસોઇયા) રૂપી સાક્ષરોને યોગ્ય પુરસ્કાર આપીને ઉક્ત દુર્દશામાંથી તેમને મુક્ત કરવાની પણ જરૂર છેજ.

આમ બંને આવશ્યકતાઓ ઘટિત છતાં માત્ર તેમાંની પહેલી બાબતની હદમાંજ આ સંસ્થાને શા માટે રહેવું પડયું છે, અને શા માટે તે બીજી બાબત તરફ વધી શકે તેમ નથી, તથા એ બંને આવશ્યકતાઓ સાથે પૂરી પાડવાનું કાર્ય કયે પ્રકારે બજાવી શકાય, તે વિષે અત્ર કેટલીક હકીકત નિવેદવામાં આવે છે.

વર્તમાન સમયે વ્યવહારિક બાબતોના અનેક આદર્શો પૂરા પાડનાર ઇંગ્લાંડ અમેરિકાદિ પશ્ચિમ પ્રદેશો તરફજ આ વિષયમાં નજર નાખતાં જણાશે કે, તે દેશોમાં ઉપલી બંને આવશ્યકતાઓ પૂરી પાડવાનું ધોરણ એક ઉત્તમ ધંધાના અંગ તરીકે વ્યવહારિક થઇ ગયેલું છે. સારાં પુસ્તકોની અનેક આવૃત્તિઓ અને લાખો પ્રતો જૂજ સમયમાં ત્યાં ખપી જતી હોવાથી તેમાંથી થોડો થોડો નફો મળવા છતાં પણ તે કાર્ય ત્યાં એવું તો નફાકારક થઈ પડયું છે કે જેથી ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રંથપ્રકાશકોજ મ્હોટી મ્હોટી રકમોના બદલા ગ્રંથકારોને આપીને તેમની કૃતિઓને ખરીદી લે છે. અને તે છતાં તેવાં ઉત્તમ પુસ્તકો ઘણીજ સસ્તી કિંમતે તેઓ આપી શકે છે. ખરેખર, હિંદ કરતાં મનુષ્ય દીઠ સરાસરી ૪૦ ગણી આવકવાળા એ દેશો છતાં પણ એટલા બધા સસ્તાપણાને લીધેજ ત્યાંનો ગરીબ વર્ગ વાંચન તરફ આકર્ષાય છે અને તેનો છૂટથી લાભ લેવાને શક્તિવાન થાય છે. અને આમ છૂટથી ઝાઝી પ્રતો ખપવાથી જૂજ નફે—આ દેશ કરતાં ઘણીજ ઓછી કિંમતે—સારાં સારાં પુસ્તકો તે દેશમાં ચાલુ ફેલાતાં રહે છે.

આ પ્રમાણે સાક્ષર સત્કાર અને સસ્તાપણું એ બેઉ બાબતો બારોબાર વ્યાપારી રીતેજ પતી જવાની સ્વાભાવિકતા એ દેશોમાં આવી ગયેલી હોવા ઉપરાંત સાહિત્ય પ્રચારના વિષયમાં પરોપકાર બુદ્ધિ પણ ત્યાં બહુ અગત્યનો ભાગ બજાવતી રહે છે. બાઇબિલ સો-સાઇટી જેવી સંસ્થાઓ લાખો અને કરોડોનો વાર્ષિક ભોગ એ બા-બતમાં આપે જાય છે. તેમજ લાઇબ્રેરીઓ દ્વારા મફત વાંચન પૂરું પાડવા તથા વાંચનની અગત્ય તરફ જેમનું ધ્યાનજ ન ગયું હોય તે-વાઓને તે તરફ વિવિધ પ્રકારે ખેંચવા ખાતે ત્યાંના કોટયાધિપતિઓ તરફથી કરોડોની ઉદારતાઓ વખતો વખત થતી રહે છે.

આપણા દેશમાં નથી એ સ્વાભાવિકતા, કે નથી એવી ઉદારતા. અને તે છતાં સસ્તાપણું અને સાક્ષર સત્કાર એ બંને બાબતોની આવશ્યકતાઓ તો ઉપલા દેશો કરતાં પણ અહીં અનેક ગણી છે. જેથી એવા સંયોગોમાં તે પૂરી પાડવાનું કાર્ય નિઃસ્વાર્થપણે મહેનત કરનારાઓની મહેનતથી તથા ઉદારાત્માઓની ઉદારતાથીજ બની શકે તેમ છે. અને તેવી મહેનત તથા ઉદારતા સારી પેઠે બહાર આવે તથા તેનાં સફળ પરિણામો નીપજે તેટલા માટે, શરૂઆતમાં બની શકે તેટલા વિદ્વાનો અને ઉદારાત્માઓએ [illegible] તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય વર્ગના લાખો મનુષ્યોનું જ્ઞાન અને હિત વધારે એવા સાહિત્યની અભિવૃદ્ધિ અને પ્રચારના હેતુને પ્રાધાન્ય આપીને એકાદ સંસ્થાનું બંધારણ કરવું જોઇએ; તથા તુરત વેળા જે કાંઈ ભંડોળ ભેગું થઈ શકે તે વડે કાર્યની શરૂઆત કરીને તેનાં હિતકારી પરિણામો આવે તે જણાવતા રહી તે ઉપરથી ક્રમે ક્રમે વધુ હિતકારક અને વિસ્તૃત વ્યવહારીક યોજનાઓ રજુ કરતા જવી જોઇએ. જેમ કરતાં કરતાં સહાયતાનો વિસ્તાર વધતો જાય તેમ તેમ તે યોજનાઓને અમલમાં મુકતા જઈ તેની ખીલવણી અને વિસ્તારને વધારતાં જવું જોઇએ. એવા મંડળમાં થોડા સજ્જનો એવા પણ હોવા જોઇએ કે જેઓ નિસ્વાર્થપણે, એક નિષ્ઠાથી તથા પૂર્ણ કાળજીથી પોતાનો બને તેટલો સમય તે સંસ્થાના કામમાં આપે. આવી સંસ્થાની આવશ્યકતા આ સંસ્થા સ્થપાવા પૂર્વે પણ હતી અને હજી પણ છેજ. આવી સંસ્થા યોગ્ય નેતાઓથી અને વ્યવસ્થાપકોથી ચાલતાં તે સાહિત્યના સસ્તાપણાનું સારૂં જેવું પ્રમાણ જાળવી રાખવાને શક્તિવાન થાય અને તેને લગતા વ્યવસ્થાના અને પુરસ્કારના ખર્ચો બહારની મદદથી નિભાવવાની સારી જેવી સગવડ ક્રમે ક્રમે સંપાદન કરતું જાય એમાં કંઈજ સંશય નથી.

ઉપલા વિચારો અત્યારે છે તેવા થોડાં વર્ષ પૂર્વે પણ હતાજ પણ તે સમયે તેને કોણ સાંભળે અને સ્વીકારે તેમ હતું ? તેમાં પણ સાક્ષર પુરસ્કારનું કાર્ય તો ના૦ વડોદરા સરકાર, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, ફાર્બસ સભા તેમજ પત્રકારો, તથા પ્રકાશકો તરફથી પણ થાય છે અને થતું હતુંજ; પરંતુ સામાન્ય અને ઉતરતી સ્થિતિના બહોળા વર્ગના હિતાર્થે સસ્તાપણાની અતિ અગત્યની બાબત તરફ યોગ્ય ધ્યાન ખેંચાયલું નહોતું. ઉલટું કોઈ કોઈ તો એવોજ વિલક્ષણ વિચાર ધરાવતા કે “ સોંઘુ હોકે મોઘું હો, પણ જે થોડા ઘણા [illegible] છે તેઓ ખરીદશે, આવું કરવાથી વધુ ખપત થનાર નથી.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલાં કારણોને લીધે સસ્તાપણાથી વધુ પ્રચાર થતો હોવાની અનુભવ સિદ્ધ સાબીતી પુરી પાડવાની; અને તેમ કરીને માત્ર સાક્ષર પુરસ્કારના થતા કાર્યની સાથે ભારત જેવા નિર્ધન અજ્ઞાન દેશમાં સસ્તાપણાનો અંશ જોડવાની આવશ્યકતા દર્શાવી આપવાની તથા તે આવશ્યકતા તરફ વર્તમાન પરોપકારી સંસ્થાઓનું તેમજ ઉદારાત્માઓનું ધ્યાન ખેંચાય તેમ કરવાની ખાસ જરૂર હતી. એ જરૂર બનતા પ્રકારે પૂરી પાડવાના સ્વલ્પ હેતુથી તે દિશામાં પાંચેક વર્ષ અગાઉ આ સંસ્થાની પ્રવૃત્તિની શરૂઆત કરવામાં આવી હતી.

હેતુ આમ સ્વલ્પ છતાં તેને લગતું કાર્ય બહારની આર્થિક સહાયતા વિનાજ—માત્ર ઉછીના દ્રવ્યથી અને જાત મહેનતના તથા કરકસરના ધોરણ પરજ—ચલાવવાનું હોવાથી; અને તે ખાતે જોઇયે તેટલી યોગ્યતા આ લખનારમાં ન હોવાથી તેટલો હેતુ પણ મુશકેલીથીજ બર લાવી શકાય તેમ હતું; જેથી સાક્ષર પુરસ્કારના હેતુને તેનાથી પહોંચી વળાય તેમ નહોતું. વળી તે હેતુ બર લાવવામાં ખર્ચ ખાતે લખીવાળવાને નાણાંની જે ખાસ સગવડ જોઇએ તે, તેમજ તેવી સગવડ મેળવવાની ઘટતી આવડત પણ તેનામાં નહોતી. (હજી પણ નથી.)

ઉપલાં કારણોને લીધે આ સંસ્થા સાક્ષર સત્કારના ક્ષેત્રમાં પોતાનો ઉમેરો કરવાથી બેનશિબ રહે એ વાત વાંચનારને સ્વાભાવિકજ જણાશે. અને તેથી જ્યાં સુધી એ કારણો દૂર કરી સત્કાર પ્રદેશમાં આ સંસ્થાને સામિલ કરી શકે એવી સુયોગ્ય વ્યક્તિઓ આ સંસ્થામાં શામિલગીરી આપીને અથવા તો સંસ્થાનો ભાર ઉઠાવી લઇને સફળતા પ્રાપ્ત કરી શકે નહિ ત્યાં સુધી આવી સંસ્થા પાસેથી સાક્ષર સત્કારની સગવડ ઇચ્છવી એ કોઇ એક એક પગવાળા મનુષ્યને બીજો આધાર આપ્યા વિના બે પગવાળાની પેઠે દોડતો જોવાની ઇચ્છા કરવા જેવીજ ભૂલ ભરેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી બીજી રીતે જોતાં પણ એમ જણાશે કે, જે સમયે આ સંસ્થા કરતાં પ્રમાણમાં મોંઘી કિંમતે નીકળતાં અનેક માસિકો વિના ખર્ચે લેખો મેળવીને ચલવાતાં હોય, તથા જે સમયે સારા નફા સાથે ચલવાતાં જાણીતાં વર્તમાનપત્રોના ખાસ અંકો પણ વિદ્વાનો પાસેથી વિના પુરસ્કારે મેળવેલા લેખો વડેજ પ્રસિદ્ધ કરાતા હોય, તથા જે સમયે સાહિત્ય પરિષદ જેવી વિસ્તૃત સંસ્થાના અગ્રેસરોને પણ સેંકડો નિબંધો વિના પુરસ્કારેજ મેળવવા પડતા હોય તેવા સમયમાં સસ્તા-પણાના ધોરણે જેમ તેમ કામ કર્યે જતી આવી એકાદ સંસ્થા પાસે જ સાક્ષર પુરસ્કારનું ધોરણ કેવી રીતે ઇચ્છી શકાય ?

આ સંસ્થા સસ્તાપણાનું જે ધોરણ રાખી શકી છે, તે પણ ન્યૂનતાવાળુંજ છે. કારણ કે તેના તરફથી નીકળતાં પુસ્તકો અને ગ્રં-થમાળાઓની વ્યવસ્થાનો ખર્ચ પણ તેની કિંમતમાંથીજ તેને કરવો પડે છે; જેમ ન હોત તો હાલના કરતાં હજી સુમારે ૄ કિંમત ઓછી રાખી શકાઈ હોત.

એ વ્યવસ્થા ખર્ચ બહારની સહાયતાથી નથી ચલવવામાં આ-વતો તેનું કારણ કાંઈ તેવી સહાયતા બહારથી મેળવી શકાવાનો અ-સંભવ નથી, પરંતુ તે મેળવવા ખાતે જોઈતી યોગ્યતાની આ લખ-નારની ખામી એજ છે. જેથી અન્ય સજ્જનો આવા પ્રયાસો કરવા ઇચ્છે તેમને આ કારણ નડે તેમ નથી.

આટલા વિવેચન પછી નિવેદન કરવાનું એજ છે કે, હવે જો ઉપર (પૃષ્ટ ૫૩ માં) જણાવી છે તેવી સંસ્થા સ્થાપિત કરવાને થોડા પણ નિઃસ્વાર્થ અને મહેનતુ સજ્જનો બહાર પડે તો યોગ્ય યત્નથી યોગ્ય સહાયતા તેઓ મેળવી શકે તેમ છેજ. અને તેથી આ સંસ્થાના જેવી :ન્યૂનતાઓ અને મુસ્કેલીઓ તેમને ન નડી શકતાં કિંમતનું પ્રમાણ હજી પણ ઘટાડી શકવાને, અને વ્યવસ્થાના તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાક્ષરસત્કારના ખર્ચો બ્હારો બ્હારથી કહાડી શકવાને તથા ઉત્તમતામાં અને વિસ્તારમાં ચ્હડી જાય એવું અનેકગણું ઉપયોગી સાહિત્ય લાખોની સંખ્યામાં ફેલાવવાને તેઓ શક્તિમાન થાય એમાં કાંઇજ સંશય નથી.

ઉપર પ્રમાણે થતાં આ સંસ્થા પણ પોતાના અત્યાર સુધીના દિશા સૂચક રંક પ્રયાસને પ્રભુએ સફળ કરેલો જોઇને પોતાના કાર્યને, હયાતીને અને યત્કિંચિત્ ફંડ વિગેરે જે કાંઈ હોય તેને એવી અધિક હિતાવહ સંસ્થાના ચરણારવિંદમાં તેની પુષ્ટિ અર્થે વિલીન કરવામાં કૃતાર્થતા માને એ પણ તેટલુંજ નિ:શંક છે.

છતાં માનીએ કે કદાચ આ સંસ્થા કોઇ વિશેષ યોગ્ય હસ્તે જઇને યા બીજા કોઇ નિમિત્તે વિશેષતાને પ્રાપ્ત થઈને પોતાનું કાર્ય સ્થાયી બનાવે કે અધિક વિસ્તારે તોપણ સસ્તા સાહિત્યના ક્ષેત્રમાં એટલું બધું કાર્ય કરવાનું પડેલું છે કે ગુજરાતમાં એવી પાંચ દશ સંસ્થાઓ એક સાથે પ્રવૃત્તિ કરે તોપણ તે ઓછીજ પડે તેમ છે. જેથી આ વિષયની નવિન સંસ્થાની આવશ્યકતા કોઈ પણ રીતે ન્યૂન ગણવા યોગ્ય નથીજ.

અહીં કોઇ સજ્જનને એમ સુચવવાનું મન થઇ જાય કે આમ બીજી સંસ્થાઓ સ્થપાવાની ખટપટ સૂચવવા કરતાં " આટલું તેમ તેટલું " એ કહેવતને અનુસરીને પુસ્તકોની કિંમતનું પ્રમાણ હજી પણ વધારી લઇને શા માટે આ ચાલુ સંસ્થા પોતેજ સાક્ષરસત્કારના ક્ષેત્રમાં વૃદ્ધિ કરતી નથી ?

સમાધાન એજ કે જે સ્થિતિના લોકો પુસ્તક વાંચવાની ઇચ્છાજ માત્ર કરે તો તે ઇચ્છાનેજ કિંમતરૂપે માની લઇને તે ઇચ્છાના બદલામાંજ વિના મૂલ્યે તેમને વાંચન પૂરૂં પાડવું જોઇએ તેવા લોકોથીજ આ દેશનો મ્હોટો ભાગ ભરેલો હોવાથી, તેમને માથેથી તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરૂં જોતાં–આ ખાતા તરફની હાલની કિંમતમાં સમાઈ જતો–વ્યવસ્થા ખર્ચનો બોજ્જોજ કહાડી નાંખવાના ઉપાયો લેવાવા જોઇએ; તેને બદલે કિંમતમાં ઉલટો વધારો કરવાની વાત તો ઉચીતજ ક્યાંથી ગણાય ?

જો એ પ્રકાર ઉચિત જણાયો હોત તો ખુદ આ સંસ્થાની પ્રત્યક્ષ અગવડો ટાળવા ખાતે પ્રથમતો તેનો લાભ ન લેવાઈ ચુક્યો હોત ! છતાં ધારો કે તે અગવડોની વાત બાજુ રાખી માત્ર સાક્ષર સત્કારને ખાતરજ તે પ્રમાણે કરવામાં આવે; તો તે પ્રકારને ઉતરતી સ્થિતિવાળા વર્ગોપર તેમના કરતાં ચ્હડતી સ્થિતિવાળા સાક્ષર વર્ગને ખાતરજ વેરો (ટેક્ષ) નાખવા જેવો અને તેથી "જેની વ્હાર તેનીજ બુમ"ના જેવો નહિ ગણાય ?

માટે "જે વસ્તુની જ્યાં ન્યૂનતા હોય ત્યાંથી તે મેળવવી મુસ્કેલ છે." અને "જે વસ્તુની જ્યાં છત હોય ત્યાંથી તે મેળવવી સુગમ છે" એ સત્યને અનુસરીને ઉક્ત બંને બાબતો માટેની આર્થિક સગવડ દેશમાંના ઉદાર શ્રીમાનો અને રાજા મહારાજાઓ ઈ૦ પાસેથી મેળવવી જોઇએ. અને તે તથા બીજાં તેવાં ઉપયોગી પરિણામો લાવી શકાય તે માટે, સાહિત્યની અભિવૃદ્ધિ તથા પ્રચારની લાગણીવાળા વિદ્વાન શ્રીમાન અને મહેનતુ સજ્જનોએ અગાઉ જણાવ્યા જેવી એકાદ યથાર્થ ઉપયોગી સંસ્થા સ્થાપિત થાય તેમ કરવું જોઇએ.

હા, જ્યાં સુધી માત્ર સાક્ષર સત્કાર કે એવી બાબતોનેજ મુખ્યતા આપીને પૂરતા સસ્તાપણા રૂપી સાર્વજનિક હિતની અધિક મહત્વની બાબતને ગૌણ પક્ષે રાખવા જેવું થશે ત્યાં સુધી તો કોઈ પણ નવિન સંસ્થાને એવી સહાયતા આ સમયમાં મળી શકવી મુસ્કેલજ રહેશે. કારણ દેખીતુંજ છે કે દેશમાંના લખી વાંચી જાણનાર વર્ગમાંથી કમમાં કમ ૯૫ ટકા જેટલો વર્ગ લાભ ન લઇ શકે એવી, અને ખરૂં જોતાં વિલાયતની સામાન્ય કિંમતથી મોંઘી એવી પુસ્તકોની કિંમત રાખવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોરણ ઉ... પ્રકારે જ્યાં સુધી બાજુ ન મુકવામાં આવે અને; પૂર્ણ સસ્તાપણાના ...રણ પુર્વક સાહિત્યનો પ્રચાર કરવાના હેતુને જ્યાં સુધી મુખ્યતા ન ...પવામાં આવે; ત્યાં સુધી વર્તમાન અથવા ભવિષ્યત્ હરકોઇ સંસ્થાનું પરોપકારકપણુંજ માત્ર ઉપર ઉપરનું છે; અથવા બહુ તો દેશમાંના થોડાક ટકા જેટલા વિદ્વાન અને શ્રીમાન મનુષ્યોના લાભ પુરતુંજ તે છે. દૃષ્ટાંત તરીકે એમ તો પોતાના અનેક ભાગીદારોના હિતાર્થે કાર્ય કરતી અનેક બેન્કો અને કંપનીઓને હાથે પણ દેશ સેવા થઇ ગયા વિના ક્યાં રહે છે? અને તેથી શું તેવાં મંડળોને પરોપકારી ખાતાંઓ કહી શકાશે?

ઉપલા સર્વ વિવેચનની છેવટ ઇચ્છવા યોગ્ય એજ છે કે આવી બાબતમાં ખાસ લાગણી ધરાવનારા થોડા પણ નિષ્કામ અને યોગ્ય સજ્જનો નીકળી આવે; અને આ સંસ્થાના કાર્યમાં સકારણ તથા અકારણ પ્રતીત થતી ન્યૂનતાઓ, દોષો તથા મુશ્કેલીઓ દૂર થાય એ પ્રકારની યોજના યોજી અમલમાં મૂકે.

કેળવણીની વૃદ્ધિ, ઉતરતા વર્ગો પ્રત્યેની લાગણી, દેશ સેવા અને સાહિત્યોન્નતિની ચર્ચાવાળા આ જમાનામાં સાહિત્યના ક્ષેત્રનાં આવાં કાર્યો માટે યોગ્ય થઈ પડે એવા અને તે સાથે ઇશ્વિર કૃપાથી નિર્વાહની નિરાંત હોય એવા કંઇ એક સજ્જનો ગરવી ગુજરાતમાં પડ્યા હશેજ! જો અધિકાધિક સંગ્રહવૃત્તિ, મોજીલાપણું આળસાઈ કે એવું બીજું જે કાંઈ તેમનામાં કાંઇ હોય તે દૂર થાય; અને યથાર્થ પરોપકાર વૃત્તિ તેમનામાં જાગૃત થઈ કર્તવ્ય દૃષ્ટિથી એક નિષ્ઠાથી, નિષ્કામ ભાવે આવા ક્ષેત્રમાં તેઓ બહાર પડે તો અમને તો પૂર્ણ શ્રદ્ધા છે કે અનેક અસાધારણ પરિણામો લાવવાને તેઓ અવશ્ય શક્તિમાન થાયજ. અને વર્તમાન યુગમાં રાજદ્વારી ક્ષેત્રમાં લો. મા. શ્રીયુત્ ગોખલે અને દાદાભાઇ [illegible] લોક-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતા, કીર્તિ તથા મહત્વ મેળવ્યું છે, તેવુંજ મહ[illegible] આ સાહિત્ય ક્ષેત્રમાંથી પણ અવશ્ય મેળવી શકે. છેવટ વ[illegible]ર બંધુઓ ! તમે પણ અમારી પ્રભુ પ્રાર્થનામાં શામિલ થાઓ કે તે કૃપાળુ એવા સાહિત્ય સેવકો ભારત ભૂમિને સત્વર પ્રાપ્ત કરાવે !

(૫) સાહિત્યના સંસ્થાઓને વિનતિ.

ગુજરાતી સાહિત્ય પરિષદ્, ફાર્બસસભા, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, ના. ગાયકવાડ સરકારનું સાહિત્ય વર્ધક ખાતું, ઇત્યાદ સર્વે સાહિત્ય સંબંધી સંસ્થાઓ પ્રત્યે પણ આ ઉલ્લેખની છેવટે નમ્રતાપૂર્વક એજ પ્રાર્થના કે તેઓ સર્વેનો હેતુ સાહિત્યદ્વારા જનસમાજની ઉન્નતિનોજ છે; તો એ બાબતનાં સાહિત્યની અભિવૃદ્ધિ અને પ્રચાર એ બે જે મુખ્ય અંગો છે, તે બંનેની યથાર્થ સિદ્ધિ અર્થે તે બેઉ બાબતો તરફ ઘટિત ધ્યાન આપવા જરૂર છે. યોગ્ય ખર્ચ કરીને ગ્રંથો તૈયાર કરાવવા; અને વધુ કિંમતને લીધે તથા જાહેરાતના અભાવને લીધે જૂજ ખપત થઇ શકે તેટલી પ્રતો ખરીદદારો માટે કઢાવવી એ પણ ઉપકારનીજ વાત છે; પરંતુ એટલાથીજ હેતુ પૂર્ણ થવો મુસ્કેલ છે. બની શકે તે કરતાં દશમા ભાગની સફળતા પણ એથી ભાગ્યેજ મળે તેમ છે. ખરી સફળતા તો તેના બહોળા પ્રચારમાંજ છે; અને બહોળા પ્રચારની ખરી ચાવી આ નિર્ધન દેશ માટે ‘ કિંમતનું સસ્તાપણું ’ તથા ‘ પુસ્તકોને લોકોની જાણમાં લાવવાનો પ્રયાસ ’ એ બેજ છે. કિંમતના સસ્તાપણા માટે વ્યવસ્થા તથા જાહેર ખબરોનો કે બીજી રીતનો ખર્ચ યા નફો તેની કિંમતમાં ન ચ્હડાવતાં, ગ્રંથ રચાવવાનો ખર્ચ જેવી રીતે બીજી સગવડથી યા બહારની મદદથી કરાય છે તેવી રીતેજ આ ખર્ચ પણ તેજ પ્રકારે થવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇએ; ને તોજ તેની કિંમત કાગળ, છપાઈ, તથા પૂઠાંના ખર્ચ જેટલી રાખી શકાય; અને લોકોમાં તેવી જૂજ કિંમતને લીધે તેનો બહોળો પ્રચાર થાય.

જ્યાં સુધી પ્રચારની બાબતને આમ અસાધારણ અગત્ય નહિ આપવામાં આવે અને તેને ખાતર વ્યવસ્થાનો ખર્ચ તથા જાહેરાતનો ખર્ચ–તૈયાર કરવવાના ખર્ચની પેઠેજ–બીજી રીતે નિભાવી લેવાની જરૂર નહિ સ્વીકારવામાં આવે ત્યાં સુધી તે કાર્ય માત્ર સેંકડે થોડાક શક્તિવાન ગૃહસ્થો અને અતિ આતુર વાંચકોના ઉપયોગમાં આવવા ઉપરાંત વધુ સફળ થવું મુશ્કેલજ છે; અને ત્યાં સુધી સાર્વજનિક હિતનો દર્શાવાતો હેતુ, સડી ગયેલાં નીચલાં અંગો તરફ બે પરવાઈ રાખી માત્ર મસ્તિષ્કને તેલ ફૂલેલ લગાવ્યા કરીને આરોગ્યની ઇચ્છા કરનાર, અને પોતાને સર્વાંગનો હિતસ્વી તથા ડાહ્યો ડમરો માન્યા કરનાર મનુષ્યના જેવોજ છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સંવત ૧૯૬૯ શ્રાવણ શુકલ ૧ તા. ૧૩–૮–૧૨

ભિક્ષુ–અખંડાનંદ. મંત્રી સ૦ સા૦ વ૦ કાર્યાલય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ઉપલું ચિત્ર મારવાડના વીરપુરુષ દુર્ગાદાસનું છે.
આ સામેનું ચિત્ર મેવાડના મહારાણા રાજસિંહનું છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીર દુર્ગાદાસ

અથવા મારૂ સરદારો.

પ્રકરણ ૧ લું.

કથા પ્રવેશ.

શ્રી સદ્‌ગુરવે પરમાત્મને નમઃ

પોતાને બેસવા માટે મયૂરાસન કરાવનાર અને પોતાની બેગમ માટે આગ્રામાં આરસનો તાજમહેલ બંધાવનાર દિલ્લીનો પાદશાહ શાહજહાન ઇ. સ. ૧૬૫૭ માં માંદો પડ્યો ત્યારે તેનો મોટો દીકરો દારા રાજ્ય કારભાર ચલાવવા લાગ્યો. તે વખતે દારાના બીજા ભાઇઓ જુદા જુદા પ્રાંતોમાં સુબાગીરી ઉપર હતા. તેમાં ઔરંગજેબ દક્ષિણમાં, મુરાદ ગુજરાતમાં ને શુજા બંગાળામાં સુબો હતો. એ ત્રણેના મનમાં રાજ્યલોભ પ્રદીપ્ત થયો. તેથી તેમણે દારા સાથે લઢીને રાજ્ય મેળવવાની તૈયારી કરી. ઔરંગજેબે ખળતાથી મુરાદને રાજ્ય અપાવવાની લાલચ આપી પોતાના પક્ષમાં લીધો, અને બંને જણા લશ્કર જમાવી આગ્રે આવવાને નીકળ્યા. તે વખતે માળવામાં પાદશાહી સુબેદાર જોધપુરનો રાજા જશવંતસિંગ હતો. તેને દારાએ લખ્યું કે તમારે મુરાદ ને ઔરંગજેબને આગ્રા ઉપર આવતાં રોકવા. જશવંતસિગે પોતાનું લશ્કર જમાવી ઉજ્જન આગળ પડાવ નાખ્યો. ઔરંગજેબ

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો આવી પહોંચ્યો. તેણે જોયું કે જશવંતસિંગ પોતાને રોકવાને તૈયાર થઇ ઉભેલો છે તેથી તે મુરાદના આવતા સુધી થંભ્યો. જશવંતસિંગે વિચાર્યું કે ઔરંગઝેબ એકલાને હરાવવામાં શો માલ છે? એકલે હાથે લઢતાં જે ડરીને થંભેલો છે તેને હરાવવામાં શી મર્દાનગી? માટે મુરાદના આવ્યા પછી બંનેના એકત્ર સૈન્યને હરાવવું. આમવિચારી બંને જણા મુકામ નાંખી પડયા. એવામાં મુરાદ પણ આવી પહોંચ્યો. બંનેનાં સૈન્ય એકઠાં થયાં ને ઉજ્જન આગળ લઢાઇ થઈ. પહેલે દિવસે કોઇની હાર જીત થઇ નહી. પણ એ દિવસે ઘણા રજપુતો રણમાં પડયાથી જશવંતસિંગને જીતવાની આશા રહી નહી, તેથી જે રજપુતો બાકી રહ્યા હતા તેઓ પીઠ બતાવી નાસી જવાને બદલે કેસરીઆં કરી નાગી તરવારે ઘોડેસ્વાર થઇ બંને શાહજાદાઓના લશ્કરને ભેદીને આરપાર સામે મોંઢે જવાનો નિશ્ચય કરી મુસલમાન લશ્કરને કાપતા ચાલ્યા. તેમાંથી જે જીવતા રહ્યા તે જોધપુર જઇ પહોંચ્યા.

મધ્યરાત્રે જોધપુર પહોંચ્યા ત્યારે દરવાજા બંધ હતા. દરવાજાની કુંચીઓ રાણીવાસમાં હતી. ત્યાં કુંચી લેવા દરવાન ગયો ત્યારે રાણીએ કહ્યું કે મારો પતિ રાત્રે છાનોમાનો આવે નહી. એતો વાજતે ગાજતે દિવસે શહેરમાં પધારે. માટે એ કોઇ ઠગારો હશે. એમ કહી કુંચીઓ આપી નહી, તેથી આખી રાત શહેર બહાર ગાળી સવારમાં મહારાજા મહેલમાં પધાર્યા. ઉજ્જનની લઢાઇમાં મહારાજા ઘાએલ થયેલા હતા; તેના પાટાપટી કરાવ્યા. બાદ મહારાજાને જમવા માટે રાણી શીરો શેકવા લાગી. લોઢાની તવીમાં લોઢાના તવેતાથી શીરો હલાવતી જોઇ મહારાજાની માતુશ્રીએ કહ્યું કે " ભાટી બાઇ, તમે આ શું કરો છો? લોઢે લોઢું ઘસાવાથી તો મારો દીકરો નાશીને ઘેર આવ્યો છે ને ઘેર પણ તેજ કરો છો, તો અહિંથી નાશીને દીકરો ક્યાં જશે? માટે ચાટવાથી શીરો શેકો. આ સાંભળી જશવંતસિંગજી મહારાજનાં રૂવેરૂવાં ઉભાં થયાં. જખમોના ટેભા તૂટી ગયાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ઢોલીઆમાં બેઠા થઇ પોતાના સરદારોને મેળવી લશ્કર જમાવવા હુકમ આપ્યો. એટલે રાજમાતાએ કહ્યું કે ભાઈ, એમાં તારો દોષ નથી. એ તો બાળપણામાં તું ધાવણો હતો, ત્યારે એક દિવસે હું સ્નાન કરતી હતી તે વખતે તું બહુ રડવા લાગ્યો, ત્યારે છાનો રાખવાને દાસીએ તને ધવડાવ્યો હતો. એ વાત મારા જાણવામાં આવી કે મેં તને ઉંધે માથે ઝોલો ખવડાવી બધું ધાવણ કહાડી નખાવ્યું, છતાં કાંઇ રહ્યું હશે તેની આ અસર છે. નહિ તો મારા શુદ્ધ ધાવણનો ધાવેલો રણમાં પડે કે જીતીને આવે, પણ નાસી આવે નહિ.

જશવંતસિંગ લશ્કર જમાવી આગ્રે આવવા નીકળ્યા. તે વખતે દારા નાશી ગયો હતો ને ઔરંગજેબે શુજાની સામા પોતાના શાહજાદાને મોકલ્યો હતો તેથી મહારાજા શુજાને સહાય કરવા ગયા. બંનેએ ઠરાવ કરી એકી વખતે કજવાના રણમાં બે બાજુથી બંને જણાએ શાહજાદાના લશ્કર ઉપર હુમલો કરવાનું ઠરાવ્યું. વખતસર રજપુતોએ હુમલો કર્યો, પણ આળસુ ને દારૂડીઆ શુજાએ વખત ગુમાવ્યાથી રજપુતો તેનો પક્ષ ત્યજી જોધપુર આવ્યા ને દારાને મદદ કરવાનું ઠેરવી દારાને અજમેર બોલાવ્યો, પણ દારા આવી પહોંચ્યો નહિ. ઔરંગજેબે જોયું કે જશવંતસિંગ જેવા બળવાન રાજા સાથે વિરોધ રાખવામાં ડહાપણ નથી. તેથી તેને પોતાના સૈન્યમાં મોટા સરદારની જગા આપી મેળવી લીધો ને દક્ષિણમાં શિવાજી મહારાજનું બળ વધતું જતું હતું તે રોકવાને દક્ષિણની સુબાગીરી ઉપર મોકલ્યા. જશવંતસિંગ મહારાજના મનમાંથી પણ પાદશાહ પરનું વેર શમ્યું નહોતું. તેથી તેમને પણ ભાવતું હતું ને વૈદે કહ્યા જેવું થયું. દક્ષિણમાં જઈ શિવાજી મહારાજને મળી ગયા ને પાદશાહી ઉંધી વાળવાની યુક્તિ રચી. બંને હિંદુધર્મ તારવાને ઉત્સુક હતા, તેથી એ બંનેનો મેળ મળ્યો. પણ એ વાત ઔરંગજેબ પાદશાહના જાણવામાં આવતાંજ એણે જશવંતસિંગજીની બદલી કરી લાહોર મોકલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાહોરમાં પણ એમણે એજ ઘાટ ઘડવા માંડયો. એવામાં કાબુલમાં બળવો થયો, તેથી પાદશાહે જશવંતસિંગજીને એ બળવો શમાવવાને કાબુલની સુબાગીરી ઉપર મોકલ્યા. એ હાડી ને પહાડી મુસલમાનોને પણ જેર કરી એમણે બળવો શમાવ્યો. એ પ્રાંતના હાકેમો તે વખતે પેશાવરમાં રહેતા હતા. તે પ્રમાણે કાબુલમાં શાંતિ કરી પોતે પેશાવરમાં રહેવા લાગ્યા. પણ એ લડાઇઓમાં એમના બે દીકરા માર્યા ગયા.

જશવંતસિંગજી મહારાજ સુબાગીરી ઉપર રહેતા હતા ત્યારે જોધપુરમાં એમનો પાટવી પુત્ર પ્રથીસિંગ રાજ્ય ચલાવતો હતો. એ પણ એના બાપના જેવોજ બહાદૂરને પરાક્રમી હતો. આલમગીર (ઔરંગજેબ) પાદશાહે જોયું કે જશવંતસિંગનો ઘાટ તો કાબુલમાંજ થશે તોપણ જ્યાં સુધી પ્રથીસિંગ હયાત છે ત્યાં સુધી જોધપુરનું રાજ્ય ખાલસા થશે નહિ. તેવામાં અજમેરમાં મેરલોકે બળવો કર્યાથી તે સમાવવાનો પ્રથીસિંગને હુકમ કર્યો. પ્રથીસિંગે તે પ્રમાણે મેરલોકોને જેર કરી વશ કર્યા. આ નોકરીના બદલામાં પાદશાહે પ્રથીસિંગને સિરપાવ આપવાનું ઠરાવી દિલ્લી બોલાવ્યો. દરબાર ભરી પાદશાહે તેના પરાક્રમ માટે ખુબ વખાણ કરી પોશાક આપ્યો. એ વિષમય પોશાક પહેરતાંજ પ્રથીસિંગ બેભાન થઇ પડયો ને મરણ પામ્યો. આ પ્રમાણે પાદશાહે દગો કરી પોતાના શત્રુનો પ્રાણ લીધો.

એ રીતે જશવંતસિંગ મહારાજના ત્રણે પુત્રો મરણ પામ્યા. મહારાજની વૃદ્ધાવસ્થામાં એ તેમને કારી જખમ થઇ પડયો. તેમની પ્રકૃતિ બગડી ને જોધપુરનું રાજ્ય નવારસું થઇ પડ્યું. તે સમજ્યો કે પાદશાહે પોતાના ઉપર સંપૂર્ણ વેર વાળ્યું છે. હવે પાદશાહ પોતાની ઉમેદ બર લાવવાને જોધપુરનું રાજ્ય ખાલસા કરશે, તેનું વેર વાળી શકે એવું કોઈ રહ્યું નથી. એવા શોકમાં પોતાનો અંતકાળ પાસે આવેલો એણે જોયો. તેથી હવે શું કરવું ને કેમ કરવું એની ગડભાંગ એના મનમાં થવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં ચાંપાવતોના આગેવાન સોનિંગજીને એકાંતમાં બોલાવી, એક લોખંડની સીક્કાબંધ પેટી મગાવી કહ્યું કે "ભાઇ આ પેટી તમારી પાસે રાખજો ને મારવાડ ને મોગલોને કબજેથી છોડાવી જોધપુરનો જે રાજા થાય તેને એ પેટી આપજો. અને તેના સિવાય એ પેટીમાં શું છે, તે બીજા કોઇએ પણ જોવું નહિ. એવો સમય આવે ત્યાં સુધી તમારે એ પેટી સલામત સાચવી રાખવી. પરંતુ જો ત્યાં સુધીમાં તમારે માથે એવી આફત આવે કે તમે એ પેટીને સલામત સાચવી શકો નહિ, તો એ પેટી તમે એવીજ બીજી કોઈ સલામત જગાએ સોંપજો." એમ બોલી પેટીની સુપરત કરી, પોતાના સર્વ સરદારોને એકઠા થવાની આજ્ઞા આપી. એ વખતે એમની સાથે ચાંપાવત, કુંપાવત, જોધાવત, મેડતિઆ, ઉદાવત, કરણોત, પાતાવત, જેતમાલ, મંડલા, ભાટી, ઉહડ એટલી જાતના સરદારો હતા. તે સર્વ મહારાજાની આજ્ઞા થતાંજ દરબારમાં એકઠા થયા. તેમને મહારાજાએ કહ્યું કે "ભાઈઓ! પાદશાહે આપણા ઉપર સંપૂર્ણ વેર લીધું છે. હવે આ શરીર ઝાઝો વખત કહાડવાનું નથી. જોધપુરનું રાજ્ય ખાલસા કરવામાં પાદશાહને હવે અંતરાય કરે તેવું કોઈ રહ્યું નથી. હવે મારવાડ મોગલાઇમાં જોડાશે. પાદશાહ સામા કમર કસી આ વૈરનો બદલો વાળી મારવાડને છોડાવનાર કોઇ રાજ્યવારસ રહ્યો નથી. માત્ર મારી ભાટી ને હાડી એ બે રાણીઓ સગર્ભા છે, તેમને પેટે જો જોધપુરની ગાદીનો વારસ જન્મે તો તે તમો સર્વેની સહાયથી પાદશાહ સામા થઇ મારવાડને છોડાવવાને સમર્થ થવા સંભવ છે. માટે મારી આજ્ઞા છે કે મારી પાછળ એ બે રાણીઓને સતી થવા દેશો નહિ. જો ઇશ્વરેચ્છાથી તેમને પેટે મારવાડની ગાદીનો વારસ જન્મે તો તમો સર્વે એક દિલથી જેવી રીતે આજ સુધી મારી સાથે વળગી રહ્યા છો, તેવીજ રીતે તમારા એ બાળરાજાને ઉછેરી તેને રાજ્ય મેળવવામાં છેવટ સુધી સહાય કરજો. એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા આ છેવટની રજા લેતા રાજાની આજ્ઞા છે." આટલું બોલ-તામાં તો મહારાજાની છાતી ભરાઇ ગઇ ને સંવત. ૧૭૩૫ ના મહા વદ ૧૦ ને રોજ જશવંતસિંગજી માહારાજા પોતાની દેહ છોડી દેવલોક પામ્યા.

જશવંતસિંગજી દેવલોક પામ્યા ત્યારે તેમની આજ્ઞા પ્રમાણે ભાટી ને હાડી એ બે રાણીઓને સરદારોએ સતી થવા દીધી નહિ. બાકીની સર્વે રાણીઓ સતી થઇ. મહારાજા દેવ થયા પછી બંને રાણીઓને પ્રસવ થતા સુધી પેશાવરમાં રાખીને તેમના બંદોબસ્ત માટે થોડાક સરદારો ને માણસો ત્યાં રહ્યા, બાકીના સર્વ પોતપોતાનાં બૈરાં છોકરાં સાથે મારવાડમાં આવી પોતપોતાની જાગીર સંભાળવા લાગ્યા તેમાં સોનિંગ ચાંપાવત પણ હતો.

પુરે મહિને મહારાણી જાદવાણી (ભટીઆણી) ને સંવત ૧૭૩૫ ના ફાગણ વદ ૪ ને રોજ પુત્ર પ્રસવ્યો તેનું નામ અજીત પાડયું. બીજે દીવસે હાડી રાણીને પણ પુત્ર પ્રસવ્યો. તેનું નામ દલથંભન પાડયું. પેશાવરમાં રહેલા સરદારો એ રાણીઓ ને બાળકુંવ-રોની સંભાળ રાખતા હતા.

જશવંતસિંગ મહારાજના દેવલોક પામ્યાના સમાચાર પાદશાહને મળતાંજ તેણે મારવાડની ગાદી બીનવારસી સમજી પોતાની ઇચ્છા તૃપ્ત કરવાને એ રાજ્ય ખાલસા કરી જોધપુરમાં મોગલ સૂબો મૂકયો. જ્યારે અજીત ને દલથંભનના જન્મના સમાચાર આલમગીરને પહોંચ્યા ત્યારે તે પોતાના પોંચા કરડવા લાગ્યો, મારવાડ દેશ ખાલસે કરવાની પોતાની ઈચ્છાને આડે આવનાર જશવંતસિંગના આ બાળકુંવરો છે એમ તેને જણાયું. તેથી એણે એ સર્વેને પેશા-વરથી દિલ્લી બોલાવ્યાં. બંને રાણીઓથી મુસાફરી ખમી શકાય એવું થયું ત્યારે મારૂ સરદારો પોતાની બંને રાણી અને તેમના બાળકું-વરોને સાથે લેઇ દિલ્લી આવવા નીકળ્યા. રસ્તામાં આવતાં બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુંવર દલથંભન દેવલોક પામ્યો. થોડે દિવસે તેઓ દિલ્લી આવ્યા ને તેમણે ઉદાવત રૂપસિંગજીની હવેલીમાં ઉતારો કર્યો ને પાદશાહને સમાચાર કહાવ્યા.

પાદશાહે મારૂ સરદારોને કહ્યું કે મહારાજાના બાળકુંવરને અમારે સ્વાધીન કરો. અમે એને ઉછેરી ઉમર લાયક થવાથી અમારે હાથે જોધપુરની ગાદીએ રાજ્યાભિષેક કરીશું અને તમે તમારી જાગીરમાં જાઓ. આથી સરદારો સમજ્યા કે મારવાડનું રાજ્ય ખાલસે કરવામાં અજીતનું સાલ છે. તેનું કાસળ કહાડવાને પાદશાહે આ ખેલ રચ્યો છે. તેમણે કહ્યું કે, પાદશાહ સલામત! હજુ અમારો બાળરાજા ધાવણો છે. ધાવણ છૂટયા સિવાય આપની પાસે શી રીતે સોંપાય? માટે ધાવણ છૂટતા સુધી અમારી પાસે રહેવા દો. ધાવણ છૂટશે એટલે આપને સોંપી અમે જોધપુર જઇશું. પરંતુ એટલી મુદત અમે બધા સરદારો અહિં રહીને શું કરીએ? અમારાં બૈરાં છોકરાં હેરાન થાય છે ને જાગીર ખરાબ થાય છે. માટે અમારી રાણી ને થોડા સરદારને અહિં રાખી બાકીના સર્વેને જોધપુર જવાની રજા આપો તો સારૂં. દુર્ગાદાસ કરણોતનું આવું બોલવું સાંભળી પાદશાહ સમજ્યો કે ટાઢે પાણીએ ખસ જાય છે તો ચોળીને ચીકણું કરવામાં શો માલ છે? એમ વિચારી એણે તેમ કરવાની સૌને રજા આપી. પરંતુ એ જનાર સાથે રાણી કે તેનો કુંવર જતા રહે નહિ અને દગો કરી બધા મારૂ સરદારો છટકી જાય નહિ તેની તપાસ રાખવાનો તેણે છૂપો બંદોબસ્ત કર્યો.

પેશાવરથી જે જે સરદારો દિલ્લી આવ્યા હતા તેમાંથી પોત પોતાના કુટુંબના એકેક બબ્બે માણસ રાખી બાકીના સર્વ મારવાડ જવાને તૈયાર થયા. રાઠોડો સમજતા હતા કે અજીતને દિલ્લીમાં રાખવામાં જોખમ છે. તેથી તેની જગાએ એક બીજા બાળકને ઓઢવી એક મજૂરીના કંડીઆમાં અજીતને સુવાડી એ સરદારોની સાથે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદારીને પણ વિદાય કર્યો. એ સરદારોમાં મુકુંદદાસ ખીચી પણ હતો. દિલ્લીને દરવાજે ચોકસી તો થઇ પણ મદારીના કંડીઆમાં સાપને જોઇ તેને સલામત જવા દીધો. એ મદારી મુકુંદદાસની સાથે આબુના ડુંગરામાં આવ્યો. અજીતને મારવાડના રાજ્યમાં રાખવો જોખમ ભરેલું સમજી રાઠોડોએ તેને શીરોહીના રાજ્યમાં આબુના ડુંગરામાં છુપો રાખી ઉછેરવાનું કામ મુકુંદદાસને સોંપ્યું હતું. એ ખીચી સરદાર ખરો રાજ્યભક્ત હતો. તે શીરોહીના રાજ્યમાં ડોડવા ગામમાં પુષ્કરણા બ્રાહ્મણ જયદેવના ઘરમાં આવી રહ્યો ને પોતાના બાલરાજાને ઉછેરવા લાગ્યો.

આણી તરફ ઔરંગજેબે મારવાડ ખાલસા કરી પાદશાહી લશ્કર મોકલી એ દેશ કબજે કરવા માંડયો. તથા પાદશાહતના કાયદા કાનુનો લાગુ પાડવા માંડયા. પાદશાહી મુલકમાં જજીઆ વેરો દાખલ કર્યો હતો, તીર્થસ્નાન કરનારા પાસે પણ વેરો લેવાતો હતો, જાત્રાળુ ઉપર પણ કર મૂકવામાં આવ્યો હતો. હિંદુઓને વટલાવી મારી ફૂટી મુસલમાન કરવાનો અને હિંદુદેવાલયો તોડી મસીદો કરાવવાનો પણ ધારો આલમગીરે દાખલ કર્યો હતો. પાદશાહી દરબારના સલાહકારોમાંથી લશ્કરોની સરદારીમાંથી ને પ્રાંતોની સુબાગીરીમાંથી હિંદુઓને બાતલ કર્યા હતા તથા કોઈ પણ સરકારી મોટા હોદ્દાની નોકરીમાં હિંદુઓને નહિ રાખતાં માત્ર મુસલમાનોનેજ રાખવાનો ઠરાવ કર્યો હતો. જગાઓ આપવામાં લાયકી જોવાનું અકબર શાહનું ધોરણ રદ્દ કરવામાં આવ્યું હતું. આ સર્વ પાદશાહી મુલકના ધારા મારવાડને પણ લાગુ પાડવામાં આવ્યા, ને તે પ્રમાણે અમલ કરવાનું જોધપુરના સુબાને ફરમાન થયું. એ સુબો પણ પાદશાહી ફરમાનનો અક્ષરશઃ અમલ કરે એવો મોકલવામાં આવ્યો.

આ પ્રમાણે થોડા દિવસ વીત્યા પછી પાદશાહે અજીતસિંગને પોતાને સ્વાધીન કરવાની માગણી કરી. તે ઉપર દુર્ગાદાસે સર્વ મારૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારોને એકઠા કરી વિચાર કર્યો તેમાં એવો ઠરાવ કર્યો કે આ ઓઢવેલો કુંવર પાદશાહને હવાલે કરતાંજ પાદશાહ સમજશે કે અજીતસિંગને છટકાવ્યો છે. એટલે એ ગામે ગામ રાજ્યમાં ને પરરાજ્યમાં એની તપાસ કરાવી અજીતનો ઘાત કરાવશે તો આપણી ધારણા ધૂળ મળશે. વળી જે બાળકને આપણા રાજકુંવર તરીકે ઓઢવ્યો તેને આપણે હાથેજ મોતને સ્વાધીન કરીએ તો તેથી આપણી જાતિને અને રાજ્યભક્તિને પણ કલંક ચોંટશે, માટે આપણા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી એ કુંવરનું આપણે રક્ષણ કરવું. એમ ઠરાવી સર્વેએ ઘોડે સ્વાર થઇ નાગી તરવારે કેસરીઆં કરી પાદશાહી લશ્કર ભેદીને જવું ને જે બચે તેમણે રાજકુંવરની ભાળ કહાડી તેની સંભાળ રાખી એ કુંવર મોટો થયે તેને મારવાડનું રાજ્ય જીતવામાં સહાય કરવી એમ ઠેરવ્યું.

કુંવરને તાબે નહિ કરતાં રજપુતો છેતરવાને જુદા વાયદા કરે છે એમ સમજી જોરાવરીથી કુંવરનો કબજો લેવાને આલમગીરે સંવત ૧૭૩૬ ના શ્રાવણ સુદ. ૭ ને રોજ દિલ્લીના કોટવાલ ફોલાદને ૨૦ હજાર લશ્કર આપી મોકલ્યો. તેણે રાઠોડોનો ઉતારો ઘેરી લીધો. તે વખતે રાઠોડો સાથે ૨૫૦–૩૦૦ કરતાં વધારે માણસો ન હોતાં. રાઠોડ સરદાર રણછોડદાસ જોધાવત, રૂઘનાથદાસ ભાટી, રૂપસિંગ ઉદાવત ને દુર્ગાદાસ કરણોતે ફોલાદ સાથે બે ચાર વાર સલાહને મિષે આવ જા કરી તે દરમીઆન સર્વે જણા તૈયાર થયા. મહારાણી ભટીઆણી પણ સજ થઇ ઉભેલી હતી. તેને દુર્ગાદાસે કહ્યું કે અમે સર્વ મરવાને તૈયાર થયા છીએ, તે વખતે તમારી આબરૂ કોણ સાચવશે! તમે હવે કયા સુખની ઇચ્છાથી જીવતાં રહ્યાં છો ? મહારાણીએ કહ્યું કે ભાઇ, હું જીવતી પણ મુવેલીજ છું. એમ કહી પોતાના પેટમાં ખોસેલો કટાર બતાવી કહ્યું કે આ કટાર મારી લાજ રાખશે. પણ મારા પિતા વગરના કુંવરને માટે મારા સરદારો કેવા લઢે છે તે જોવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને હોંસ છે તેથી આ કટાર પેટમાં ખોસી રાખી છે. કેમકે તે કહાડતાંની સાથેજ આંતરડાં બહાર આવી પ્રાણ નીકળી જશે. એમ કહી પાછી કમર તંગ બાંધી લીધી. પછી સર્વે સરદારો ને માણસો કેસરીઆં કરી ઘોડેસ્વાર થઇ નાગી તરવારે બહાર નીકળી મુસલમાનોનું અસાવધ લસ્કર કાપતા ચાલ્યા. દરવાજા સુધી પહોંચતામાં તો મુસલમાનોનાં ૭૦૦-૮૦૦ માણસો મરાયાં, પણ ઘણા આગળ થોડાનું શું ગજું ? ઘણાખરા રજપુતો રણક્ષેત્રમાં પડ્યા. ભટીઆણીજી પણ પોતાની ઇચ્છા તૃપ્ત કરી સંતુષ્ટ થઇ કમરમાંની કટાર કહાડી ત્યાંજ લોથ થઈ પડી.

મારૂ સરદારોમાંથી માત્ર દુર્ગાદાસ કરણોત, રૂપસિંગ ઉદાવત, મોહોકમસિંગ મેડતીઆ, ભોજરાજ બીદાવત અને દુધોજી ને મહાસિંગ ચાંપાવત એટલાજ જીવતા રહ્યા. તેપણ ઘાયલ થએલા હતા. તેમણે શીરોહીના રાજ્યમાં જઇ પોતાના બાલકુંવરની ભાળ કહાડી તેને ઉછેરવાનો પાકો બંદોબસ્ત કરી તેઓ પોત પોતાની જાગીરમાં જઇ રહ્યા.

આ વાર્તાનો નાયક દુર્ગાદાસ પણ પોતાને વતન કલ્યાણગઢમાં આવી રહ્યો ને ત્યાં પોતાના કુટુંબને પણ બોલાવી લીધું.

પ્રકરણ ૨ જું.

દુર્ગાદાસ ઘેર.

દુહો.

કાસુ વ્હે ઇધકો કહ્યાં, સાચ પીઆરો સોય;
દુથણી જાયો દુરગીઆ, કરે ન સમોવડ કોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતલબ—વધારે કહ્યાથી શું, પણ એટલું તો સત્ય કે દુર્ગા-દાસની બરાબરી કરી શકે એવો કોઇ માડી જાયો થયો નથી.

દુર્ગાદાસ કલ્યાણગઢમાં આવી રહ્યો ત્યારે મારવાડમાં જ્યાં જુએ ત્યાં મોગલોનાં થાણાં બેઠેલાં હતાં. દરેક કિલ્લામાં મોગલ રક્ષકો મૂક્યા હતા મોગલ અમલદારો રાજ્ય ચલાવતા હતા, અને જોધ-પુરમાં મોગલ સુબો મૂકેલો હતો. આખા મારવાડમાં જ્યાં જુએ ત્યાં મોગલ મોગલ ને મોગલજ હતા. મુસલમાનો બાંગ પોકારતા ને કુરાન પઢતા ને જુલમથી હિંદુઓને વટાળતા હતા. હિંદુઓને પકડીને મારતા, જુલમ કરતા ને મુસલમાન નહિ થનારને ત્રાહ્ય ત્રાહ્ય પોકારાવતા. તેમનાં દેવળો તોડતા, બ્રાહ્મણોને પકડીને જનોઇઓ બાળી નાખતા, અને તેમનાં ધર્મપુસ્તકો કૂવામાં નાખી દેતા. સઘળા મારૂ દેશમાં એ પ્રમાણે મોગલાઈ કેર વરતાઇ રહ્યો હતો. અને મારૂ સર-દારો ને લોકો એ જુલમ અને કેર ને શાંતિથી તાબે થએલા જણાતા હતા. તેઓ ધારતા હતા કે આપણો રાજા—આપણું શિરચ્છત્ર પડયું ને આપણો દેશ બીનવારસ—નધણીઆતો થયો છે. આપણા મહારાજાના ધાવણા બાળકને પણ મરાવી નાંખ્યો છે, એટલે પાદશાહ ઉપર વેર લેનાર હવે કોઈ રહ્યો નથી. જશવંતસિંગ મહારાજના મોટા ભાઇ અમરસિંગનો દીકરો નાગોરવાળો ઇંદ્રસિંગપણ પાદશાહે આપેલી લાલચથી લલચાયો છે, અને મંડોરના મૂળ વતની પડિઆર પણ રાઠોડોનું જુનું વેર તાજું કરવાને તૈયાર થયા છે, ત્યાં આપણે ધણી વગરના ઢોર જેવા શું કરી શકવાના છીએ, એમ સમજી તેઓ નાહિંમત થઈ ગયા હતા.

મારવાડની આવી સ્થિતિ જોઇ દુર્ગાદાસને ઘણું લાગ્યું. પણ શું કરે ? એનો કાંઇ ઉપાય નહોતો. બાળરાજાને જાહેરમાં મૂકી મારૂ સરદારોને એકઠા કરે તો દેશમાં થએલી ફાટફુટથી વખતે અધૂરે જાય. માટે ખરો લાગ આવતા સુધી રાહ જોવાનો દઢ ઠરાવ કરી તે કલ્યાણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઢ આવ્યો, ને ત્યાં એકાંતવાસ ભોગવવા લાગ્યો. એ ગામ અરવલ્લી ડુંગરની તળેટીમાં એકાંતમાં હોવાથી ત્યાં એનું કોઇ નામ દેઇ શકે તેમ નહોતું. તેમ બીજાં ઠેકાણાંમાં શા બનાવ બને છે તેની ખાસ તપાસ કરાવે નહિ ત્યાંસુધી કાંઇ માલમ પડે તેમ નહોતું. ત્યાં પોતાને અને પોતાના કુટુંબને રહેવાને માટે એક મહેલ બાંધેલો હતો. મહેલની આસપાસ એક નાનો સરખો કોટ કરાવેલો હતો. ત્યાં પોતે પોતાનો દીકરો તેજકરણ અને ભાઈ જશકરણ રહેતા હતા. રાજ્ય પ્રકરણી વાતચીતમાં ને દેશના સમાચારમાં એ ત્રણે ભાગ લેતા હતા. દુર્ગાદાસનો બાપ આશકરણ તો ઉજ્જનની લડાઈમાં મરણ પામ્યો હતો. પણ એની મા જીવતી હતી. વૃદ્ધ માજી પોતાના બંને દીકરાને પોતાના દેશને મોગલોના જુલમથી મુક્ત કરવાને હરરોજ ઉશ્કેરતાં હતાં. તેમના બંને પુત્રો પણ ઉશ્કેરવા પડે તેવા નહિ હતા. તેમની કૂખ વગોવે તેવા નહોતા—તેમના ધાવણને જશ આપે એવા હતા. પરંતુ બંને ભાઈ શાંત પ્રકૃતિના ને દીર્ઘદૃષ્ટિવાળા હતા. લાગ આવ્યા વગર પોતાની ધારણા બર આવવાનો સંભવ જણાયા વગર દીવામાં પતંગીઆની પેઠે ઝંપલાવે તેવા નહોતા. તેથી તેઓ રાત્રિ દિવસ પોતાના દેશમાં શા શા બનાવ બને છે, લોકલાગણી કેવી છે, મારૂ પટાયતોના વિચાર કેવા છે, આસપાસના બીજા રજપુત રાજાઓનું વલણ કેવું છે, તેની તપાસમાં રહેવા લાગ્યા. તથા તે માટે પોતાના વિશ્વાસુ માણસોને આસપાસનાં ગામોમાં આસપાસના સરદારો તરફ ને ઉદેપુર, વિકાનેર, જેસલમેર, બુંદી વગેરે રાજ્યોમાં મોકલી દીધા. તેઓ વખતે વખત રજેરજ બનાવની તેમને ખબર આપવા લાગ્યા.

મારૂ સરદારોને અને તેમાં વિશેષે દુર્ગાદાસને શિકારનો બહુ શોખ હતો. તેની ઉમર પાંત્રીશ છત્રીશ વરસની હતી. તે ઉંચો, મજબુત ને દેખાવડો હતો. તેની ભુજાને પગના નળા કસરતથી બહુ કઠણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થએલા હતા. તે તરવારના એકજ ઝટકાથી જબરા ડુક્કરના બે ભાગ કરી નાંખે એવો જોરાવર હતો. તેનો દેખાવ દુશ્મનની છાતીમાં ધ્રાસકો પાડે-તેને ધ્રુજાવે તેવો હતો. તેની મોટી વિશાળ ચળકતી આંખો, મોટું કપાળ ને લંબગોળ તેજસ્વી ને લાંબી કાળી દાઢીવાળો ચેહેરો ભભકા-વાળો-સામાને આંજી નાંખે એવો હતો. તે દરરોજ હાથમાં ઢાલ, તરવાર ને ભાલો લેઈ ઘોડા ઉપર બેસી શિકારે જતો; ને લાગ આવે જનાવરો સાથે કોઈ કોઈ વાર તેવાજ મોગલોનો પણ શિકાર કરતો. તેનો દીકરો તેજકરણ પણ આ વખતે સોળ સત્તર વરસનો હતો ને તે પણ એના બાપની સાથે કોઇ કોઇવાર શિકારે જતો. તેથી તે પણ તરવાર, ભાલો ને બરછીનો ઉપયોગ કરતાં શિખ્યો હતો. એનો દેખાવ પણ એના બાપના જેવોજ હતો. એના મોં ઉપર મૂછ હજુ હમણાંજ ફુટવા માંડી હતી. પણ જો એના બાપ જેટલી એને દાઢી મૂછ હોયતો દુર્ગાદાસને અને તેજકરણને ઓળખી કહાડવા મુસ્કેલ પડે. દુર્ગાદાસનો ભાઈ જશકરણ પચીસ ને ત્રીશની વચેનો દુરગાદાસ જેવોજ, પણ લગાર ઘઉંવર્ણો હતો. ત્રણે જુવાન ઉંચાઇમાં લગભગ સરખા હતા. જશકરણ બહાદૂરીમાં, સાહસમાં કે શિકારમાં પોતાના મોટા ભાઇથી કોઇ રીતે ઉતરે એવો નહોતો. લડાઇમાં હથીઆર કેમ વાપ-રવાં, પરાક્રમ ને સાહસ કેવું કરવું એ, તે દુર્ગાદાસ પાસેથી શીખ્યો હતો. એનો બાપ એને નાનો મુકી મરણ પામ્યાથી તે તેના મોટા ભાઈના હાથ નીચેજ કેળવાયો હતો. તેથી તેનામાં દુર્ગાદાસના સઘળા ગુણો આવ્યા હતા. દુર્ગાદાસ ને જશકરણ બંને મળતા ગુણના, સરખા વિચારના ને સરખા પરાક્રમના હતા. પણ નાનો ભાઇ હમેશાં મોટા ભાઇની આજ્ઞામાં રહી તેના હુકમ પ્રમાણેજ ચાલતો. કોઈવાર તેની આજ્ઞા ઉથાપતો નહિ ને તેના પૂછયા વગર વચમાં ડહાપણ કરતો નહિ. તથાપિ જ્યાં સ્વતંત્રપણે વિચાર જણાવવાનો હોય ત્યાં પોતાના ભાઇ નાથી વિરૂદ્ધ વિચાર હોય તોપણ તે બતાવવાને શરમાય કે અચકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો નહોતો. પણ એવું બનતુંજ નહિ. મોટી બાબતોમાં તેમના વિચાર કવચિતજ જુદા પડતા. દુર્ગાદાસ ને જશકરણ એ રામ લક્ષ્મણનો જોટો હતો એમ કહીએ તો તે ખોટું નથી.

મોગલ રાજ્યની વિરૂદ્ધ લાગણીવાળા જે જે મારૂ સરદારો હતા, તે બધાના ઘરની ઝડતી લેવાનો પાદશાહે પોતાના સુબાને હુકમ કર્યો. તેથી એક પછી એક ચાંપાવત, કુંપાવત, ઉદાવત, બીદાવત, જોધાવત, ભોજરાજો, મેડતિઆ, વગેરેના ઘરની તપાસ કરવા માંડી. ગામે ગામ ને ઘેરેઘેર મુસલમાન સિપાઇઓના ઓચિંતા પેહેરા મૂકી દીધા; કે કોઇ કાંઈ છૂપાવી કે ચોરી શકે નહિ. તપાસગીરોએ ઘરમાંથી છૂપા કાગળો ને મહારાજાના ખજાનાનો માલ ખોળવા માંડયો. મહારાજાએ આપેલી બક્ષીસો રાજ્યની છે એમ ગણી તે જપ્ત કરવા માંડી. તેમાં કેટલીકતો તેમની પોતાની પણ તણાઇ જવા લાગી. કેટલાક અણઘડ મુસલમાનો રજપુતોના જનાનાની તપાસ કરવા પણ હુંસાતુંસી કરવા લાગ્યા. મારૂ સરદારોને માંહોમાંહે મળતા, કાગળ પત્ર લખતા કે મસલત કરતા અટકાવવા માંડયા. તેમના ઉપર પૂર્ણ ચોકસી રાખવા માંડી. આમ કરવામાં રજપુતોને મુસલમાનો મારા મારીપર પણ આવી જતા. કલ્યાણગઢ એકાંતમાં હોવાથી મુસલમાનોની તપાસમાં આવતું પ્રથમ બચી ગયું. તોપણ મુસલમાન સિપાઇઓ રજપુતો ઉપર પૂરતી ચોકસી કરવા લાગ્યા. એ દેખરેખમાંથી છટકીને વેશ બદલીને પણ દુર્ગાદાસના વિશ્વાસુઓ તેને છૂપી રીતે રજેરજ વાતની બાતમી પહોંચાડતા હતા. તેથી મુસલમાનોએ આજે કયું ગામ ને કાલે કયું ગામ તપાસ્યું ને હવે કયું તપાસવાના છે તે સઘળું દુર્ગાદાસના જાણવામાં આવતું.

મારૂ સરદારોએ ઔરંગજેબને હવાલે મારવાડનું રાજ્ય જવા દીધું તેથી તથા પાદશાહે તેમના ઘરની ઝડતી લેવાને હુકમ કર્યો તે હુકમનો સહેલાઇથી અમલ થવા દીધો અને નરમાસથી તેના હુકમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાએ થયા એ જોઇ દુર્ગાદાસને માઠું લાગ્યું. મારૂ સરદારોને આવા બાયલા ને રાજ્યભક્તિહીન કે સ્વદેશલાગણીહીન થએલા જોઇ તે બહુ દીલગીર થયો. જે મારવાડીઓ જશવંતસિંગની સરદારી નીચે મુસલમાનો સામા માળવાના મેદાનોમાં ગંગાના કાંઠા ઉપર, મારવાડના રણમાં કે કાબુલના પહાડોમાં સિંહની પેઠે તૂટી પડતા જેઓ ભયનું નામ જાણતા નહિ, કે પીઠ બતાવવાનું સ્વપ્નમાં પણ વિચારતા નહિ, જેઓ તોપો સામા તરવારો વડે ખેલવામાં ડગતા કે ડરતા નહિ; તે મારવાડીઓને પોતાના મહારાજાના મરણ પછી આવા છેક નાહિંમત થઇ ગએલા જોઈ દુર્ગાદાસને કાળજે કારી જખમ લાગ્યો. જે મારૂ સરદારોએ દિલ્લીથી પોતાના બાળરાજાને પાદશાહના ડરથી છૂપાવી આબુમાં મોકલ્યા પછી તેની જગાએ ઓઢવેલા બાળકને બચાવવાને કેસરીયાં કરી નાગી તરવારે મરણને હાથમાં લેઇ ઝંપલાવ્યું હતું; તેમાં બચેલા મારૂ સરદારો ને તેમના વંશજો આટલા થોડા સમયમાં આવા કાયર થઇ ગયા, એ જોઇ તેનું કાળજું કોરાઇ ગયું; તેમના બાયલાપણા માટે તેને ધિક્કાર છૂટવા લાગ્યો, અને તે જેમ જેમ મારૂ સરદારો નાહિંમત થયાના સમાચાર સાંભળતો ગયો તેમ તેમ તેને વધારે વધારે જુસ્સો ઉત્પન્ન થતો ગયો; તથા એ સરદારોના બાયલાપણા માટે તિરસ્કાર ઉપજતો ગયો. પણ એ બહાદૂર વીર શાંતિથી ને ધૈર્યથી સબુરી પકડી બેઠો. પોતાના દેશના દુશ્મનોને મારી કહાડી મારૂ દેશ સ્વતંત્ર કરવાનો સારો લાગ આવવાની રાહ જોતો બેઠો. મારવાડની સ્વતંત્ર ભૂમિને મુસલમાનોના જુલમ સહન કરતી દુર્ગાદાસ બળતી છાતીએ જોતો બેઠો.

પોતાના દેશની સ્વતંત્રા પાછી મેળવવાને પોતાના બાહુબળનો ઉપયોગ કરવાનો હમણાં યોગ ન હોવાથી તેણે પોતાનો વખત શિકારમાં, ભાટચારણોથી પૃથુરાજ રાસા જેવા રાસાને પહેલાં થઈ ગએલા પોતાના વીર રજપૂતોની વાતો તથા મહાભારત ને રામાયણની કથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળવામાં તે ગાળવા લાગ્યો. કોઇ કોઇ પ્રસંગે કુટુંબ સાથે વાતચીત કરવામાં, મસલત કરવામાં કે પોતાના વિશ્વાસુઓએ આણેલા સમાચાર સાંભળવામાં પણ તે રોકાતો. કલ્યાણગઢના એકાંતવાસથી તે શાંતિમાં રહેતો હતો, તો પણ એના માણસો બહારના બનાવ કહેતા તેથી તથા મુસલમાનોના જૂલમથી નાસીને જેઓ એની પાસે શરણું માગવા આવતા તેમની વાતો સાંભળવાથી તેનું લોહી ઉકળતું. દુર્ગાદાસ સગાંસ્નેહી વગરનાનો સ્નેહી થઇ પડયો. તેનું ઘર નિરાધારનું આશ્રયસ્થાન થયું. તે એવા નાશી આવેલા આશ્રિતોને ખોરાકી પોશાકી આપતો ને દુઃખીઓની બરદાસ્ત લેતો. તેના કુટુંબનાં માણસો પણ એવાં માણસોની બરદાસ્ત લેવામાં કાંઇ તેનાથી ઉતરતાં નહોતાં.

પ્રકરણ ૩ જું.

સોનિંગજી ચાંપાવત ને દુર્ગાદાસ.

સોરઠો.

ઔરંગ ઘોર અંધાર, જોત મિટે રાજા જશો.
તું દુરગા તીણવાર, અંધા લકડી આસોત.

મતલબ—ઔરંગજેબરૂપી ઘોર અંધારી રાત્રીમાં જશવંતસિંગજી મહારાજરૂપી દીવો હતો તે પણ ગુલ થયો. પણ તે વખતે આશકરણના પુત્ર દુર્ગાદાસ, અંધળાની લાકડી તું થયો.

એક દિવસે દુર્ગાદાસ પોતાના સગા સ્નેહીઓની સાથે બેસીને મહાભારતની કથા સાંભળે છે, એટલામાં દરવાને આવીને ખબર આપી કે આઉવાવાળા મહારાજ ચાંપાવત પધારે છે. આ સાંભળી દુર્ગાદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠીને ચાંપાવતને સામો લેવા ગયો. બંને દોસ્તદારો મળ્યા ને એકાંતમાં બેઠા. એક કલાક સુધી વાતચીત કર્યા પછી દુર્ગાદાસે પોતાનો ઘોડો ને ચાર સવારોને અને બે ખાસગીરોને તૈયાર થવાનો હુકમ આપ્યો અને પોતાની મા, ભાઇ ને દીકરાને કહ્યું કે હું આજેજ ચંદ્રોદય સુધીમાં પાછો આવીશ. મારે મહારાજ ચાંપાવત સાથે થોડું કામ છે, માટે ત્યાં જઈ વાળુ કરતા પહેલાં પાછો આવીશ. પછી પોતાના ભાઇને આવી ઉડાઉડના વખતમાં સંભાળ રાખવાનું સોંપી દુર્ગાદાસ ચાંપાવત સાથે ચાલ્યો.

સંધ્યાકાળ થઈ, રાત્રિ પડી, વાળુ વખત વીતી ગયો પણ દુર્ગાદાસ પાછો આવ્યો નહિ. તેની માતા, પુત્ર ને ભાઈ, સગાંને સ્નેહી તેની વાટ જોવા લાગ્યાં. સઘળાં અગાસીએ ચડીને દુર્ગાદાસને આવવાનો રસ્તો જોતાં બેઠાં. રાતના દશ વાગવા આવ્યા. ચાકરો ને સિપાઈઓ ઝોકાં ખાવા લાગ્યા, એટલે તેમને સુવા જવાની રજા આપી: માત્ર દરવાજા પરના પેહેરેગીરને તાકીદ આપી કે બરાબર જાગૃત રહે ને પોતે પણ દરવાજાની સાંકળ ખખડવાની રાહ જોતાં બેઠાં દુર્ગાદાસ વખત સર નહિ આવ્યાથી સઘળાંની આંખમાંથી નિદ્રા જતી રહી. ચંદ્રમા પ્રકાશ્યો. આખા રસ્તા ઉપર રૂપેરી ચાદર પથરાઇ ગઇ; પણ મેદાનમાં પથરાએલી શાંતિનો ભંગ કરનાર દુર્ગાદાસના ઘોડાની પડઘી વાગતી સંભળાઈ નહિ.

આજસુધી સોનિંગજી ચાંપાવતે દુર્ગાદાસને ત્યાં આવી તેની શાંતિમાં ખલેલ પહોંચાડી નહોતી. પણ તે કાબુલથી પાછા આવ્યા પછી આ વખતે પ્રથમજ આવ્યો હતો. તેણે આવીને દુર્ગાદાસને કહ્યું કે મારે આપને ખાનગી વાત કરવાની છે, જે મારે ગામ ગયા વગર બીજે કોઇ ઠેકાણે કરાય તેમ નથી. માટે ત્યાં પધારશો તો ઉપકાર થશે. આવી નજીવી માગણીની ના પાડવી દુર્ગાદાસને ઠીક લાગ્યું નહિ, તેથી તે તેની સાથે ગયો. રસ્તામાં જતાં બંને છુપા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ્યા જાય છે, ને તેનાં માણસ પાછળ પાછળ શાંતિમાં આવે છે, એટલામાં આઉવાગઢ આવી પહોંચ્યો. ચાંપાવતે માણસોને ચૂપકીથી ચાલવાને સંજ્ઞા કરી ને સઘળા ગઢમાં પેઠા; તો એ ગઢ મુસલમાનોએ ઘેરી લીધેલો જણાયો. મુસલમાન સિપાઇઓથી ગઢ ભરાએલો જોઇ અંદર જવાને દુર્ગાદાસ લગાર થંભ્યો, તેને દગો ભાસ્યો. પણ ચાંપાવતે તરતજ દુર્ગાદાસનો હાથ પકડીને તેના કાનમાં કહ્યું કે "તમારા દેશની ખાતર ચાલો." દેશને માટે જીવ આપવાને દુર્ગાદાસ પાછું જુએ એવો નહિ હતો. તેથી એ શબ્દમંત્રથી તે અંદર દોરાયો, એટલે તેના માણસો પણ અંદર પેઠા.

ચાંપાવત તેને અંદરના ઓરડામાં લેઈ ગયો; તે વખતે સૂર્યાસ્ત થતો હતો. કલ્યાણગઢ દૂર હોવાથી હવે મધ્યરાત્રિ પહેલાં પોતાને ઘેર કેમ પહોંચાશે તથા ત્યાં સુધી તેનાં માજી વગેરે આતુરતાથી રાહ જોશે એ વિચારમાં દુર્ગાદાસ ચાંપાવતને શું કહેવાનું છે તે સાંભળવાની રાહ જોવા લાગ્યો; ઓરડામાં પેઠા પછી ચાંપાવતે બારણાં બંધ કર્યાં ને ભયથી આસપાસ જોવા લાગ્યો. ને ધીરેથી દુર્ગાદાસની નજીક આવી ધીમે સાદે બોલ્યો કે "તમે ગીતાજીના સોગન ખાઓ કે હું આ ઠેકાણે જે તમને કહું તે વાત બીજાને કહેશો નહિ" દુર્ગાદાસે કહ્યું કે "આવા દગા ફીસાદના વખતમાં અજાણી વાત માટે હું મારા અંતઃકરણને બાંધી શકતો નથી. જો તમને એક રાઠોડને તમારા દોસ્તના વચનનો ભરોંસો હોયતો કહો. ને જો એ કામ વાજબી હશે તો મારૂં વચન એજ બસ છે" ચાંપાવતે કહ્યું કે "ત્યારે તમે સોગન તો નહિજ ખાઓ કેમ?" દુર્ગાદાસે કહ્યું કે "ના." ચાંપાવત કહે "ત્યારે તો હું વિશ્વાસ રાખી શકતો નથી" દુર્ગાદાસે ઉભા થઇને કહ્યું કે "ત્યારે હું જવાની રજા લેઉ છું." ચાંપાવતે કહ્યું કે "ઉભા રહો મારા દોસ્ત, મેં આટલી વાર તમારા ઉપર અણવિશ્વાસ આણ્યો એ ભૂલ કરી, મને માફ કરજો, આવા દગાના સમયમાં તમે સોગન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવાને આટલા અચકાઓ એ કુદરતી છે. તેમ મારા કામથી તમને માલમ પડશે કે મારે પણ ઉતાવળ કરવાનું કામ નહોતું. આવા વખતમાં સારા સારા માણસ પણ દગાખોર નીવડે છે. તથાપિ તમારા જેવા નિષ્કલંક પ્રમાણિક નરનો શબ્દજ બસ છે. હવે હું તમારા બોલ ઉપર ભરોંસો રાખું છું. જરા થોભો. હું આ આવ્યો.

ચાંપાવત એક છુપું બારણું ઉઘાડી અંદર ગયો; ને થોડા વખતમાં લોઢાની એક નાની પેટી લેઇ પાછો આવ્યો; ને દુરગાદાસની નજીક મૂકી પોતે પ્રથમ વાસેલું બારણું બરાબર વાસેલું છે કે નહિ તે જોઈ આવ્યો. ચાંપાવતને આટલી બધી ચોકસી રાખતો જોઇ દુર્ગાદાસ અજબ થયો; ને એ શું કહે છે તે સાંભળવાની બહુ આતુરતાથી રાહ જોવા લાગ્યો. સોનિંગજી પાછો આવી પેટી પાસે બેઠો ને પેટી ઉપર હાથ મૂકી બોલ્યો. બહાદૂર દુર્ગાદાસ, જ્યારે આપણે કાબુલમાં હતા ને જ્યારે મરારાજા જશવંતસિંગ પોતાના પાટવી પુત્રના દગાથી થએલા મોતથી તથા બીજા બંને નાના પુત્રો મરણ પામ્યાથી શોકાતુર થયા ને ઉદાસીમાં રાત દિવસ ગાળવા લાગ્યા તે વખતે તેમને જણાયું કે પાદશાહે પોતાના ઉપર સંપૂર્ણ વેર લીધું છે ને છેવટે તે મારવાડનું રાજ્ય ખાલસા કરીને પૂરૂં કરશે. હવે પાદશાહ ઉપર કોઈ વેર લેનાર રહ્યું નથી, તેથી મારવાડની ભૂમિ ઉપર કોઇ મારૂં વંશ રાજ્ય કરે એવી આશા રહેતી નથી. એવા એવા વિચારમાં તેમનું શરીર ઘસાઇ ગયું ને અશક્ત થઈ ખાટલાવશ થયા, ત્યારે તેમણે મને એકાંતમાં બોલાવ્યો ને આ પેટી સોંપીને કહ્યું કે " મારૂ દેશ સ્વતંત્ર થાય નહિ ને મારનો સ્વતંત્ર રાજા જાગે નહિ ત્યાં સુધી એ પેટી સાચવી રાખવી પણ ઉઘાડવી નહિ. જે મારી ગાદી સ્વતંત્ર કરે તેજ ઉઘાડે. તારાથી ન સચવાય—કાંઈ સંકટ આવી પડે તો જે યોગ્ય મારૂવીર એને સાચવી શકે એવો હોય તેને એ પેટી સોંપજે, એજ મારી છેવટની આજ્ઞા છે." એમ કહી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેટી મને સોંપી. તે પછી સઘળા સરદારોને દરબારમાં એકઠા કરી, મહારાજાએ સર્વેને છેવટની આજ્ઞા કરી તેતો તમે જાણોજ છો. મહારાજાની દેહ પડયા પછી હું મારવાડમાં આવ્યો. પ્રથમ મેં આજ સુધી એ પેટીનું મહારાજાની આજ્ઞા પ્રમાણે રક્ષણ કર્યું. પણ હમણાં તો અહિંઆં આ દશા થઇ છે. ગામેગામ, ગઢેગઢ ને ઘરેઘર જોવા માંડયાં છે. ગઢ ઘેરી લીધા છે. તમે જુઓ છો તેમ મારો ગઢ પણ ઘેરાયો છે. મને સવારમાં એક ફકીરે આવીને ચીઠી આપી. તેમાં માત્ર ચારજ બોલ લખેલા હતા. "નાગોરના ઇંદ્રસિંગની શીખવણીથી આફવા ઘેરાશે માટે ચેતજો." અક્ષર ઉપરથી મેં જાણ્યું કે એ ચીઠી લખનાર સૂરજમલ કુંપાવત છે. ચીઠી વાંચી કે આ પેટી તમને સોંપવાના ઈરાદાથી હું પંડે તમને બોલાવવા આવ્યો. તમારા વગર જીવસટે એને સાચવે એવો બીજો કોઈ મને ન જણાવાથી તમને બોલાવ્યા છે, માટે એ પેટી લો અને આપણા મહારાજાની મરતી વખતની આજ્ઞા ધ્યાનમાં રાખજો. મુસલમાનોના પંજામાંથી છટકી જવાય કે મારાથી એ પેટી સચવાય તેમ નથી. પાદશાહના ઘાતકી સરદારો ગામે ગામ ને ગઢે ગઢ ઘેરીને પડ્યા છે. તેમાં શમશેરખાનના જુલમથી તો હદવળી ગઇ છે. આ કિલ્લાની ઝડતી લેવાને એ પંડે આવવાનો છે. અને એના આવતા સુધી કાંઇ ઘાલમેલ નહી થવા દેવાને આ મુસલમાન સીપાઇઓ ચોકી મૂક્યા છે. માટે આવી સંકડામણના સમયમાં બહાદૂર રાઠોડ સરદાર તમારા જેવો બીજો મને મળવાનો નથી. અને કલ્યાણગઢના એકાંત સ્થળમાં તમારૂં કોઈ નામ પણ દેનાર નથી. માટે આ પેટી લો ને સંભાળજો. એ પેટીની બંને બાજુએ કડીઓ જડેલી હોવાથી દુર્ગાદાસે તે પોતાની બગલમાં લટકાવી દીધી ને તે ઉપર ચોફાળ ઓઢયાથી પેટી અદશ્ય થઈ.

સોનીંગજી ચાંપાવતનું મન પ્રફુલ્લિત થયું. તેના માથા પરનો બોજો કમી થવાથી તેનો ચેહેરો ખુશ જણાયો ને ચિંતા જતી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે એક ચાકરને બોલાવી દુર્ગાદાસના માણસોને તૈયાર થવાને કહાવ્યું. દુર્ગાદાસે જ્યારે ચાંપાવત પાસે જવાની રજા માગી ત્યારે તેણે ફરીને કહ્યું કે પેલી પેટીનું જીવની પેઠે જતન કરજો. અને એ ઉઘાડવાની મના છે તે યાદ રાખજો. દુર્ગાદાસે કહ્યું કે એ વાતની ફીકર રાખશો માં. જે કારણથી એ પેટી તમારે મને સોંપવી પડીછે એવો સમય મારે આવ્યાથી મારે બીજી સલામત જગાએ એ પેટી જ્યાં સુધી સોંપવી પડશે નહિ ત્યાં સુધી તેનું ઉપલું પડપણ મારા સિવાય બીજું કોઇ જોવા પામશે નહિ, ચાંપાવતે કહ્યું કે તે પેટી બીજાંને સોંપવી પડે ત્યારે મારા કે તમારા જેવી સંભાળ લેનારને સોંપવાની કાળજી રાખજો. કેમ કે એમાં શું હશે તે કોને માલમ છે. કદાચ એમાં એવું હશે કે જે જોવાથી આપણી પવિત્ર ભૂમિ ઉપર પડતાં દુઃખોમાં વધારો પણ થાય.

એમાં ગમે તે હશે તેની સાથે આપણે નિસબત નથી. જે જોવાની મના કરેલી છે તે જોવાથી પાપજ છે. પણ પેટીના વજન ઉપરથી મને લાગે છે કે એમાં કાંઈ ઝવેરાત હશે. આપણા મહારાજાએ મરતી વખતે ધાર્યું હશે કે મારૂ દેશને મુસલમાનોના પંઝામાંથી ને દુઃખમાંથી જે છોડાવશે, તેની મહેનતનો બદલો એ ખજાનો આપી વાળવો. ચાંપાવતે કહ્યું કે મને એ વિચાર આવ્યો નહોતો. વખતે તેમ પણ હોય. એમાં જે છે તેના આપણે જવાબદાર છીએ, માટે ચાલો, એ વિશે જરા વિચાર કરીએ. દુર્ગાદાસે કહ્યું કે એ વિચાર કરવાનું કામ આપણું નથી. એમાં શું છે તે જાણવાની આપણે જરૂર નથી. એમાં જે છે તે આપણે જોયા વગર સાચવવું એ આપણી ફરજ છે, અને એ ફરજ હવે તમે મારે માથે નાંખી છે, માટે હું વચન આપું છું કે તે હું અદા કરીશ. રામ! રામ!

ચાંપાવતે કહ્યું અરે; એટલી ઉતાવળ શી છે? જરા વાર તો થોભો. દુર્ગાદાસે ચાલતાં ચાલતાંજ કહ્યું કે હવે મને મોડું થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રમા ઉગતા પહેલાં ઘેર પહોંચવાનું મેં વચન આપેલું છે. આપને જો કાંઇ વિશેષ ફરમાન હોય તો કાલે મારે ઘેર પધારજો હું ત્યાં મળીશ. મારૂં ઘર તે આપનુંજ છે. એમ બોલતો તે ઘોડેસ્વાર થયો. તે વખતે કેટલાક મુસલમાન સિપાઇઓ ગઢમાં અહિંતહિં ભટકતા દુર્ગાદાસ તરફ જોતા હતા. જ્યારે દુર્ગાદાસે પેંગડામાં પગ ઘાલ્યો ત્યારે તરવાર હાથમાં પકડી કે બગલમાં પેટી રહેવાની જગા થાય. ચાંપાવતને દેહેશત હતી કે રખેને પેટી જણાઈ જાય. તેથી તેણે કહ્યું કે તરવાર છૂટી રાખી છે તેથી વેહેમ તો નહિ જાય ? એ વેહેમથી જે છૂપાવવા જતો હતો તે ખુલ્લું થયું. ચાંપાવતે દુર્ગાદાસના ચોફાળને એક છેડો ખેંચીને તરવારની ચમકતી મૂઠ ઉપર ઢાંકયો પણ તેથી પેટી ખુલ્લી થઇ; ને તે આસપાસ ઉભેલાના જોવામાં આવી. દુર્ગાદાસ તેની કાંઇ પણ દરકાર કર્યા વગર સવાર થયો ને પોતાના માણસોને ચાલવાનો હુકમ આપી પોતે રામરામ કરી રજા લીધી. જતાં જતાં મુસલમાન સિપાઇઓમાંથી તેની પાછળ થવાનો કાંઇક અવાજ દુર્ગાદાસના સરવા કાને આવ્યો. તેથી પકડાઇ જવાની દેહેશતે સીધો રસ્તો છોડી આડફેટે રસ્તે ચાલ્યો ને થોડા વખતમાં તે કંટાળીઆની હદમાં આવી પહોંચ્યો.

દુર્ગાદાસ આવતો હતો ત્યારે રસ્તામાં અંધારી ઘોર રાત્રિ હતી. રાત્રે આકાશમાં તારાના ચાંદરણા વગર લગાર પણ ઉજેશ નહોતો. એ સમયે ચાંપાવત સાથે થએલી વાત ઉપર વિચાર કરતો દુર્ગાદાસ રસ્તો કાપતો ચાલ્યો. તેના મનમાં તુરંગો આવવા લાગ્યા કે મારૂ દેશને છોડાવનાર કયો વીર પુરૂષ જાગશે; ને આ માર્મિક પેટીનો ભેદ ખુલ્લો કરશે. અલબત મહરાજાનો કુંવર અજીતસિંગ મોટો થશે તો એજ માત્ર આ પેટીનો કબજો લેઈ શકશે. એના વગર આ દેશનું દુઃખ ટાળનાર બીજો કોઈ માડીનો પુત્ર હોય એવું હાલનો સમય જોતાં કોઈ જણાતો નથી. એવા એવા વિચારમાં તે કંટાળીઆ સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી પહોંચ્યો. પૂર્વ તરફ દૂર આકાશમાં ચંદ્રમાનાં શીતળ કિરણો પ્રકાશવા લાગ્યાં. ધીરે ધીરે શાંત રાત્રિમાં મેદાન રૂપેરી ચાદરથી પથરાઇ ગયું. આ વખતે એણે એની વૃદ્ધ માજીને ઘેર પાછા આવી પહોંચવાને કહ્યું હતું. પોતાનાં વૃદ્ધ માજી, પુત્ર અને ભાઇ કેવી આતુરતાથી પોતાની રાહ જોતાં હશે એ વાતનો હવે એના મનમાં વિચાર આવવા લાગ્યો. જેમ જેમ ઘર નજીક આવતું હતું તેમ તેમ તે ઘેર પહોંચવાની ઉલટમાં ઘોડાને જલદી ચલાવતો હતો. પણ હજુ ઘરતો દૂર હતું. પાંચ મૈલ રસ્તો કાપવાનો બાકી હતો. તેથી ચંદ્રમાના અજવાળામાં ઘોડો ખેડાવતો કંટાળીઆ વચ્ચે થઇને ચાલ્યો.

થોડે દૂર ચાલ્યો કે "મદદ મદદ" આવો અવાજ એને કાને પડ્યો. તેથી તેણે ઘોડાની લગામ ખેંચી. હથીઆરનો ખખડાટ સાંભળ્યાથી એ અવાજ ક્યાંથી આવ્યો તે એણે જાણ્યું કે તરતજ ઘોડાને એડી મારી આવેલા અવાજ તરફ તરવાર ખેંચીને ચાલ્યો. તેનું જોઇ તેના સવારો પણ સાવધ થઈ પોતાના સરદારની પાછળ ચાલ્યા.

થોડે દૂર આવ્યા કે એ રજપુતો ઉપર મુસલમાનોની એક નાની ટોળી જુસ્સાબંધ હુમલો કરતી જણાઈ. બંને રાઠોડો એક ભીંતને ટેકાવી પોતાના ઉપર હુમલો કરનારને પોતાની તરવારો વડે દૂર રાખતા હતા. એ ઉપર બાવીશ જણા તુટી પડેલા જોઈ દુર્ગાદાસ તેમની વહારે ધાયો. તેનાં માણસોએ પણ તેનો દાખલો લીધો, હુમલો કરનારામાંથી દુર્ગાદાસની ને તેનાં માણસોની તરવારે ધડ માથું જુદાં કરવા માંડ્યાં જોઈ તથા પોતાને વખતસર સહાય આવી મળેલી જોઇ પેલા બંનેને હિંમત આવી. તેમાંનો એક જરા પુખ્ત ઉમરનો હતો, તે પોતાના દુશ્મનો ઉપર કુદી પડ્યો. પણ એવામાં તેના ઉપર પાછળથી એવો ઝટકો આવ્યો કે તરતજ તે જમીન ઉપર પડ્યો. દુર્ગાદાસ ને તેનાં માણસો ત્યાં દોડીગયાં ને પેલા ઘાયલને પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોને સોંપ્યો; ને તેને રસ્તો કાપી ઘેર લેઈ જવાનો હુકમ કર્યો. દુર્ગાદાસ ને બીજા ત્રણ ત્યાં રહ્યા. એટલામાં બીજો રાઠોડ દુસ્મનના ઘાથી મરણ પામ્યો એ મારનારને દુર્ગાદાસે તેજ ક્ષણે એકજ ઝટકાથી ભોંય સુંઘતો કર્યો એટલે દુસ્મનોએ બૂમ પાડી કે "ખુન ખુન, જોરાવરખાન મરાયો" જોરાવરખાન મરાયાનું સાંભળ્યું કે આસપાસથી મુસલમાન સિપાઈઓ ધસી આવ્યા. દુર્ગાદાસ પણ સમજ્યો કે જોરાવરખાન મરાયાથી આ ઠેકાણે ઘણા માણસો મળશે, ને એકનો ઉપાય બે, તેમ આપણું કાંઇ ચાલવાનું નથી. માટે "સમય વરતે સાવધાન" એવું વિચારી દુર્ગાદાસ ને તેનાં માણસો મુસલમાનો એકઠા થાય તે પહેલાં તો ચાલી નીકળ્યા ને સલામત ઘેર આવી પહોંચ્યા.

પ્રકરણ ૪ થું.

દુર્ગાદાસના ઉપ્પર આફત.

દુહો.

આફત પર આફત પડી, ડગ્યો ન દુર્ગાદાસ;
સુવર્ણ તાવી ટીપતાં, પ્રકટે પૂર્ણ પ્રકાશ.

દુર્ગાદાસ ઘેર આવ્યો ત્યારે તેણે જેને મરતો ઉગાર્યો હતો તે ઘાયલ રાઠોડ એક ઢોલીઆ ઉપર પડેલો હતો; ને દુર્ગાદાસનો પુત્ર, ભાઇ ને ચાકર તેની પાટાપટી કરતાં હતાં. ઘરડાં માજી દુર્ગાદાસની રાહ જોઈ તેને કુશળ ક્ષેમ આવતો જોવાને ટમટમી રહ્યાં હતાં. તેણે દુર્ગાદાસ ને પુછ્યું કે કેમ બેટા, આટલું બધું મોડું થયું ? આ ઘાયલ આદમી કોણ છે અને તમને રસ્તામાં શી અડચણ પડી. માથા ઉપર હાથ ફેરવીને, હાય હાય આ માથામાંથી લોહી શાનું નીકળે છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસે કહ્યું કે કાંઇ નહિ માજી. ફીકર જેવું કાંઇ નથી. ગભરાશો નહિ. આ ભલા માણસને કેમ છે? પેલા ઘાયલ માણસે કહ્યું કે હું ધારૂં છું કે મારો જીવ બચાવનાર તો સલામત છે? દુરગાદાસે કહ્યું કે કાંઇ ફીકર જેવું નથી. તમને કેમ છે? એતો તે વખતે લડાઇમાં લગાર તરવારનો ઘસરકો થયો છે. પણ જો માથે ટોપ ન હોતતો- માત્ર પાટો બાંધ્યાથીજ સારૂં થઇ જશે. એટલામાં તો ઘરડાં માજીએ મલમલનો એક કડકો ચીરીને પાટો બાંધી દીધો એટલે લોહી વહેતું બંધ પડયું.

બહાદૂર દુર્ગાદાસ, તમે જેનો જીવ બચાવ્યો તે હું માંડાનો મહાસિંગ ચાંપાવત છું. મોં દાઢી બાંધેલાં હોવાથી હું કદાચ ઓળખાયો નહિ હોઉં; પણ હવેતો મને ઓળખ્યો હશે. દુર્ગાદાસે કહ્યું કે ત્યારે તો મારા હાથને પણ ધન્ય છે કે જેણે મારૂ દેશના એક શૂરા ને ઉપયોગી પુત્રનું રક્ષણ કર્યું.

મહાસિંગે કહ્યું કે આજની રાતથી મુસલમાનોની પણ ખાતરી થઇ હશે કે મારૂ દેશ બાયલો બની ગયો નથી. તેમાં એવા પણ વીર પુરૂષ હજુ છે કે જે જુલમની સામા થવામાં ને દગાખોરને શિક્ષા કરવામાં ડરે એવા નથી. એ સાંભળી વૃદ્ધ માજીએ કહ્યું કે ત્યારે શું મારા પુત્રને માટે દગો કરવામાં આવ્યો હતો!

મહાસિંગે કહ્યું કે નહિ. દુર્ગાદાસ સામો કે કોઇપણ વીર રાઠોડની સામો નહિ. પણ આપણા દેશ ઉપર થતો જુલમ આપણે જોઇએ છીએ. આપણે જાણીએ છીએ કે દગાથીજ આપણો દેશ કબજે કર્યો છે. અને આજે રાત્રે જુલમ ને દગો મારા પોતાના ઘર ઉપર અજમાવવા તેમણે વિચાર કર્યો હતો. કંટાલીઆના મુસલમાન લશ્કરમાંથી કેટલુંક મારૂં કુટુંબ માંડામાં રહે છે ત્યાં મોકલ્યું. એવા ઇરાદાથી કે ત્યાં કોઇ દસ્તાવેજો હોયતો પકડાય. કેમકે અમે પાદશાહની વિરૂદ્ધ છીએ તે તેઓ જાણે છે. એ લશ્કરને મેં ગામમાંજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસવા દીધું નહિ. તેથી તેઓ બીજે દીવસે વધારે માણસ લેઈ આવી હુમલો કરીને અમારૂં ગામ જીતી લેવાના સોગન ખાઈને પાછા ગયા. પણ તે વાતની સચ્ચાઈની ખાતરી કરવા તથા આ પ્રમાણે વગર કારણે જુલમ ન કરવાનું ત્યાંના મુખ્ય અધિકારીને કહેવાને હું જાતે તેમની પાછળ ગયો.

કંટાલીઆના સરદાર સમશેરખાંને હું મળ્યો. તેણે મારી ઝડતી લેવાને માણસો મોકલ્યાનું કબુલ કર્યું. પણ મારવાડમાં મારી સત્તા કેટલી છે, તેથી કદાચ ડરીને કહ્યું કે હવે માંડાની ઝડતી લેવામાં આવશે નહિ. પછી અંધારૂં થવાથી મેં રજા લીધી. અને મારા માણસો ઉભા હતા તે તરફ જતો હતો એટલામાં એક જુવાન મારી પાસે આવ્યો. જે માણસોને મેં માંડાથી પાછા કહાડયા હતા તેમનો સરદાર એજ હતો; તેથી મેં ઓળખ્યો. સમશેરખાંએ કહ્યું હતું કે એ એનો ભત્રીજો જોરાવરખાન છે. તેણે મને કહ્યું કે મારા કાકા તમને એક અગત્યની વાત કરવી ભૂલી ગયા છે, તે કરવા પાછા બોલાવે છે. તેથી હું તેની સાથે પાછો વળ્યો. પણ જે જગાએ હું સમશેરખાંને મળ્યો હતો તે ઓરડામાં લેઈ જવાને બદલે એક અંધારે રસ્તે થઈને એક બીજા નાના ઓરડામાં મને બેસાડયો ને કહ્યું કે મારા કાકા હમણાં આવશે. એમ કહી તે પાછો વળ્યો, ને બારણા બહાર નીકળી હું બોલું તે પહેલા તો સાંકળ વાસી.

મને લાગ્યું કે હવે હું કેદ પકડાયો. હવે મારા કુટુંબની શી વલે થશે તેનો મને વિચાર આવ્યાથી ભય ઉત્પન્ન થયો. મારાથી જેટલું થાય તેટલું બળ બારણા ઉઘાડવાને કે ભાગવાને કર્યું; પણ વ્યર્થ. તેથી નિરાશ થઇ વ્યગ્ર ચિત્તથી હું ત્યાં બેસી રહ્યો. એટલામાં બે માણસો બારણાં ઉઘાડી હાથમાં બેડીઓ લેઈ આવ્યા. તેમણે કહ્યું કે હવે તમે પાદશાહના કેદી છો, એમ કહી તેઓ મને પકડવા આવ્યા પણ તેની દરકાર કર્યા વગર મારી તરવારથી તેમાંના એકને ઘાયલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને બીજાને ધક્કો મારી જમીનપર પટકી હું બહાર આવ્યો, ને જેમ તેમ કરીને સમશેરખાંના ઉતારાની પછીતે નીકળ્યો. રસ્તામાં મારો ચાકર ગુમાન મળ્યો. મેં તેને ઉતાવળમાં તેની તરવાર ખેંચી મારી સાથે આવવાનું કહ્યું. તેણે કહ્યું કે હું લગાર આગળ આવ્યો છું ને આપણા બીજા માણસો આપને વાર થવાથી આશ્ચર્ય પામતા રાહ જોઇ ત્યાં મકાનમાંજ ઉભા છે.

સપડાયલો છૂટયાથી ખુશીમાં તથા સમશેરખાંએ કરેલા દગાનું પરિણામ ભયંકર આવશે તેના ડરમાં મારા કુટુંબના રક્ષણાર્થે પગપ્યાદા જલદીથી જવાનો નિશ્ચય કરી ઉતાવળો ઉતાવળો જતો હતો એટલામાં મને હથીઆરબંધ માણસોએ આવીને ઘેરી લીધો. ચંદ્રમાના પ્રકાશથી મેં તેમને ઓળખ્યા કે જોરાવરખાન પોતાનાં માણસો લેઇ આવ્યો છે.

જોરાવરખાને મારા માથા ઉપર તરવારનો એક ઝટકો માર્યો ને ખુશાલીમાં બૂમ પાડી. તેના સિપાઇઓને કહ્યું કે હવે ચાલો માંડા લૂટીએ. મહાસિંગ મુવો કે લાલબા તમારા હાથમાં નક્કી આવી સમજજો. એક ક્ષણવારમાં તો દરેક જણ તરવાર ખેંચી મારા ઉપર ધસી આવ્યા ને મને કેટલીક જગાએ ઘાયલ કર્યો. પણ મારી વહાલી પુત્રીના રક્ષણનો વિચાર આવતાં મારા હાથમાં એટલું બધું તો બળ આવ્યું કે મારા ચાકરની બૂમથી તમે મારી વહારે આવ્યા ત્યાં સુધી મેં મારૂં રક્ષણ કર્યું. હું હમણાં અહિં સલામત છું. પણ મારા દગાખોર દુશ્મનોએ અત્યાર સુધીમાં માંડે જઇ શોએ કેર વરતાવ્યો હશે! ઘરના થોડા માણસો સિવાય તેમનું રક્ષણ કરનાર બીજું કોઈ નથી. મારા થોડા માણસો તો કંટાળીએ મારી સાથે આવેલા તે ત્યાં માર્યા ગયા હશે કે કેદ પકડાયા હશે. ઘર આગળ મારી પુત્રી ને તેની મા નિરાધાર છે. મારો ભત્રીજો બાળક ને લડાઇના કામથી અજાણ્યો છે. દુર્ગાદાસે કહ્યું કે મહારાજ એ બાબતની કાંઇ ફીકર રાખશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પાપી જોરાવરખાન તો મારી સમશેરનો સ્વાદ ચાખી કયારનોએ નરકમાં પહોંચી ગયો છે. તમને વિદાય કર્યા પછી જોરાવરખાનના મુવાથી સિપાઇઓ બૂમ પાડી ઉઠયા કે ખુન ! ખુન ! જોરાવરખાન મરાયો ! એમ કહી સઘળા મુસલમાન સિપાઇઓ મારા ઉપર ધસી આવ્યા. પણ તેમના પંજામાંથી હું છટકી આવ્યો છું. માટે તમારા ઘર તરફની તમે હવે ફીકર રાખશો નહિ.

એટલામાં એક દરવાન દોડતો આવ્યો કે મહારાજ, નાસો, નાસો. તમારી પાછળ મુસલમાનો પડેલા છે, માટે નાસો. એવામાં બહારથી મ્લેચ્છો ગઢીનો દરવાજો ઉઘાડવાની બૂમો પાડવા લાગ્યા. ઢાલો સાથે અફળાતા ભાલાના અવાજ સંભળાયા. 'જોરાવરખાનના ખુન સાટે દુર્ગાદાસનું માથું લેઈશું' એવા પોકાર થઇ રહ્યા. એ સાંભળી પોતાના દીકરાનો પ્રાણ ઉગારવાને વૃદ્ધ માજી બોલ્યાં કે બેટા ! કયાંય સંતાઇ જા. સંતાયા વગર છૂટકો નથી. મ્લેચ્છો તો ઘણા છે તેમાં તારે ઝંપલાવવામાં સાર નથી. એ ઘણાની આગળ તારો કે તારા ભાઇનો શો આશરો ? માટે નાસ. સંતા. દુર્ગાદાસે કહ્યું, પણ કયાં ? શું આ વખત સંતાવાની કે નાસવાની છે? તમને અને આ ઘાયલ પરોણાને દુસ્મન આગળ મૂકીને મારે નાસવું જોઈએ ? મહાસિંગે કહ્યું કે શું તમે જોતા નથી કે દુસ્મનો કેટલા છે ? તમે તેમની બૂમો સાંભળો છોની ? તેઓ ખુન સાટે ખુન માગે છે. જો તમને તમારા કુટુંબ ઉપર, તમારાં માજી ઉપર, મારા ઉપર, કે આ ઘરના માણસો ઉપર પ્રેમ હોય તો એક ક્ષણની પણ વાર કર્યા વગર સંતાઓ. જુઓ જુઓ, આ શું થયું ?

એવામાં બૂમેબૂમ પાડતી ને થરથરતી દાસીઓ ઉંઘમાંથી ઝબકીને દુર્ગાદાસ પાસે દોડી આવી ને બોલી મહારાજ, હવે શું થશે? મુસલમાનો દરવાજા આગળ આવ્યા છે ને હવે અમને મારી નાંખશે.

દુર્ગાદાસે કહ્યું કે "તમે શા માટે ગભરાઓ છો. તેઓ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલે છે. તમારા કોઇનું તે નામ દેનાર નથી, માટે તમે તમારે ઠેકાણે જઇને સુઇ જાઓ.” આ પ્રમાણે ખાતરી આપ્યાથી તે સઘળી પોત પોતાની જગાએ જઇ સુતી એટલે દુરગાદાસે મહાસિંગ તરફ ફરીને કહ્યું કે તમે કહો છો તે ખરૂં, પણ આવા તોફાનના વખતમાં આ સઘળાંને છોડીને મારે સંતાવું જોઇએ? એ સાંભળીને તેઓ સઘળાં બોલી ઉઠયાં કે હા, હા, અમને મૂકીને તમે સંતાઓ.

એવામાં દુર્ગાદાસના ત્રણ માણસો દોડતા આવ્યાને તેમણે કહ્યું કે હવે અમારો ઉપાય નથી. બે મુસલમાન સિપાઇઓ કોટ ઉપર ચઢી આવ્યા; તેમાંનો એક મરાયો ને એકને પાછો ધકેલી પાડયો. પણ તેઓ ઘણા છે, તેમને હવે આપણાં માણસો ઝાઝીવાર રોકી શકશે નહિ, માટે આપતો જ્યાં સંતાવાય ત્યાં સંતાઓ.

એટલે ઘરનો દાસ નાથુ બોલ્યો કે હા, મહારાજ ખરી વાત છે. પાછળ વાડામાં એક હવડ કૂવો છે, ને માંહે પાણી નથી, માટે અંદર તમે સલામત રહી શકશો.

વૃદ્ધ માજીએ કહ્યું કે દીકરા, જો તારો મારાપર પ્રેમ હોયતો મારીખાતર સંતા. તારી સ્ત્રી જે પીએર છે ને જે હજુ સુવાવડમાંથી ઉઠી નથી, તેના ને તેના ધાવણા બાળકના રક્ષણાર્થે સંતા. જુલમીને નિર્દય મુસલમાનો તને દેખીને ગુસ્સામાં આ બધાના પ્રાણ લેશે, માટે તેમના પ્રેમની ખાતર પણ સંતા.

દુર્ગાદાસે કહ્યું કે માજી તમે આ શું બોલો છો? તમેજ મને આવી સંતાઈ જવાની બાયલી સલાહ આપો છો! હું સંતાયો ને મલેચ્છોએ તમારા ઉપર હાથ ઉગામ્યો તો તમે શું કરશો?

માજીએ કહ્યું, બેટા હું બાયલી સલાહ આપતી નથી, પણ ડાહી સલાહ આપું છું. રજપુતોએ સમય વરતીને ચાલવું. આંધળીઆં કરીને દેખતી આંખે કૂવામાં પડવું નહિ, તેમ ફરવાથીજ સઘળાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખત્તા ખાધા છે ને ખાય છે. બહાદૂરીને દ્રઢતા સાથે ડહાપણને વિવેક અવશ્યનાં છે. આ વખતે મુસલમાનો સંખ્યાબંધ છે, એટલા બધા સામા તમે ત્રણ જણા થઇને કપાઇ મરો તેથી કાંઇ આ દેશનો ઉદ્ધાર થવાનો છે? તેને બદલે તમે ત્રણ હાલ બચ્યા હશો તો આગળ અનુકૂળ સમય આવ્યે કામમાં આવશો. માટે હમણાંતો સંતા. અમારૂં તે નામ દેવાના નથી. મને પૂછશે તો મારે શો જવાબ દેવો તે હું જાણુંછું. માટે તમે તો સંતાઓ. તારી સાથે મહાસિંગ, તારો ભાઈ ને દીકરો. તમે ચારે જણાઓ કુવામાં ઉતરીને સંતાઓ. મને ડોશીને તેઓ શું કરવાના છે?

દુર્ગાદાસે કહ્યું, ત્યારે માજી, તમે પણ અમારી સાથે ચાલો. કૂવો મોટો છે એટલે બધાનો સમાસ થઇ શકશે. પણ સર્વથી પહેલાં તો મહાસિંગ મહારાજને ઉતારો, કેમકે કજીઆનું મૂળ એઓ છે, તે જો હાથ આવ્યા તો એમનો નાશ તો તરતજ કરશે.

મહાસિંગે એ વાત કબુલ કરી. દરવાજા બહાર મ્લેચ્છો કોટ તોડી પાડવાની બૂમો પાડતા હતા, તેવામાં મહાસિંગને દુર્ગાદાસ વગેરે બાગમાં ગયા ને મહાસિંગને બહુ સંભાળથી પ્રથમ કૂવામાં ઉતાર્યા; તે પછી દુર્ગાદાસને ઉતારવા માટે કમરે દોરડું બાંધ્યું, પણ તેની પડખે પેલી લોઢાની પેટી હોવાથી નીચે ઉતરતાં વખતે મહાસિંગને વાગે માટે પ્રથમ તે પેટી છોડીને તે કુવામાં મૂકી. મહાસિંગ પેટી છોડી લેતા હતા, એટલામાં કેટલાક મુસલમાન સિપાઇઓ કોટપર ચઢીને નીચે ઉતરી પડયા, અને ફતેહના પોકાર મારવા લાગ્યા; અને કૂવાની લગભગ આવી પહોંચ્યા. હવે દુર્ગાદાસ કુવામાં ઉતરી શકે એટલો વખત નહોતો. તેથી વૃદ્ધ માજીએ કહ્યું કે બેટાઓ, આ આમલીના ઝાડપર ચઢી જાઓ. એની ઘટામાં અત્યારે કોઇએ જણાવાનું નથી. એમ બોલી માજી ને ચાકર મેહેલમાં જતાં રહ્યાં ને દુર્ગાદાસ, તેનો પુત્ર ને ભાઇ કોઇ પણ દેખે તે પહેલાં સપાટાબંધ ઝાડપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢી ગયા. દુર્ગાદાસ આમલીની ગુફામાં સંતાઇને નીચેના દુશ્મનો તરફ ફરી જોવા લાગ્યો; તો દુશ્મનો ઝાડ નીચે આવતા જણાયા. "જોરાવરખાંનને મારનારનું સત્યાનાશ જજો" એવી બુમો પાડીને ખુન સાટે ખુન" એમ બોલતા દુર્ગાદાસને ખોળવા લાગ્યા. એ ટોળામાં તેમનો સરદાર હતો તે બોલ્યો કે ભાઇઓ, હું કોટ કૂદી પડ્યો તે વખતે મારી કોણીમાં જરા છોલાયું છે, તેથી હું અહી ઉભો છું, એટલી વારમાં તમે બધે તપાસ કરી દુશ્મનને મુવેલો કે જીવતો પકડી લાવો. એ હુકમ સાંભળી તેઓ આમ તેમ ખોળવા લાગ્યા. એટલામાં જેઓ દરવાજો ઉઘાડ્યા પછી અંદર પેઠા હતા, તેઓ ખબર લાવ્યા કે દુશ્મનનો કાંઈ પત્તો લાગતો નથી. તેવામાં એક જણ બોલી ઉઠ્યો કે આ ઘરડી ડોકરી એને સંતાઇ રહેવાની જગા બતાવશે. એમ કહી નાથુને અને ઘરડા માજીને એ સરદારની આગળ ખડાં કર્યાં. વૃદ્ધ માજી જો કે ઘરડાં હતાં, તેમના ચહેરા ઉપર કરચલીઓ વળી હતી, તોપણ તેમની વિશાળ આંખો ને ભવ્ય ચેહેરો જોઇ એ સરદાર માજીની તરફ માનની નજરથી જોવા લાગ્યો. એ સરદારે કહ્યું કે "સિપાઇઓ તમે દૂર ખસો" એમ કહી તે માજી તરફ આગળ આવીને બોલ્યો કે "માજી તમે બીહીશો નહિ, મને માલમ નહોતું કે આ મેહેલમાં આપ હશો, નહિતો મારા માણસોને મના કરીને હુંજ આપની પાસે આવત. આપને અહિ પકડી આણ્યાં તેથી હું દિલગીર છું, અને એ બાબત આપની માફ માગું છું. અજાણ્યા જુવાનીઆઓને માલમ નથી કે વૃદ્ધ માણસને માન આપવું જોઇએ, તેમાં પણ આપ તો અબળા જાતિ છો. માજી, હું અહી દુર્ગાદાસને ખોળવા માટે આવ્યો છું. એણે કંટાલીઆના હાકેમ સમશેરખાંના ભત્રીજા જોરાવરખાનનું ખુન કર્યું છે, તેથી તેને પકડીને અમે ખુન સાટે ખુન લેઇશું. જોરાવરખાનનું ખુન થયું ત્યાં એની તરવારનું મીણીયું પડેલું હતું, તે ઉપરથી એ ખુન કરનાર દુર્ગાદાસજ છે એમાં લગારે શક નથી. માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માજી, તમે અમને કહો કે એ કયાં સંતાયો છે! જો તેમ કરશો તો પાદશાહ આલમગીર તમારા ઉપર મેહેરબાની કરશે."

માજીએ કહ્યું, "ભલા માણસ, હું દુર્ગાદાસની મા છું. તમે એને આ પ્રમાણે બોલી શા આધારે ગુનેગાર ગણો છો, તે મને સમજાતું નથી." સરદારે કહ્યું કે "ફરમાનને આધારે; કે જે ફરમાન દુર્ગાદાસે તોડયું છે." માજીએ પૂછયું કે કયું ફરમાન! દુર્ગાદાસ માત્ર ઈશ્વરી ફરમાન કે મારૂ દેશના કાયદા સિવાય બીજું કોઈ ફરમાન માનતો નથી. એ બેમાંથી એકે એણે તોડયું નથી. સરદારે કહ્યું કે માજી કંટાળીઆમાં એણે જોરાવરખાંનને મારી નાંખ્યો છે, અને પાદશાહનું ફરમાન છે કે "જે રાઠોડ કોઇપણ મુસલમાન સિપાઇને કે અમલદારને દુઃખ દેશે કે હરકત કરશે તો તે ગુના બદલ તેને શૂળીએ ચઢાવવામાં આવશે. અને એણે તો ખુન કર્યું છે, એટલે એ શૂળીને પાત્ર ઠર્યો છે.

માજીએ કહ્યું કે એ તો એક જુલમગારનો કાયદો છે. એ કાયદાને કોઈ પણ સ્વતંત્ર રાઠોડ કબુલ રાખવાનો નથી. અને કદાચ મારા દેશીઓ એ ફરમાન કબુલ રાખે, તોપણ મારા દીકરાની બાબતમાં તો તે લાગુ પણ પડી શકતો નથી. મારો દીકરો એક રાઠોડ છે. તે મુસલમાનોનાં ખુન કરવામાં મોટાઇ માનતો નથી. પણ જ્યારે એણે જોયું કે મુસલમાનોની એક આખી ટુકડી બે નિરાધાર રાઠોડ ઉપર તૂટી પડી છે, ત્યારે તેણે નબળા ને નિરાધારને ઘાતકીઓના ઘેરામાંથી છોડાવવાને પોતાની તરવાર ખેંચી છે. બે રાઠોડમાંથી એકતો ત્યાંજ ઘાયલ થઇ મરાયો, ને બીજો મરણ તોલ થયો છે. આવા અસમાન કજીઆમાં જુલમગારની સરદારી લેનાર જોરાવરખાન મરાયો તો તે યોગ્યજ થયું છે. તેમાં દુર્ગાદાસનો કાંઈ પણ વાંક નથી. કેમકે એણે એક ઘાયલ નિરાધારને બચાવવાને તેને માર્યો છે. એ રાઠોડ સરદારના બચાવમાં સેંકડો મુસલમાન મરાયા હોત તોપણ શું હતું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારે આ સાંભળી પોતાના સિપાઇઓને જરા દૂર ખસવાનો હુકમ કર્યો, બાદ તે માજી તરફ ફરીને બોલ્યો, માજી તમે જેવો દુર્ગાદાસનો બચાવ કરો છો તેવો બચાવ કરનાર મારા જોવામાં કોઇ અબળા જાતિની ભાગ્યેજ આવી હોય. જોરાવરખાન કેવી રીતે મરાયો એ વાત મારા જાણવામાં તમે કહી ત્યારેજ આવી. અને તે ખરી હશે; કેમકે એ બાયલાને હું સારી પેઠે ઓળખું છું. દુર્ગાદાસે જેવો મારા જાતભાઇઓનો બચાવ કરવાને હું યત્ન કરૂં તેવોજ યત્ન કર્યો છે. માટે માજી, તમે તમારો પુત્ર ગમે ત્યાં સંતાડ્યો હોય, પણ તે જગા આટલામાં નજીક ન હોવી જોઇએ. કેમકે કંટાલીઆનો હાકેમ આ મકાનની આસપાસની કોઇ પણ જગા જોયા વગર રહેવા દેશે નહિ. હું હમણાં જાઉં છું પણ કાલે સવારે આ ઘરમાં ફરીને આવતો અટકાવવા માટે કે ઘરમાંથી નાશી નહિ જવા દેવા માટે ચોકી મૂકવામાં આવશે; એમ બોલી તેણે નાથુને છોડી દેવા માટે પોતાના માણસોને હુકમ કર્યો. મુસલમાન સરદારની આ પ્રમાણે રેહેમિઅત જોઇ, વૃદ્ધ માજીએ તેનો આભાર માની આશીર્વાદ દીધો. એ મુસલમાન સરદાર તે મહમદખાં હતો. તેણે હુકમ કર્યો કે સિપાઇઓ, દુર્ગાદાસ કયાંઇ છટકી ગયો છે, માટે ચાલો, સઘળા સ્વાર થાઓ ને કંટાલીએ જઇ ગામની બીજી તરફ તજવીજ કરીએ. તમે ચાલતા થાઓ હું પણ આવું છું. એ સાંભળી સઘળા સ્વાર થઇ ચાલ્યા. એટલે નાથુ, માજી ને મહમદખાં માત્ર ત્યાં રહ્યા. માજીએ કહ્યું, બહાદૂર સરદાર, તમારી આવી શુભ વર્તણુકથી હું બહુ આભારી થઇ છું. અને હું પરમેશ્વર પાસે માગું છું કે આવીજ સ્થિતિમાં જો તમે કોઇવાર આવો તો તે તમારૂં રક્ષણ કરે. શૂરા સરદાર, તમારા જેવા મુસલમાનોમાં ભલા માણસો કેટલાક છે? હું કહું છું કે તમારા જેવા સારા સરદારો મુસલમાનોમાં હોય તો પાદશાહને મારવાડ તાબે કરવી કઠણ પડશે નહિ. તમારા જેવી ભલમનસાઇથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાડના સિંહો બકરા જેવા થઇને વગર મારામારી કરવે તાબે થઈ શાંતિમાં રહેશે, ને મારવાડ પરતંત્ર છે, એવું તેમને જણાશે નહિ. પણ હું ધારૂં છું કે તમારા જેવા ભલા મુસલમાનો બીજા ભાગ્યેજ હશે? નહિ તો મારવાડ આટલી ત્રાહ્ય ત્રાહ્ય પોકારે નહિ. મહમદખાંએ કહ્યું કે માજી તમે કહો છો તે ખરૂં છે. આજના સમયમાં સર્વે અન્યાયી ને જુલમી થઈ ગયા છે. તેમના મનમાંથી ખુદાનો ડર જતો રહ્યો છે. હું તો જ્યાં જાઉં છું ત્યાં ખુદાને હાજર જાણીને મને જે સારૂં લાગે તેજ કરૂં છું. ખરા સિપાઇ બચ્ચાનું ખુદા કલ્યાણ કરે છે, એમ હું માનું છું. હું જો કે મારા સરદારને તાબે રહી પાદશાહની નોકરી બજાવું છું, તોપણ મારી નોકરીનો બદલો હું માત્ર ખુદા પાસેજ માગું છું. ખુદા મને જીત આપીને કે માન મરતબો વધારીને બદલો આપો કે લડાઇમાં ઘાયલ થતાં પોતાને શરણે લેઇ સ્વર્ગ આપો, તે મારે મન સરખુંજ છે. હવે માજી રાત ઘણી જાય છે ને ટાઢ પડે છે માટે આપ ઘરમાં પધારો, હું રજા લઉં છું, એમ બોલી મહમદખાં ચાલ્યો; ને માજી તેને આશીર્વાદ દેઇ નાથુ સાથે ઘરમાં ગયાં.

જ્યારે આમલી નીચે મ્લેચ્છો વૃદ્ધ માજીને પકડી લાવ્યા, ત્યારે દુર્ગાદાસને એટલી રીસ ચઢી કે તે અવિચારે એકદમ સઘળું જોખમ ખેડી નીચે કૂદી પડવાને તૈયાર થયો. પણ એટલામાં તો મહમદખાંના માયાળુ બોલ સાંભળીને તે શાંત પડયો. પાછળથી મહમદખાંએ વૃદ્ધ માજીને જે મીઠાં વચનોથી રાજી કર્યાં ને પોતાના છુટકારા માટે જે રસ્તો બતાવ્યો તે સાંભળ્યું, ત્યારે પણ તેને એમજ લાગ્યું કે જાણે હમણાંજ જાતે જઇને મહમદખાંનો ઉપકાર માનું. પણ લગાર વધારે વિચાર કરી તે નીચે કૂદી પડતો અટકયો. એ મહમદખાંને સઘળા મુસલમાન સિપાઇઓ દરવાજા બહાર ગયા કે નાથુ દોડતો આમલી નીચે જઇને બોલ્યો, કે સાહેબ, નીચે ઉતરો. હવે કોઇ પરાયું અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. દુર્ગાદાસે ને તેના ભાઇએ નાથુનો અવાજ ઓળખ્યો ને ત્રણે જણા નીચે આવ્યા. સઘળા માજી પાસે ગયા. એટલે માજીએ કહ્યું કે બેટા, હવે તમે અહિંથી કોઈ સલામત જગાએ જતા રહો. મને કાંઇ અડચણ નથી ને મારૂં કોઇ નામ દેનાર નથી. પણ હમણાં ચોકીનાં માણસો આવે તે પહેલાં તમારે જવું જોઇએ. દુર્ગાદાસે કહ્યું કે માજી હું એકલો જાઉંછું. જશકરણને અને આ છોકરાને તમારી પાસે રહેવા દો. માજીએ કહ્યું કે તેમ કરવાની જરૂર નથી. તારી સાથે એ બંને તને કામના થઇ પડશે ને મારે તો ચાકરો છે, એટલે કોઇની જરૂર નથી. માટે બેટા, તમે ત્રણે જલદીથી જાઓ. પેલા પાપીઓ આવી પહોંચશે, તો પછીથી જવું મુસ્કેલ પડશે. બેટા જશા તારા મોટા ભાઇની સાથે તું જા ને એની મદદમાં રહેજે, અને આ નાનકાને પણ સાથે રાખ. એ તારા હેરાફેરા કરવાને કામ લાગશે, અને તારી સાથે દુઃખમાં કેળવાઇને હોંશીઆર થશે. નાનાં છોકરાંને નાનપણમાંથીજ એવી મુસ્કેલીઓમાં કેળવવા એ રજપુત માબાપોનું કામ છે, કેમકે ઘરખુણીઆ, મોં જોયા, બાયલા રજપુતો કરતાં ઘડાયલા ને કસાયલા બહાદૂર રજપુતોની મારવાડને આ સમયે ઘણી જરૂર છે. માટે બેટા, તમે ત્રણે જણાઓ હવે જલદીથી જાઓ. ઢીલ કરવી એ જોખમ ભરેલું છે. જાઓ, ભવાની મા તમારૂં રક્ષણ કરશે !

દુર્ગાદાસે કહ્યું કે માજી હું જાઉંછું. આ નજીકના અરવલ્લીના કરાડામાં ઘણીએ ગુફાઓ છે તેનો હું ભોમીઓ છું. અમે ત્યાં સૂરજ ઉગતા પહેલાં જઇને ભરાઇ રહીશું; ને સાંજે તમારી સુખશાન્તિના સમાચાર કહેવાને નાથુને મોકલજો. નાથુ ! તું આવે ત્યારે નજીકના કરાડામાં આવી આ સરણાઇ વગાડજે ને તેમાં "રાઠોડારી તરવારને મારૂરી રાબડી" એ ગાજે એટલે તું આવ્યો એમ હું સમજીશ. એમ કહી દુર્ગાદાસ, જશકરણ ને તેનો દીકરો તેજકરણ ત્રણે ચાલ્યા. હવડ કૂવા આગળ આવ્યા ત્યારે અંદર કોઇ હાલતું ચાલતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાયું નહિ. મહાસિંગ સ્થીર ચતાપાટ પડેલો દીઠો. એટલે દુર્ગાદાસે નાથુને બુમ પાડીને કહ્યું કે અમારા ગયા પછી તું આપણા ચાકરોને એકઠા કરી મહાસિંગને બહાર કહાડજે ને જો એ હયાત હોય તો અત્યારેજ એમને વિદાય કરી દેજે. પણ મને લાગે છે કે એ મરી ગયા છે માટે તેમને અત્યારેજ અગ્નિદાહ દેજે ને માંડે ખબર મોકલજે. અને માજી, પેલી લોઢાની પેટીને તમે જીવની પેઠે સાચવજો. પણ તેમાં શું છે તે જોશો નહિ; એ પ્રમાણે સૂચના આપીને ત્રણે જણા તરવાર, ભાલો વગેરે હથીઆર ભીડી પાછલે બારણે થઈ ચાલી નીકળ્યા ને થોડીવારમાં દેખાતા બંધ થયા.

માજી ઘરમાં આવીને પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યાં કે હે પ્રભુ! તું મારા દીકરાઓનું રક્ષણ કરજે અને તેમને જલદીથી મારા ભેળા મેળવજે. એમ કહી નાથુને કહ્યું કે અલ્યા નાથુ તું તારી જગાએ જઇને સુઇ જા ને આરામ લે. મને તો હવે ઉંઘ આવવાની નથી. મારા છોકરા ગયાથી મારી ઉંઘ તો તેમની પછવાડે ગઇ છે. તું થોડીવાર આરામ લેઇ લે કે પછી આપણે મહાસિંગના મુડદાને અને પેલી પેટીને બહાર કહાડીએ. મહાસિંગને અગ્નિસંસ્કાર કરવો જોઇએ, તેમ પેલી પેટીને પણ જીવની પેઠે સાચવી રાખવી જોઇએ. એ પેટીના રક્ષણમાં તો મારા દીકરાની આબરૂ રહેલી છે. નાથુએ કહ્યું ઠીક, માજી હું જાઉ છું ને આપ પણ થોડો આરામ લો. એમ કહી તે જુદા ઓરડામાં ગયો. આખા મકાનમાં તજવીજ કરી તો બીજો કોઇ ચાકર જણાયો નહિ. કેટલાક નાશી ગયા હતા ને કેટલાકને તો મોગલ લશ્કરે કેદ કરી મોકલી દીધા હતા; તેથી નાથુએ ધાર્યું કે સવારે નાઠેલામાંના કોઈ કોઈ તો પાછા આવશે. તે નહિ આવે તો આસપાસનાં ઝુંપડાંમાંથી સવારે કેટલાક બહાદૂર મરદોને લાવીને ઘરડાં માજીના રક્ષણાર્થે રાખી હું દુર્ગાદાસ પાસે જઈ ખબર લાવીશ. એમ વિચારી તે સવાર થવાની રાહ જોતો પથારીમાં જઈ પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં દૂરથી તેના કાનમાં ઘોડાની પડઘીઓ વાગતી સંભળાઇ. થોડીવાર ધારીને સાંભળે છે એટલામાં તો ઘરનો વરંડો મુસલમાન સિપાઇઓથી ભરાઈ ગયો. તે જોઇ એ વૃદ્ધ માજીના ઓરડામાં દોડી ગયો. ત્યાં જતામાંજ મુસલમાનોએ તેને પકડયો ને કહ્યું કે અરે ગદ્ધા, ખુની દુર્ગાદાસ કયાં છે તે કહે. નહિતો જુલમથી કહેવાની તને જરૂર પાડીશું. નાથુ એ સાંભળી કંપ્યો; તે પોતાના જીવ માટે નહિ, પણ વૃદ્ધ માજીના બચાવ માટે. તેણે કહ્યું કે મારો માલીક તો અહિંઆ નથી. મુસલમાન સરદારે પૂછયું કે કયાં છે! નાથુએ કહ્યું તે હું નથી જાણતો.

સરદારે કહ્યું રે! ગદ્ધા, હમણાં તને જાણવાની જરૂર પાડીશું વારૂ, એની સ્ત્રી અને ડોશી કયાં છે! એમ બોલી એનાં માણસોને હુકમ કર્યો કે તેમને ખોળી કહાડો એ સાંભળતાંજ સિપાઇઓ આસપાસ દોડયા ને પલકવારમાં ડોશીને પકડીને મુસલમાન સરદારની નજીક લાવ્યા. એ જોઈ નાથુનો જીવ કપાઇ ગયો. પણ શું કરવું તે સૂઝે નહિ. રજપુતની સ્ત્રીને મુસલમાનો પકડી લાવ્યા. જે કોઇને મોં બતાવે નહિ, તેને લશ્કર વચ્ચે ઉઘાડે મોંઢે ઊભી રાખી. તે જોઇ નાથુને ઘણું લાગ્યું. પણ શું કરે? મુસલમાનોએ તેને મજબૂત પકડેલો હતો. તેણે ઘણોએ યત્ન કર્યો પણ એ રાક્ષસો આગળ તે વ્યર્થ ગયો.

મુસલમાન સરદારે માજી તરફ ફરીને કહ્યું કે, હું કંટાળીઆનો કિલ્લેદાર છું. હું પાદશાહ આલમગીરની આણ દેઇ તમને ત્રણ સવાલના જવાબ દેવાનો હુકમ કરૂં છું, જો સાચા જવાબ દેશો તો ઠીક છે, નહિ તો મોત નજીક આવ્યું જાણવું. ૧ લું તો મારા ભત્રીજાનું ખુન કરનાર દુર્ગાદાસ કયાં છે? ૨ જું પેલો બીજો રાઠોડ સરદાર કોણ હતો કે જેને માટે મારો ભત્રીજો મરાયો; ને એ સરદાર કયાં છે? એના ને એના કુટુંબ ઉપર વેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેઇશ ત્યારે જંપીશ. ૩ જું દુર્ગાદાસ પેલી ઝવેરાત ભરેલી પેટી ચોરી લાવ્યો છે તે પેટી ક્યાં છે? એ ત્રણે સવાલના જવાબ તમારા જીવને જોખમે આપજો. પરંતુ એ સવાલો સાંભળી તે મુંગી રહી. તેથી સુબાએ કહ્યું કે તમારે જાણવું કે જેમ હું વેર લેનાર છું તેમ બદલો વાળી આપું, એવો પણ છું. જો સાચું કહેશો તો પુષ્કળ ધન આપીશ, પણ જો નહિ કહો તો તમારો જીવ મારા હાથમાં છે.

આ સાંભળી માજી બોલ્યાં કે મને વૃદ્ધને મરવાનો શો ભય છે, છે, હું તો મરવાની તૈયારીમાંજ છું. એમ બોલી એમને જે સિપાઇ એ પકડયાં હતાં તેના આધારે ઉભાં રહ્યાં.

આ સાંભળી સુબો બહુ ગુસ્સે થયો. તેણે ધાર્યું કે ડોસી લલચાય કે ગુસ્સાની દરકાર રાખે એવી નથી. તેથી તે નરમાસથી બોલ્યો કે માજી, તમે દુર્ગાદાસ ક્યાં છે તે કહો. જો સાચી વાત કહેશો તો હું પાદશાહને લખીને એનો ગુનો માફ કરાવીશ. પણ મારા ભત્રીજાનું ખુન જેને માટે થયું તેના ઉપર તો વેર લેઇશજ. વળી તેની જાગીર ખુચી લેઇ હું જશાને અપાવીશ. પણ જો સાચું નહિ બોલો તો સઘળાના જીવ જોખમમાં આવશે એમ નક્કી જાણવું.

માજી બોલ્યાં, તમારા લોકોનો શો વિશ્વાસ. "અભી બોલ્યાને અભી ફોક" દગાખોરનો વિશ્વાસ કરનાર હમેશાં માર્યા જાય છે. તમે શા માટે ખોટી થાઓ છો? હું વૃદ્ધ છું ને મરવાની અણી ઉપર આવેલી છું. તમે ગમે તેવી લાલચ આપો કે ધમકી આપો, તોપણ હું મારા દીકરાનો જીવ જોખમમાં નાખનાર નથી. એ જ્યાં હોય ત્યાંથી ખોળી લો. હું તમને કહેનાર નથી એ નક્કી સમજજો. વૃદ્ધ માણસને છોકરા સલામત મૂકીને મરવા જેવું બીજું સુખ નથી. આટલું બોલી ડોશી થાકથી નીચે બેસી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુબો આથી વધારે ગુસ્સે ભરાયો. તેની વેર લેવાની વસ્તુનો પત્તો નહિ લાગ્યાથી તેણે ગુસ્સામાં તરવાર ખેંચી. તેણે કહ્યું ડોશી, તું મને પગે શા માટે લાગે છે? પગે લાગ્યાથી હું જંપું કે પાછો હઠું એવો નથી. દુર્ગાદાસનું રહેઠાણ બતાવ. નહિતો આજ ક્ષણે તારો જીવ ગયો જાણજે.

ડોશીએ કહ્યું કે મ્લેચ્છ, તું દૂર ખસ. હું પરમેશ્વર વગર કોઇને પગે લાગતી નથી. હું તે પરમ કૃપાળુ પ્રભુને વિનવું છું કે તે મારા પુત્રોને સલામત રાખે; અને ઔરંગજેબ કે તારા જેવા તેના જુલમી નાયકોના હાથમાં જતા તેને બચાવે. તારા જેવા પાપીને પગે લાગીને હું અપવિત્ર થવાની નથી.

આ સાંભળી સમશેરખાંને પગથી માથા લગી પ્રકટી. તેણે ગુસ્સાના આવેશમાં આ અબળા ડોસી ઉપર એવો તો તરવારનો ઘા કર્યો કે જો નાથુ વચમાં આવી પડયો નહોતતો તેના તેજ ક્ષણે બે કકડા થઇ ગયા હોત. સુબાએ ડોશી ઉપર તરવાર ઉગામી કે નાથુને જેણે પકડયો હતો તેના હાથમાંથી એટલું જોર કરીને છટકયો કે એ ઘાતકી સુબાનો ઝટકો થોડો તેણે ઝીલી લીધો. પરંતુ એ પણ ઘાયલ થઇ નીચે પડયો. ડોશી " પ્રભુ મારા છોકરાનું રક્ષણ કરજે " એટલું બોલતાં બોલતાં નીચે પડી ને તેજ ક્ષણે તેનો આત્મા સદ્ગતિ પામ્યો ને નાથુ તેના શબ ઉપર બેભાન પડયો.

આ જોઇ સઘળા સિપાઈઓ સ્તબ્ધ થઈ ગયા. તેઓ પર ધર્મી અને રજપુતોના કટ્ટા શત્રુ હતા. તોપણ આ રીતે આ બે નિરપરાધીઓનાં ખુન થએલાં જોઇ તેઓ નરમ પડયા. તેમના સરદારનું આ કૃત્ય તેમને નાપસંદ પડયું હોય એવું તેમના ચેહેરા ઉપરથી જણાયું નહિ. તેથી સમશેરખાં બોલ્યો કે ભાઈઓ, હવે તમે બધા ચાલો, આપણે કંટાલીએ જઇએ. આજની રાતની તમારી નોકરીના બદલામાં આ બળવાખોરનું ઘર લૂટી લેઇ જાઓ. મારી તમને રજા છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળી દૂરથી એક અવાજ આવ્યો કે "ખુદા અમને એવું કામ ન કરાવે. જે ખુદાનો ચોર હશે તે આ ધણી વગરના ઘરમાંથી રાતી પાઈ પણ લેઈ જશે." સઘળા સિપાઇઓ ઘરમાંની એક પણ જણસને હાથ અડાડ્યા વગર એક પછી એક એમ પોતાના સરદારનો હુકમ માથે ચઢાવી કંટાળીએ જવા નીકળ્યા. એવામાં એકજણ સમશેરખાંની નજીક આવીને મડદાં તરફ નીહાળીને નીચી દ્રષ્ટે જોઈ રહ્યો. એ જોઇ સમશેરખાં બોલ્યો કેમ! ખુદાબક્ષ, તમે અહિં ઉભા છો! ચાલ્યા જાઓ. ચાલો આપણે જઇએ. ખુદાબક્ષે કહ્યું હવે હું તમારી સાથે આવવાનો નથી. સમશેરખાંએ કહ્યું કે શું તમે તમારા સરદારનો હુકમ તોડો છો? ખુદાબક્ષે કહ્યું હવે તમે મારા સરદાર નથી; ને હું તમારો સિપાઇ નથી. હવે તમને મારા ઉપર હુકમ કરવાની સત્તા નથી. તમે આજે આ બે નિરપરાધીઓનાં ખુન કરી મારા ઉપરની તમારી સત્તા ખોઇ છે. તમારા જેવા ખુનીની તાબેદારી હવે હું કરવાનો નથી. પાદશાહે પંડે પણ તમને આવાં ખુન કરવાને મોકલ્યા નથી. હું પાદશાહના સામો થતો નથી, માત્ર તમારા જેવા પાપીની સામો થાઉં છું.

સમશેરખાંને આથી બહુ ગુસ્સો ચઢ્યો. તે બોલ્યો શું તું મારો હુકમ નહિ માને? એમ બોલી તરવાર લેઈ જેવો તેના ઉપર ઘા કરવા જાય છે કે ખુદાબક્ષે પોતાની તરવારપર તેનો ઘા ઝીલી લેઈ બીજે હાથે તેને કાંડામાંથી પકડી તરવાર ઝુંટાવી લીધી. તેણે પોતાનાં માણસોને મદદે આવવાને બુમ પાડી, પરંતુ એક પણ સિપાઈ એની બૂમ સાંભળે તેટલો નજીક નહોતો. ખુદાબક્ષે હથીઆર નીચે મૂકી સમશેરખાંને પકડીને નીચે પાડ્યો, ને પોતે તેની છાતી ઉપર ચઢી બેઠો. પછી તેનીજ કટાર ખેંચી કહાડી તે બોલ્યો કે બોલ ખુની, હવે તને કોઈ બચાવનાર છે? હવે તારો જીવ મારા હાથમાં છે કે નહિ. તેં જેવાં આ નિરપરાધીઓનાં ખુન કર્યાં તેવું મારે તારૂં ખુન કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોયતો વાર છે ? તું તો પાપી પણ છે. તથાપિ તારા જેવા પાપીના લોહીથી મારા હાથ અપવિત્ર કરવાનો નથી. મારૂં એ કામ નથી. મારે તો માત્ર મારોજ બચાવ કરવાનો છે. હવે તું કુરાનના સોગન ખાઈ પ્રતિજ્ઞા કર કે તને છોડયા પછી, તારા માણસોની ભેળો થયા પછી તું મારા ઉપર વેર લેશે નહિ. હથીઆર વગરનાં, કબજે આવેલાં, નિરપરાધી અબળનાં ખુન કરનાર હીચકારા હોય છે. એ સાંભળી સમશેરખાં ધ્રુજવા લાગ્યો ને પોતાનો જીવ બચાવવાને આજીજી કરવા લાગ્યો. તેણે પ્રતિજ્ઞા લીધી કે તારૂં કોઇવાર નામ નહિ દેઉં. તું મને ઉગાર ને જીવતો સલામત જવા દે. ખુદાબક્ષે મોટા દીલથી તેને છોડી દીધો, ને જવાની રજા આપી. સમશેરખાંનો ઘોડો તૈયાર હતો. તે ઘોડા ઉપર સ્વાર થવા જતો હતો પણ ખુદાબક્ષે તેને અટકાવ્યો. તેણે કહ્યું કે હું તને ઓળખું છું. ગમે તેવી પ્રતિજ્ઞા લીધા છતાં તારો લાગ ફાવે તો તું વેર લીધા વગર રહે તેવો નથી. તારા જેવા હીચકારાનો શો ભરોસો ? માટે તું ચાલતો જા. એટલે તારાં માણસો ભેળો થતાં વાર લાગશે, ત્યાં સુધીમાં તો હું ક્યાંનો ક્યાંય નીકળી જઇશ. તેથી સમશેરખાં નાઇલાજે ચાલતો કંટાળીએ જવા નીકળ્યો.

ખુદાબક્ષે ધાર્યું કે આ જગાએ હવે વધારે વાર રહેવાથી સમશેરખાં જેવા ખુનીના હાથમાં સપડાઇ જઇશું. અને જો તેમ થયું તો પછી જીવ ઉગરવાની આશા રાખવી વ્યર્થ છે. માટે હમણાં આ પાસેના ડુંગરામાં ભરાઇ રહેવું અને લાગ આવેથી દક્ષિણમાં પાદશાહી લશ્કરમાં સામેલ થઇ જવું. એવો વિચાર કરી અંદરના ઓરડામાં જ્યાં બે મડદાં પડેલાં હતાં ત્યાં આવ્યો, તો તે શબ હાલતું જણાયું. તેથી તે નજીક આવી વૃદ્ધ માજીના મડદાને જોવા લાગ્યો તો તે થંડું જણાયું તેને એટલો કારી જખમ લાગ્યો હતો ને તેમાંથી એટલું બધું લોહી વહ્યું હતું, કે હવે તેને ફરી ઉઠવાની આશા નહોતી. માજી તો જખમ થવાની સાથેજ લોથ થઇ પડયાં હતાં. પણ નાથુનું શબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુદાબક્ષને હાલતું જણાયું. તેણે ધારીને જોયું તો નાથુમાં જીવ જણાયો. તેણે નાથુને જાગૃત કર્યો ને તેના ઉપર થોડું પાણી છાંટી જખમ ઉપર મજબુત પાટો બાંધી લીધો. નાથુએ આંખો ઉઘાડીને જોયું તો મુસલમાન સિપાઇને દીઠાથી નિસાસો નાંખીને ફરીથી આંખો મીંચી. ખુદાબક્ષે કહ્યું કે બહાદૂર ને વિશ્વાસુ રજપુત, તું મારા ઉપર વિશ્વાસ રાખ. હું પણ તારા જેવો માણસ છું. હું જો કે મુસલમીન છું તથાપિ નિરાધારને વૃદ્ધ માણસોનો દુશ્મન નથી.

આવા બોલ સાંભળી નાથુને હિંમત આવી. તેણે ખુદાબક્ષ તરફ નજર કરી. પણ એટલામાં તેને વૃદ્ધ માજી યાદ આવ્યાથી તે તેમના તરફ જોવા લાગ્યો. તે બોલ્યો અરે! માજી, તમારી આ શી દશા? એમ બોલી તે માજીના શબ તરફ જવાને ઉઠતાં પડી ગયો. ખુદાબક્ષે તેને ઝાલી લીધો. તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. દયાળુ ખુદાબક્ષ બોલ્યો કે પાપી સમશેરખાં, તારો પણ વારો ખુદા લાવશે. નાથુએ કહ્યું કે આજની રાતનું વેર લેનાર બહાદૂર દુર્ગાદાસ અહિંથી દૂર નથી. તે હયાત છે, અને તે પોતાની માતાના ખુનનો બદલો લેશે. ભાઇ તમે રડોછો શા સારૂ? મને આશા છે કે મારાથી હમણાં જે બોલાઇ જવાયું તે તમે સમશેરખાંને કહી દેશો નહિ.

ખુદાબક્ષે કહ્યું કે હું મુસલમાન બચ્ચો છું ને ખરો દીન વાળો કોઇવાર વિશ્વાસ ઘાત કરતો નથી. ખુદા તારા ધણીને સલામત રાખો; અને તને તેના ભેગો કરો. પણ હવે આપણા બંને જણાએ ઉતાવળ કરવી જોઇએ. કેમકે સમશેરખાં મારી શોધ માટે ખસુસ માણસો મોકલશે. મેં તેના મોં ઉપર જે સત્ય કહ્યું છે, તે તેને લાગ્યા વિના રહ્યું નહિ હોય ને જો હું પકડાયો તો મારો જીવ બચવાનો નથી. માટે ભાઇ, ચાલ, હું તને મદદ કરૂંને આપણે આ વૃદ્ધ માજીને ઠેકાણે પાડીએ ને પછી છૂટા પડીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુ માજી તરફ ફરીને રડવા લાગ્યો. તે બોલ્યો માજી, તમારા પહેલાં મારૂં મોત કાં ન આવ્યું? જેણે આજ સુધી મને ઉછેરીને મોટો કર્યો ને છોકરાની પેઠે પાળ્યો, તેની હયાતિમાં તેનીજ સમક્ષ તમારે ખુનીને હાથે મરવાનું આવ્યું!! હાય હાય, હવે હું શું કરૂં? મારા ધણીને હું શો જવાબ દેઇશ. દુર્ગાદાસને હું મળીશ ત્યારે તે આતુરતાથી પોતાનાં માજીની ખબર મને પૂછશે ત્યારે હું શું કહીશ? શિવ શિવ! ઓ ભગવાન! તેં આ માઠા સમાચાર આપવાને મને કયાં જીવતો રાખ્યો? એમ બોલતાં બોલતાં તે નીચે ઢળી પડયો. ખુદાબક્ષ જાણ્યું કે આ ભલો માણસ આવી મરણતોલ દીલગીરીમાંજ ડોશીની સાથે જશે. તેથી તેણે કહ્યું કે ભલા માણસ, તું આવી દીલગીરી કરી તારો જીવ નકામો ના ગુમાવ. હજુ તારે તારા ધણીને માટે, તેને આવા સમયમાં મદદ કરવાને જીવવાની જરૂર છે. માટે હિંમત રાખ. ઉઠ, ઉભો થા. અને આ મડદાને ઠેકાણે પાડવામાં મને મદદ કર. મરદ થઇને હિંમત કેમ રાખતો નથી? રજપુત થઇને સ્ત્રીઓની પેઠે બાયલો શું બને છે? હજુ તો તારા માલીકને તારી ઘણી જરૂર પડશે. આ શબ્દો સાંભળી નાથુને હિંમત આવી. તે ઉઠયો ને બંનેએ મળીને માજીના મડદાને એ મકાનમાં માતાના મંદિરમાં મૂકી બારણાં બંધ કાર્યા, પછી માજીના આત્માના કલ્યાણાર્થે નાથુ પરમેશ્વરની પ્રાર્થના કરી પાછો ફર્યો.

પાછા વળતાં બંને કૂવા આગળ અવ્યા ત્યારે કૂવામાં કોઇ નિસાસા નાખતું સંભળાયું. તેથી ખુદાબક્ષે પુછયું, કે આ કૂવામાં કોણ છે? નાથુએ કહ્યું કે શું તે જીવે છે? એમ કહી કૂવામાં નજર કરી તો મહાસિંગે કહ્યું કે ભાઇ, હું જીવુંછું. જો બહાર સઘળું સલામત હોયતો ખુલ્લી હવા લેવાને મને ઉપર કહાડ. નાથુએ દોરડું મૂકયું ને કહ્યું કે દોરડાને છેડે પેટી બાંધીને પછી તમે ઉપર આવો. એ પ્રમાણે કરી મહાસિંગ ઉપર આવ્યો, ને થોડીવારમાં સાવધ થઇ તેણે નાથુ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી માગ્યું. નાથુ પાણી લેવા ગયો. ખુદાબક્ષ અજાયબ થયો કે આશું દુર્ગાદાસ છે. જેને માટે મુસલમાનો ડરી મરે છે તે દુર્ગાદાસ શું આવો વૃદ્ધ ને નાહોવત હશે ? આમ વિચાર કરે છે એટલામાં મહા-સિંગે આંખ ઉંચી કરી દુર્ગાદાસ માટે પૂછપરછ કરવા ધાર્યું પણ પાસે ઉભેલા મુસલમાન સિપાઇને જોઇને તે ચમક્યો. તેથી તેણે તેને દૃઢતાથી પૂછ્યું કે વળી તું કોણ છે ?

ખુદાબક્ષે કહ્યું કે હું મુસલમાન છું. પણ મુસલમાન નામને એબ લગાડનાર ખુની સમશેરખાં જેવો ઘાતકી નથી. બહાદૂર દુર્ગાદાસ, તમને અહિંથી નાશી જવામાં મદદ કરીશ. અને પછી હું દક્ષિણમાં જઇ મારા પાદશાહની નોકરી બજાવીશ. મહાસિંગે નિશ્ચિંતપણે તેના તરફ જોઇને કહ્યું કે તમે ભૂલોછો હું દુર્ગાદાસ નથી. એટલામાં નાથુ પાણી લેઇને આવ્યો. તેમાંથી થોડું પીને તેણે તેને પૂછ્યું કે કેમ અલ્યા તારો ધણી સલામત તો છે ?

નાથુએ કહ્યું કે હા સાહેબ, હું ધારૂછું કે એ સલામત છે. પણ એમના ગયા પછી અહિંયાં એક ઘાતકી રીતે ખુન થયું છે. માટે તમારે અહિંઅંથી જલદીથી ભાગી જવું જોઇએ. મહાસિંગે પૂછ્યું, પણ વૃદ્ધ માજીતો અહિંઆં છે ને ? તેમને તો કાંઈ ભય નથી ? જો તેમ હોયતો તેમને ભયમાં રાખી આપણે ભાગી કેમ જવાય ! નાથુએ કહ્યું કે એમને તો ભય કે બીક કાંઇ નથી. હવે તેમના આત્માને કોઈ પણ ખુનીની તરવાર પહોંચી શકે તેમ નથી. તેમનો આત્મા તો ક્યા-રનોએ સ્વર્ગે પહોંચી ગયો છે. મહાસિંગે પૂછ્યું કે ત્યારે શું માજીનું એ ખુનીઓએ ખુન કર્યું છે ? નાથુએ તેનો જવાબ માત્ર આંસુથી વાળ્યો. પણ ખુદાબક્ષે કહ્યું કે હાજી, એમનું સમશેરખાં ખુનીએ ખુન કર્યું છે, ને તેથીજ હું તેની નોકરી છોડી દેઇ અહિં રહ્યોછું. પણ હવે એ પાપી પાછો અહિં આવશે. માટે આ જગાએથી આપણે જલદીથી જતા રહેવું જોઇએ, નહિતો આપણે એના ગુસ્સાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોગ થઇ પડીશું. માજીના શબને અમે બંનેએ મળી ઠેકાણે પાડયું છે.

આ વાત સાંભળી મહાસિંગે ધાર્યું કે ખરી વાત છે, અહિંથી આજ ક્ષણે આપણે જવું જોઇએ. માટે નાથુ જલદીથી ઘોડા તૈયાર કરી લાવ. મહાસિંગ ઘાયલ થયો હતો ને કૂવામાં બેભાન થયો હતો, તથાપિ આ વાતથી એને એટલું બળ આવ્યું કે તે ઘોડા ઉપર સુખેથી સવાર થઇ શકશે એમ જણાયું. નાથુ બે ઘોડા લાવ્યો. એક મહાસિંગ ને સારૂ ને બીજો ખુદાબક્ષ સારૂ. તેણે કહ્યું કે મારેતો મારાધણી પાસે ખડકોમાં ચાલવાનું છે તેથી ઘોડાની જરૂર નથી પણ તમે બે જણા સ્વાર થઇ જાઓ. મહાસિંગને કહ્યું કે આ ભાઇ તમારા ગામસુધી તમારી સાથે આવશે અને આ પેટીને તથા તમને સલામત પહોંચાડશે. એ પેટીને દુર્ગાદાસ જીવની પેઠે જાળવે છે. એમાં શું છે તે જોવાની મનાછે. એમાં શું છે તે એ પોતે પણ જાણતા નથી. માટે દુર્ગાદાસના જીવની ખાતર એ પેટીને સાચવજો, ને અંદર શું છે તે જોશો નહિ. જ્યારે દેશમાં શાંતિ થશે ત્યારે તેઓ એ પેટીની ભાળ લેવા તમારી પાસે આવશે.

ખુદાબક્ષે કહ્યું, અરે, એ પેટીએજ આ બધી મોંકાણ વાળી તો. એનેજ માટે ખુની સમશેરખાં અહિં આવ્યો હતો એ પેટી નહોત તો એમાંનું કાંઇએ ન બનત. મહાસિંગે પુછ્યું કે કેમ વારૂ! એ પેટીનો શો વાંક પડયો! ખુદાબક્ષે કહ્યું કે અહિં મોકલેલું લશ્કર પ્રથમ પાછું આવ્યું કે તે પછી તરતજ સમશેરખાં પાસે આડવા મોકલેલા મોગલ લશ્કરનો સરદાર આવ્યો તેણે જાહેર કર્યું કે દુર્ગાદાસ આડિવે આવ્યો હતો. તે પાછો ફર્યો ત્યારે તેની બગલમાં તેનાં માણસોએ એક લોઢાની પેટી જોઈ હતી પણ તેમાં શું હશે, તેનો તે વખતે કોઇને વેહેમ આવ્યો નહિ, પણ એના ગયાપછી ચાંપાવતને લોઢાની પેટી ને ઝવેરાત બાબત બડબડતો સાંભળ્યો ત્યારે સિપાઈઓને વેહેમ પડયાથી તેમણે એ વાત મને જાહેર કરી તેથી મેં થોડાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો સાથે એની પૂંઠ પકડી, પણ વચમાં ઘણો વખત વહી ગયાથી ને માર્ગ વિકટ હોવાથી તેને પકડી શકાયો નથી, તેથી એ વાત આપને જાહેર કરવાને હું અહિં આવ્યો છું.

પોતાના ભત્રીજાનું ખુન કર્યાના સમાચારથી અને આઉવાનો ખજાનો આ રીતે લેઇ આવ્યાથી દુર્ગાદાસ ઉપર વેર લેવાનો અને ખજાનો પાછો છીનાવી લેવાનો નિશ્ચય કરીને સમશેરખાંએ પોતાના લશ્કરને તૈયાર કર્યું. તેવામાં વળી દુર્ગાદાસના એક માણસને પ્રથમ પકડી આણ્યો હતો તેને મારની ધમકી આપ્યાથી તેણે ખબર આપી કે પ્રથમ હુમલા વખતેજ દુર્ગાદાસ ઘરમાં હતો, એટલુંજ નહિ પણ જેને દુર્ગાદાસ છોડવી લાવ્યો હતો તે ઠાકોર પણ ઘરમાં હતો, આ સમાચાર સાંભળીને સમશેરખાં બમણા આવેશથી તારાગઢે આવવા નીકળ્યો. તે વખતે એણે અહિંઆ જે ઘાતકી કામ કર્યું તે કરવાનો એણે સ્વપ્નમાં પણ વિચાર કર્યો નહિ હોય. ઠાકોર સાહેબ, એનો વિચાર તો માત્ર તમારી પાસેથી ધન કઢાવવું, અને પેલી ઝવેરાતની પેટી લેઇ જવી, એટલોજ હતો, પણ તેમાં નિષ્ફળ જવાથી જુસ્સામાં એણે આ ઘાતકી કામ કરી અમારી જાતને એબ લગાડી છે.

મહાસિંગે કહ્યું, અરે ધિક્કાર છે એને અને એના ધનલોભને. એ પેટીમાં તો હું ધારૂં છું કે કાંઇએ નહિ હોય. દુર્ગાદાસ એના કીમતી-પણાને લીધે એને આટલી જાળવે એમ સંભવતું નથી. પણ મને લાગે છે કે એની આઉવાવાળા મારા ભાઇએ સુપરત કરી હશે; તેથી આટલી એને સાચવે છે. નાથુએ કહ્યું કે હા, મહારાજ એમજ હશે. કેમકે આઉવાવાળા ચાંપાવત મહારાજ, એમને તેડી ગયા હતા અને ત્યાંથીજ એ પેટી લાવ્યા છે. એ પેટીમાં શું છે તે એમને પણ માલમ નથી ને તે ઉઘાડીને જોવાની મના કરી છે. એ પેટી જ્યારે એમણે વૃદ્ધ માજીને સોંપી ત્યારે પોતાની આબરૂની ખાતર એને સા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચવવા કહ્યું હતું. માટે મહારાજ, આપ પણ એની એજ પ્રમાણે સંભાળ રાખજો.

ખુદાબક્ષના કહેવાથી નાથુએ ઘરમાંથી રજપુતી પોશાક આણી આપ્યો તે ખુદાબક્ષે પહેર્યો કે જેથી તે મુસલમાન જણાઈ આવે નહિ. પછી મહાસિંગે પેલી પેટી પોતાની પાસે લીધી ને કહ્યું કે એ પેટીની સંભાળ આ ખોળીઆમાં જીવ છે ત્યાં સુધી રાખીશ, એ વાતની તારે ફીકર કરવી નહિ. એમ કહી પોતાની વીંટી નાથુને આપી કહ્યું કે આ વીંટી દુર્ગાદાસને આપજે ને કહેજે કે કોઇ આ વીંટી લેઇને આવશે તેના કહેવા પ્રમાણે હું મરવાનું હશે તોપણ તૈયાર થઇશ. કેમકે મારી ખાતર એને જે જે સહન કરવું પડયું છે તે હું જન્મપર્યંત ભૂલવાનો નથી. અને તેનો બદલો વાળી શકવાનો નથી. હવે અમારી દોસ્તી મુવે છૂટશે. માટે દુર્ગાદાસને કહેવું કે તમે માંડે આવજો તમારા આવ્યાથી મને સુખ વળશે.

નાથુએ નમીને સલામ કરી વીંટી લીધી ને મહાસિંગનો સંદેશો બોલે બોલ દુર્ગાદાસને કહેવાનું કબુલ કર્યું ને રામ રામ કરી છુટો પડયો. નાથુ પોતાના ધણીની ખોળમાં, અને મહાસિંગ ને ખુદાબક્ષ, માંડે જવા નીકળ્યા. બંને માર્ગ નોખા હોવાથી તથા વચમાં ખાડા ટેકરા આવવાથી થોડીવારમાં તેમના ઘોડાની પડઘીઓ પણ સંભળાતી બંધ પડી.

પ્રકરણ ૫ મું.

દુર્ગાદાસનો અરણ્યવાસ

નાથુ એકલો પડયા પછી કલ્યાણગઢને સલામ કરી ચાલવા લાગ્યો રસ્તે ચાલતાં તે મનમાં બોલવા લાગ્યો કે ઓ પ્રભુ, તેં આ શું કર્યું ! કલ્યાણગઢના ઠાકોરના મેહેલની આ દશા! ગઇ કાલે જે મેહેલમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ વરતાતો હતો, તે આજે સ્મશાનવત્ કરી નાંખ્યો. ચાકરો નાશી ગયા. ઘરધણીઓને છુપાઇ રહેવા વારો આવ્યો, ને વૃદ્ધ માજીનું ખુન થયું; અને રે! પ્રભુ એ મડદાને અગ્નિદાહ દેવા વારો પણ આવ્યો નહિ! શિવ શિવ! જે મેહેલમાં કાલે કલ્લોલ ને આનંદ વરતાઇ રહ્યો હતો, ત્યાં આજે કાગડાને કલ્લોલ કરવાનો વખત આવ્યો અને એ માઠા સમાચાર લેઇ જવાનું આ પાપી જીવને માથે પડ્યું. હર હર પ્રભુ, તું મારા ધણીને કુશળ રાખજે, ને તેમને હિંમત આપજે, એટલે આવા મેહેલની શી ખોટ છે! આ પ્રમાણે અવરનવર વિચારમાં તલ્લીન થએલો નાથુ ખાડાટેકરા ચઢતો ને ઉતરતો અરવલ્લીના કરાડામાં આવી પહોંચ્યો રાતના અણચિંતા બનાવથી ભયભીત થઈ કલ્યાણગઢના કોળી લોકો સઘળા પોત પોતાના સગાંવહાલાં પાસે રાત્રેજ નાશી ગયા હતા; અને શાંતિ થયા પછી પાછા ઘર સંભાળવા આવીશું એવા વિચારથી સઘળા જ્યાં ત્યાં વેરાઇ ગયા હતા. તેથી નાથુની દૃષ્ટિએ કોઇ કાળા માથાનું આદમી પડ્યું નહિ. તેને થોડો વિસામો લેવાને બેસવાનું કહેનાર કે પાણી પીવાની ખબર પૂછનાર પણ કોઇ નહોતું સઘળું શાંત હતું. એ રસ્તો એવો આડફેટો હતો કે કોઇ મોગલ સિપાઇ પણ એને મળ્યો નહિ. નાથુ બગલમાં તરવાર મારી ઉપર કામળો લેઈ આગળ ચાલ્યો. એમ કરતાં એને લાગ્યું કે હવે આપણા ધણીને છુપાઈ રહેવાની જગાની નજીક આવ્યા છીએ. એ જગાનો નાથુ ભોમીઓ હતો પણ પોતે વૃદ્ધ હોવાથી અને રાત્રિનો જખમાયલો હોવાથી તે થાકયો, એટલે અરવલ્લીના કરાડામાં એક શિલા ઉપર છાયામાં તે બેઠો.

બપોર થવા આવ્યા. સૂર્ય માથે આવ્યો એટલે નાથુ ઉઠયો ને થોડું પાણી પી આગળ ચાલવા લાગ્યો. નદીનો વાંકાચુકી સર્પાકાર વાંક કરતાં છેવટે તે દુર્ગાદાસની કહેલી જગા ઉપર પાછલે પહોરે આવી પહોંચ્યો. ત્યાં આવી નાથુએ શરણાઇ હાથમાં લીધી. " રાઠોડારી તર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ને મારૂરી શાબડી " ગાઇ કે તેનો અવાજ દુર્ગાદાસને કાને પડયો. તેપણ નાથુના આવવાની રાહ જોઇ રહ્યો હતો. તેણે જશકરણને કહ્યું કે ભાઇ. નાથુ આવ્યો જણાય છે. એમ બોલી બોની એક ગુફામાંથી કૂદકો મારી બહાર આવ્યો કે નાથુ દષ્ટિએ પડયો. નાથુએ પણ પોતાના ધણીને દીઠો. ધણીને દેખી નાથુ ઉતાવળે પગે પાસે આવી પહોંચ્યો. ત્યારે દુર્ગાદાસે પૂછ્યું કે કેમ શી ખબર છે! માજીએ શું કહાવ્યું છે. નાથુએ કહ્યું કે મહાસિંગને તમારી પેટી લેઇ માંડે વિદાય કર્યા છે, ને તેમણે જતી વખતે તમને કહાવ્યું કે તમે તેમને સાંજે મળજો. આ વખતે જશકરણ ને દુર્ગાદાસનો દીકરો તેજકરણ પણ ઘરના સમાચાર સાંભળવાને પાસે આવી ઉભા હતા. દુર્ગાદાસે કહ્યું કે પણ મારાં વૃદ્ધ માજીની શી ખબર છે? બીજાની વાત પહેલી કહી જરૂરની વાત પડતી કેમ મૂકે છે? નાથુ આ સાંભળી મુંગો રહ્યો. તેના ચેહેરો ઉતરી ગયો. તેની આંખમાંથી પાણી વહેવા લાગ્યાં. ત્રણે જણા આથી વધારે આતુર થયા. નાથુ, નાથુ, તું બોલતો કેમ નથી! જે હોય તે કહી નાંખ. અમને શંકા શા માટે રાખે છે? માજીએ કાંઇ કહ્યું છે? તેઓ ખુશીમાં છે? નાથુએ કહ્યું કે તેઓ સ્વર્ગમાં ખુશીમાં હશે. મરતી વખતે તેમણે પ્રભુપાસે પોતાના છોકરાઓનું રક્ષણ કરવાનું માગ્યું છે. એમના મોંમાંથી છેલ્લા એજ શબ્દો નીકળ્યા છે. ત્રણે જણા ઉપર જાણે વીજળી પડી હોય તેમ એકદમ જમીન ઉપર પડયા. થોડીવાર ત્રણે સ્તબ્ધ બની ગયા. બહાદૂર પણ ભલા ને માતૃપ્રેમમાં રગદોળાયલા વીરપુરૂષોની આવે વખતે આજ ગતિ થવી જોઇએ એટલે નાથુએ ધીરજ લાવી કહ્યું કે મહારાજ, એમ નાહિંમત શું થાઓ છો! હજી સાંભળોતો ખરા. જે તરવારે માજીનો જીવ લીધો તે તરવાર આ રહી. હજી તો એના ઉપરનું લોહી પણ જેમનું તેમ છે

દુર્ગાદાસ ઉઠયો. તેણે ઝડપીને તરવાર હાથમાં લીધી, ને પૂછ્યું કે કયા પાપીએ મારાં નિર્દોષ માજીનો પ્રાણ લીધો ને શા માટે! જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે કહી નાંખ. નાથુએ કહ્યું કે તમારા ગયા પછી સમશેરખાં આવ્યો. તેનાં માણસોએ મને પકડી લીધો, ને માજીને પોતાની સમક્ષ બોલાવી તમે ને મહાસિંગ ક્યાં છો તથા પેલી પેટી ક્યાં છે તે કહેવાને જીવને સટ્ટે ધમકી આપી. પરંતુ માજીએ તેથી લગાર પણ ડર્યા કે ગભરાયા વગર એ કહેવાની ચોખ્ખી ના પાડી. તેથી એ પાપીએ ગુસ્સામાં એમના ઉપર ઘા કર્યો. બીજો ઘા કરવા જતો હતો તેવામાં મને જેમણે પકડી રાખ્યો હતો, તેમના હાથમાંથી જોરથી છટકી જઇ હું વચમાં પડયો, પણ તે અગાઉતો માજીનો આત્મા તે પરમાત્માની હજુરમાં રજુ થઇ ગયો હતો. મરતી વખતે "પ્રભુ મારા દીકરાઓનું રક્ષણ કરજે" એ છેલ્લા બોલ તેમના મોંમાંથી નીકળ્યા હતા.

નાથુ બોલી રહ્યો કે દુર્ગાદાસ લોહીવાળી તરવાર હાથમાં લેઇ બોલ્યો "હે જગન્નિયંતા પ્રભુ ! હું તને સમક્ષ જાણીને કહુંછું કે જે તરવારે મારાં માજીનું લોહી પીધું છે, તેજ તરવાર તેના ખુનીનું લોહી પીશે નહિ ત્યાં સુધી તેને નીચે મૂકીશ નહિ." નાથુએ કહ્યું કે સાહેબ તમે શું બોલો છો ! બોલતા પહેલાં વિચાર કરજો ઘણા મ્લેચ્છોની આગળ તમે ત્રણ જણા શું કરી શકવાના છો ! ઘણાની આગળ તમારા ત્રણ જણાનું શું ચાલશે ? સાહેબ, એ વિચાર હાલમાં માંડી વાળી કોઈ સારો લાગ આવવા ઉપર રાખો, ને હમણાં આપણે સૌ માંડે ચાલો. મહાસિંગ મહારાજે કહ્યું છે કે તમારે તેમને ત્યાં મળવું. જશકરણે કહ્યું કે બુઢ્ઢા, એ શું બોલે છે? માજીનું વેર લીધા વગર હવે મૂકવાનું નથી. આ ખોળીઆમાં પ્રાણ છે ત્યાં સુધી મારાં માતુશ્રીનું વેર ભૂલાવાનું નથી ને ત્યાં સુધી અન્ન ખાવાનું નથી. જે કૂખમાંથી આ દેહ ઉત્પન્ન થયો છે, તે કૂખનો ઘાત કરનાર અમારી હયાતિમાં હયાતિ ભોગવે તો અમારા જીવતરને પણ ધિક્કાર છે. માતુશ્રી ! માતુશ્રી ! તમારો જીવપણ ત્યાં સુધી ગતિ નહિ પામે તમે પણ અમારી પાછળજ આવ્યાં હશો, તમારૂં વેર લીધા પછીજ તમે પણ ગતે જશો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસે કહ્યું કે નાથુ, તું ભૂલે છે. અમે એકલા નથી. પ્રભુ અમારી સહાયે છે. અમે એ મ્લેચ્છોનું નામ દીધું નથી. અમે તેમને પ્રથમ છેડ્યા નથી. મારાં નિર્દોષ માતુશ્રીનું ખુન કરીને પ્રથમ શરૂઆત તેમણે કરી છે. રાજપુત્ર થઇને પોતાની માનું ખુન કરનારનું વેર નહિ લે તો તે રાજબીજજ ન જાણવો. સત્યનો બેલી પ્રભુ છે, એટલે તે આપણને સહાય કરશેજ. મારૂ દેશ મુસલમાનોના કબ્જામાંથી છોડવી રાઠોડોને મોગલોના પંજામાંથી મુક્ત કરવાને માજી મને ઘણીવાર કહેતાં તે તેં કયાં સાંભળ્યું નથી! પણ માજીની એ આજ્ઞા સમય આવ્યા વગર પળાઈ નહોતી. તેથી છેવટે માજીએ પોતાનો પ્રાણ આપી પોતાનો દેશ સ્વતંત્ર કરવાને મને આ છેવટની આજ્ઞા આપી ગયાં છે. આ-જથીજ તે પરમ કૃપાળુ પરમેશ્વરની સહાયથી માજીની આજ્ઞા પૂર્ણ કરવાનું પગરણ માંડવાનું નક્કી કર્યું છે. મારવાડની સ્વતંત્રતાનો પાયો આજથીજ નખાયો જાણવો. મારો વિચાર એવો છે કે તું ઘણો વૃદ્ધ છે તેથી તારાથી અમારી સાથે આ ખીણોમાં ટીચાવાશે નહિ. માટે તું મહાસિંગ પાસે જા. તેમને અમારી હકીકત કહેજે ને તે સાથે તેમને મારા તરફથી જણાવજે કે જો જીવીશું તો મળીશું, નહિ તો રામ રામ. અને જો તેમ બન્યું તો મારવાડની સ્વતંત્રતાને પણ રામ રામ સમજવા. માટે જો બની શકે તો જરૂરીઆતની વખત સારૂ તૈયારી કરી રાખજો. એટલું કહેજે. હવે સાંજ પડવા આવી છે ને સૂર્ય સંતાઈ જવાની તૈયારી કરવા લાગ્યો છે. કાલનો સૂર્ય એ પાપીએ દેખવો ન જોઇએ. માટે ઉઠો. આપણે આપણી હદના જે ભરવાડોની વખતો-વખત આપણે સંભાળ રાખ્યાથી આપણા ઉપર પ્રેમ રાખે છે ને જેઓ શૂરવીર છે, તે હદના ભરવાડો જે આ પાસેના બીડમાં ઝુંપડાં બાંધી રહેલા છે તેમને એકઠા કરીએ. તેઓમાંના જેઓ જીવને સાટે આપણી સાથે આવવાને તૈયાર થાય તે, અને આપણા જે લોકો રાત્રે નાશી ગયા હોય તેમાંના જેઓ મળી આવે તેમને લેઇને આજે રાત્રે ખુનીપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેર લેઇએ. નાથુ તું આ ખીણોમાંથી માંડાનો રસ્તો લે. તું એ રસ્તાનો ભોમીઓ છે, એટલે તને હરકત પડવાની નથી.

નાથુએ કહ્યું કે સાહેબ, મહાસિંગે જતી વખતે પોતાની આ વીંટી આપી છે ને કહ્યું છે કે જ્યારે તમને જરૂર પડે ત્યારે એ વીંટી આપી જેને મોકલશો, તે જે કહેશે તે કરવાને હું તૈયાર થઇશ. માટે એ વીંટી લો. અને મને કાંઇ નિશાની દાખલ આપો કે હું તમને મળ્યો છું, એવી મહાસિંગની ખાતરી થાય. દુર્ગાદાસે પોતાની વીંટી નાથુને આપી. નાથુએ કહ્યું કે મહારાજ આવે વખતે છોડીને મારે જવું જોઈતું નથી, પણ હું આપની સાથે રહું આપને સહાયક થવાને બદલે ઉલટો વેઠ થઇ પડું, તેથી લાચાર છું. પરમેશ્વર આપના બાહુમાં બળ આપો ને તે આપને સહાય કરી આપને હાથે આપનું પણ પુરૂં કરાવો. પ્રભુ આપનું રક્ષણ કરશે.

દુર્ગાદાસ, જશકરણ ને તેજકરણ વેર લેવાના આવેશમાં ચાલવા લાગ્યા. નાથુ પણ ધીરે ધીરે પાછળ ચાલતો હતો. એમ કરતાં તેઓ બીડમાં આવી પહોંચ્યા. ત્યાં આવી પટેલના ઘર પાસે આવી તેણે રણસિંગુ વગાડવાનો હુકમ કર્યો. મોગલો મારવાડમાં પ્રસર્યા ત્યારથી રણસિંગાનો અવાજ કાને પડયો નહોતો. સઘળા નરમ પડી ગયા હતા. રણસિંગાનો અવાજ સાંભળ્યો કે સઘળા એક પછી એક પોત પોતાનાં હથીઆર લેઇ એકઠા થવા લાગ્યા. સઘળા લડાઇનો શબ્દ સાંભળવાને આતુર હતા. પણ સરદાર શાંત પડયાથી તેઓ પણ શાંત પડેલા હતા. રણસિંગુ થયું કે લડાઇનો દેવ જાગ્યો સમજી, સર્વ સજ્જ થઇ આવ્યા. ત્યાં દુર્ગાદાસને ઉભેલો જોઇ સઘળા પોતાના ઠાકોરને સલામ કરી આસપાસ વીંટાઇ વળ્યા, ને શું કહે છે એ સાંભળવાની આતુરતાથી રાહ જોવા લાગ્યા.

સઘળા ભેળા થએલા જોઈ દુર્ગાદાસે કહ્યું કે "મારા વીરાઓ" એમ કહી લોહીવાળી તરવાર ઉંચી કરી તે પાસેના દીવાના તેજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશવા લાગી જુઓ, આ તરવાર તમને શું કહે છે ? મોગલોની એ ઘાતકી તરવાર ઉઘાડી છે, તે વૃદ્ધ, નિર્દોષને બાળકોનો પ્રાણ લેછે. હું તેનું વેર લેવાને તમને કહું છું. તમને તમારાં વૃદ્ધ માબાપો, તમારી નિર્દોષ અબળાઓ ને બાળકો વહાલાં હોય તો તમે વેર લેવાને તૈયાર થાઓ કંટાલીઆંનો ખુની સરદાર કાલે રાત્રે મારા ઘરમાં પેઠો ને તેણે આજ તરવાર વડે મારાં વૃદ્ધ માજીનું ખુન કર્યું છે. તેનું વેર લેવાને તમને બોલાવ્યાછે. ભાઇઓ, હવે તમે શું કહોછો?

સઘળા એક અવાજે બોલી ઉઠયા કે વેર લેવું વેર, વેર ને વેર. માજીના ખુનની વાત સાંભળી સઘળા મરદો વેર લેવાને ગાજી ઉઠયા નેં સઘળી સ્ત્રીઓ તેમના ગુણ સંભારી શોક કરવા લાગી. માજીએ તેમને ઘણીવાર આશ્રય આપ્યો હતો માંદે સાજે સંભાળ લીધી હતી. ને સંકટની વખતે ખાવાનું આપ્યું હતું ઘણાતો તેમના હાથનીચે ઉછરીને મોટા થયા હતા. દુર્ગાદાસની મા તે સઘળાને માતુલ્ય વહાલી હતી. એવાં દયાળુ માજીનું ખુન કરેલું સાંભળી સઘળા વેર લેવાને ઉશ્કેરાઇ ગયા. બધું આકાશ વેરના અવાજથી ગાજી ઉઠયું.

દુર્ગાદાસે કહ્યું, ત્યારે ચાલો બધા મારી પાછળ આવો, અને આપણે વેર લઇએ. સઘળાએ એકે અવાજે કહ્યું કે અમને સાથે લો અને અમારામાં પ્રાણ હશે ત્યાં સુધી તમને તજીશું નહિ ને વેર લઇશું, ત્યારે જંપીશું. વૃદ્ધ માજી અમને તમારા જેટલાંજ વહાલાં હતાં. એમ બોલી સાઠ દૃઢ મનના બહાદૂર જુવાનીઆ પોત પોતાની તરવાર, ભાલો ને તીરકામઠાં લેઈ સાથે ચાલ્યા. દુર્ગાદાસ પોતાની તરવાર મજબુત પકડી બોલ્યો કે આ ભૂમિના બચાવ માટે તમારા જે બાપ-દાદા ગુજરી ગયા છે તે તમને ઉશ્કેરો અને મારૂ દેશને સ્વતંત્ર કરવામાં સાહ્યભૂત થાઓ. માતુશ્રીનું ખુન કરનાર સૂર્ય ઉગતા પહેલાં મરવો જોઇએ માટે મારી સાથે ચાલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ બોલી દુર્ગાદાસ ચાલ્યો કે જશકરણ ને તેજકરણ પણ ચાલ્યા. તેમની પાછળ સાઠે યોદ્ધાઓ વેર લેવાના આવેશમાં ચાલવાં લાગ્યા. અંધારી રાત્રે ખાડા ટેકરા ચઢ ઉતર કરવામાં કે નદી નાળાં ઓળંગવામાં તેમને કાંઈ પણ જણાયું નહિ. તેઓ સર્વે જેમ સિંહ શિકાર ઉપર તલપે તેમ છલંગો મારતા હોંસભેર ચાલવા લાગ્યા.

ચાલતાં ચાલતા તેઓ કલ્યાણગઢ નજીક આવ્યા ત્યારે તેજ-કરણે કહ્યું કે બાપા, ચાલો આપણે માજીના મુડદાની તજવીજ કરી એકવાર તેમનું મુખ જોતા જઈએ, અને સાચવીને મૂકીએ કે અત્યારે આપણું કામ કરી આવ્યા પછી સવારે માજીને અગ્નિદાહ દેવાય. નહિ તો રાત્રિમાં કોણ જાણે જનાવર તેમના ખોળીઆનું શુંએ કરી નાંખે, ત્યારે માજી અગ્નિદાહ પણ ન પામે. દુર્ગાદાસને એ વાત ગમી, તેથી તે કલ્યાણગઢ તરફ વળ્યો. એક ટેકરો ઓળંગી નીચે ઉતરવા જાય છે. કે તેનાં માણસોએ એક મોગલ સિપાઈને પકડ્યો. તેને તેજ ક્ષણે પુરો કર્યો હોત, પણ દુર્ગાદાસે તેમ કરતાં તેમને અટકાવ્યા. તેણે કહ્યું કે આપણે કાંઇ મોગલ નથી કે હથીઆર વગરના માણસનો ઘાત કરીએ. આપણું ક્ષત્રીનું એ કામ નથી. નિર્દોષ, અબળ ઉપર હાથ ઉગામવો એ બાયલાનું લક્ષણ છે. માટે એ હથીઆર વગરનાની ઉપર હાથ ઉગામશો નહિ. એથી એનાં માણસો પાછા હઠયાં ને તેમનો શત્રુ જીવતો રહ્યો.

છુટા થએલા માણસે દુર્ગાદાસનો અવાજ ઓળખ્યાથી તે બોલી ઉઠયો કે “ મારા માલેક તમે મને આ બીજી વાર મરતો બચાવ્યો.” દુર્ગાદાસે પૂછ્યું કે અરે ! તું કોણ છે ? મારો નોકર મોગલના વેશમાં કોઈ હોય નહિ. તે બોલ્યો કે હું તમારો ચાકર સામતો; જેને તમે જોરાવરખાનના હાથથી મરતો બચાવ્યો હતો. એ સાંભળી દુર્ગાદાસે કહ્યું તું આવે વેશે કેમ ફરે છે તે પૂછવાનો હમણાં મને વખત નથી. પણ જો હજુ તું મારો નોકર રહેવા ઇચ્છતો હોય તો મારી સાથે ચાલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બોલ્યો, સાહેબ, આપ કલ્યાણગઢ તો જતા નથી ? કેમકે તે તો કંટાલીઆના સુબાએ લૂટીને બાળી મૂક્યું છે. દુર્ગાદાસે કહ્યું કે ત્યારે શું, એ પાપીએ મારાં માજીના મુડદાની મુખમુદ્રા જોવાનો પણ મને લાગ ન આપ્યો ? અરે ! દુષ્ટ રાક્ષસ. તેનાં માણસોએ કહ્યું કે સાહેબ, હવે આગળ ચાલો કે આપણા દેશને એ પાપીના પંજામાંથી મુક્ત કરીએ.

દુર્ગાદાસે પોતાનાં પગલાં કંટાલીઆ તરફ વાળ્યાં. તેઓ સર્વે વીજળીની પેઠે ત્વરાથી ચાલવા લાગ્યા, ને થોડીવારમાં કંટાળીઆની આસપાસની ખાઈ ઓળંગીને એક ક્ષણમાં તો દરવાજા નજીક આવી પહોંચ્યા. ત્યાંના ઝોકતા દરવાનને ધૂળ ફાકતો કરી તેઓ સમશેરખાંના મકાન તરફ બમણી ત્વરાથી ચાલ્યા. રજપુતોના પોકારથી મોગલ સિપાઇઓ જાગી ઉઠયા; ને અરધા ઉઘાડા દરવાજા આગળ એકઠા થયા. એટલામાં તો રજપુતો સુબાના મકાનના દરવાજા નજીક આવ્યા. તેમના અચાનક આવવાથી ત્યાંનો દરવાન ભયભીત થઇ નાશી ગયો. દુર્ગાદાસે જુસ્સાભેર એક જબરા હડસેલાથી બારણું ધકેલ્યું કે તેના મીજાગરા તૂટી ગયા, ને બારણું ધબકારો કરતું નીચે પડયું, એટલે દુર્ગાદાસ અંદર ઘુસ્યો. બારણાના ખખડાટથી સમશેરખાં જાગી ઉઠયો. પણ આ અણચિંત્યું શું થયું ? એમ વિચારી આભોજ બની ગયો. જે નિર્દોષ ને નિરાધાર અબળાનું એણે ખુન કર્યું હતું; તેના વીર પુત્રને ઉઘાડી તરવારે ઉગામેલે હાથે પોતાની ઉપર ધસી આવતો દીઠો કે શું કરવું તે તેને સૂઝયું નહિ. તે પોતાની ઢાલ સંભાળવા ઉઠયો, પણ એટલામાં તો વિજળીના ચમકારાની પેઠે દુર્ગાદાસનો એક જબરો ઝટકો તેના ઉપર આવી પડયો કે "ઓ, ખુદા" કરતો કે ભોંય ઉપર પડયો. એટલે દુર્ગાદાસે પોતાનું વેર પુરું થયું જાણી તે તરવાર પાછી ખેંચી, કડકા કરી ફેંકી દીધી ને પોતે પાછો વળ્યો. એટલામાં તેના માણસો પણ રસ્તામાં મળતા માણસોનો નાશ કરતા તેને આવી મળ્યા. તેમનો આગેવાન જશકરણ બોલ્યો કે કેમ ભાઇ, ચાલો વેર લેવાને. દુર્ગા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસે કહ્યું કે જે તરવારે ખુન કર્યું હતું, તેજ તરવારથી ખુનીનો પ્રાણ લેઇ તરવાર ભાગીને ફેંકી પણ દીધી. આ સાંભળી તેનાં માણસો બોલી ઉઠયાં કે ચાલો ભાઇઓ દુર્ગાદાસનો દુશ્મન મરાયો ને વેર લીધું. દુર્ગાદાસે કહ્યું કે ભાઇઓ, એમ બોલો કે મારૂ ભૂમિનો દુશ્મન મરાયો ને ભાર ઉતર્યો. કેમકે અત્યારથીજ હું પણ લેઉં છું કે મારૂ દેશ મોગલ વિનાનો કરૂં, ત્યારેજ તરવાર મ્યાન કરૂં. મારૂ દેશ સ્વતંત્ર કરવો કે મરવું એજ આજથી મારૂં પણ છે. તેજકરણને જશકરણ બોલ્યા કે અમે પણ તમારી સાથેજ છીએ. એ સાંભળી તેનાં સઘળાં માણસો બોલી ઉઠયાં કે અમે પણ તમારી સાથેજ રહી દેશની સ્વતંત્રતા માટે લડીશું, કાં જીવ આપીશું, પણ તમારી પડખેથી ખસીશું નહિ. એમના અવાજથી થોડાક મોગલ સિપાઇઓ એકઠા થયા હતા, તે તેમના સરદારના આગ્રહ છતાં ગભરાઇને નાસી ગયા ને તેમના દુશ્મનો દ્દઢતાથી પાછા જતા હતા તેમને નિશ્ચિંતપણે દૂરથી જોયા કર્યું.

દુર્ગાદાસ પોતાનું વેર વાળી પોતાના મુલકની ખીણોમાં આવી-પહોંચ્યો. એનો ચાકર નાથુ કયાં ગયો તેની હવે તપાસ કરીએ. દુર્ગાદાસે વીંટી આપી નાથુને મહાસિંગ પાસે જવાની પરવાનગી આપી તેથી તે માંડે જવા નીકળ્યો. રસ્તે જતાં તેને વિચાર આવ્યો કે હું વૃદ્ધ છું, તેથી આ ઉતાવળના કામમાં મારા ધણસાથે મારાથી જવાશે નહિ, તેમ જવાથી કાંઈ ઉપયોગમાં પણ આવીશ નહિ. માટે તેઓ પાછા આવે ત્યાંસુધી અહીંજ પડી રહેવું, એમ ધારી તે પાસેના એક ખાલી ઝુંપડામાં જઈ સુઇ રહ્યો, ને ઉંઘી ગયો. પણ સૂર્યોદય થતા પહેલાં તો એના ધણીના વિજયઘોષથી જાગી ઉઠયો. તે દુર્ગાદાસની પાસે આવી ભેટી પડયો. દુર્ગાદાસે કહ્યું, નાથુ તું શું હજુ ગયો નથી ? તેણે કહ્યું, ના માલેક, હું તમારી રાહ જોતો અહિં પડયો હતો. તમે વેરવાળી સલામત આવો તે સમાચાર સાંભળીને જવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરી હું અહિં પડી રહ્યો હતો. કેમ સાહેબ, મને સારા સમાચાર કહી રાજી કરો. વેર વાળ્યું ને પાપી મુવો કે કેમ! દુર્ગાદાસે કહ્યું તું ખુશી થા. આપણાં વૃદ્ધ માજીના ખુનીને દોજખમાં પહોંચાડી હું અહિં આવ્યોછું. નાથુ મેં વેર લીધું છે. હું, જશકરણ ને તેજકરણ સલામત પાછા આવ્યા છીએ, પણ હવે માતુશ્રીનું મોં જોવાનું છે? આ દુનીઆમાં માતુશ્રીના નિર્મળ પ્રેમ જેવો પ્રેમ બતાવનાર હવે મારે કોણ રહ્યું છે? મોગલો સામી તરવાર ઉઠાવીને હવે મ્યાન શા માટે કરવી? ઘરબાર તો બળીને ખાખ થઇ ગયાં એટલે આ મારૂ દેશ એજ મારૂં ઘર છે. એજ મારી માતુશ્રી છે. એને મોગલોથી છૂટી કર્યા વગર તરવાર મ્યાન કરવીજ નહિ એવો મેં દૃઢ ઠરાવ કર્યો છે ને આ આપણા બહાદૂર માણસોએ પણ મારા ઠરાવ અમલમાં લાવવામાં મારી સાથેજ રહી મદદ કરવાના સોગન ખાધા છે. હવે તો મોત કે સ્વતંત્રતા એજ દુર્ગાદાસનું ને એના માણસોનું ભવિષ્ય જાણવું.

આ સાંભળી વૃદ્ધ નાથુની આંખમાંથી પાણી પડ્યાં. તે બોલ્યો કે અરે! સાહેબ, તમે આ શું કરો છો? અસંખ્ય મોગલોની સામા મુઠીભર માણસો લેઈ નકામા ખરાબીમાં શા માટે પડો છો! માજીના ખુનનો અને તમારા ઘરબાર લૂટીને બાળી નાખનારના વેરનો બદલો તો લીધો. હવે મોગલોના બળવાન પાદશાહ સામા થવાથી તમને વધારે શો લાભ થવાનો છે? તમારા મિત્ર મહાસિંગ ઠાકોર વગર કે તમારા નજીકના સગા વહાલા વગર તમારી સહાયે પણ કોઇ આવશે એમ લાગતું નથી. માટે સાહેબ! આ તેજકરણની માની ખાતર, તમારા મિત્ર મહાસિંગની ખાતર, અને તમારા અને તમારા આ ભાઇ, દિકરો ને માણસોના જીવની ખાતર હાલ આ જોખમમાં ઝંપલાવવાનું બંધ રાખી ભવિષ્યમાં કોઇ સારા લાગ ઉપર રાખો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસે કહ્યું કે તું ફીકર શા માટે કરે છે? હું કાંઈ ઝંપલાવવા ઇચ્છતો નથી. મારા એ ઠરાવ માટે તારે દીલગીર થવા જેવું નથી. હું ઘરબાર વગરનો થયો છું એટલે તેજકરણની મા કે જશકરણની સ્ત્રી એમને પીએર સલામતજ છે. ત્યાં એમનું કોઇ નામ દેનાર નથી. મોતતો માણસ માત્રના પગની નીચે હમેશાં રહેલુંજ છે. તેનાથી ડરીને નાસ ભાગ કરતાં પણ તે તો જ્યાં જ્યારે ને જે નિમિત્તે આવવાનું હશે તે આવશેજ. તો પછી રજપુતે રણક્ષેત્રમાં શત્રુના સામા લડતાં મરવું એના જેવું બીજું સારૂં શું છે! રજપુતોને પોતાનો દેશ પચાવી પડનાર શત્રુ સામા રણે ચઢી દેશને સ્વતંત્ર કરવો કે તેમ કરતાં રણમાં પડવું એજ કર્તવ્ય છે. નાથુ, મેં મારાં માતુશ્રી ગુમાવ્યાં છે એટલે આજથી મારૂ ભૂમિ એજ મારાં માતુશ્રી છે. હવે તું મારાં એ માતુશ્રીથી છૂટો પાડવા ઇચ્છે છે! શું તું અરવલ્લીની ખીણોમાં છુપાઈ રહી મારા દિવસો પુરા કરાવવા માગે છે! મારાં વૃદ્ધ માજીનું વેર લીધાથી મોગલો હવે મને થીર પડી ગામમાં રહેવા દેવાના નથી. એ તો નક્કીજ છે, ત્યારે મારે જંગલોમાં ને ડુંગરોમાં ભટકી મરવું તે કરતાં મારાં માતુશ્રી ભૂમાતાના બચાવ માટે મરવું શું ખોટું છે? મોગલોના ભયથી ડરી ગએલા મારૂ સરદારો પ્રથમ મારી સહાયે નહિ આવે તો શું થયું! સત્ય આપણી તરફ છે. એટલે "ધર્મોજય ને પાપો ક્ષય" થશેજ. એમાં ડરવું શા માટે? મારે શું કરવું ને કેમ કરવું એ બધું મેં મારા મન સાથે નક્કી કરી રાખ્યું છે. તું મહાસિંગ ઠાકોર પાસે જા ને તેમને મારા નિશ્ચયથી માહિતગાર કર. નાથુએ કહ્યું, સાહેબ, કદાચ મહાસિંગ આપની મદદમાં આવવા ચાહે તો અમે આપને ક્યાં ખોળીએ! દુર્ગાદાસે કહ્યું કે, અરવલ્લીની ખીણોમાં મારી ધારણા મારા દેશી બંધુઓનો બચાવ કરવાની છે. તેમને નકામા જોખમમાં નાંખી મરાવી નાંખવાની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથુનું હૈયું ભરાઇ આવ્યું. તેના ધણીએ જે જોખમ માથે વહોરી, આગેવાની કરવાનો ઠરાવ કર્યો, તેનાં પરિણામ કેવાં થશે તેનો ચિતાર તેની આંખો આગળ આવવા લાગ્યાથી, તે પોતાના માલીકને નમીને પાસેની એક એકાંત ખીણમાં પોતાનું હૈયું ખાલી કરવા ગયો ને દુર્ગાદાસ તેજ જગાએ સુઇ ગયો. તે પાછલા પોહોર લગી નિરાંતે ઉંઘી ગયો. પાછલા પોહોરે જાગ્યો ત્યારે નાથુ પણ તેની પાસે આવ્યો ને માંડે જવાની પરવાનગી માગતાં કહ્યું કે સાહેબ, મકાસિંગ ઠાકોરને મારાથી બનતી તજવીજે કહીને આપને મદદ મોકલવા વિનવીશ. દુર્ગાદાસે કહ્યું કે એમને વિનવવું પડે તેમ છેજ નહિ. પણ નાથુ તું જા એટલે તને સલામત ગએલો જાણી હું સુખી થઇશ. તું જ્યાં હો ત્યાં પ્રભુ તારૂં રક્ષણ કરો.

આ વખતે નાથુની આંખોમાંથી આંસુની ધારા ચાલી. દુર્ગાદાસે તેને હસ્તે મુખે ધીરજ આપી. નાથુની ખાતરી થઈ કે ખચીત મારૂ ભૂમિના છૂટકા માટેજ પ્રભુએ દુર્ગાદાસને પ્રેરણા કરી છે. તેથી તે બોલ્યો કે, તે પરમ કૃપાળુ પ્રભુ તમને સહાય થજો. એમ બોલી પોતાના ધણીને નમીને સલામ કરી તે માંડે જવાને માર્ગે ચાલ્યો.

પ્રકરણ ૬ ઠું.

માંડા ઉપર આફત.

દુહો.

અણધારીને અણચિંતી, આફત આવે જાય,
મનુષ્ય ધારે કાંઇ ને, ધણીનું ધાર્યું થાય.

નાથુ વૃદ્ધ અને જખમી થએલો હોવાથી તે ધીમે ધીમે ચાલતાં કેટલાક વખતે માંડાના દરવાજા નજીક આવી પહોંચ્યો. તેણે દરવાનને કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે " ભાઇ દરવાજો ખોલ હું દુર્ગાદાસની પાસેથી આવ્યો છું. " દુર્ગાદાસનું નામ સાંભળી દરવાને દરવાજો ઉઘાડી નાથુને અંદર લીધો ને ગઢીમાં પહોંચાડ્યો. ત્યાં એક ચાકર તેને મહાસિંગ પાસે લેઇ ગયો. તે વખતે મહાસિંગ એક ઢોલીઆ ઉપર સૂતો હતો. પાસે એક પુખ્ત ઉમરની સ્ત્રી તેને વા ઢોળતી હતી, ને એક જુવાન બાળા દવાનો પ્યાલો લેઈ ઉભી હતી. ઢોલીઆ પાસે એક સતર અરાડ વરસનો જુવાન મહાસિંગ સામો લાડમાં બેઠેલો હતો. નાથુએ પાસે આવી મહાસિંગને સલામ કરી એટલે તેણે તેને ઓળખ્યો ને પાસે બેસાડી તેણે આતુરતાથી દુર્ગાદાસની ખબર અંતર પૂછવા માંડી. મહાસિંગે પૂછ્યું કે કેમ નાથુ, દુર્ગાદાસ અહિં ક્યારે આવશે ?

નાથુએ કહ્યું કે મહારાજા સાહેબ, દુર્ગાદાસ હાલમાં અત્રે આવી શકશે નહિ, એમણે પોતાનાં માતુશ્રીનું વેર વાળ્યું છે—કંટાળીઆનાસુબા સમશેરખાંને મારી નાંખ્યો છે. પછી એમણે એક એવું સખત પણ લીધું છે કે જેથી તેઓ માંડે આવી શકશે નહિ. મહાસિંગે પૂછ્યું કે કેમ નહિ આવે ? એવું તે કેવું પણ લીધું છે ? નાથુએ સઘળી વાત અથઇતિ માંડીને કહી. તેણે કહ્યુ કે મેં દુર્ગાદાસને કલ્યાણગઢની વીતકની સઘળી વાત માંડીને કહી, કે એમના દુઃખનો ને ગુસ્સાનો પાર રહ્યો નહિ. તેમણે તેજ ક્ષણે પણ લીધું કે મારા માજીને મારનારનું વેર લેઇશ ત્યારે આ તરવાર નીચે મૂકીશ. એમ કહી તેજ ક્ષણે ઉઠીને આસપાસનાં પોતાનાં માણસોને એકઠાં કરી, મોગલોએ પોતાના ઘર ઉપર જે આફત ગુજરી હતી તે સઘળી યથાસ્થિત કહ્યાથી સઘળા મરદો વેર લેવાના આવેશમાં આવી ગયા. તેઓ સર્વે તેજ રાત્રે સજ્જ થઇ કંટાલીએ જવાને નીકળ્યા. (આ સાંભળતાં ત્યાં બેઠેલા બાળક ને બાળાની આંખમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં ને એક બીજાની સામું જોવા લાગ્યાં.) રસ્તામાં જતાં મુસલમાન લશ્કર આવ્યાની આપણને કલ્યાણગઢમાં જેણે ખબર આપી હતી તે અમારો ચાકર સામતો મળ્યો. તેણે દુર્ગાદાસને આપણા ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બનેલા સઘળા બનાવથી વાકેફ કર્યા. એ રાત્રે સામતો નાસીને પાસેની ઝાડીમાં ભરાઇ ગયો. સઘળું શાંત થયું ત્યારે સવારે ગઢીમાં જવાને નીકળ્યો. ત્યાં કોઇ મુસલમાન સિપાઇનાં કપડાં પડેલાં હતાં તે પહેરી લીધાં કે મુસલમાનો એને પકડે નહિ એમ વેશ બદલી ગઢીમાં પેઠો ને ભૂખ લાગ્યાથી ખાવાનું ખોળવાને જેવો ઘરમાં જાય છે કે ત્યાં મુસલમાન સિપાઇઓ દીઠાથી ભયભિત થઇ છાનોમાનો બહાર નીકળી પોતાની છુપાઇ રહેવાની જગાએ જતો રહ્યો. એટલામાં મકાનમાં સિપાઇઓનું ઘુમરાણ મચી રહ્યું. તેઓ ખુશીના પોકારો મારતા સંભળાયા ને ઘરની બારીમાંથી અગ્નિના ભડકા જણાયા. મુસલમાનો ખુશી થતા ઘર બહાર દોડી આવ્યા. કેટલાક લૂટ લેઇ નાસી ગયા ને કેટલાક આખું ઘર બળીને ભસ્મ થતા સુધી તમાશો જોતા ઉભા રહ્યા. તે બધું બળી રહ્યા પછી ગયા. તેઓ ગયાની ખાત્રી થયા પછી સામતો ડુંગરામાં થઇ જવાનું કરતો હતો, એટલામાં એને રાત્રે મુસલમાન જાણી દુર્ગાદાસનાં માણસોએ પકડ્યો ને જેવો મારેછે તેવીજ દુર્ગાદાસે બુમ પાડી કે હથીઆર વગરના શત્રુ ઉપર ઘા કરશો નહિ. એટલે સામતો મરતો બચ્યો. તેણે પોતાના ધણીનો સાદ ઓળખ્યો ને પાસે આવી પગે પડ્યો. પછી તેણે સઘળી વાત દુર્ગાદાસને કહી. મહાસિંગે કહ્યું, અરે! દુર્ગાદાસ, મારે માટે તને કેટલું બધું ખમવું પડ્યું? પણ નાથુ તું કહે કે પછી દુર્ગાદાસે કંટાલીએ જઈ શી રીતે વેર વાળ્યું? નાથુએ જે જાણ્યું હતું તે સઘળું વર્ણવ્યા પછી કહ્યું કે સુબાને માર્યા પછી દુર્ગાદાસે પણ લીધું કે "પોતાની માતુશ્રીના બદલામાં હવે મારૂ ભૂમિ મારાં માતુશ્રી છે. તેમનો સંપૂર્ણ છુટકારો થતા સુધી તરવાર મ્યાન કરવી નહિ." મહાસિંગે કહ્યું કે અરે! એવો દિવસ ક્યાંથી કે પ્રભુ, મારૂ ભૂમિને મોગલોના હાથમાંથી છોડવે? નાથુએ કહ્યું કે સાહેબ, મારો માલિક હાલમાં અરવલ્લીની ખીણોમાં ભરાઇ બેઠો છે, ને લાગ તપાસે છે, મહાસિંગે કહ્યું કે ત્યારે એ માંડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેમ ન આવ્યા ? આ ગઢ બહુ મજબૂત છે. ને જ્યાં સુધી માંડાગઢનો એકેક પથ્થર એકેક ઉપર રહેલો છે, ત્યાં સુધી દુર્ગાદાસનું કોણ નામ દેઇ શકનાર હતું !

નાથુએ કહ્યું, એમ નહિ કે તમારા ઉપર એમને અણવિશ્વાસ હતો. આખા દેશમાં એમને મૂખ્ય આધાર માત્ર આપનાજ ઉપર છે. પરંતુ પોતાની ભૂમાતાને પરધર્મીને પરદેશીના તાબામાં રીબાતી મૂકી પોતે સુખ ભોગવવું, એ એમને ગમ્યું નહિ. તેથીજ એ આપની પાસે સુખમાં ભાગ લેવા આવ્યા નહિ. એમણે છૂટા પડતી વેળા મને કહ્યું કે મારે હવે મારૂ દેશની સ્વતંત્રતા જાહેર કરી તેને શત્રુ વગરની કરવી, એ કામ કરવાનું છે. માટે આ મારી વીંટી લે અને મહાસિંગ મહારાજને તે આપીને કહેજે કે “ હવે આપણે ભાગ્યેજ ભેળા થઇશું. જો હું મારા કર્ત્તવ્યમાં ભોગ થઈ પડું તો એમ જાણજો કે મારૂ દેશ ઉપર દુઃખનો દરીઓ રેલવામાં કમી રહેવાની નથી. વળી એ પણ યાદ રાખજો કે “ સ્વદેશાભિમાનીને પ્રભુ સહાય કરે છે. ”

આ સાંભળી પાસે ઉભેલી જુવાન બાળાની આંખમાંથી આંસુ પડયાં. તેથી તે વધારે આંસુ પડતાં અટકાવવાને એક બારી ભણી જઈ ઉભી. એવામાં પાસે બેઠેલો જુવાન છોકરો બોલી ઉઠયો કે“કાકા, મારૂ ભૂમિની સ્વતંત્રતા શકય છે. મારૂ અંતઃકરણ પણ સાક્ષી પુરે છે કે દુર્ગાદાસનાં આ વચનો જાણે આકાશવાણી હોય. મહાસિંગ કાંઈ પણ બોલ્યા વગર વિચાર સાગરમાં ડોલવા લાગ્યો.

પોતાની પાસે બેઠેલાની તરફ જોયા વગર મહાસિંગ દુર્ગાદાસની વીંટી પોતાના હાથમાં રાખી બોલ્યો. “ સ્વદેશાભિમાનીને પ્રભુ સહાય કરેછે એ ખરી વાત છે. દુર્ગાદાસ તારૂં પણ પાળવામાં આવશે. તરવાર પકડવાને મહાસિંગનો એક પણ હાથ સલામત હશે અને રણક્ષેત્રમાં તેનું એક પણ માણસ જીવતું હશે ત્યાં સુધી આ દેહ ને તે માણસ તારા [illegible] રહેશે ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી પેલી પુષ્પ સ્ત્રી બોલી ઉઠી. " વ્હાલા પતિ જે સ્થિતિમાં હાલ તમે છો એ સ્થિતિમાં તો નહિજ. હજુ તમારા જખમ રૂઝાયા નથી ને તાવ મટ્યો નથી. આવી સ્થિતિમાં લડાઈનું જોખમ ખેડવું એ બેવકુફી ન કહેવાય ? મહાસિંગે કહ્યું કે હું પોતે જ્યાં સુધી ઘા કરી શકું એવો થાઉં ત્યાં સુધી હથીઆર નહિ ઝાલું. પરંતુ મારા પ્રાણરક્ષકના રક્ષણ માટે અને તેનો સ્વદેશાભિમાની ઠરાવ અમલમાં લાવવા માટે મારાં સઘળાં માણસો અને સગા વહાલાને એકઠા કરી દુર્ગાદાસની સહાયે મોકલવા જોઇએ. પછી દુર્ગાદાસની વીંટી આંગળીએ પહેરી બોલ્યો કે જ્યાં સુધી આ વીંટી પહેરવાને આ જમણો હાથ સલામત છે ત્યાં સુધી દુર્ગાદાસથી આ દેહ છૂટો પડવાનો નથી. પ્રભુ મને બળ આપો.

મહાસિંગ બોલી રહ્યો કે તેનો ભત્રીજો કાકાને પગે પડી કાલાવાલા કરવા લાગ્યો કે " કાકા, જો તમારો મારા ઉપર પ્યાર હોય અને મારી ભવિષ્યની કીર્તિની કિંમત હોય તો દુર્ગાદાસની સહાયે જનારા આપના સૈન્યની સરદારી આપની ગેરહાજરીમાં મને આપો. અને આપ પધારી શકો એવા થાઓ ત્યારે આપનો વાવટો મને આપજો.

લાલબા પોતાના પિતા શો જવાબ આપે છે તે સાંભળવાને આતુર થઈ.

મહાસિંગે કહ્યું કે, બેટા, તારી આ માગણી સાંભળીને મને જેવી ખુશી થઇ તેવી બીજા કશાથી થવાની નથી. ખરા મારૂ પુત્રોની લાગણી એવીજ જોઇએ. કાલે આપણા પટાવતોનાં માણસો એકઠાં કરી તે અને આપણા ઘરનાં ખાસ માણસો છે તેને લેઇને તું કાલેજ સાંજે દુર્ગાદાસની સહાયે જવાને નીકળજે. લાલબા (વિજયસિંગની પુત્રી) જેને લડાઇની આફતોનો અનુભવ નહોતો તે આ સ્વદેશાભિમાની યુદ્ધમાં પોતાના ભાઇને જવાનો જાણી ખુશી થઈ. પણ લાલબાની ઓરમાઇ મા (મહાસિંગની રાણી) [illegible] તા. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણીએ પોતાના ભત્રીજાને અને દીકરી લાલબાને નાથુને લેઇ જઇ તેને જમાડવાને મોકલ્યાં. ઓરડામાં પોતે ને પોતાનો સ્વામી એકલાં રહ્યાં. મહાસિંગે દુર્ગાદાસની મદદે જવાને પોતાના ભત્રીજાને કહ્યું તે સાંભળી તેના અંતઃકરણમાં ભય ઉત્પન્ન થયો. તેને પોતાના સ્વામીની જીંદગી આવા જોખમ ભરેલા કામમાં પડવામાં ભયભીત લાગી. પોતાના સ્વામીના વૃદ્ધ અને જખમોથી ભરાયલા શરીરને આ નાશકારક કામમાં પડવાથી જોખમ જણાયું. તેથી તે આ કામમાં પડવામાં કેટલું જોખમ છે, એ વિષે પોતાના પતિ સાથે વિવાદમાં ઉતરી. તેણીએ કહ્યું કે, મારા વ્હાલા, તમે વિચારો કે મારૂ દેશ હાલમાં બિલકુલ મોગલોના કબજામાં છે. મોગલાઈ સૈન્યથી આપણાં શેહેર ને કસ્બા ભરાઈ ગયા છે, અને મોગલોનાંજ વિશ્વાસુ માણસો રાજ્યની નાની મોટી સઘળી જગા ઉપર અમલદાર છે.

મહાસિંગે કહ્યું કે ત્યારે શું આટલો બધો જુલમ છે. માટેજ આપણે તે હવે વધારે વાર સુધી ખમ્યા કરવો જોઇએ? દિલ્લીથી એ ખુનીના હાથમાંથી છૂટી આવ્યા પછી મેં અને બીજા પટાવતોએ મોગલો સામી કમર બાંધી હોત, મોગલોની જે તરવારે આપણી સ્વતંત્રતા છીનવી લીધી તે ખુની તરવાર ચુમવાને બદલે અમારી તરવારો મ્યાન કરી નહોત, અને અરવલ્લીનો આશ્રય લીધો હોત તો મારૂ દેશ આજે સ્વતંત્ર હોત; અને કંટાલીઆની શેરી વચ્ચે જુલમી મોગલોથી મારૂ અપમાન થયું નહોત. તેમજ મારો જીવ ઉગારવાને દુર્ગાદાસને પોતાનાં માતુશ્રીનો શોક કરવાનો વખત આવત નહિ કે એ બહાદૂર નર પુરૂષને ઘર બાર વગરના થઇ રખડવાનો વારો આવત નહિ.

આ સાંભળી મહાસિંગની સ્ત્રી તેજબા થોડીવાર છાની રહી. પછી બોલી કે એ વાત ખરી. પણ થવાનું તે થઇ ગયું. મારૂ દેશ હમેશને માટે પાદશાહી ભેગો જોડાઈ ગયો. હવે એ પાછો મેળવવાનાં ખાલી ભામાંમાં તમારા મિત્રને સહાય કરતાં, તેને બચાવી શકશો નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને તમે તમારો જીવ જોખમમાં નાંખશો. દુર્ગાદાસની ધારણા અશક્ય ને નકામી છે. એ બાથમાં આભ લેવા જેવી છે. વળી તમે લડશો કોને માટે? તમારો રાજા મરણ પામ્યો છે, ને તેના કુંવરો પણ દેવલોક પામ્યા છે. તો હવે તમે કોને માટે લડોછો? જો તમે જીતશો તોપણ રાજ્યને માટે માંહોમાંહે પટાવતો લઢી મરી દેશ પાયમાલ કરશે. તેના કરતાં મારૂ દેશમાં હાલમાં શું દુઃખ છે?

નહિ નહિ, કાંઇજ દુઃખ નથી હજુ તો આ જખમો તાજા છે. તુંજ કહે છે કે તે રૂઝાયા નથી. એથી વધારે કેવું સુખ જોઇએ છીએ. એના કરતાં તો ખુલ્લા મેદાનમાં લઢતા હોઇએ તે હજાર દરજ્જે સારૂં. લૂટ ને ખુન તો રોજ ચાલુજ છે. મોગલોના રાજ્યથી હું તો હવે ધરાઇ ગયો. દુર્ગાદાસનું વેર વાળવાને તેની માને તો મારી, પણ તેનું ઘરબારે લૂટી લીધું ને તેથી પણ ન ધરાયા ત્યારે તે ઘર બાળી મૂક્યું ?? શો જુલમ? એને શું તું સુખ કહે છે? નહિ નહિ, હવે તો મારે જાગવુંજ જોઇએ તથા દુર્ગાદાસની પેઠે મારૂ દેશને માટે મરવું કે તેને સ્વતંત્ર કરવો. એવો દૃઢ ઠરાવ કરવો જોઇએ.

આ સાંભળી તેજબા રડી પડી. તે બોલી વ્હાલા સ્વામિ, આપ પ્રત્યેના મારા પ્યારનો આજ બદલો! તમે આ જોખમ ખેડી મારાથી છૂટા પડો છો ને તમારી પટાવત જપ્ત કરાવવા જાઓ છો. તમારાં છોકરાંને જાગીર વગરનાં કરોછો એટલુંજ નહિ, પણ તમારો ચેપ તમારા ભત્રીજાને લગાડી તેને તમારૂં સૈન્ય આપી પેલા મૂર્ખ દુર્ગાદાસની મદદે મોકલોછો?

મહાસિંગ આ છેલ્લા બોલથી બહુ તપી ગયો. તેનાથી એ બોલ સાંભળી શકાયા નહિ. તેજબાના મુખમાંથી એ છેલ્લા શબ્દો નીકળતાંજ તે બૂમ પાડી બોલ્યો કે ચૂપ રહે. આ તું શું બોલે છે! જે વીર પુરૂષ તારા ધણીનો જીવ ઉગારતાં આવી દશામાં આવી પડ્યો

દુ. ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે પુરૂષને તું મૂર્ખ કહે છે! શું તેણે તને વિધવા થતી અટકાવી તેથી મૂર્ખ ઠર્યો કે? તેણે તારાં છોકરાંને પિતા વિનાનાં થતાં અટકાવ્યાં માટે મૂર્ખ ઠર્યો? મહાસિંગની સ્ત્રી આ શું બોલેછે?

તેજબા આ સાંભળી આભીજ થઇ ગઇ. તેણે કહ્યું કે મારા વ્હાલા પતિ જેથી જોખમમાં પડે, એ સઘળું મારે મન ગાંડપણજ છે. તમે તમારી સલામતીનો વિચાર કરો. તમે જો રણમાં પડો તો મારાં આ નિરપરાધી જોડકાં, જે હજુ તો પારણામાં છે તેમનું શું થાય તે વિચારો. વળી તમારા *ભાઇના એકના એક પુત્રને લડાઇમાં મોકલો છો ને એ વાત વખતે તમારા ભાઇને નહિ ગમતી હોય તો તેને કેવું લાગશે તેનો વિચાર કરો.

મારા ભાઇના વિચાર તારા કરતાં હું વધારે જાણુંછું. કોઇ પણ ચાંપાવત ઔરંગજેબના તાબામાં રહેવાનું ચહાશે ને પોતાના દેશને સ્વતંત્ર કરવા માટે લડનારને ધિક્કારશે ત્યારે તો સત્યાનાશ ગયું જાણવું. ઔરંગજેબ એથી અજાણ્યો નથી. અને તેથીજ જેને તું વખાણે છે, તેણે આપણો કિલ્લો લૂટવાને માણસો મોકલ્યાં હતાં. એ વાત તું હજુ ભૂલી ગઇ નહિ હોય. અને એ કામમાં જો તેઓ ફતેહમંદ થયા હોત તો તારૂં ઘર ક્યાં જતું રહેત? તારો ધણીને છોકરાં ક્યાં હોત? પણ બહાદૂર દુર્ગાદાસનાં દુઃખડાં લે કે જેના વીરત્વથી એ સઘળાનો નાશ થતો અટકયો.

તેજબા બોલી કે એ બધુંએ હું કબુલ કરૂં છું. તોપણ મારૂં જે છે, તે સઘળું જોખમમાં નાંખતાં મારો જીવ કંપે છે. એક તરફ રણક્ષેત્ર, એક તરફ મારો વ્હાલો સ્વામી, અને એક તરફ મોત જોઇ મારૂં હૈયું હાથ રહેતું નથી. મહાસિંગે કહ્યું તેથી ડરે છે શાને? એક રજપુતાણી થઇને આવું બાયલાપણું બતાવતાં તને

* ચાંપાવત દુધોજીનો દીકરો માનસિંગ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરમ પણ નથી આવતી ? સત્ય અમારા તરફ છે એટલે પરિણામે અમારો જય નક્કીજ છે એમ બોલી તે સ્વદેશાભિમાનના જુસ્સામાં બોલી ઉઠયો કે, ઓ, જગન્નિયંતા પ્રભુ, મારૂ દેશના વિજયી રણ-ક્ષેત્રમાં મને મોત આપજે, પણ મારી જન્મભૂમિનાં દુઃખો જોવાને મને જીવતો રાખીશ માં.

તેજબા બોલી કે આ બોલ મારાથી સાંભળી શકાતા નથી. માટે હું પ્રભુની પ્રાર્થના કરૂં કે તે મને સ્વદેશાભિમાની પુરૂષને છાજતી સ્ત્રી થવાને હિંમત આપે. હમણાં તો તમારા બોલ મને કારી જખમ કરે છે. એમ બોલી તે બીજા ઓરડામાં ચાલી ગઇ. મહાસિંગ એજ ઓરડામાં બેઠાં બેઠાં ભવિષ્યમાં કેવા ધોરણે કામ લેવું તેનો વિચાર કરવા લાગ્યો.

મહાસિંગની સ્ત્રી સ્વભાવે બહુ બીહીકણ હતી. રજપુતાણીઓમાં જે ખાસ ગુણો, હિંમત ને દેશદાઝ જોઇએ, તે તેનામાં નહોતાં. તે સ્વાર્થી, મોજશોખી ને આ સંસારનાં અનિત્ય સુખની લોભી હતી, કોઇ પણ રીતે પોતાના એ સુખનો ભંગ થતો હોય તો તે તેને ગમતું નહોતું. રાજ્યવૈભવ ને રાજ્યમાનની તે ભૂખી હતી. એ રાજ્ય વૈભવ ને રાજ્ય છત્ર ગમે તેવા કારણથી પણ જતાં રહે તો તેના મનને કારી જખમ હતો. દેશનું ને લોકનું ગમે તે થાય, બીજા ઉપર જુલમ થાય, પરદેશીઓ પોતાના દેશીઓને પીડે, તેની તેને દરકાર નહોતી. ગુણ ઉપર અવગુણ કરતાં પણ જો પોતાનો વૈભવ સચવાતો હોય તો તેમ કરવાને તે અચકાય એવી નહોતી. એશઆરામ, વૈભવ, ને મોજ-શોખ એજ એનાં સોબતી હતાં. કોઇ પણ ઉપાયે એને જોખમ લાગવું ન જોઇએ, એ એની હમેશની ઇચ્છા હતી. આજના દૂધ ચોખાને સાકરના ભોગી ને ક્ષુદ્ર લાલસાવાળા રાજ્યપુરૂષોને છાજતા ગુણો તે વખતે મહાસિંગની સ્ત્રીમાં હતા. પંડે સારા ઘરની છતાં તથા મહાસિંગ જેવા વીર પુરૂષની પત્ની છતાં તે વખતની રજપુતાણીઓનો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ગુણ એનામાં નહોતો. આવા ઉલટા ગુણો એ બાઇમાં ક્યાંથી આવ્યા એ શોધી કહાડવું પણ મુસ્કેલ હતું.

તેજબા આખી રાત લાલબા પાસે રહી. લાલબા તેજબાની એ-રમાઇ દીકરી હતી. એણે ધાર્યું કે લાલબાને સમજાવું તો સ્ત્રી જાતિ હોવાથી મારા પક્ષમાં આવશે. અને તેથી કદાચ એના સમજાવ્યાથી મહાસિંગ દુર્ગાદાસને મદદ કરતો અટકશે, ને તેથી આપણા રાજ્યસુખ ને વૈભવને જોખમ આવશે નહિ. તેજબાએ કહ્યું કે બેન, દુર્ગાદાસ વીર પુરૂષ છે. એણે તારા બાપનો જીવ ઉગાર્યો તેથી તેને આપણે મદદ કરવી જોઇએ. એ બધું ખરૂં, પણ તેમાં જોખમ કેટલું છે તે પણ વિચારવું જોઇએ. દુર્ગાદાસ આપણી મદદ વડે દેશનું દળદર કહાડી શકે નહિ ને આપણાં રાજ્યસુખ ને વૈભવ નકામાં જાય. મને એ બાબતનો બહુ ડર લાગે છે. વળી તારા બાપાને હજુ આરામ પણ થયો નથી ને તેમાં આ જોખમ માથે વહોરી લેવાથી આગળ ઉપર કોણ જાણે શું એ થાય.

લાલબાએ કહ્યું, માજી એમ બીહીવાનું કાંઈ કારણ નથી. મારા પિતાએ દુર્ગાદાસને મદદ મોકલવાની જે તૈયારી કરી છે, તે મોકલ્યા પછી જેસલમેરના ગઢમાં તેઓ સહકુટુંબ જઇ રહે તો પછી શી ફીકર છે, તે મને સમજાતું નથી. મારા પિતાના રક્ષણાર્થે જ દુર્ગાદાસે જોરાવરખાનને મારીને મુસલમાન સુબેદારનો કોપ ખેંચી લીધો. એમનો જીવ ઉગારવામાંજ દુર્ગાદાસ ઘરબાર વગરનો ને માજીના સુખ વગરનો થઇ પડયો. હવે એવા મારા પિતાના પ્રાણરક્ષક-વીર પુરૂષને તરછોડી નીચપણું બતાવવાનું તમે મારા પિતાને કહો, એ શું સારૂં કહેવાય !

એ તો ખરૂં, પણ દુર્ગાદાસે શું સારૂં કર્યું ? તળાવમાંથી ઉગારી દરીઆમાં નાંખ્યાં. પાદશાહી સત્તા પૂર્ણ જામી છે, ઔરંગજેબના નામથી રજપુતો થરથર કંપે છે. રજપુત ઠકરાતો એક પછી એક પાદશાહને તાબે થઇ છે. મારા પોતાના ભાઇ ને કાકા પાદશાહના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષમાં ગએલા છે. એમ ન સમજવું કે તેઓ મારાથી કે કોઇથી પણ સમજાવ્યા સમજીને પાદશાહ સામા થાય. હવે કહે કે એવા બળવાન દુસ્મનો સામો તારો ઘેલો બાપ શું કરી શકવાનો છે? પાદશાહ સાથે દુસ્મની કરીને દુર્ગાદાસ કે તારો બાપ કાંઇ કાંદો કહાડવાના નથી. એમાં કાંઈ સારૂં પરિણામ થાય એવી મને તો લગારે આશા જણાતી નથી.

લાલબાએ કહ્યું કે માજી, ખરા ને ન્યાયના કામમાં નાઉમેદ શા માટે થવું જોઇએ. સત્ય ને ન્યાય આપણા તરફ છે. મુસલમાનોએ અધર્મ આરંભ્યો છે. પ્રથમ તો જશવંતસિંગજી મહારાજના પુત્ર હયાત છે. તેમનું રાજ્ય ખાલસા કરવાના ઇરાદાથી તેમને દિલ્લીમાં બોલાવી મારી નાંખવાનો વિચાર કર્યો. એ અજીતસિંગજી મહારાજને બચાવવામાં પોતાના દેહની દરકાર કર્યા વગર મારા પિતા ને દુર્ગાદાસ લડ્યા ને મહા મુસ્કેલીએ સહી સલામત પોતાના દેશમાં ઘર ભેગા થયા. છળ કપટથી ના ફાવ્યા ત્યારે પાદશાહે બળથી મારૂ દેશ વશ કરી ખાલસા કર્યો છે. રાઠોડો નિરૂપાય થયાથી તાબે થયા પણ તે જુલમ સાંખવા માટે નહિ. શાંતિમાં રહેવા માટે. એ શાંતિનો ભંગ મુસલમાનોએ મારા પિતાના ઉપર ધા કરીને પહેલો કર્યો છે. આપણે લડવા કે દુસ્મની કરવા ગયાં નથી. પણ પહેલ તેમણે કરી છે. ગેરવાજબી રીતે અસમાન હુમલો કરી મારા પિતાનો પ્રાણ લેતાં જોયાથી દુર્ગાદાસે તે પાપીને ઘોરમાં સુવાડયો તો તેમાં એણે શું ગેરવાજબી કર્યું? પણ તેથી ન ધરાતાં દુર્ગાદાસની નિરપરાધી માતાને મારીને તથા તેનાં ઘરબાર બાળી મૂકીને તેણે જાણી જોઇને દુસ્મન ઉભો કર્યો છે? તેથી ન્યાય આપણા તરફ છે, માટે ફીકર રાખવાનું કારણ નથી. અંતે ધર્મો જય ને પાપો ક્ષય થશેજ. માજી, પરિણામે સત્યજ તરી આવશે એ નક્કી જાણવું. જો હું મરદ હોત તો મારા દેશના છૂટકારા માટે હથીઆર ભીડી પહેલી મેદાનમાં પડત. અને પ્રભુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા બાહુમાં એટલું બળ આપત, કે હું દુર્ગાદાસને ઉપયોગી થઇ પડત. માજી, આપણો દેશ સપાટ હોવાથી મુસલમાનો ફાવી ગયા છે. પણ અરવલ્લીના ઘાટો કાંઇ જેવા તેવા નથી. એ ઘાટોમાં આપણાં ઘરબાર કર્યા તો પછી મુસલમાનો માથાં પટકી મરે, પણ શું થવાનું છે? એજ ઘાટોમાં ભરાઇ રહીને અકબર જેવા મહાન પાદશાહને રાણા પ્રતાપે હંફાવ્યો હતો એ ઘાટોજ આપણી સ્વતંત્રતા સાચવનાર થાંભલા છે. માટે મારા પિતા જો હાલમાં જેસલમેર જઇ રહે, અને મહાદેવી સ્વતંત્રતા પોતાના વાવટા જોધપુરના ગઢ ઉપર ઉરાડે, ત્યારે પાછા ફરે, તો પછી બીહીવાનું શું છે?

તેજબાએ કહ્યું, બેન, તું આ કેવા શેખસલ્લીના વિચાર કરે છે? હવામાં મેહેલ બાંધે છે? એટલું સારૂં છે કે તું પણ મારી જાતની અબળા છે. નહિ તો તું ક્યારની એ દુર્ગાદાસની પડખે જઇ ઉભી હોત. લાલબાએ કહ્યું કે મારા વિચાર તમને શેખસલ્લીના લાગે છે.–હવામાં મહેલ બાંધવા જેવા લાગે છે, પણ તમને માલમ પડશે કે તે ખરા છે. મારવાડીઓ બધા મુવા પડયા નથી. તેઓ આપણા જેવા અબળ નથી. તેમની લાગણી બેહેર મારી ગઈ નથી. તેમનું સ્વદેશાભિમાન નાશ પામ્યું નથી. તેઓ પોતાના ધર્મ અને રાજ્ય તરફની ફરજ સમજે છે. આપણે આપણી ફરજો જાણીને બેસી રહીએ, પણ તેઓ એનો અમલ કરી શકે એવા છે. મારા પિતા જોકે ઘાયલ થયા છે તેથી દુર્ગાદાસને માટે પોતાના હાથનો ઉપયોગ કરી શકે તેમ નથી તોપણ તેઓ પોતાનાં માણસોથી મદદ કરી શકે તેમ છે. અને એ મદદ કરવી તે એમની ફરજ છે, માજી, એ વાત શું તમે નાકબુલ કરશો? બીજા મારૂ સરદારો તો પોતાના દેશની સ્વતંત્રતા સાચવવા ઉભા થશે પણ આપણી તો બેવડી ફરજ છે. દુર્ગાદાસને મદદ કરવી એ પહેલી ને દેશ સ્વતંત્રતા સાચવવાની બીજી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજબાએ કહ્યું કે, ત્યારે તો ઘેલી દીકરી, તું તારા બાપનું રાજ્ય જોખમમાં નાખવા ઉભી થઈ છે, તે દેશને માટે નહિ, પણ પ્રથમ તો પેલા બહારવટીઆ દુર્ગાદાસને મદદ કરવા માટે. કેમ ? ના, તે કદી બનવાનું નથી. લાલબાએ કહ્યું માજી, તમે આ શું બોલો છો ? દુર્ગાદાસ બહારવટીઓ ? જેણે મારા પિતાનો જીવ ઉગારવા પોતાનું સઘળું ગુમાવ્યું, મુસલમાનોનો કોપ ખેંચી લીધો, ને જે ઘરબાર વગરનો થઇ ભટકે છે, તે દુર્ગાદાસ બહારવટીઓ ? હું તો તે પરમ કૃપાળુ પરમેશ્વરની પ્રાર્થના કરૂં છું કે હે ! પ્રભુ, એ દુર્ગાદાસ—પછી તેને બહારવટીઓ કહો કે દેશદાઝન સ્વદેશાભિમાની વીર પુરૂષ કહો—તેનું રક્ષણ કરજે. અને તેના બાહુમાં બળ આપી તેના અંતઃકરણને મારૂ દેશ સ્વતંત્ર કરવા તરફ પ્રેરજે.

તેજબાએ કહ્યું, ઠીક, આપણે જોઇશું કે એ પ્રભુ કોની પ્રાર્થના સાંભળે છે ? તારી કે મારી. આજ સાંજ પડતા પહેલાં જે હશે તે જણાશે. એમ બોલી તે લાલબા ઉપર ગુસ્સો કરી તેને એકલી મૂકી ચાલી ગઈ. લાલબા એકલી પડી એટલે વિચાર કરવા લાગી કે એટલું સારૂં છે કે પરમેશ્વરે આવા નીચ વિચારની સ્ત્રીને પેટ મને અવતાર આપ્યો નથી, તથા એવા નીચ દેહનું લોહી આ દેહના લોહીમાં ભળ્યું નથી.

એટલામાં મહાસિંગનો ભત્રીજો માનસિંગ લાલબાની પાસે આવી ઉભો. તે બોલ્યો, બેન લાલબા, અત્યાર સુધી તમે શું કરતાં હતાં ? મારા કાકાના કહેવાથી દુર્ગાદાસને મદદ કરવાની અમે તો સઘળી તૈયારી કરી રાખી છે. કાકાએ પોતાનાં માણસો આસપાસનાં ગામડાંમાં મોકલી ત્રણસેં બહાદૂર મારૂ પુત્રો એકઠા કર્યા છે. તે સઘળા હથીઆર સજી સાંજ પડતા પહેલાં માંડાના દરવાજા આગળ દુર્ગાદાસની મદદે જવાને પોતાના સરદારની રાહ જોતા ઉભા રહેશે. કાકાએ લશ્કરની સરદારી મને આપવાનું કહ્યું છે, તેથી હું પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર થઇ જવાનો છું. અને તેથીજ તમારી રજા લેવાને આવ્યો છું. મેં પણ મારાં પોતાનાં સો માણસો એકઠાં કર્યાં છે. પણ તેમને માંડાના ગઢમાંથી હથીઆર આપવાનાં છે. કાકાએ તેમને પોતાને હાથે દરબારમાંથી હથીઆર આપવાનું કબુલ કર્યું છે. એ માણસો પણ ખાઇ પીને એક પછી એક દરબારગઢના ચોગાનમાં એકઠાં થાય છે. હવે તમારી શી ઇચ્છા છે? લાલબાએ કહ્યું કે, ભાઇ, જેણે મારા પિતાના પ્રાણ ઉગાર્યા તેને મદદ કરી બહાદૂરીથી મારૂ દેશ ફરી સ્વતંત્ર કરી મહારાજા અજીતસિંગજીની આણ વરતાવો, એજ મારી ઇચ્છા છે. અત્યાર સુધી પથ્થર સાથે માથું ફોડવું પડયું. માજી તેજબા અહીં આવીને દુર્ગાદાસને મદદ નહિ કરવાનું મને કહેવા લાગ્યાં. તેમની દલીલો બધી લાગણી વગરની, સ્વાર્થી ને પાપથી ભરેલી નીચ હતી. તેમણે દુર્ગાદાસ જેવા બહારવટીઆને મદદ કરી માંડાનું રાજ્ય જોખમમાં શા માટે નાંખવું, એવું કહ્યું. પણ એ કેવી સ્વાર્થી, નીચ ને દુષ્ટ લાગણી? ઉપકાર કરનારાને બહારવટીઓ કહેવો? પોતાના ધણીનું રક્ષણ કરનારને અને તેથીજ પોતાને માથે સંકટ ખેંચી લેનારને મદદ કરતાં અટકાવવું, એના જેવું બીજું કયું પાપ હશે? ભાઇ, એને પેટ મારો જન્મ થયો નથી તેજ સારૂં થયું છે. તેના કહેવાના મેં ખરા જવાબ આપ્યા ત્યારે તે મારા ઉપર ગુસ્સે થઇ ચાલી ગઈ.

માનસિંગે કહ્યું, બેન, એમનો સ્વભાવ મોજશોખી ને આ દુનીઆનાં ક્ષણિક સુખો ભોગવવાની લાલસાવાળો હોવાથી એ સુખ જેથી જોખમમાં પડે તે વાત તેમને ન ગમે એ સ્વાભાવિક છે. પણ તેમના કહેવાથી શું થવાનું છે? એમના કહેવાથી વીર સ્વદેશાભિમાનીઓ કાંઇ પાછા હઠી જવાના નથી. આજ રાતનાજ હું પ્રભુની મરજીથી દુર્ગાદાસની મદદે જઇ પહોંચીશ. તેજબાનાં પીયરીઆં સઘળાં પાદશાહના પક્ષમાં હોવાથી પણ એમને ડર લાગતો હોય. હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીજાતિ છે. પીયરીઆંનું જેવું લોહી હોય તેવીજ લાગણી એમનામાં હોય, તેમાં શી નવાઇ છે? હવે બેન, મને રજા આપો તો હું જઇને સઘળી તૈયારી કરી રાખું.

લાલબાએ કહ્યું કે ભાઇ, બહુ સંભાળથી ચાલજો. મારા કરતાં તમારી લાગણી દુર્ગાદાસ તરફ કે આપણા દેશ તરફ ઓછી નથી; એટલે એ વિષે કાંઇ કહેવાનું નથી. પણ જે કામ કરો તે વિચારથી, દૃઢતાથી ને હિંમતથી કરજો, પણ આંધળીઆં કરી અવિચારથી નકામા જીવને જોખમમાં નાખશો નહિ, કેમકે મારવાડમાં તમારા જેવી લાગણીના થોડાજ માણસો છે. વળી મુસલમાનોથી આપણો દેશ છવાઇ ગયો છે, માટે બહુ સાવચેતીથી જ દુર્ગાદાસને જઇ મળજો. દુર્ગાદાસની ભેળા થયા પછી તો એ ચતુર પુરૂષની આજ્ઞા પ્રમાણે ચાલવાનું છે, એટલે તેમાં જોખમ આવશે નહિ. આપણા તરફ ન્યાય ને સત્ય છે એટલે પ્રભુ આપણને સહાય કરશે. માટે ભાઇ, તમે જાઓ ને પરમેશ્વર તમારૂં રક્ષણ કરો. માનસિંગ બેનનો આશીર્વાદ લેઇ દરબાર ભણી ગયો.

માનસિંગે પોતાનાં માણસોને હથીઆર ભીડી સજ્જ થએલાં જોઇ વિચાર કર્યો કે આ માણસોને આજ સાંજે ત્રણસેં માણસો ભેગાં થવાનાં છે તેમની સાથે લેઇ જવા કરતાં કડકે કડકે દુર્ગાદાસ પાસે રવાના કરવાં એ સારૂં. સામટાં લેઇ જતાં રસ્તામાં મુસલમાનો મળે કે તેમના જાણવામાં આવે તો દુર્ગાદાસની સહાય રસ્તામાંજ રખડે. માટે થોડાં થોડાં માણસો કોઇ સારા માણસના સ્વાધીનમાં સોંપીને જુદે જુદે માર્ગે મોકલવાં એમાં ડહાપણ છે. હાલમાં આ માણસોને રૂપસિંગ ઠાકોરના સ્વાધીનમાં મોકલી દેઇએ ને રાત્રે ભેગા થનારના ત્રણ ભાગ પાડી ત્રણ રસ્તે રાત્રેજ રવાના કરીએ તો ઠીક. આવો વિચાર કરી તે પોતાના કાકા પાસે ગયો ને તેમને પોતાનો વિચાર જાહેર કર્યો. મહાસિંગને એ વાત ગમી. તેથી માનસિંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનાં માણસોને ભેળાં કરીને કહ્યું કે "ભાઇઓ, આપણે વિકટ કામ કરવાનું છે. તમે જાણોછો કે દુર્ગાદાસે આપણી ભૂમાતાને મુસલમાનોના પંજામાંથી છોડાવવા સોગન ખાધા છે. તેને પણ નિમાજ પઢતાં મસીદ કોટે વળગ્યા જેવું થયું છે. પરમાર્થ કરતાં મુસલમાનોનો કોપ માથે ખેંચી લીધો ને ઘરબાર વગરનો થયો છે. મારા કાકા મહાસિંગનો પ્રાણ ઉગારતાં અને ખરૂં કહીએ તો મારા ઘરની આબરૂ સાચવતાં આ જોખમ માથે આવી પડયું છે. આવો પરમાર્થી ને બહાદૂર દુર્ગાદાસ હમણાં મુસલમાનોથી ઘેરાઈ પડયો છે. એને સહાય કરી આપણા મારૂ દેશને સ્વતંત્ર કરવાને આપણે મદદે જવાનું છે. તે પવિત્ર ફરજ બજાવવાને તમને મદદે જવાને બોલાવ્યા છે. મુસલમાનોએ આખો દેશ આવર્ણ કરેલો છે. જ્યાં જાઓ ત્યાં મુસલમાનોનાં ઝોળાં ને ઝોળાં હથીઆર બંધ માલમ પડેછે. એ મુસલમાનો ચેતે નહિ તેવી રીતે સાવચેતીથી દુર્ગાદાસને જઈ મળી તેના હુકમ પ્રમાણે આપણે ચાલવાનું છે. જો કાંઇપિણ ઉતાવળ કે ગફલત કરવામાં આવી તો જીવનું જોખમ થાતાં પણ દુર્ગાદાસને મદદ આપી શકશો નહિ ને આપણું પવિત્ર કામ બજતાં અટકશે. આજ રાત્રે બીજાં ત્રણસેં માણસો આવવાનાં છે તે, ને તમે બધા સાથે જાઓ તે કરતાં આવા કટોકટીના વખતમાં છૂટક છૂટક ભિન્ન ભિન્ન આડફેટે માર્ગે જાઓ એમાં મને ડહાપણ લાગે છે. ઘણા મુસલમાનો આગળ આપણે તો સાગરમાં બિંદુ માત્ર છીએ. તે છતાં બહાદૂર રાઠોડો મુસલમાનોનું સંખ્યાબલ જોઇને હબકી જાય એવા નથી. છતાં હજુ જો કોઇને ઘરની, છોકરાંની ને સંસારની માયામાં જીવ ભરાયો હોય, જેને જીવવાંની આશા હોય–પોતાની ભૂમાતાને મ્લેચ્છના હાથમાંથી છોડાવવાની પવિત્ર ફરજ બજાવતાં તે શત્રુનો ઘાણ કહાડતાં રણમાં પડી સ્વર્ગમાં જવાની ઈચ્છા ન હોય, તેમણે સુખેથી ઘર ભેગા થવું. અધકચરા ઘણા હોય તે કરતાં દઢ મનના થોડા, ઘણાનું કામ કરેછે. માટે તમારામાં જો કોઇ ઢચુપચુ મનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો તેણે સુખેથી ઘેર જવું. એવાનું આ જીવસટ્ટાના જોખમમાં કામ નથી. જેને દેશ કરતાં ઘર કે દેહ વધારે વ્હાલો હોય, જેને માંડાનું લુણ હલાલ કરવું ન હોય, તે સુખેથી ઘેર સિધાવો. મહાસિંગનો પ્રાણ બચાવનાર દુર્ગાદાસને સંકટમાં જાણી ખુણે ભરાવાની ઇચ્છા રાખનાર ઘેર જાઓ. મહાસિંગના આ ભત્રીજાને રણમાં એકલો મૂકી, રણમાંથી ભાગી જઈ પોતાની દેહ સાચવનાર ઘરમુખા હમણાંથીજ ઘેર રહો. બોલો ભાઇઓ, કોઇને ઘર ભેગા થવાની ઇચ્છા છે? સઘળા એકે અવાજે બોલી ઉઠયા કે "જ્યાં માનસિંગ ત્યાં અમારો દેહ. એના લોહીના એક ટીપા માટે અમે અમારો પ્રાણ આપીશું. લડાઇમાંથી ભાગીને ઘર ભેગા થવાની ઇચ્છા રાખનાર સ્વાર્થી દેહરખા રાઠોડ આ ટોળામાં તો નથીજ. પણ મારૂ દેશમાંએ એવો મળવો મુસ્કેલ છે. તમારા હુકમ સાથે અમારો પ્રાણ છે. જ્યાં તમે ત્યાં અમે. પોતાની ભૂમાતાની સ્વતંત્રતા માટે નહિ મરી ફીટનાર મારૂ પુત્રોને ધિક્કાર હજો. માટે મહારાજા, અમને આજ્ઞા દો. શો હુકમ છે તે ફરમાવો."

આ જવાબ સાંભળી માનસિંગનું મન પ્રફુલ્લિત થયું. એણે એજ જવાબની આશા રાખી હતી ને તેજ જવાબ એને મળ્યો. માનસિંગે રૂપસિંગ રાઠોડ તરફ ફરીને કહ્યું કે ઠાકોર, હું આજ રાત્રે અત્રેથી નીકળીને દુર્ગાદાસ પાસે આવીશ તમે સાવચેત ને દુશ્મનના દેશદાઝના વીર પુરૂષ છો. માટે આ માણસોને રસ્તામાં સંભાલથી લેઇ જાઓ. આ સર્વે પાયદળ છે એટલે તેમને તમે સંભાળથી આડફેટે રસ્તે લેઈ જઇ શકશો. રાત્રે આવનાર સવારોને લેઇને હું પણ તમારીજ માફક આવવા નીકળીશ. રસ્તામાં મુસલમાનો મળે તો રસ્તો ચૂકાવી સંભાળથી દુર્ગાદાસ પાસે અરવલ્લીની ખીણોમાં લેઈ જજો. દુર્ગાદાસને ખબર કહેજો ને એ ફરમાવે તે પ્રમાણે કરજો વધારેમાં કહેજો કે જો બની શકે તો મારા આવવાની રાહ જો જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેમ કરવાનો સમય ન હોય તો હું કોઇપણ રીતે મળી શકીશ. માટે મારી રાહ જોવામાં ખરાબીનો સંભવ હોય તો તેમ ન કરતા. પછી તે લશ્કર તરફ ફરીને બોલ્યો કે ભાઇઓ, તમે આપણા શૂરા રૂપસિંગ ઠાકોર સાથે જાઓ ને રસ્તામાં તેમના હુકમમાં રહેજો. દુર્ગાદાસને મળ્યા પછી તેમની આજ્ઞા પાળજો, ને મારા દેહનું જેવા ભાવથી રક્ષણ કરો તેવીજ નિષ્ઠાથી રક્ષણ કરજો. એમ સાંભળી સઘળા માનસિંગને નમન કરી રૂપસિંગ રાઠોડ સાથે દુર્ગાદાસની તરફ જવાને નીકળ્યા.

માનસિંગ તેમને વિદાય કરી મહેલમાં આવ્યો તો ચોગાનમાં હથીઆર લેવાને ભેગા થએલા મહાસિંગના માણસો ઉભા હતા. તેમને મહાસિંગની રજા લેઇ હથીઆરખાનામાં લેઇ ગયો. મહાસિંગ પણ તેમની સાથે ગયો. ત્યાં તેમને હથીઆરો આપ્યાં એમ કરતાં અંધારૂં થયું. માનસિંગ વાળુ કરવા ગયો, મહાસિંગ પોતાનાં માણસોને શિખામણ આપે છે, એવામાં એકદમ દરબારનાં બારણાં ઉઘડયાં. મહાસિંગે બારણા તરફ નજર કરી તો રાવ ચંદ્રસિંગને દીઠો. મારવાડના મૂળ ધણી મંડોરના પડીઆર રજપુતો હતા. રાઠોડોની પડતી દશામાં તેઓ મંડોરનો કબજો કરી બેઠા હતા. રાઠોડોની ચડતીમાં તેઓ તેમને સ્વાધીન રહેતા ને પડતીમાં સ્વતંત્રપણે ચાલતા. પાદશાહે તેમને આ વખતે મારવાડનું રાજ્ય આપવાની લાલચ આપી હતી, તેથી તેઓ રાઠોડોની સામા પાદશાહી પક્ષમાં ગયા હતા. એ પડીઆરના રાવનો વંશજ આ ચંદ્રસિંગ હતો તે મહાસિંગની સ્ત્રી તેજબાનો દૂરનો સગો હતો. ચંદ્રસિંગને જોઇને મહાસિંગે કહ્યું કે આમ ઓચિંતું તમારે કેમ આવવું પડયું ? ચંદ્રસિંગે કહ્યું કે આલમગીર પાદશાહનું વારંટ લેઇ આવ્યોછું. ને આજથી તમે મારા કેદી થયાછો. માટે આ ગઢનો કબજો સોંપો. મહાસિંગે કહ્યું કે જ્યાં સુધી આ ગઢમાં એક પણ જીવ હયાત હશે ત્યાં સુધી કબજો આપવાનો નથી. ચંદ્રસિંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, નકામાં ફાંફાં શા માટે મારો છો? તમે દરવાજા બહાર એકઠાં કરેલાં તમારાં માણસો અમે પકડી લીધાં છે, ને તેમનાં હથીઆર મૂકાવી કેદ કર્યાં છે. હવે પાદશાહ સામા થવામાં માલ નથી. તમારાં આ માણસોને હુકમ કરો કે હથીઆર આપી દે ઔરંગઝેબ પાદશાહ આપણો ધણી છે, તેના સામા બળવો કરી રાજ્યદ્રોહ કરવો તમને લાજમ નથી. એ સાંભળી પાસે ઉભેલો એક જુવાન રાઠોડ બોલી ઉઠયો કે ઔરંગઝેબનો શત્રુ હોય તેજ અમારો ધણી છે. અને તેના વગર અમે બીજાને અમારાં હથીઆર આપી અમારી જાત લજવીશું નહિ.

ચંદ્રસિંગની સાથેજ મુસલમાન સરદાર ઈનાયતખાન પણ હતો જુવાન રાઠોડનાં આ વેણ સાંભળી ઈનાયતખાનને રીસ ચઢી તેથી તે બોલ્યો કે રાજ્યદ્રોહી લેતો જા, એમ કહી તરવારના એકજ ઝટકાથી તે અસાવધ રાઠોડનું માથું નીચે પાડયું. આ ખુન થએલું જોઇ સઘળા રાઠોડોએ તરવારો ખેંચી. મુસલમાનો પણ હથીઆર બંધ આવેલા હતા એટલે મારામારી ને કાપાકાપી ચાલી. મહાસિંગ શક્તિહિન હતો તેના ઘા હજુ રૂઝાયા નહોતા. તેને હથીઆર પકડવાની હજુ શક્તિ આવી નહોતી; તેથી તે સ્તબ્ધ થઇ ગયો. પોતાનાં બહાદૂર માણસોને મુસલમાનોમાં કેર વરતાવતાં જોઇ એક ક્ષણે તે ખુશી થતો અને બીજી ક્ષણે બીજાં નવાં મુસલમાન ટોળાં બારી બારણા વાટે એક પછી એક દોડી આવી મારવાડીઓને કાપતા જોઇ તે દીલગીર થતો. ઘણા મુસલમાનો આગળ આ મુઠીભર રાઠોડ શી ગણત્રીમાં? થોડા વખતમાં તેઓ એકેએક જમીનપર પડયા. તેમાં કેટલાક ઘાયલ થએલા ને કેટલાક મરણ પામેલા હતા. કેટલાક મહાસિંગની પાસે તેના ઉપર થતા ઘા પોતાના ઉપર ઝીલવાને ઝંપલાવી પડયા હતા. મહાસિંગે પોતાનાં માણસોને તાબે થવાનો ને હથીઆર મૂકી દેવાનો હુકમ કર્યો. પણ એ તડાતડીના વખતમાં તેનું કહ્યું કોઇએ સાંભળ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાનપર લીધું નહિ. તેણે વજ્ર હૈયાના ચંદ્રસિંગને અને ઇનાયતખાનને આ ખુનામરકી અટકાવવાને વિનવ્યું, પણ તે વ્યર્થ ગયું.

છેવટે એ જગાએ લોહીની નીકો ચાલી ને મુડદાંના ઢગલા પડયા. માણસોની ગીરદીથી ગરમી એટલી થઈ કે ઈનાયતખાને પંડે એ લડાઈ અટકાવી. ખુનામરકી બંધ પાડી, હથીઆરો મ્યાન કરવાનું કહી મહાસિંગને બીજા ઓરડામાં લેઇ જવાનો હુકમ કર્યો.

તે વખતે લાલબા ગઇ રાતનો ઉજાગરો હોવાથી પોતાના ઓરડામાં જઇ સુતી હતી; તેથી દરબારમાં શું બન્યું તે એને માલમ નહોતું.

પણ માનસિંગ તો ચંદ્રસિંગ આવ્યો ત્યારે મહાસિંગના ખાટલા પાછળ પડદા પાસે ઉભેલો હતો. તેણે ચંદ્રસિંગે કહેલી કિલ્લો ઘેર્યાની ને કોટબહાર ભેગાં થએલાં માણસો કેદ કર્યાની વાત સાંભળી કે લડાઇ ચાલતાં પહેલાંજ ચાલતી પકડી હતી. તે પાછલે બારણે લાગલો લાલબાના ઓરડામાં પેઠો તો લાલબાને ભર ઉંઘમાં પડેલી દીઠી. તેણે લાલબાને ઢંઢોળીને ઉઠાડી કહ્યું કે બેન, ચાલો, ઉઠો, નાસો. જીવ લેઇને હમણાજ નહિ નાસીએ તો પછી આપણે મુસલમાનોને હાથ કેદી થઇ પડીશું. ચંદ્રસિંગ પડીઆર ને પેલો પાપી ઈનાયતખાન મુસલમાની લશ્કર લેઈ આવ્યા છે, ને તેમણે આ કિલ્લો ઘેરી લીધો છે.

લાલબાએ કહ્યું, પણ ભાઇ, મારા બાપા ક્યાં છે! એમને મૂકીને આપણાથી નાશી કેમ જવાય!

માનસિંગે કહ્યું કે બેન, તમારા પિતાની ઉપર દયાની ખાતર તમે નાસો. જો તમે ચંદ્રસિંગના હાથમાં સપડાયાં તો પછી તમારો પિતા તેના હાથમાંથી તમને છોડાવવાને અશક્ત હોવાથી તેને કેટલું લાગશે, તેનો વિચાર કરો. ચંદ્રસિંગ કોઇપણ ઉપાયે તમને વરવાને ખંતી છે. ને એ રાંડોડાના શત્રુને પરણવા તમે નામરજી બતાવી છે. એવા રાંડોડ શત્રુના હાથમાં તમે શું હાથે કરીને જવા માગોછો? માટે નાસવું હોય, અને તેના પંજામાં સપડાતાં બચવું હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી સાથે ચાલો. એવામાં અંદરના ભાગમાં હથીઆરોનો ખડખડાટ ને સ્ત્રીઓનું રૂદન સંભળાયું. લાલબાએ માનસિંગનો હાથ પકડયો ને કહ્યું કે ભાઇ, મને સલામત જગાએ લેઈ જાઓ. ઓ પ્રભુ, મારા પિતાનું રક્ષણ કરજે.

રાજ્ય મહેલમાંથી બહાર નીકળવાનું એક ભોંયરૂં હતું. ત્યાંથી સળંગ ખોદેલી હતી. તે રસ્તે કિલ્લા બહાર એક જોગીના મઠમાં જવાતું હતું. માનસિંગને એ સળંગની માહિતી હતી. તેથી બંને જણ એ સળંગ વાટે જવાને ભોંયરામાં ઉતર્યા. ભોંયરામાં એક પગથીઉં ઉતર્યા પછી માનસિંગે કહ્યું કે આમાં સીધા ને સીધા જઇશું તો મહેંદ્રનાથ બાવાના મઠમાં જવાશે. લાલબાએ કહ્યું પણ મારા પિતા ને તેજબાની શી વલે થશે? આવા ભયમાં તેમને મૂકીને મારાથી હવે આગળ નહિ ચલાય.

માનસિંગે કહ્યું બેન, તમારા પિતાને ભય નથી. તેઓ વધારેમાં વધારે તેમને કેદી કરશે. પણ ઘણું ભયતો ચંદ્રસિંગના હાથમાં તમે સપડાઈ જાઓ તેનું છે. તમને સલામત જગાએ મૂકયા પછી હું તરતજ બહાદૂર દુર્ગાદાસને જઈ મળીશ; અને તમારા પિતાને છોડાવીશ. એ બાબતની બહુ ચિંતા રાખશો નહિ. આપણે જલદીજ પાછાં હરીચ્છાથી એકઠાં થઇ શકીશું.

લાલબાએ કહ્યું અરે! પણ પેલા નાથુની શી વલે થશે? મુસલમાનો જાણશે કે એ દુર્ગાદાસનો માણસ છે, તો એ નિર્દય લોક એને તરતજ મારી નાખશે. માનસિંગે કહ્યું, જો તમને આ અંધારામાં એકલાં ઉભાં રહેવાની હિંમત હોય તો હું પાછો જઇ તજવીજ કરી આવું. લાલબાને હિંમત તો ઘણીએ હતી. પણ પાછા જતાં માનસિંગ જોખમમાં આવી પડશે, એમ તેને લાગ્યું. લાલબાને હિંમતથી ત્યાં ઉભાં રહેવાનું કહી માનસિંગ પાછો જવાને તૈયાર થયો. જતી વખતે પોતે પણ કદાચ મુસલમાનોના હાથમાં મરી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દેહેશત ખાઈ લાલબાને કહ્યું કે, મને પાછા આવતાં વાર લાગે તો તમે સીધાં સીધાં જજો એટલે છેવટે ઉંચે ચડવાનાં પગથીઆં આવશે, તે ચઢશો એટલે એક બારણું આવશે તે ઉઘાડશો કે મહેંદ્રનાથ બાવાના મઠમાં જવાશે. તમે મારે માટે લગાર પણ ભય ધરશો નહિ.

લાલબાએ કહ્યું, હું ભોંયરામાં પેસવાના મોં આગળજ તમારી રાહ જોઈશ. તમે જલદીથી પાછા આવજો. એમ બોલી બંને પાછાં વળ્યાં. પગથીઆં ચઢી માનસિંગ બારણું ઉઘાડી નીકળ્યો ને બારણાં વાસી લાલબાને અંધારામાં એકલી મૂકી બહાર જે ઓરડામાં થઈને જવાતું હતું તે ઓરડામાં કેટલાક મુસલમાનો આવતા જણાયાથી તે એક દૂરના ખુણામાં પટારો હતો ત્યાં સંતાઈ બેઠો.

એ મુસલમાનો દારૂ પીવાને આવ્યા હતા. તથા પોતાના સરદારો માટે દારૂ લેઈ જવાને આવ્યા હતા. એ ઓરડો દારૂ રાખવાનો હતો. ત્યાં કિલ્લાનો રસોઇઓ દારૂ આપવાને નાખુશીથી સાથે આવ્યો હતો. કેટલાક દારૂના સીસા લેઈ ચાલ્યા ગયા ને કેટલાક દારૂ ઢાંસવાને પાછળ રહ્યા. તેઓ ખૂબ દારૂ ઢાંસી છાકટા થઇ પડયા. માનસિંગ એક કલાક છૂપાઈ રહ્યા પછી જ્યારે સઘળા શાંત પડયા ને ઘોરવા લાગ્યા ત્યારે બહાર નીકળી ધીરે ધીરે ચાલ્યો. ઉંઘતા શત્રુને મારવો એ રાજપુતનું કામ નથી એમ વિચારી એણે તેમને છેડયા નહિ ને આગળ ચાલ્યો. જેવો એ બીજા ઓરડાનું બારણું ધીરેથી ઉઘાડે છે કે બે જણા બહાર આવ્યા. દીવાના ઝાંખા અજવાળામાં માનસિંગને જણાયું કે આગળ આવેલો મુસલમાન છે. ગાફલ રહ્યાથી ઉગરવું મુસ્કેલ છે—આપણાં સોએ વરસ હમણાંજ પૂરાં થશે, માટે મરવું તોપણ મારીને મરવું એમ વિચારી આગળ આવેલા મુસલમાનની ગળચી પકડી એટલે પાછળ રહેલો બોલી ઉઠયો કે, હાં હાં, મહારાજ, એતો આપણો ખુદાબક્ષ છે. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારશો નહિ. માનસિંગે હાથ મૂકી દીધો. એ જેને ખોળવા માટે જતો હતો તે આ રીતે અણધાર્યા આવી મળ્યાથી ખુશી થયો. કેમકે એ બૂમ પાડનાર નાથુ હતો. પણ નાથુના બૂમાટથી પેલા દારૂડીઆ મુસલમાનો જાગી ઉઠયા હશે એવું વિચારી તેણે ખુદાબક્ષને સજ્ઞા કરી બોલતો અટકાવ્યો ને પોતાની પાછળ આવવાની સૂચના કરી. તેમને ભોંયરાના બારણા આગળ લેઇ જઇ બંનેને ભોંયરામાં ઉતરવાને ચેતાવ્યા, ને પોતે એક છાકટો મુસલમાન લગાર હાલ્યો હતો તેના ઉપર તરવાર ઉગામી ઉભો રહ્યો. એટલા માટે કે જો તે લગાર ચેંચું કરે તો તેને તેજ ક્ષણે પૂરો કરી નંખાય. એવામાં ખુદાબક્ષ અંદર ઉતર્યો કે લાલબાએ એક મુસલમાનને અંદર પેસતો જોઈ બૂમ પાડી. ખુદાબક્ષે લાલબાને ધારેથી સમજાવી એટલે તે ને નાથુ અંદર પેઠા. પણ લાલબાની બૂમથી કેટલાક મુસલમાન ઝબકી ઉઠયા. તેઓ માનસિંગ ઉપર તૂટી પડયા. માનસિંગ તૈયારજ હતો. પણ એક પછી એક એમ ઘણા જાગ્યાથી આપણે અહીંજ પૂરા થઇ જવાના એવું ધારી તેણે ત્યાં દીવો હતો તે એકદમ ઓલવી નાંખ્યો. અંધારૂં થયું ને એક બીજાને ઓળખતા બંધ થયા એટલે તેમને દારૂના જોમમાં માંહોમાંહે કાપાકાપી ચલાવવા દેઇ, માનસિંગ લાગ સાધી ભોંયરામાં ઉતરી પડયો ને બારણાં બંધ કર્યાં. આ બનાવ એટલો થોડા વખતમાં બન્યો કે તે અંદર ઉતર્યો ત્યારે તેને લાલબા ને પેલા બે જણાને જતાં પગલાંની પડઘી સંભળાઈ. થોડી વારમાં ચારે જણાં એકઠાં થયાં ને આગળ ચાલ્યાં.

સળંગની સામી બાજુએ જતા સુધીમાં તો લાલબા થાકથી ને ભયથી બેભાન થઇ ને છેડાના બારણા આગળ પડતી પડતી માનસિંગે પકડી લીધી. બારણું ઉઘાડી બહાર આવ્યાં કે એક ઓરડો આવ્યો. તેમાં મહેંદ્રનાથ બાવાની સાદડી હતી તે ઉપર લાલબાને સુવાડી થોડું પાણી છાંટયું એટલે તેણીએ આંખો ઉઘાડી. પોતાની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંગને બેઠેલો જોઇ સાનંદાશ્ચર્યનાં આંસુથી લાલબાની આંખો ભરાઇ ગઇ. તે બોલી ભાઇ, હું તો ધારતી હતી કે તું તો મહેલમાંજ રહયો હશે. પ્રભુ તારૂં રક્ષણ કરો. માનસિંગે કહ્યું કે બેન, આપણે પ્રભુનો પાડ માનો કે આપણે બંને સલામત મઠમાં આવ્યાં છીએ. મહેંદ્રનાથના મઠમાં હવે તમારૂં કોઈ નામ લેનાર નથી. લાલબાએ કહ્યું, પણ ભાઇ, મારાં માબાપની શી વલે થઈ હશે ?

નાથુએ કહ્યું બા, તે વાતની તમે ફીકર કરશો નહિ. કિલ્લામાં તજવીજ કરતાં તમારો પત્તો ન લાગ્યો એટલે ઇનાયતખાને તેજબાને મહાસિંગ ઠાકોર સાથે સોજીતગઢમાં રાખવાનો ઠરાવ કર્યો છે. ત્યાં તેમને ઓરંગઝેબ પાદશાહનો હુકમ આવતા સુધી માન મરતબાથી રાખવામાં આવશે એવું ઇનાયતખાન બોલતો હતો. લાલબાએ કહ્યું, પણ અરે ! હવે દુર્ગાદાસનું શું થશે ? અરેરે ! એમને જે મદદ મોકલવાની હતી તે હવે ક્યાંથી મોકલવાની ને કોણ મોકલનાર ! અને મદદ વગર એ કે ભાઇ, તું મારાં માબાપને આ જુલમમાંથી શી રીતે છોડાવી શકવાના ? માનસિંગે કહ્યું બેન, તમે ના ઉમેદ શા માટે થાઓ છો ? શું, દુર્ગાદાસે કહાવ્યું નથી કે "સ્વદેશાભિમાનીને પ્રભુ સહાય કરે છે" ? એ સત્ય છે. અને તમે પ્રભુ ઉપર વિશ્વાસ રાખો. એટલે તમારા પિતા માટે ભય રાખવાનું કારણ નથી. હું કાલે દુર્ગાદાસને જઇને મળીશ. હજુ કેટલાક માણસો તો મારી રાહ જોતા ખડકોમાં રહેલા છે. હું તેમને લેઈ દુર્ગાદાસને જઇ મળીશ. અને કદાચ મારા કાકા માટે કાંઈ પણ દગો માલમ પડયો તો અમે સોજીતગઢને મૂળમાંથી ઉખેડી નાંખીશું.

લાલબા વિચારવા લાગી કે હશે, પ્રભુની એવી ઇચ્છા હશે. તે જે કરતો હશે તે સારાનેજ માટે હશે. માનસિંગે આપેલી આશા ઉપર તેને ઝાઝો ભરોંસો આવ્યો નહિ. એટલામાં ખુદાબક્ષ બગલમાંથી એક લોઢાની પેટી કહાડી આગળ આવ્યો ને તે પેટી માન૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંગના હાથમાં મૂકી તે બોલ્યો કે મહારાજ, આ ધાતકી પેટી તમારા કાકાએ મહેંદ્રનાથને સોંપવા માટે મને આપેલી છે. માનસિંગે કહ્યું કે એમાં શું છે? મેં એ પેટી કોઈવાર જોઇ નથી. ખુદાબક્ષે કહ્યું કે એમાં શું છે તે હું જાણતો નથી. પણ એટલું જાણું છું કે એ પેટી દુર્ગાદાસની છે. લાલબાએ કહ્યું કે એમ કે? જો એમાં ખજાનો હોય તો તે દુર્ગાદાસ તરફ કાં મોકલતા નથી? એમને આવે વખતે તે બહુ કામ લાગશે. માનસિંગે કહ્યું, પણ પ્રમાણિક સિપાઇ, તમે એ પેટીસાથે શી રીતે બચી આવ્યા? ને આ નાથુ પણ કેમ બચી આવ્યો? મને એ કાઇ સમજાતું નથી. શો ઈશ્વરી ચમત્કાર છે?

ખુદાબક્ષે જવાબ દીધો કે ઇનાયતખાન અને ચંદ્રસિંગ કિલ્લામાં આવ્યા ત્યારે મને સમજાયું કે હવે રજપુતી પોશાક છોડી મુસલમાની પોશાક પહેર્યા વગર ઉગરવાનો આરો નથી. તેથી મુસલમાની પોશાક પહેરીને હું મુસલમાની લશ્કર ભેગો સામેલ થઇ ગયો. મુસલમાની પોશાક ને ભાષાથી મારા ઉપર કોઇને વહેમ આવ્યો નહિ. તેમણે ધાર્યું કે હું પણ તેમનામાંનોજ એક જણ છું. એ રીતે બધા સાથે હું પણ અંદર પેઠો. મારામારી બંધ પડી શાંતિ થઈ કે હું મહાસિંગ મહારાજના ઓરડામાં પેઠો. ત્યાં મહારાજ શોકાતુર સ્થિતિમાં એકલા બેઠેલા હતા. તેઓ ધારતા હતા કે તમે, લાલબા ને તેજબા પણ દુશ્મનોની તરવારનાં ભોગ થઈ પડયાં છો. ઓરડામાં મને છૂટો ચાલતો જોઈ મહારાજને નવાઈ લાગી. પણ હું શી રીતે બચી છુટયો તે વાત તેમને કહી સંભળાવી. મેં તેમને ખાતરી પૂર્વક કહ્યું કે આ ખુનામરકી વખતે મેં માનસિંગને જોયાજ નથી. આ ઉપરથી ઠાકોરને આશા પડી કે તમે બચી ગયા હશો. પછી મેં કહ્યું કે ચંદ્રસિંગ પડીઆરને તેજબાને લેઇ લાલબાના ઓરડા ભણી જતાં મેં જોયો. રસ્તામાં તે બોલતો હતો કે તમને માન મરતબાથી લેઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવામાં આવશે. એથી ઠાકોરને જરા નિરાંત વળી. પછી ઠાકોરે મને પૂછ્યું કે આ આફત આપણા ઉપર અણચિંતી શી રીતે આવી! ઇનાયતખાને કેમ જાણ્યું કે હું મારા દેશ માટે બળવો કરનાર છું?

ખુદાબક્ષ એ વાત કહેતો હતો એવામાં માનસિંગે પણ એજ સવાલ પૂછ્યો. ખુદાબક્ષે કહ્યું કે એનું કાંઇ નક્કી કહેવાય નહિ. સિપાઇઓ માંહો માંહે વાતો કરતા હતા તે ઉપરથી માત્ર એટલું જણાય છે કે ઇનાયતખાન પાસે એક સીલબંધ પાકેટ ગઇ રાતના મોડેથી સોજીતગઢ આવ્યું. ચંદ્રસિંગ પણ ત્યાંજ હતો. તે તેજ વખતે પોતાનાં માણસો રાખેલાં હતાં તેમને લેવા ગયો. ને માંડા નજીકના નાળા આગળ ઇનાયતખાનને આવી મળ્યો. પછી શું થયું તે તમે જાણોછો. પણ એટલેથીજ આ ખુનામરકી અટકાવાની નથી. હજુ તો બહાદૂર દુર્ગાદાસ. * * *

લાલબા એ સાંભળી ગભરાટમાં પડી. માનસિંગે પૂછ્યું કે વળી એનું શું છે? ખુદાબક્ષે કહ્યું કે નહિ, એની જાતને હજુ સુધી કાંઇ નુકશાન થયું નથી. પણ ઇનાયતખાને જે વખતે કેટલાક લશ્કરને માંડે આવવા હુકમ આપ્યો, તેજ વખતે કેટલાકને દુર્ગાદાસને નાશીજતો અટકાવવા માટે મોકલ્યા છે. માનસિંગે કહ્યું કે અરે! એ ઘાતકી પાકેટ, એજ દગાખોર છે. માંડેથી કોઇ દગાખોરે એ પાકેટ લખેલું હશે. નહિતો એ એવડી ખબર એને શી રીતે મળે? એ પાકેટ લખનારાનું સત્યાનાશ જજો. હે, પ્રભુ, એ લખનાર અને તેના વારસો ગુલામગીરીની બેડીમાં સજ્જડ જોડાજો. નાથુ ને ખુદાબક્ષે પણ એવોજ શાપ દીધો, ને લાલબા એ સાંભળી કંપવા લાગી.

ખુદાબક્ષે કહ્યું કે જ્યારે આ ખબર મેં માનસિંગ ઠાકોરને કહી ત્યારે તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં તો મુસલમાનોની નજર ચૂકાવી અગાઉ ગએલા માણસો સાથે માનસિંગ દુર્ગાદાસને જઇ મળ્યો હશે. આ વાત કરતાં એમને એ પેટીની યાદ આવી. તેમણે મને કહ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રાબક્ષ, સામેનું બારણું ઉઘાડી અંદર જઇ પેલી લોઢાની પેટી છે તે કમરે બાંધ. મેં તેમ કર્યું એટલે બોલ્યા કે આ મકાનમાંથી છૂપી રીતે નાસી જવાનો એક માર્ગ છે. આ સામેના ઓરડામાંથી એક નાની બારી ઉઘાડી પગથીઆં ઉતરતાં મંદિરમાં જવાશે. ત્યાં એક મૂર્ત્તિ છે, તેની પાછળ એક રસ્તો છે તે રસ્તે થઇને આ મઠમાં શારીતે અવાશે તે બધું મને યથાસ્થિત કહી સંભળાવ્યું. પછી કહ્યું કે આ પૂજાપાત્ર લે ને મઠમાં ગયા પછી એ મઠના બાવાને આપી કહેજે કે આ પૂજાપાત્ર ઠાકોરે નિશાની દાખલ આપ્યું છે ને કહ્યું છે કે આ પેટી તમે તમારા જીવની પેઠે સાચવજો ને હું, મારાં છોકરાં ને દુર્ગાદાસ કે જે એનો ખરો માલિક છે, તે સિવાય કોઇને આપશો નહિ ને અંદર શું છે તે જોશો નહિ.

નાથુએ કહ્યું, સાહેબ, એ પેટી દુર્ગાદાસની નથી. એમણે એ પેટી કલ્યાણગઢ દુખનો વરસાદ વરસાવાને આણીજ નહોતી. એ તો કોઇની સુપરત કરેલી છે. અરે ! અપશુકનીઆળ સુપરત, એમાં ગમે તે હોય, પણ એ જ્યાં જાય છે ત્યાં શોક ને ખુનનો વરસાદ વરસાવે છે. અને જ્યાં જ્યાં રાખી ત્યાં ત્યાં લડાઇ ને ખુન ચાલે છે. હું ઇચ્છુંછું કે મારો માલિક કોઇવાર એ પેટીનું ફરીને મોંજ ન જુએ. એટલે લાલબાએ ધીમેથી કહ્યું કે “ ખરેજ એ ફરીને ન જુએ તો સારૂં.

લાલબાએ માનસિંગ તરફ ફરીને કહ્યું કે ભાઈ, મેં બહુ ઉતાવળથી મોટી મોટી આશાઓ બાંધી. હવે મારૂ દેશની સ્વતંત્રતાની આશા કયાં ગઇ? મારા પિતા કેદી થયા છે ને દુર્ગાદાસ ઘેરાઈ ગયો છે. હવે મારી એ આશાઓ કેમ ફળી ભૂત થવાની ? એમ કહેતાં કહેતાં એની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. માનસિંગે કહ્યું કે બેન, એમ નિરાશ માં થાઓ. આપણે મહાન કાર્ય કરવાનું માથે લીધું છે, તેમાં એ તો માત્ર શરૂઆતમાં પડતી અડચણો છે. એ મહાન કાર્ય ફતેહ કરતાં વખતે વખતે નિરાશા ને નાઉમેદી થાય, એવા બનાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બનવાના. પણ તેથી આપણે ગભરાઇને નાહિંમત થવાનું નથી. સંભાળ, ત્વરા ને ધીરજ શીખવવાનેજ પરમાત્મા આવી અડચણો પાડી આપણને શીખામણ આપે છે. જો બેન, એ તો યોદ્ધાને શિર લખેલુંજ છે. યોદ્ધાએ તો એથી ગભરાઇને ના ઉમેદ થવું ન જોઇએ.

માનસિંગના કહેવાથી ધીરજ પકડી લાલબાએ કહ્યું કે ખુદાબક્ષ. વારૂ, મારા પિતાજીએ આ મઠમાં આવવાનો લાભ કેમ ન લીધો ? ખુદાબક્ષે કહ્યું કે, મેં એમને કહ્યું કે તમે પણ મારી સાથે ચાલો. ત્યારે એ બોલ્યો કે ના, હું એમ કરૂં તો મારી સ્ત્રીને છોકરાંની કોણ સંભાળ લે. માટે તું જા ને હું તો અહિંજ મારા નસીબને આધીન થઈશ. જેને પ્રભુના ઉપર વિશ્વાસ છે, તે પ્રભુ વગર બીજા કોઈથી ડરતો નથી. આવું સાંભળી હું ત્યાંથી મને બતાવેલે રસ્તે અહિં આવવા નીકળ્યો. મંદિરમાં આવ્યો તો નાથુને ધુંટણીએ પડી ખુદાની બંદગી કરતો દીઠો. હું તો ધારતો હતો કે નાથુ મહેલમાંની લઢાઇમાં માર્યો ગયો હશે. કેમકે મેં એને તે પછી દીઠો નહોતો. મેં એને સઘળી હકીકત ટુંકામાં કહીને મારી સાથે ચાલવાને કહ્યું. અમે બંને મૂર્ત્તિની પાછળ થઈ બહાર નીકળી આવતા હતા કે તમે મળ્યા. અમે મંદિરમાં હતા ત્યારે મેં ઇનાયતખાનને અને ચંદ્રસિંગને દીવાનખાનામાં બૂમો પાડતા સાંભળ્યા. ઇનાયતખાને પોતાનાં માણસોને હુકમ આપ્યો કે લાલબાનો પત્તો લાગતો નથી. રાણીને અને તેનાં બે છોકરાંને ઠાકોરથી જૂદાં પાડવામાં નહિ આવે. તેમને મારા કેદી તરીકે સોજીત લઇ જવામાં આવશે. લાલબા બોલી કે, એ સારૂ થયું. મારાં માજી સાથે હોવાથી મારા પિતાને શાંતિ થશે.

ખુદાબક્ષે કહ્યું કે પણ જો તમે મળ્યાં હોત તો જૂદોજ બનાવ બનત. ઈનાયતખાનના એક માણસે મને કહ્યું હતું કે ચંદ્રસિંગે તમને ને તેજબાને મંડોર લેઈ જવાનું ધાર્યું હતું, અને માત્ર ઠાકોરનેજ સોજીતગઢ લઈ જવાના હતા. જ્યારે તમારો કાંઈ પત્તો ન લાગ્યો ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રસિંગ એટલો ગુસ્સે થયો કે, તેણે ઇનાયતખાન ઉપર આરોપ મૂક્યો કે તમે તેજબા સાથે મળી જઇ મને ઠગ્યો. આ તકરાર ચાલતી હતી તે સાંભળતા સાંભળતા અમે આવતા હતા, એટલામાં તમે મળ્યા.

ચંદ્રસિંગના કબજામાં જતાં કેટલી વાર હતી તેનો વિચાર આવતાં લાલબા કંપવા લાગી. કેમકે ચંદ્રસિંગ ઘાતકી, મજબૂત બાંધાનો, દગાખોર ને પાપિષ્ટ હતો. એનામાં સઘળા દુર્ગુણો ભરેલા હતા. અને એથીજ લાલબા એને વરવાને નારાજ હતી. એણે બે વાર ચંદ્રસિંગનું માગુ પાછું ફેરવ્યું હતું. વળી તે પડીઆર હતો. રાઠોડોએ પડીઆરોનું રાજ્ય લેઈ લીધું હતું. રાઠોડોના બળથી તેઓ તાબે થઇ રહ્યા હતા. પણ આ વખતે રાઠોડોની પડતી થયાથી તેઓ ઔરંગજેબ પાદશાહને મળી ગયા હતા. પાદશાહે તેમને રાઠોડોની જગાએ મારૂ દેશનું રાજ્ય આપવાની લાલચ આપી હતી. તેથી તેઓ દેશદ્રોહી થઇ રાઠોડો ઉપરનું જુનું વેર જાગૃત કરી તેમની સામા પડયા હતા. એ પડીઆરોનો આગેવાન ચંદ્રસિંગ હતો. તેથી પણ લાલબા તેને વરવાને બીલકુલ ખુશી નહિ હતી. વળી માંડાનો કબજો લેવાનો ઠરાવ કર્યો ત્યારે એ બોલ્યો હતો કે જો એ અભિમાની રાઠોડપુત્રી મારે હાથ આવે તો એને બતાવું કે ચંદ્રસિંગ સાથે વરવાની ના પાડવાથી કેવું ફળ મળેછે? તે લાલબાને જેટલું દુઃખ દેવાનું ચંદ્રસિંગે ધાર્યું હતું તેનો સોમો ભાગપણ લાલબાના સમજ્યામાં નહિ હશે. એવો એ દુષ્ટ ને દ્વેષી હતો. તો પણ લાલબા એ પાપીના હાથમાં જતાં છટકી આવી તે સારૂ તેણીએ તેના ભાઇનો ઉપકાર માન્યો.

એટલામાં એ મરૂડીનું બારણું ઉઘાડી બાવાજી અંદર આવ્યા તો આ બધાને જોઇ આશ્ચર્ય પામ્યા. એટલે માનસિંગે માથે ઢાંકેલું કપડું કહાડી નાંખ્યું ત્યારે બાવાજીએ તેને ઓળખ્યો. તેણે કહ્યું કે કેમ, માનસિંગ, આવે વખતે તમે બધા ક્યાંથી આવ્યા? ને આ શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલબા છે? એમને અહિં કેમ લાવવાં પડ્યાં? આ સવાલો સાંભળી માનસિંગે બધી વાત ટુંકામાં કહી સંભળાવી ને કહ્યું કે હમણાં તો લાલબા તમારીજ પાસે તમારા આશ્રમમાં રહેશે. જ્યારે ઈશ્વરેચ્છાથી મારા કાકા છૂટા થઈ લાલબાને બોલાવવા આવે ત્યારે તેમને સોંપજો. તે વખતે તેઓ આપનો ગુણ નહિ ભૂલે.

હવે ખુદાબક્ષ ઉભો થયો ને પેલું સુવર્ણ પૂજાપાત્ર નિશાની દાખલ આપીને બાવાજીને કહ્યું કે આ પેટી આપની સંભાળમાં રાખવાનું મહાસિંગ ઠાકોરે કહાવ્યું છે, એમ બોલી જે સૂચના આપવાની હતી તે આપી પેલી પેટી બાવાજીને સોંપી. આ હકીકત સાંભળી મહેંદ્રનાથ બાવો બહુ દિલગીર થયો. તેણે લશ્કરી માણસોને ત્યાં થઈ જતાં સાંભળ્યા હતાં; પણ તે ધારતો હતો કે એ માણસો મહાસિંગ ઠાકોરનાં માણસો હશે. તેણે પેટી લેઈને મંદિરમાં મૂર્ત્તિ નીચે મૂકીને બોલ્યો કે મહારાજ મહાસિંગજીએ જેવા ભરોંસાથી આ કામ મને સોંપ્યું છે તેવાજ ભરોંસાથી તેને સાચવી રાખવામાં આવશે. પછી તેણે ખુદાબક્ષને કહ્યું કે હે! સદ્ગુણી મુસલમીન, હું તમને મારાં આ ભગવાં કપડાં આપું છું તે પહેરો, એટલે તમારૂં કોઇ નામ નહિ દે. એ રીતે તમે અહિંથી અજમેર ઉપર થઇ સલામતીથી પાદશાહને મળી શકશો. ખુદાબક્ષે માથું નમાવી કબુલ કર્યું. પછી બાવાજી લાલબા તરફ ફરીને બોલ્યા કે, બેટા, તું આ પાસેની ઓરડીમાં રહેજે. અને તારી પાસે દાસી તરીકે કામ કરવાને આ પાસેનાં ઝુંપડામાંથી એક બાઇને બોલાવી લાવીશ. પછી નાથુ તરફ ફરીને બોલ્યા કે ડોસા, તમે તો હવે સ્મશાનમાં જવાની અણીપર આવેલા છો. હવે તમે આ જગાએ આ ભગવાં વસ્ત્ર પહેરીને ઈશ્વરની સ્તુતિ કરો. એ સાંભળી નાથુની આંખમાં પાણી આવ્યાં. તે બોલ્યો કે બાવાજી હું તમારો ઉપકાર માનુંછું. ખચીત હવે હું મારી આ સંસારસાગરની મુસાફરી પુરી કરવાની અણીપર આવેલોછું. હવે હું મારા માલિકને રણક્ષેત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગી થાઉં એવો રહ્યો નથી. તોપણુ મારા આયુષ્યની છેલ્લી ઘડી સુધી હું આ મઠમાં રહી પ્રભુની પ્રાર્થના કરીશ કે તે પ્રભુ મારાં માજીના આત્માને શાંતિ આપે અને મારા માલિકને કુશલ રાખી તેમના મહાન કાર્યમાં ફતેહ આપે. બાવાજી, આપે મને આશ્રમ આપ્યાથી હું બહુ આભારી થયોછું

એવામાં ડંકો થવા લાગ્યો. પડઘમો વાગવા લાગી હથીઆરો ખખડવા લાગ્યાં ને ઘોડાના પગની પડઘીઓ વાગવા લાગી આ સાંભળી મઢીમાં સઘળા શાંત થઇ ગયા. લાલબા ગભરાઇને પોતાના ભાઇ તરફ જોવા લાગી માનસિંગે તરવાર હાથમાં લેઇ ધામેથી કહ્યું કે બેન, હું મરતાં સુધી તારૂં રક્ષણ કરીશ. એ સાંભળી ખુદાબક્ષ બોલ્યો કે બેન, કાંઇ બીહીવાનું કારણ નથી. એ તો ઇનાયતખાન પાછો સોજીતગઢ જાય છે. લાલબા દીલગીર ચેહેરે બોલીકે અરેરે ? મારા પિતાનું કેમ થશે ?

લાલબાને શોકાતુર જોઇ મહેંદ્રનાથ બોલ્યા કે, બેટા, તું શાંત થા. ગભરાઇશ નહિ. ઠાકોરનો વાળ વાંકો થવાનો નથી. ઔરંગજેબ પાદશાહ ખૂબ જાણે છે કે આ મોટા ઠાકોરને કેદ કર્યાથી કેટલું બધું જોખમ છે. માટે બેટા, તું પરમેશ્વર ઉપર ભરોંસો રાખ એ તેમનું રક્ષણ કરશે. જેને પરમેશ્વર ઉપર દૃઢ શ્રદ્ધા છે તેને તે જગન્નિયંતા કદી વિસરતો નથી. લાલબાને એથી જરા ધીરજ આવી. તેણીએ પોતાના હાથ જોડી પ્રભુને પગે પડી પ્રાર્થના કરી કે અહો જગત્ પિતા, તું મારાં માતપિતાનું રક્ષણ કરજે.

બાવાજીએ લાલબાને શાંત પડેલી જોઇ તેને આરામ લેવા દેવા સારૂ બધાને પાસેના ઓરડામાં જવાને કહ્યું લાલબાએ પણ પોતાના ભાઇને કહ્યું કે હવે મને ઠીક છે. મારા મનને શાંતિ થઇ છે. તેથી હું નિરાંતે અહિં સુઇ જઇશ તમે બધા જાઓ ને મારી લેશપણ ફીકર કરશો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું.

માનસિંગ મદદે.

સોરઠો.

કરેલ કો ઉપકાર, વીર પુરૂષ વિસરે નહી,
સમયે સહાય થનાર, જો માથું દેવું પડે.

બીજે દિવસે સવારે ખુદાબક્ષ જવાને તૈયાર થયો. તેણે બાવાજી તરફ ફરીને કહ્યું કે, મહારાજ, જે જમીન ઉપર મારા જાતિભાઇઓ જુલમ વરતાવે છે. તે જમીન છોડી જવાને હું બહુ આતુર છું; કેમકે એ જુલમગારોને મુસલમાન કહેતાં પણ મને શરમ આવે છે. ખુદાબક્ષને તૈયાર થએલો જોઇ માનસિંગે તેના હાથમાં મોહોરોની એક કોથળી મૂકી. ખુદાબક્ષે ઉપકાર માની તે પાછી આપીને કહ્યું કે, મહારાજ, આપની પાસેથી મારે પૈસા તો જોઇતા નથી, પણ આપની યાદગીરી દાખલ આપની તરવાર મને આપો; તો હું તે મરતા સુધી સાચવી રાખીશ. માનસિંગે પોતાની તરવાર કહાડીને ખુદાબક્ષને આપતાં કહ્યું કે મારા શૂરવીર દોસ્ત આ લો, અને તમારી તરવાર મને આપો કે હું જન્મપર્યંત યાદ રાખું કે મુસલમાનોમાં પણ એક સદ્‌ગુણી પુરૂષ મને મળ્યો હતો. ખુદાબક્ષે પોતાની તરવાર છોડીને માનસિંગને આપતાં આંખમાં આંસુ લાવી બોલ્યો કે જ્યારે જ્યારે તમે આ તરવાર મારા જાતભાઇઓ ઉપર ઉગામો ત્યારે ત્યારે વિશ્વાસુ પણ ખુદાના એક ગરીબ સિપાઇને સંભારજો, અને જે મુસલમાનો દયા ચાહે તેના ઉપર ઘા કરશો નહિ. એ સાંભળી માનસિંગની આંખ પણ આંસુથી ભીંજાઈ ગઇ; ને બંને એક બીજાને ભેટી છૂટા પડયા. જતી વખતે મહેંદ્રનાથે પોતાનાં ભગવાં વસ્ત્ર ખુદાબક્ષને આપી આશીર્વાદ દેઇ તેને રજા આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંગ ને નાથુ એકલા પડયા; એટલે નાથુ પોકે પોક મૂકીને રડવા લાગ્યો. દુઃખના વખતમાં સુખના દિવસ યાદ આવે છે; ત્યારે આફતોથી ઘેરાએલું કાચું હૈયું ભરાઈ જઈ આંખમાં પાણીના ધોધ છૂટે છે. નાથુને પણ તેમજ થયું. તેને ઘરડાં માજી યાદ આવ્યાં. તેના ધણી ઉપર પડતી આફતો યાદ આવી. પોતાના ધણીને સહાય મળવાની જગા દુસ્મનોથી ભરાઇ ગઇ ને મદદ કરનાર કેદ પડયો. એ સર્વ સાંભરી આવી નાથુનું વૃદ્ધ-કાચું હૈયું થીર રહ્યું નહિ. દુઃખથી ઘેરાયલાને રડતાં વારવાથી તેનું હૈયું વધારે ને વધારે ભરાઇ આવે છે. માટે તેવે વખતે તેને અટકાવવાને બદલે તેનું હૈયું ખાલી થવા દેવું. તેમ કરવાથી તેનું હૈયું ખાલી થઇ ધીમે ધીમે રડવું બંધ પડે છે ને મન દૃઢ થાય છે. તેથી માનસિંગે તેને નહિ અટકાવતાં ખૂબ રડવા દીધો. છેવટે તે શાંત થયો ત્યારે નાથુએ કહ્યું કે સાહેબ, મારા મિત્ર વગરના ધણીની વહારે જેટલું જલદી જવાય તેટલા જલદી જાઓ તો સારૂં.માનસિંગે કહ્યું કે મારાથી જેટલી બનશે તેટલી મદદ લેઇને આજેજ સાંજના હું બહાદૂર દુર્ગાદાસની પાસે જઇશ. એટલું બોલતામાં મહેંદ્રનાથ અંદર આવ્યા ને નાથુને માટે એક કોટડી નક્કી કરી ત્યાં લેઇ ગયા ને તેની બરદાસ્ત કરવાની પોતાના એક ચેલાને આજ્ઞા કરી.

હવે માનસિંગ ને મહેંદ્રનાથ એકલા વિચાર કરવા લાગ્યા કે દુર્ગાદાસની મદદે જવાને કયે સલામત રસ્તે જવું. રૂપસિંગ રાઠોડ સાથે દુર્ગાદાસની સહાયે જે માણસો મોકલ્યાં હતાં તે સલામત પહોંચી ગયાં કે નહિ તેની તપાસ કરવાને મહેંદ્રનાથે એક ચેલાને મોકલ્યો હતો, તે બધે રખડીને પાછો આવ્યો. પણ રૂપસિંગ ને તેનાં માણસોનું શું થયું તેનો તેને પત્તો મળ્યો નહિ. તે બોલ્યો કે મારાં ભગવાં વસ્ત્ર હોવાથી મને કોઇએ રોકયો નહિ. હું દરેક ખીણ ને શિખર જોઈ વળ્યો, પણ જ્યાં જાઉં ત્યાં મુસલમાન લશ્કર જોવામાં આવ્યું. રાઠોડ લશ્કરનું નામ સરખું એ સંભળાયું નહિં. ડુંગરામાં એક ભીલડી પાસે મેં થોડું દૂધ માગીને પીધું ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે ખબર આપી કે સઘળો ડુંગર મુસલમાન લશ્કરે ઘેરી લીધો છે. મુસલમાન સરદાર પોતાની ખાતરી કર્યા વગર અંદરના ભાગમાં એક ચકલી પણ સંચરવા દેતો નથી. એક મડદું નદીના તટમાં બાળવા માટે લેઈ જતા હતા, તેમને પણ અટકાવી દાદડીમાં મડદું જ છે કે ઘેરાયલા દુર્ગાદાસને માટે ખોરાક લેઈ જાય છે તેની ખાતરી કર્યા પછી તેમને જવા દીધા. આ પ્રમાણે ચોકસી થાય છે. દુર્ગાદાસ ને તેનાં માણસો ખોરાક વગર ભૂખે મરે છે.

આ પ્રમાણે વાત ચાલે છે એટલામાં "એને બાંધો, મારો, દગાખોરને ફાંસીએ ચઢાવો." એવો અવાજ તેમના સાંભળવામાં આવ્યો. તે સાંભળી માનસિંગ ઉભો થયો, ને બારણાભણી દોડતાં બોલ્યો કે આપણો ખુદાબક્ષ મુસલમાનોના હાથમાં સપડાયો જણાય છે. મહેંદ્રનાથે માનસિંગને આગળ વધતો અટકાવીને કહ્યું કે, તમે એકલા જઇને શું કરશો ? તમારા એકલાથી એને બચાવાશે નહિ, ને નકામો તમારો જીવ જોખમમાં નાંખશો. માટે તમે અંદર રહી સંભાળો ને હું ત્યાં જઇને મારાથી થશે તે તજવીજ કરીશ. અમને બાવાને કે ફકીરને એ લોક છેડશે નહિ.

બાવાજી બહાર આવ્યા તો કેટલાક મુસલમાનોને એકજણને બાંધીને મારતા દીઠા. એના અંગ ઉપરથી લોહી નીકળતું હતું. મુસલમાનો તેને મારી નાંખવાની ધમકી આપતા હતા. બાવાજી હાથમાંનો ચીપીઓ ઉંચો કરી ભીડમાં ધસ્યાને બધા ને સોગન આપી ઉભા રહેવાને કહ્યું. બાવાજીનો કદાવર દેખાવ એક ભવ્ય ફકીર કે પીરજાદા જેવો દેખાતો હતો. તેમનો હુકમ સાંભળી બધા પાછા હઠયા. ફકીરે કેદી પાસે જઇને જોયો તો તે ખુદાબક્ષ તો નહોતો. એ કેદી તો એક રજપુત હતો. એ જોઈ તેણે સિપાઇઓને પૂછયું કે તમે એને કયાં લેઇ જાઓછો ? એટલે એક જણ બોલી ઉઠયો કે ફાંસીએ દેવાને. ફકીરે કહ્યું કે એના કયા ગુનાહ માટે ફાંસી દોછો ? એક જણે કહ્યું કે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દગાખોર છે; કેમકે એ મહાસિંગ રાઠોડનો માણસ છે. એની પાસે તેમની આ કિંમતી વીંટી છે, તેથી સાબીત થાય છે. ફકીરે વીંટી લેઇ અંદર નામ કોરેલું જોઇને કહ્યું કે એ વીંટી તો મહાસિંગની છે એ વાત ખરી. પણ એમ ન બને કે એ વીંટી એને જડી હોય? અથવા એમ ન બને કે ઔરંગઝેબ પાદશાહનો કોપ માથે ખેંચી લેતા પહેલાં એ વીંટી દાકોરે એને આપી હોય? માટે જ્યાં સુધી આ વીંટી સિવાય એ દગાખોર છે એનો બીજો પુરાવો ન મળે ત્યાં સુધી એને મારવો એ ખુન કર્યું કહેવાય. વગર ગુને મારવાની કુરાનમાં પણ મના છે. હજરત પેગંબરની આજ્ઞા આવાં ખુન કરવાની નથી. માટે વગર ગુને એને મારશો તો તમારા ઉપર ખુદાનો કોપ થશે. હું પીરજાદો તમને અજમેરના પીરની આણ દેઈ હુકમ કરૂં છું કે તમારે એને છોડી દેવો. હું ખાનગીમાં એને પૂછીને જો એ દગાખોર માલમ પડશે તો એને તમારા સરદારને સ્વાધીન કરીશ. પણ એ દગાખોર નહિ હોય તો પાદશાહ પંડે પણ આ તકીઆમાંથી એને લેઈ જઈ શકશે નહિ. એટલું સાંભળતાંમાં જે સિપાઇએ એ રજપુતને પકડ્યો હતો તેણે એને છોડી દીધો. ફકીરે તેનો હાથ પકડી પોતાની પાસે ઉભો રાખ્યો ને સિપાઇઓને કહ્યું કે આ વીંટી ગમે તે રીતે એના હાથમાં આવી હોય પણ તે મહાસિંગની છે, માટે તે તમે લેઈ જાઓ; એમ બોલી એ વીંટી તેમને આપી ચાલ્યા જવાનો હુકમ કર્યો.

સિપાઇઓ ફકીરના બોલથી બાવરા બની ગયા હતા. તેમાં વળી વીંટી પાછી મળી એટલે તે લેઇ તેઓ છાનામાના ચાલ્યા ગયા. તેમણે વીંટીની વાત પોતાના સરદારને નહિ કહેવાનું નક્કી કર્યું. કેમકે જો કહે તો એ વીંટી તે લેઇ લે. તેથી તેઓ બીજી તરફ લૂટ કરવાને ચાલ્યા. ગયા. તેઓ જમીનદારોનાં ઘરમાં ને ખેડુતોનાં ઝુંપડામાં ઘુસવા લાગ્યા. જેઓ પાદશાહને પોતાના ધણી તરીકે સ્વીકારતા નહિ, તેમનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરબાર લૂટી લેતા. તેમણે કોઇના ઉપર પણ દયા બતાવી નહિ. ખુન કરવાનો તેઓ જાણે ધંધો લેઇ બેઠા હોય ને જાણે લૂટ કરવામાંજ આબરૂ હોય તેમ આમથી તેમ ખુન ને લૂટ કરતા ને જુલમ વરસાવતા ચાલ્યા.

બાવાજી મઠમાં આવ્યા ને પેલા અજાણ્યા માણસને પાટાપાટી કરાવ્યાં. પછી પોતે ને પેલો માણસ બે જણા રહ્યા ત્યારે તેને બાવાજીએ પૂછ્યું કે ભાઇ તું કોણ છે ને એ વીંટી તારી પાસે શી રીતે આવી તે સાચે સાચું કહે. પેલા માણસે એકી નજરે બાવાજી તરફ જોઇને કહ્યું કે હું ધારૂં છું કે તમે બાવાજી થઇને મને દગો દેવાના તો નહિજ હો. તમે મને મરતો બચાવ્યો છે તે ઉપરથી મારી ખાત્રી થાય છે કે તમે કોઇ દગાખોર તો નથીજ. એ વીંટી મને એક બહાદૂર રાઠોડે આપેલી છે, જે અરવલ્લીના ઘાટમાં રહે છે. તેણે મહાસિંગની ખાતરી થવા માટે એ વીંટી મને આપી હતી; કે જેથી હું તેના તરફથી આવ્યોછું એમ તે જાણે. આ ઉપરથી બાવાજી સમજ્યા કે એ જેની વાત કરે છે તે દુર્ગાદાસજ હોવો જોઇએ. માટે વિશેષ ખાતરી કરવા સારૂ માનસિંગને બોલાવતા પહેલાં તેમણે તેને કહ્યું કે ત્યારે તો તમે મહાસિંગ પાસેથી લશ્કરી મદદ મેળવવા માટે આવ્યા હશો, કેમ ?

પેલા અજાણ્યા માણસે કહ્યું કે ગુરૂજી જો આપને મહાસિંગજી સાથે સંબંધ હોય તો જે માણસે મને મોકલ્યો છે તે માણસનું નામ આપ સમજ્યા હશો, તે કહો. અને અહિં મને મિત્રો તરફથી આવકાર મળવાની આશા હતી, તેને બદલે હું દુશ્મનોના હાથમાં શાથી સપડાયો તે કહો; એટલે હું છૂટથી ને ખુલ્લા મનથી વાત કરૂં. પણ તે અગાઉ તો હું મારી વાત તમને કહી શકું નહિ. કેમકે જેણે મને છૂપી રાખવાને કહ્યું છે તે વાત મારાથી આપને કહેવાય નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહેંદ્રનાથે જોયું કે, આવા ભયભીત સમયમાં એટલી સાવચેતી રાખવી જરૂરની છે. પણ એ દુર્ગાદાસ તરફથી આવ્યો છે એમાં તો શક નથી. માટે તેણે તેને કહ્યું કે ભાઇ તારા ધણીનું નામ દુર્ગાદાસ છે. આ સાંભળી તે બાવાજીને પગે પડયો ને કહ્યું કે ગુરૂજી હવે મારી ખાત્રી થાય છે કે આપ દુર્ગાદાસના શત્રુ નથી પણ શુભેચ્છક છો. પણ જો મહાસિંગજી તરફથી દુર્ગાદાસને કાંઇ પણ મદદ જલદી નહિ જઇ મળે તો સઘળી આશા વ્યર્થ જવાની ને બાજી બગડવાની દુર્ગાદાસ ડુંગરામાં ચારે તરફ ઘેરાયો છે, ને નાસવાની એક પણ બારી નથી. માટે જો મદદની કાંઇપણ આશા ન હોય તો મને જવાદો કે હું તેને જલદીથી જઇ મળું ને કાંઇ નહિ તો મારા મિત્રની સાથે મરણ પામું.

બાવાજીએ કહ્યું કે બચ્ચા હું ઇશ્વરનો સેવક છું. મને પગે લાગવાની જરૂર નથી. પણ પરમેશ્વરને પગે લાગ કે તે તમને જોઇતી સહાય કરે. એમ કહી તે માનસિંગને બોલાવવાને બીજા ઓરડામાં ગયો. મહેંદ્રનાથને જોઈ માનસિંગે આતુરતાથી પૂછયું કે, કેમ મહારાજ, તેને બચાવ્યો કે? બાવાજીએ કહ્યું, કોને ખુદાબક્ષને કે? એતો સલામત કયાંનો કયાંએ અત્યાર સુધીમાં તો નીકળી ગયો હશે. પણ જે માણસને પેલા ખુનીઓ ઘસડી જતા હતા તે તો મંડપમાં એ રહ્યો. ચાલો, એ તમને કાંઈ દુર્ગાદાસના સમાચાર આપશે, આ સાંભળી માનસિંગ બાવાજીની પૂંઠે ચાલ્યો.

મંડપમાં આવી માનસિંગે પેલા અજાણ્યા માણસને પોતાની ઓળખાણ આપી; એટલે તેણે દુર્ગાદાસ કેવી સંકડામણમાં આવી પડયો છે તે કહ્યું. તે બોલ્યો કે દુર્ગાદાસ સાથે જે લોકો ઘેરાઇ પડયા છે તેમને બચાવી સલામત જગાએ લેઈ જવાં એ દુર્ગાદાસની પહેલી મતલબ છે. તેમને ખાવાને જંગલનાં ફલફુલ કે કંદ વગર બીજું કાંઈ નથી. નાશી જવાનો એકે માર્ગ નથી. માત્ર મહાસિંગજી તરફથી મદદ મળે તોજ ઉગરવાનો આરો છે. એ સાંભળી માનસિંગે કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે મારા કાકા હમણાં કાંઇ પણ મદદ કરી શકે તેમ નથી. પણ મારાથી જેટલું બનશે તેટલું કરીને જેટલી મળી શકશે તેટલી મદદ લેઇને આવીશ. મેં પહેલાં સો માણસો બહાદૂર દુર્ગાદાસની મદદે મોકલ્યાં છે તે તમને રસ્તામાં કોઈ ઠેકાણે મળ્યાં કે નહિ ?

પેલા માણસે જવાબ દીધો કે ના, મેં તેમને કયાંઈ જોયાં નથી. મને લાગે છે કે દુશ્મનોએ તેમને પકડી લીધાં હશે. કેમકે દુશ્મનો આટલા નજીક હશે, એમ ધારવામાં નહિ હોવાથી હું પણ તેમના હાથમાં પકડાઇ જતાં જતાં બચી ગયો છું. કારણ કે જ્યારે દુર્ગાદાસે પ્રથમ મારવાડની સ્વતંત્રતા માટે ઝુંડો ઉઠાવ્યો ને કંટાળીઆના સુબાને મારી નાંખ્યો ત્યારે હું તેની સાથે નહોતો. પણ દુર્ગાદાસ ઉપર વરસેલા જુલમની વાત મારે કાને આવી કે તેનીજ સાથે મરવું કે જીવવું એમ નક્કી કરી હું પણ નીકળ્યો. અમે બાળપણમાં સોબતી હતા ને તે પછી દોસ્તી થઈ. એણે એકવાર મને તરતાં ડુબી મરતો બચાવ્યો હતો; તેનો બદલો વાળવાનો જ્યારે દિલ્લીના પાદશાહ જેવો એનો જીવ લેવા તૈયાર થયો છે ત્યારે મને વખત મળ્યો છે એમ વિચારી હું મારે ઘેરથી છાનોમાનો નીકળી આવી મારા મિત્રને મળવા ચાલ્યો ડુંગરીને આસપાસ મુસલમાનો વીંટાએલા હોવાથી છુપા માર્ગની વાટે ચૂપકીથી જતાં બે મુસલમાનોને વાત કરતાં સાંભળ્યા. તેઓ કહેતા હતા કે કંટાળીઆમાં દુર્ગાદાસને હાથે બસેં માણસો માર્યા ગયા છે. એ ખબર અજમેરમાં તૈબરખાનને પહોંચાડયાથી તેણે દુર્ગાદાસને ઘેરી લેવાને હદપર માણસો મોકલ્યાં છે, ને કહાવ્યું છે કે દુર્ગાદાસને જીવતો કે મુવેલો પકડવો ને એનાં માણસોને જીવતાં રાખવાં નહિ. આ સમાચાર લેઇ હું દુર્ગાદાસને જઇ મળ્યો. તેણે મને સારો આવકાર આપી પોતાની સઘળી આપત્તિઓથી વાકેફ કર્યો. દુર્ગાદાસે મને કહ્યું કે આ માણસોને ખાવાનું મળતું નથી. રાત દહાડો ઉજાગરા કરી દુશ્મનોથી જાગૃત રહેવું પડે છે, ચારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિશાએ શત્રુઓ મજબૂત ઘેરો ઘાલી પડેલા છે, બીજે કોઇ ઠેકાણેથી નસાય તેમ નથી. માત્ર એક જગા સીધી ચઢાણની હોવાથી મુસલમાનો ધારે છે કે તે માર્ગે આપણાથી નસાય તેમ નથી; તેથી તે જગા ઉપર ચોકી થોડી છે. પણ આ થાકી ગએલાં માણસો સલામત જાય ત્યાં સુધી દુશ્મનોને રોકી શકે એટલાં તાજાં માણસો વગર એ કામ બને તેવું નથી. પણ આવા સમયમાં મદદ કરે એવા માત્ર મહાસિંગજી ઠાકોર છે. તેમને મારા સંકટની ખબર મળવી જોઇએ. હું તરતનોજ છૂપા રસ્તાને માર્ગે ત્યાં ગયો હતો તેથી મેં એ કામ માથે લીધું ને તમારા તરફ આવ્યો છું હવે તમે કહો કે જ્યારે હું માંડામાં મિત્રોને મળીને સહાય મેળવવાને બદલે દુશ્મનો વચ્ચે ઘેરાઈ ગયો ને જેની પાસેથી સહાય મેળવવાની આશા તે કેદ પડેલો, ને તે દુર્ગાદાસને મળેલો છે એમ જાણી તેને ફાંસીએ ચડાવવાનો છે, એમ સાંભળ્યું છે, ત્યારે મને કેટલું લાગ્યું હશે ?

માનસિંગે કહ્યું, નહિ નહિ, એટલું બધું તો કાંઇ નથી. મારા કાકાનો વાળ વાંકો થતા પહેલાં તો કેટલાએ મુસલમાનોનાં માથાં મારૂ ભૂમિની માટીમાં રગદોળાશે. જ્યાં સુધી તરવાર પકડવાને આપણા હાથ સલામત છે ત્યાં સુધી એક પણ ખરા રાઠોડનું ડોકું મુસલમાનોની ફાંસીએ લટકાવું તેમને ભારે પડશે. કોઈ પણ ખરો રાઠોડ પોતાની તરવાર મુસલમાનોથી ડરીને મ્યાન કરવાનો નથી. એવો કોઇ પણ દેશદ્રોહી નહિ હશે કે તે સ્વતંત્રતા કે મોત મેળવ્યા વગર પોતાની તરવાર નીચી મૂકે. આપણે આપણી જીંદગી જોખમમાં નાંખી છે. હવે તો દુર્ગાદાસની છાવણીમાં કે ચિતામાં ગયા વગર છૂટા થવાનાજ નથી

એ સાંભળી બાવાજી બોલ્યા, પ્રભુ, તારામાં આવો ને આવો જુસ્સો તાજો રાખે ને હિંમતમાં વધારો કરે. જેઓ જીવવા માટે જેટલા આતુર હોય તેટલાજ મરવા માટે હોય, તેજ અજીત છે. જેઓ આ જીંદગીમાં રહી સ્વર્ગમાં જવાની તૈયારી કરે છે તેજ વીરલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ સાંભળી માનસિંગે સભ્યતાથી માથું નીચું નમાવ્યું. પછી તેણે કરણસિંગ (દુર્ગાદાસના ખેપીઆનું નામ) તરફ ફરીને કહ્યું કે ઠાકોર, મેં પ્રથમ મોકલેલાં સો માણસોનો કાંઇ પણ પત્તો મળતો નથી. તો હવે આધાર માત્ર મારા નાના કાકા કલ્યાણસિંગ જે પોતાની જાગીરમાં અહિંથી થોડેજ દૂર રહે છે તેમના ઉપર છે. એમની જાગીર નાની છે, તેથી ત્યાંથી ઘણાં માણસ મળવાની આશા નથી. તોપણ મને લાગે છે કે જેટલાં મળે તેટલાં વડે આપણે આપણા સરદારને સલામત બહાર કહાડી શકીશું.

પોતાની મુરાદ જલદીથી હાંસલ કરવાને–કેમકે ચપળતા એ જીતનું મૂળ છે–તથા દુશ્મનોથી ઘેરાઇ જતા બચવાને સાંજ પડે કે ગામડીઆનો વેષ લેઇ માનસિંગે કરણસિંગને સાથે લેઈ પોતાના કાકાને ત્યાં જવાનો ઠરાવ કર્યો.

વાતો કરતાં દિવસ વીતી ગયો. સૂર્યનારાયણે અસ્તાચળની પાછળ જવા માંડ્યું. આકાશમાં સોનેરી રંગનાં વાદળાં દેખાવા માંડયાં ને ધીરે ધીરે તારાઓએ એક પછી એક એમ પોતાનાં મુખ પ્રકાશ્યાં મઠમાં મહેંદ્રનાથના ચેલાઓ દીવાની તૈયારી કરવા લાગ્યા ને બાવાજીએ દેવની આરતી ઉતારી. ઉતાવળથી થોડું ઘણું વાળું કરી લેઈ માનસિંગ ને કરણસિંગ ભેઠ બાંધી ગામડીઆ ખેડુતના વેષમાં તૈયાર થયા. બાવાજીએ બંનેનો દેખાવ જોઇ કહ્યું કે હવે જાઓ, તમે બંને સલામત છો. આ દેખાવમાં તમને કોઇ ઓળખનાર નથી. બંને જણા બાવાજીને પગે લાગી તેમની રજા લેઇ કલ્યાણસિંગ પાસે જવાને રસ્તે પડ્યા.

મધ્યરાત્રિ જતા પહેલાં માનસિંગ ને કરણસિંગ દેવળીઆની નજીકમાં આવ્યા. માનસિંગ દરવાનને બોલાવી દરવાજો ઉઘડાવી અંદર પેઠા. કલ્યાણસિંગના મેહેલનાં બારણાં ઉઘડાવી અંદર ગયા. તો કલ્યાણસિંગ સુતેલા હતા- તોપણ જગાડ્યા વગર ચાલે તેમ નહોતું. માનસિંગે બારણાં ખખડાવી કાકાને બોલાવ્યાથી કલ્યાણસિંગ જાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠયા. તે વખત ઉંડા ઉંડનો હોવાથી રજપુત સરદારો ને લોકો રાત્રિની વખતે લગાર પણ ગરબડાટ થતાં જાગી ઉઠતા. તેમને હમેશાં ચપળ ને જાગૃત રહેવું પડતું. કલ્યાણસિંગે જાગીને કોણ છે ? એવી બુમ પાડી તરવાર હાથમાં લીધી. માનસિંગે જવાબ વાળ્યો. તેનો સાદ ઓળખી બારણાં ઉઘાડી કલ્યાણસિંગ બંને જણાને ભેટયા.

કલ્યાણસિંગે કહ્યું ભાઇ માનસિંગ, રાત્રિની વખતે આ પ્રમાણે અણધાર્યું કેમ આવવું પડયું ? માનસિંગે કહ્યું કે કાકા, માંડાની શી દશા થઇ, તે તો આપના જાણવામાં આવ્યું હશે. મહાસિંગજીને પકડીને લેઇ ગયા છે. ચંદ્રસિંગ લાલબાને પકડવાની લાલચથી આવ્યો હતો, પણ હું ને લાલબા બંને સલામત મહેંદ્રનાથના મઠમાં રાત્રે છૂપી રીતે આવી ભરાયાં. માંડામાં મુસલમાની લશ્કરની ચોકી મૂકી મુસલમાન સરદાર મારા કાકાને તથા મારાં કાકીને લેઇને પોતાના થાણામાં ગયો છે. હવે એ તરફની ધાસ્તી નથી. મારૂ દેશમાં આપણી સત્તા કેટલી છે, તેથી પાદશાહ કાંઇ અજાણ્યો નથી. એટલે મારા કાકાનો તો તેઓ વાંકો વાળ કરવાના નથી.

કલ્યાણસિંગ બોલ્યો, પણ બેટા, મહાસિંગે અવિચારનું કામ કર્યું એમાં તો લગારે શક નથી. બીજાની પીડા પોતાને માથે વહોરી લેના પહેલાં ખૂબ વિચાર કરવો જોઇએ. આપણી સલામતી જોઇને બીજાનો વિચાર કરવો જોઇએ. દુર્ગાદાસને મદદ કરવામાં આપણી સલામતી હતી કે નહિ તે જોવું જોઇતું હતું. એ સાંભળી માનસિંગથી ચૂપ બેસી રહેવાયું નહિ. તે બોલ્યો કે કાકા સાહેબ, એ શું બોલો છો ? રામસિંગ રાઠોડના વંશજ જ્યારે આવો વિચાર કરશે ત્યારે મારૂ ભૂમિની સ્વતંત્રતા ડૂબીજ. હમેશને માટે ડૂબીજ. રાઠોડ રાજ્ય ડૂબ્યું ને મ્લેચ્છનું રાજ્ય હમેશને માટે આપણે માથે ચોંટયુંજ. આપણા દેશની ખાતર નહિ, તો આપણી રજપુત વટની ખાતર પણ મહાસિંગજીએ દુર્ગાદાસને મદદ કરવી જોઇએ. શરણે આવેલાનું મરતાં સુધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્ષણ કરવું એ રજપુતોનો ધર્મ છે. પણ દુર્ગાદાસે તો મારા કાકાનો પ્રાણ બચાવ્યો હતો. તેમનું રક્ષણ કરતાંજ દુર્ગાદાસ મુસલમાનોનો ભોગ થઈ પડ્યો છે. ફરી કોઇવાર જેનું મુખ જોવાનું નથી, એવી પોતાની જનેતાનો તેણે ભોગ આપ્યો. પોતાના ગામનો નાશ કરાવ્યો ને વતન ત્યજી ડુંગરાની કદણોનો રહેવાસી થયો. અત્યાર સુધી પોતે જે વેઠયું છે ને વેઠે છે, ને હવે પછી જે વેઠશે, તે સઘળાનું મૂળ તમારા મોટા ભાઈ મહાસિંગજી છે. તમારા ઘરની આબરૂ સાચવતાં તેણે મુસલમાનોનો કોપ ખેંચી લીધો છે. જો તેણે મહાસિંગજીને તે રાત્રે બચાવ્યા ન હોત, ને પાપી જોરાવરખાનને માર્યો ન હોત તો તેજ રાત્રે તેઓ માંડા આવી લૂટત ને તમારી ભત્રીજીને પકડી લેઈ જાત ને હમેશને માટે આપણા કુળને માથે કાળી ટીલી ચોંટત. તમારૂં સાચવતાં જે લૂટાયો, ઘેરાયો ને મુસલમાનોના હાથમાં સપડાવાની તૈયારીમાં આવ્યો તેને સંકટ સમયે મદદ ન કરવી ? પોતાનો પ્રાણ ઉગારનાર ને ઘરની આબરૂ રાખનાર સંકડામણમાં આવે તે વખતે પોતાનું કેમ થશે તેનો વિચાર કરી તેને નિરાધાર રાખવો ? એમ તમે કહો છો ? એવી સ્વાર્થી, એકલપેટી, ને રજપુતોના સ્વભાવથી ઉલટી સલાહ શું તમે આપોછો ? કાકા, માફ કરજો. હું તો તમારૂં બચ્ચું છું. મારાથી વત્તું ઓછું બોલાયું હોય તો ક્ષમા કરજો. પણ મને લાગે છે કે આપ ખરી વાતથી હજુ સુધી વાકેફ થયા જણાતા નથી. સ્વાર્થી ને મતલબીઆ કે દુર્ગાદાસના સામા પક્ષના, મારૂ દેશના દ્રોહી માણસોએ આપને ઉંધી ચતી વાતો કહી દુર્ગાદાસ જેવા સ્વદેશાભિમાની વીર પુરૂષને માટે આપના મનમાં ખોટો વિચાર ઉત્પન્ન કર્યો છે. દુર્ગાદાસે આપણે માટે જે જે કર્યું છે ને વેઠયું છે, તેનો ઇતિહાસ લાંબો છે. એને માટે આપણે જે કરીએ તે થોડું છે. આ સાંભળી કલ્યાણસિંગ સ્તબ્ધ થઇ ગયો. દુર્ગાદાસ માટે કેટલીક ખોટી વાતો સાંભળ્યાથી તથા તેનો સ્વભાવ લગાર વધારે સાવધ હોવાથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના મનમાં સ્વદેશાભિમાન કરતાં સ્વાર્થ કાંઈક પ્રબળ હોવાથી મહા-સિંગના કરેલા કામને તે અવિચારનું ગણતો હતો. પણ જ્યારે તેણે જાણ્યું કે દુર્ગાદાસે પોતાના ભાઇનો પ્રાણ ઉગાર્યો છે, તથા પોતાની ભત્રીજી લાલબા મુસલમાનોના હાથમાં જતી અને તેથી પોતાના ઘરની આબરૂ જતી ઉગારી છે, ત્યારે તેના મનમાં દુર્ગાદાસ ઉપર ભાવ ઉત્પન્ન થયો. પોતાને માટે દુર્ગાદાસ ખરાબ થઈ, મુસલ-માનોનો ભોગ થઇ પડવાની અણી ઉપર આવેલો જોઇ તેના મનમાં દયા પ્રબળ થઇ. તોપણ તેના મનમાંથી સ્વાર્થ નરમ પડ્યો નહોતો. તે બોલ્યો કે ભાઈ, માનસિંગ, તું કહેછે તે બધું ખરૂં છે. દુર્ગાદાસે આપણા ઘરની આબરૂ રાખી ને મારા ભાઇનો પ્રાણ બચાવ્યો. પણ જ્યાં આખો મારવાડ મુસલમાનોથી ઘેરાઇ ગયો છે, નાના મોટા સઘળા રાઠોડ સરદારોએ મુસલમાનો આગળ શિર નમાવી પોતાની તરવારો હેઠે મૂકી છે, ત્યાં દુર્ગાદાસ એકલો દિલ્લીના પાદશાહ જેવા બળવાન પાદ-શાહની સામો થવાથી શો લાભ થવાનો હતો? તેમજ દુર્ગાદાસની મદદે મોટા ભાઇ જઇને શી ધાડ મારવાના હતા? મુસલમાની સૈન્ય આગળ આપણાં બસેં ચારસેં કે હજાર બારસેં માણસો સાગરમાં બિંદુ બરાબર છે. એક જણના નાશ સાથે બીજાનો પણ નાશ થાય એટલુંજ. એથી વધારે શું કરી શકવાના હતા? દુર્ગાદાસને મદદ કર્યાથી કામ સફળ થવાની આશા હોય તો ખરૂં. પણ જ્યારે તેનો તો ભાસ પણ જણાતો નથી, ત્યારે એકની સાથે બીજાએ પણ દીવામાં પતં-ગીઆની માફક ઝંપલાવવું, એ શું અવિચાર નહિ?

માનસિંગે કહ્યું, કાકા, તમે એ શું બોલોછો! સ્વાર્થ કરતાં પરમાર્થ કરવો એ શું સારૂં નથી? પણ દુર્ગાદાસને મદદ કરવી એમાં તો પરમાર્થ નહિ, પણ ફરજ છે. ફરજ બજાવતાં આપણું શું થશે, એ રજપુતો કોઇવાર જોતા નથી ને જોવાના પણ નથી. મારવાડ મુસલમાનમયી થઈ છે, ને સમય વરતીને સઘળા મુંગે મોંઢે જોયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે–મુસલમાનોનો જુલમ સાંખે છે; પણ તે સઘળા બાયલા થઇ ગયા છે–સઘળા વીર નાશ પામ્યા છે, હવે કોઇ માતા જોધસિંગ, માલદેવ, અમરસિંગ, જશવંતસિંગ, રામસિંગ જેવાને જન્મ આપતીજ નથી, એમ નથી. તેઓ સઘળા ધીરજથી સમયની રાહ જુએ છે. આગેવાન વીર પુરૂષની રાહ જુએ છે. તેવો દેશદાઝનો વીર પુરૂષ દુર્ગાદાસ તેમને મળેલો જોઇ, તેઓ એક પછી એક બહાર પડશે. કાકા, "હિંમતે મરદા તો મદદે ખુદા." આ મારી પાસે ઉભેલા કરણસિંગ ઠાકોરને આપ ઓળખતા નહિ હશો. એ ને દુર્ગાદાસ બાળપણના સોબતી છે. નાનપણમાં ડૂબી મરતાં દુર્ગાદાસે એમને બચાવ્યા હતા, તે ઉપકાર યાદ કરી બદલો વાળવાને ઘેરથી છાનામાના નીકળી દુર્ગાદાસ પાસે ગયા; ને ત્યાંથી દુર્ગાદાસના હુકમથી મુસલમાનોના ઘેરા વચ્ચેથી સલામત અહિં આવ્યા છે. દુર્ગાદાસે તમારા ભાઇ પાસે મદદ માગવાને એમને મોકલ્યા છે. એ કહે છે કે દુર્ગાદાસ ચારે બાજુએ ડુંગરાની ખીણોમાં ઘેરાઈ ગયા છે. ખોરાક વગર વનફળ ને કંદમૂળ ઉપર ગુજારો ચલાવેછે. અને જો થોડી પણ મદદ નહિ મળે તો મુસલમાનોને હાથે સપડાશે કે કપાઇ મરશે. તમારા મોટા ભાઇ મહાસિંગજી તો મદદ કરી શકે એવી હાલતમાં નથી, તેથી હું તેમને તમારી પાસે લેઈ આવ્યોછું. તમારા ભાઇ ઉપર ને ઘર ઉપર કરેલા દુર્ગાદાસના ઉપકારનો બદલો વાળવાને આપથી થાય એટલી સહાય કરો એવી મારી વિનતિ છે; અને તેજ માટે રાત્રે આવા વેષમાં જોખમ વેઠી આપની પાસે આવ્યા છીએ.

આ સાંભળી કલ્યાણસિંગને કાંઈ જવાબ દેવાનું સૂઝયું નહિ. થોડીવાર પછી તે બોલ્યો, માનસિંગ, તું જાણે છે કે મારી જાગીર નાની છે. દુર્ગાદાસને છોડવાય એટલાં માણસની મદદ કરી શકું એવી મારી સ્થિતિ નથી. તેમ જો મેં મદદ કરી છે, એવું મુસલમાનો જાણે તો ચાંચડની પેઠે ચોળી નાંખી મારી જાગીર ખાખાવીખી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખતાં વાર પણ લગાડે નહિ. માટે હું શું કરી શકું તે કહે. માનસિંગે કહ્યું, કાકા, દુર્ગાદાસના છૂટકારાનો સઘળો આધાર માત્ર તમારા ઉપર છે. તમારાથી જેટલાં બની શકે તેટલાં માણસો અમને અત્યારેજ આપો ને તમે પોતે આવશો નહિ; એટલે મુસલમાનોને વહેમ જશે નહિ. કેમકે એ માણસો લેઈ આડફેટે રસ્તે અમે અત્યારેજ દુર્ગાદાસ પાસે જવાનો વિચાર કર્યો છે. અમે દુર્ગાદાસ પાસે જઇ પહોંચ્યા એટલે તમારા ઉપર કોણ વહેમ ખાનાર છે અને વહેમ લાવવાનો આધાર પણ શો! એ બધા કરતાં કદાચ મહાસિંગજીના ભાઇ ગણીને તમારા ઉપર વહેમ લાવી તમારી પણ પરમેશ્વર ન કરે ને મહાસિંગજી જેવીજ વલેહ કરીતો તમો બંને ભાઇને કોણ છોડાવશે? મારૂ ભૂમિને સ્વતંત્રતા આપવા, મુસલમાનોને મારી કહાડવા ને રાઠોડોને નિર્ભય કરી રાઠોડરાજ્ય સ્થાપવા, દુર્ગાદાસ મેદાન પડયો છે. પણ તેજ જો મુસલમાનોને હાથ પકડાયો તો પછી તમારો છૂટકો કરનાર બીજો કયો દુર્ગાદાસ ઉભો થનાર છે? માટે કાકા, હું કહું છું તે રીતે છૂપી મદદ આપો. એટલે દુર્ગાદાસને અમે ઘેરામાંથી છોડાવીએ તો એ છૂટો થએલો સિંહ, શું નહિ કરી શકે? તે છૂટો થયા પછી અમે મહાસિંગજીને છોડાવવા જઇશું; ને જો એકવાર જય મેળવી તેમને છોડવી શકયા, તો ઘણા રાઠોડ સરદારો મદદે આવી મળશે. એટલે આપણે ધારેલી–મારવાડને સ્વતંત્ર કરવાની–મુરાદ હાંસલ કરતાં વાર લાગશે નહિ.

કલ્યાણસિંગે વિચાર્યું કે માનસિંગના વિચાર હવામાં બાચકા ભરવા જેવા–બાથમાં આભ લેવા જેવા કે શેખસલ્લીની વાત જેવા છે. તોપણ એટલું તો ખરૂં કે કદાચ મુસલમાનો વહેમાઇને મારી પણ મહાસિંગ જેવી વલેહ કરે. તેમ થાય તો અમારો છૂટકારો કરનાર કોઈ નથી. માટે દુર્ગાદાસને મદદ તો કરવી. થોડાં ઘણાં માણસો છે તે આપી અત્યારેજ વિદાય કરીએ તો મુસલમાનો જાણશે નહિ. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ એજ મદદથી દુર્ગાદાસ છૂટયો તો ભાઇનો પણ છૂટકારો થશે. એ પણ ઠીકજ છે. આપણે કયાં મેદાનમાં પડવું છે કે જાહેરમાં આવવું છે ? એવો વિચાર કરી તે બોલ્યો, ભાઇ માનસિંગ અત્યારે મારાં સઘળાં માણસો એકઠાં કરીશ તો ભાગ્યે ત્રીશેક થશે. એથી વધારે મદદ મારાથી થઇ શકે તેમ નથી. એમ કહી તેણે પોતાનાં માણસો એકઠાં કરી તેમને હથીઆરો આપ્યાં, ને માનસિંગ જ્યાં લેઇ જાય ને જે કામ સોંપે તે કરવું, અને મરતા સુધી માનસિંગના હુકમમાં રહી તેનું રક્ષણ કરવું, એવો હુકમ આપ્યો.

કરણસિંગ જે અત્યાર સુધી મુંગો ઉભો રહ્યો હતો, તેણે દુર્ગાદાસની વતી કલ્યાણસિંગનો ઉપકાર માન્યો. તથા આટલી પણ મદદ દુર્ગાદાસને વખતસર મળશે તો તેનો છૂટકારો થશે એમ જણાવી સંતોષ બતાવ્યો. પછી એ તથા માનસિંગ તેમની રજા લઇ માણસોની સાથે દુર્ગાદાસ તરફ છૂપી રીતે કાંઈ પણ ગરબડ થવા દીધા સિવાય જવાને પાછલી રાતના નીકળ્યા ને આડફેટે રસ્તે મુસલમાનો મળે નહિ એમ તેમની નજર ચૂકવતા આગળ ચાલ્યા.

પ્રકરણ ૮ મું.

લાલબા ફસાઇ.

સોરઠો.

પાપી કરીને પાપ, ફસાવતો નિર્દોષને
પણ પરિણામે બાપ. ખાડો ખોદે તે પડે.

આપણે લાલબાને મહેંદ્રનાથ બાવાના મઠમાં મૂકી છે, તેની હવે સંભાળ લેઈએ. મહેંદ્રનાથે પાસેના ઝુંપડામાંથી લાલબાની સેવા ચાકરી કરવા માટે એક દાસી બોલાવી આણી હતી, તથા એક એલાહેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોટડી તેને રહેવા માટે કહાડી આપી હતી. લાલબા ત્યાં રહી, દુર્ગાદાસ વિજયી થઈ પોતાના માતાપિતાનો છુટકારો કરે, એવી પ્રભુ પ્રાર્થના કરી, દિવસ નિર્ગમન કરતી હતી. મહેંદ્રનાથ વખતો વખત તેની ખબર અંતર પૂછી સંભાળ લેતા હતા. લાલબાની કોટડી એવી એકાંત જગામાં કહાડી આપી હતી કે બહારના કોઈ પણ અજાણ્યા માણસને લાલબા ત્યાં છે એવું માલમ પડે નહિ. તેમ બાવાજીના મઠમાં કોઈ સ્ત્રી રહેતી હોય એવો વહેમ લાવવાનું પણ કોઈને કારણ હોય નહિ, તેથી લાલબા ત્યાં શાંતિમાં રહેવા લાગી.

લાલબાની પેઠે તેના ઉપર મોહિત થયેલો ચંદ્રસિંગ શાંત નહોતો. માંડાગાં રાત્રે મારામારી થઇ તે વખતે તે લાલબાની શોધમાં મહેલની અંદર અહિં તહિં ઘૂમવા લાગ્યો. જ્યારે ઘણી તજવીજ કરતાં પણ લાલબાનો પત્તો ન લાગ્યો, ત્યારે તે નાશી ગઇ હશે એવો વહેમ ખાઇ લઢાઇ બંધ કરાવી, મકાસિંગ તથા તેજબાને લેઇ તેઓ તાબડતોબ ત્યાંથી નીકળ્યા. અને લાલબાની શોધને માટે સવારો દોડાવ્યા. પરંતુ તે સવારોએ પણ તેને નિરાશ કર્યો. જેમ જેમ લાલબાના પત્તાના નિરાશાના જવાબ આવતા ગયા, તેમ તેમ તે વધારે ને વધારે આતુર થતો ગયો. તે કયાં ગઇ હશે? એને કોણ લેઇ ગયું હશે? શી રીતે ગઇ હશે? હવે કયારે ને કયાંથી હાથ આવશે? શા ઉપાયથી ને કેવી રીતે હાથ આવશે? એવા એવા સવાલો એના મનમાં ઉઠવા લાગ્યા એમ કરતાં કરતાં રાત્રિ પડી ત્યાં રસ્તામાં તેમણે મુકામ કર્યો.

પોતાના મુકામ ઉપર ચંદ્રસિંગ રાત્રે ગમગીનીમાં કપાળે હાથ દેઇ એકાતમાં બેઠો બેઠો શોચના કરવા લાગ્યો. શું કરવું ને કેમ કરવું? લાલબા કયાં હશે ને કેમ મળશે, તેનો વિચાર કરવા લાગ્યો. કોઇ વાતનો એને ઉકેલ પડયો નહિ. એની શોધ કોણ, કયારે ને કેમ લાવશે, તેની સૂઝ પડી નહિ. નોકર ઉપરા ઉપરી આવીને વાળુ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તેડાં કરવા લાગ્યો, પણ તેના કહેવા ઉપર તેનું ધ્યાન ખેંચાતું જ નહોતું. એટલામાં એકદમ તેને તેજબાનું સ્મરણ થયું. તેણે ધાર્યું કે તેજબાથી લાલબાનો પત્તો મળશે. તેજબાના સ્વભાવ અને કરણીથી તે જાણીતો હતો. ગમે તેટલું પણ તે ઓરમાન માતા છે. ઓરમાયાંનું હેત અરસ્પરસ હોતું નથી; ને તેજબાનાં સ્વભાવ પ્રમાણે તો તેનું હેત લાલબાપર હોયજ નહિ. તે જાણતો હતો કે માંડા ઉપર આપ્ત લાવનાર માત્ર એજ હતી. તેજબાથી તેને માલમ પડયું હતું કે લાલબા દુર્ગાદાસના પક્ષમાં છે અને પોતાનો પતિ દુર્ગાદાસને મદદ મોકલી રાજ્યદ્રોહી થતો અટકે એટલાજ માટે એણે આ આફત માથે વહોરી લીધી હતી. વળી ચંદ્રસિંગે લાલબાની માગણી કરી તેમાં મદદગાર પણ તેજબાજ હતી. તેજબા પોતાની સગી હતી, તેથી હજુ પણ લાલબાનો પત્તો મેળવી આપવામાં મદદ કરશે, એમ જણાયાથી તે તેજબા પાસે ગયો. ભાઇને મળવા આવ્યો જાણી તેજબાએ અંદર બોલાવ્યો. તે વખતે મહાસિંગ ઠાકોર બીજા ઓરડામાં ઢોલીઆ ઉપર સૂતેલો હતો. તેના ઘા પુરા રૂઝાયા નહોતા. તેવામાં તેના ઘર ઉપર અણધારી આફત આવ્યાથી, તેની લાલબાનું ને માનસિંગનું શું થયું હશે તેના શોચથી, અને તેનો જીવ ઉગારનાર મિત્ર દુર્ગાદાસ ઘેરાઇને માર્યો જશે એવા વિચારથી, તેના દુખમાં વધારો થયો. તેને કોઇ વાતે ચેન પડતું નહોતું. તોપણ સુખભોગમાં અંધ થએલ તેજબા તેની થોડીજ સંભાળ લેતી હતી. તેનું સઘળું ધ્યાન રાજ્યવૈભવ કેમ બચે અને રાજ્યદ્રોહી માનસિંગ ને લાલબાનો નાશ કેમ થાય, તે તરફ દોરાયલું હતું. એવામાં ચંદ્રસિંગ આવ્યો. તેના આવ્યાની ખબર મહાસિંગને પડી નહિ.

તેજબાએ પૂછ્યું કે કેમ ભાઇ, અત્યારે રાતની વખતે આવવું થયું ? તમે અમારે માટે શો ઠરાવ કર્યો ? અમારા રાજ્યને તો કાંઇ આંચ આવવાની નથી ને ? અમે કાંઇ ગુનો કર્યો નથી. ગુનો કરનાર તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંગ ને લાલબા છે. માટે જો જો ભાઇ, અમને કાંઇ આળ ન આવે એવું કરજો. મેં તો માત્ર તમારી મદદ ઉપર સઘળું જોખમ ખેડયું છે, ને છોકરાં છૂટાં પાડયાં છે. એ બંને છોકરાં છોકરવાદ છે. આડા અવળું જોવું નહિ, લાંબું વિચારવું નહિ, અને કાંઇપણ સાંભળ્યું કે અવિચારથી ઝંપલાવવું. મેં ઘણુંએ સમજાવ્યું પણ ઓરમાયાની શીખામણ ઉપર તે કાંઇ ધ્યાન આપે? તેઓ એકનાં બે થયાં નહિ, અને હવે લતીજો લેશે. તે દિવસે મેં લાલબાને તમારી સાથે લગ્ન કરવાને ઘણુંએ સમજાવી, પણ તે તો એકની બે થઇજ નહિ. મારા મનમાં એમ હતું કે એ સગપણ થાય તો આપણું સગપણ તાજું રહે. અને તમારૂં ઘર કયાં નીચું છે? તમે પણ જુના વખતના મારવાડના ધણી છો. વળી સમયપર તમે કામના છો. પણ છોકરાં તે છોકરાં. કાચી વયમાં દીર્ઘ દૃષ્ટિ કયાંથી લાવે? ચંદ્રસિંગે કહ્યું, બા, હું તેજ માટે આવ્યો છું. તમારા રાજ્યને કાંઇ આંચ આવે નહિ ને તમારો વાળ વાંકો થાય નહિ એવી તજવીજ મેં કરી રાખી છે. એ વાતની તમારે કાળજી કરવી નહિ. પણ બા, લાલબાની મેં ઘણીએ તજવીજ કરાવી પણ કાંઇ પત્તો લાગતો નથી. બહાર દરેક બારણે મારા ખાસ વિશ્વાસુ માણસોની ચોકી મૂકીને હું અંદર આવ્યો હતો. તેમનાથી તજવીજ કરતાં માલમ પડતું નથી કે લાલબા કયે બારણે થઇ નાશી ગઈ. વળી ચોકીઆતોની નજર ચૂકાવી કદાપિ નાશી ગઇ હોય એમ ધારી આસપાસ સવારો દોડાવ્યા, પણ સર્વે નિરાશ થઇ પાછા આવ્યા. કોઇ રીતે લાલબાનો પત્તો મળતો નથી. તેથી તમારી પાસે આવ્યો છું. તમે જો લાલબાને નાશી જવાનો અને છૂપાઇ રહેવાનો રસ્તો બતાવો તો.

તેજબાએ કહ્યું કે જ્યારે એ કોઇ દરવાજેથી નાશી ગઇ નથી અને આસપાસ પત્તો લાગતો નથી ત્યારે તો હું ધારૂં છું કે એ ઘરમાં એક સળંગ છે, તેની વાટે મહેંદ્રનાથ બાવાના મઢમાં નીકળાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સળંગ વાટે એ અને માનસિંગ નાશી ગયાં હશે. કેમકે માનસિંગનો પણ કાંઇ પત્તો નથી. માનસિંગે એને મઠમાં રાખી હશે. કેમકે ત્યાં લાલબા છે, એવો કોઇને વહેમ જાય નહિ. માટે તમે મઠમાં તજવીજ કરાવો તો લાલબા હાથ આવશે. માનસિંગ દુર્ગાદાસ ઉપર કુરબાન થએલો છે, એટલે લાલબાને મઠની શાંત, છૂપી ને સલામત જગાએ રાખીને એ તો દુર્ગાદાસ પાસે ગયો હશે. પણ મઠમાંથી લાલબા એમને એમ મળશે નહિ ને એ રાજી ખુશીથી તમારી સાથે આવશે નહિ. વળી લાલબાની મરજી નહિ હશે તો—જે નથીજ—મહેંદ્રનાથના કબજામાંથી એને લેવી એ તમને તો શું પણ પાદશાહ પંડને એ ભારે પડશે. બાવો બહુ તપસ્વી ને મહંત છે. એના શાપથી બળીને ખાખ થઇ જવાય એવો બળવાન છે. માટે બળાત્કારથી લાલબાને પકડી લવાય એમ નથી. યુક્તિથી લાવશો તો લવાશે. ચંદ્રસિંગે કહ્યું કે બા, એ કેવી યુક્તિ કરવી તે મને તો સમજાતું નથી. તમેજ કાંઇ રસ્તો બતાવો તો સારૂં. તેજબાએ કહ્યું હું ઓરમાન છું, તથાપિ લાલબા મારી આમન્યા લોપતી નથી. તેથી હું જો બોલાવું તોજ એ ખુશીથી આવશે. ચંદ્રસિંગનું તો નામ સાંભળીને નાશી જવાની, તેથી હું આ મારી વીંટી આપું છું. તે નિશાની લેઇ તમે જાઓ. પણ તમારા વેષથી તમને ઓળખશે, માટે તમે વેષ બદલીને તથા તમારૂં મુખ ઓળખાય નહિ એવી રીતે અને રાતના જજો. ત્યાં જઇ આ વીંટી બાવાને આપી કહાવજો કે તેજબાએ લાલબાને તેડવા માટે અમને મોકલ્યા છે. લાલબાને જોયા વગર એના બાપ અન્ન લેતા નથી માટે એમને અમારી સાથે મોકલો. માત્ર એજ યુક્તિથી લાલબા ફસાશે. મારી આજ્ઞા લોપશે નહિ, એના પિતા અન્ન લેતા નથી એવું સાંભળતાંજ ગમે તેવું જોખમ ખેડીને પણ એ આંધળીઆં કરશે. પુત્રીધર્મ સમજનારી ને બજાવનારી લાલબા જેવી દીકરીઓ થોડીજ છે, એમ મારે પણ એનાં વખાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા વગર ચાલતું નથી. માટે જેમ બને તેમ તમે જલદીથી જાઓ. નહિ તો આગળ જતાં તેમને વહેમ પડશે તો વળી ત્યાંથી બીજે ઠેકાણે એને લેઇ જશે, તો પછી પત્તો મળવો મુસ્કેલ પડશે. ચંદ્રસિંગે તેજબાની વીંટી લીધી અને તૈયારી કરવાની રજા માગી.

વેષ પાલટી, મોં માથું બાંધી ઓળખાય નહિ એવા બનીને ચંદ્રસિંગ ને ત્રણ વિશ્વાસુ નોકરો મહેંદ્રનાથ બાવાના મઠભણી જવાને તેજ રાત્રિના નીકળી પડયા. મધ્યરાત્રિએ મઠપાસે આવી દરવાજો ઠોકયો. બાવાજીના શિષ્યોએ તેમની રજા લેઇ દરવાજો ઉઘાડયો ને તેમને અંદર લીધા. ઠરાવ પ્રમાણે ચંદ્રસિંગે વીંટી આપીને સઘળી વાતથી બાવાજીને વાકેફ કર્યા. બાવાજીએ અંદર જઈ લાલબાને જગાડી ને વીંટી આપી તેજબાનો કહાવેલો સંદેશો કહ્યો. તે સાંભળી લાલબા ઉઠીને ઉભી થઈ. મહેંદ્રનાથે કહ્યું કે બેટા તું જવાને તૈયાર થઇ, એ તારા પુત્રીધર્મને ધન્ય છે. પણ કદાચ આ વીંટી તેજબા પાસેથી પડી ગઇ હોય કે જોરાવરીથી લેઈ લીધી હોય ને કાંઇ દગો હોય ત્યારે? એ પુરૂષ કોણ છે તે કાંઇ ઓળખાતા નથી. માટે આવા ભયના વખતમાં તને માત્ર વીંટીને આધારે મોકલવી એ, મને ભયભરેલું લાગે છે. લાલબાએ કહ્યું કે, બાવાજી, દગો કોઇનો સગો નથી. કરશે તે પામશે. ખોદશે તે પડશે. તેજબાનું હેત તો ઓરમાયાંના જેવુંજ છે. પણ આજસુધી મેં એમની આજ્ઞા મારાં સગાં માતુશ્રીની આજ્ઞા પ્રમાણે પાળી છે. વળી મારી સ્થિતિથી અજાણ્યા હોવાથી મારા પિતાજી અન્ન ખાતા નહિ હોય એ વાત પણ સંભવિત છે. મારા પિતાજીના ઘા રૂઝાયા નથી. દુર્ગાદાસ કે જેણે એમનો પ્રાણ બચાવ્યો તેને સંકટમાંથી છોડવવાને કરવા ધારેલી મદદ રખડી તથા ઘર ઉપર અણધારી આપ્દત આવી. તેમાં મારૂં શું થયું છે તે એમના જાણવામાં નહિ આવ્યાથી એ ઘણા ચિંતાતુર રહેતા હશે ને નહિ જમતા હોય. એવે વખતે આ સંદેશો સાચો હોય ને હું જાઉં નહિ તો એમને કેટલું દુઃખ થાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે કદાચ દગો હોય તો તેમાં પડવાનું જોખમ ખેડીને પણ મારે જવું જોઇએ, એમ મારી નજરમાં આવે છે. બાવાજીએ કહ્યું કે ધન્ય છે બેટા તારા પુત્રીધર્મને, અને લાગણીને. તું જા, અને પ્રભુ તારૂં રક્ષણ કરશે. સાચાનો બેલી ઇશ્વિર છે. માટે તૈયાર થા ને જા. તારાં માતા પિતાને મારો આશીર્વાદ કહેજે અને દુર્ગાદાસે એમને આપેલી પેટી મારી પાસે સલામત છે એમ કહેજે. એમ કહીને આશીર્વાદ આપી પેલા અજાણ્યા માણસો સાથે લાલબાને બાવાજીએ વિદાય કરી.

પ્રકરણ ૯ મું.

દુર્ગાદાસનો છૂટકારો ને સોજીત જીતવું.

બારેવરસાં બીહ, પાંડવ હી રહીયાં પ્રછન,
દુર્ગાએ કો દીહ, અછતો રહ્યો ન આસોત.

મતલબ—બાર વરસ સુધી ડરીને પાંડવ પણ છુપા રહ્યા હતા, પણ આસકરણના પુત્ર દુર્ગાદાસ તું તો એક દિવસ પણ છુપો રહ્યો નહિ.

આણી તરફ દુર્ગાદાસ અરવલ્લીની ખીણોમાં ઘેરાઇ પડ્યો છે, તેની આસપાસ મુસલમાન લશ્કરનો જાપતો મજબૂતીથી રહેલો છે. તેથી તે દિન પ્રતિદિન વધારે ને વધારે સંકડામણમાં આવતો ગયો. ખાવાનું ખૂટ્યું ને વનમાંથી મળતાં કંદમૂળને ફળ ફળાદિ પણ ખૂટવા લાગ્યાં. પોતાનાં માણસો ખોરાક વગર નબળાં થઇ ગયાં, તોપણ તેઓ દુર્ગાદાસને ત્યજીને જવાની ના પાડવા લાગ્યાં. દુર્ગાદાસનો મુખ્ય આધાર માત્ર મહાસિંગ તરફથી મળવાની મદદ ઉપર હતો. દિવસ ઉપર દિવસ જવા લાગ્યા પણ એ મદદની કાંઇ પણ નિશાની જણાઈ નહિ. તેમ મુસલમાનો ઉપર છાપો મારીને બહાર નીકળી જવાય તેમ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતું. એક વિકટ માર્ગ જ્યાંથી નાસી જવાય એવું નથી એમ મુસલમાનો માનતા હતા અને તેથી તે માર્ગની સંભાળ રાખવાની મુસલમાન સરદારે થોડીજ કાળજી રાખી હતી, તેજ માર્ગ માત્ર દુર્ગાદાસને કે તેના માણસોને નાસી જવાનો હતો. એક રાત્રે દુર્ગાદાસે પોતાનાં માણસો ભેળાં કરીને કહ્યું કે ભાઇઓ, મેં જે આશાથી આ ઝુંડો રોપ્યો તે આશા સફળ થવામાં પરમેશ્વર સાનુકૂળ હોય એમ લાગતું નથી. મારૂ ભૂમિને સ્વતંત્ર કરવાનું માન મળવાનું આપણા ભવિષ્યમાં જણાતું નથી. મારૂ ભૂમિને સ્વતંત્ર થવાનો કોઈ પણ સમય હોય તો તે માત્ર આ હતો. પણ મુસલમાનોથી ચંપાઈ ગએલા બાયલા મારવાડીઓ આ અમૂલ્ય સમય ગુમાવે છે. ગયો અવસર ફરીને આવવાનો નથી. આપણે મુઠીભરે એ મહાભારત કામ કરવાને માથે ઉઠાવ્યું હતું, જે મહાસિંગજી જેવા બહાદુર રાઠોડો હજુ મારવાડમાં છે, અને તે આપણને સહાય કરશે, એમ સમજીને ઉઠાવ્યું હતું. પણ મારૂ દેશને કમનસીબે એ બહાદુર વીર પણ મુસલમાનોથી ડરી ગયા એમ જણાય છે. તો હવે આપણું કર્તવ્ય એજ છે કે આપણે છૂટા પડવું. ભાઇઓ, મેં તો પણ લીધું છે કે "મરવું કે મારૂ દેશ સ્વતંત્ર કરવો, તે વગર તરવાર મ્યાન કરવી નહિ." પણ મારી સાથે તમારે ભૂખે મરવાની કે કપાઈ મરવાની જરૂર નથી. પરમેશ્વર ફરીને આવો સંજોગ મેળવે અને કોઇ બીજો દુર્ગાદાસ મળે ત્યાં સુધી તમે તમારે ઘેર જઇ તમારો ધંધો કરો. ભાઇઓ, તમે જાઓ; અને તમારા સરદારના આ છેલ્લા બોલ યાદ રાખજો. હું તો મારા નસીબને આધીન થઇશ. પ્રભુ તમને સહાય થાઓ. *

---

* દુર્ગાદાસના આ અરણ્યવાસના સમયમાં એ કેવી રીતે રહે છે એની તપાસ કરવાને એક છુપો માણસ પાદશાહે મોકલ્યો હતો, તે તપાસ કરી પાદશાહ પાસે ગયો ત્યારે તેણે પૂછ્યું કે કેમ શી ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાંભળી જે સાઠ માણસો એની સાથે હતા તે સઘળા એકે અવાજે બોલી ઉઠયા. સાહેબ, આ શું બોલો છો? અમારૂં ને તમારૂં નસીબ સાથેજ જોડાએલું છે. જ્યાં સુધી આ ખોળીઆમાં જીવ છે ત્યાં સુધી અમે તમારાથી જૂદા પડવાના નથી તમારો ધંધો છે તેજ અમારો ધંધો છે, ને જે તમારૂં પણ છે તેજ અમારૂં પણ છે. અમ તમારાથી છૂટા પડવાના નથી. મરીશું કે મારૂ દેશ સ્વતંત્ર કરીશું.

એટલામાં દુર્ગાદાસના શરવા કાને "રામ બોલો ભાઈરામ"નો અવાજ પડયો. અત્યારે કોણ મરી ગયું હશે, કયાં લેઈ જતા હશે, કયાંથી લાવતા હશે, આવો વિચાર દુર્ગાદાસ કરે છે, એટલામાં ચાર જણાએ ઉચકેલી ઠાઠડી આગળ છે અને આગળ એક જણે અગ્નિ સળગાવવાની તોલડી લીધેલી છે ને પાછળ કેટલાક સ્મશાનીઆ ચાલે છે, એવા દેખાવ નજરે પડયો. જોત જોતામાં તે ડાઘુઓએ ઠાઠડી દુર્ગાદાસની પાસે લાવીને મૂકી. આ શું છે, એમ જાણી તે અચંબામાં પડયો. તેમાંથી તે મુક્ત થાય તે પહેલાં તો ઠાઠડી છોડી કે અંદરથી એક અરાડ વરસનો જુવાન કૂદીને આગળ આવી દુર્ગાદાસને પગે પડયો. રૂપસિંગ રાઠોડ જે અત્યાર સુધી એક બાજુએ હતા, તે આગળ આવીને બોલ્યા, ઠાકોર દુર્ગાદાસ, આપની જય થાઓ, મહાસિંગજી ઠાકોરે આપને મદદ કરવાને માણસો એકઠાં કર્યાં હતાં તેમાંનું પાયદળ આપીને મને મોકલ્યો છે, ને બીજા ત્રણસેં સવારો તેમનો ભત્રીજો માનસિંગ લેઇને પાછળથી આવી પહોંચે છે. દુર્ગાદાસે પૂછ્યું કે મુસલમાનોના આવા

લાવ્યા ? જાસુસે કહ્યું કે પાદશાહ સલામત, દુર્ગાદાસ ઘોડા ઉપર રહ્યો રહ્યો ભાલાથી ભાખર શેકી ઘોડા ઉપર બેઠો બેઠોજ ખાય છે એવો સાવધ છે. પાદશાહ હાથ પછાડી બોલ્યો કે " એવો સાવધ નર આપણે હાથ આવવાનો નથી." ઘોડા ઉપરથી ભાલા વડે ભાખર ફેરવતા દુર્ગાદાસનું ચિત્ર છે એમ મેં સાંભળ્યું હતું, પણ જોધપુરમાં મેં સઘળે તપાસ કરી પણ એ ચિત્ર હાથ લાગ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબરા ઘેરામાં માનસિંગ શી રીતે આવી શકશે ? પણ વારૂ, કરણ સિંગ ઠાકોર તમને મળ્યા હતા ? રૂપસિંગે પૂછ્યું, કયા, દેબારીવાળા ? ના, તે અમને મળ્યા નથી. અમે તો મહા મુસ્કેલીથી આવ્યા છીએ. માંડેથી નીકળ્યા પછી રસ્તામાં મુસલમાનોનાં ધાડાં ને ધાડાં જણાવા લાગ્યાં. આ ડુંગરા તો બે ત્રણ ગાઉ સુધી ઘેરીને મુસલમાનો પડ્યા છે. એ ઘેરામાંથી અવાય એવો કોઇ માર્ગ નથી. તેથી અમેતો ત્યાંથી પૂર્વમાં વળીને દક્ષિણમાં વળી મોટો ચક્રાવો ખાઇ આ રસ્તે અહિં આવવાને નીકળ્યા. પણ જ્યાં જઇએ ત્યાં દાઢીવાળા તો ખરાજ. અમે તેમની નજર ચૂકાવી આડેફેડે રસ્તે આડા અવળી જતા આવતા હતા. એટલામાં આ જુવાન મળ્યો. એણે અમને પૂછ્યું કે તમે કયાં જાઓ છો ? જો દુર્ગાદાસ પાસે જતા હો તો મને સાથે લેઇ જાઓ. હું તમને બહુ કામ લાગીશ. પ્રથમ તો મારૂં માનો તો હું કહું છું કે તમે આ પ્રમાણે જશો તો મુસલમાનો તમને જવા નહિ દે. માટે હું મડદું થાઉં ને તમે બધા સ્મશાનીઆ થાઓ. મને ઠાઠડીમાં બાંધો ને રામ બોલો ભાઈ રામ કરતા ચાલો. મુસલમાનો પૂછે તો કહેવું કે ભાઇ, આ જુવાન સંધ્યાકાળે મરી ગયો, તેને જુવાનતું મરણ એટલે અમારે અત્યારે સ્મશાનમાં લેઇ ગયા વગર ચાલે નહિ, તેથી લેઈ જઇએ છીએ. અમે એની સલાહ માંનીને તેમ કર્યું. પણ જો તે પ્રમાણે ન કર્યું હોત તો અમે મુસલમાનોથી સપડાઈ જાત. બે ત્રણ વખત મુસલમાનોએ અમને રોક્યા. અમે રખેને તમારે માટે ખોરાકી લાવતા હોઇએ, એમ ધારી તેમણે બે ત્રણ જગાએ ઠાઠડી છોડાવી. પણ આ જુવાન એવો શ્વાસ રૂંધી પડેલો કે તેમણે એને મડદુંજ જાણ્યું. તેથી અમને આવવા દીધા. એ પ્રમાણે આ સઘળા માણસોને સાચવીને સલામત લાવનાર હું નથી, પણ એ બહાદૂર જુવાન છે.

આ સાંભળી દુર્ગાદાસ એ જુવાન છોકરા તરફ ફરીને બોલ્યો, ઓ બહાદૂર વીરા, આ ઘેરાયલા દુર્ગાદાસને માટે અણીની વખતે સલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મતીથી સહાય લેઈ આવનાર જુવાન તું કોણ છે ? અને તારૂં નામ શું ? તે બોલ્યો કે હું મારૂ પુત્ર ગંભીરસિંહ રાઠોડ છું. મારૂ ભૂમિને સ્વતંત્ર કરવાને મેદાન પડનાર દુર્ગાદાસની ખબર મળવાથી તેની ખોળ કરવાને છાનોમાનો ઘેરથી નીકળી અહિં આવતો હતો, તેવામાં આ માણસો મળ્યાં, તેમની સાથે તમે જોયું તે રીતે હું અહિં આવ્યોછું. હવે હું ઇચ્છું છું કે મને જીવતા સુધી તમારી સાથેજ રાખજો. તમારે ડાબે પડખે રહી લઢાઇના મેદાનમાં તરવાર દેવીને ભોગ આપવાની મને પરવાનગી આપશો તો હું મોટો આભારી થઇશ. દુર્ગાદાસ હસીને બોલ્યો, ગંભીરસિંગ તું મારો નાનો ભાઈ છે. મારો ભાઇ જશકરણ જમણે ને તું ડાબે પડખે રહી સુખેથી લડજો. અને તારી સાથે આ તારો ભત્રીજો તેજકરણ રહેશે. ગંભીરે તેજકરણ તરફ ફરીને હાથેહાથ મેળવ્યા.

આ નવી મદદ આવ્યાથી તરતજ તેનો લાભ લેવો જોઇએ એવો દુર્ગાદાસે વિચાર કરી નવાં આવેલાં માણસોને કહ્યું કે ભાઇઓ, આપણે ચાલો. ખોરાકી વગર અશક્ત થઇ ગએલા આ માણસોને લેઇ અહિંથી મેદાન પડીએ. વાયવ્ય કોણનો માર્ગ વધારે વિકટ હોવાથી મુસલમાનોએ થોડી સંભાળ રાખી છે, ત્યાં થઇને આપણે નીકળી જઇએ. ત્યાં જે કાંઇ થોડો પહેરો રાખ્યો છે, તેમાંથી કોઇને બચવા દેવો નહિ એટલે બાકીનાને આપણા નાઠાની ખબર પડશે નહિ. સવારે જાણશે ત્યાં સુધીમાં તો આપણે સલામત જતા રહીશું. તમે મુસાફરીના થાકથી થાકયા તો હશો, પણ આ કામમાં જેટલી ઢીલ કરીશું તેટલું આપણને નુકશાન થશે. એ સાંભળી સઘળા બોલી ઉઠયા, બહાદૂર સરદાર, અમે થાકયા નથી. અમને અત્યારે ને હવે પછી અમારો ધણી માનસિંગ આવી મળે ત્યાંસુધી જ્યાં લેઇ જશો ને જે કામ સોંપશો તે અમે આ ખોળીઆમાં પ્રાણ હશે ત્યાંસુધી બજાવીશું. ગંભીરસિંગ બોલ્યો, મોટા ભાઈ ચાલો, આપ રસ્તો બતાવો એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપને પડખે આપનો નાનો ભાઈ ઉભોજ જાણજો. દુર્ગાદાસ હસીને બોલ્યો ભાઇઓ, નવા આવેલામાંથી અરધા આગળ મારી સાથે ચાલો ને અરધા રૂપસિંગ રાઠોડ, આપ પાછળ રહીને લાવો; ને વચમાં ભૂખ-મરાથી આ નબળા થએલાને રાખો કે મુસલમાનોના મારાથી તેમને આગળથી ને પાછળથી બચાવી શકાય એમ કહી જુના માણસોને વચમાં રાખી દુર્ગાદાસ આગળ ચાલ્યો.

ડુંગરાની કદણો એવી હતી કે જેવા તેવા માણસોના તો હાંઝાજ ગગડી જાય. એ કદણો ચૂપકીથી ચઢ ઉતર કરતાં કરતાં એ ડુંગરા વચેની બારીમાં આવી પહોંચ્યા. મુસલમાન સિપાઇઓ ત્યાં થોડાજ હતા. તેમને ખુદાને આશરે મોકલી રજપુતો આગળ ચાલ્યા. મુસલ-માનોમાંથી એકપણ ન બચ્યો કે તે પોતાના સોબતીઓને ખબર આપે. હરોલમાંના દુર્ગાદાસ, જશકરણ, ગંભીર અને તેજકરણે તર-વારનો એવો તો ઝપાટો ચલાવ્યો કે તેમની પાછળ ચાલનારની તર-વારને લોહી ચાખવાનો વારોજ ન આવ્યો. મુસલમાનો અણચિંત્યા રજપુતોના હુમલાનો ભોગ થઇ પડયા. તેઓ આ જગા સલામત છે એમ ધારી ગાફલ રહ્યા તેનું તેમને આ ફળ મળ્યું.

રજપુતોએ રાત્રે ને રાત્રે રસ્તો કાપવા માંડયો, ને સવારનો પહોર થતામાં તો મુસલમાનોને ડુંગરાની ખીણોમાં ઉંઘતા મૂકી કેટ-લેક દૂર નીકળી ગયા. દુર્ગાદાસ સૌથી આગળ ચાલતો હતો. હજુ ભળ ભાંખળું થયું નહોતું. અજવાળાની ને અંધારાની લઢાઇ ચાલતી હતી. પાછલી રાતનો ચંદ્રમા પોતાનું મુખ પૂર્વમાં પ્રકાશતો હતો. દૂરથી કોઇ કોઇ ડુંગરાની ભેખડો ઉપર આવેલાં ભીલનાં છાપરાંમાંથી પાછલી રાતના એકલા મરઘાનો અવાજ આવતો હતો. તેવામાં આ પ્રમાણે દુર્ગાદાસના સાંભળવામાં આવ્યું. મને શા માટે બાંધી છે. હું આ ડુંગરામાંથી નાસીને કયાં જવાની હતી. મારા ઉપર આ સીતમ શા માટે ગુજારો છો. મેં તમારો શો અપરાધ કર્યો છે. આવાં કરૂણા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનક વાક્યો સાંભળી દુર્ગાદાસના પગ સ્વાભાવિક રીતેજ એ અવાજ તરફ વળ્યા. તેણે પોતાનાં માણસોને ત્યાં ઉભા રાખ્યાં ને પોતે આગળ ચાલ્યો. જશકરણ, ગંભીર ને તેજકરણ તેને પગલે પગલે પાછળ ચાલ્યા. એટલામાં કોઇ સ્ત્રીની " મને મારીરે, મને કોઇ છોડાવો રે " એવી એક ભયંકર ચીસ સાંભળી. દુર્ગાદાસને તેના સોબતી દોડતા ત્યાં જઇ પહોંચ્યા, તો કોઈ પુરૂષ કોઇ સ્ત્રીના ઉપર બળાત્કાર કરવા જતો જણાયો. તે સ્ત્રી તેનાથી દૂર ખસી જઇ ચીસ પાડી થરથર કાંપતી ઉભી હતી. દુર્ગાદાસે ત્યાં આવી બૂમ પાડીને કહ્યું, કેમ રે પાપી, આ સ્ત્રી ઉપર કેમ જુલમ કરે છે? આવા ડુંગરાની ભયંકર જગામાં આ કોણ સ્ત્રીને તું લેઇ આવી પાપી કર્મ કરવાને તૈયાર થયો છે? પેલો પુરૂષ જબરદસ્ત હતો, તે તરતજ તરવાર ઉઘાડી દુર્ગાદાસ ઉપર કૂદી પડયો, ને બોલ્યો કે આ ધર્માત્માનો ઢોંગી તું કોણ છે! ને અહિં શા માટે આવ્યો છે? એમ કહી તરવાર ઉગામે છે એટલામાં તો તે ઘાયલ થઇ નીચે પડયો. દુર્ગાદાસ વાત કરતો હતો એટલામાં ગંભીર તેની પડખે કૂદી આવ્યો ને એક ઝપાટે પેલા પાપીને નીચે પાડયો. દુર્ગાદાસ તે બાઇ પાસે ગયો એટલે તે કરગરવા લાગી કે ભાઇ, તમે મને આ પાપી પાસે મૂકી જશો નહિ. મને એના હાથમાંથી છોડાવી કોઈ નિર્ભય જગાએ લેઇ જાઓ. આ સાંભળતાંજ ગંભીર બોલી ઉઠયો કે અરે! બેન તું અહિં કયાંથી? લાલબા તને અહિં લાવનાર આ પાપી કોણ છે? લાલબાએ કહ્યું કોણ ભાઇ તું ગંભીર કે? મને તું આ પાપીની પાસેથી લેઇ જા. પછી એ કોણ છે તે હું તને કહીશ. ગંભીરે કહ્યું બેન, હવે તું સલામત છે. મારી સાથે સુખેથી ચાલ. અમે પગ પ્યાદા છીએ માટે તારે ચાલવું પડશે. તારાથી ચલાશે કે? નહિ રે, ભાઇ આ પાપીનો ઘોડો આ પાછળ ખીણમાં બાંધેલો છે. અને ત્યાં એની સાથેના ત્રણ માણસોના ત્રણ ને એક મારો ઘોડો છે. આ સાંભળતાં દુર્ગાદાસે વધારે પૂછપરછ કર્યા વગરજ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવા માંડયું. ખીણમાંના માણસો આ નાગી તરવારોવાળા પોતાના ઉપર ધસી આવતા જોઈ પલાયન કરી ગયા. એટલે પાંચે ઘોડા હાથ આવ્યા તેના ઉપર આ પાંચે સવાર થઈ પોતાનાં માણસોને આવી મળ્યા. પેલો ઘાયલ થએલો અચેત પડેલો હોવાથી તે મરી ગયો હશે એમ ધારી તેની તરવાર લેઇ તેને ત્યાંજ ગીધ કાગડાનો ભક્ષ થઇ પડવાને રહેવા દીધો.

હવે ગંભીરે પૂછ્યું કે બેન લાલબા, એ પાપી જીવ કોણ હતો, ને તું એના હાથમાં શી રીતે સપડાઇ ગઇ? લાલબાએ કહ્યું, ભાઇ, એ ચંદ્રસિંગ પડીઆર. જેને પરણવાને મેં ના કહી હતી તે, મને મહેંદ્રનાથ બાવાના મઠમાંથી છેતરીને લેઇ આવ્યો. એમ કહી તેણીએ પોતાના ઘર ઉપર શી રીતે ને શી શી આફ્ત પડી, મહેંદ્રનાથના મઠમાં શી રીતે આવવું પડ્યું, ને માનસિંગ દુર્ગાદાસ માટે મદદ મેળવવાને ક્યાં ગયો છે, તે સઘળી વાત કહી. આ વાત કહેતાં દુર્ગાદાસને મદદ નહિ મળી શકવાથી મારૂ દેશનો ઉદ્ધાર કેમ થશે, અને દુર્ગાદાસનું શું થશે, તથા મારાં માતાપિતાને કોણ છોડાવશે એમ કહેતાં કહેતાં એની આંખો આંસુથી ભરાઇ ગઇ, ને ડુસકાં ખાતી ખાતી પૂછવા લાગી કે ભાઇ, તું ક્યાં જાય છે! તથા રાતની વખતે આવાં ઘોર જંગલોમાં ને ડુંગરામાં તું ક્યાંથી! તથા આ મારો છૂટકારો કરનાર વીરપુરૂષ કોણ છે, તે કહે. આ સાંભળી ગંભીરે કહ્યું કે બેન, જેને માટે તમે આટલી બધી કાળજી રાખો છો, તેજ આ દુર્ગાદાસ, મારા મોટા ભાઇ છે. આપણે ઘેરથી રૂપસિંગ રાઠોડ જે મદદ લેઇ આવ્યા હતા, તે મદદની સાથે હું એમને જઇ મળ્યો, ને મુસલમાનોના ઘેરામાંથી છુટી અમે અત્યારેજ બહાર નીકળ્યા છીએ. લાલબાએ એ સાંભળી દુર્ગાદાસ તરફ નિર્દોષ પ્રેમી આંખે જોઈ નમન કર્યું. દુર્ગાદાસે કહ્યું, મારા મિત્ર મહાસિંગજીની પુત્રી તે તું મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રીતુલ્ય છે. પણ અમારે યુદ્ધનું ભયંકર કામ કરવાનું છે માટે તને કોઇ નિર્ભય જગાએ મૂકવી જોઇએ.

એ સાંભળી લાલબા બોલી, કાકા, મને આવા અઘોર જંગલમાં દુશ્મનોના ફરતા દળમાં કોઈ સલામત જગાએ મૂકશો! મહેંદ્રનાથના મઠ જેવી સલામત જગાએથી પણ દગાએ મને ફસાવી, તો તે કરતાં વધારે નિર્ભય જગા આ જંગલોમાં કયાંથી મળશે? માટે તમે મને મરદનો પોશાક પહેરી તમારી સાથેજ આવવા દો. હું તમને નકામી વેઠ નહિ થઇ પડું. મને એક તરવાર આપો ને જુઓ કે હું પણ ખરી મારવાડ પુત્રીની કૂખે અવતરી છું કે નહિ. રજપુતસ્થાનમાં તારા ને જવાહીરબાઇ જેવી થઇ ગઇ તેવી નામના કરવાનું મને બહુ મન છે. માટે જો મારૂં હિત ચહાતા હો તો તમે મને મરદના પોશાકમાં સાથેજ લો. એને એકલી કોઇ ઝુંપડામાં ભીલને ભરોંસે રાખવા કરતાં પુરૂષના વેશમાં સાથેજ લેવી ઠીક પડશે, એમ ધારી દુર્ગાદાસે લાલબાને સાથે લીધી.

એમ કરતાં સવાર પડી. ચંદ્રમાએ પોતાનું તેજ કમી કર્યું સૂર્ય-નારાયણે પૂર્વમાં પોતાનું મુખ પ્રકાસ્યું. સૂર્યના સોનેરી કિરણથી પૃથ્વી માતા છવાઈ ગઈ. એવામાં એક નાના નાળામાં તેઓ દાતણ પાણી કરવા લાગ્યા. અરધા હથીઆર બંધ રહ્યા ને અરધા દાતણ પાણીએ વળગ્યા. એ રીતે સઘળા પરવારી તૈયાર થાય છે કે દૂરથી ઘોડાની ખરીઓના ખડખડાટ સંભળાયા. બે જણા આગળ ચાલતા હતા. બોકાની બાંધેલી હોવાથો તેઓ કોણ છે એ દૂરથી ઓળખાય તેમ નહોતું. તોપણ પોશાક પરથી તેઓ શત્રુ નહિ, પણ મિત્ર, જાત ભાઇ છે એમ જણાયું. એટલામાં એમાંથી એક જણે આગળ આવી દુર્ગાદાસને રામ રામ કર્યા, કે બીજાએ કાકાસાહેબ, રામ રામ એવો પોકાર માર્યો. દુર્ગાદાસે પૂછ્યું કે કેમ, કરણસિંગ, મહાસિંગ ઠાકોરનો બહાદૂર ભત્રીજો માનસિંગ તે આજ કે? કરણસિંગે હા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યાથી દુર્ગાદાસ તેને ઘણા હેતથી ભેટયો. એટલે પુરૂષના વેષમાં લાલબાએ કહ્યું કે ભાઇ, રામ રામ. માનસિંગ લાલબાને તરત પિછાની શકયો નહોતો. પણ તેનો અવાજ સાંભળ્યો ત્યારે તેના તરફ જોઇને આશ્ચર્ય પામ્યો ને પૂછ્યું કે બેન, તું અહિં કયાંથી? મહેંદ્રનાથના મઠમાંથી તું એકલી શી રીતે આવી મળી? ને તે પણ પુરૂષના વેષમાં? ગંભીરે આગળ આવી પોતાના મામાના છોકરાનો (માનસિંગની ફોઇનો છોકરો ગંભીરસિંગ હતો તેથી) હાથ પકડયો. બંને જણા મળ્યા ને પોતાની તથા લાલબાની હકીકતથી ગંભીરે માનસિંગને વાકેફ કરી તેના મનની ઇંતેજારી દૂર કરી.

હવે માનસિંગે દુર્ગાદાસ તરફ ફરીને કહ્યું કે કાકાસાહેબ, હવે આપણે સોજીતગઢ ઉપર જવું જોઇએ. એ ગઢ જીતીને મારા કાકાને છોડાવ્યા કે બીજા ઘણા મારૂ સરદારો આપણી મદદે આવશે. જેઓ મુસલમાનોથી ડરીને ભરાઇ બેઠા છે, તેમને આપણા વિજયથી હિંમત આવશે. તેમ થશે એટલે મારૂભૂમિની સ્વતંત્રતા દૂર નથી એમ નક્કી જાણવું. દુર્ગાદાસે કહ્યું કે ભાઇ, હું પણ એજ વિચાર કરૂં છું. આપણે આજેજ રાત્રે એકદમ સોજીતગઢ ઉપર જઇને છાપો મારવો જોઇએ. ગઢ મજબૂત છે ને તેના રક્ષણાર્થે મુસલમાની લશ્કર પણ ઘણું હશે. આપણી પાસે હુમલો કરી એ ગઢ જીતવા જેટલાં માણસો નથી. માટે છાપો મારી મુસલમાનોને અસાવધ પકડવામાંજ આપણી ફતેહ છે, એમ મને લાગે છે. માટે આજે બપોરના આ સામેની ખીણમાં એક ગામડું છે, ત્યાંના લોકો પાસેથી ખોરાક મેળવી ત્યાંજ છૂપાઈ રહીશું, ને રાતના સોજીતગઢ ઉપર જઈશું.

સંધ્યાકાળ થવા આવી, સૂર્યભગવાન અસ્તાચળપર ગયા, ને પૃથ્વીમાતા અંધકારથી છવાઇ ગઇ. તારાઓ એક પછી એક પ્રકાશવા લાગ્યા; એટલે રજપુતો પણ સઘળા તૈયાર થઈ એકઠા થયા. દુર્ગાદાસે પોતાના ઘોડાને આગળ ચલાવ્યો કે સર્વે તેની પાછળ ચાલ્યા. સોજી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તની પાસે એક નાની ટેકરીને ઓથે દુર્ગાદાસ થોભ્યો કે સર્વે ખડા થઇ ઉભા. કોઇ પણ જરા ચેં કે ચું કરતું નહોતું. સઘળા શાંત થઇ ઉભા હતા. એ ડુંગરીની પડખેથી *સોજીતનો કિલ્લો દેખાતો હતો. કિલ્લાના દરવાજા બંધ હતા; ને બુરજો ઉપર ઝાંખું અજવાળું દેખાતું હતું. ત્યાં પહેરેગીર સ્થિર ઉભેલો જણાતો હતો. શીઆળાની રાતની થંડીથી અકડાઈ ગએલો હોવાથી કે ઉભાં ઉભાં ઉંઘવાની ટેવથી ઉંઘી ગએલો હોવાથી તે સ્થિર મૂર્તિની માફક ઉભેલો જણાતો હતો. તેથી થોડે દૂર એક બીજો ધીમે ધીમે નાગી તરવારે કોટની દીવાલ ઉપર ચાલતો હતો. તોપણ તે આ અંધારામાં ઉભેલા તેના દુશ્મનોને દેખતો નહોતો. તેમ દુર્ગાદાસ વગર બીજો કોઈ તેમનો શત્રુ પણ નહોતો. દુશ્મની જણાવેલા સઘળા માણસો કબજે આવ્યા હતા, ને ઘેરાયલો દુર્ગાદાસ છૂટો થવાની તેમને હજુ બાતમી મળી નહોતી. તેઓ હજુ તેને ડુંગરામાં ઘેરાએલો સમજતા હતા. તેથી શત્રુ આવી પહોંચશે એવી તેમને ફીકર પણ નહોતી. એ રીતે પહેરેગીરો બેફીકર હતા. પણ હજુ ઘણી રાત્રી ગઇ નહોતી. ગામમાં પણ લોકોનો શોરબકોર શમ્યો નહોતો. એટલામાં દરવાજા તરફથી ઝાલરના નવ ટકોરા થયા. રાતના નવ વાગ્યા છે એવી ખાત્રી થઇ. દુર્ગાદાસે સઘળાને થોડીવાર આરામ લેવાની રજા આપી, ને પોતે પણ ઘાસીઓ નાંખી નીચે બેઠો.

સઘળા ચૂપાચૂપ પોતપોતાનાં કપડાં પાથરી આરામ લેવા લાગ્યા. સઘળા થાકથી ઉંઘાઈ ગયા. પણ દુર્ગાદાસને ઉંઘ આવતી નહોતી. જેના મનમાં ચિંતા ને ફીકર હોય, જેને કરજ કે ધન હોય, જેને મહાન્

---

* આ સોજીતનું અસલ નામ તંબાવતી હતું. તે ઉજડ થયા પછી સંવત ૧૧૧૧ માં ફરીને વસ્યું. ત્યાં સેજુલ માતા છે તે ઉપરથી એનું ન[illegible] પડ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર્ય કરવું હોય કે જેને માથે ભય હોય, તેને ઉંઘ કેમ આવે ? તેનું મન શાંત થઇ તેને નિરાંત કેમ વળે ? દુર્ગાદાસના મનમાં હુમલો ક્યાંથી કરવો ને કેમ કરવો ? નવી મદદ કેમ ને ક્યાંથી મેળવવી ? શી રીતે જીતવું ને સોજીત જીતી આગળ ક્યાં જવું ? એ બાબતના તુરંગો આવવા લાગ્યાથી તેની ઉંઘ જતી રહી. પવનને લીધે પાંદડું સરખું ખખડ્યાથી પણ તે ખડો થઇ જતો. પોતાના પડખામાંથી તેણે તરવાર દૂર કરીજ નહોતી. આ પ્રમાણે દુર્ગાદાસ વિચારસાગરમાં ડોલતો હતો. એમ કરતાં દશ, અગીઆર ને બાર વાગ્યા. તોપણ દુર્ગાદાસની આંખ મીંચાઇ.નહિ. જેમ જેમ રાત્રી જતી ગઇ ને હુમલો કરવાનો વખત નજીક આવતો ગયો, તેમ તેમ તે વધારે ઇંતેજાર થતો ગયો. તે વધારે આતુરતાથી કિલ્લા તરફ જોવા લાગ્યો. શહેરમાં સઘળું શાંત થઇ ગયું. લોકોનો કોલાહલ શમ્યો. બુરજો પરના દીવા વધારે ઝાંખા પડતા ગયા, ને પહેરેગીરો ઉભા ઉભા હમણાં નીચે પડશે, એવા જણાવા લાગ્યા, એવામાં દૂરથી કાંઇ ઝાંખો ઓળો પોતાની તરફ આવતો જણાયો. દુર્ગાદાસ ઉઠીને તરત ઉભો થયો ને હાથમાં તરવાર લીધી, એટલે સામેથી અવાજ આવ્યો કે મોટાભાઇ, એતો હું ગંભીરછું. ગભરાશો નહિ. દુર્ગાદાસે પૂછ્યું કે ગંભીર, આટલી રાત્રે તું એકલો ક્યાં ગયો હતો ? ગંભીરે કહ્યું કે ભાઈ, તમે બધાને સુવા જવાની આજ્ઞા કરી, તે વખતે હું પણ સુવા જવાના વિચારથી તમારી પાસેથી દૂર ખસ્યો. પણ જેના મનમાં ચિંતા હોય તેને ઉંઘ કેમ આવે ? જેમ તમે ઉંઘ્યા નથી તેમ મને પણ ઉંઘ ન આવી. તેથી હું સોજીતગઢ ઉપર કઈ જગાએથી હુમલો કરવો સહેલો ને સલામત છે, તે જગાની ખોળ કરવા તમે ન જાણો તેમ છાનોમાનો નીકળ્યો. કિલ્લાની ભીંત નજીક જતા સુધીમાં ઉપરના દીવાના ઝાંખા પ્રકાશમાં મારો ઓળો પડેલો જોઇ પહેરેગીરે ટોકયો. પણ સાવચેતીથી હું તરતજ ભીંતની નજીક સુઈ જવાથી તેના જોવામાં ઓળો ન આવ્યાથી તે શાંત થઇ ગયો. એ કોઇ ભૂત પ્રેતનો ઓળો સમજ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરી. હું તો જમીન ઉપર ઘસડાતો ઘસડાતો કિલ્લાની દિવાલ તપાસતો આગળ ચાલ્યો તો એક ટેકરા આગળ તે ભીંત થોડી ઉંચી છે. ત્યાં કોઈ પહેરેગીર ઉભેલો નહોતો, ને દૂરનો એક પહેરેગીર ઝોકતો હતો. તેથી આપણે તો ભીંત ઉપર ચડવાનો મનસુબો કર્યો. ધીરે રહીને ભીંતમાં એક બાકોરૂં હતું, તેમાં પગ મૂકી ભીંતને આધારે આસ્તેથી ટેકાવી ઉભો થયો તો મારો હાથ ઉપર પહોંચ્યો. એક જબરા કૂદકાથી હું ઉપર ચઢી શકયો; એટલે આપણે તો સલામત થઈ ગયા. કોઇની દૃષ્ટિએ ન પડે તેમ ચૂપકીથી કૂદકો મારી નીચે આવ્યો, ને ગામના વતનીની માફક ગામમાં આમ તેમ ફરવા લાગ્યો. ધીરે ધીરે મારા મામા મામીને કેદ કર્યા છે તે જગા, ઇનાયતખાનને રહેવાની જગા, દરવાજે જે માણસો છે તેમની સ્થીતિ સંખ્યા ને પહેરેગીરો એ વગેરે જોઈ વળ્યો. એક ઠેકાણે તો સેવક સપડાઇ જતો જતોજ બચી ગયો. છેવટે મારે ઉતરવાની જગા આગળ પહેરેગીર ઉંઘતો જોઇ, મારા હાથતો ચવળ્યા, પણ તેથી ઘોંઘાટ થતાં બીજા જાગી ઉઠયા તો મારા ભોગ મળશે ને આપનો ઇરાદો ધૂળ મળશે, એમ વિચારી હાથને વારી રાખ્યો ને આસ્તે રહી દીવો ગુલ કરી છાનો માનો ગયો હતો તેજ રસ્તે ઉતરીને તમારી પાસે આવ્યો.

આ સાંભળી દુર્ગાદાસે કહ્યું કે ભાઇ, તેં આ ઠીક ન કર્યું. એવા સાહસિક કામથી વખતે આપણી ધારેલી મતલબ અફળ જાત, અને આપણી ખરાબી થાત. જો તું સપડાયો હોત, સિપાઇઓ ચેતી ગયા હોત, કિંવા વધારે જાગ્રુત થયા હોત, તો કેવું પરિણામ આવત ? બીજું કાંઈ નહિ, ને માત્ર તુંજ સપડાયો હોત, તો અમને તારી કેટલી ખોટ પડત ? મારવાડમાં તારા જેવા ઉત્સાહી, દેશદાઝવા વીર પુરૂષોની ઘણી જરૂર છે. તેવા પુરૂષોજ કયાં છે ! ભાઇ, તારી તો મારે ઘણી જરૂર છે. તારી ભીડ બીજાથી ભાગે તેમ નથી. માટે મારૂ પડખું છોડી મારી આજ્ઞા વગર તારે જવું નહિ. એટલું છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું સલામત જઈ આવ્યો તેથી પરમેશ્વરનો હું પાડ માનુંછું. અને એથી મારી ખાત્રી થાય છે કે આજે નક્કી આપણને વિજય મળશે. તું જે સમાચાર લેઇ આવ્યો છે તે આજના હુમલા વખતે આપણને બહુ કામ લાગશે. હું મારા મનમાં એજ વિચારો ગોઠવ્યા કરતો હતો. હું જે કલ્પતો હતો તે તું નજરે જોઇ નક્કી કરી આવ્યો છે. એટલે આપણી ફતેહજ છે. હવે બાર વાગી ગયા છે ને હમણાં એક વાગશે, માટે સઘળાને ઉઠાડો શબ્દ સાંભળતાંજ જશકરણને તેજકરણ તો તેમની પડખે આવી ઉભા. લાલબા પણ ખડી થઇ ગઇ. કરણસિંગ, રૂપસિંગ ને માનસિંગ પણ આગળ આવ્યા. દુર્ગાદાસે કરણસિંગ ને રૂપસિંગની સાથે સઘળા માણસોને તથા લાલબાને સોંપી, દુર્ગાદાસ, જશકરણ, તેજકરણ, ગંભીર ને માનસિંગ એ પાંચ જણા ગંભીર જઇ આવ્યો હતો તે રસ્તે ગયા ને સઘળાને દરવાજા ઉઘડતાની સાથે એકદમ અંદર ધસી આવવાનો હુકમ આપ્યો. દુર્ગાદાસને તેના સોબતી ધારેલી જગાએ પહોંચ્યા કે ગંભીર ને તેજકરણ નીચે દીવાલને અઢેલીને ઉભા કે તેમના ઉપર ચઢીને દુર્ગાદાસ, જશકરણ ને માનસિંગ ઉપર આવ્યા ને પેલા બંનેને ઉપર ખેંચી લીધા. પાંચે જણા નીચે કૂદી પડી લાગલા દરવાજા નજીક ગયા. દુર્ગાદાસે એકજ ઝટકે ઝોકતા પહેરેગીરને માર્યો ને માનસિંગે દરવાજો ખોલ્યો. પહેરગીરને મારવાની ગરબડમાં બીજા જાગી ઉઠયા. તેમાંના બે ત્રણ મરાયા ને બે ચાર નાઠા. એટલામાં સઘળા માણસો આવી પહોંચ્યા. દરવાજા બંધ કરી આગળ ચાલ્યા. ગંભીરના દોર્યા સઘળા અંદરની ગઢી ભણી વળ્યા. ગઢી નજીક આવતાંમાં તો મુસલમાનોનું એક જબરૂં ટોળું આવી પહોંચ્યું. ઇનાયતખાન ઘોડેસ્વાર થઇ આગળ ચાલતો હતો. દુર્ગાદાસે એકજ ભાલાથી તેને નીચે ઢોળી પાડયો. એટલામાં મુસલમાનો તૂટી પડયા. ઇનાયતના શબ આગળ ઘેરી વળ્યા, ને રજપુતો ઉપર જબરો હલ્લો કર્યો. રજપુતો જરા દૂર ખસ્યા કે મુસલમાનો ઇનાયતનું શબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેઇ પાછા વળ્યા. ઇનાયત કાંઇ મરણ પામ્યો નહોતો પણ ઘાયલ થયો હતો. તેને બચાવવો એટલીજ મતલબ મુસલમાનોની હોય, એમ જણાયાથી, દુર્ગાદાસે તેને લેઇ જતાં અટકાવ કર્યો નહિ ને પોતાનાં માણસો લેઇ આગળ ચાલ્યો. દગો થયો એમ સમજી કેટલાક મુસલમાન સિપાઇઓ ગભરાયા ને ઇનાયતને લેઇ શેહેર બહાર જતા રહ્યા. થોડાક રહ્યા, તે છૂટા છવાયા જૂદે જૂદે ઠેકાણે હતા, ત્યાંથી એકઠા થાય, તે પહેલાં દુર્ગાદાસે તેમને ઘેરી લેઈ તેમનાં હથીઆર છોડાવી દીધાં. કિલ્લા ઉપર રાઠોડ રાજાનો વાવટો ચઢાવી તે ગઢીમાં આવ્યો. ત્યાંના પહેરેગીરો તો આ અણધારી આવેલી આફતથી ભયભીત થઇ પહેલેથીજ નાસી ગયા હતા, તેથી ગઢીનો કબજો લેતાં દુર્ગાદાસને મહેનત પડી નહિ.

ગઢીમાં પેસી તેઓ એકદમ મહાસિંગના કેદખાનામાં ગયા. ત્યાં કોઇ પહેરેગીર નહોતા. તેથી ઓરડો ઉઘાડી અંદર પેઠા. મહાસિંગ એક ઢોલીઆ ઉપર બેઠો હતો. તેની પાસે એક ચાકર તેની સારવાર કરતો હતો. તેજબા તે વખતે અંદરના ઓરડામાં ઉંઘતી હતી. મહાસિંગને ઉંઘ આવતી નહોતી. કંટાલીઆમાં થએલા જખમો રૂઝાવા આવ્યા હતા. પણ તેના ઘર ઉપર પડેલી અણધારી આફતથી, પોતાની વ્હાલી પુત્રીના ને બહાદૂર ભત્રીજાના વિયોગથી, તેમનું શું થયું હશે તેના વિચારથી, દુર્ગાદાસને હવે કોણ મદદ કરશે, તેને ઘેરામાંથી કોણ છોડાવશે, મારૂ દેશની સ્વતંત્રતા હવે કેમ મેળવાશે, આ કેદખાનામાંથી અમારો છૂટકારો હવે કેમ થશે, એ સઘળા વિચારોથી તેને રાત દિવસ ઉંઘ આવતી નહોતી. તેજબા વખતોવખત તેની ખબર લેતી ને દિલાસો દેતી, અને તેથી આ બહાદૂર પણ ભોળા ઠાકોરને કોઇવાર વિશ્રામ મળતો હતો, પણ તેજબાનું પાપી દીલ તેના પારખવામાં આવ્યું નહોતું. તે તેને પાક દાનતની ને પોતાના જેવા ભલા દીલની સમજતો હતો. સ્ત્રીની કમઅક્કલથી એ કોઇ વાર અવળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર લાવે છે, એમ તે સમજતો હતો. ઇનાયતખાન કોઇ કોઇ વાર મહાસિંગ પાસે આવીને ખબર લેતો હતો, પણ તે તો તેને દાઝ્યા ઉપર ડામ બરાબર હતું. કેમકે તેના ઘર ઉપર આફત લાવનાર એ ને ચંદ્રસિંગજ છે, એમ તે સમજતો હતો. ફીકરમાં ને તુરંગમાં તેની ઉંઘ જતી રહી હતી, કોઇવાર આંખ મળી જતી તો તેમાંથી એકદમ ઝબકીને જાગી ઉઠતો. આજ રાતના શેહેરમાં ગરબડ થયાથી તે એકદમ ઝબકી ઉઠયો ને ખાટલામાં બેઠો થયો, ને પોતાના ચાકરને જગાડયા. તેમાંથી એકને પોતાની પાસે રાખી બીજાને બહાર તજવીજ કરવા મોકલ્યો. તે આવતા પહેલાં તો બારણું ખખડયું ને દુર્ગાદાસ અંદર આવ્યો. દીવો બળતો હતો તેના તેજમાં દુર્ગાદાસ આવ્યો કે મહાસિંગ આશ્ચર્ય પામીને ગભરાયો. દુર્ગાદાસ એકદમ અહિં કયાંથી આવે, એમ સમજી આ સ્વપ્નું તો નહિ હોય, એમ માનવા લાગ્યો. દુર્ગાદાસે આગળ આવી રામ રામ કર્યા એટલે મહાસિંગ એકદમ ઉભો થઇ તેને ખૂબ હેતથી ભેટયો. પછી પુરૂષના વેષમાં લાલબા, માનસિંગ, ગંભીર ને તેજકરણ આગળ આવી પગે પડયાં. આ બનાવે તેને અચંબામાં નાખ્યો. પુરૂષના વેષમાં લાલબાને જોઇ તેને તે ઓળખી શકયો નહિ. ધીરે ધીરે તેને શુદ્ધિ આવી. આ અચબુચ બનાવથી તેનું ગભરાએલું મન શાંત થવા લાગ્યું. એવામાં તેનો ચાકર અંદર ધસી આવ્યો, ને તેણે કહ્યું કે મહારાજ, મુસલમાનો શેહેરમાંથી ભાગી જાય છે ને કેટલાક બહાદૂર રજપુતોએ આવી મુસલમાનોને કાપી નાંખ્યા છે. આ સમાચાર સાંભળી તે સમજ્યો કે મારો છૂટકારો હવે નક્કી થયોજ છે. મારૂ દેશની સ્વતંત્રતા મેળવવા દુર્ગાદાસ વિજય કરી અંદર આવ્યો છે. પ્રથમ તેણે ધાર્યું હતું કે આ સર્વેને મારા જેવી સ્થિતિમાં લાવવાને મુસલમાનોએ અહિં આણેલા છે. પણ તેની એ ભ્રમણા હવે દૂર થઈ. એનું મન શાંત પડયું ને મનનો ગભરાટ શમ્યો, ત્યારે દરેક જણ તરફ ધારીને જોવા લાગ્યો. એની પ્રથમ દૃષ્ટિ એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે બેઠેલી લાલબા તરફ પડી. તેને તેણે ઓળખીને કહ્યું કે લાલબા, તું આ દશાને પામી છું. વારૂ, તને સલામત આવેલી જોઇ મારૂં મન ટાઢું થયું. ભાઈ માનસિંગ, તેં એનને ઉગારી નહોત તો તેને પાપી ચંદ્રસિંગ પકડી લેઇ ગયો હોત. અરે ! ગંભીર શું તું પણ સાથે છે ! મારી બેન ને બનેવી કયાં છે ? તેઓ કેમ કાંઇ જણાતાં નથી ? નાનકા તેજકરણ તને સલામત આવેલો જોઇ હું બહુ રાજી થયો. દુર્ગાદાસ, તમારી બહાદૂરી ને હોંશીઆરીથી, તમારા પરાક્રમ ને સ્વદેશાભિમાનથી, તમારી દૃઢતા ને દીર્ઘદૃષ્ટિથી, મારવાડની સ્વતંત્રતા પાછી મળશે, એમાં મને લગારે શક નથી. મને તમે કહો કે હવે કિલ્લામાં શાંતિ થઈ છે કે નહિ? દરવાજાનો બંદોબસ્ત બરાબર કર્યો છે કે નહિ ? હવે મુસલમાનો દગાથી ફાવી શકે તેમ તો નથી ને ? દુર્ગાદાસે કહ્યું કે સઘળા દર-વાજા બંધ કરાવી દરવાનો મૂકેલા છે ને મુસલમાનોનાં હથીઆર છોડાવી તેમને કબજે કરવાને જશકરણ, કરણસિંગ ને રૂપસિંગને મોક-લેલા છે. થોડી વારમાં તેઓ પણ આવી પહોંચ્યા ને દુર્ગાદાસને ખબર આપી કે હુકમ પ્રમાણે સર્વ વ્યવસ્થા કરી છે. હવે કોઇ મુસલમા-નનું ચલીયું સરખું પણ શેહેરમાં ફરકતું નથી. દરવાજે રજપુતો દર-વાન રાખેલા છે ને થોડાકને જાગૃતિથી રોન ફરવા મોકલ્યા છે. સઘળા મુસલમાનોનાં હથીઆર છોડાવી તેમને કેદખાનામાં કેદ કરીને ત્યાં પહેરો મૂકી અમે તમને વધાઇ આપવાને આવ્યા છીએ. એમ કહીને તેઓ મહાસિંગ ઠાકોરને ભેટયા. મહાસિંગે કહ્યું કે ભાઇઓ, હવે મને નિરાંતે ઉંઘ આવશે, આજ સુધી ઉજાગરામાં રાત દિવસ ગાળ્યાં છે. આ મારી લાડકી લાલબાનું શું થયું હશે તેના વિચારમાં ને વિયો-ગમાં મને અન્ન પણ ભાવતું નહોતું. હવે મારૂં મન શાંત થયું. હવે અન્ન ભાવશે ને ઉંઘ આવશે. તમે પણ સર્વે થાકેલા હશો. તેમ કાલે શું થશે તે માલમ નથી. ઇનાયતને લેઇ નાઠેલા સિપાઇઓ ખબર આપશે એટલે આ ગઢ ઉપર મુસલમાનોનો મોટો હુમલો આવશે. માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલે તેની તમારે તૈયારી કરવી પડશે. હજુ થોડી રાત્રી છે, તેટલો વખત તમે આ પાસેના મકાનમાં આરામ લો. દુર્ગાદાસ તમે શી રીતે છૂટયા ને અહિં આવ્યા, લાલબા મેહેલમાંથી શી રીતે નાઠી ને આ વેષમાં અહિં આવી, એ બધું મારે સાંભળવું છે, પણ એ વાતો કરવાનો કાલે ઘણો વખત મળશે. મારી મુખ્ય ઇંતેજારી શમી છે, માટે તમે આરામ લો, એ પ્રથમ અગત્યનું છે, તેથી જાઓ. બેટા લાલબા, તું અંદર જઇ તારી માની પાસે સુઇ જા ને માનસિંગ તું અહિંજ સુ. આ પ્રમાણે સર્વે આરામ લેવામાં પડયાં.

સવાર થયું. દુર્ગાદાસ, મહાસિંગ વગેરે સર્વે ઉઠયાં. મહાસિંગે લાલબાને તથા માનસિંગને સઘળી વીતકની વાત પૂછી. દુર્ગાદાસના છૂટકારાની તથા ગંભીરના સાહસની વાત સાંભળી મહાસિંગ ઠાકોરને નવું લોહી આવ્યું. તેજબા લાલબાનો છૂટકારો જાણીને આશ્ચર્ય પામી. તેના ગભરાયલા ચેહેરા ઉપરથી લાલબા પામી ગઇ કે આપણા ઘરને માથે આફત લાવનાર એજ હશે. તેજબાની ધારેલી ઉમેદ ધૂળ મળી. દુર્ગાદાસ છૂટયો એટલુંજ નહિ, પણ જેને માથે તે આફત લાવનાર હતી, તેણેજ તેનો છૂટકારો કર્યો. પોતાની મૂર્ખાઇનો તે પસ્તાવો કરવા લાગી. આ બધાં કૃત્યનો પાયો નાંખનાર એ પોતેજ છે, એવું જો દુર્ગાદાસ જાણશે તો તે મારૂં શું કરશે તેનો વિચાર કરવા લાગી. પણ એ સઘળું ભોપાળું ખુલ્લું કરનાર કોઇ છેજ નહિ. દુશ્મનો વગર બીજું કોણ જાણે છે કે દુર્ગાદાસને ખબર પડશે. દુર્ગાદાસ ઉપર પ્રેમ બતાવ્યાથી ખચીત મારા ઉપર તે વહેમાશે નહિ. એવા વિચારથી તે ધીરજ લાવી. ઇનાયત નાસી ગયો ને દુર્ગાદાસ વિજયી થયો એટલે હવે આપણી જાગીરને કાંઇ જોખમ લાગવાનું નથી, એમ તે સમજી. વળી તે સુખ ભોગ ને મોજશોખના વિચારમાં પડી. ખરૂં કહીએ તો એનામાં પતિવ્રત તો હતુંજ નાહ. પતિવ્રત તે શું તેજ એ સમજતી નહોતી. પોતાના પતિના મંદવાડમાં ને કેદખાનામાં પતિ સેવા કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિને ધીરજ આપવાનું તો તે કવચિતજ વિચારતી. એ વખતે પણ પોતાની જાગીરનું શું થશે ને તે કેમ બચશે કે પોતાનો વૈભવ જળવાય, તેનોજ વિચાર એ કર્યા કરતી હતી. તે દુષ્ટ, સ્વાર્થી ને નીચ વાસનાની ભરેલી હતી. પતિના સુખ દુઃખમાં ભાગ લેવાનો વિચાર તો તેને સ્વપ્નામાં પણ આવતો નહોતો. તે ઉગતાને પૂજનારી, સ્વચ્છંદી ને દુરાચારી હતી.

બીજા હાથ ઉપર લાલબા જુદાજ સ્વભાવની હતી. પોતાની ઓરમાન માતાના ગુણથી વાકેફ થયા પછી તે દરરોજ પ્રભુનો પાડ માનતી કે તેણે તેજબા જેવી દુષ્ટાની કૂખે તેને અવતાર આપ્યો નહોતો. તે શુદ્ધ મનની, પવિત્ર, ઇશ્વર ઉપર પૂર્ણ આસ્થાવાળી, સદાચરણી ને સ્વદેશભક્ત હતી સ્વદેશની સેવા કરવા ઉઠેલા દુર્ગાદાસને તેણે દીઠો પણ ન હોતો, તે વખતથી તેના ઉપર તેને મમતા થઇ હતી. તે પાક દાનતની બાઈ ખરીજ રજપુતાણી હતી. દુર્ગાદાસનો છૂટકો થવાની આશા ભંગ થતી જોઇ તેની છાતી ભરાઈ આવતી. તે પોતાના ભાઇ માનસિંગને દુર્ગાદાસની સહાયે જવાની યોજના ઘડવા કહેતી; તે માત્ર સ્વદેશભક્તિથી. તે ચંદ્રસિંગના હાથમાં સપડાઇ ત્યાં સુધી મઠમાં ઇશ્વર પાસે દરરોજ પ્રાર્થના કરી એજ માગતી કે તે દુર્ગાદાસને બચાવે ને તે પોતાનાં માતા પિતાને છોડાવે. ચંદ્રસિંગને હાથ સપડાયા છતાં તેણે પરમેશ્વર ઉપરની આસ્થા છોડી નહોતી. અને તેથીજ પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી, દુર્ગાદાસને તેના છૂટકારા માટે મોકલ્યો. દુર્ગાદાસે તેને છોડવી ને જ્યારે તેણે જાણ્યું કે તેનો છૂટકારો કરનાર દુર્ગાદાસજ છે, ત્યારે તેનું અંતઃકરણ ઉપકારના ભારથી કેટલુ દબાઇ ગયું હશે ? એ ઉપકારમાં તેણે એના પરમ પ્રિય પિતાને બંધન મુક્ત કર્યો, ત્યારે તે પ્રભુને સાષ્ટાંગ નમસ્કાર કરી તેનું ક્ષેમ યાચવા લાગી. તેના પવિત્ર અંતઃકરણમાં કોઇ પણ વિકારનો વાસ નહોતો. તે રાત્રિ દિવસ પ્રભુ પ્રાર્થના કરી તેનો ઉપકાર માનતી ને પૂજ્ય ભાવથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસનું નામ સાંભળતી. આ પ્રમાણે મા દિકરીના આચાર વિચાર ને રહેણી કરણીમાં આશમાન જમીનનો તફાવત હતો. તેટલું છતાં એક પરણેલી ને બીજી કુંવારી હતી. એક એમ સમજતી કે મારા જેવી બીજી રૂપાળી સ્ત્રી જગતમાં છેજ નહિ. ત્યારે બીજી ખરેખરી સૌંદર્ય-નીજ મૂર્ત્તિ ભરજુવાનીમાં તેની માના રૂપને છક્કડ ખવરાવે તેવી હતી. એક સ્વમાની ને બીજી નિરાભિમાની હતી.

પ્રકરણ ૧૦ મું.

આફત પર આફત ને જય ઉપર જય.

રણસિંગાનો રવ સુણી, રણે ન ચઢતા જેહ.
કાયર બાપુચક બાયલા, નામરદા નર તેહ.

હવે લગાર ગઢીથી બહાર જઇ સોજીતની આસપાસ નજર કરીએ. કિલ્લા ઉપર રાઠોડ રાજ્યનો વાવટો ઉડતો હતો; અને રજપુત પહેરેગીરો સાવચેતીથી અને દૂર દૃષ્ટિ ફેંકી પહેરો ભરતા હતા. હાથમાં બંધુક પકડેલી હતી. અને તરવાર લટકતી હતી. દરવાનો પણ જાગૃતિથી ને હોંશીઆરીથી સાવધ થઇ બેઠા હતા. મુસલમાનોનું ચલીયું સરખું પણ ફરકવા દેતા નહિ. એવામાં રાજસિંગ પાતાવત પોતાનાં થોડાં માણસો લેઇ પોતાની જાગીરમાં જમા ઉઘરાવવા ફરતો હતો, તેણે સોજીતગઢ ઉપર રજપુત વાવટો ફરકતો દીઠો. દરવાજા પાસે આવી દરવાનોથી ખાત્રી કરી તો તેને માલમ પડયું કે દુર્ગા-દાસે ઇનાયતને નસાડી સોજીતગઢ જીતી લીધો છે ને મહાસિંગ ચાંપાવતને છૂટા કર્યા છે. દુર્ગાદાસના બળવાની વાત તેના સાંભળવામાં આવી હતી, પણ તેની ઠકરાત એટલી નાની હતી કે તે મારવાડનો છૂટકારો કરી શકશે એવું સ્વપ્નું પણ એને અસંભવિત લાગતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં તે ઘેરાઇ ગયાની અને મહાસિંગને કેદ કર્યાની વાત તેને કાને આવ્યાથી મારવાડની સ્વતંત્રતાની આશા ગુલ થઇ, અને તે પણ હમેશને માટે, એમ તેને જણાયું હતું. રાજસિંગ બહાદૂર રાઠોડ હતો. મારવાડમાં મુસલમાની રાજ્ય થયાથી તેનું હૈયું બળતું હતું. મુસલમાનોનો જુલમ જોઈ તેને જુસ્સો ભરાઇ આવતો. પણ એ ડાહ્યો હોવાથી પોતે એકલો શું કરી શકશે, એવા વિચારમાં બળતે હૈયે ફરતો હતો. તે સ્વદેશાભિમાની ને સ્વધર્માભિમાની છતાં લાચારીથી સમય આવવાની રાહ જોતો બેઠો હતો. સોજીતના દરવાનોની વાત સાંભળી તે સમય હવે આવ્યો છે, એમ તેને લાગ્યું. તેથી તેણે ત્યાંથીજ પોતાના એક માણસને પોતાના લશ્કરને એકઠું કરી સોજીત લેઇ આવવાને મોકલ્યો, ને પોતે ગઢમાં પેઠો. ગઢીમાં જઇ પ્રથમ તે મહાસિંગ ઠાકોરને મળ્યો. એવામાં દુર્ગાદાસ પણ ત્યાં આવ્યો. મહાસિંગ ઠાકોરે એક બીજાની મુલાકાત કરાવી. રાજસિંગે કહ્યું કે બહાદૂર રાઠોડ, તમે આજથી મારા ભાઇ છો. જે ઉભરો મારા મનમાં ઉભરાયા કરતો હતો, તે તમને જોવાથી શમ્યો. જે કામ કરવાની મારા જેવાએ હિંમત કરી નહોતી. તે કામ તમે કરી બતાવ્યું છે. આખી રાઠોડ પ્રજા ઉપર તમે ઉપકાર કર્યો છે. મુસલમાનોના કબજામાંથી કે જુલમમાંથી છોડવવાની રાઠોડ પ્રજાની સ્વપ્નવત્ આશા તમે ખરી કરી આપી છે. જે વાત બનવી અશક્ય જણાતી હતી, તે વળી તમે સિદ્ધ કરી આપી છે, એ જોઇ મારૂં મન પ્રફુલ્લિત થયું છે. અને તેથીજ તમને આજથી મારા જ્યેષ્ટ બંધુ તરીકે સ્વીકારી તમારા હુકમને માન આપવા પ્રતિજ્ઞા લેઉં છું. માટે આજથી મને તમારા કનિષ્ટ બંધુ તરીકે અંગીકાર કરી તેની સેવા માન્ય કરશો, એવી મારી વિનતિ છે. આજે હું મારાં ગામડામાં જમા ઉઘરાવવા નીકળ્યો હતો, એવામાં સોજીત ઉપર રાઠોડ વાવટો ઉડતો જોઇ દરવાનોથી તપાસ કરી તો તમારી ફતેહની વાત સાંભળી. મારા હૃદયમાં દબાઈ રહેલી મારૂ ભૂમિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતાની આશા, તે ફળીભૂત થએલી જોઇ હું અહિં આવ્યો છું; અને મારૂં જે કાંઇ છે તે મારૂ દેશની સ્વતંત્રતા ખાતે અર્પણ કરૂં છું. અહો પરમકૃપાળુ પરમેશ્વર તું દુર્ગાદાસનું હૃદય અને દઢતા સર્વ રાઠોડોને આપ, અને મારવાડની સ્વતંત્રતાના નાખેલા પાયા ઉપર મજબૂત ઇમારત ચણવાનું બળ આપ.

રાજસિંગ પાતાવતનું આ છેલ્લું વાક્ય સાંભળતાંજ દુર્ગાદાસ બોલી ઉઠયો. મારા નાનાભાઇ, જો તમારાજ જેવા રાઠોડો મારી સહાયમાં મળશે તો તે મારવાડ તો શું, પણ દિલ્લીને સ્વતંત્ર કરવાને સમર્થ થશે. તમારા જેવી દેશદાઝ આપણા બીજા ભાઇઓમાં હોય, અને તે આપણી સહાયે આવે તો પછી આપણે શું ન કરી શકીએ ! એવા દૃઢબળ આગળ હિમાચળ પણ અચળ રહેવાને શક્તિમાન ન થાય તો આલમગીર કોણ બિસાતમાં છે ! રાજસિંગજી હું તમને મારા બંધુ તરીકે સ્વીકારવામાં ભાગ્યશાળી સમજું છું. આજથી હું તમને નામ દેઇને નહિ, પણ નાનાભાઇ કહીનેજ બોલાવીશ. નાનાભાઇ, રાતની હકીકતથી તો તમે વાકેફ થયા હશો. ઇનાયત સલામત નાશી શકયો છે. તે ઘાયલ તો થયો છે, પણ જીવતો રહ્યો છે. તે જોધપુર જઇને બીજું લશ્કર લાવશે. તે પહેલાં આપણે આપણા બચાવની તૈયારી કરવી જોઇએ. આ વાત ચાલતી હતી એટલામાં રસોઈ તૈયાર છે માટે જમવા પધારો એવું કહેણ આવ્યાથી સર્વે જમવાને ઉઠયા.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આસપાસના ઠાકોરો પોત પોતાનાં માણસો લેઇ સોબતમાં એકઠા થવા લાગ્યા. મારવાડમાં જાગૃતિ આવી ગઇ. થોડા દિવસ ઉપર જ્યાં શાંતિ હતી ત્યાં હથીઆરો ખખડવા લાગ્યાં. મારવાડીઓ જે મુસલમાનોના જુલમથી ચંપાઇ ગયા હતા, તે પોતાના દુઃખનો અંત આવ્યો સમજી સઘળા યોદ્ધાઓ માતૃભૂમિનો છૂટકો કરનારની વહારે આવવા નીકળ્યા. જે જુસ્સો કટાઇ ગયો હતો, તે દુર્ગાદાસની સરાણે તીવ્ર કર્યો. સઘળાના મુખમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસનું નામ નીકળવા લાગ્યું. સઘળા તેને વાહવાહ કહેવા લાગ્યા. સઘળા તેની માતાનાં વખાણ કરવા લાગ્યા. સર્વે પૂજ્ય બુદ્ધિથી દુર્ગાદાસનું મુખ જોવાને ઇંતેજાર થઇ સોજીતમાં ઉભરાવા લાગ્યા. રાજસિંગ પાતાવતનાં એક હજાર માણસો આવી પહોંચ્યાં. આઉવેથી સોનિંગજી ચાંપાવત પણ પોતાનાં માણસો એકઠાં કરી દુર્ગાદાસને આવી મળ્યા. દિલ્લીથી દુર્ગાદાસ સાથે બચી આવેલા રૂપસિંગ ઉદાવત, મોહોકમસિંગ મેડતિઆ ને ભોજરાજ ખિદાવત પણ પોત પોતાનાં સંપૂર્ણ સાહિત્ય સાથે દુર્ગાદાસની હજુરમાં આવી ખડા થયા. સઘળાના મુખમાંથી મારૂ માતાની સ્વતંત્રતા ને દુર્ગાદાસનાં નામ નીકળતાં; એક પછી એક એમ હથીઆરબંધ માણસોનાં ટોળાં ને ટોળાં આવવા લાગ્યાં. સોજીતગઢ રાઠોડ યોદ્ધાથી ઉભરાઈ ગયો. ઠામ ઠામ તરેહ તરેહનાં વાજાં વાગવા લાગ્યાં ને પચરંગી વાવટા ફરકવા લાગ્યા. ઘેરે ઘેર આનંદોત્સવ થઈ રહ્યો. સોજીતગઢના સર્વ લઢવૈયા હથીઆર સજી દુર્ગાદાસની સહાયે આવવાને તૈયાર થયા.

પણ હવે કેમ કરવું તેના વિચારમાં દુર્ગાદાસ પડયો. એ વિચારમાં તે કોઇ પણ દિશા જોયા વગર ચાલ્યો. એમ કરતાં તે સોજીતના ઉજડ ભાગમાં ફરતો ફરતો આવ્યો. સોજીતમાં તાજા જુસ્સાવાળું તાજું લસ્કર આવ્યું હતું, અને હજુ આવતું બંધ પડયું નહોતું. એ લસ્કરનો હવે ઉપયોગ કરવાનો હતો. પણ તે શી રીતે કરવો તે નક્કી કરવાનું હતું. લઢાઇની યોજના ઘડી કહાડવાનું એને શિર હતું. સઘળા એના દોર્યા દોરાવાના હતા. પણ તેમને કયાં ને શી રીતે દોરવાથી ધારેલી મુરાદ બર આવે, તે ગોઠવવાનું દુર્ગાદાસને માથે હતું. તેણે નિશ્ચય કર્યો કે સોજીતનો કબજો રાજસિંગ પાતાવતને સોંપી એકદમ જોધપુર ઉપર જઈ તે જીતવું. જોધપુરમાં હજુ લસ્કરનો નવો વધારો થયો નથી. પણ સોજીત લીધાના સમાચાર પાદશાહને પહોંચશે એટલે તે વધારે લસ્કર મોકલ્યા વિના રહેવાતો નથી. એ લસ્કર આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં હમણાંજ જોધપુર ઉપર ગયા તો તે આટલા લશ્કર વડે જીતવું ભારે પડશે નહિ. તાજા જુસ્સાથી ભરેલું, જયના મદમાં છકેલું લશ્કર લેઇ જવાથી સોજીતની હારથી નાઉમેદ થએલા જોધપુરના લશ્કરને એકજ સપાટામાં હરાવાશે. જોધપુર જીત્યું એટલે જે રાઠોડ પાટાયતો મારવાડની સ્વતંત્રતા ચહાતા છતાં જયની આશા ન હોવાથી હજુ અધકચરા રહેલા હશે-હચુંપચું મનથી સહાય આપવાથી વેગળા રહ્યા હશે, તે પણ આવી મળશે. એ પ્રમાણે આખી રાઠોડ પ્રજા ઉઠયા પછી આલમગીરના બાપનો પણ ભાર નથી કે મારવાડની સ્વતંત્રતા પુનઃ છીનાવી શકે. માટે બીજે દિવસે જોધપુર જવું, એવો વિચાર કરી તે પાછો ફર્યો ને મુકામપર આવી પોતાનો ઠરાવ તેણે પોતાના મિત્રોને કહી સંભળાવ્યો. સઘળાએ એકે અવાજે તે વિચાર પસંદ કર્યો.

સોનિંગજીએ કહ્યું કે ભાઇ, આપણે જોધપુર જીતીશું તોપણ આલમગીર જેવા બળવાન પાદશાહ સામા આપણી જીત ટકાવી રાખ-વાને આપણને બીજાં હમજાતિ મોટાં રાજ્યોની મદદ મેળવવાની જરૂર પડશે. જજીઆ ને જાત્રા વેરાથી સઘળા રજપુતો અંદર અંદર કળકળી રહેલા છે. છતાં બહાર પડવાની હિંમત ચલાવતા નથી. પાદશાહ સામા છડે ચોક હિંમત કરે એવા માત્ર ઉદેપુરના મહારાણા રાજસિંગજી છે. તેમણે તો પાદશાહને જાત્રા ને જજીઆ વેરો નહિ લેવાને શિખામણ પત્ર પણ લખ્યો છે, પણ આલમગીરે તે ગણકાર્યો નથી. મહારાણા તેથી પાદ-શાહ ઉપર ગુસ્સે થએલાજ છે, એટલે એ આપણને જરૂર સહાય કરશે. વળી જેસલમેરવાળા ભાટી પણ પોતાના ભાણેજની સહાયે આવશે. વિકાનેરવાળા કાંઇ નાગોરવાળાની પેઠે લલચાય એવા નથી. માટે તેમને તથા કીશનગઢ, રતલામ, સીતામાઉ ને જાભવાવાળા આપણા ભાયાતોને આપની હકીકત લખીને આપણને સહાય કરવા વિનતિ કરવી. એ સર્વે સ્થળે જવાને હોંશીઆર ને સાવધ માણસો પસંદ કરવા, એવો મારો વિચાર છે. એ વિચાર સર્વને પસંદ પડયાથી સવે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંહેમાંહે વિચાર કરીને એ સર્વે સ્થળે જવાને પુખ્ત વયના, ઠરેલ ને મોભાદાર સરદારોને પસંદ કરી તેમને વિનતિ પત્રો દુર્ગાદાસે લખી આપી રવાને કર્યા; તથા તેમને જણાવ્યું કે જે મદદ મળે તે મદદની સાથે તેમણે પ્રથમ સોજીત આવી ત્યાંથી દુર્ગાદાસ જ્યાં હોય ત્યાં આવી મળવું.

જોધપુર ઉપર ચઢવાનો ઠરાવ થયો ત્યારે તેજબા અંદર ઓરડામાં બેઠી હતી, ત્યાં તેણે સાંભળ્યો. મહાસિંગ ઠાકોર જ્યારે અંદર ગયા ત્યારે તેમને તેજબાએ કહ્યું કે શું દુર્ગાદાસ આપણને અહિં રાખી જાય છે? શું આપણને ફરીને મુસલમાનોના કબજામાં જવા દેવાને અહિં નિરાધાર રાખી જાય છે? જેણે આપણને એકવાર મ્લેચ્છોના કબજામાંથી છોડવ્યાં તે જશે તો આપણને બીજીવાર તેમના પંજામાં સપડાતાં કોણ બચાવશે? સોજીત લેવાને શું મુસલમાનો આવ્યા વિના રહેશે? અને આવશે તો કાચાપોચા ઠરાવથી કે થોડા લશ્કરથી આવશે? તે વખતે આ જગાએ આપણો બેલી કોણ? હું તો કહું છું કે દુર્ગાદાસે અહિંજ રહેવું, ને મુસલમાનો આવે તેમને મારી કહાડવા. એના વગર કોઈ માનો જાયો બીજો નથી કે તે આપણો બચાવ કરી શકે. જો આપણે બીજીવાર સપડાયાં તો તેઓ એવાં કબજે રાખશે કે ત્યાંથી આપણો છૂટકારો થાયજ નહિ. જેના મનમાં ભય હોય તે સઘળે ભય ભયજ દેખે. એકવાર દાઝેલો ફુંકી ફુંકીને ખાય.

મહાસિંગે કહ્યું કે ઘેલી, તું એવો વિચાર ક્યાંથી કરે છે? રાજસિંગ પાતાવત સોજીતનો બચાવ કરવાને રહેનાર છે. વળી હજાર માણસો તેમનાં છે તેપણ અહિંજ રહેશે. આ નાના કિલ્લાના બચાવ માટે એટલાં માણસો બસ છે. દુર્ગાદાસ શું તારોજ બચાવ કરવાને નીકળ્યો છે? તારા ને મારા બચાવ કરતાં બીજું ઉમદા કામ એને કરવાનું છે. મારવાડને મ્લેચ્છોના હાથથી છોડવી સ્વતંત્ર કરવી એ, એનો ઉમદા હેતુ પાર પાડવા માટે એણે જોધપુર જવુંજ જોઇએ. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન કાર્ય કરવામાં આપણો સ્વાર્થ આડે આવવો ન જોઇએ. એ સોજીતમાં રોકાયો તો મુસલમાનો વધારે બળથી આવી ઘેરીને, ખોરાકની તાણ પાડીને કે ગમે તે રીતે લેશે ને બધાને તાબે થવું પડશે કે નાશી જવું પડશે. લોકો હાર્યાથી તેમનો જુસ્સો નરમ પડશે; એટલે નવી કુમક આવતી અટકશે. માટે દુર્ગાદાસનો વિચાર માન્ય કરવો એમાંજ ડહાપણ છે. હવે મારા જખમ રૂઝાવા આવ્યા છે ને બે ચાર દિવસમાં હું પણ હથીઆર બાંધી તારૂં રક્ષણ કરવાને તૈયાર થઇશ. માટે આ ધર્મના કામમાં તારે ઢીલ નાંખવી નહિ.

ઘરમાં કકળાટ થતો સાંભળી દુર્ગાદાસે પૂછયું કે કેમ, ઠાકોર શું છે? એટલે તેજબા પડદે રહી ધ્રુજતી ધ્રુજતી બોલી કે શું તમે અમને મ્લેચ્છોના હાથમાંથી છોડવી પાછાં તેમનાજ કબજામાં સોંપવાને અહિં મૂકી જવાનું ધારો છો? તમારા સિવાય અહિં અમારૂં રક્ષણ થવું દોહિલું છે. માટે તમારે જવુંજ હોય તો તમારા ભાઇને સારૂં થાય ત્યાં સુધી અમને બાલીમાં મારે પીયર પહોંચાડો. અમે ત્યાં રહીશું ને તમારા ભાઇને સારૂં થશે, એટલે એ તમારી પાસે આવશે. દુર્ગાદાસને તેમ કરવામાં અડચણ નહિ જણાયાથી તેણે હા કહી. દુર્ગાદાસે પંડે જઈ તેમને બાલી પહોંચાડવાનું માથે લીધું ને લાલબાને પણ ત્યાંજ રાખવાનો ઠરાવ કર્યો. નિર્દોષ લાલબા પોતાનો પિતા સાથેજ આવવાનો હોવાથી બાલી જવાને ખુશી થઇ.

સવારમાં દુર્ગાદાસે પોતાની સાથે આવવા માટે પચીશ સવારોને હુકમ આપ્યો, અને બીજાઓને પોતે પાછો આવતા સુધી સોજીતમાં રહેવાની આજ્ઞા કરી. સર્વેને માટે ઘોડા તૈયાર થયા. લાલબા ને તેજબાને માટે મ્યાનો તૈયાર કરાવ્યો. માનસિંગ ને ગંભીરસિંગ પણ તૈયાર થયા. સઘળો ખટલો બાલી જવા માટે નીકળ્યો. રસ્તામાં કોઇ મુસલમાનનું ચલીયું સરખું પણ ફરકતું જણાયું નહિ. દુર્ગાદાસે એવો આડો તેડો માર્ગ લીધો કે કોઇ મુસલમાનો સામા મળે પણ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મ્યાનાના ભોઇ એવા મજબૂત ને ચાલવામાં ચપળ હતા કે તેમણે સવારોને પણ થકવ્યા. એમ કરતાં રાત્રિ પડી. ખાવાનું ભાથું ખાઈ લેઇ થોડો વિસામો ખાઇ વળી આગળ ચાલ્યા; તે મોટી પ્રભાતમાં બાલી આવી પહોંચ્યા. કોટના દરવાજા હમણાંજ ઉઘડયા હતા, એટલે તેમને અંદર જવાને અડચણ પડી નહિ.

તેજબાનાં પીયરીઆં જો કે રાઠોડ નહોતાં તોપણ તેઓ પોતાની દીકરીને, જમાઇને અને તેમનો જીવ ઉગારનાર દુર્ગાદાસને જોઇ રાજી થયાં. સર્વેએ એક બીજાને મળી ભેટી ખુશાલી જણાવી. દુર્ગાદાસે પાછા જવાને તાકીદ કરી, એટલે તેજબાએ કહાવ્યું કે કેમ, મારા પીયરનું અન્ન પણ નહિ ખપે કે? જમ્યા વગર જવાનું નથી. આજે થાકયા પાકયા આરામ લેઇને કાલે અહિંથી જવાશે. પૃથ્વીસિંગ તેજબાનો ભાઇ થતો હતો, તેણે આ વાતને ટેકો આપ્યો. મહાસિંગ ઠાકોર પણ સંમત થયા. તેથી દુર્ગાદાસથી ના કહેવાઇ નહિ.

મહાસિંગ ને દુર્ગાદાસ એકાંતમાં બેસી હવે પછી લઢાઇની કેવી યોજના કરવી તેના વિચારમાં ગુંથાયા. લાલબા પોતાને માટે આપેલા ઓરડામાં એકાંતમાં પ્રભુપ્રાર્થના કરવા લાગી કે તે મારવાડને મુસલમાનોથી જલદી છૂટી કરે. તેજબા મેમાનોની સંભાળ લેવરાવવામાં ગુંથાઈ. તેજબાનાં પીયરીઆં માનસિંગને સોજીતની લઢાઇની હકીકત પૂછી વાકેફ થયાં ને ગંભીરસિંગની જુવાની તરફ જોતાં તેની બહાદૂરીનાં વખાણ કરવા લાગ્યાં. ગંભારે નીચે મોંઢે તે સર્વ સાંભળ્યા કર્યું. એ પ્રમાણે વિવિધ વાર્તાવિનોદ કરતાં સંધ્યાકાળનો સમય થયો. પશ્ચિમમાં સૂર્યનારાયણ અસ્ત પામ્યા ને પૂર્વમાં ચંદ્રમાનો પ્રકાશ જણાયો. એટલામાં માનસિંગ ગાભરો ગાભરો દુર્ગાદાસને ખોળતો આવ્યો. માનસિંગને ગભરાયલો જોઇ દુર્ગાદાસે પૂછ્યું કે કેમ શી ખબર છે? માનસિંગે કહ્યું કે દેસુરીની ખબર લેઇ એક ખેપીઓ આવ્યો છે. ત્યાં ત્રાસદાયક ખુન થયાં છે, ને તેમાં ઘણા ખાનદાન કુટુંબના આગેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાયા છે. એટલું બોલી તે અટકયો. તેનાથી આગળ બોલાયું નહિ એટલે દુર્ગાદાસે કહ્યું કે એતો હું સમજ્યો. મારા સસરા નાહરસિંગ એમાં મરાયા છે. ખેપીઆને અંદર બોલાવો.

માનસિંગે બહાર જઇ ખેપીઆને અંદર લાવી દુર્ગાદાસને કહ્યું કે આ નવીન પુરૂષ તે ગુલાબસિંગ રાઠોડ છે. તેઓ ખુન થયાં કે તરતજ ત્યાંથી નીકળી આવ્યા છે. એટલે ગુલાબસિંગે કહ્યું કે હું તમારા વિજયી બાહુને બોલાવવા આવ્યો છું, કે જેથી તમે તમારા સસરાનું વેર લો. તમારા સસરા સાથે બીજા અરાઢ રાઠોડોનાં ખુન દેસુરીમાં થયાં છે. એમ કહી તેણે ટુંકામાં નીચે પ્રમાણે એ ઘાતકી હકીકત કહી સંભળાવી.

હું ને મારો પિતા આકવેથી મારે ગામ જતા હતા ત્યાં રસ્તામાં રાત્રિ પડવાથી દેસુરીમાં મુકામ કર્યો. સોજીતથી નાઠેલો ઇનાયતખાન જે દીવસે દેસુરીમાં પેઠો તેજ દીવસે અમે પણ ત્યાં આવ્યા. ઇનાયતખાને તમારી જીતની અને પોતાની હારની વાત છુપી રાખવાને ઘણો એ યત્ન કર્યો પણ વ્યર્થ. ત્યાંથી નાસી આવેલા સીપાઇઓએ સોજીતની સખ્ત લઢાઇની વાત ચલાવી. તેવામાંજ ઇનાયતખાન નાસતો દેસુરીમાં આવ્યો. એટલે સઘળા રાઠોડો સમજ્યા કે મારવાડની સ્વતંત્રતાની શરૂઆત થઇ. રાત્રે એક બીજાને ઘેર રાઠોડો આનંદભેર વાતો ચલાવા લાગ્યા ને કેટલાક તો તમારી જીત માટે તમારા સસરાને મુબારકબાદી આપવા લાગ્યા. એ મુબારકબાદી આપવામાં હું ને મારો પિતા પણ હતા. મારા પિતાએ કહ્યું કે ઠાકોર, જ્યારે બધું મારવાડ તાબેદારીમાં ગરક છે, ત્યારે જુલમીનો નાશ કરવાનો ગુણ દુર્ગાદાસમાં ક્યાંથી આવ્યો! તેમણે કહ્યું કે નાનપણથીજ એ મોટા મનનો ને નિર્બળનો બેલી હતો. બળવાન છોકરા, નિર્બળને મારતા જોઇ, તે હમેશાં નિર્બળની સહાય કરતો. મુંગા પ્રાણી ઉપર પણ જો કોઇ જુલમ કરતો તો દુર્ગાદાસ તે અવાચક પ્રાણીની મદદે જતો. એના મોસાળમાં એને એવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્‌ગુણી જોવાથીજ મારી વહાલી દીકરી પદ્મણી એનેજ દેવા સારૂ મારૂં મન ઉશ્કેરાયું હતું.

બીજે દિવસે સવારે દેસુરીના કિલ્લેદારે નાહરસિંગ અને બીજા અરાઢ રાઠોડ ઠાકોરોને તેડું મોકલી દરબારમાં બોલાવ્યા. નાહરસિંગ વૃદ્ધ હોવાથી સર્વથી પાછળ ગયા. મેં દરબાર ગઢના દરવાજામાં જતા જોયા. હું તેમની રાહ જોતો બહાર રહ્યો. થોડીવાર પછી મારો ચાકર સાસભેર મને ખોળતો આવ્યો. રસ્તામાં તેણે મને ખબર આપી કે મારા પિતાને પણ નાહરસિંગ સાથે સંપ કરી બળવો કરવાના અપરાધ માટે કેદ કર્યા છે. મારા ચાકરે કહ્યું કે નાહરસિંગ ને તેમના અરાઢ સોબતીઓનો શિરચ્છેદ કર્યો છે, તેનું વેર લેવાને તથા તમારા પિતા અને તેમના સોબતી કેદીઓને છોડાવવા માટે દુર્ગાદાસને તેડી લાવવાને તાકીદે જવાને તમારા પિતાએ તમને હુકમ કર્યો છે. તે ઉપરથી લાગલો સવાર થઇ હું સોજીત ગયો તો ત્યાં ખબર મળી કે તમે અહિં આવ્યા છો તેથી હું અહિં દોડતો આવ્યો છું. દુર્ગાદાસે કહ્યું કે ચાલો આપણે જલદી તૈયાર થઇ સોજીતગઢ જઇએ.

ગુલાબસિંગે કહ્યું કે સોજીતગઢ શા માટે? દુર્ગાદાસે કહ્યું કે લશ્કર લાવવાને. ગુલાબસિંગ બોલ્યો કે સોજતમાં તમને ના દીઠા એટલે રૂપિસંગ અને કલ્યાણસિંગને સર્વ લશ્કર લેઈ પાછળથી ચાલી આવી પહોંચવાનું કહી હું અહી આવ્યો કે વખત જાય નહિ. એથી સર્વ લશ્કર દરવાજા બહાર તમારી રાહ જુએ છે. આ પ્રમાણે તમારૂં મન વરતવાની હિંમત કર્યા માટે મને માફ કરશો. દુર્ગાદાસે કહ્યું કે તમારા જેવા મારૂં મન વરતનાર હમેશાં મારે પડખે હોજો. એમ બોલી માનસિંગને કહ્યું કે તમારા કાકાને મળવા જેટલો વખત નથી. તમે તેમને સમાચાર કહી પાછળથી આવી પહોંચજો. લશ્કર લેઇ ચાલતો થાઉં છું. ગંભીર દુર્ગાદાસની પૂંઠે ચાલ્યો. માનસિંગે કહ્યું કે હું રસ્તામાંજ તમને પકડી પાડું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસ બાલીના દરવાજા બહાર આવ્યો કે સર્વ લશ્કરે જય જયકારના અવાજથી આકાશ ગજાવી મૂક્યું. મારૂ દેશની જે દુર્ગાદાસની જે, આવા પોકાર પડી રહ્યા. દુર્ગાદાસે સંજ્ઞા કરી કે સર્વ ચૂપ થઇ ગયા. તેણે કહ્યું કે ભાઇઓ, આપણા દેશ ઉપર મુસલમાનો જુલમ ઉપર જુલમ ગુજારતા જાય છે. આપણે તે જુલમનો ઉચ્છેદ કરવાને ઉઠયા છીએ. આ મારે પડખે ઉભેલા બહાદૂર ગુલાબસિંગ ઠાકોર આપણા દેશ ઉપર એક નવો જુલમ ગુજર્યાની ખબર લેઇ આવ્યા છે. એમાં અરાઢ બહાદૂર રાઠોડ ઠાકોરોનો ઘાત કર્યાના સમાચાર છે. મારા પોતાના સસરા જેને હું પિતાતુલ્ય ગણું છું તેનો ભોગ પણ લીધો છે. એ ભોગ લેનારો પાપી ઇનાયતખાન છે. સોબતમાં મેં એને મરતો ઉગાર્યો તેનું ફળ એણે મને એ રીતે આપ્યું છે. આપણે અત્યારે તેનો બદલો લેવા જવાનું છે. રાત્રે ચૂપકીથી ગઢમાં દાખલ થઇ ઇનાયતના કામનો બદલો ઇનાયત કરવો એમ મારા ધ્યાનમાં આવે છે. ભાઇઓ, હું આગળ થાઉં છું; અને તમે મારી પાછળ પાછળ કાંઇ પણ બોલ્યા વગર ચાલ્યા આવો. દેસુરી મજબૂત છે. આપણી ખબર તેમને પડી તો આપણને ગઢમાં દાખલ થવું ભારે પડશે. ગઢમાં મુસલમાની લશ્કર છે, તેમાં ઇનાયતનાં નાસી આવેલાં માણસોથી વધારો થયો હશે. આપણી સંખ્યા થોડી છે, માટે આપણે ડહાપણથી રસ્તો કહાડવો, એમાંજ ડહાપણ છે. માટે કાંઇપણ ખડખડાટ ભડભડાટ વગર એકદમ મારી પાછળ ચાલો.

સઘળા ચૂપકીથી એવા ચાલતા હતા કે ઘોડાની ખરી સરખી પણ ખખડતી નહોતી મધ્યરાત્રિએ દેસુરીમાં દાખલ થયા. ગામમાં સર્વ ચૂપાચૂપ હતું. લોક સર્વ નિદ્રાને વશ થયા હતા. માત્ર દરબારગઢમાં ગાનતાન ને હસાહસનો ગડબડાટ થતો દૂરથી શાંત રાત્રિમાં સંભળાતો હતો. ગામને કોટ નહોતો પણ દરબાર ગઢ મજબુત હતો. ગામમાં પેઠા કે દૂરના એક મકાનમાંથી રૂદન કરનારનો અવાજ કાને પડ્યો. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકાનમાં એક દીવો બળતો જણાતો હતો. દુર્ગાદાસે પોતાના માણસોને ગામની આસપાસ ચોકી સારૂ મોકલી બાકી વધેલાને એક એકાંત જગામાં ઉભા રાખ્યા. પોતે, માનસિંગ તથા જશકરણ પેલા રૂદનના અવાજ તરફ ચાલ્યા. મકાનનાં બારણાં અધખોલાં પડેલાં હોવાથી દુર્ગાદાસ અંદર પેઠો તો ત્યાં એક બાઇ પાસે પડેલા મડદા નજીક રૂદન કરતી હતી. એ બાઇ તે દુર્ગાદાસની સ્ત્રીની ધાવ હતી. દુર્ગાદાસે ધાવને પીછાની કે તે બોલ્યો, અરે ! મોતી, તું શા માટે રૂદન કરે છે? અને આ લુગડામાં ઢાંકેલું મડદું કોનું છે? મોતીએ ઉંચું જોયું તો દુર્ગાદાસને દીઠો. તે બોલી, ભાઇ, તમે આવ્યા તે ઠીક થયું. પણ થોડા વહેલા આવ્યા હોત તો આ મારા અન્નદાતાનો પ્રાણ ઉગારત. આ મડદું તમારા સસરા નાહરસિંગનું છે. નાહરસિંગ સાથે અરાઢ ઠાકોરોનો ગઢમાં શિરચ્છેદ કર્યો હતો. અમને ખબર પડી કે પદ્મણી બેનના કહેવાથી હું દોડતી ત્યાં ગઇ, ને દરવાન પાસે માગી લીધું કે ભાઇ, આમાં મારો અન્નદાતા છે. હવે તેઓ મરણ પામ્યા છે. હવે તેઓ મુસલમાનોને શું કરી શકનાર છે? માટે એમને અમારા ધર્મ પ્રમાણે અગ્નિસંસ્કાર કરવાને લેઈ જવા દો. દરવાને કહ્યું કે તેમને મુસલમાની ધર્મ પ્રમાણે દટાવી દેવાનું મને ફરમાન થયું છે. માટે તેમને દટાવી દેવામાં આવશે. અમારો ઉપરી બહુ ખરાબ છે. જો તેનો હુકમ તોડયાનું એના જાણ્યામાં આવે તો અમારી પણ એજ દશા કરે એવો એ છે. આ સાંભળી મેં તેના બહુ કાલાવાલા કર્યા કે ભાઇ મારા ગરીબ ઉપર દયા કરી માત્ર મારા અન્નદાતાનું મડદું મને લેઇ જવાની રજા આપો તો બહુ સારૂં. તમારે એટલું મડદું ઓછું દાટવાનું થશે. હું હમણાંજ છાનું માનું એટલું મડદું લેઇ જઇ અત્યારેજ બાળી મૂકાવીશ તો કોઈ જાણશે પણ નહિ. મારા કાલાવાલાથી ને આંખમાં આંસુથી એ દરવાનને દયા આવી. તેણે કહ્યું કે તું આમાંથી જલદીથી ઓળખીને ઉપડાવી જા કે બાકીનાને દનાયતખાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછવા આવે તે પહેલાં દટાવી દેઉં. મેં ઘેર આવી નોકરોને લેઇ જઇ મારા માલીકનું ધડ ને શિશ અહિં આણ્યું છે. એમ બોલી રડવા લાગી. મારા અન્નદાતારે ! મારા માલીક જેવો દયાળુ ઠાકોર મારવાડમાં બીજો કયો છે ! દેસુરીમાં તો શું પણ આસપાસના દેશમાં એમની સર્વ કોઈ વાહવાહ કરે છે. એવા દયાળુ વૃદ્ધ ઠાકોરને મારીને મુસલમાનો શું કમાવાના હતા ! પણ ભાઇ, એમણે તમારા ઉપરનું વેર એમના ઉપર વાળ્યું. હવે હું તો નિરાધાર થઈ પડી. હવે મારી કે મારાં બાળકોની સંભાળ લેનાર તમારા વગર મારે કોઇ નથી. વારૂ, આ જગાએ એમને અગ્નિદાહ દેનારૂંજ કોણ હતું ? દુર્ગાદાસ તમે અણીની વખતે ઠીક આવી પહોંચ્યા કે એમને તમારે હાથે અગ્નિસંસ્કાર તો થશે.

આ હકીકત સાંભળી દુર્ગાદાસને વિચાર કરવા જેટલો વખત નહોતો. એ મકાનની નજીકમાંજ ચિતા ખડકાવી દુર્ગાદાસે નાહરસંગને અગ્નિસંસ્કાર દીધો ને પેલી ધાવને ધીરજ દીધી; અને પોતાની સ્ત્રીને મળીને દીલાસો દેઇ હિંમત આપી. તથા મારવાડમાં શાંતિ થતાં બોલાવી લેવા સુધી આવા લડાઇના વખતમાં હોંશીઆરીથી સંભાળ ને વ્યવસ્થા રાખવાને પોતાની સ્ત્રીને તથા ઘરનાં બીજા માણસોને શીખામણ દીધી. એટલામાં ગુલાબસિંગ જે ગઢની ખબર લેવા ગયો હતો તે આવી પહોંચ્યો. તેણે કહ્યું કે આ વખતે ગઢમાં સર્વે દારૂપી ગુલતાન થએલાછે. હસાહસ, ઠઠ્ઠાબાજી, ને ગાનતાન ચાલી રહ્યું છે. અરાઢ નિરપરાધી ઠાકોરોનાં ખુન કરીને ગાનતાનમાં મશગુલ થનારા નફ્ફટ લોક ! ધિક્કાર છે તમને. દુર્ગાદાસ તરતજ ચિતામાંથી બળતું લાકડું લેઇ આગળ થયો કે સર્વે તેની પાછળ ચાલ્યા. ગઢના દરવાજા બંધ હતા ત્યાં મજબૂત ચોકી મૂકી, બંદોબસ્ત કરે છે કે ગંભીરે એક કાગળ દુર્ગાદાસના હાથમાં મૂક્યો. તેમાં જે ઠાકોરોનાં ખુન થયાં હતાં તેમનાં નામ હતાં. તથા બીજી તરફ જે ઠાકોરોને કેદ કર્યા હતા તેમનાં નામ પણ હતાં. એ ઠાકોરોની સવારમાં નામની તપાસ ચલાવી સજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનો ઠરાવ રાખેલો હતો. ગંભીરે કહ્યું કે આ કાગળ મને આવતાં રસ્તામાંથી જડયો છે. કેદ કરેલા ઠાકોરોમાં આ તમારા નાનાભાઇનો પિતા કેશરીસિંગ પણ છે. આ તેનું નામ. ભાઇ, હવે તેમનો જલદી છૂટકારો નહિ કરીએ તો સવારે કોણ જાણે આપણને શાએ માઠા સમાચાર સાંભળવા પડશે. દુર્ગાદાસે કહ્યું કે તું ગભરા ના. આપણે એજ વિચારમાં છીએ. આ દરવાજા વાટે પાપીઓ નાશી ન જાય માટે અહિં તમે બધા મજબૂતીથી તૈયાર થઇ ઉભા રહો; અને બીજું કરવાનું કામ હું ને જશકરણ કરીએ છીએ. એમ બોલી બંને ભાઇ દીવાલ ઉપર ચઢી અંદરના મકાનના છાપરા ઉપર ચઢયા ને ઘાસના પુળાથી ચારે બાજુએ છાપરૂ સળગાવી બહાર આવતા રહ્યા. એ મકાન લાકડ કામથી કરેલું હોવાથી તથા તે પુરાણું મકાન હોવાથી ભડભડાટ સળગવા લાગ્યું. એટલે અંદરવાળા ગભરાયા. તેમની દારૂની લેહેર જતી રહી, ગાનતાન ભૂલી ગયા ને મકાનમાંથી દોડાદોડ કરવામાં પડયા. બહારથી બળતા ઘાસના પુળા, લાકડાં ને વાંસ મકાનમાં આવી પડવા લાગ્યાં એટલે દરવાનોએ દરવાજા ઉઘાડયા. બહાદૂર રાઠોડો તેજ લાગ જોતા હતા. દરવાજા ઉઘડયા કે હર હર મહાદેવ? મારૂ દેશની જે, દુર્ગાદાસની જે. એમ બોલતા આગળ ધસ્યા દુર્ગાદાસ, સોનિંગ, જશકરણ, કરણસિંગ, માનસિંગ, ગુલાબસિંગ વગેરે મોખરે રહ્યા. તેઓ દરવાનોનો ઘાણ કહાડી આગળ ચોકમાં આવ્યા. ઇનાયતખાન આગળ આવ્યો. મુસલમાની લશ્કર થોડું જાગૃત થયું, થોડું સજ્જ થયું. થોડાની લેહેર મટી ન મટી એટલામાં તો રાઠોડો મારો મારોનો પોકાર મારતા અંદર ઘુસ્યા. ઇનાયતનો વિચાર દુર્ગાદાસ પર વેર લેવાનો, હતો; તેથી તે જુસ્સાબંધ આગળ ધસ્યો. ને જેવો દુર્ગાદાસ પર ઘા કરવાને જાયછે કે પડખેથી તેજકરણે એક ઝટકે તેને હેઠળ પાડયો. દુર્ગાદાસ મસ્તાન હાથીની પેઠે પોતાના હાથ રૂપી સૂંઢ ફેરવવા લાગ્યો. એનું જોઇ સઘળા રાઠોડો શૂરપર ચઢયા ને મુસલમાનોના ઢગલા પડવા લાગ્યા. તેમનામાં ભંગાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડયું. જેમ જોને ફાવ્યું તેમ તે નાસવા લાગ્યું એટલામાં ગંભીરે બૂમ પાડી કે મોટાભાઇ આ તરફ તમારી જરૂર છે. ગંભીરનો અવાજ સાંભળતાંજ દુર્ગાદાસ રસ્તો કાપતો તે તરફ ધસ્યો. ગંભીર ઉપર કિલ્લાનો સરદાર શેરખાં તૂટી પડયો હતો. ગુલાબસિંગ ગંભીરને પડખે લડતો હતો. મુસલમાનોનું બળ વધારે જોઈ ગંભીરે સહાયની બૂમ મારી હતી. દુર્ગાદાસ આવ્યો કે મુસલમાનોના પગ નરમ પડ્યા. સોનિંગની સમશેરે પણ કેર કરવા માંડયો: મુસલમાનો પોતાના સરદારને છોડી જવા લાગ્યા કે શેરખાંએ તે હીચકારાઓને બહુ ધમકાવ્યા, ડરાવ્યા, હિંમત આપી, પોતાનો દાખલો આપવા લાગ્યો, પણ સર્વ વ્યર્થ. નિરાશ થએલા મુસલમાનોમાં જીતની આશાના અંકુર ફુટયાજ નહિ. દુર્ગાદાસને જોઇને તેઓ ડરવા લાગ્યા. ત્યાં તેના મારા આગળ તેઓ ધીરજ શી રીતે રાખી શકે? અંતે શેરખાં મરાયો ને તેને અડીને રહેલા મુસલમાનો શરણ આવ્યા. તેમણે હથીઆર મૂક્યાં કે દુર્ગાદાસે સંજ્ઞા કરી મારો બંધ કરાવ્યો. રાઠોડોએ એકીવારે તરવારો મ્યાન કરી. દુર્ગાદાસે મોટા મનથી શરણ આવેલા કોઈ પણ મુસલમાનને દુઃખ દીધું નહિ. તેણે તેમનાં હથીઆર લેઇ જવાની રજા આપી. ત્યારે તેમણે રાઠોડો સામાં હથીઆર નહિ ઉચકવાની પ્રતિજ્ઞા લીધી.

દુર્ગાદાસ જય પામ્યો. દેસુરી મુસલમાન વગરનું થયું. દરવાજા ઉપર રાઠોડ વાવટો ચઢાવ્યો, ને વિજયઘોષ કરાવ્યો. એ વિજયઘોષ આકાશમાં ગાજી ઉઠયો ને આસપાસના રાઠોડોને જાગ્રત કર્યા. પણ કિલ્લાની અંદરના કેદખાનામાં તે વખતે જૂદોજ બનાવ બન્યો. કેદખાનાના દરવાનો હજુ મુસલમાનોજ હતા. મુસલમાન લશ્કર હારીને ગયું છે, તે તેના સરદારના સમજવામાં આવ્યું હતું. પણ તે પોતાના કામપર દૃઢ રહ્યો. રાઠોડ લશ્કર જય પામ્યું. પણ દુર્ગાદાસ કિલ્લાના બંદોબસ્તમાં રોકાયો, તેટલામાં ગંભીર, ગુલાબસિંગ ને માનસિંગ થોડાં માણસો સાથે કેદખાનાના ઉપરી પાસે આવ્યા, ને કેદખાનાની કુંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગી. સમશેરખાન જમાદાર કહે કે મારો સરદાર નાઠો ને મુસલમાન લશ્કર ભાગ્યું છે, હવે હું મારાં આટલાં થોડાં માણસો વડે દીવામાં પતંગીઆની માફક ઝંપલાવી પડું ને વિના કારણ આ બહાદૂર સિપાઇઓનાં લોહી રેડું, તેથી કાંઇ લાભ નથી, માટે દુર્ગાદાસના મોટા દીલ ઉપર ભરોંસો રાખી આ હથીઆરને કુંચીઓ હું તેને શરણ કરૂં છું. ગંભારે કહ્યું, બહાદૂર સરદાર, તમે તમારૂં કામ બરાબર બજાવ્યું છે. હવે આભમાં બાથ ભરતાં કાંઇ ફળ મળવાનું નથી, તેથી તમે શરણ થાઓ છો તે યોગ્યજ છે. હવે આ હથીઆર તમે લો અને તમારાં માણસો પણ હથીઆર સાથે જાઓ. હું દુર્ગાદાસ નથી. મારા જેવા તેની પાસે સેંકડો છે. પણ તે શરણે આવેલાને કોઇવાર દુઃખ દેતોજ નથી. અને અમે પણ તેનો દાખલો લેઇ તેમજ કરતાં શીખ્યા છીએ. અમે મુસલમાનો પર વેર લેવાને લઢાઇ ઉઠાવી નથી. પણ અમારો દેશ મુસલમાનોએ જુલમથી છીનાવી લીધો છે તેને સ્વતંત્રતા પાછી અપાવવા માટે આ લઢાઈ ઉઠાવી છે. તેથી વેર એ શું છે, તે, અમારામાંનું કોઇ સમજતુંજ નથી. માત્ર મારૂ દેશની સ્વતંત્રતા એટલુંજ અમે માગીએ છીએ ને તે મળતા સુધી અમે ઠરી ઠામ થવાના નથી. સમશેરખાન બોલ્યો, કે જો દુર્ગાદાસ પાસે તમારા જેવા બાળકો પણ આવા જ્ઞાની ને બહાદૂર પણ દયાળુ છે તો મારી ખાત્રી છે કે હવે મારવાડમાં મુસલમાનો ટકવાના નથી. આજે જે હથીઆર તમે મને અને મારા માણસોને લેઇ જવા દેઈ અમને માન આપોછો તે હથીઆર હવે ફરીને મારૂ દેશ સ્વતંત્ર થતા સુધી તમારી સામાં આવશે નહિ, એ નક્કી સમજવું. એમ બોલી તે પોતાનાં માણસો સાથે આગળ ચાલ્યો.

ગંભીર ને ગુલાબસિંગ કેદખાનું ઉઘાડી તેમાંના કેદીઓ જોવાને દોડયા. પ્રથમ ગુલાબસિંગ પોતાના પિતા સુરતનસિંગને મળ્યો. તેમણે કહ્યું કે અરે! તને પણ પકડી આણ્યો, ગુલાબ! ગુલાબસિંગે કહ્યું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાજી, હવે તમે ભય ધરશો નહિ. દુર્ગાદાસ આવ્યા છે ને તેમણે વિજય મેળવી કિલ્લો સર કીધો છે. મને એમણે પોતાના ભાઇની માફક ગણ્યો છે. પોતે કિલ્લાની વ્યવસ્થા કરવામાં ગુંથાયા ત્યારે તેમણે તમારો જલદીથી છૂટકારો કરવાને મને અહિં મોકલ્યો છે. હમણાં એ પણ અહી આવી પહોંચશે. સુરતનસિંગ ઠાકોર આ પ્રમાણે પોતાનો છૂટકારો થવાથી, અને તેપણ પોતાનાજ પુત્રને હાથે, તે જોઇ ખુશી થયો. તે પોતાના પુત્રની સાથે દુર્ગાદાસને મળવા માટે જવાને બહાર આવ્યો. આણી તરફ ગંભીર દોડતો દોડતો ને ઠેકડા મારતો મારતો પોતાના પિતાના કેદખાનાની કોટડી પાસે ગયો ને તાળું ઉઘાડી અંદર પેઠો. કેશરીસિંગે પોતાના દીકરાને દીઠો કે તેને વળગી પડ્યો. પોતાનો દીકરો છાનોમાનો નાસી ગએલો ને આવા ઉડાઉડના સમયમાં તેની કાંઇપણ બાતમી મળેલી ન હોવાથી તેનું શું થયું હશે તે તેને માલમ નહોતું. એ દીકરાને આમ અણચિંત્યો કેદખાનામાં આવી મળ્યો તેથી આંખો સાનંદાશ્ચર્યથી ભીંજાઇ ગઇ; તેનાથી કાંઈ પણ બોલી શકાયું નહિ. એ જોઈ ગંભીરે કહ્યું કે પિતાજી મારા સરદાર દુર્ગાદાસે તમારો છૂટકો કર્યો છે. મુસલમાનોને મારી હઠાવી ગઢ તાબે કર્યો છે, ને તમારા છૂટકારા માટે મને અહિં મોકલ્યો છે. માટે આપ ચાલો. આપણે દીવાનખાનામાં જઈ દુર્ગાદાસના આવવાની રાહ જોતા બેસીએ.

બંને દીવાનખાનામાં ગયા. પણ દુર્ગાદાસ હજુ પરવાર્યો નહોતો. એને દીવાનખાનામાં આવવાની હજુ ઢીલ હતી. તેથી કેશરીસિંગે ગંભીરને પૂછ્યું કે, બેટા તું અહિં ક્યાંથી ? દુર્ગાદાસ તારો સરદાર ક્યાંથી? તારી ને તેમની મુલાકાત શી રીતે થઇ ? એ વગેરે વાતથી મને વાકેફ કર. ગંભીરે કહ્યું કે બાળપણથી આપના ઉપદેશ ને ઉદ્દેશથી મારા મનમાં દેશસ્વાતંત્ર્યનો જુસ્સો તો હતોજ. મારૂ દેશમાં મુસલમાનોને જુલમ કરતા જોઇ મારૂં હૈયું બળતું હતું. પણ લાચાર. હું બાળક શું કરૂં ? શું કરવું ને કેમ કરવું કે આ પરધર્મીઓનું રાજ્ય જઇ મારૂદેશ સ્વતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, એ વિચાર મારા મનમાં ઘોળાયા કરતો હતો, તેવામાં દુર્ગાદાસ મારૂ-દેશની સ્વતંત્રતાને માટે મેદાનમાં પડયાની બૂમ મારા સાંભળવામાં આવી. મહા મહેનતે સમાવેલા મારા જુસ્સાને હવે હું રોકી શક્યો નહિ. મારૂં મન દુર્ગાદાસ પાસે જવાને તલપ્યા કરવા લાગ્યું. પણ તમારી પરવાનગી માગતાં મને બાળક ગણી કદાચ તમે નહિ આપશો, એમ વિચારી છોકરવાદી કરી તમને અંધારામાં રાખી હું એક રાત્રે છાનોમાનો ચાલી નીકળ્યો ને કેટલીક મહેનતે દુર્ગાદાસને જઇ મળ્યો. તમને કેદ કર્યાની અને નાહરસિંગ વગેરે સરદારોનાં ખુન કર્યાની ખબર મળ્યાથી તમારા છૂટકારા માટે દુર્ગાદાસ અહિં આવ્યા. મને તેમણે પોતાના નાના ભાઇ તરીકે ગણીને માન આપ્યું છે. તેઓ બીજા કામમાં રોકાયાથી આપનો જલદી છૂટકારો થાય તે માટે મને આપના તરફ મોકલ્યો. પિતાજી હવે મારવાડની સ્વતંત્રતાને ઝાઝો વિલંબ થાય એમ લાગતું નથી.

એમ વાતો કરે છે એટલામાં દુર્ગાદાસ આવી પહોંચ્યો. તેણે ગંભીરને પોતાના પિતાની પડખે ઉભેલો જોઇ કેશરીસિંગને ઓળખ્યા. ગંભીરે પોતાના પિતાને સાન કરી, કે ઠાકોર બોલ્યા, દુર્ગાદાસ તમારા જેવા બહાદૂર મારૂ પુત્રો વડેજ મારવાડ સ્વતંત્ર થશે. તમે વાવેલા બીજનાં ફળ તમેજ ચાખશો. તમે મને બંધનમુક્ત કર્યાથી હું તમારો ઉપકાર માનું છું. દુર્ગાદાસે કહ્યું કે જેની કૂખે આમારા નાનાભાઇ જેવાં રત્ન નીવડયાં છે, તેને બંધનમુક્ત કરવાની તક પરમેશ્વરે મને આપી તેથીજ મારવાડના સુભાગ્યનાં ઉદયચિન્હ દૃષ્ટિએ પડે છે. મહાસિંગ મારા મિત્ર છે ને તેના તમે બનેવી છો, વળી આ મારા નાના ભાઇના પિતા એટલે મારા મુરબ્બી છો, તેથી તમારે ઉપકાર માનવા જેવું રહેતું નથી. ખરૂં કહું તો એમાં ઉપકારજ નથી. મેં મારી ફરજ બજાવી છે, ને તમને બંધનમુક્ત કરી મારૂ દેશની સ્વતંત્રતાની સાધ્યમાં ઉમેરો કર્યો છે. આવી વાતો ચાલે છે એટલામાં ગુલાબસિંગ સુરતનસિંગ ઠાકોરને લેઇ આવ્યો. રામ રામ કરી સુરતનસિંગ ઠાકોર ઉભા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુરતનસિંગ ઠાકોર વયે વૃદ્ધ હતા. લગભગ એંશી થવા આવ્યાં હતાં. એમણે દુર્ગાદાસના પિતાને અને દાદાને ઉજ્જન, કજવા ને આગ્રાની લડાઇઓમાં બહાદૂરી બતાવતાં જોયા હતા. તેથી ઠાકોરે કહ્યું, બહાદૂર પિતાના બહાદૂર બેટા દુર્ગાદાસ, તારા પિતાને અને દાદાને તો રણસંગ્રામમાં સત્ય પક્ષે લડી જય મેળવતા જોયા હતા. અને આ ત્રીજી પેઢીએ તને પણ જય મેળવતો જોઉં છું. પ્રભુ તારા બાહુમાં બળ આપો, અને તેં માથે ઉપાડેલા કામમાં તને જય અને જશ આપો. એ આશીર્વાદ વગર તેં કરેલા મારા છૂટકારાનો બદલો હું શી રીતે વાળી શકું એમ છું? હવે હું તો વૃદ્ધ થયો છું. મરણ પથારીએ પડયા જેવો છું. આ મારો ગુલાબ તારે આશ્રયે મૂકું છું. બેટા ગુલાબ, તું દુર્ગાદાસની પડખે રહેજે, અને સહાય કરજે. દુર્ગાદાસે કહ્યું કે કાકા સાહેબ, આપના વૃદ્ધપણાને જેબ આપનારી બહાદૂરી આપના કૂળને છોડી ગઈ નથી. આપનો પુત્ર મારા જશા કરતાં જાય એવો નથી; અને હું પણ મારા જશા જેવોજ એને ગણીશ. એટલામાં ગંભીર બોલી ઉઠયો, મોટા ભાઇ, મને ભૂલતા ના હોં. દુર્ગાદાસે કહ્યું કે અરે! તને તે કેમ ભૂલીશ? સુરતનસિંગે પૂછયું કે દુર્ગાદાસ, એ કોણ છે? દુર્ગાદાસે કહ્યું કે, એ તો આ કેશરીસિંગ ઠાકોરનો સુપુત્ર ગંભીરસિંગ. એ મહાસિંગ ઠાકોરની બેનનો દીકરો થાય છે. સુરતનસિંગે કહ્યું કે કેશરીસિંગ ઠાકોરના કૂળને હું કયાં ઓળખતો નથી? કજવાની લડાઇમાં મોખરે રહી લડતાં એમના પિતા ગુજરી ગયા હતા. એમનો ભાઇ ઉજ્જેણની લડાઇમાંથી જશવંતસિંગ મહારાજે નાગી તરવારે મુસલમાની લશ્કર ભેદીને જવાનો હુકમ કર્યો ત્યારે મોખરે મરાયો હતો. એમનું કૂળ કાંઇ જેવું તેવું નથી. એવા બહાદૂર કૂળની કૂખે બહાદૂરજ રત્ન પાકયાં હશે. દુર્ગાદાસે કહ્યું કે એની બહાદૂરી, દેશદાઝ ને મમતાનાં જેટલાં વખાણ કરૂં તેટલાં થોડાં છે. એની ઉમરતો નાની છે, પણ સમજ વૃદ્ધ કરતાં વધારે છે. માટેજ મેં એને મારા નાનાભાઈ તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલ વહેલો સ્વીકાર્યો, અને આજે તમારા ગુલાબસિંગને મારા બીજા નાના ભાઇ તરીકે કબુલું છું, અને મારી ખાત્રી છે કે તે, એ વિશ્વાસમાં ખામી પડવા દેશે નહિ.

આ પ્રમાણે વાતચીત કરી સઘળા સુઇ ગયા સવાર થયું. દેસુરી ઉપર રાઠોડ વાવટો ફરકતો જોઈ, આસપાસના રાઠોડો જાગૃત થયા. સોજીતગઢના જયમાં દેસુરીના જયથી વધારો થયો. મુસલમાનોની હાર થતી જોઇને તથા રજપુતોનો વિજય સાંભળીને રજપુતો જોરપર આવ્યા. આસપાસના રજપુતો હથીઆર બંધ થઇ દેસુરીમાં ભરાવા લાગ્યા. એ ચાર દિવસમાં તો વીશ હજાર કરતાં વધારે રાઠોડ લશ્કર દેસુરીમાં દુર્ગાદાસની સર્દારી નીચે જમા થયું. દેસુરીના વિજયી રાઠોડો પણ આસપાસના દેશાભિમાની સરદારોને ઉશ્કેરી ભેળા કરવા લાગ્યા. કેશરીસિંગ, સુરતનસિંગ અને બીજા જે રાઠોડ સરદારોનો છૂટકારો થયો હતો, તેમણે પણ પોતપોતાનાં લશ્કર દેસુરીમાં જમાવ્યાં. એ રીતે દેસુરી રાઠોડ લશ્કરથી ભરાઈ ગયું.

પ્રકરણ ૧૧ મું.

જોધપુરની જીત.

દુહો.

દુર્ગા આશકરણરા, નીતરો જંગાં જાય
અમલ ઓરંગા ઉતરે, દિલ્લી થરકકા ખાય.

મતલબ કે—આશકરણના દુર્ગા, તેં નિત્ય લડાઇઓ કરીને ઔરંગજેબનો અમલ ઉતાર્યો ને દિલ્લી પણ ડરવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ દુર્ગાદાસ, જશકરણ, માનસિંગ, ગંભીરસિંગ ઈત્યાદિ રાઠોડ સરદારો બેઠા છે, એટલામાં એક ખેપીઓ દોડતો કાગળ લેઇ આવ્યો. ગંભીરે આગળ જઇને કાગળ માગ્યો. ખેપીએ કહ્યું કે તે તો દુર્ગાદાસ પંડને હાથો હાથ આપવાનો છે. ગંભીરે આ વાત દુર્ગાદાસને કહ્યાથી તેને અંદર બોલાવ્યો. ખેપીએ પૂછ્યું કે આપનું નામ દુર્ગાદાસ? જવાબમાં હા કહ્યાથી ખેપીએ કાગળનું પાકીટ તેના હાથમાં આપ્યું. દુર્ગાદાસે કાગળ ગંભીરના હાથમાં વાંચવાને આપ્યો ને વાંચવા ફરમાવ્યું. તેથી ગંભીર તે વાંચવા લાગ્યો,

" મુરબ્બી દુર્ગાદાસ, એક ઘડીની પણ વિલંબ કર્યા સિવાય એકદમ જોધપુર આવજો. હું, મારો પિતા ને માતા બાલીમાં હતાં ત્યાં ઇનાયતખાન ને તેનાં નાકેલાં માણસો આવી પહોંચ્યાં. મારા મામાએ ને પિતાએ કેટલીક મેહેનત કરી, પણ ઘણાં આગળ થોડાનું શું ગજુ' મારો મામો નાશી ગયો ને અમે ત્રણે ઈનાયતને હાથ પકડાયાં. બાલીથી અમને *ઝાલોર લાવ્યો. ઝાલોરનો કિલ્લો એક બાજુએ દૂર હોવાથી ત્યાં લશ્કરની મદદ આવવી મુસ્કેલ સમજી તથા તમારા લશ્કરની નજીકમાં રહેવું જોખમ ભરેલું જણાયાથી એ અમને લેઇ જોધપુર આવ્યો. અહિં એણે અમને પાકા બંદોબસ્તથી રાખ્યાં છે. એ અમારા ઉપર કાંઇક રહેમ દીલ રાખતો હતો. તેવામાં મારા પિતા ઉપર રાજ્યદ્રોહનું તોહોમત મૂકી તપાસ કરવાનું ઠરાવ્યું. તપાસમાં ગુનો સાબીત ગણી દેહાંત દંડની સજા કરવાનું ઠેરવ્યું છે. એ સજા હવે એ જલદીથી અમલમાં લાવવાનો છે. માટે તે દરમીઆનમાં તમે

---

* એનું પ્રાચીન નામ જાલંધર હતું. ત્યાં જાલંધરનાથ રહેતા હતા, એ ઉપરથી એ નામ પડ્યું છે. એ ગામ ચોહાણ રાજાની રાજ્યધાની હતું. અલ્લાઉદ્દીન ખુનીએ એ ગામ આઠ વરસ સુધી લડીને જીત્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી અમારો છૂટકારો કરશો તો ભલા, નહિ તો તમે જેનો એક વાર જીવ બચાવ્યો તે, જેને એકવાર કેદમાંથી બંધનમુક્ત કર્યા તેમનો, એ પાપીઓ નાશ કરશે. પછી તમારો વિજય અમારે શા કામનો ? તમારા મિત્રને દેહાંત દંડ થતાં નહિ ઉગારો તો કોને ઉગારશો ? એમના મરણ સાથે અમારૂં પણ મરણ થવાનુંજ. પાપી ઇનાયત મારા પિતાની ગેરહાજરીમાં પોતાની પાપી મુરાદ બર લાવવાને મારા ઉપર જુલમ કરશે એટલે મારે ઝેર પી મરવાનો વારો આવશે. મારી ફોઇતે પણ અહિં કેદ કરી આણેલાં છે. અમને માત્ર તમારોજ આધાર છે. માટે જરૂર જલદીથી સહાય કરવાને આવજો. આજે અવાય તો કાલ ઉપર ને હમણાં અવાય તો સાંજ ઉપર રાખશો નહિ. કાગળ કેટલી મુશીબતે મોકલ્યો છે તે મારૂં મન જાણે છે. ફરીને લખવાનો વારો નહિ આવે.

લી. તમારા મિત્રની પુત્રી લાલબા.

આ કાગળ વાંચતાંજ બહાર ડંકો વાગવા લાગ્યો. સૂર્યવંશી મહારાણાનાં નિશાનો ફરકવા લાગ્યાં. મહારાણા રાજસિંગની જય. મહારાજા અજીતસિંગની જય, મારૂ દેશની જય, એવા જય ઘોષથી આકાશ ગાજી રહ્યું. દુર્ગાદાસ આ અવાજથી સમજ્યો કે આપણી ઉદેપુરના રાણા ઉપરની અરજ ફળીભૂત થઇ. મહારાણાશ્રીનાં માણસો ડંકા નિશાન સાથે આવ્યાં છે. દુર્ગાદાસ તરતજ ઉઠીને સામો ભેટવા ગયો ને મહારાણાના પાટવીકુંવર જયસિંગજીને સિસોદી સૈન્યને મોખરે દીઠા. તેમને મળી, ભેટી, વાતો કરી, જોધપુર કયે માર્ગે ને શી રીતે તાકીદે જવું તેની ગોઠવણી કરી. સિસોદી સૈન્ય દશ હજાર સ્વારોનું હતું ને આશરે પચીશહજાર રાઠોડ લશ્કર હતું, તેમાંથી એક હજાર માણસ કિલ્લાના રક્ષણાર્થે રાખી સુરતનસિંગ ઠાકોરને કિલ્લાની રખવાળ માટે રાખવાનો ઠરાવ કરી બાકીના સર્વેએ લશ્કર સાથે રાતના નીકળી કુચ મુકામે જોધપુર જવાનો દૃઢ ઠરાવ કરી દુર્ગાદાસ ઉઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉદેપુરના મહારાણા રાજસિંગે પોતાની સહાયમાં તેમના પાટવી પુત્ર જયસિંગને મોકલી પોતાની સ્વદેશપ્રીતિ જણાવી તેનો ઉપકાર માનવાને દુર્ગાદાસ જયસિંગજીના મુકામપર ગયો. બંને જણા મળી ભેટીને વાતો કરવા લાગ્યા.

દુર્ગાદાસે કહ્યું કે આજના સમયમાં મુસલમાનો આખા દેશ ઉપર કેર વરતાવે છે. હિંદુ ધર્મનાં દેવલો તોડીને ત્યાં મસીદો બનાવી છે. બ્રાહ્મણોની જનોઇઓ બાળી નખાવી છે. આપણાં પવિત્ર ધર્મ પુસ્તકો કૂવામાં નખાવી દીધાં છે. આપણી પવિત્ર મૂર્ત્તિઓ મસીદોનાં પગથીઆમાં ચણાવી છે. હિંદુઓ ઉપર જુલમ ને કેર વરતાવી તેમને બળાત્કારે મુસલમાન બનાવે છે. પાદશાહે પોતાની પ્રજા માત્રને સરખી ગણી સરખા હક આપવા જોઇએ, તેને બદલે તેણે હિંદુઓ ઉપર જુલમ કરી મુસલમાનોને માન મરતબાથી નવાજ્યા છે. હિંદુઓને નોકરીમાંથી કહાડી મૂકી રઝળતા કર્યા છે. મુસલમાન ધર્મની જગાઓને વર્ષાસન બાંધી આપ્યાં છે, ત્યારે તેણે હિંદુઓના જાત્રાળુ ઉપર કર નાખ્યો છે. એણે મુસલમાન લોકોને અને ધર્મને સઘળી રીતે ઉત્તેજન આપી હિંદુ લોકોને અને ધર્મને હલકા પાડ્યા છે. મુસલમાનનો પક્ષપાત કરી મુસલમાન હિંદુનો ભેદ જાહેર રીતે ઉઘાડો પાડ્યો છે. મતલબ કે અગાઉના એના બાપદાદાનો સઘળો રિવાજ બંધ કરી, તેથી ઉલટીજ વર્ત્તણુક ચલાવી છે. તેમાં અધૂરામાં પૂરૂં હમણાંજ એણે હિંદુઓ ઉપર હેડીઆ વેરો નાંખ્યો છે. જે જુલમ અગાઉના અફગાન, સૈયદ કે લોદી, કોઈ પાદશાહે કર્યો નહોતો, તેવો જુલમ આ પાપી પાદશાહે કરવા માંડ્યો છે. અમારી રાઠોડનીજ વાત લો. મહારાજા અમરસિંગજીને મરાવ્યા, જશવતસિંગજીને દેશવટો દીધો. કેમકે કાબુલમાં સુબાગીરી આપી તે માત્ર હિંદમાંથી તેમનો પગ કહાડવાને માટેજ હતી. તેમના કુંવરોને દગાથી મરાવ્યા ને બાલ રાજા અજીતસિંગજીને પણ કેટલીક મુસ્કેલીએ બચાવ્યા છે તે આપથી કંઇ અજાણ્યું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજુ એ બાળક છે. પાદશાહ તેમની હયાતીથી પણ કદાચ અજાણ્યું હશે. અમારા મારૂ સરદારો પણ ઘણા ખરા અજાણ છે. એટલે પાદશાહે મારૂં દેશ ખાલસા કર્યો. ખાલસા કરીને પણ પ્રજાને સુખ આપવું જોઇએ તે આપ્યું નહિ. પોતાનું સ્વદેશીરાજ્ય ગયું ને પરધર્મીને પરરાજ્ય થયું છે એવું પ્રજાના મનમાં ન આવે એવી નવા રાજ્ય સ્થાપકોએ રાજ્યનીતિ ચલાવવી જોઇએ, તથા અમલદારો પણ એજ રાજ્યનીતિ અમલમાં લાવે એવા નીમવા જોઇએ, તેને બદલે દુરાચારી, જુલમી, ક્રુર ને ધર્માંધ અમલદારોએ આખા દેશમાં ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી છે. પાદશાહે પંડે પણ અરાજ્યરીતિ ચલાવી છે. તે છતાં પણ સર્વે રાઠોડ સરદારો પોતાના રાજાના મરણથી અને પાદશાહના જુલમથી દબાઈ ગયા હતા. પાદશાહે કેટલાકને લાલચો આપી ફોડયા છે. નાગોરવાળાને અને પડીઆરોને રાજ્યલોભથી લલચાવ્યા છે. પણ તે બાપડા પાદશાહની કપટજાળમાં ફસાયા છે. ઔરંગજેબની લુચ્ચાઇથી તેઓ વાકેફ નથી. કિંવા લોભનાં પડળ આવ્યાથી તેઓ તેની લુચ્ચાઇને જોઇ શકતા નથી; નહિ તો અમરસિંગ મહારાજનો વંશજ દેશદ્રોહી થાય નહિ. પડીઆરો માટે તો નક્કી ન કહેવાય. ખેર ! હોનાર હોયાં જાય છે. સમય આવે એમની પણ આંખો ઉઘડશે. એટલું છતાં મહારાણા રાજસિંગજીએ અમારી વિનતિ સાંભળી અને આપને અમારી સહાયે મોકલ્યા એ બહુ સારૂં થયું. આપની સહાય વગર અમારાથી એકલે હાથે આખા હિંદના પાદશાહને પુરા પડાશે એવી આશા રાખવી એ બાથમાં આભ લેવા જેવી હતી. પ્રભુ આપની નિષ્કલંકી ગાદીને જેબ આપો અને આપની સુકીર્ત્તિમાં વધારો કરો અસ્તુ.

દુર્ગાદાસ બોલી રહ્યો કે મહારાણા જયસિંગજી બોલ્યા. દુર્ગાદાસ, તમારા જેવા વીર નર મારૂ પુત્રોમાં છે એટલે અમારી મદદની જરૂર પડે તેમ નથી. તમારા બહાદૂર સરદારોને સૈન્યનો જુસ્સો જોઇ હું આશ્ચર્ય પામુંછું કે આવા પરાક્રમી મારૂ પુત્રો આગળ મોગલો કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટકી શક્યા ? ભાઇ, તમારો પત્ર મહારાણા સાહેબે વાંચીને મને આજ્ઞા કરી કે તમે દશ હજાર સ્વારો લેઈ જઇ દુર્ગાદાસને સહાય કરો. અને બીજું વધારે સૈન્ય જોઇએ તો મંગાવજો. પાદશાહના જુલમથી માત્ર મારવાડજ ત્રાસી ગયું છે એમ નથી. આખા હિંદમાં સર્વ સ્થળે એવો કેર વરતાવ્યો છે. જજીઆ વેરા માટે અને એના બાપની અને તેની પહેલાં થઇ ગએલા મોગલ પાદશાહોની રાજ્યનીતિ નહિ છોડવા માટે મહારાણાશ્રીએ પાદશાહને એક શિખામણપત્ર લખ્યો છે. પણ મને નથી લાગતું કે એથી એ ધર્માંધ પાદશાહને લગાર પણ અસર થાય. એથી તો એ ઉલટો ક્રોધાવેશમાં આવશે. પણ મહારાણાજીએ તો પોતાનો મિત્રધર્મ બજાવ્યો છે. પોતાનો મિત્ર ભૂલતો હોય તો તેની ભૂલ તેને બતાવવી એ મિત્રની ફરજ છે. તે ફરજ બજાવ્યા છતાં ન સમજે તો તેમાં આપણો દોષ નથી. જગત્ આપણો દોષ કહાડશે નહિ. રાણાજીનો શીખામણપત્ર પહોંચ્યા છતાં પણ પાદશાહની પૂર્વની વર્ત્તણુકમાં લગાર પણ તફાવત પડયો નથી. ઉલટો તેમાં વધારો થયો છે. રાણાજી તે સર્વ જાણતા હતા. પણ હવે કેમ કરવું ? હિંદુઓ ઉપર થતો જુલમ અટકાવવા શા શા ઉપાય લેવા તેના વિચારમાંજ હતા. દયાળશાહ દીવાનનો અભિપ્રાય તો વેર પર વેર લીધા વગર એ પાદશાહની આંખો ઉઘડવાની નથી, એવોજ હતો. એવામાં તમારો પત્ર આવ્યો. એટલે દયાળશાહે કહ્યું કે, મહારાજ આવો યોગ ફરી આવશે નહિ. દક્ષિણમાં મરેઠા ઉઠેલાજ છે. અને માળવામાં ને રાજ્યસ્થાનમાં રજપુતો ઉઠયા તો પાદશાહને નમ્યા વગર છૂટકો નથી. રજપુતશિરોમણિ આપ પાદશાહની સામા ઉઠયા એટલે એક પણ રજપુત રાજ્ય કોઇ પણ કારણથી પાદશાહનો પક્ષ ધરાવનાર નથી. બધા દેશમાં પાદશાહે દારૂ પાથરેલો છે. હવે માત્ર અગ્નિ મૂકવાનીજ ખોટ છે. તેથી આપ ઉઠયા એટલે ધડાકો થયા વગર રહેનાર નથી. રાણાજી એ વાતમાં સમંત થયા. તેમણે સિસોદી સૈન્યને તૈયાર થવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુકમ આપ્યો. આખા સૈન્યના ત્રણ ભાગ પાડયા છે. તેમાંથી એક આપી મને તમારી સહાયે મોકલ્યો છે. બીજું લશ્કર લેઇ દયાળસિંહ પંડે મુસલમાનોપર વેર લેવાને માળવામાં ઘુસ્યા છે, ત્રીજો ભાગ રાણાજીએ પોતાની પાસે ચિતોડમાં રાખ્યો છે.

દુર્ગાદાસે કહ્યું કે આપણે આજે પ્રથમ જોધપુર જવું જોઇએ. મારો વિચાર તો પ્રથમ અજમેર જવાનો હતો. પણ જોધપૂર માંડાના ઠાકોર મહાસિંગને કેદ કર્યાના અને તેમના ઉપર રાજ્યદ્રોહનું તોહમત મૂકી થોડી મુદતમાં ફાંસીએ ચઢાવવાના છે એના સમાચાર આવ્યા છે. એમનો પ્રાણ ઉગારવો એ અમારી પ્રથમ ફરજ છે. ચાંપાવતો મારૂ સરદારોમાં મુખ્ય સત્તાવાળા છે. તેમનો પ્રાણ બચાવવો એ જરૂ-રનું છે. માટે આજેજ રાત્રે કુચ મુકામે જોધપુર જવું જોઇએ. દેસુ-રી ને બાલીના બચાવ માટે થોડું થોડું જરૂર જોગું લશ્કર રાખવું. સોજીતના બચાવ માટે તો બંદોબસ્ત કરેલોજ છે. એ ત્રણે કિલ્લેદારોને વખતો વખત મુસલમાની લશ્કરની આવજાવની ખબર આપવાની સૂચના આપી આપણે જોધપુર જવું; એવો મારો વિચાર છે. આપનો શો અભિપ્રાય છે તે કૃપા કરી જણાવો. જયસિંગે કહ્યું કે મને તો હુકમ છે કે મારે તમારી આજ્ઞા પ્રમાણે ચાલવું. સિસોદી સૈન્યે બીજા કોઇના ઉપરીપણા નીચે આજ સુધી કામ કર્યું નથી. તથાપિ આજે હું તમારી આજ્ઞા પ્રમાણે ચાલવાને આવ્યો છું. કેમકે મારા પિતાજીનો એવો હુકમ છે. માટે તમે જ્યાં મોકલશો કે લેઇ જશો, જે કામ સોંપશો કે જ્યાં રાખશો, તે પ્રમાણે કરવાને મારે કોઇ જાતનો વાંધો નથી. દુર્ગાદાસે કહ્યું કે આપ મારા મુરબ્બી છો. આપણે કાંઇ જૂદા નથી. તેમ આપણે બંનેને એકજ કામ કરવાનું છે—પરધર્મીનો પરાભવ અને અજીતસિંગજીનું રાજ્ય પાછું સ્વતંત્ર કરવું તે. આપ આપણા એકત્ર સૈન્યની સરદારી લો. અને હું આપના તાબેદાર તરીકે આપની આજ્ઞા મુજબ વર્તીશ. જયસિંગજીએ કહ્યું કે તેમ બને નહિ આજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી મારવાડને જેણે જય મેળવી આપ્યો છે, તેજ છેવટ સુધી જય મેળવી આપશે. સર્વમાન્ય સર્વોપરી સૈન્યાધિપતિ આજ સુધી તમેજ છો, અને છેવટસુધી તમેજ રહેશો. તમારી જે આજ્ઞા હોય તે મને જણાવો. દુર્ગાદાસે કહ્યું કે તો જેવી આપની ઇચ્છા. માન અપમાન કે ઉપરી તાબેદારીના ભેદથી આપણામાં અણગમો કે ભેદ થવો ન જોઇએ. જ્યાં સંપ છે ત્યાંજ જય છે. કુસંપથી હમેશાં નાશ થાય છે. એ કુસંપનું બીજ માન મરતબો કે ઉપરીપણું છે, તે મનમાં લાવવું ન જોઇએ. જ્યાં સુધી આપણામાં કુસંપનાં બીજ રોપાયાં નથી ત્યાં સુધી આપણે અજીતજ છીએ. જોધપુર મજબૂત છે ને મુસલમાની લશ્કરનો જમાવ પણ ઘણો છે. વળી સોજીત ને દેસુરીની હારની ખબર દિલ્લી પહોંચશે એટલે તેમની સહાયે દિલ્લીથી પાદશાહી લશ્કર પણ આવતું હશે કે આવશે. માટે આપણું સર્વ લશ્કર સાથે લેઇ એકદમ જોધપુર જીતી લેવું. રાજ્યધાની જીતી કે સર્વ મારૂ સરદારો મેદાન પડશે. હજુ કેટલાક જયની આશા ન હોવાથી મુસલમાનોના જુલમના દબાણમાં દબાઈ રહ્યા છે. એ સર્વે જોધપુર જીત્યાથી આપણને આવી મળશે. પછી મુસલમાનોનો ભાર નથી કે તેઓ મારવાડમાં પોતાનો પગ ટકાવી શકે. હરોલમાં હું રહીશ ને પાછળ આપ રહેશો એટલે મધ્યમાં બાકીનું સર્વ સૈન્ય ચાલશે. જમણે પડખે માનસિંગ ને ડાબે પડખે ગુલાબને રાખવાથી આપણે સર્વ વ્યવસ્થાપૂર્વક જઇશું. માન-સિંગ ને ગુલાબસિંગ જો કે જુવાન છે, તથાપિ તેઓ શૂરા ને સાવ-ચેતી રાખનારા પહેલવાનો છે, માટે એ બંનેને એ પડખે રાખવા એવો મારો ઈરાદો છે. મહારાણા જયસિંગજીને એ વિચાર ગમ્યાથી બંને જણા તૈયારી કરવાનો વિચાર કરી જૂદા પડયા.

રાઠોડ લશ્કર જોકે લગભગ ૩૫ હજાર માણસનું હતું, તોપણ મુસલમાની લશ્કરની સંખ્યા આગળ તે ઘણું નહોતું. તેથી મારવાડી લશ્કરને માર્ગમાં શાંતિથી પણ ત્વરાથી ચાલવાની અને સર્વ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલવાની દુર્ગાદાસે આજ્ઞા કરી હતી. ચંદ્રમાનો પ્રકાશ થયે સર્વ સજ્જ થઈ લશ્કરી વ્યવસ્થા પ્રમાણે ચાલવા લાગ્યા. જોધપુર નજીક આવ્યું એવામાં સોજીતથી એક ખેપીઓ ખબર લાવ્યો કે પાદશાહી જોરાવર સૈન્ય લેઇ તૈબરખાન તમારા ઉપર આવે છે. તથા તમને જોધપુર જતા રોકવા માટે અને તમને રસ્તામાંજ અટકાવવા માટે પોતાના સૈન્યના ત્રણ ભાગ પાડી ત્રણ રસ્તે રવાના કર્યા છે. એ ત્રણે ભાગ જોધપુર નજીક તમને આવી મળશે એમ અનુમાન થાય છે. આ સમાચાર સાંભળી દુર્ગાદાસે જલદીથી જોધપુર પહોંચવાને ઉતાવળથી ચાલવા માંડયું. તૈબરખાન આવી પહોંચે તે અગાઉ જોધપુર જીતીને મહાસિંગને છોડાવવા જોઇએ, નહિ તો તૈબરખાનનું બળવાન સૈન્ય જોધપુરના રખવાળોને આવી મળ્યું તો સઘળી બાજી ધૂળ મળશે. એવા વિચારથી રાત્રિ દિવસની મુસાફરીથી થાકેલા લશ્કરને તાજું કરવાને એક કલાકનો વિસામો આપી ત્વરાથી જોધપુર ઉપર ચાલ્યા. સઘળું સૈન્ય ભૂખ તરસ ને થાકની કાંઈ પણ દરકાર કર્યા વગર ઉમંગભેર આગળ વધ્યું ને પહેલા પહોરના જોધપુરના કિલ્લા નજીક પહોંચ્યું. રજપુત સૈન્ય આ પ્રમાણે અણચિંત્યું આવી પહોંચશે, એવું મુસલમાનો ધારતા નહોતા. ઘણા મુસલમાનો હજુ તો મોં ધોતા હતા ને કેટલાક નિમાજ પઢતા હતા. રજપુત સૈન્ય જાણે પૃથ્વીમાંથી નીકળી આવ્યું હોય તેમ દૃષ્ટિએ પડવાથી પ્રથમ તેઓ ગભરાયા ને કિલ્લો છોડી ભાગવા લાગ્યા. પણ તરતજ તેમને પોતાની ફરજ યાદ આવી. કિલ્લાનું રક્ષણ કરવું જોઇએ. તેનું ભાન આવ્યાથી તેઓ સર્વે સાવધ થઇ એકઠા થઇને કિલ્લાનો બચાવ કરવાની તૈયારી કરવા મંડયા.

દુર્ગાદાસે કોટની નજીક પડાવ નાંખ્યો. જેમ જલદી કિલ્લાનો કબજો લેવાય તે લાભકારક છે, એમ તે સમજતો હતો. તેથી કિલ્લાના રખવાળો તૈયાર થાય તે પહેલાં તો તેણે હુમલો કરવાની ગોઠવણ કરી. નાગોરના દરવાજા ઉપર હુમલો કરવાને જયસિંગજીને મોકલ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મેરતાના દરવાજા ઉપર પોતે ચઢ્યો. આ પ્રમાણે બંને દરવાજા ઉપર એકી વખતે હુમલો કરવાથી તથા તેમના ઉપર મારાનો વરસાદ વરસાવ્યાથી કિલ્લાના રખવાળોનું કાંઇ ચાલ્યું નહિ. તેથી તેમણે ઇનાયતખાનને તથા દિલાવરખાનને મદદ મોકલવાને કહાવ્યું. અંદરની ગઢીમાંથી જેમ દરમાંથી કીડીઓ ઉભરાઇ નીકળે તેમ માણસોનાં ટોળે ટોળાં હથીઆરબંધ નીકળવા લાગ્યાં. દુર્ગાદાસ ને જયસિંગ કોટ ઉપર ચઢી ગયા. તેમનો દાખલો લેઇ તેમના સરદારો પણ સિંહોની માફક તલપ મારી ચઢ્યા. રાઠોડ ને સિસોદી સૈન્યે બંને દરવાજા કબજે કરી દરવાજા ખોલ્યા કે બાકીનું સૈન્ય કોટમાં ધસી આવ્યું. શેહેરમાં ગઢમાંથી આવતાં માણસો ઉપરા ઉપરી પડવા લાગ્યા. બંને સૈન્ય તરવાર દેવીને ભોગ આપવા લાગ્યાં. મડદાંના ઢગલા પડવા લાગ્યા. ઘાયલ થએલાની કરુણાજનક કીકીઆરીઓ સંભળાવા લાગી. આ બહાદૂર માણસોને કપાતા જોઇ દુર્ગાદાસને દયા આવી. પણ પોતાનાં માણસોના બચાવ માટે તેને તરવારનો ઝપાટો ચલાવ્યા વગર છૂટકો નહોતો. તે મસ્તહસ્તીની માફક શત્રુઓ ઉપર તૂટી પડ્યો ને ગઢીમાંથી આવતા સૈન્યને કાપવા લાગ્યો. એવામાં ઇનાયતખાન નવું સૈન્ય લઇ ગઢમાંથી બહાર નીકળ્યો ને નજીકના રજપુતો ઉપર ધસારો કર્યો. પણ ગુલાબસિંગ ને માનસિંગ પોતાનાં માણસો સાથે તેને ભેટવાને તૈયાર હતા. બીજી તરફ દીલાવરખાન જયસિંગજી ઉપર ધસ્યો. ત્યાં સોનિગજી ને કરણસિંગ સામા થયા. આ પ્રમાણે બંને બાજુ જબરૂં યુદ્ધ મચ્યું. મુસલમાનો દીન દીનનો પોકાર કરતા ને પોતાના સરદારની ઉશ્કેરણીથી ઉશ્કેરાતા રજપુતો ઉપર જુસ્સાબંધ ધસી આવ્યા. આણી તરફ હર હર મહાદેવ કરતા રજપુતો તેમને ભેટવા તૈયાર થઇ ઉભેલાજ હતા. શેહેરમાં મડદાંના ઢગલા થયા ને લોહીની નીકો વહેવા લાગી. ગુલાબસિંગે ને માનસિંગે ઇનાયત ઉપર એવોતો મારો ચલાવ્યો કે તેની હરોલ તૂટીને લશ્કર પાછું હઠવા લાગ્યું. ઇનાયતખાને તેમને કુરાનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોગન આપી અટકાવ્યા ને મરવું કે મારવું પણ પાછા હઠવું નહિ એમ કહી આગળ દોર્યા. પોતે લડાઇને મોખરે થયો. એવામાં દુર્ગાદાસ બાકીના સૈન્યનો નાશ કરી માનસિંગની મદદે આવી પહોંચ્યો. તેજકરણ ને ગંભીર તેને પડખે રહી લડતા હતા. ઇનાયતે જાણ્યું કે દુર્ગાદાસ ઉપર એકદમ ધસારો કરી તેને પાડયા કે માર્યા વગર જીત થવી અશકય છે તેથી તે મરણીઓ થઇ તેના ઉપર ધસ્યો ને તેણે એક એવો જબરો ઘા કર્યો કે કદાચ તેજ ક્ષણે દુર્ગાદાસ નીચે પડયો હોત. પણ ગંભીરે તે ઘા દુર્ગાદાસ ઉપર જતો અટકાવી પોતે ઝીલી લીધો. એવામાં તેજકરણના ઘાથી ઇનાયત નીચે પડયો. દુર્ગાદાસે ગંભીર ને પાછળ રાખી ઇનાયતને પકડયો ને તે તેની ઉપર ચઢી બેઠો. કટાર કહાડી મારવા જાય છે તેવોજ ઇનાયત બોલ્યો કે મને જેવો એકવાર મરતો બચાવ્યો છે, તેવોજ આ બીજીવાર બચાવો. દુર્ગાદાસનો હાથ થોભ્યો. આ જગાએ બીજો માણસ હોત તો ઇનાયત બચવો મુસ્કેલ હતો. પણ દુર્ગાદાસના દૈવી ગુણથી તે બચ્યો. તેણે ગંભીર તરફ દૃષ્ટિ નાંખીને કહ્યું કે, ભાઇ, તું ઘાયલ થયો છે, પણ તને મારનાર દયા ચાહી બચી જાય છે. ગંભીરે કહ્યું કે મને કાંઈ વિશેષ વાગ્યું નથી. મારી ફીકર કરશો નહિ. મારી ફીકરમાં તમે તમારો દૈવી ગુણ તજશોમાં. તમને સલામત જોઇ, મને મારો જખમ લગારે જણાતો નથી. દુર્ગાદાસે કહ્યું કે અરે! ઇનાયતખાન મારી ઇચ્છા નથી, તથાપિ મારી આબરૂની ખાતર મારે તને જીવતો મૂકવો પડે છે. તેં તારાં હથીઆર ફેંકી દીધાથી જો કે દુસ્મન છે તોપણ હથીઆર વગરનાને મારવો એ મારો ધર્મ નથી. અને તેથી બીન ગુનાહ અને હથીઆર વગરના અરાઢ વૃદ્ધ મારૂ સરદારોને મારતાં તેં જે દયા ત્યજી હતી તે દયા હું તારા ઉપર લાવી તને બચાવું છું. એમ કહી તેણે પોતાની કટાર કમરે ખોસી. દુર્ગાદાસે ગુલાબસિંગને કહ્યું કે ભાઇ, ઇનાયતખાનને તમારા સ્વાધીનમાં નાશી ન જાય એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંભાળથી રાખજો અને એના હોદ્દાને છાજતું માન આપજો. ઈનાયતખાન પડયાથી તથા તે શરણ થયાથી તેના સર્વ સૈન્યે શરણે આવી હથીઆર છોડયાં. બીજી તરફ જયસિંગે એવો તો મારો ચલાવ્યો કે દીલાવરખાન પાછો હઠયો. કરણસિંગ તેની પૂંઠે પડયો અને તેને ગઢમાં નસાડયો. દીલાવરખાને ગઢ બંધ કર્યાથી કરણસિંગ પાછો વળ્યો. આ પ્રમાણે જોધપુર શહેર કબજે થયું પણ તેનો ગઢ મજબૂત હતો. એ ગઢ જોધપુર જે ડુંગરની તળેટીમાં છે તે ડુંગર ઉપર બાંધેલો છે. શેહેરથી તેનો ચઢાવ સુમારે એક મૈલ જેટલો છે. એ ચઢાવ ચઢીને ગઢ જીતવાનો હતો. એ ગઢમાં હજુ પુરતું લશ્કર હતું. તૈબરખાન આવતા પહેલાં ગઢમાંનું સૈન્ય તાબે થવું જોઇએ, એવો દુર્ગાદાસનો વિચાર હતો તેથી ચઢાણ ઉપર ચઢીને ગઢ ઉપર તોપોનો મારો ચલાવવાની તેણે રચના રચી ને દીલાવરખાનને સંદેશો મોકલ્યો.

તૈબરખાન જોરાવર સૈન્ય લેઈ જોધપુર આવે છે એવા સમાચાર દીલાવરખાનને મળ્યા હતા, અને તે સૈન્ય રાત્રી પડતા પહેલાં આવી પહોંચશે એવી વકી હતી. તેથી તેટલો વખત ગઢ શત્રુને કબજે જતાં અટકાવવાની તેની મતલબ હતી. તોપણ ગઢ કબજે આપવાનો સંદેશો આવ્યો જોઇ તેણે કિલ્લા ઉપરથી કહ્યું કે આ ગઢમાં હું મરતા સુધી લઢીશ. પણ એક બળવાખોર મારવાડીને આ કિલ્લો કબજે સોંપીશ નહિ. એટલુંજ નહિ, પણ આજ સુધી મહાસિંગને અને તેના કુટુંબને કેદી તરીકે રાખ્યાં હતાં, તેમને આજે તમારી સમક્ષ ફાંસીએ લટકાવુંછું. આ સાંભળી દુર્ગાદાસના ખેપીએ કહ્યું કે, ત્યારે તો દુર્ગાદાસે કહાવ્યું છે કે જો મહાસિંગનો કે તેના કુટુંબનો એક વાળ વાંકો થશે તો જે મુસલમાનો કેદી તરીકે આજે અમારા કબજામાં છે, તેમાંનો એક પણ જીવતો રહેશે નહિ. દીલાવરે કહ્યું કે અમે તમારા એવા ડરથી ડરવાના નથી. તૈબરખાન આવે છે તે આવેથી તમો સર્વેની અમો ખબર લેઇશું. રાજ્યદ્રોહી સાથે અમે કોઈ જાતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધ રાખવા ઈચ્છતા નથી. માટે તમો પાછા જાઓ, ગઢની આશા મૂકો. નહિ તો મહાસિંગ ફાંસીએ લટકયા જાણજો. એવામાં તેની પાછળથી કોઈ દગાખોર મુસલમાને દુર્ગાદાસ ઉપર ગોળી તાકી, પણ લગાર ઉંચેથી ચાલી ગઈ. સઘળા રજપુતો દગો સમજી સજ થયા ને બંધુક તીર છૂટવા માંડયાં. તોપોના ધડાકા થવા માંડયા. કિલ્લાની ભીંતો ધણધણીને પડવા લાગી. હવે દીલાવર સમજયો કે આપણે તાબે થવાનો વખત નજીક આવ્યો. તેથી તેણે મહાસિંગને પકડી મંગાવ્યા. ગળામાં દોરી ભેરવેલી હતી. ગાળો ખેંચવા જેટલી વાર હતી. દીલાવરે કહ્યું કે, જુઓ તમારા મહાસિંગ લટકે છે. તમે પાછા જાઓ, નહિ તો એ મુવા જાણજો. ગઢ દુર્ગાદાસના તાબામાં આવવાની અણી ઉપર હતો. તેવે વખતે એણે મહાસિંગની આ સ્થિતિ જોઈ. તે થોભ્યો. તેના માણસોને અટકાવ્યાં. પણ તેજ ક્ષણે મહાસિંગ બોલી ઉઠયા કે, વિજયી દુર્ગાદાસ, મારવાડને સ્વતંત્રતા મળવાની આડે મારા દેહને લાવશો નહિ. મરવું એકવાર છે. મોડા કે વહેલા મરવું તો છેજ. તેમાં હું તો હવે મરવાની હદ ઉપર આવેલો છું. તેને મારવાડને મળતી સ્વતંત્રતા અટકાવીને જીવવું શા કામનું છે! માટે આવો. થોભશો નહિ. મારૂં ગમે તે થાઓ તેની તમે દરકાર રાખશો નહિ. મારવાડને માટે રણમાં મરવું તેના જેવુંજ મારૂં આ મરણ હું લેખું છું. માટે ડરશો નહિ. આ સંભળતાંજ દીલાવર બોલી ઉઠયો કે એને ફાંસી દો. આ વાકય સાંભળતાંજ માનસિંગ ને ગંભીર મહાસિંગજી તરફ જવાને જુસ્સાબંધ દીલાવર ઉપર ચઢવા લાગ્યા. ફાંસી ખેંચનારનો હાથ અટકયો. તે સમજયો કે મારો સરદાર અવિચારી હુકમ આપે છે; તેથી તથા વખતે મહાસિંગને છોડવવાને રજપુતો આવી પહોંચશે, તો પછી મુસ્કેલી પડવાની, એ દહેશતથી તેમનો રખવાળ તેમને પાછો બંધીખાનામાં લેઇ ગયો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તરફ લડાઈ જોસબંધ ચાલી. હથીઆરો ઉછળ્યાં, બંધુકો ને તોપોના ધડાકા ને ભડાકા થવા માંડયા, ને તીરનો વરસાદ વરસ્યો. બંને બાજુ જુસ્સાથી લડતી હતી. તેવામાં દીલાવરખાન ઘાયલ થયો. તેણે સલાહનું કહેણ ચલાવ્યું. દુર્ગાદાસે કહ્યું કે મહાસિંગ, તેમનું કુટુંબ ને ગઢ હવાલે સોંપ્યા સિવાય અમે સલાહના બોલ સાંભળતા નથી. દીલાવરે કહ્યું કે તમે નકામા અભિમાન કરોમાં. અમે સલાહ માગતા નથી. પણ માત્ર તમને એ બોલ કહેવા છે, તે કહેતા સુધી લઢાઇ બંધ રાખવા કહીએ છીએ. તમે જો પાછા નહિ વળો તો મહાસિંગ, તેનું કુટુંબ અને બીજા સર્વ રજપુત કેદીઓને ફાંસીએ લટકાવીશું. એટલું બોલે છે એટલામાં તો સર્વ કેદીઓને ગળામાં ફાંસીનાં દોરડાં ઘાલી ગઢ ઉપર ઉભાં રાખ્યાં. તેજબા, મહાસિંગ તેની બેન, લાલબા સર્વે રડતાં કકળતાં ત્યાં ઉભાં હતાં. માત્ર મહાસિંગ શાંતપણે તેમને ધીરજ દેતો હતો. દુર્ગાદાસે આ બનાવ જોઇ બૂમ પાડી કહ્યું કે જો તેમનો વાળ વાંકો થશે તો ઈનાયતખાન આજ ક્ષણે નાશ પામશે. એમ બોલતામાં તો ઇનાયતખાનને લેઇ જશકરણ ને કરણસિંગ હાજર થયા.

દુર્ગાદાસે ઈનાયતખાનને કહ્યું કે, ખાન સાહેબ, રણક્ષેત્રમાં મેં મારી ઇચ્છા નહિ છતાં પણ તમારી જીંદગી બક્ષી હતી. પણ હું દીલગીર છું કે મારે તે ફરીને જોખમમાં નાંખવી પડે છે. પણ તેની તમારાજ માણસો મને ફરજ પાડે છે. તમે ઉંચે જુઓ કે મહાસિંગને અને તેના કુટુંબને ત્યાં કેવી સ્થિતિમાં રાખ્યાં છે. જો હું મારા દેશને દગો દઇ પાછો જાઉં તો એ તેમને જીવવા દે. પણ મારામાં શક્તિ છતાં હું શા માટે દગો દઉં ? માટે હું કહું છું કે જે ક્ષણે મહાસિંગ ફાંસીએ લટકશે તેજ ક્ષણે તમારાં ધડ શીશ જૂદાં થશે. આ વચન સાંભળી દિલાવર ડર્યો. ઇનાયતખાનના કુટુંબને પાદશાહી દરબારમાં કેટલું વજન છે તે એ જાણતો હતો. વળી પાદશાહી લશ્કર લેઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોધપુરની સહાયે આવનાર પાદશાહી સરદાર તૈબરખાન તેનોજ ભાઇ હતો તેથી તે બોલ્યો કે ઇનાયતખાનને તમે લેઇ જાઓ અને તમારૂં લશ્કર બોલાવી લો તો મહાસિંગને તથા તેમના કુટુંબને પણ સલામત લેઇ જવામાં આવશે; અને સંધિ કરવા સંબંધમાં હું વિચાર કરી પાછળથી માણસ મોકલીશ. દુર્ગાદાસે કહ્યું કે હાલમાં તેમ કરવામાં આવશે. પણ સૂર્યાસ્ત થતા સુધીમાં કિલ્લો કબજે સોંપવામાં નહિ આવે તો અમને ફરીને ગઢ ઉપર હુમલો લાવવાની જરૂર પડશે, તથા ઇચ્છા નહિ છતાં નકામાં માણસોનો સંહાર કરવાની ફરજ પડશે.

દીલાવર સમજ્યો કે સાંજ સુધીમાં તૈબરખાન આવી પહોંચશે. હવે રજપુતો મારાથી ઠગાયા. એમ સમજી તેણે હા પાડી. દુર્ગાદાસ જાણતો હતો કે દીલાવરની મતલબ વખત ગાળવાની છે. પરંતુ ઉપરનો ઠરાવ કરતા પહેલાં તૈબરખાન આવશે તેનું શું કરવું તે એણે નક્કી રાખ્યું હતું. તેથી તેણે પોતાના લશ્કરને પાછું બોલાવી લીધું. આ પ્રમાણે હાથ આવેલો લાગ ગુમાવ્યો એ વાત જયસિંગ રાણાને ગમી તો નહિ, પણ તેને દુર્ગાદાસની વ્યુહરચના ઉપર ને દીર્ઘદૃષ્ટિ ઉપર ભરોંસો હતો, તેથી તે પોતાના સરદારના હુકમને તાબે થયો. દુર્ગાદાસે શેહેરના રક્ષણાર્થે પુરતાં માણસો રાખી બંદોબસ્ત કર્યો. રામસિંગ રૂપસિંગ ને સોનિંગ એમને શેહેરના રક્ષણાર્થે રાખ્યા. આણી તરફ દીલાવરખાન છૂપી રીતે કિલ્લામાંથી નીકળી તૈબરખાનની શોધ માટે ગયો ને તૈબરખાનના લશ્કરના હરોલના ભાગને જઇ મળ્યો.

પાછલો પહોર દિવસ બાકી હતો. એ વખતે દુર્ગાદાસને જયસિંગજી મળ્યા. દુર્ગાદાસે કહ્યું કે રાણા સાહેબ, હવે આપણે ગઢના રખવાળોની સહાયે તૈબરખાન આવે છે તેને રોકવાને જવું જોઇએ. બંને સૈન્ય એકત્ર થતા પહેલાંજ તેમને રોકવા એવું મારા ધ્યાનમાં આવે છે. એ સૈન્ય લગભગ આવી પહોંચ્યું હશે. તૈબરખાને ત્રણ ભાગ પાડી પોતાનું લશ્કર વહેંચી નાંખ્યું છે. એ ત્રણ ભાગ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકઠા થાય તે પહેલાંજ આપણે દરેક ભાગને જુદા જુદા હરાવી શકીએ, એવો સંજોગ બને તો તે લાભ કરતા છે. નહિ તો એનું સર્વ સૈન્ય એકત્ર થયા પછી તેમને હરાવવા, એ આપણને ભારી થઈ પડશે. ઔરંગજેબ ને મુરાદના એકત્ર લશ્કરને હરાવવાના લોભ-માં જે ભૂલ અમારા જશવંતસિંગજી મહારાજાએ ઉજ્જેણના રણક્ષેત્રમાં કરી હતી, તેવી ભૂલ આ જગાએ આપણે કરવી જોઇએ નહિ. તૈબ-રખાનનું સૈન્ય સિત્તેર હજાર છે, અને શેહેરના રક્ષણાર્થે રાખ્યું છે તે જતાં આપણી પાસે ભાગ્યે પચીશ હજાર રહેશે. પણ જો એટલા વડે આપણને વિજય પ્રાપ્ત થયો તો પછી પાદશાહનો ભાર નથી કે આખા રાજ્યસ્થાનમાં તેનો પગ ટકાવી શકે. માટે આપણે સત્વર જવું જોઇએ. કિલ્લો મજબૂત છે ને તે જીતવામાં વખત ગુમાવવાથી કદાચ તૈબરખાનના ત્રણે ભાગ એકઠા મળી આવી પહોંચે તો ગઢમાંનું લશ્કર જોસપર આવે અને આપણું આખો દિવસ લઢીને થાકેલું સૈન્ય નિરાશ થાય. આવા વિચારથી ગઢ જીતવાનું પડતું મૂકી તૈબરખાનનાં ત્રણે લશ્કરને છૂટાં છૂટાં હરાવવાં એજ બેહેતર છે એમ ધારી ગઢ-વાળા સાથે મેં સંધિ કરી છે. રાણા સાહેબની ખાત્રી થઇ કે દુર્ગા-દાસે ભૂલ કરી નથી. એનો વિચાર બરાબર છે. એટલે તેમણે કહ્યું કે લશ્કર તો સર્વ તૈયારજ છે, હવે ઢીલ શાની છે? આપ હુકમ આપો એટલે આ ચાલ્યા એમ બોલી રાણા સાહેબ ઉઠયા કે સર્વ સરદારોને આજ્ઞા કરી. નિશાનબંધ સર્વ સૈન્ય ગઢવાળા ન જાણે તેમ બહાર નીકળ્યું. શેહેર બહાર આવીને લઢાઇની ગોઠવણીમાં સર્વ સૈન્ય ગોઠવી આગળ ચાલ્યા. થોડે દૂર જઈ લઢાઇની જગા પસંદ કરી. ગુલાબ-સિંગ અને માનસિંગને ઉત્તર તરફ ડુંગરાની ખોમાં ને જયસિંગજીને બીજી બાજુએ થોડું થોડું સૈન્ય આપી ઝાડીમાં રાખ્યા. મધ્યમાં પોતે રહ્યો ને એક બાજુએ તેજકરણને ગંભીર ને બીજી બાજુએ જશકરણને રાખ્યા ને પોતાના હુકમ વગર કોઇએ ચું કે ચાં કરવી નહિ, એવી આજ્ઞા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા વખતમાં તો ધૂળના ગોટેગોટ જણાવા લાગ્યા. હેરોલ ગએલો કરણસિંગ ખબર લાવ્યો કે મુસલમાની સૈન્ય પાણીના પુરની પેઠે ધસારાબંધ ચાલ્યું આવે છે. રજપુતો ભેટવાને માટે તૈયારજ હતા, એટલે તેઓ તો આ સમાચારનીજ રાહ જોતા હતા. સામે આવનાર સૈન્ય તૈબરખાનના લશ્કરનો એક ભાગ હતો. તેનો સરદાર મહમદખાં હતો. મહમદખાંએ રજપુત સૈન્ય સામું આવેલું જોઈ પોતાના લશ્કરને ઉભું રાખ્યું. તેનો વિચાર બાકીના બંને ભાગ આવતા સુધી રાહ જોવાનો હતો. પણ આ વખતે ગઢમાંથી નાસી આવેલો દીલાવરખાન તેને સલાહ આપવા લાગ્યો કે, આ પ્રમાણે તમે અહિં ખોટી થશો અને બાકીનું સૈન્ય તો કોણ જાણે કયારે એ આવશે ને સંધ્યાકાળે તો રજપુતો કિલ્લો કબજે લેશે. પછી તમે કોની સહાયે જશો ? અને એકવાર કિલ્લો કબજે લીધા પછી પાછો જીતી લેવો, તમને તો શું પણ બાદશાહ પંડને એ ભારી પડશે. વળી રજપુતસૈન્ય આખો દિવસ લઢીને થાકેલું છે, તેમને તમારા તાજા સૈન્યને હરાવતાં વાર લાગશે નહિ આવો સોના જેવો લાગ તમે ગુમાવશો તો તમને ઉલટો ઠપકો મળશે. રજપુત સૈન્ય કાંઇ ઘણું નથી, માટે આજ વખતે એક-દમ લડાઈ કરવી. એવી મારી સલાહ છે; પછી માનવી ન માનવી આપની ઇચ્છા. મહમદખાં દીલાવરની સલાહને તાબે થયો, ને લશ્કરને લઢા-ઇની વ્યવસ્થા પ્રમાણે ગોઠવી લઢવાની આજ્ઞા આપી. રજપુતો મુસ-લમાનોના હુમલાની રાહ જોતા ઉભા હતા. એ સ્થિર સ્તંભોની ઉપર મુસલમાનો દીન દીન કરતા તૂટી પડયા. દીલાવરખાન એક બાજુએ અને મહમદખાં એક બાજુએ એમ આગળ ધસ્યા. મુસલમાનો નજીક આવેલા જોઈ રજપુતો લગાર પાછા હઠયા કે પડખે ઝાડીમાં રહેલા સૈન્યને પાછળથી ઘેરી લેતાં સુલભ પડે. તથા મુસલમાનોને નાસવાનો લાગ ન મળે. હવે દુર્ગાદાસે નાગી તરવારે સવારોને મુસલમાનો ઉપર ધસી જવાની આજ્ઞા આપી. પોતે સૌને મોખરે હતો. મારો મારોના પો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર પડી રહ્યા. મડદાંના ઢગલા પડવા લાગ્યા. લોહીની સેરો છુટવા લાગી. એક તરફ દીન દીન અને બીજી તરફ હર હર મહાદેવના પોકાર પડતા હતા. મહમદખાં અને દીલાવરખાન બહાદૂરીથી ધસી આવી પોતાના દાખલાથી લશ્કરને ઉશ્કેરવા લાગ્યા. રજપુતો મરણીઆ થઇ કૂદી પડયા. મરવું કે મારવું, જીતવું કે રણમાં મરી સ્વર્ગે જવું એજ તેમનો વિચાર હતો. એવામાં દુર્ગાદાસે કહ્યું કે ભાઈઓ, મારો, ધસો પણ પીઠ બતાવશો માં. પીઠ બતાવી ભાગવાનીજ ના નથી. શેહેરમાં ઘેરાઇને ભૂખે મરશો તે કરતાં શત્રુને મારતાં મરવું કે સ્વર્ગ મળે, મરવું એકવાર છે. મોડું કે વહેલું મરવું તો છેજ ત્યારે આપણી ભૂમાતાને સ્વતંત્ર કરવાને રણક્ષેત્રમાં લડતાં કાં ન મરવું ? મારવાડને સ્વતંત્ર કરવાનેજ આપણે લડવાને ઉઠયા છીએ. જો આ વખત હાર્યા તો આપણા ઉપર મુસલમાની રાજ્યની જબરી બેડી ચોંટવાની. પછી તે તૂટવી મુસ્કેલ છે. જો એ બેડી તોડવી હોય, તમારી સ્ત્રીઓ, દીકરીઓ, ને બેનોની આબરૂ લૂંટાતી બચાવવી હોય, આપણા વડવાઓએ મેળવેલી કીર્ત્તિ સાચવી રાખવી હોય તો મારો મારો ને દુશ્મનને હઠાવો. આ શબ્દ સાંભળતાં સઘળાનાં રોમ ઉભાં થયાં. ભાલા ને તરવારો ઝપાટાબંધ પોતાનું કામ કરવા લાગી કરણસિંગ દીલાવરને ખોળતો તેના ઉપર ધસી ગયો ને એકજ ઝટકે તેનું માથું ઉરાડી મૂક્યું. એવામાં દુર્ગાદાસની સંજ્ઞાથી માનસિંગ, ગુલાબસિંગને જયસિંગ ઝાડીમાંથી નીકળી આવ્યા. મુસલમાનો ઉપર આગળથી ને પાછળથી બે મારા શરૂ થયા. એટલે આગળના પાછળ ને પાછળનાં આગલ એમ નાસવા લાગ્યાથી લશ્કરમાં ભંગાણ પડયું. મહમદખાં સમજ્યો કે હવે ઉગરવાનો આરો નથી. માનસિંગ તેના સામો આવી પહોંચ્યો. મહમદખાં ઘાયલ થયો. તેનો ઘોડો મરાયો ને તેણે સલાહનો વાવટો ઉંચો કર્યો. હજુ લડાઇ બંધ પડી નહોતી. મારા મારીના તાનમાં ને મદમાં કોઈ કાંઇ ભાળતું નહોતું મહમદખાં માનસિંગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરણુ થયો. તેણે તેની તરવાર પાછી આપી; મહમદખાંએ તેમના સરદાર પાસે લઇ જવાની તેને અરજ કરી.

આ તરફ કરણસિંગ જોરાવરખાનનું માથું ભાલામાં ભરાવી પોતાના સરદાર તરફ જતો હતો, તેને મહમદખાંએ દીઠો, તેથી તે માનસિંગને કહેવા લાગ્યો કે જો તમારો સરદાર પણ આવોજ હોય તો તેવાને શરણ થવા કરતાં મરવું બેહેતર છે. માનસિંગે કહ્યું કે નહિ સાહેબ, જો નિર્દયતા રૂપી ભૂત હોય, તો તે અમારા સૈન્યમાં કોઇના હૃદયમાં નથી. જ્યારે એ ભૂતને કોઈ જગાએ વાસો ન મળ્યો, ત્યારે તે કરણસિંગના હૃદયમાં જઈ ભરાયું છે. મારો સરદાર તો સાક્ષાત્ દયાની મૂર્ત્તિ છે. જુઓ તે પેલા રહ્યા, એમ કહી દુર્ગાદાસ તરફ આંગળી કરી.

દુર્ગાદાસ પણ લોહીથી ખરડાએલો હતો. તેનું શરીર અને કપડાં, ભાલો ને તરવાર સર્વ લોહીમય થયાં હતાં. આ પ્રમાણે દુર્ગાદાસ જો કે રક્તમય હતો, તથાપિ તેની આંખમાં અમી હતી. તેણે કરણસિંગને દીઠો કે તેને કહ્યું, બહાદૂર ઠાકોર, રણક્ષેત્રમાં બહાદૂરી બતાવી એ જેવી તમારા નામને જેબ આપે છે, તેવી મડદા ઉપર દાખવવાથી આપનાર નથી. કરણસિંગ બોલ્યો કે સાહેબ, આપનો દૈવી ગુણ અમારામાં કયાંથી લાવીએ હું તો માણસ છું. એણે આપણા દેશ ઉપર એટલો કેર વરતાવ્યો છે કે એના ચામડાના તો જોડા સીવીએ તો તે પણ થોડું છે. એમ બોલી તે લડાઇમાં ધુસ્યો. હજુ લડાઇ બંધ પડી નહોતી. મહમદખાંએ પોતાનાં માણસોને મરતાં જોઈ માનસિંગને કહ્યું કે ઠાકોર, મને તમારા સરદાર પાસે જલદી લેઇ જાઓ. એમ બોલતાં બોલતાં બંને જણા દુર્ગાદાસ નજીક આવ્યા.

દુર્ગાદાસે મહમદખાંને નજીક આવતો જોઇ, અને તેનો પોશાક તથા દેખાવ જોઇ તેને મુસલમાની સૈન્યાધિપ સમજ્યો, એટલે તેણે સલામ કરી. મહમદખાંએ પોતાની તરવાર તેના તરફ લંબાવી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું હૈયું ભરાયાથી "શરણાગત" એવો ઉચ્ચાર ન થયો. પણ દુર્ગાદાસ તે સમજ્યો. તેથી તેણે બૂમ મારી લડાઈ બંધ રખાવીને કહ્યું કે ભાઈઓ, પ્રભુએ આપણને જય આપ્યો છે. હવે થોડીવાર તે પ્રભુનો પાડ માની મડદાંને ઠેકાણે પાડો અને ઘાયલોની બરદાસ્ત થવા શેહેરમાં મોકલી દો. આ હુકમ સાંભળી સર્વ શાંત પડી ગયા. એક પળ પહેલાં જ્યાં તરવારો ને ભાલા ઉછળતા હતા, દીન દીન ને હર હરના પોકાર પડતા હતા, મારો મારો વગર એક પણ બીજો શબ્દ સંભળાતો નહોતો ત્યાં હમણાં બધા શાંત થયા. લગાર પણ અવાજ આવતો નહોતો. માત્ર ઘાયલ થએલા, મુડદાં નીચે દબાયાથી અને સજીવ મનુષ્ય તેમના ઉપર ચાલી જતાં હોવાથી, તેમના કરૂણામય અવાજ સિવાય કાંઇ સંભળાતું નહોતું. મહમદખાંના હુકમથી સર્વ મુસલમાની સૈન્યે હથીઆર મૂક્યાં. દુર્ગાદાસે મહમદખાંની તરવાર પાછી આપી કહ્યું કે, ખાન સાહેબ, પાદશાહે વગર કારણે અમારો દેશ લેઇ લીધો છે, એટલુંજ નહિ, પણ તેના નામથી તેના અમલદારોએ અમારા ઉપર બેસીતમ જુલમ ગુજાર્યો છે, તે સહન ન થયાથી, અમે અમારા દેશને છોડવવાને હથીઆર પકડયાં છે. એવા દેશાભિમાનીઓની સામા હવે આ તરવાર નહિ ઉચકો એવી આશા છે. મહમદખાંએ શરમાઇને નીચું જોયું, દુર્ગાદાસે ગંભારને મહમદખાંની બરદાસ્ત લેવાનું સોંપી તેમને શેહેરમાં રવાના કર્યા. કેમકે તૈબરખાનનું લશ્કર હવે નજીક આવી પહોંચવાનો સંભવ હતો. તેમના સામા થવાની ગોઠવણી દુર્ગાદાસને કરવાની હતી. મહમદખાં ગયા પછી થોડીજ વારમા તૈબરખાનનું લશ્કર નજરે પડયું.

આણી તરફ તૈબરખાનને જે સમાચાર મળ્યા હતા તે સમાચારે રજપુતોની તરવારો ન કરે તેવું કામ કર્યું. તેણે જે બાતમીદારો હરોલમાં મોકલ્યા હતા તે ખબર લાવ્યા કે શેહેર બહાર અહિંથી થોડે દૂર મુસલમાનોના મડદાંના ઢગલા પડેલા છે. કેટલાક ઘાયલોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બૂમો પાડતા મેં સાંભળ્યા છે, તેમાંના એક ઘાયલે કહ્યું કે દુર્ગાદાસે આપણા સૈન્યની ખાખાખીખી કરી નાંખી છે. મહમદખાં ઘાયલ થઇ શરણ થયો છે ને કિલ્લાનો સરદાર દીલાવર માર્યો ગયો છે. રજપુત સૈન્ય અસંખ્યાત છે. એવામાં મહંમદખાંના લશ્કરમાંથી નાશી આવેલા કેટલાક સિપાઇઓએ આવીને એ વાતને ટેકો આપ્યો. તેણે કહ્યું કે દીલાવરખાંએ મહમદખાં સાથે વાત કરી તે વખતે હું ત્યાં હતો, તેથી જણાય છે કે ગઢ પણ રજપુતોએ જીત્યો છે અને ઈનાયતખાન કેદ પકડાયો છે. કેટલાક કાયરોએ તો વાત વધારીને કહ્યું કે સાહેબ, મહમદખાં ને અકબરખાન બંને સરદારોનાં સૈન્ય હારીને શરણ થયાં છે. રજપુત સૈન્ય પાર વિનાનું છે, પણ દુર્ગાદાસે સૈન્ય રચના એવી રચી છે કે તેની સંખ્યા થોડી જણાય, અને આપણે ભૂલાવામાં પડી ફસાઇએ. ઉદેપુરવાળા પણ રાઠોડોની મદદે પોતાનું બળવાન સૈન્ય લેઇ આવેલા છે. મહારાણા જયસિંગજીને ભીમની માફક લઢતાં મેં મારી નજરે જોયા છે. આ સર્વ સમાચારથી તૈબરખાન ડર્યો. તેના લશ્કરના પણ હાંજા નરમ પડયા. તેઓ મરણ પાસે આવેલું જોઇ થરથરવા લાગ્યા. તૈબરખાને જોયું કે શરણ થવા કરતાં પાછા ફરી સલામત જગાએ જઇ નવી મદદ આવતા સુધી રાહ જોવામાં ડહાપણ છે. લઢીને તાબે થવું તે કરતાં પાછા ફરી સલામત જગાએ જવું, એ સારૂં છે, તેથી તેણે પોતાના સૈન્યને પાછા ફરવાનો હુકમ કર્યો.

દુર્ગાદાસે મુસલમાની લશ્કરને પાછા ફરતું જોયું. એટલે ગુલાબસિંગ અને જયસિંગજીને પડખાપર રહી મુસલમાની સૈન્ય રોકવાને સવારો આપી મોકલ્યા. એક બાજુથી તીરને બંધુકોની ગોળાઓનો વરસાદ વરસવા લાગ્યો, ને સામેથી દુર્ગાદાસ પંડે થોડા સવારો લેઇ ખુલ્લી તરવારે ધસી ગયો. હવે મુસલમાની સૈન્ય ગભરાટમાં પડયું. જે પ્રથમ ધારે ધારે ચાલતું હતું તે હવે ભાર ઓછો કરવાનો હથી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરો ફેંકી દેઇ જો જેને જેમ ફાવ્યું તે તેમ નાસવા લાગ્યા. તૈબરખાનના હુકમની કોઈ દરકાર રાખતું નહિ. સર્વે ભયભીત થઇ ભાગવા લાગ્યા. હવે સલાહ વગર છૂટકો નથી, એમ તૈબરખાનને જણાયું. ચારે બાજુ લશ્કર ઘેરાઇને મરવા લાગ્યું ને મડદાંના ઢગલા પડવા લાગ્યા. એટલે તેણે સલાહનું કહેણ મોકલ્યું. તેણે કહાવ્યું કે પાદશાહી વાવટો અમારા સ્વાધીનમાં રહેવા દેવો તથા અમને અને અમારાં માણસોને સલામત તાકીદે અજમેર જવા દેવાં, એ શરતે અમે અમારાં હથીઆર છોડવાને તૈયાર છીએ. દુર્ગાદાસે કહ્યું કે આ અને પહેલાંની લડાઈઓમાં જેટલા મુસલમાન સરદારો કેદી પકડાયા છે, તેટલા રજપુત સરદારો જે પાદશાહ પાસે કેદમાં છે, ને જેનાં નામ અમે આપીએ, તેટલાનો તાબડતોબ બદલો કરવો તથા જે સિપાઇઓ હમણાં અમારે શરણ થાય, તેમણે કુરાનના સોગન ખાઇ અમારા સામા ફરીને, નહિ લડવાની પ્રતિજ્ઞા લેવી, એ સરતે તમારી બોલી અમે કબુલ કરીએ છીએ. તૈબરખાને તે સરત કબુલ કરી પોતાના સૈન્યને વગર કારણે મરતું બચાવવાને સંધિ કરી, હથીઆર મૂકયાં. એટલે તેનું લશ્કર પણ પોતાનાં હથીઆર છોડી શરણ થયું. દુર્ગાદાસે તૈબરખાનની તરવાર પાછી આપી, અને તેમને તથા બીજા સરદારોને રામસિંગના સ્વાધીનમાં સોંપી તેમને માન સાથે જોધપુર શેહેરમાં મોકલ્યા. બાકીના મુસલમાની સૈન્યને કુરાનના સોગન આપી થોડાં માણસની રખવાળી નીચે માનસિંગની સાથે પાસેના ગઢમાં મોકલ્યા; અને પોતે તથા જયસિંગજી અકબરખાન જે મુસલમાની સૈન્યનો ત્રીજો ભાગ લેઇ આવતો હતો, તેની ખબર લેવાને સામા ચાલ્યા.

ગંભીરસિંગની સાથે મહમદખાં શેહેરમાં ચાલ્યો. તેને રાજ્ય મેહેલના એક ભાગમાં ઉતારો આપવાનો હતો. ત્યાં લાવી ઉતારો આપ્યા પછી ગંભીરસિંગે એક તરકી વાલંદને બોલાવી મહમદખાંને થએલા જખમો ઉપર પાટા બંધાવ્યા. એવામાં દુર્ગાદાસ તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાચાર આવ્યા કે તૈબરખાન શરણે આવ્યો છે. તે પછી થોડીવારે રામસિંગની સાથે તૈબરખાન પણ મહેલમાં દાખલ થયો. માત્ર મહમદ-ખાંએ ઉદાસ ચેહેરે પોતાનો હાથ લંબાવ્યો. તૈબરખાને કહ્યું કે તમારે ઉદાસ થવાનું કારણ નથી. તમારા આ જખમોજ કહી આપે છે કે તમે તમારો ધર્મ બજાવ્યો છે. પણ નસીએ તમને યારી આપી નહિ, તેમાં તમારો વાંક નથી. પરંતુ એક પણ જખમ ખાધા વગર હું શરણ થયોછું. હું આપણા અજીત્ય પાદશાહને શું મોં બતાવીશ! હું મારો જીવ બચાવવાને નહિ, પણ મારા બહાદૂર ને મારાપરની ભક્તિ ભાવ-વાળા સિપાઇઓની ખાતર શરણ થયોછું. મેં જોયું કે આ રજપુત સૈન્ય કાંઇ માણસનું નહિ, પણ દૈવી માણસોનું છે, તેમના સામા લઢીને મારા શૂરા પહેલવાનો નકામા કપાઈ મરશે. ગમે તેવા બળવાન સૈન્યવડે પણ તેમને જીતાય એવું નથી ત્યારે ચારે તરફ ઘેરાએલા મારા સૈન્યને શા માટે કપાવી મરવા દેવા? એવા વિચારથી શરણ થયો.

આ વાતો ચાલતી હતી, તે સમયે ગંભીર પોતાના સરદારની પડખે જવાને ઉતાવળો થયો. તેણે મહમદખાંની બરદાસ્ત લેવાનું કામ રામસિંગને સોંપ્યું ને મહમદખાંની રજા માગી. મહમદખાંએ કહ્યું કે ફરી મળતા સુધી સલામ. તમે મારા શત્રુ જેવી નહિ પણ ભાઈ જેવી વર્ત્તણુક ચલાવી છે. ગંભીર બોલ્યો કે સાહેબ, અમે અમારા સરદા-રનો દાખલો લઇએ છીએ; કે જે સરદાર સર્વ માણસ જાતનો મિત્ર છે. એ કેવા દૈવી ગુણનો છે તેનો તમને **અ**નુભવ થશે ત્યારે તમારી ખાત્રી થશે. આ સાંભળી તૈબરખાન તેના તરફ સાનંદાશ્ચ-ર્યથી જોવા લાગ્યો, ને બોલ્યો કે અરે! ભાઈ તું કોણ છે? આટલો બાળક છતાં આવાં અનુભવી વૃદ્ધ જેવાં વાક્ય બોલે છે! તેણે કહ્યું કે સાહેબ, મારૂં નામ ગંભારસિંગ છે. એથી તે વધારે આશ્ચર્ય પામીને બોલ્યો કે ત્યારે સોજીતના કિલ્લા ઉપર પ્રથમ ચઢનાર તે તમેજ હતા કે શું? ગંભીરે નીચું જોયું. પણ માનથી તેનું મન ઉભરાઇ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના કરેલા પરાક્રમની ખુજ કરીને તેના સરદારે તેને ઠાકોર બનાવ્યો હતો, પણ તેના પરાક્રમની કિંમત તેના દુસ્મનોમાં પણ થએલી જોઈ તેનું હૈયું પ્રફુલ્લિત થયું. તેણે નરમાસથી સલામ કરી કહ્યું કે, હાજી તે હુંજ છું. અને તેજ જગાએ મારા સરદારે મને ઠાકોર બનાવ્યો છે, અને પોતાના નાનાભાઇ તરીકે સ્વીકાર્યો છે. આ સાંભળી તૈબરખાન સાનંદાશ્ચર્યથી બોલ્યો કે જ્યાં મારવાડનાં બાળકો પણ આવાં છે, ત્યાં આખી પ્રજા લડવાને ઉઠી. એટલે આપણા લશ્કરનો શો આશરો?

મહમદખાં બોલ્યો કે આવું સાંભળતાં આપણને હાર્યાનું દુઃખ લાગતું નથી. કેમકે આપણે જાણીએ છીએ કે આપણે અજીત્ય સૈન્યના નાયકને શરણે આવ્યા છીએ. જ્યાં નાનાં બાળકો આવાં શૂરાં છે, અને મરદો બળવાન હોઇ પોતાના સરદારો ઉપર ફીદા થએલા છે, ત્યાં આ દેશ આપણાથી કેમ સાચવી શકાય? અરે? આ દેશની સ્ત્રીઓજ કેવી છે! જ્યારે દુર્ગાદાસના ઘર ઉપર સમશેરખાંએ સૈન્ય મોકલ્યું, ત્યારે દુર્ગાદાસની વૃદ્ધ માતાએ દુર્ગાદાસનો જે બચાવ જેવી દઢતાથી કર્યો, તે મેં જાતે જોયો છે. પણ એ વૃદ્ધ માજીનું એ દુષ્ટ સમશેરખાંએ ખુન કર્યું.

આ સાંભળી ગંભીર ગુસ્સામાં બોલી ઉઠયો કે અરે! તમારી અમીરાતને ધિક્કાર છે. જો તમે સમશેરખાંનું એ ઘાતકી કામ જોઇ રહ્યાતા, એમ હોય તો સાહેબ, આ ઘરમાંથી આપ સિધાવો ને આપના સિપાઇઓને રાખ્યા છે ત્યાં કે બીજી કોઇ જગાએ પધારો. અને પોતાની માતાનું ખુન થએલું જોનાર રૂપે તમે દુર્ગાદાસને હવે મોં બતાવશો નહિ. એ પ્રમાણે બાળક ને નરમ સ્વભાવના ગંભીરને, હુકમ કરનાર ગુસ્સાવાળો સરદાર બનેલો જોઈ, સર્વ ચકિત થયા. આ જોઇ તૈબરખાન પણ આભોજ બની ગયો.

મહમદખાંએ પોતાનો હાથ લંબાવી તેનો હાથ પકડ્યો ને કહ્યું કે, ભાઈ ગંભીર. હું સોગન ખાઇને કહુંછું કે મેં જો સમશેરખાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માજીનો ઘાત કરતાં જોયો હોત, તો તેજ ક્ષણે આ તરવાર તેના પેટમાં ખોસી હોત. મેં તો તે પહેલાં વૃદ્ધ માજીને જોયાં હતાં. અને તે વખતે મેં રહેમ દીલ બતાવ્યું, એવું સમશેરખાંને લાગ્યાથી તેણે મને સોજીત મોકલ્યો. ત્યાંના સરદાર સાથે મને કજીઓ થવાથી કંટાળીને હું દિલ્લી ગયો. ગંભીરે કહ્યું કે અરે! ત્યારે તો તમે તેજ મહમદખાં કે જેણે મારાં વૃદ્ધ માજી સાથે માન ભરી વર્ત્તણુક ચલાવી હતી. અને જો તેમ હોય તો મેં તમારા ઉપર વિના કારણ ગુસ્સો કર્યો તે માટે હું તમારી માફ માગું છું. મહમદખાંએ કહ્યું કે, માફ માગવાની કાંઇ જરૂર નથી. હું તેજ મહમદખાં છું. સોજીતથી હું દિલ્લી ગયો ત્યારે કેટલાક બોલવા લાગ્યા કે હું દુર્ગાદાસની તરફેણમાં અને રાજ્ય-દ્રોહી છું. પાદશાહે તે ઉપરથી મને મારી રાજ્યભક્તિ સાબીત કરી આપવાને દુર્ગાદાસની સામા તૈબરખાંનના હાથ નીચે મોકલ્યો. જો હું ના આવું તો રાજ્યદ્રોહી ઠરૂં. હું જો કે દુર્ગાદાસને માન આપું છું, તથાપિ એને બળવાખોર તરીકે લેખું છું. અને તેથીજ પાદશાહે કરેલી નેમણુક મેં કબુલ કરી. નહિ તો હું મારવાડમાં ફરીને લઢવા આવત નહિ. એ સાંભળી ગંભીરે કહ્યું કે ખાનસાહેબ, એથી હું બહુ ખુશી થયો. મારો સરદાર મને હમેશાં કહે છે કે કાંઇ બધા મુસલમાન સરખા નથી. તેમાં પણ પ્રમાણિક, દયાળુ, ને ખરા વીર પુરૂષો છે. અને તે તમે આજે મને પુરવાર કરી આપ્યું છે. જ્યારે દુર્ગાદાસ જાણશે કે મને શરણ થનારામાં એક એવો છે કે જેણે મારી માની સાથે માન ભરી વર્ત્તણુક ચલાવી હતી, ત્યારે તેને ભેટીને તે કેટલો ખુશી થશે? એમનાં માતુશ્રીના મોતથી થતી દીલગીરીમાં અને તેથી મુસલમાનો ઉપર ઉપજતા ગુસ્સામાં કેટલો ઘટાડો થશે? પણ આ વાત હું એમને હમણાં કહેનાર નથી. એમની મેળે એ અહિં આવીને તમને મળશે ત્યારે જાણશે. એમ બોલી તેણે રામસિંગને મહમદખાંની સુપરત કરી. પછી તે ઘોડેસ્વાર થઇ દુર્ગાદાસ પાસે જવાને ઘોડો કુદાવતો ચાલ્યો. એવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગમાં માનસિંગ ને તેના સવારો મળ્યા. માનસિંગે ગંભીરને કહ્યું કે, ઠીક થયું તે આપણે મળ્યા. ચાલો હવે આપણે ગઢ તાબે લેવાની માગણી કરવાને જઇએ છીએ. અકબરશાહ ને તેનું સૈન્ય પણ શરણે આવ્યું છે.

અકબરશાહ એ ઔરંગજેબ પાદશાહનો સૌથી નાનો શાહજાદો હતો પાદશાહની એનાપર પ્રીતિ હતી. પરંતુ પાદશાહ બહુ અવિશ્વાસુ હતો. એને કોઇના ઉપર વિશ્વાસ નહોતો. સરદાર ઉપર કે પુત્ર ઉપર કે કોઇ ઉપર વિશ્વાસ નહોતો. જેણે જેવું કર્યું હોય તેવું તે બધાને દેખે. પોતાના બાપને કેદ કરીને અને ભાઇ ભત્રીજાને મારી નાંખીને પોતે રાજ્ય મેળવ્યું હતું, તેથી તે ધારતો હતો કે મારા છોકરાને સરદારો મારી પણ એજ વલે કરે. ‘ જેની આંખમાં કમળો હોય તે સર્વત્ર પીળું પીળું દેખે ’ એ કહેવત આલમગીરે ખરી કરી આપી. તે સર્વત્ર દગોજ દેખતો હતો. તેથી કોઈ પણ સ્થળે સૈન્ય મોકલે તો તે સૈન્યના સરદાર ઉપર દેખરેખ રાખવાને ખાતમીદાર મૂક્યા વગર તે રહેતો નહિ. અકબરશાહને પણ તૈબરખાન ઉપર ખાતમીદાર તરીકે પાદશાહે મોકલ્યો હતો. પણ એ બંને વચ્ચે ધાડો સ્નેહ બંધાયો હતો. અકબરશાહને અંદરખાનેથી ખાતમીદાર તરીકે મોકલ્યો હતો, તોપણ દેખીતો તૈબરખાનના હાથ નીચે સરદાર તરીકે નીમ્યો હતો. અનુભવી સરદારના હાથ નીચે લશ્કરી તાલીમ આપવાની દેખીતી મતલબ હતી.

એ અકબરશાહ પાસે વીશ હજાર માણસનું સૈન્ય હતું દુર્ગાદાસે એ સૈન્યને આવતું દીઠું કે પોતાના એ માણસોને ઇનાયતખાન, તૈબરખાન ને મહમદખાનના જીતી લીધેલા વાવટા સાથે તાબે થવાના કહેણ સાથે મોકલ્યા. તેમણે અકબરને એ વાવટા બતાવી દુર્ગાદાસનું કહેણ કહ્યું. તેઓ બોલ્યા કે જોધપુર કબજે થયું છે, અને આ ત્રણે સરદારો કેદ પકડાયા છે, દીલાવરખાન માર્યો ગયો છે, અને સઘળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુસલમાની સૈન્ય હથીઆર છોડી શરણ થયું છે. તથા અમારા સરદાર દુર્ગાદાસે આપને પણ શરણ થવાનું કહાવ્યું છે. શરણ થએલા પાદશાહી વાવટા જોઇ, એ સંદેશા વિશે અકબરને કાંઇપણ અંદેશો રહ્યો નહિ. તેણે ધાર્યું કે જ્યાં પચાસ હજાર સૈન્ય શરણ થયું અને મૂખ્ય સરદાર તાબે થયો, ત્યાં આ વીશ હજાર માણસનું શું ગજું છે કે નકામા લઢીને તેમનો નાશ કરાવવો ? આમ વિચારી તે પણ શરણ થવાને તૈયાર થયો. તે પોતાના હથીઆર ને વાવટો લેઇ દુર્ગાદાસની સન્મુખ આવ્યો. તેણે પોતાની તરવાર દુર્ગાદાસ આગળ ધરી, તે દુર્ગાદાસે પાછી આપી. એટલે સર્વ લશ્કર પણ પોતાનાં હથીઆર મૂકી શરણ થયું.

દુર્ગાદાસ મહાસિંગને બંધન મુક્ત કરવા બહુ આતુર હોવાથી તેણે માનસિંગને થોડાં માણસો આપી ગઢ તાબે લેવાની માગણી કરવાને આગળ મોકલ્યો. માનસિંગ શેહેરમાં આવતો હતો ત્યાં માર્ગમાં ગંભીર મળ્યો એટલે બંને જણા ગઢની માગણી કરવા ચાલ્યા. આ વખત ચંદ્રોદય થયો હતો. માનસિંગે માણસ મોકલી કિલ્લેદારને ગઢ તાબે કરવા કહાવ્યું. હવે કિલ્લેદાર ગભરાયો. તેણે જાણ્યું કે એક તો સંધિ છતાં દીલાવરને નાશી જવા દીધો ને બીજું સૂર્યાસ્ત થઇ ગયો, તોપણ સંધિ પ્રમાણે ગઢ તાબે કર્યો નહિ; તેથી દુર્ગાદાસ આ સર્વ લશ્કરનો ને મારો પણ નાશ કરશે. આ વિચારથી ગઢ ઉપર આવી શરણે થવાની તેની છાતી ચાલી નહિ, તેથી તે મહાસિંગ પાસે ગયો. મહાસિંગે જાણ્યું કે વળી આ મરણની જગાએ લેઇ જવાને આવ્યો હશે. પણ એટલામાં કિલ્લેદાર બોલ્યો કે ઠાકોર સાહેબ, મેં તમારો પ્રાણ બચાવ્યો છે. દીલાવરે દોરી ખેંચવાનો હુકમ કર્યો તે સમયે એનો હુકમ અમાન્ય કરી મેં આપને બચાવ્યા છે, તો આપ મારી ખાતર આ વખતે કિલ્લા ઉપર આવી રજપૂત સરદારને આ સૈન્યનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણ બચાવવા અરજ કરો. આ ઉપરથી મહાસિંગ કિલ્લેદારના આવવાનો ભેદ પામી ગયો.

મહાસિંગની બેડી તોડી નાંખીને તેને એક તરવાર આપી. પછી બંને જણ ગઢના કોટ પાસે આવ્યા. પણ માનસિંગ ચંદ્રના ઝાંખા અજવાળામાં પોતાના કાકાને ઓળખી શકયો નહિ. તેણે શરણે આવેલા વાવટા બતાવી, કિલ્લેદારને કિલ્લો સ્વાધીન કરવાનો હુકમ કર્યો. આ સાંભળી મહાસિંગ બોલ્યા કે આ કિલ્લેદારો દુર્ગાદાસની દયા ઉપર શરણે થઇ કિલ્લાની કુંચીઓ સોંપવા તૈયાર છે. માનસિંગે પોતાના કાકાનો સાદ ઓળખ્યાથી કહ્યું કે કાકા, તમે જે કહોછો તે વચન આપવામાં આવે છે. આ સાંભળી કિલ્લેદાર બોલ્યો કે હું માત્ર મારા સૈન્યના પ્રાણ બચાવવા માગુંછું. જો તે કબુલ કરો તો કિલ્લાની કુંચીઓ આપનીજ છે. માનસિંગે એ સરત કબુલ કરી ગઢમાં રજપુત સૈન્ય દાખલ કરવાની તૈયારી કરવા માંડી. દરવાજા ખોલવા માંડેલા સાંભળી ગંભીર પોતાના પિતા કેશરીસિંગ જે ઇનાયતખાનની સંભાળ રાખવામાં હતા, ત્યાં દોડી ગયો ને સર્વ હકીકત કહી સંભળાવી. તે બોલ્યો કે પિતાજી મારાં માજીને પ્રથમ બંધન મુક્ત કરવાને હવે આપ કિલ્લામાં જાઓ. આ સાંભળી કેશરીસિંગે કહ્યું કે બેટા, તું કહે છે તે બરાબર છે. પણ તું જાણે છે કે મને મારા સરદારે આ જગાએ ચોકી ઉપર રાખેલો છે. માટે મારૂં ખાનગી ગમે તેવું અગત્યનું કામ હોય, તોપણ તે રજા ન આપે ત્યાં સુધી, મારાથી આ જગા છોડીને જવાય નહિ, માટે મારી જગાએ તું જા અને તારી માને બંધન મુક્ત કરી હું મારો ધર્મ બજાવવામાં રોકાયો છું, તેની ખબર આપજે. ભાઇ, તારે પણ આ ઉપરથી ધડો લેવાનો છે કે ધર્મ આગળ ખાનગી કોઇપણ કામ આડે લાવવું નહિ. ગંભીર એ સાંભળી ગઢમાં જવાને નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનસિંગ ગઢનો કબજો લેતો હતો, તે વખતે મહાસિંગ ઠાકોરે કહ્યું કે બેટા માનસિંગ, જ્યારે તારી અણ અનુભવી કમરે મારી આ તરવાર બંધાવી તને દુર્ગાદાસની સહાયે જવા તૈયાર કર્યો, ત્યારે મેં થોડુંજ ધાર્યું હતું કે આટલી ટુંકી મુદતમાં તું આ મજબૂત જોધપુર ગઢનો કબજો લેઇ શકીશ. પ્રભુની ગતિ ગહન છે. ગઢની કુંચીઓ લીધી ને લશ્કર હશીઆર છોડી તાબે થયું. એટલે માનસિંગે કિલ્લેદારને કહ્યું કે, મારાં કાકી ને ક્યાંઇ રાખ્યાં છે તે જગાએ ચાલો. એ જગા અંધારામાં એક જુના ઓરડામાં હતી. ત્યાં પ્રકાશ નામે નહિ મળે. પણ માનસિંગ દીવો લાવ્યો હતો તે વડે તેજબાને તે ઓરડામાં પડેલી જોઇ મહાસિંગે તેને ઉઠાડી. તેજબાએ કહ્યું, ત્યારે શું આપણે મરવાનાં? દુર્ગાદાસે શું આપણને તજી દીધાં? મહાસિંગથી કાંઇ બોલાયું નહિ. ગંભીર પણ પોતાની માની આવીજ દશા થઇ હશે એવા વિચારથી બોલી શક્યો નહિ. તેથી માનસિંગે કહ્યું કે કાકી, હજુ તમારા મરવા પહેલાં તો ઘણા મુસલમાનો મરશે. હમણાં તો દુર્ગાદાસે તમારો છૂટકારો કરવાને મને મોકલ્યો છે. એ સાંભળી તેજબાએ આંખો ઉંચી કરી માનસિંગને જોયો એટલે પોતાની ખાત્રી થઇ કે આ સ્વપ્નું નથી પણ સત્યજ છે. એટલે તેજબાના મનમાંથી મરવાના અને દુઃખના વિચાર જતા રહ્યા ને પ્યાર, વૈભવ ને સુખના વિચાર આવવા લાગ્યા. હવે જાણે તે કેદખાનામાં નહિ પણ સ્વતંત્ર હોય તેમ જણાયું.

ગંભીર ને માનસિંગ આગળ ચાલ્યા; તો તેજબાના જેવાજ ઓરડામાં ગંભીરની માને રાખેલી હતી. ત્યાં તે ઉંઘતી હતી. પણ જ્યારે ગંભીર તેને બોલાવવા લાગ્યો ત્યારે તેનો અવાજ સાંભળીને અને દીકરો પોતાની માતાને ભેટી પડયો તેનો પ્યાર જોઇને તેને એટલું આશ્ચર્ય લાગ્યું કે એ સ્વર અને એ લાડ એને સ્વપ્નવત જણાયાં. ગંભીરે કહ્યું, માજી, હું તમને બંધન મુક્ત કરવા આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. પણ એ બોલ તેને ભ્રમણા જેવા લાગ્યા. તે અવાજ સાંભળતી હતી, તેને ભેટી હતી, તેના ગાલ ઉપરનાં હર્ષાશ્રુનો સ્પર્શ કરતી હતી, તોપણ તે તેના તરફ જોઇને બોલી કે હું શુદ્ધિમાં છું? હું ગાંડી તો નથી થઇ? મને આ સ્વપ્નું તો જણાતું નથી? તે માનસિંગ તરફ જોઇને બોલી કે, હું આ જે જોઉં છું, તે મારો દીકરો છે? કે હું ગભરાટમાં બેભાન થઇ છું? મારો ગંભીર નાશી ગયો હતો. તે કોઇ જગાએ માર્યો ગયો હશે, એમ હુતો માનતી હતી, તેજ આ છે?

ગંભીરે કહ્યું કે માજી, હુંજ તમારો દીકરો ગંભીર છું. તમને કહ્યા વિના નાશીને દુર્ગાદાસ પાસે આવ્યો હતો, તે દુર્ગાદાસે તમારો છૂટકારો કરવાને મને અહિં મોકલ્યો છે. માનસિંગે કહ્યું કે ફોઇબા એ તમારો ગંભીરજ છે. એ જે કહે છે તે સત્યજ છે. એણે દુર્ગાદાસ પાસે આવી સોજીતગઢમાં નામના કરી છે. અને જોધપુર જીતવામાં પણ ભાગ લીધો છે. આ વચન સાંભળી તેણીને હર્ષાશ્રુ આવ્યાં; તે પોતાના પુત્રને ભેટીને બોલી કે બેટા તારો બાપ કયાં છે? શું દુર્ગાદાસે દેસુરીમાંથી એમને છોડાવ્યા નથી? ગંભીરે કહ્યું કે મારા પિતાને ત્યાંથી છોડાવી લાવ્યા છે ને તેઓ અહિંજ છે. પછી પોતાના પિતા શા કામમાં રોકાયાથી નથી આવ્યા તે સર્વ વાત કહી સંભળાવી.

હવે માનસિંગ પોતાની બેન લાલબા પાસે જવાને નીકળ્યો. લાલબાનો ઓરડો તેજબાના ઓરડા કરતાં સારો ને મોટો હતો. તેમાં એક દીવો બળતો હતો. પણ તે ઓરડામાં માનસિંગે લાલબાને દીઠી નહિ. તેથી તે એક પડદો ખસેડી અંદર ગયો તો ત્યાં લાલબા ઘુટણીએ બેસી પ્રભુની પ્રાર્થના કરતી હોય એમ જણાયું. તે પ્રભુ-પ્રાર્થનામાં એટલી તો ગીરફતાર થઇ હતી કે માનસિંગના પગલાંની પડઘી સરખી પણ તેના જાણવામાં આવી નહિ. તેનું ચિત્ત પ્રભુ-સન્નિધ થયું હતું. થોડીવારે પોતાના જોડેલા બંને હાથ ઉંચા કરી બોલી કે "આ જે વિજયઘોષ સંભળાય છે તે જો રજપુતોનો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો હે પ્રભુ હું તારો ઉપકાર માનું છું. પણ જો તે તૈબરખાનનો હોય, ઈનાયતખાન જેનાથી હાર્યો તેને તૈબરખાન જીત્યો હોય, અને જેણે એકવાર મારી આબરૂનું રક્ષણ કર્યું હતું તે દુર્ગાદાસનો નાશ થયો હોય તો હે દયાળુ પ્રભુ, તું મને તારી પાસે સત્વર બોલાવી લે.

એટલે માનસિંગે કહ્યું કે બેન એ દયાળુ પ્રભુએ આપણા પર દયા કરી છે. એમ બોલી તે તેની પાસે ગયો. માનસિંગને જોઈ પ્રથમ તે બેશુદ્ધ જેવી જણાઇ પણ થોડીવારમાં મન સ્થિર કરીને તે બોલી કે ભાઇ, મારા પિતા વગેરે સર્વ સલામત છે? માનસિંગે કહ્યું કે બેન, સર્વ સલામત છે. મારા કાકા, કાકી, ફોઇ, ફુઆ સર્વ સલામત છે. લાલબાએ કહ્યું, અને દુર્ગાદાસ? તમે એમનું તો કાંઈ કહેતાજ નથી. હું આશા રાખું છું કે કાંઈ દુઃખદ સમાચાર તો નહિજ હોય. માનસિંગે કહ્યું કે એ અહિં વિજયશાળી થયા છે. એમણે સર્વ મારવાડ જીતી લીધી છે; અને તમને તથા બીજાં સગાંવહાલાંઓને બંધનમુક્ત કરવાને મને અહિં મોકલ્યો છે. આ સાંભળી લાલબાનું હૈયું ઠર્યું હોય એમ જણાયું.

લાલબાએ માનસિંગને કહ્યું કે ભાઇ, મને મારા પિતા પાસે લેઇ જાઓ. એટલું બોલતામાં તો મહાસિંગ ને તેજબા આવી પહોંચ્યાં. લાલબા પોતાના પિતાને પ્રેમથી ભેટીને પ્રેમાશ્રુ પાડવા લાગી. મહાસિંગનું હૈયું પણ ભરાઈ આવ્યું. પણ લાલબાની ઓરમાન માતાના અંતઃકરણમાં તેમાંનો એક શતાંશ પણ નહોતો. તેજબાની ઇચ્છા પ્રમાણે તેના સગા ચંદ્રસિંગને વરવાની લાલબાએ ના પાડયાથી તે લાલબા તરફ પ્રેમને બદલે દ્વેષભાવથી જોતી હતી. લાલબા તે સર્વ જાણતી હતી. પણ તે સમજુ હતી. પોતાના ઘર ઉપર અણચિંતી આફત લાવનાર અને પોતાની વીંટી ચંદ્રસિંહને આપી ફસાવનાર એ હતી, એવું તેના સમજવામાં આવ્યું હતું. પણ એ સર્વ જાહેરમાં મૂકી કુટુંબકલેશ વધારવો, અને પોતાના પ્રિય પિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને બીજાં વહાલાંઓને દુઃખી કરી વેર વધારવું, એમાં ડહાપણ નથી, એમ તે સમજતી હતી. તેથી એ સર્વ વાત તેણીએ પોતાના અંતઃકરણની સલામત પેટીમાં પુરી રાખી હતી.

હવે માનસિંગ પોતાની ફોઇ, ફુવા ને ભાઇને બોલાવી લાવ્યો. સઘળું કુટુંબ એકઠું મળી એક બીજાની ખબર અંતર પૂછવા લાગ્યું. દોલાવરખાન બહુ ઘાતકી હતો. તેણે સર્વેને જુદાં જુદાં કેદ રાખ્યાં હતાં. કેદખાનામાં પણ તેમને કોઇ જાતનું સુખ નહોતું. પણ ઇનાયતખાનની રહેમ નજરથી લાલબાને તે દુઃખ દેઇ શકયો નહોતો. બધાં કેદીમાં માત્ર લાલબાનેજ કાંઇક સારી રીતે રાખી હતી. આ સુખ દુઃખની એક બીજાની વાતો સાંભળી તેઓ સમ દુઃખી થયાં પણ એ દુઃખનો સમય હવે ગયો છે. દુર્ગાદાસના પ્રતાપથી હવે તેઓ બંધનમુકત થઇ સુખી થયાં છે, એવો વિચાર આવ્યાથી તેઓ પ્રભુનો પાડ માની દુર્ગાદાસને આશીર્વાદ આપવા લાગ્યાં.

આ વિજયથી દુર્ગાદાસે જયસિંગજી મહારાણાનો ઉપકાર માન્યો ને ઉદેપુરના મહારાણાજીનો આભાર માનવાનો પત્ર લખ્યો તથા કુંવર જયસિંગજી પાછા ઉદેપુર ગયા.

બીજે દિવસે સવારમાં દરબાર ભરવાનું હતું. મહાસિંગ ઠાકોર વૃદ્ધ અને ઘાયલ હોવાથી તે લડાઇના મેદાનમાં જઇ શકે તેમ નહોતું, તેથી તેમને જોધપુરના સુબેદાર બનાવી, આસપાસના જે ગઢ હજુ મુસલમાનોના તાબામાં હતા, તે જીતવાને જવાનો વિચાર કરવાનો હતો. જે મુસલમાન અમલદારો કેદ પકડાયલા હતા તેની યાદી કરી તેટલા રજપુત ઠાકોરો જે દિલ્લીમાં કેદ હતા, તેમનો બદલો કરવાને તેમનાં નામ નક્કી કરવાનાં હતાં. તથા છેવટે રાજ્યવ્યવસ્થા કેમ ચલાવવી તે ઠરાવવાનું હતું. મુસલમાન કેદીઓની યાદી રામસિંગે બનાવી દુર્ગાદાસના હાથમાં મૂકી. ગંભીરસિંગ તે વખતે દુર્ગાદાસને પડખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉભેલો હતો. તેણે તે યાદી વાંચી મહમદખાંના નામ ઉપર આંગળી મૂકી કહ્યું કે સાહેબ, આ ગૃહસ્થને આપ માનપૂર્વક બોલાવો છો. તથાપિ તે કોણ છે, તે જ્યારે આપ જાણશો ત્યારે—દુર્ગાદાસે એ વાક્ય પુરૂં થવા નહિ દેતાં કહ્યું કે "કલ્યાણપદમાં જે મહમદખાંએ મારાં માતુશ્રી પ્રત્યે માનભરી વર્ત્તણુક ચલાવી હતી, તેજ મહમદખાં એ છે કે શું? ગંભીરે કહ્યું કે હા સાહેબ. એમ બોલી આ વખત તેમને શી રીતે આ લઢાઇમાં જોડાવું પડયું હતું, તેની સર્વ હકીકત કહી સંભળાવી. દુર્ગાદાસે કહ્યું કે ત્યારે તો મારે તેમનો તે સમયનો આભાર આ વખત માનવો જોઇએ. જે અભાર હું તે સમયે જોખમ ખેડીને માનવા જવાનો હતો, તે માનવાનો આ સમય આવ્યો છે, એમ બોલી તે તેજ વખતે કેદીઓના ઉતારા તરફ ચાલ્યો.

પરધર્મી કે દુશ્મન જે કેદીઓ પોતાના તાબામાં આવ્યા હોય, તેની બરાબર સંભાળ રખાવવામાં ને રાખવામાં દુર્ગાદાસ એકકો હતો. કેદીઓને પોતાના સરદારોનાજ ભરોસા ઉપર દુર્ગાદાસ રાખતો નહિ. પોતાના સરદારોને સખ્ત તાકીદ આપ્યા છતાં કેદીઓની પોતાના હુકમ પ્રમાણે બરાબર બરદાસ્ત લેવાય છે કે નહિ, તેની દુર્ગાદાસ વખતો વખત જાતે તપાસ કરતો. જેવો જેમનો હોદ્દો તેવી તેમની સંભાળ રખાવતો. સરદારો ને સિપાઇઓ સર્વની લાયકાત પ્રમાણે સંભાળ રહેતી. તેમને રહેવાની જગા, ખાવા પીવાનું, બીછાનાં, સર્વ યોગ્યતા પ્રમાણે મળતું. માંદા સાજા અને ઘાયલોની પછી તે દેશી કે પરદેશી, સ્વધર્મી કે પરધર્મી, મિત્ર કે શત્રુ સર્વની સંભાળ રખાવતો ને રાખતો. તેમની ખબર અંતર જાતે જઇ પૂછી આવતો; તથા ઘાયલોને અને માંદાઓને દિલાસો આપતો. આ પ્રમાણે તે નિત્ય તજવીજ રાખતો હતો. પણ ગંભીરની વાત તેના જાણવામાં આવી ત્યાં સુધી તે મહમદખાંને પિછાની શકયો નહોતો. રાત્રે ઝાડ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂરથી એકજ વાર દીઠેલો, અને તે પણ છૂપાઇને. વળી તે વખતે એ એક નાની ટુકડીના જમાદાર તરીકે આવેલો તે ટુંકી મુદતમાં ૨૦ હજાર સૈન્યનો ઉપરી થઇને આવે એવો સંભવ પણ નહોતો. આવાં કારણોથી તે પોતાનાં માતુશ્રી પ્રત્યે માનપૂર્વક વર્ત્તનારને ઓળખી શક્યો નહોતો. પણ ગંભીરે અંધારામાં રહેલી એ વાત અજવાળામાં આણી કે તરતજ તે મહમદખાં તરફ જવાને નીકળ્યો.

તે મહમદખાંની ખબર લેવા આવ્યો છે, એમ જણાવી મહમદખાંના ઢોલીઆ પાસે ગયો કે બીજા મુસલમાન સરદારો દૂર ખસ્યા. દુર્ગાદાસના ચેહેરા ઉપરથીજ મહમદખાં સમજ્યો કે દુર્ગાદાસે જાણ્યું છે કે હું કોણ છું. દુર્ગાદાસે કહ્યું કે હે, સર્વોત્કૃષ્ટ મુસલમાન, હું તમારા જે કર્તવ્યથી આભારી થયોછું તે કર્તવ્ય અને તે આભાર જન્મપર્યંત ભૂલાવાનાં નથી. મારાં પરમ વહાલાં માતુશ્રી પ્રત્યે આપે જે શુભ વર્ત્તણુક કલ્યાણગઢના મારા મકાનમાં ચલાવી હતી, તે મેં મારી જાતે ઝાડ ઉપરથી જોઈ હતી. હું તે વખતે તમારા શિર ઉપરના ઝાડમાં સંતાયો હતો. હું તો તેજ વખતે ઝાડ ઉપરથી કૂદકો મારી તમારો ઉપકાર માનવાને તમારી સમક્ષ આવવાનો હતો, પણ એમ કરવું તે તમારા હોદ્દાને હરકત કરતા થશે, એ વિચારથી હું તે વખતે અટક્યો. તે વખતનો સમય પ્રભુએ મને આ વખતે આપ્યો છે, અને તેથી હું તમારો આભાર માનુંછું. તમારો ઉપકાર કદી વિસરાવાનો નથી. આપણી આજની થએલી દોસ્તી જન્મપર્યંત જવાની નથી. પ્રભુ તે નિરંતર નિભાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું.

જોધપુરમાં દરબાર.

છપ્પય.

ધન દુર્ગા ધન માત, ધન મારૂ સરદારો;
મહારાણાજી ધન્ય, ધન્ય બેહુ રાજ્ય કુમારો.
દેશ ધર્મ ને રાજ્ય, તણી ભક્તિને પણ ધન;
વીર્ય શૌર્ય ઔદાર્ય, ધરી ખર્ચ્યાં તન મન ધન.
વળિ ધરિ અલોભ નિસ્પૃહ રહી, ગયો ન વહિ જે ગર્વમાં
લહિ પ્રેમ શત્રુ ને મિત્રનો, સંપ જમાવ્યો સર્વમાં.

દુર્ગાદાસની આ જીતની ખ્યાતિ, જોધપુરનું જીતાવું, અને તૈબરખાન જેવા પાદશાહના મહાન સરદારનું ૭૦ હજાર લશ્કર સાથે હારીને કેદ પકડાવું, એ વાત આખા દેશમાં પવનની પેરે પ્રસરી.

આ જીત મેળવ્યા પછી દુર્ગાદાસ શાંત બેસી રહ્યો નહિ. જે સરદારોએ પોત પોતાનાં લશ્કર દુર્ગાસની મદદે મોકલી તેનો પક્ષ ગ્રહણ કર્યો હતો તેમને દુર્ગાદાસે પોતાના વિજયના સમાચાર મોકલી જોધપુર બોલાવ્યા. એટલુંજ નહિ, પણ જેઓ રાઠોડોના જયની આશા થોડી હોવાથી તટસ્થ રહ્યા હતા તેમને પણ સંદેશા મોકલી જોધપુર બોલાવ્યા. પરંતુ જેઓ પાદશાહની પક્ષમાં ખુલ્લી રીતે રહ્યા હતા, તેમને કાંઇ પણ કહાવ્યું નહિ. ગંભીરસિંગના પિતા કેશરીસિંગે દુર્ગાદાસને કહ્યું કે તેમને પણ આપણી સહાયમાં આવવાને કહાવીએ તો શી હરકત છે ? દુર્ગાદાસે કહ્યું કે નહિ સાહેબ, આપણે તેમ કરીને આપણા પગ નીચે જાળ પાથરવી નહિ જોઇએ. પોતાના દેશના છૂટકારા માટે જો તેમનામાં લેશપણ દેશદાઝ હોત તો તેઓ દેશના દુસ્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નને મળી જાત નહિ. આપણા જોધસિંગ, માલદેવ, ગજસિંગ, જશ-વંતસિંગ એમના રાજ્યનું સુખ એમણે ચાખ્યું છે. તે તેમને યાદ હોવું જોઇએ. તેમજ આ દેશ પચાવી પડનારના રાજ્યનાં દુઃખનો પણ તેમને થોડો અનુભવ થયો નથી. એ સઘળું જાણતાં છતાં તેમને દેશસ્વાતંત્ર્ય માટે સમજ આપવી પડે તો એમજ જાણવું કે તેઓ કદાપિ જોધપુર આવશે તોપણ તે, તેનો બચાવ કરવાને નહિ, પણ દગાથી તે દુસ્મનને સોંપવા માટે આવશે. ઠાકોર સાહેબ, આપણું કર્તવ્ય તો દૈવી છે. સત્ય આપણા તરફ છે. અને તેને માટે સ્વદેશા-ભિમાની દેશદાઝવાળા પુરૂષોને કાંઈ સમજાવવા પડે નહિ. એવા વીર પુરૂષો તો પોતાની મેળેજ આવીને ખંભા ઠોકશે. અને જેઓ એવા નથી, તેમને તો અલગજ રાખવા જોઇએ; કે જેથી તેઓ દુસ્મની દાવો ન કરી શકે, તે મિત્ર થઇને ફરતા અટકે. દુર્ગાદાસની આ સ્વા-ભાવિક અનુભવથી મેળવેલી દલીલથી સર્વ મારૂ સરદારોની ખાત્રી થઈ કે એવા દેશદ્રોહીઓને આપણા ભેગા ભેળવવાજ નહિ.

દુર્ગાદાસે રાઠોડ સરદારો ને ઠાકોરોને લખેલા પત્રો અમલમાં મૂકાયા હતા. તેણે લખેલી સાધારણ હકીકતથી અને તેના વિજયની કીર્તિ ફેલાવાથી આખા દેશમાં જુસ્સો વ્યાપ્યો હતો. તેથી થોડાજ દિવસમાં જોધપુર મારવાડના યોદ્ધાઓથી ઉભરાઇ જવા લાગ્યું. માર-વાડને બચાવનારના ઝુંડા નીચે આખો મારૂ દેશ પોતાના પુત્રોને મોક-લવા લાગ્યો. મહાસિંગના હુકમથી માનસિંગ પોતાની ઠકરાતમાંથી જેટલા જમાવી શકાયા તેટલા યોદ્ધા લેઇ આવી પહોંચ્યો. જે ઘાયલો ને સોજીતગઢમાં દુર્ગાદાસે રાખ્યા હતા તે ઠાકોર રૂપસિંગની સરદારી નીચે સાજા તાજા થઇ આવી મળ્યા. આ સિવાય જોધપુરના નાના મોટા સર્વ પટાવતો પોત પોતાથી જમા થયાં તેટલાં માણસો લેઇ તેઓ જોધપુર આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે જોધપુરના વિજયના સમાચાર ઉદેપુર પહોંચ્યા ત્યારે મહારાજ રાજસિંગજીએ પોતાનો દરબાર ભરી ખુશાલી જણાવી. તથા દુર્ગાદાસને માટે પોતાના કુંવર ભીમસિંગજી સાથે સીરપાવ મોકલ્યો. જ્યારે આ સીરપાવ લેઇ કુંવર ભીમસિંગજી મહારાણાજીનાં ડંકા નિશાન સાથે જોધપુરના મેદાનમાં આવ્યા ત્યારે આખું જોધપુર જયજયકારના પોકારથી ગાજી રહ્યું. સર્વ મહારાણાજીની જય પોકારવા લાગ્યા.

પોષ સુદ ૧૫ નો દિવસ જોધપુરમાં જોવા લાયક હતો. જોધપુરમાં ઉભરાયલા ભિન્ન ભિન્ન વાવટાવાળાને ડંકા નિશાનવાળા તે દિવસે જોધપુરના મેદાનમાં ભેગા થવાના હતા. સઘળા સરદારો મેદાનમાં એક પછી એક આવવા લાગ્યા. ચાંપાવત, કુંપાવત, પાતાવત, ખીદાવત, ઉદાવત, જેતાવત, જોધાવત, કરણોત, મંડલા, ભાટી, ઉહડ, વિકા, કર્મસોત, મેડતીઆ, ખીચી એમ સઘળા ઠાકોરો ને સરદારો * વિકાનેર, કીશનગઢ, રતલામ, સીતામાઉ ને ઝાભવાના રાજાઓએ પણ પોતાના કુંવરોને લશ્કર આપી જોધપુર મોકલ્યા હતા, તેઓ પણ પોત પોતાના ડંકા નિશાન સાથે આવીને હારદોર ઘોડે સ્વાર થઇને ઉભા રહ્યા. મહારાણાના બને કુંવરોની સ્વારી પણ સર્વથી પાછળ દબદબાથી આવી પહોંચી. તેઓ સ્થિર પડયાં નથી એટલામાં દુર્ગાદાસ પોતાની એક પડખે પોતાના પુત્રને તથા ભાઇને અને બીજે પડખે ગંભીરને તથા ગુલાબને સાથે રાખી આવવા લાગ્યો. રસ્તાની બાજુએ ઉભા રહેલા સ્વારોએ જગા કરવા માંડી કે કેટલાક છાપરા ઉપર ચઢીને અને કેટલાક ટેકરા ઉપર ઉભા રહીને એક બીજાની તરફ દૃષ્ટિ નાંખીને ' મારવાડને તારનાર એ આવે " એમ બોલવા લાગ્યા. જ્યારે તે નજીક આવ્યો ત્યારે મેઘગર્જનાની માફક આકાશ ગાજી

---

* વિકાનેર, કીશનગઢ, રતલામ, સીતામાઉ ને ઝાભવાનાં રાજ્ય જોધપુરના રાજ્યમાંથી નીકળેલાં છે ને તે રાઠોડ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું. સર્વે એક અવાજે દુર્ગાદાસની જય બોલ્યા. આ અવાજની સાથે દુર્ગાદાસ બંને બાજુના લોકોને નમન કરતો અને રસ્તામાં ઉભેલા લોકોના આશીર્વાદ લેતો આગળ આવ્યો. રસ્તામાં તેના ઉપર પુષ્પની વૃષ્ટિ એટલી થઇ હતી કે જો તે ગાડીમાં બેઠેલો હોત તો દબાઇ જાત. નગરની સ્ત્રીઓ જેઓ મલાઝેદાર હતી તેઓ ઝરૂખામાં રહી તેનાં ઓવારણાં લેતી હતી. નાની નાની કુંવારિકાઓ ને બ્રાહ્મણો કંકુના ને ચંદનના ચાંલ્લા કરી અક્ષતથી વધાવતાં હતાં. આ પ્રમાણે સર્વે પ્રજાનું એક સરખું સન્માન લેતો સરદાર દુર્ગાદાસ કોટની બહાર આવ્યો. મેદાનમાં ઉભેલા સર્વે એક દષ્ટિએ પ્રેમ ભાવથી જોતા ને નમન કરતા જય જયકાર ઉચ્ચારતા હતા. જ્યારે તે મધ્ય ભાગે આવ્યો કે એક મંડપમાં તેને લેઇ જવામાં આવ્યો. ત્યાં મધ્યમાં બીછાવેલી એક ગાદીની પડખે આવી દુર્ગાદાસ બેઠો.

એ મંડપમાં સર્વે સરદારો એકઠા થએલા હતા. તેમાંના ઘણા-ખરા જશવંતસિંગજી મહારાજના બાળકુંવર અજીતસિંગજીની હયાતિથી અજાણ્યા હતા. તેથી તેઓ માંહોમાંહે વિચાર કરવા લાગ્યા કે ભાઇઓ દુર્ગાદાસે પોતાના બળથી પાદશાહ આલમગીર જેવા બળવાન પણ જુલમીના ત્રાસથી મારવાડને છોડાવ્યું છે. આપણે શાંત થઈ બેસી રહ્યા, મુસલમાનોના જુલમ સહન કર્યા; અને મારવાડની, આપણા ભાઇ ભાંડુ ને સ્ત્રી પુત્રીની આબરૂ લૂંટાતી જોઇ મુંગા બેઠા, અને એ ધણીએ મેદાનમાં પડી આપણી ને આપણા દેશની આબરૂ સાચવી મુસલમાનોના જુલમથી મોકળા કર્યા તો આપણે જે ગુમાવ્યું તે એણે મેળવ્યું, તો તે ઉપર અલબત એનોજ હક છે. વળી એ પણ રાજ્યકુળનો તો છેજ. મહારાજા જોધસિંગજીના ભાઇ કરણોજીનો વંશજ દુર્ગાદાસ છે. જ્યારે મહારાજા જશવંતસિંગજીના વંશમાં કોઇ રહ્યું નથી, ને દુર્ગા-દાસે આ રાજ્ય જીત્યું છે, તો જેણે જીત્યું તેનુંજ રાજ્ય એમાં શો શક છે ? હજુ પાદશાહ આલમગીર આ હારથી ડરીને હઠી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો નથી. હજુ તે વધારે બળવાન લશ્કર જમાવી આ રાજ્ય પાછું લેવાને આવ્યા વગર રહેવાનો નથી. તેવે વખતે રાજ્યને માથે દુર્ગાદાસ જેવો રાજા નહિ હોય તો આ જીત લાંબી મુદ્દત ટકવાની નથી તેથી જો મારવાડને ફરીને મુસલમાનોના પંઝામાં ફસાતી બચાવવી હોય તો મારવાડની ગાદીએ દુર્ગાદાસનેજ બેસાડવો જોઇએ. દુર્ગાદાસનોજ આ ગાદી ઉપર હક છે, અને એજ યોગ્ય છે. માટે એનેજ નમન કરી રાજા સ્વીકારવો એ આપણો સત્ય ધર્મ છે. એ મેળાવડામાં દુર્ગાદાસની અદેખાઇ કરનારા પણ હતા. તથાપિ ઘણા જણાનું વલણ દુર્ગાદાસની તરફેણમાં હોવાથી તેઓ બળતી છાતીએ ચૂપ બેઠા.

દુર્ગાદાસને ગાદી આપવાની સરદારોની માંહોમાંહેની વાત તેના કાનપર આવતાંજ તે ઉઠીને ઉભો થયો ને મોટે અવાજે બોલ્યો. એ શું બોલે છે તે સાંભળવાને સર્વે એક ચિત્ત થયા. ક્ષણવાર ઉપર જ્યાં એટલો ગડબડાટ મચી રહ્યો હતો કે કાન પડયું કાંઇ સંભળાતું નહિ ત્યાં હમણાં ગણગણાટ સરખો અવાજ પણ થતો નહિ હતો. દુર્ગાદાસ શું કહે છે તે સાંભળવાને સર્વે શાંત થઇ ગયા.

રાજ્યગુરૂ, સરદારો, અને બંધુઓ–આજે આપણે શા માટે મળ્યા છીએ તે આપને મારે જણાવવું જોઇએ. મારે પડખે બેઠેલા આપણા વૃદ્ધ સરદાર મહાસિંગજીના ઉપર મુસલમાનોએ અસમાન હુમલો કરેલો ત્યારે તેમણે સહાયની બૂમ મારી. તેમનો એક માણસ તેમની સાથે હતો તે ત્યાંજ ઘાયલ થઈ પડયો હતો, એવામાં એમની બૂમ મારા કાનપર આવતાંજ મેં ત્યાં જઇ તેમને છોડાવ્યા ને એમની ઘાયલ સ્થિતિમાં મારે ઘેર લેઈ જઇ રાખ્યા. પણ એમનો બચાવ કરતાં મુસલમાનોનો સરદાર મરાયાથી તેનું વેર લેવાને તેમનો આગેવાન મારા ઘર ઉપર ચઢી આવ્યો ત્યારે એમને છુપાવી હું પણ સંતાઇ ગયો. મારા ઘરમાં મારાં વૃદ્ધ માજીનું ખુન કર્યું ને તેઓ ચાલ્યા ગયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે અમે મહાસિંગજીને મારા માણસ સાથે એમને ઘેર પહોંચાડયા ને મારા ઘરના અમે ત્રણે પાસેનાં કોતરોમાં ભરાયા. શત્રુઓ મારાં માજીનું ખુન કરીનેજ ધરાયા નહિ પણ તેમણે પાછળથી મારૂં ઘરબાર ને ગઢી પણ બાળી રાખનો ઢગલો કરી મૂક્યો. આ સમાચાર મને મળતાંજ મારાં માજીનું વેર લેવા મારી આસપાસના મારા બહાદૂર સોબતીઓ જે અહિં હાજર છે તેમની સહાય મેળવી કંટાળીઆના સુબા-(મારાં વહાલાં માતુશ્રીના ખુની) નું ખુન કર્યું ને હું ને મારા સોબતીઓ મહાસિંગજી તરફથી મદદ મળતાંજ મુસલમાનોના ઘેરા-માંથી નીકળી ઓચિંતા સોજીતગઢ જઇ તેને જીતી લેઇ માહાસિં-ગજીને છોડવ્યા. તે પછી શું થયું તે મારા બહાદૂર વીરાઓ તમે જાણો છો. હવે જે મુસલમાનોએ આપણો દેશ કબજે કરી લૂંટ, ચોરી, ધાડ, જુલમ, ને કેર વર્તાવ્યો હતો, જેમણે આપણા મોટા મોટા રાજ્ય-સ્તંભ સરદારોનાં ઘરોની ઝડતી લેઇ લૂંટ ચલાવી હતી, આપણી વહુ દીકરીઓની લાજ લૂંટી હતી, એ મુસલમાનોનું એક ચલીયું સરખું પણ હાલ મારવાડમાં ફરકતું નથી. આપણા તરફ સત્ય ને ધર્મ હોવાથી પરમેશ્વરે આપણને જય આપ્યો છે ને જુલમીઓને નસાડયા છે. હવે મુસલમાન કેદીઓનો બદલો થતાં આપણા દેશમાં કોઈ મુસલમાન રહેવાનો નથી. આપણે જીત્યા છીએ ખરા પણ એટલાથી સંતોષ માની બેસી રહેવાનું નથી. દીલ્લીનો પાદશાહ આલમગીર આટલી હારથી હિંમત હારી જાય એવો નથી. એનું અસંખ્ય લસ્કર જે ભરતખંડના જુદા જુદા ભાગમાં વેરાયલું પડેલું છે તે સર્વે એકઠું કરી મારવાડને મૂળમાંથી ઉખેડી નાંખવા જેટલું સામર્થ્ય મેળવી તે આપણા ઉપર ચઢી આવશે તે વખતે તેના સામા થવાને આપણે તૈયાર થવું જોઇએ અને તેનોજ વિચાર કરવાને આજે તમને બોલાવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઇઓ, મારવાડને મુસલમાન વગરની કરવામાં મારો હાથે સાધનભૂત થવાથી જો કોઇના મનમાં એમ આવતું હોય કે એ રાજ્ય ઉપર મારો હક છે. અને તેથી મને રાજ્યાભિષેક થવો યોગ્ય છે તો તે તેમની ભૂલ છે. આ હાથથી જે કાંઈ થયું છે તે સર્વ પરમેશ્વરની સહાયથીજ થયું છે. મેં મારા જતિ બંધુઓની મદદથી જે કાંઇ કર્યું છે તે દરેક સ્વદેશાભિમાની રાઠોડ કર્યા વગર રહેજ નહિ. પ્રસંગ મારે માથે આવી પડયાથી મેં કર્યું, એ કોઇ પણ પ્રકારના લેશ પણ સ્વાર્થની ખાતર નથી. ભાઇઓ, આપણું પિતાતુલ્ય રક્ષણ કરનાર આપણા બહાદૂર મહારાજા જશવંતસિંગજીનો વારસ બાળ કુવર અજીતસિંગજી હજુ હયાત છે. આ રાજ્ય ગાદી મારી નથી– મારો એના ઉપર લેશ પણ હક નથી. એ ગાદીનો માલિક પ્રભુએ આપણે માટે હયાત રાખેલો છે અને જયાં છે ત્યાં સલામત છે. એમના પૂજ્ય પિતાની બહાદૂરી વારસામાં મેળવી રાજયગાદી ચલાવવા લાયક નીવડે એવાં સર્વ ચિન્હ તેમનામાં છે. સિંહનાં બચ્ચાં તે સિંહજ નીવડશે એમાં સંશય નથી. પણ તેઓ હજુ બાળ વયમાં હોવાથી મુસલમાનોના દગા ફટકામાં ફસાઇ ન જાય એવી છુપી જગાએ રાખી તેમને ઉછેરવામાં આવે છે. જ્યાં સુધી પાદશાહ સાથે આપણું સમાધાન થાય નહિ, પાદશાહના હુમલાથી આપણે મોકળા થઇએ નહિ ત્યાં સુધી તેમને છુપા રાખવામાંજ મને ડહાપણ લાગે છે. અને તેથી જ તેમની હયાતી આજ સુધી મારે છુપી રાખવી પડી હતી. જયારે સમય આવશે ત્યારે તેમને બહાર પાડી તેમની ગાદીનો રાજ્યાભિષેક તેમને કરવામાં આવશે. એવો સમય જલદી આવે માટે આપણે સર્વે બંધુઓએ એક દીલથી આપણા દેશના ધર્મના શત્રુ સામા થવાને તૈયારી કરવી જોઇએ.

એટલામાં પાસે બેઠેલા સરદારો માંહોમાંહે વાત કરવા લાગ્યા કે આપણે તો એ બાળકુંવર દિલ્હીમાં મરાઇ ગયાનું જાણતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી શી રીતે બચી આવ્યા ? દુર્ગાદાસના કાનપર એ શબ્દ આવતાંજ તે બોલ્યો કે ભાઇઓ, તમારા મનનો અંદેશો દૂર કરવા માટે અગર તમારૂં અજાણપણું મટાડવા માટે મારે કહેવું જોઇએ કે આપણા પૂર્ણ પ્રતાપી મહારાજા જશવંતસિંગજીના ગુજર્યા પછી તેમના એકના એક બાળકને દિલ્હી બોલાવ્યો. આપણા સત્તર મારૂ સરદારો અને એકહજાર રાઠોડો મહારાણી ભટીઆણી સાથે દિલ્હી ગયા. પાદશાહે ઘાત કરવા માટે બાળકને માગ્યો, ત્યારે અમે તે છ માસના બાળકને એક વિશ્વાસુ મદારીના કંડીઆમાં મોકલી દીધો. એ મુસલમાન મદારીએ પોતાની ઇમાનદારી બરાબર સાચવીને અમે કહેલી જગાએ તેને લેઇ જઇ સોંપ્યો. ત્યાં તે બાળ રાજા તેના પાળકના હાથ નીચે હજી ઉછેરે છે. આજે તે પાંચ વરસના થવા આવ્યા છે. પણ એવા બાળકને આવા જોખમ ભરેલા વખતે બહાર પાડવા ઠીક નથી. માટે ભાઈઓ, લગાર શાંતિ પકડો, ધીરા થાઓ. સમય આવે તમારો રાજા આવીને તમારા ઉપર રાજ્ય કરશે, તમને સુખ આપશે અને એમના વડીલોની કીર્ત્તિ સાચવશે. પણ ધારો કે એ બાળક રાજા નહોત,—મહારાજા જશવંતસિંગજીના વારસને પાદશાહ કબજે લેઈ શકયો હોત—તોપણ આ રાજ્યગાદી ઉપર મારો હક નથી. રાજ્યકૂળનું લોહી મારા સિવાય અહિં મળેલા ઘણા ઠાકોરોની નસોમાં વહે છે. એ ગાદી ઉપર પ્રથમ તેમનો હક છે, મારો નથી. તેમાંથી વડીલ શાખાના હકદારને ગાદી આપવામાં આવત. તેમનો હક ડુબાવીને હું ગાદી પચાવી પડું એ દુર્ગાદાસથી "નભૂતો ન ભવિષ્યતિ" બનત. રાજ્ય લોભનો અંકુર સ્વપ્નમાં પણ ફુટે તો મને ધિક્કાર છે. હવે તમો સર્વે ભાઇઓને મારી એટલીજ વિનતિ છે કે એ બાળરાજાની ખાતર,—મહારાજા જશવંતસિંગજીના વારસની ખાતર, આપણા દેશરક્ષણની ખાતર, આપણા દેશની, કૂળની, ઘરની ને સ્ત્રીઓની આબરૂ સાચવવાની ખાતર અને છેવટે આપણા ધર્મની ખાતર આપણે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીલથી આપણા દેશશત્રુની સામા થવું ને તેમને આપણા દેશમાંથી હાંકી કહાડી આપણી મારૂ ભૂમિ શત્રુ વગરની કરી આપણા બાળ રાજા અજીતસિંગજીને રાજ્યાભિષેક કરવો. પરમેશ્વર એ સમય જલદી આપો કે જ્યાં મારામારી, કાપાકાપી ને ક્રૂરતાએ ઘર કર્યું છે, પાયમાલી થઇ છે, ખેતી ને ખેડુત વગર દેશ ઉજાડ થઇ જંગલ થઇ રહ્યું છે ત્યાં શાંતિ ને આબાદી ફેલાવી દેઇએ.

આ પ્રમાણે બોલી દુર્ગાદાસ સર્વેને નમન કરી પાછો ફર્યો ને વૃદ્ધ સરદાર મહાસિંગજીની પાસે આવી બેઠો કે થોડી વાર સર્વ સ્તબ્ધ થઈ બેસી રહ્યા. એટલે મહારાણા ભીમસિંગજી ઉઠયા ને રાણા સાહેબ તરફથી આણેલો સીરપાવ એક નાનું ભાષણ કરી દુર્ગાદાસના સ્વદેશાભિમાન ને પરાક્રમનાં વખાણ કરી તેને આપ્યો. તે સ્વીકારી દુર્ગાદાસ બોલ્યો કે આ સીરપાવ હું મારા માલીક અજીતસિંગજીને મોટા થએ રાજ્યાભિષેક સમયે પહેરાવવા માટે તે શુભ સમય આવતા સુધી સાચવી રાખીશ. કેમકે મેં એક નિષ્ટાથી ને શુદ્ધ મનથી માત્ર મારા દેશની સેવા કરી છે તે સેવાનો કોઇ પણ પ્રકારનો બદલો જો કે તે રાજ્યસ્થાનના છત્રપતિ મહારાણા સાહેબ તરફનો છે તોપણ મારે તે અંગીકાર કરવો યોગ્ય નથી. અને તેથી એ મારા બાળરાજા માટે રાખું છું, ને તેમના તરફથી હું મહારાણા સાહેબનો ઉપકાર માનું છું. એમ કહી બેસી ગયો. એટલે સર્વ મહારાણા રાજસિંગજીની જય, મહારાજા અજીતસિંગજીની જય, મારવાડના વીર રાઠોડ પુત્ર દુર્ગાદાસની જય એમ ત્રણવાર જય પોકારી છાના પડયા; એટલે મહાસિંગજી ઠાકોર ઉઠયા ને બોલ્યા કે ભાઇઓ, એક ચાંપાવત રાઠોડના બોલવા ઉપર ભરોસો હોય તો હું વૃદ્ધ હોવાથી મારાથી લાંબું બોલાશે નહિ પણ એટલુંજ કહું છું કે મારા બહાદૂર વીરા દુર્ગાદાસે જે કાંઈ અથ ઇતિ એહેવાલ કહ્યો તે અક્ષરશઃ ખરો છે. એમણેજ મારો પ્રાણ બચાવ્યો છે, એમણેજ મારા ઘરની આબરૂ લૂંટાતી સાચવી છે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમણેજ મારૂ દેશને મુસલમાનોના જબરા પંઝામાંથી ઝુંટાવી લેઇ છૂટો કર્યો છે, જે થયું છે તે એમનાજ પરાક્રમથી થયું છે તથાપિ એ એવા નિઃસ્વાર્થી છે કે એ સર્વ જશ આપણ સર્વને આપે છે. ધન્ય છે એમની મરહુમ માતુશ્રીને કે આવા બીનસ્વાર્થી, પરોપકારી ને બહાદૂર બેટાને જન્મ આપ્યો. એટલું બોલી તે બેસી ગયા.

એટલે એક બહાદૂર ને પુખ્ત સરદાર અજેસિંગ આગળ આવી બોલ્યો કે ભાઇઓ, આપણે આજ સુધી અંધારામાં હતા. આપણે એમ માનતા હતા કે મહારાજા જશવંતસિંગજીનો વારસ દિલ્લીની લઢાઇમાં મરાયો છે, ને મારૂ દેશ રાજ્ય વારસ વગરનો થયો છે. રાજા વગર આપણે કોને માટે પાદશાહ સામા થઈ વેર વાળવુ ? ગાદીપતિ વિના બીજાઓને માટે આપણે લઢી મરવું, ઘરબારથી પાયમાલ થવું ને તેટલું છતાં યોગ્ય આગેવાન વગર માંહોમાંહે ઝેર કે દ્વેષનાં બીજ વાવવાં એ ઠીક નહિ, એમ ધારી આજ સુધી આપણે અલગ રહ્યા હતા. આજે આપણને યોગ્ય આગેવાન મળેલો જોઇ, મારૂ દેશ પાદશાહના કબજામાંથી છોડવી, સર્વ સરદારો ઉપર ઉપરીપણું ચલાવી મારૂમાં શાંતિ ને આબાદી ફેલાવે એવો આગેવાન સરદાર દુર્ગાદાસ બહાર પડેલો જોઇ, આપણે આ જગાએ આપણી માતૃ ભૂમિની સહાયે આવ્યા છીએ. દુર્ગાદાસ કે જેને આપણે રાજ્યગાદી આપવાને તૈયાર થયા હતા તે, રાજ્યલોભ ગમે તેટલો બળવાન છતાં—જે લોભે રાજા ને સરદારો, રાજા ને પ્રજા, બાપ ને દીકરાને લઢાવી ઘણાં રાજ્યો પાયમાલ કર્યા છે તે રાજ્ય લોભનો તિરસ્કાર કરી, નિમકહલાલી બતાવી મહારાજા જશવંતસિંગજીના બાળરાજાને માટે આ ગાદી સાચવવાનું ને નિર્વિઘ્ન કરવાનું આપણને કહે છે તો તે યોગ્ય છે. આપણે સઘળાએ એક દીલથી—સલાહ સંપથી, વીર સરદાર દુર્ગાદાસને રાજ્ય રક્ષક ઠરાવી મહારાજા અજીતસિંગજી મોટા થાય—મારૂ દેશ શત્રુ વગરનો થઇ આપણે બીન દેહેશતે તેમને રાજ્યાભિષેક કરી શકીએ ત્યાંસુધી પાદશાહ સામા લઢી આજ સુધી મેળવેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્ત્તિ સાચવવી. મહારાજા અજીતસિંગજીને આજ સુધી દુર્ગાદાસજીએ છુપા રાખ્યા અને હજુ તેમને છુપા રાખવાની સલાહ આપેછે તે પણ વાજબી છે. આલમગીર પાદશાહ એવો કપટી છે કે કોઇપણ ઉપાયે દગા ફટકાથી કે લાલચથી આપણા રાજ્ય ગાદીના વારસને ફસાવી લે, તે વખતે કેવાં માઠાં પરિણામ આવે એ ધારવું આપણને મુશ્કેલ નથી. દુર્ગાદાસજીએ કહ્યું તેમ હજાર રાઠોડ ને ૧૭ સરદારોમાંથી કેટલા જીવતા આવ્યા, જશવંતસિંગજી મહારાજ કેવા કાબેલ હતા તોપણ તેમને અને તેમના પાટવી પુત્રને કેવા ફસાવ્યા ? શિવાજી મહારાજ જેવા પ્રતાપીને પણ દિલ્લી બોલાવી ફસાવ્યા હતા. પણ એતો " જેસાને તેસા " મળ્યા ત્યારે છુટયા. આલમગીરેજ રાજ્ય લોભથી પોતાના ભાઇ ભત્રીજાના પ્રાણ લીધા ને વૃદ્ધ પિતાને કેદ કર્યા. હજુ પણ તેમને કોઇનો વિશ્વાસ નથી. એવા કપટી, પાપી ને રાજ્યલોભીથી સાવધ રહેવાને દુર્ગાદાસે જે પગલું ભર્યું છે તે બીલકુલ યોગ્ય છે. હુ ધારૂં છું કે મહારાજા અજીતસિંગજી હયાત છતાં તથા દુર્ગાદાસજીએ પ્રાપ્ત કરેલા રાજ્ય ઉપરથી સ્વામી ભક્તિ કે રાજ્ય ભક્તિથી પોતાના હક છોડયા, પછી રાજ્યગાદી માટે હવે કોઇ વાંધો રહ્યો હોય એમ નથીજ. તેથી હાલમાં રાજ્યગાદી અજીતસિંગજી મહારાજ પોતાને સ્વાધીન લે ત્યાં સુધી દુર્ગાદાસજીને રાજ્ય રક્ષક નીમી તેમની સરદારી નીચે આપણે સર્વેએ એક મનથી રાજ્યનું રક્ષણ કરવું એવો મારો મત છે. તે સૌને કબુલ હોય તો બોલો, મારૂ દેશની જય, મહારાજા અજીતસિંગજીની જય, અને રાજ્યરક્ષક દુર્ગાદાસની જય. આ મત ત્યાં મળેલા સર્વને પસંદ પડયાથી તેઓ એક અવાજે જય પોકારી શાંત થઇ બેઠા.

હવે દુર્ગાદાસજી આગલ આવી બોલ્યા કે ભાઇઓ, આપણે જોધપુર જીત્યું એટલે શાંત થઇ બેસવાનું નથી. આલમગીર પાદશાહ એવો નથી કે આટલા પરાજયથી આ દેશ ઉપર રાજ્ય કરવાનો લોભ છોડે. આખી મોગલાઇનું લસ્કર જમાવી એકવાર મારૂ દેશ પાછો જીતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાનો યત્ન કરવાને દિલ્લીથી આવ્યા વગર રહેશે નહિ. માટે આપણે આવતાં સંકટોને અગાઉથીજ અટકાવવાને તૈયાર થવું જોઇએ. આજ સુધી એણે આપણા દેશમાં આવીને લડાઇઓ ચલાવી છે, અને આપણો દેશ ઉજ્જડ કર્યો છે. જ્યાં લડાઇઓ થાય ત્યાં કેટલો ત્રાસ વરતે છે, તેનો આપણો કાંઇ ઓછો અનુભવ નથી. માટે હવે આપણે તૈયાર થઇ તેના સામા ચાલો. રાજ્યની હદ ઉપર જઇ તેની રાહ જોઇએ. આપણા કેદીઓનો પણ બદલો કરવાનો છે, તે પણ ત્યાંજ થશે. આપણા દેશના જે સરદારો પાદશાહ પાસે કેદમાં છે તેમને, પાદશાહના જે સરદારો આપણી કેદમાં છે, તેના બદલામાં છોડાવવાના છે. લશ્કર સાટે લશ્કર અને સરદાર સાટે સરદારોની અદલાબદલી કરવાની છે, તે પણ સરહદ ઉપરજ થશે. આવતા માઘ સુદ ૫ ને મંગળવારને રોજ આપણે જોધપુરથી નીકળીએ તો તે દિવસ સારો છે. માટે આપ સર્વ ભાઇઓનો શો અભિપ્રાય છે? સઘળાઓએ તે દિવસે જોધપુરથી નીકળવાનું પસંદ કર્યું એટલે દુર્ગાદાસે સર્વ રાઠોડ સરદારોને પોત પોતાનાં લશ્કર સાથે તે દિવસે જોધપુરમાં આવવાને વિનતિ કરી દરબાર બરખાસ્ત કર્યો. તથા જે સહાયકારીઓ જોધપુરનો જય કર્યા પછી પોતાના રાજ્યમાં પાછા ગયા હતા, તેમને દેસુરી મુકામે આવી મળવાને પત્રો લખી સાંઢણી સવારો મોકલ્યા.

રજપુતો શરણે આવેલાની સંભાળ લેવી, તેમને દુઃખ ન દેવું, તેમને અપમાન ન આપવું, પડયા ઉપર પાટું ન મારવું, ઘાયલોની પાટાપટી ને દવાદારૂ કરવી, એ કર્તવ્ય સમજે છે. પરંતુ દુર્ગાદાસમાં દૈવીગુણ હતો. તે પોતાની જાતને જોખ આપનાર શરણાગતનું રક્ષણ કરવાના ગુણ ઉપરાંત દૈવીગુણ ધરાવતો હતો. શરણે આવેલા શત્રુને પણ પોતાના ભાંડુ તુલ્ય ગણી તેમના ઉપર પ્રેમ રાખતો હોવાથી સઘળા મુસલમાન કેદીઓ, પછી તે સિપાઇ હોય, સરદાર હોય, સેનાપતિ હોય કે શાહજાદો હોય, તે સર્વનો પ્રેમ સંપાદન કરી શક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળા તેને પોતાનો શત્રુ નહિ, પણ પ્રાણ અર્પનાર બંધુ તરીકે માની પૂજ્યભાવથી માન આપતા હતા. દુર્ગાદાસ વચમાં વચમાં અકબરશાહ, ઇનાયતખાન, +તૈબરખાન, ને મહમદખાંની ખબર અંતર લેતો. પોતે જાતે દવા દારૂ કરતો, ને ઘણીવાર તો તે પોતાના સરદારો સાથે તેમને જમવાનું આમંત્રણ કરતો. મહમદખાં પણ પોતાને થએલા જખમોમાંથી સાજો થવા આવ્યો હતો. દુર્ગાદાસે એ ચારે સરદારોની પ્રીતિ સંપાદન કરી મૈત્રી કરી હતી.

પ્રકરણ ૧૩ મું.

હિંદુ મુસલમાન સરદારોમાં એકકો.

દુહો.

માયી એહા પુત જણ, જેહા દુર્ગાદાસ;
માર મુંડાસો રાખીઓ, વણ થાંભા આકાશ.

મતલબકે—મા, દુર્ગાદાસ જેવા છોકરા જણ કે જેણે માથું મારી વગર થાંભલે આકાશની પેઠે મારવાડ રાખ્યું—

એમ કરતાં ઠરાવેલો દિવસ આવી પહોંચ્યો. જે રાઠોડ સરદારો પોતાને વતન ગયા હતા તે, અને જે સરદારો અધકચરા રહ્યા હતા, તે સર્વ પોતપોતાનાં લશ્કર જમાવી ઠરાવેલા દિવસ અગાઉ જોધપુરમાં આવી હાજર થયા. વિકાનેર, જેસલમેર, કીશનગઢ વગેરે ઠેકાણાના રાજાઓએ પોતાના સરદારો સાથે પોતાનાં સૈન્ય મોકલ્યાં. તથા અગાઉથી કરેલા ઠરાવ પ્રમાણે રતલામ, ઝાભવા ને સીતામાઉવાળા પોતાનાં લશ્કર સાથે ઉદેપુરના મહારાણા રાજસિંગજીને

+ તૈબરખાન, ઇનાયતખાનનો જમાઈ થતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિતોડ મુકામે જઇ મળ્યા. મહારાણાના પાટવી કુંવર જયસિંગજી પોતાનું લશ્કર લેઇ દેસુરી મુકામે આવી મળશે એવી ખબર આવી એટલે માઘ સુદ ૫ ને રોજ સર્વ સૈન્ય સજ્જ થયું. મુસલમાન કેદીઓને પણ સાથે લીધા. કેમકે અજમેર જઈ પાદશાહ પાસે રહેલા રજપુત કેદીઓની સાથે તેમની અદલાબદલી કરવાની હતી. લશ્કરનો બરાબર બંદોબસ્ત કરી કુચ કરવાની ગોઠવણી રચી જોધપુરથી શુભ મુહુર્તે દેસુરીને રસ્તે પડયા.

સર્વ લશ્કર જ્યારે દેસુરી પહોંચ્યું ત્યારે દુર્ગાદાસે ત્યાં પડાવ નાંખ્યો. એવામાં સીસોદી સૈન્ય લેઇ મહારાણા જયસિંગજી પણ આવી મળ્યા. સૈન્યનો એક સાગર જમાવ થયો હોય એવું જણાતું હતું. મુસલમાનોને પણ પોતે કેદી છે એવો ભાસ થતો નહોતો. રજપુતો ને મુસલમાનો ભાઇચારાથી વર્ત્તતા હતા. રાત્રિ પડી ને સર્વે વાળુ કરી સુવાની તૈયારી કરતા હતા. ત્યાર પછી સર્વત્ર જળ જંપ્યું જોઇ દુર્ગાદાસ શાહજાદા અકબરના તંબુમાં ગયો. અકબર તે વખતે પોતાના ઢોલીઆ ઉપર બેસી હુકો પીતો હતો. દુર્ગાદાસ તંબુમાં આવ્યો એટલે ચોકીદાર સીપાઇઓ દૂર ખસી ગયા.

દુર્ગાદાસે પ્રથમ વાત ઉપાડી. તે બોલ્યો કે શાહજાદા, પાદશાહે અમારા દેશ ઉપર કેવો જુલમ ગુજાર્યો છે, તે આપના જોવામાં આવ્યું હશે. મહારાજા જશવંતસિંગજીને અને તેમના પાટવીકુંવરને પરદેશમાં દગાથી મરાવી નાખ્યા ને તેમના બાળકુંવરને દિલ્લીમાં ઘેર્યા; અને આ રાજ્ય ખાલસા કરવાનું ધાર્યું. ખાલસા કર્યા પછી પણ આ દેશ ઉપર કેવો કેર વરતાવ્યો છે, તે તમે જોયું હશે. અમારા જનાનાની આબરૂ લે, લોકો ઉપર વિના કારણ જુલમ કરે, અને દેશમાંથી આબાદી જતી રહે એવા ઉપાયો લે, તેવા નોકરો મોકલી આ દેશની ખેતી, વસ્તી ને વેપાર સર્વ પાયમાલ કીધું. પણ તેની નહિ દાદ કે ફરીઆદ. ફરીઆદ પણ કયાં જઇ કરે ? જયાંથી બહાર આવવાની ત્યાંશીજ ધાડ પડે ત્યાં લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારા ક્યાં જાય ? મારી પોતાની હકીકત તો તમને માલમ પડીજ છે, કે જેથી મારે હથીઆર પકડવાની ફરજ પડી છે. તે ઉપરાંત તમે જુઓ કે જાણે હિંદુ ધર્મનો તેમણે નાશ કરવાનુંજ ધાર્યું હોય, તેવાં કામ આદરી બેઠા છે. તમારા નામરાશી તમારા વડીલા અકબ-રશાહે હિંદુઓનો પ્રેમ સંપાદન કરી, તેમની સાથે સગપણની ગાંઠથી સંધાયા તથા તેમને મોટા હોદ્દાઓ આપ્યા. તેમના મોટા સેનાપ-તિઓ ને પ્રધાનોમાં, સલાહકારો ને સુબાઓમાં હિંદુ મુસલમાન બંને હતા. હિંદુ ને મુસલમાન ધર્મ સરખા ગણી ધર્મસંબંધી પક્ષપાત ત્યજીને નિષ્પક્ષપાતે રાજ્ય ચલાવ્યું, તો તેમનું રાજ્ય કેવું સલાહશાંતિ ભરેલું ને આબાદ થયું. હિંદુઓએ મુસલમાની રાજ્યો જીતવામાં મદદ કરી, એટલુંજ નહિ, પણ હિંદુરાજ્યો તાબે કરવામાં પણ તેમણે સહાય કરી. તેથી તેમના વખતમાં રાજ્યનો પણ બહોળો ફેલાવો થયો. તેમના પછીના તેમના પુત્ર અને પૌત્રે પણ એજ રાજ્યનીતિ કાયમ રાખી, તો તેઓ પણ રાજ્ય વધારી પ્રજાને સુખી ને આબાદ કરી શક્યા. પણ આલમગીરે તો કાંઈ ઓરજ નીતિ ચલાવી છે. તેમણે હિંદુઓને રાજ્ય કાજમાંથી બાતલ કર્યા, મોટા મોટા હોદ્દાઓ આપવા બંધ કર્યા ને એટલાથી પણ સંતોષ નહિ પામતાં તેમના ધર્મમાંએ હાથ ઘાલવાને ચૂક્યા નહિ. જાત્રાળુ ઉપર વેરો, ને જજીઆ વેરો એ શું ઓછો જુલમ ચલાવ્યો છે. અસલના અફઘાન પાદશાહોને પણ વિસ-રાવી દે એવાં કામો આરંભ્યાં છે.

વારૂ તે પણ ઠીક. તેમને હિંદુઓનો વિશ્વાસ નજ હોય, પણ તેમને પોતાના સરદારો ને દીકરા વટીકનો પણ વિશ્વાસ ક્યાં છે? એક ઠેકાણે સરદાર મોકલ્યો કે તેની સાથે પોતાનો કુટુંબી બાતમીદાર છેજ. એક જગાએ શાહજાદાને મોકલ્યો કે તેની પાછળ વિશ્વાસુ સર-દાર બાતમીદાર છેજ. આ પ્રમાણે સર્વત્ર અણવિશ્વાસ પ્રસરી ગયો છે. તમે ને તૈબરખાન અહિં આવ્યા છો. પણ તૈબરખાનને તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ને તમને તૈબરખાન ઉપર દેખરેખ રાખવાની ખાનગીમાં સલાહ આપી હશે. તમને કહેતી વખતે તમારા ઉપર ને તૈબરખાનને કહેતી વખતે તેના ઉપર પોતાનો પૂર્ણ ભરોંસો છે, એમ જણાવ્યું હશે. આવા અણવિશ્વાસનું પરિણામ શું આવ્યું છે તે જુઓ. આપના વડીલોએ જે રાજ્યનો મજબૂત પાયો ચણી આ વિસ્તીર્ણ પાદશાહત સ્થાપી છે, તે પાદશાહત દોદળી કરી નાંખી છે. એનો પાયોજ ખણી નાખ્યો તો એ ઇમારત કેમ ટકવાની ? જુઓ ઠામ ઠામ હિંદુઓ લડવા ઉઠયા છે. ઠેક ઠેકાણે બળવા જાગ્યા છે, ને પાદશાહતમાંથી અલગ પડી નવાં રાજ્યો સ્થપાયાં છે. કાબુલ ને કંદહાર તો જશવંતસિંગજી મહારાજ ગુજર્યા પછી ગુમાવ્યાંજ છે. પરંતુ આ દેશમાં પણ દક્ષિણમાં તો તેમનો કાબુ રહ્યો નથી. રાજયસ્થાનને દુશ્મન કીધું છે. ગુજરાત ને માળવા ઉદેપુરને શરણે લગભગ થયાં છે. શીખ ને સતરામીઓ પણ જંપ્યા નથી ને ધર્મપક્ષપાત છોડયા વગર જંપવાના પણ નથી. આ બળવાનો પવન કયાં જઈ થોભશે તે અટકળી શકાતું નથી. સૈયદવંશીની માફક બીલકુલ પાદશાહત સત્તાહીન થશે ત્યારે થોભશે, એવું ભવિષ્ય મને તો જણાયછે. અને ત્યારે મોગલો કયાં ને પાદશાહત કયાં, એવું થઈ જશે.

તમે તમારોજ વિચાર કરો. રાજ્ય ગયા પછી તમારૂં શું રહેશે? તમે શી ગણતીમાં થશો ? અને રાજ્ય રહે એવાં ચિન્હ તમને શું જણાયછે? આ મારૂ ભૂમિમાં તો તમે જોયું કે હવે તમારી અણુ માત્ર જગા છે ? અને પાદશાહ પંડે આવે તોપણ અમારા રાઠોડો એને નમ્યું આપે એમ તમે માનો છો ? શિવાજી મહારાજનું મરેઠી રાજ્ય તો કયારનુંએ સ્વતંત્ર થયુંજ છે. વિજાપુર, ગોવળકોંડાવાળા તો અસલથીજ મોગલોને ધિક્કારતા આવ્યા છે--પઠાણો તો તમારાથી જુદા પડેલાજ છે. જયાં જુઓ ત્યાં એમણે વૈર વસાવ્યું છે. જયાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર મળવાનો તે આધારભૂત ડાળીઓનેજ છેદી નાંખી છે. ત્યારે હવે તમે તમારોજ વિચાર કરો, તમારૂં શું થશે?

તમારા ઉપર પાદશાહ જાદે પ્રેમ બતાવે છે. તમને સર્વથી વહાલા ગણે છે. પણ તમારોજ તેમને વિશ્વાસ નહિ ત્યાં બીજાની શી વાત? તમે આજ ટાણે તૈબરખાનને બોલાવી કુરાનના સોગન આપી પૂછો કે તમારા ઉપર દેખરેખ રાખવાની તેને ભલામણ કરી છે કે નહિ? તમે પોતેજ શું કહો છો? તૈબરખાન જેવા મોટા ને પોતાના વિશ્વાસુ સરદાર ઉપર તમને દેખરેખ રાખવાનું નથી કહ્યું? આટલું બોલી તે છાનો રહ્યો. હવે અકબરને બોલવાનો વારો આવ્યો.

તેણે કહ્યું કે, એ વાત ખરી છે. પાદશાહે મને કહ્યું કે તું મારો લાડકવાયો દીકરો છે; અને તારા ઉપર મારો સૌથી વિશેષ પ્રેમ ને વિશ્વાસ છે. તૈબરખાન ગમે તેવો મોટો ને સારો છે. તે ફૂટે એવો તો નથી, તથાપિ રજપુતો કદાપિ એને ધનની લાલચથી ફોડીને ફેરવી નાંખે, તો આટલું બધું સૈન્ય રજપુતો તરફ થઇ ગયે તેમને ચાંપી નાંખતાં આપણને ભારી પડે. માટે તારે તેના દરેક કામ ઉપર નજર રાખી મને ખબર આપ્યા કરવી. ઉપર ઉપરથી તને તેના હાથ નીચે લશ્કરી તાલીમ આપવાનું બહાનું બતાવી તને તેના તાબામાં મોકલુંછું, પણ મારી ખરી મતલબ તો તેના ઉપર બાતમી રાખવા મોકલવાની છે; કેમકે લડાઇમાં તું કેવો શૂરો છે તે હું જાણુંછું. તારે કાંઇ વિશેપ તાલીમની જરૂર નથી. વળી એવા મોટા વગવાળા સરદાર સાથે તું રહે ને તેની પ્રીતિ સંપાદન કરે, તો આગળ ઉપર હું તને પાદશાહી આપું ત્યારે તે તને મદદગાર થઇ પડે એ પણ મારી મતલબ છે!!

દુર્ગાદાસે કહ્યું કે ઓહો! એ કેવી ગત રમનારો છે. ઉપરથી ખુદાનો ડર બતાવે છે. ધાર્મિકપણાનો ઢોંગ લેઇ બેઠો છે, પણ એમના જેવો અધર્મી કોને કહેવો? એમનામાં સત્યનો અંશ તો છેજ નહિ. દગા ફટકા ને પ્રપંચમાં સત્ય હોય પણ ક્યાંથી? આજીમને રાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલચ આપે છે તે જુદી, મેઆજીમને આપે છે તે જુદી, અને તમને આપે છે તે પણ જુદીજ. દરેકને રાજ્ય આપવાની લાલચમાં લપટાવ્યા છે. દરેકને પોતાનો વહાલો કહી વખાણે છે; અને તે છતાં દરેક ઉપર અણવિશ્વાસ લાવી તેમના ઉપર બાતમીદાર રાખે છે. આહાહા ? કેવો પ્રપંચ, કેવું અસત્ય, કેવું ધાર્મિકપણાનું ધુતારૂં. હવે મને લાગે છે કે તમે તમારા સંબંધમાં ખાત્રી કરી જુઓ કે તૈબરખાનને તમારા ઉપર બાતમીદાર રાખ્યો છે કે નહિ ? અકબરને એ વાત ગળે ઉતર્યાથી તેને બોલાવવા મોકલ્યો.

તૈબરખાન આવ્યો. તેને અકબરે કહ્યું કે ખાન સાહેબ, તમને મારા ઉપર પ્રેમ છે કે નહિ. જો તમે મને ચાહતા હો તો હું પૂછું, તેનો સત્ય ઉત્તર આપજો. જો અસત્ય બોલો તો તમને કુરાનના સોગન છે. આપણને મારવાડ ઉપર મોકલ્યા ત્યારે પાદશાહે તમને ખાનગીમાં બોલાવી શી ભલામણ કરી છે ? તૈબરખાને પ્રતિજ્ઞા ઉપર કહ્યું કે મને કોઇનો ડર રાખવાનું કારણ નથી. દુર્ગાદાસ તો પાદશાહનો દુશ્મનજ છે, અને તમારા સંબંધી તો તે વાતજ છે, પછી અહિં ચોથું કોણ છે કે જુઠું બોલું ? વળી તમે કુરાનના સોગન આપ્યા છે એટલે બસ. હું જે કહું છું તે સત્યજ. પણ તેથી તમે મારા ઉપર ગુસ્સો કરશો નહિ. અથવા તેથી તમારા ઉપરથી મારો વિશ્વાસ અને પ્રેમ લગાર પણ કમી થયાં છે, એમ સમજશો નહિ. આપણો પ્રેમ અને વિશ્વાસ તો મુવે છૂટશે. તેમણે મને એકાંતમાં બોલાવી કહ્યું કે મારા શાહજાદા અકબરને તારા હાથ નીચે મોકલું છું. પણ રજપુતો ને તેમાં દુર્ગાદાસ ઘણો કપટી છે, તે મારા છોકરાને ભોળવીને રાજ્ય અપાવવાની લાલચમાં નાંખશે. જેવી રીતે મેં મારા બાપને કેદ કરીને અને ભાઇ ભત્રીજાઓને મારીને રાજ્ય લીધું છે, તેવી રીતે દુર્ગાદાસ તેને રાજ્ય અપાવવાની લાલચમાં ફસાવશે. માટે તે પ્રમાણે થાય નહિ તેની સંભાળ તમારે રાખવી. તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર મારો પૂર્ણ વિશ્વાસ હોવાથી માત્ર તમનેજ એ કામ સોપું છું. મહમદખાં તો ફૂટેલો જણાય છે. એકવાર એણે દગો કર્યો છે. માટે એને મળી જતાં વાર નહિ લાગે. તમે તેની પણ બહુ સંભાળ રાખજો. માત્ર તમેજ સંભાળથી દગો ન થાય, એમ ચેતતા રહેજો, ને વિજયશાળી થઇ વહેલા આવજો. આ કામ થયું એટલે મારા મુખ્ય સેનાપતિ ને પ્રધાન તમેજ થશો. તથા તમારા હોદ્દાને છાજતી મારવાડમાંની અજમેરની જાગીર તમને આપીશ. આ પ્રમાણે જે ખરી વાત બનેલી છે તે તમને કહી. પણ શાહજાદા એ વાતની તમને આજે ને અત્યારે શી જરૂર પડી તે જણાવો.

અકબરે કહ્યું કે કાંઇ પ્રસંગ ઉપર વાત નીકળતાં તેની જરૂર પડી. પણ જ્યાં સુધી તમે કાંઇ પણ વાત તમારે મોઢેથી બહાર ન જાય તેની પ્રતિજ્ઞા ન લો, ત્યાં સુધી સર્વ વાત કાંઇ બોલવા જેવી નથી. મને તમારા ઉપર વિશ્વાસ હોય માટે આ રજપુત સરદારને પણ હોવાનું સંભવતું નથી. વળી તમે મારા પ્રેમ પાત્ર છો તેમ તમારો પ્રેમ મારા પ્રતિ પણ છે. તમે મારૂં શુભ ઇચ્છનારા છો. મારો ઉદય થએલો જોવાને ચાહાનારા છો, ને મારા સુખ દુઃખમાં ભાગ લો તેવા છો, તેથી એ સર્વ વાત તમને કહેવી તો છેજ. માટે આ કુરાન ઉપાડો ને કહો કે હું તમને સહાય રહીશ, અને બનેલી વાત અહિંથી બહાર નહિ જાય. તૈબરખાંને તેમ કર્યું.

હવે દુર્ગાદાસે બોલવા માંડયું. તેણે કહ્યું કે હું રજપુત છું. તમારો શત્રુ છું. પરંતુ તમે જુઓ કે મેં તમને છત્યા છતાં દુસ્મનાવટ બતાવી છે? તમારા ઉપર અણવિશ્વાસ આણ્યો છે? તમારૂં અપમાન કર્યું છે? કિંવા તમે કેદી છો એવું સ્વપ્નું પણ આવે એવું આચરણ મેં કે મારા સરદારોએ તમારા પ્રત્યે કર્યું છે? હવે તમે સામી બાજુ જુઓ. અમે પરધર્મી છીએ એ વાત ખરી. પણ તેમ તમે પરધર્મી અમારા કબજામાં નહોતા? પરધર્મી તોપણ ખુદાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સર્વ પુત્ર છીએ. અને એ રીતે તો આપણે સર્વે ભાઇઓ છીએ. માટે આપણ સર્વેએ ભાઇચારાથી એક બીજા સાથે રહેવું જોઇએ. તેને બદલે તેમને દુઃખ દેવું, તેમના ઉપર જુલમ કરવો, તેમની વહુ બેટીની લાજ લૂંટવી કે લૂંટવા દેવી, વગર કારણે મુલક પચાવી પડવો અને પાયમાલ કરવો, પરધર્મી ગણી તેમના હક્ક ડુબાવવા, સ્વધર્મીને મોં માગ્યા હક્ક આપવા, પરધર્મીને સરકારી મોટી નોકરીમાં ન રાખવા ને ધર્મવેરા લેવા એ શું ઓછો અન્યાય? તમે અનુભવી છો એટલે તમારા જાણ્યામાં હશેજ. જશવંતસિંગજી ને પ્રથાસિંગજીને કેવા દગાથી મરાવી નાંખ્યા? ને તેમનો નિર્વંશ કહાડવાને બાળકુંવરને મરાવવાનો યત્ન કર્યો? અમારૂં રાજ્ય લેઇ કેવો ઘાતકી સરદાર મોકલ્યો! અમારો દેશ જુઓ કેવો પાયમાલ કરી નાંખ્યો છે? જજીઆ વેરો ને જાત્રા વેરો નાંખવાનું શાહજહાં પાદશાહના પુત્રને છાજે? સેનાપતિમાં, રાજ્યસભામાં, મોટા સુબાઓમાં, વજીરોમાં જુઓ હવે કોઇ ઠેકાણે તમે હિંદુ દેખો છો? જે હિંદુઓમાં માનસિંગ, મોહોબતખાં, ટોડરમલ, જયસિંગ, બીરબળ, જશવંતસિંગ એવા સરદારો ઉત્પન્ન થયા હતા, તે હિંદુઓમાં શું હવે તેવા સરદાર, સલાહકાર કે મંત્રી થતા નથી કે છેજ નહિ? જેમણે તાતાર ને કાબુલ, આશામ ને આરાકાનમાં જઇ લડાઇઓ કરી પાદશાહને વિજયશાળી કર્યા, તે શું આજે પાદશાહને સહાય ન કરે? પણ પાદશાહે પંડેજ પગ ઉપર કોવાડી મારવા માંડી. પાદશાહી ઇમારતનો પાયો કે પાદશાહી વૃક્ષનાં મૂળ ખોદવા માંડયાં, તે ઇમારત કે વૃક્ષ ટકશે? અને નહિ ટકે તો તેનું પરિણામ શું થશે? તમે શાણા છો તો વિચાર કરો. પાદશાહને કોઇ સારી સલાહ આપનાર પણ નથી?

તૈબરખાંએ કહ્યું, સલાહ આપનાર શું કરે? કાંઈ પાદશાહ માને એવો છે? એને કોઇનો વિશ્વાસ ન મળે. એટલે વખતે સલાહ આપનારનોજ ઘાત કરાવે. એવા ડરથી બધા હાજી હા કરેછે. બાકી જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધો અકબર, જહાંગીરને શાહજહાંનને સલાહ આપનારા હતા, તેમના જેવા તેમના વંશજો પણ આજે તેવીજ સારી સલાહ આપનારા છે. પણ તે માનનારા નથી. આલમગીર સર્વજ્ઞ હોઇ સર્વત્ર પહોંચી વળે એવું ગુમાન ધરાવેછે. દીર્ઘદષ્ટિવાળો ને સર્વશક્ત પોતાને માને છે. એટલે માથું ખોવાને અને સર્વસ્વ ગુમાવવાને જોખમે એને સલાહ આપવા કોણ જાય? પાદશાહે ધર્મભેદ કરી દેશમાં કુસંપનાં બીજ બોયાં છે, તેનાં ઝેરી ફળ થશે તે શું કોઇ નથી જાણતું? તેનાં વિષફળ થયાંજ છે. રજપુતો, મરેઠા, શીખ, વેરાગીઓ, એ લઢાઇ માંડી બેઠા છે તે શું અમને માલમ નથી? જ્યાંથી સહાય મેળવવાની તેજ આધારભૂત ડાળી કાપવાની હોય? પણ શું કરીએ? અમારી સલાહ સાંભળનાર કોણ છે? એક દેશમાં જન્મી ઉછર્યા, એટલે આપણ સર્વે એક દેશી ભાઇજ છીએ. પછી ધર્મ તો જેને ફાવે તે પાળે. ધર્મ કાંઇ બળાત્કારથી પળાવવાનો નથી. બળાત્કારથી કામ કરાવ્યું કેમ થાય? રાજી ખુશીથી સર્વે સારૂં થાય. ખુદાની દૃષ્ટિમાં આપણ સર્વે ભાઇ છતાં, ભાઇ ભાઇ ઉપર જુલમ કરે એ કેટલું અંધેર! પણ કરવું શું? અમને એનું પરિણામ ખુલ્લું જણાય છે કે મોગલાઇ ડુબશે ને સર્વે માંહો માંહે લઢીને પાયમાલ થઈ દેશની ખરાબી કરશે. અને કદાચ બેની લઢાઇમાં ત્રીજો ફાવી જશે. પણ અમને એ ખરાબી થતી અટકાવવાનો ઉપાય જડતો નથી.

દુર્ગાદાસે કહ્યું કે તેના ઉપાય તો છે, પણ અમારા એકલાથી બને તેમ નથી. તમો સર્વે એક દીલથી અમને સહાય કરો તો તે પાર પડે તેમ છે. એટલે અકબર ને તૈબર અધીરા થઇ તે ઉપાય પૂછવા લાગ્યા. ત્યારે દુર્ગાદાસ બોલ્યો. અમને પાદશાહનો ડર લગારે નથી. અમે એટલા મજબૂત છીએ કે કદાચ પાદશાહ આખા હિંદનું સૈન્ય લેઇ આવશે તોપણ અમે મારવાડમાં તો એનો પગ ટકવા દેનારા નથી. માટે અમને અમારી ફીકર લગારે નથી. તમારી સાથે અમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેહ થવાથી તમારા ભલા ખાતર અને મોગલાઇ સાથે અમારી કુંવરીઓ દીધેલી હોવાથી માત્ર મોગલાઇ પરના પ્રેમની ખાતર અમારે તો જે કરીએ તે કરવાનું છે. કાલે સવારે તમને પાદશાહ પાસે મોકલ્યા ને અમારા સરદારો પાછા લીધા એટલે અમે અમારા દેશમાં જઇશું. અમે જાણીએ છીએ કે પાદશાહમાં તાકાદ હશે, ત્યાંસુધી તે અમારા દેશ ઉપર ચઢી આવશે. પણ તે સાથે અમે એ પણ જાણીએ છીએ કે આખા દેશમાં બળવો જામ્યો છે. દક્ષિણમાં તો પાદશાહી સત્તા સરખી પણ નથી. ગુજરાત ને માળવા ગુમાવવાની અણી ઉપર છે. શીખ ને વેરાગી કાંઇ જંપવાના નથી. જાત્રા ને જજીઆ વેરાથી કોઈ હિંદુ સ્થિર પડવાનો નથી. તો પછી અમને પાદશાહ તરફનું ભય રાખવાનું કારણ શું છે? અતિશે થાય તે થોડા માટે. માટે અમારી તો ખાત્રી છે કે મોગલાઇનો સૂર્ય શાહજહાંનના વખતમાં મધ્યાનનો થયો હતો તે આલમગીરના વખતમાં અસ્ત પામશે. પછી અમારે ડર શાનો છે? તે છતાં ઉપર કહેલાં કારણોથીજ માત્ર અમારે તો જે કરીએ તે કરવાનું છે. અમારે તો માત્ર સહાયભૂત થવાનું છે. પણ તેમાં આગેવાની તમારી જોઇએ. જો તમારી ઇચ્છા હોય, મોગ-લાઈ અસ્ત પામતી બચાવવી હોય, દેશની પાયમાલી થતી અટકા-વવી હોય, હિંદુ મુસલમાનમાં સંપ કરી હિંદમાં એક છત્રે રાજ્ય કરવું હોય, તો પાદશાહે જે રસ્તો આપણને બતાવ્યો છે, તે રસ્તો આપણે ગ્રહણ કરો. તેમને ઉઠાડીને અકબરને ગાદી આપો. શાહજાદો એના ગુણ લક્ષણથી મહાન અકબરશાહ જેવો થાય એમ જણાય છે. વળી તેમની સહાયમાં તમે તો છોજ ને આખું રાજ્યસ્થાન થશે. આ સિત્તેર હજાર લશ્કર તમારૂં અહિં તૈયાર છે. કાલે તે પાદશાહને સ્વાધીન થશે. અલબત એ લશ્કરે કુરાનના સોગન ખાધા છે, એટલે તે અમારા સામી તરવાર નહિજ ધરશે. અને તેમ થશે એટલે પાદશાહ તેમને બીજી જગાએ મોકલી દેશની પાયમાલી કરાવશે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને કપાવી નાંખશે. કેમકે પાદશાહ એમનો પણ હવે વિશ્વાસ કરવાનો નથી. એ લશ્કર પાદશાહ પાસે ગયા પછી આવો સંજોગ મળવાનો નથી. માટે વિચાર કરો. હજુ વખત છે. અમે અમારાં સર્વ સહાયકારી સૈન્ય સાથે તમારે પડખે છીએ. ત્રણે શાહજાદાઓ ઘણે દૂર પડેલા છે. પાદશાહ એકલો થોડા લશ્કરથી અજમેર આવેલો છે. તેને ઘેરી લેઈ કેદ કરવો એ કાંઇ મુસ્કેલ કામ નથી. હાલ આપણી પાસે લગભગ દોઢ લાખ માણસનું સૈન્ય થશે. એટલા વડે તો આપણે આખી મોગલાઈ વશ કરીશું. રાજ્યસ્થાન તો આપણા પક્ષમાં છેજ. શિવાજી મહારાજને આપણા પક્ષમાં લેવા કાંઇ મુસ્કેલ નથી. કેમકે તેઓ પાદશાહના ધર્મના જુલમ સામા લઢેછે. કાંઇ મોગલાઇ સામા લઢતા નથી. જાત્રાવેરો ને જજીઆવેરો બંધ કરી હિંદુઓને અકબરશાહની માફક રાજ્યકાજમાં સામેલ રાખી ધર્મભેદ કહાડી નાંખી, ધર્મમાં સ્વતંત્રતા આપી એટલે શિવાજી મહારાજને લઢવાનું કારણ રહેશે નહિ. નાગોરવાળા ને નાનકપંથી તો એ વેરા માટેજ લઢેછે. એટલે એ વેરા બંધ થતાંજ એ લઢાઇઓ તો બંધ પડશે, પછી માત્ર તમારા ભાઇઓ રહ્યા. એ ભાઇઓ સંપીને રહેવા માગે તો સરદારી આપી સુબા બનાવવા. પણ જો લઢવાજ આવે તો તેમને હરાવવા કાંઇ મોટી વાત નથી. માટે મારી તો ઇચ્છા છે કે દિલ્લીની ગાદીએથી એ ગાદીનો ને મોગલાઇનો ક્ષય લાવનાર પાદશાહને ઉઠાડી તેની ગાદી શાહજાદા અકબરને આપવી. હવે તમારી સલાહ શી છે તે કહો.

દુર્ગાદાસની વાણી સાંભળી બંનેના મુખ ઉપર પ્રથમ લગાર તેજી આવી ને પછી લગાર ઝાંખા પડયા. બંને વિચાર સાગરમાં ડોલવા લાગ્યા. બંને કપાળે આંગળી મૂકી સુન થઇ ગયા. થોડીવાર પછી તૈબરખાં બોલ્યો. બહાદૂર દુર્ગાદાસ તમે જે કહ્યું તે યોગ્યજ છે. તેમજ થવું જોઇએ. જો તેમ નહિ થાય તો મોગલાઈ રહેવાની નથી. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોગલાઈ ગયા પછી અમે કોણ ગણતીમાં રહેવાના છીએ. માટે મોગલાઇને ડુબતી બચાવવી જોઇએ. મને અકબર ઉપર પ્રેમ છે. તેમ અકબર પણ મહાન અકબરશાહ જેવા સદ્‌ગુણી છે. એટલે એમના હાથથી મોગલાઇનું પુનર્જીવન થશે. તમારા જેવા સરદારો તે માનસિંગ ને ટોડરમલની ખોટ પુરશે. ખચીત મોગલાઈ તરશે. વળી પાદશાહે જે રસ્તો બતાવ્યો છે તેજ રસ્તે આપણે જવું છે. જે પાદશાહે કર્યું છે તે આપણે કરવું છે. તેમાં પાપ પણ શાનું? પાદશાહે તો પોતાના ભાઇ ભત્રીજાઓને મારી પાપ કર્મ કર્યું છે. આપણે તેમ કરવું નથી. આપણે બનતા સુધી તેમને મેળવી લેઇ રાજ્યસહાયક બનાવીશું. પાપ કર્મની ઇચ્છા આપણે કરવીજ નથી. પાદશાહે અકબરને ગાદી આપવાનું કહેલું છે, તે, ગાદી ગુમાવ્યા પછી ક્યાંથી આપવાના હતા? માટે હાલ ગાદી છે તેજ તેમને ઉઠાડીને તેમની ઇચ્છા પ્રમાણે તેમના વહાલા પુત્રને આપવી છે. એમાં દોષ શાનો? કેમ શાહજાદા તમારો શો વિચાર છે?

અકબરે કહ્યું, રાજ્ય એ સર્વેને વહાલું હોય. રાજ્યગાદી ઉપર બેસવાનું કોને ન ગમે? પણ મારા પિતાએ જે પાપ કર્યું તે પાપ કરીને મારે ગાદી લેવી કે નહિ, તેનો વિચાર હું કરૂં છું. તૈબરખાંએ કહ્યું કે એમાં અમને સ્વાર્થ છે? અમને તો કદાચ હોય, પણ આ બહાદૂર દુર્ગાદાસને શું? જો એમાં પાપ હોય તો તે કરવાને અમે ઉશ્કેરાઇએજ કેમ? તમને રાજ્યનીતિ માલમ નથી. જો કોઇ પાપ કરે છે તો તેને આપણે શિક્ષા કરીએ છીએ કે નહિ? તો પાદશાહે પાપ કરી ગાદી મેળવી છે, તે પાપની તેને શિક્ષા ઘટતી નથી? આપણે ક્યાં બીજી સજા કરીએ છીએ? પાપથી મેળવેલું આપણે માત્ર પાછું લેવાનું છે. અને તે એટલાજ માટે કે તે ઉપર આપણો હક્ક છે. પાપથી મેળવેલું પણ હક્કવાળું, તે પાપકર્મ કરીને કે અનાચાર કરીને ગુમાવે તો પછી આપણે શું લેઇએ? જે ઉપર આપણો હક્ક છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને અનાચાર કરીને ગુમાવવાનો હક્ક નથી. માટે એ આપણું ગુમાવે તે પહેલાં એ ગુમાવવા બેઠા છે એવી આપણી ખાત્રી થવાથી આપણે કબજે લેઇએ એમાં શું પાપ છે? એ આપણું ગુમાવવા બેઠા છે એ તો નક્કીજ છે. વળી તમે વિચાર કરો તો તમને જણાશે કે તમે એમ કરો એમાં પાપ નથીજ; પણ ઉલટું પુણ્ય છે. તમે જુઓ કે એમના જુલમથી ઠામ ઠામ કેવી લઢાઇઓ ચાલી છે? મારામારી ને કાપાકાપી કેવી થાય છે? દેશમાંથી આબાદી જઇ પાયમાલી પ્રસરી રહી છે. સર્વત્ર કુસંપનાં બીજ વાવ્યાં છે. એ એમના જવાથી બંધ થશે. ધર્મભેદથી થતી લઢાઇઓ બંધ થઇ ખુના મરકી થતી અટકશે. ન્યાય ને ધર્મમાં સ્વતંત્રતા પ્રસરી આબાદી પુનઃ સ્થપાશે. પાપ થતું અટકાવી પુણ્યનાં કામ કરવામાં શું થોડું પુણ્ય છે? માટે એ કામ કરવામાં તમે પાપનો વિચાર કહાડી નાંખો તમે ગાદીએ બેસી તમારા પિતા. એ જેમ એમના પિતાને દુઃખ દીધું, તેમ તમે ન દેતા. એટલે પછી પાપ શાનું? તમે ગાદીએ બેસી સુખનાં, આબાદીનાં, સલાહસંપનાં ને પુણ્યનાં કામ કરશો તો દેશનો તમે કેટલો આશીર્વાદ પામશો? હાલમાં તો તમે ને તમારો પિતા ગાળો ખાઓછો. માટે મને તો દુર્ગાદાસજીની સલાહ વાજબી લાગે છે. મહમદખાં પણ પાદશાહનાં જુલમી કામોને ધિક્કારે છે. તે આપણા પક્ષમાં આવશે એટલે પછી આપણું સર્વ સૈન્ય એક દિલજ છે એમ સમજવું. મારા સસરા ઇનાયતખાનની તો ફીકર રાખવાની નથીજ. એ તો જયાં હું ત્યાં એ. અને રજપુતો તો આપણે પક્ષે છેજ. તમે ગાદીએ બેસી ધર્મવેરા બંધ કરી ધર્મછુટનો ઢંઢેરો ફેરવશો ને નોકરી આપવામાં તમારા પિતાએ કરેલો ધર્મપ્રતિબંધ રદ કરશો, એટલે આખા હિંદની પ્રજા તમારા પક્ષમાં આવશે, લઢાઇઓ બંધ પડશે, સલાહ શાંતિ પ્રસરી આબાદી થશે, ને તમે ને તમારી પાદશાહત મજબૂત થઇ સુખી થશે, માટે બોલો શો વિચાર છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહજાદો શરમાઈને નીચું જોઈ બોલ્યો. સ્વાર્થ અંધ છે. તે ખરૂં ખોટું સૂઝવા દેતો નથી. આ કામમાં મારો સ્વાર્થ છે. એટલે હું અંધ થાઉં એ કુદરતી છે. પરંતુ જ્યારે તમે બંને બીનસ્વાર્થી છતાં એવી સલાહ આપો છો તો મારે તે કર્ત્તવ્ય છે. ઓ પ્રભુ, મને સદ્‌બુદ્ધિ આપજે અને મારાં હવે પછીનાં કામોમાં મને સન્માર્ગે દોરજે.

હવે એક તરફથી મહમદખાં ને બીજી તરફથી જયસિંગજીને બોલાવવા મોકલ્યા. બંને આવ્યા પછી તેમને પોતાની વાતથી તૈબરખાંએ વાકેફ કર્યા; અને તેમનો અભિપ્રાય પૂછયો. એટલે મહમદખાં બોલ્યો. પાદશાહે આદરેલાં જુલમી કામોથી મને એમની રાજ્યનીતિ લગારે પસંદ નથી. એમનાં એ કામો રાજ્યની ખરાબી કરવા લાગ્યાં છે. અને પરિણામે એમના વખતમાં કે એમના પુત્રના વખતમાં રાજ્યનો નાશ થશે, એમાં લગારે શક નથી. હિંદુ મુસલમાનમાં ભેદ બતાવવા માંડયો ત્યારથીજ મને તો એમના ઉપર અણગમો થયો છે. તેમાં આ બહાદૂર દુર્ગાદાસના ઘર ઉપર થએલો જુલમ નજરે જોવાથી વધારો થયો. જજીઆ ને જાત્રાવેરો એ દેશમાં કુસંપ વાવવાનાં બીજ છે, તે એમણે વાવ્યાં છે. અને તેમાં ધર્મભેદ બતાવી હિંદુઓને હોદ્દા આપતા બંધ કરી એ કુસંપના વૃક્ષને પાણી સીંચ્યું છે. તેનાં કડવાં ફળ ચાખવા માંડયાં છે તે આપણે જોઇએ છીએ. પાદશાહ એ રૈયતનો પિતા છે. એક હાથની કયી આંગળીમાંથી લોહી નહિ નીકળે ! બાપે તો પોતાની સર્વ પ્રજાને સરખી ગણવી જોઇએ. મારૂં તારૂં ને વહાલા અળખામણીનો વિચાર એના અંતઃકરણમાંથી ઉડવો ન જોઇએ. જે ઘરમાં માબાપ પોતાનાં સર્વ છોરૂંને એક સરખા પ્રેમથી ચાહે છે ને પાળે પોષે છે તે ઘરમાંજ સલાહસંપ, સુખ ને આબાદી વાસો કરે છે ને એથી ઉલટું ચાલનારનો પોતાનો ને ઘરનો જલદીથી વિનાશ થાયછે. માટે મોગલાઇ અસ્ત પામતી બચાવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા આપણી આબરૂ ને કુલીનતા સાચવવાને તમારી સલાહ પ્રમાણે કરવું એજ મને દુરસ્ત લાગે છે.

એટલે મહારાણા જયસિંગજી બોલ્યા. તમે જાણો છો કે અમારા મહારાણા રાજસિંગજી—મારા પૂજ્ય પિતાએ જજીઆ વેરો નહિ નાંખવા, ધર્મભેદ કહાડી નાખવા અને મહાન અકબરશાહની રાજ્યનીતિએ રાજ્ય ચલાવવા પાદશાહને શીખામણપત્ર લખ્યો હતો. એ પત્રની પાદશાહને કાંઇજ અસર થઇ નહિ. એણે હિંદુઓ ઉપર ઉલટો વધારે જુલમ કરવા માંડયો ને દગો કરી જેમ આ રાજ્ય ખાલસા કર્યું, તેમ બીજાં રાજ્યો પણ ખાલસા કરશે તો અમારી પણ છેવટે એજ ગતિ થશે, એવો વિચાર કરી અમે પાદશાહ સામા ઉઠયા છીએ. હવે મારવાડ દેશ તો સ્વતંત્ર થયો તે તમે જોયું છે. માળવા ને ગુજરાત અમે જીતી લીધાં છે. અને અમારી ધારેલી ઇચ્છા પાર પડશે નહિ ત્યાં સુધી અમે અમારાં હથીઆર મ્યાન કરવાના નથી. પાદશાહને કોઇનો વિશ્વાસ નથી ને અમને પાદશાહનો વિશ્વાસ નથી. અમે મુસલમાનોથી ઘણીવાર દગાથી છેતરાયા છીએ, એટલે તેમના બોલ ઉપર વિશ્વાસ રાખતાં પણ અમને અચકાવું પડે, એવાં આજ સુધીનાં એમનાં કાર્યો છે. આલમગીર જેવા જુલમીને ઉઠાડી, ધર્મભેદ અને ધર્મપ્રતિબંધ કહાડી નાંખી દેશમાં શાંતિ ને આબાદી ફેલાવે એવો પાદશાહ થાય એવું અમે ઇચ્છીએ તે સ્વાભાવિક છે. તેમાં તે કાર્યમાં મદદ કરવી એ ખુશાલી ભરેલું કાર્ય હું સમજું છું. શાહજાદાના સંબંધથી એમના સદ્‌ગુણો મારા જાણવામાં આવ્યા છે. તેથી એ શાહજાદો પાદશાહ થાય એવું હું ઇચ્છું છું. મારા અંતઃકરણ પૂર્વક હું એમને સહાય કરીશ. તથા આ બાબત હું મહારાણા શ્રીને સૂચના આપીશ. પરંતુ આપણા પાંચ જણામાં કોઇ દગો કરે નહિ એવી પ્રતિજ્ઞા લેવાવી જોઇએ. તમે ત્રણે કુરાન ઉઠાવો ને અમે બંને ગીતાજી ઉઠાવીએ છીએ. પછી આપણે સરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી કે શાહજાદા અકબરને ગાદીએ બેસાડવામાં અને એમને ગાદી ઉપર ટકાવવામાં અમારે સહાય કરવી, અને શાહજાદાએ ગાદીએ બેઠા પછી મહાન અકબરશાહની રાજ્યનીતિ ચલાવવી—જજીઆ ને જાત્રા-વેરા બંધ કરીને, સર્વ પ્રજાને ધર્મ પાળવામાં સ્વતંત્રતા છે એવું જાહેર કરીને, નોકરી આપવામાં મારૂં તારૂં કે ધર્મી પરધર્મી નહિ જોતાં લાયકાત પ્રમાણે નોકરી આપીને ધર્મભેદ ને ધર્મપ્રતિબંધ કહાડી નાંખી જુલમ અટકાવવો ને જેનું જે હોય તે તેને નિર્બાધપણે ભોગવવા દેવું. અકબરે એ સર્વ માન્ય કર્યું અને સર્વેએ મહારાણા જયસિંગજીના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા લીધી.

હવે શાહજાદા અકબરનો વારો આવ્યો. તે બોલ્યો, મિત્રો, હવે કાંઇ મને પૂછવાનું નથી. રાજ્યહિત માટે જે સારૂં હોય તે કરવું, તેમાં આપણું ને દેશનું કલ્યાણ છે. મારા પિતાનો મારા ઉપર પ્રેમ છે અને મને રાજ્ય આપવાનું વચન આપ્યું છે. પરંતુ તેમનું બોલવું સત્ય હોય એમ જણાતું નથી. મોંઢેથી બોલવા જેવી એમની કરણી નથી. બોલી ને કરણી નીરાળી છે. એમને મારા ઉપર વિશ્વાસ નથી ને બીજા કોઇ ઉપર પણ વિશ્વાસ નથી. જેમ મને લાલચ આપે છે ને અણ-વિશ્વાસથી મારા ઉપર બાતમીદાર રાખે છે, તેમ મારા ભાઇઓ માટે પણ હશેજ. અણવિશ્વાસથી બાતમીદાર રાખે તો તે યોગ્ય છે. પણ પ્રેમ બતાવે ને અણવિશ્વાસ રાખે તે ખોટું છે. રાજાએ કહેવું કાંઇ ને કરવું કાંઇ એ રાજ્યનીતિની અસત્યતા હું ધિક્કારૂં છું. પિતા એક પુત્રને કાંઇ લાલચ આપે, બીજાને કાંઇ આપે ને ત્રીજાને કાંઇજ કહે, એ પિતા મુરબ્બીપણાને યોગ્ય નથી. પિતાએ ને રાજાએ પોતાની પ્રજાને એક સરખી ગણી વિશ્વાસ રાખવો જોઇએ. વહાલા કહી અવિશ્વાસ લાવવો એ અતિશય બૂરૂં છે. મારા નામરાશી મારા વડૅાવાની રાજ્યનીતિ વખાણવા જોગ હતી. તેઓ સર્વને સરખા ગણી વિશ્વાસ લાવતા એટલુંજ નહિ, પણ અણવિશ્વાસ લાવવા જેવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રનાં કાર્ય જોઇને પણ પિતાને શોભતા મહાન મનથી પુત્રના અવગુણ મનમાં ન લાવતાં, તે માફ કરી શિખામણ દેતા. ખરો રાજા કે ખરો પિતા તેજ છે કે જે પોતાની પ્રજામાં સંપ ફેલાવે, કુસંપ દૂર કરી તે સુખી થાય એવા યત્ન કરે, દુર્ગુણ દૂર કરવા શિખામણ દેઈ ગુના માફ કરી ભયની સાથે પ્રેમ ઉત્પન્ન કરે. પાદશાહમાં તેવો એકે ગુણ ન છતાં ઉલટા દુર્ગુણો છે. પુત્રો, પરિવાર, રાજ્ય સરદારો, સઘળા સંપી સુખી થઇ રાજ્યમાં શાંતિ ફેલાવે એવા ઉપાયો નહિ કરવાથી સર્વત્ર અશાંતિ, ફાટફુટ, કુસંપ ને મારામારી ચાલી રાજ્ય ડુબવાની અણી ઉપર આવ્યું છે. પાદશાહત નાહક દરીઆમાં ડુબી ગલકાં ખાય છે. તેવે ટાંકણે આપણે તેને આધારભૂત થઇ, બહાર કહાડી બચાવવી એ હું ધારૂં છું કે આપણી પ્રથમ ફરજ છે.

આ સાંભળી સઘળા આગેવાનોએ પોત પોતાના તાબાના સરદારોને સમજાવી દીધા ને ત્યાંથી મુકામ ઉઠાવી ખોડ ગામમાં આવી અકબરને ગાદીએ બેસાડયો તથા સઘળાઓએ અકબરને મળતા રહી છેવટ સુધી અકબરનેજ સહાય કરવાની પ્રતિજ્ઞા લીધી. એમ કરતાં તેઓ અજમેરથી દોઢ કોશ પર બુધવાડા ગામ છે ત્યાં આવી મુકામ કર્યો. પાદશાહ અજમેરમાં ભરાઇ બેઠો. બુધવાડેથી લશ્કરની તથા સરદારોની અદલાબદલી કરવાનો ઠરાવ કરવાને સરદાર ઇનાયતખાનને દુર્ગાદાસે પાદશાહ તરફ મોકલ્યો. ઇનાયતખાન રજપુત કેદીઓને લેઇ બુધવાડે આવે ને મુસલમાન કેદીઓને લેઇ તૈબરખાં અજમેર જાય એવો ઠરાવ હતો. રજપુત કેદીઓ આવે કે મુસલમાન કેદીઓએ અજમેર જઇ પાદશાહના લશ્કર ઉપર હુમલો કરવો ને રજપુતોએ બીજી તરફથી હલ્લો કરી પાદશાહને કેદ પકડવો અને ત્યાંથી સર્વેએ દિલ્લી જઇ અકબરને વિધિપુરઃસર રાજ્યાભિષેક કરવો એવું ઠરાવ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪ મું.

એકકો તૂટયો.

દુહો.

બળ બુદ્ધિ ધન ખરચીને, કરતાં કોટિ ઉપાય;
જનનું ધાર્યું થાય નહિ, ધાર્યું ધણિનું થાય.

મનુષ્યની ધારણા ગમે તેવી છતાં તે ફળીભૂત થવી ઈશ્વરાધીન વાત છે. મનુષ્ય ધારે છે કાંઇ ને પરિણામ આવે છે કાંઈ. ઈશ્વરની ગતિ ગહન છે તે કોઇથી કળાતી નથી. તે ધારે તો જોષીઓના જોષ, વિધાત્રીના લેખ, ને ભવિષ્યવાદીઓનું ભવિષ્ય ખોટું પાડે. તેની આગળ ક્ષણભંગુર દેહધારી મનુષ્યનું શું ગજું છે? તે ક્ષણમાં જળને ઠામે સ્થળ ને સ્થળને ઠામે જળ કરી મૂકે છે. મોટા પહાડો ને પહાડો ઉરાડી મૂકી દરીઆમાં નાંખી દેઇ દરીઓ પૂરે છે ને જ્યાં પહાડો હોય ત્યાં દરીઆ કરી મૂકે છે. માટે મનુષ્ય તું એમ ન ધારતો કે જે થાય છે કે કરે છે, તે તુંજ કરે છે. ઈશ્વરની સહાયતાથી કે તેની ઈચ્છાથી થાય છે, એમ સમજ. કાલે રાત્રે દિલ્લીના પાદશાહને અને તેના મુઠીભર લશ્કરને કેદ કરવાને આખા રજપુત લશ્કરે અને સિત્તેર હજાર પાદશાહી લશ્કરે તથા તેના આગેવાનોએ ઠરાવ કર્યો છે. તેઓ એમજ જાણે છે કે કાલે આપણે પાદશાહને કેદ કરી દિલ્લી જઇ અકબરને ગાદીનશીન કરીશું. પણ ગરીબ બિચારા મનુષ્ય, તને માલમ છે કે ઈશ્વરે તેમાં શું ધાર્યું છે? કાર્ય તો બહુ ઉમદા હતું, દેશને બહુ લાભકારી હતું, પણ દેશને અને અકબરને વિધાત્રી–પ્રારબ્ધ પ્રતિકૂળ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણુવિશ્વાસુ ઔરંગજેબનાં રાખેલાં ખાતમીદાર મનુષ્ય પૈકી એકના સમજવામાં આ ઠરાવ આવ્યો. તે જાતે મુસલમાન મોલવી હતો. મોલવી સાહેબ, યા અલ્લા, કરતા મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કાફરોએ શું માંડયું છે? હિંદુ કાફરોએ શાહજાદાને રાજ્ય-લોભથી કેવો ભોળવી નાંખ્યો છે? શાહજાદો તો હજુ બાળક, અજ્ઞાન, રાજ્ય ખટપટથી અજાણ્યો ને કાફરો તરફ દયા દૃષ્ટિથી જોનારો છે, તે કદાચ ઠગાય, પણ તૈબરખાં જેવો ઠરેલ, ખરો મુસલમીન છતાં પાદશાહ જેવા ધર્મચૂસ્ત મુસલમાનને પદભ્રષ્ટ કરવામાં સામેલ થાય, એ કેવો દગો કહેવાય? એ કેવી નીમકહરામી? આલમગીર જેવો ખરો મુસલમીન પાદશાહ આજ સુધી કોઇજ થયો નથી. કાફરોને મારી તેમનાં દેવળોની જગાએ મસીદો બંધાવનાર, પુરાણોની જગાએ કુરાનો વંચાવનાર, વેદનાં પુસ્તકો પાણીમાં બોળી મૂર્ત્તિઓ મસીદમાં ચણાવનાર, ખરો મુસલમીન પાદશાહ આલમગીરજ છે. એ પેલા કાફર પાદશાહ અકબરને વખાણે છે. પણ મુસલમાન ધર્મની આજ્ઞા તોડનાર ને કાફરોને આશ્રય આપનાર એ પાદશાહને હું તો અંતઃકરણથી ધિક્કારૂં છું અલ્લાઉદ્દીન ને સિકંદર કે જેણે કાફરોનાં ખુન કરી લોહીની નદીઓ વહેવડાવી, દેવળો તોડી મસીદો બંધાવી, મૂર્ત્તિઓ તોડી મસીદમાં ચણાવી, એજ ખરા મુસલમાન પાદશાહ કહેવાય. આલમગીર તો એમના કરતાં પણ ઉત્તમ છે. બ્રાહ્મણોની જનોઇઓ ઉતરાવી તેનાં દોરડાં કરાવ્યાં, ને હિંદુને વટાળી મુસલમાન કર્યા. નાનકપંથી ને સતરામીઓનાં માથાં ઉડાવી નાખી નમાવ્યા, સરકારી નોકરીમાંથી કાફરનું મૂળ કહાડયું ને હમ ધર્મીઓનાં માન વધાર્યાં. કાફર ધર્મ માનનારા ઉપર માથા વેરો નાંખ્યો ને જાત્રાઓ ભરાતી બંધ પાડવા જાત્રા વેરો નાંખ્યો. આ પ્રમાણે કાફરોનું માન મોડનાર, તેમનું બળ તોડનાર, ને દીનનો ઝુંડો હિંદમાં સર્વત્ર રોપનાર આલમગીર જેવો બીજો પાદશાહ આપણને કયો મળનાર છે? માટે આવતા ભયમાંથી તેને બચાવવોજ જોઇએ, નહિ તો તે કેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પકડાયા પછી ને કાફર અકબર જેવોજ આ તેનો એક નામી પાદશાહ થશે તો દીનનું પડી ભાગશે ને કાફરોનું બળ જામશે. માટે તે અટકાવવુંજ જોઇએ. પાણી વહી ગયા પછી પાળ બાંધવી શા કામની ? પાણી વહી જતા પહેલીજ પાળ બાંધવી જોઇએ. અને તે મારા વગર બીજું કોણ બાંધનાર છે ? આપણે અકબરને કે તૈબરખાંને શિખામણ દેવા જઇએ તો તે રાજ્યલોભ છોડી પોતાનો દઢ ઠરાવ કાંઇ ફેરવનાર છે ? તેમને શિખામણ દેવા જતાં કદાચ આપણે પણ માથું ખોઇએ. માથું ખોતાં પણ કાર્ય તો સુધરે નહિ. માટે માથું રહે, કાર્ય થાય, અને ઇનામ મળે એવી યુક્તિ કરવી જોઇએ. યુક્તિની પણ ક્યાં જરૂર છે ? ચાલો આપણેજ જઇ પાદશાહને જાહેર કરીએ. આજે રાત્રે જળ જંપ્યા પછી આપણું કામ આપણે સાધીશું. પાદશાહ ક્યાં દૂર છે? અજમેર દોઢ કોશ છે. તે આપણાથી પગપાળા એક કલાકમાં જવાશે. પણ મારે હમણાં તો મોમાંથી વરાળ પણ બહાર કહાડવી ન જોઇએ. યા ખુદા?

બુધવાડેથી અમુક દિવસે અમુક વખતે તે કેદીઓ અદલબદલ કરવાનું પાદશાહ સાથે નક્કી કરી ઇનાયતખાન પાછો આવ્યો. જે દિવસે કેદીઓ અદલબદલ કરવાના હતા, તેની પહેલાંના દિવસની સવારમાં દુર્ગાદાસના તંબુમાં તેના નોકરના હાથમાં એક કાગળનો બીડો આવ્યો. એ બીડો શાહજાદા અકબરના નામનો હતો. ચાકરે તે દુર્ગાદાસને આપ્યો દુર્ગાદાસે અકબરના નામનો બીડો લેઇ વિચાર કર્યો કે આ બીડો અકબરને કોણે લખ્યો હશે ? પાદશાહે તો નહિ લખ્યો હોય ? બીજો તો લખે પણ કોણ ? મને લાગે છે કે પાદશાહે મોકલેલો છૂપો બીડો લાવનાર માણસે અજાણતા રાત્રે અકબરનો તંબુ સમજી અહિં નાંખ્યો હશે. વારૂ જોઉં તો ખરો કે અંદર શું છે ? આપણે દગો કરવો નથી. પરંતુ એ દગાખોર મુસલમાનોનો ભરોંસો પણ શો ? બીડો ખોલી અંદર જોતાં તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારો પત્ર પહોંચ્યો છે. તમારી યુક્તિ હું મંજુર કરૂં છું; અને એ બદલ તમને શાબાશી આપું છું. મેં તમારા ઉપર બતાવેલા પ્રેમનું તમને ખરેખરૂં સાર્થક કરનારા જોઈ હું ખુશી થાઉં છું. અને ખુદા પાસે માગું છું કે તમને દીર્ઘાયુષ્ય આપે. કાફર લોકોને બળથી નહિ તો કળથી કે છળથી પણ મારવા, વટાળવા ને તેમનો નાશ કરવો. એમાંજ પુણ્ય ને જય છે. ખુદા પણ એથીજ રાજી થાય છે. તમે કાફરોના પક્ષમાં રહી અમે આવીએ તે વખતે તમે પાછળથી હુમલો લાવશો તેમાંજ ડહાપણ છે. બે લશ્કરની વચ્ચે ઘેર્યાથી કાફરોનો નાશ પણ થશે. તમારો સોબતી તૈબરખાં પણ તમારા મતને મળેલો જોઈ હું બહુ રાજી થયો. ખાંસાહેબ પણ ખરા ધર્મચૂસ્ત છે. એટલે એ કાફરોનો નાશ કરવામાં સામેલ થાય એમાં નવાઇ નથી. પણ તમે બંને બહુ સાવચેતી રાખજો. દુર્ગાદાસ પાકો ઠગ ને લુચ્ચો છે. માટે તમારી યુક્તિ તેના કબ્યામાં ન આવે એવી સંભાળ રાખજો. નહિ તો આરે આવેલું વહાણ ડુબશે ને હાથમાં આવેલા કાફરો સટકી જશે. આવેલો ફકીર તમારા લશ્કરનાં આવી તમારા તંબુમાં કાગળ નાંખી ચાલ્યો જશે. સંભાળજો. કોઇનો ભરોંસો કરતા નહિ."

આ પત્ર વાંચી દુર્ગાદાસનો ભરોંસો અકબર ઉપરથી ઉઠી ગયો. શેરખાં એ જોધપુરનાજ રાજા માલદેવના વખતમાં પોતે ન ફાવ્યો ત્યારે જેવી યુક્તિ કરી ફાવી ગયો હતો, તેજ યુક્તિ આલમગીરે આ સમયે સંકટમાં આવ્યો ત્યારે કામે લગાડી. પરંતુ દુર્ગાદાસના તે કબ્યામાં ન આવી. તેણે બીડા ઉપર પાદશાહી મોહોર જોઇ. એટલે મુસલમાનોએ પાછલા કાળમાં હિંદુઓ ઉપર દગાથી મેળવેલી જીતો તેને યાદ આવી. તે સમજ્યો કે પાદશાહે લખ્યું છે તે અક્ષરે અક્ષર ખરૂં છે. કોઈનો ભરોંસો કરવો નહિ ને સંભાળ રાખવી પાદશાહે જે અકબરને લખ્યું છે તે મારે સમજવાનું છે. પણ હવે વિચાર કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત ખોવો કામનો નથી. સવારનો પોહોર હતો. કાગળ ગજવામાં મૂકી તરવાર હાથમાં લીધી ને જયસિંગજી રાણાના તંબુ ઉપર ગયો. રાણાને તાડબતોડ કાગળ બતાવી ઠરાવ કર્યો કે કદાચ પાદશાહી લશ્કર અજમેરથી નીકળી ચુકયું હશે, અને વખત ખોતાં આ દગાખોર મુસલ્લા આપણા ઉપર ફાવી જશે. માટે માંહોમાંહે મૂખ્ય પટાવતોને બોલાવી ચેતાવી દીધા તથા મુસલમાન કેદીઓ ઉપર બરાબર દેખરેખ રાખવાનું ફરમાવ્યું. એમ કરતાં રાત્રિ પડી. સર્વત્ર શાંતિ પ્રસરી ને જળ જંપ્યું. પણ રજપુત લશ્કર જંપ્યું નહોતું. તેઓ સર્વે સાવધ થઇ સજ્જ થએલા હતા. રાત્રિના બાર વાગ્યે જ્યારે અકબર, તૈબર, ને મહમદ ઉંઘતા હતા ત્યારે દુર્ગાદાસ, જયસિંગજી, શામળદાસ ને બીજા પટાવતો તથા રજ-પુત લશ્કર ઘોડેસ્વાર થઇ એક મુકામ દૂર જવાની તૈયારી કરતા હતા. સુમારે એક વાગે સર્વે ચુપાચુપ નીકળી સવાર થતામાં તો તેઓ એક મજલ પાછા ગયા ને વળી આગળ ચાલ્યા. એમ કરતાં તેઓ અરવલ્લીની ખીણમાં દેબારીની નાળ પાસે આવી પહોંચ્યા. ત્યાં તેઓ થંભ્યા. ત્યાં તેમણે વિચાર્યું કે હવે ગભરાવાનું કે દગો થવાનું કારણ નથી. હવે સર્વે મુસલમાની ફોજ સામી આવશે તોપણ હરકત નથી. આ જગા પહાડી ને વિકટ એવી છે કે આપણે મુસલમાનોને ફાવવા દેઇશું નહિ. આ દેબારીના નાકા આગળ આપણે બેસો. મુસ-લમાનો આવે તો આપણે પાછા હઠી નાળમાં જવું. શામળદાસને બાતમી રાખવા હરોલમાં મોકલ્યો. એક બાજુ જયસિંગજી અને બીજી બાજુ દુર્ગાદાસનો ભાઇ જશકરણ એ બંનેને બંને ડુંગરા ઉપર રાખ્યા; તે બાજુથી મુસલમાનો ઉપર મારો ચલાવે. શામળદાસ મુસ-લમાનોને આવતા દેખી આડફેટા થઇ જાય. ને મુસલમાનો નાળમાં પેસે કે પાછળથી મારો ચલાવે. દુર્ગાદાસે નાળમાં પાછા હઠી મુસલ-માનોને અંદર પેસવા દેઇ સામા થવું એટલે ચારે તરફથી ડુંગ-રાની ખીણમાં મુસલમાનો ઘેરાઇને કાં તો માર્યા જશે કે તાબે થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વગર બીજો ઉપાય નથી. આ યુક્તિ સર્વેએ મંજુર કરી સર્વે-જણા પોત પોતાની જગા સંભાળવા લાગ્યા. શામળદાસ જે અકબર સામા લઢનાર જેમલ મેડતીઆનો વંશજ હતો, તે ખરોજ પ્રતાપી ને બહાદૂર હતો. તે હરોલમાં રહી બાતમી કહાડવા ગયો.

આણી તરફ સવાર પડી. રજપુતોની છાવણી ઉજાડ પડેલી જોઇને અકબર ગભરાયો. તે તૈબરખાંને બોલાવી પૃછવા લાગ્યો કે રજપુતો રાત્રિમાં ક્યાં ગયા ને કેમ ગયા ? આપણને પૃછ્યા વગર કે કહ્યા વગર ઠરાવ કરેલો પાળ્યો નહિ ને ગયા એનો ભેદ શો ? ખાં સાહેબ બોલ્યા કે શાહજાદા તેમને તમારા ઉપર ભરોંસો આવેલો નહિ હોય, તેથી તે તમને તજીને જતા રહ્યા. પણ તમને છેડયા કે દુઃખ દીધા વગર ગયા, તે ઉપરથી સમજાયછે કે તેઓ તમને તજી ગયા,. પણ તે માત્ર અણવિશ્વાસથીજ. નહિ તો તેમને દગો કરવો હોત તો આપણ સર્વે તેમના કબજામાંજ હતા. તેઓ જેમ વગર હરકત કરે જતા રહ્યા તેમ રાત્રે આપણા ઉપર છાપો મારી આપણને કાપી નાંખ્યા હોત તો તેમને કાંઈ વાર હતી ? વળી જોધપુરમાં તો આપણું કોઇજ નહોતું. હથીઆર વગરના સર્વે હતા. તોપણ આપણી સાથે ભાઇચારાથી ચાલ્યા છે. તેઓ ખરાજ ખુલ્લા દીલના ને ભોળા પણ દુસ્મનની પરોણાગત કરનારા ને દયાળુ છે. પડયા ઉપર પાટું મારનારા તેઓ નથી. પરંતુ તેઓ ગયા તે માત્ર અણવિશ્વાસથીજ. આપણો તેમને વિશ્વાસ ન આવ્યો. નહિ આવવાનું કાંઇ કારણ બનવું જોઇએ. અને તે કારણ બનાવનાર પાદશાહ કે પાદશાહના પક્ષનો કોઈ સરદાર જોઇએ. કાંતો આપણી વાત પાદશાહના કળવામાં કોઇ રીતે કોઇ પાપી મનુષ્ય મારફત આવી હોય, તેથી એણે આપણી ને રજપુતોની વચ્ચે ફુટ પડાવવા માટે કાંઇ યુક્તિ રચી હોય; કે પછી કોઇ દગાખોર સરદારના કોઇ બોલ ઉપરથી તેમને દગો ભાસ્યો હોય. ખુદા કરે તે ખરૂં. પણ હવે કરવું શું ? એટલામાં મહમદખાં પણ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યો. તેમણે નક્કી કર્યું કે આ ફાટફુટ પાડવાની યુક્તિ કરનાર પાદશાહજ હશે એમાં શક નથી. આપણને રજપુતોથી છુટા પાડી આપણો નાશ કરવાનું પાદશાહે નક્કી કર્યું હશે. પણ એ એની મુરાદ બર લાવે તે પહેલાં આપણે સાવધ થાઓ. કદાચ પાદશાહ લશ્કર લેઇ આપણાજ ઉપર હુમલો લાવશે. કદાચ આપણા લશ્કરમાં પણ ફાટફુટ કરી હશે. તેમાં પણ દગાનાં બીજ વાવ્યાં હશે. માટે સાવધ થાઓ. તેમણે વિચાર કર્યો કે પાદશાહે બોલાવેલા આઝીમ ને મોઆઝીમ કદાચ લશ્કર લેઈ આવી પહોંચશે, તો આપણો નાશ નક્કીજ થશે. માટે અકબરને તો બચાવવો જોઈએ. પણ તે શી રીતે કરવું ? આપણાં થોડાં પણ વિશ્વાસુ માણસ આપી રજપુતો ગયા તે રસ્તે તેમને પાછળ મોકલો. દુર્ગાદાસ એવો ઇમાની છે કે એ દગો નહિજ કરે. અને એ જોશે કે અકબર નાશીને આપણે આશ્રયે આવ્યો છે, તેનો વિચાર દગો કરવાનો નહોતો. માત્ર પાદશાહે કપટથી તેમને છેતર્યા છે, તો તે શરણે આવેલાનું રક્ષણ કરશેજ. આપણે બંને અકબરના ગયા પછી આપણું લશ્કર લેઇ પાદશાહ ઉપર ચાલો. જો મોઆઝીમ ને આઝીમ આવી મળ્યા નહિ હોય તો પાદશાહને હરાવી કેદ કરીને દુર્ગાદાસ પાસે લઇ જઇ સોંપીશું ને એને બતાવીશું કે અમે કેવા તેના વિશ્વાસપાત્ર છીએ. પ્રથમથીજ આપણી દાનત દગો કરવાની નહોતી એમ સાબીત કરી આપીશું. પરંતુ જો બંને ભાઇ પાદશાહની સહાયમાં આવી મળ્યા હશે તો બેહેતર છે કે આપણે લઢીને મરવું. કેમકે આપણો દગો પાદશાહે જાણ્યા પછી પાદશાહ આપણને જીવતા રાખશે ? નહિજ. તો હરામખોરને હાથે મરવા કરતાં બહાદૂરીથી લઢાઇમાં લઢતાં કાં નહિ મરવું ? વળી એ રીતે મરવાથી દુર્ગાદાસની પણ ખાત્રી થશે કે આપણે એના દગાખોર મિત્ર નહોતા, પણ વિશ્વાસપાત્ર મિત્ર હતા. આ પ્રમાણે વિચાર કરી પચીસ સવારો આપી અકબરને રજપુત સૈન્ય ગયું હતું તે માર્ગે મોકલ્યો. ત્યાં માર્ગમાં શામળદાસ મેડતીઓ મળ્યો. પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીસ સવારો સાથે અકબરને આવતો જોઇ શામળદાસ તેની સામો થયો. શામળદાસ પાસે પાંચશો મેડતીઆ હતા. શામળદાસ લઢવાને સામો આવેલો જોઈ અકબરે કહાવ્યું કે ભાઇ, અમે લઢવા આવ્યા નથી. મેમાનને નહિ મારવા એ રજપુતના ધર્મથી ઉલટા કેમ ચાલો છો ? પચીસ સવાર શું કરવાના છે એમ ધારી શામળદાસ સામો થતો અટકયો. એટલે અકબર આવીને ભેટયો ને તેને સર્વવાતથી વાકેફ કર્યો. શામળદાસે ભોમીઓ આપી તેને દુર્ગાદાસ પાસે મોકલ્યો ને પોતે પોતાની જગા સંભાળતો રહ્યો.

આ તરફ તૈબર ને મહમદ લશ્કર તૈયાર કરી સજ્જ થઈ અજમેર તરફ ચાલ્યા. માર્ગમાં પાદશાહી લશ્કર સામું મળ્યું. મોઆઝીમ ને આઝીમ પણ પોત પોતાનાં લશ્કર સાથે આવી પહોંચ્યા હતા. તેમનું એકત્ર લશ્કર અર્ધ રસ્તે મળ્યું. એટલે મોલવી સાહેબ પાદશાહને કહેવા લાગ્યા કે કાફરોનું લશ્કર આવે છે. ખરેખરું તો એ લશ્કર કાફરોનું નહિ પણ હમ જાતિઓનું હતું. તૈબરખાં ને મહમદખાંએ બહાદૂરીથી લઢાઇ કરી. તેમણે જોયું કે પાદશાહની સહાયે એના બંને શાહજાદાનાં લશ્કર પણ આવી મળ્યાં હતાં. તેથી તેમણે જીવવાની આશા છોડી હતી. તેઓ જીવ ઉપર આવી જુસ્સાથી પાદશાહી લશ્કર ઉપર તૂટી પડયા. પણ જેવા એ બહાદૂરીથી ઉલટમંદ જુસ્સાથી લઢતા હતા, તેવા બીજા નહોતા. તેમનાં અંગી માણસો સિવાય કેટલાક સરદારોને લાલચ આપી પાદશાહે ફોડયા હતા ને કેટલાક ધર્મચૂસ્ત ધર્માંધ સરદારો અકબર કરતાં આલમગીરને વિશેષ ચહાનારા હતા. તેમનામાં ઉમંગ શાનો હોય ? તેમાંના કેટલાક અલગ રહ્યા, કેટલાક પાદશાહ તરફ જતા રહ્યા ને થોડાક તૈબર ને મહમદ ઉપરના પ્રેમની ખાતર તેમની પડખે લઢતા ઉભા. તૈબરખાં ને મહમદખાંએ જુસ્સાથી હુમલા કર્યા, લશ્કરને પોતાનો દાખલો આપી ઉશ્કેર્યા, પણ સૌ વ્યર્થ ગયું. છેવટે પાદશાહનો જીવ લેવાના ઇરાદાથી તૈબરખાં તેના હાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ધસ્યો ને એકજ ઝટકે માવતને માર્યો. પણ તેજ ક્ષણે તેના બે કડકા થઈ તે હેઠો પડ્યો. બીજી તરફ મહમદખાં આજીમને મારવા ગયો, તેમાં તે પણ મરાયો. એ રીતે એ આગેવાન મરાયાથી તેમનું લશ્કર હિંમત હારી ગયું. કેટલાક નાશી છૂટયા ને કેટલાક નાસતાં મરાયા. કેટલાક રણમાંજ પોતાના સરદારની પડખે રહી લડાઈમાં મરાયા. આ પ્રમાણે આલમગીરનો નાશ કરવાની ઇચ્છા રાખનારાની આશા નિષ્ફળ ગઇ, કુદરતની ગતિ ન્યારીજ છે. મનુષ્ય ધારે છે કાંઈ ને પરિણામ થાય છે કાંઈ.

પ્રકરણ ૧૫ મું.

દેબારીનું યુદ્ધ.

દુહો.

દુર્ગાં આશકરણરા, થારી દોય બાતાં અથાહ.
શાહજાદો શરણે રહે, પેશ ભરે પદશાહ.

અર્થ સ્પષ્ટ છે.

આ તરફ અકબર દુર્ગાદાસની છાવણીમાં જઈ મળ્યો. સર્વ વાતચીત થતાં ભરમ ખુલ્લો પડી ગયો ને પાદશાહનો દગો સમજાયો. પણ અવસર ગયો. અત્યાર સુધીમાં તો તૈબરખાં ને મહમદખાં લઢીને હતા નહોતા થઇ ગયા હતા. હવે પાછા ફરી રજપુતોથી તેમને મળી શકાય તેમ નહોતું. બંને પક્ષે ઉતાવળ કરી હતી. થવાનું હતું તે થયું. ભાવી મિથ્યા થતું નથી. એમ વિચારી દુર્ગાદાસે અકબરને પોતાને આશ્રયે રાખ્યો. તે ધારતો હતોજ કે જો બંને શાહજાદાનાં લશ્કર પાદશાહને આવી મળ્યાં હશે તો પાદશાહ લઢવા આવશે. નહિ તો તૈબરખાં એને કેદ કરીને લેઇ આવશે. તેથી પાદશાહ ને તૈબરખાંની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઢાઇનાં સમાચાર સાંભળતાં સુધી તેજ જગાએ થોભવાનો ઠરાવ કર્યો. એટલામાં તૈબરખાંના નાશી આવેલા માણસોએ ખબર આપી કે તૈબરખાં ને મહમદખાં મરાયા ને પાદશાહની કુમકે મોઆજીમને આજીમ આવી પહોંચેલા છે. તે પછી થોડીવારમાં શામળદાસનાં માણસ ખબર લાવ્યાં કે પાદશાહી લશ્કર આપણા તરફ ધસારાબંધ ચાલ્યું આવે છે. એટલે પ્રથમ કરેલા બંદોબસ્ત પ્રમાણે સર્વે પોત પોતાની જગા સંભાળતા સાવધ થઇ ઉભા.

પાદશાહી લશ્કર ધસારાબંધ આવતું જોઇ ભીખારામ સોળંકી ને શામળદાસ મેડતીઓ પોતપોતાનાં માણસો સાથે અગાઉથીજ નાળની બહારની બાજુએ ઝાડીમાં ને ડુંગરાની બખોલોમાં છુપાઇ બેઠા. પાછલો ચાર ઘડી દિવસ બાકી હતો તે વખતે પાદશાહી લશ્કર નાળના મોંઢા આગળ આવ્યું. એટલે દુર્ગાદાસ જાણે હિંમત હારી ગયો હોય તેમ નાળમાં પાછો હઠયો. રજપુતો પાછા હઠતા જોઇ મુસલમાનો વધારે જોરભેર નાળમાં પેઠા. એ નાળ કે ખીણ સાંકડી હોવાથી એક મૈલ કરતાં વધારે લંબાઇ સુધી પાદશાહી લશ્કર અંદર લંબાયું. સર્વે લશ્કર અંદર પેઠેલું જોયું કે ભીખારામ ને શામળદાસ નાળના નાકા આગળ આવી પોહોંચ્યા ને મુસલમાનોની પાછળ પડયા. રજપુતો ઉપર અણચિંતા ધસી જવાની લે'માં એકદમ નાળમાં ઘુસ્યા હતા તેથી નાળના નાકાનો પુરતો બંદોબસ્ત કરવો મુસલમાનો ચૂકી ગયા હતા. થોડાં માણસો પાછળ રહ્યાં હતાં તેમને રજપુતોએ કાપી નાખ્યાથી મુસલમાનો નાળમાં ઘેરાયા. બંને ડુંગરાની ઓળો ઉપરથી મુસલમાનો ઉપર મોટી મોટી ગદાઓ ને ગદાઓ તૂટી પડવા લાગી. રજપુતોએ ઉપરથી ગોળીઓનો મારો ચલાવ્યો ને ભીલોએ તીર ચલાવ્યાં. આગળથી દુર્ગાદાસે ને પાછળથી શામળદાસે મારો ચલાવ્યો. એટલે મુસલમાનોને પોતાની સ્થિતિનું ભાન આવ્યું. પ્રથમ જીતના મદમાં ને રજપુતોને નાસતા જોઇ તેમને પકડી પાડી મારવાના શૂરમાં ઔરંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ પોતાનું હમેશનું યુદ્ધકૌશલ્ય ચૂક્યો. દેબારીની ખીણમાં મુસલમાનોના મડદાંના ઢગલા થયા. મડદાં ઉપર થઈ માણસો આગળ પાછળ ને પહાડ ઉપર નાસવા લાગ્યા. પણ તેઓ જ્યાં જાય ત્યાં માર પડતો હતો. શું કરવું તે પાદશાહને સૂઝે નહિ. એમ કરતાં રાત્રિ પડી. પહાડની ખીણમાં અંધારી રાત્રી, નાળમાં મડદાંના ઢગલા પડેલા, ને હથીઆરબંધ માણસો એક બીજાનાં ગળાં કાપવાને ટાંપી રહેલા, આસપાસ પહાડ ને ઝાડી, એવી જગામાં રાત્રિ કેવી ભયંકર થાય તેનું ચિત્ર કોણ ચિતરી શકે? જ્યાં ઉભા રહેવાની જગા નહિ, ત્યાં ખાવા પીવાનું ને સુવાનું ક્યાંથી? આલમગીરે જાણ્યું કે હવે છોકરાનું, સરદારોનું ને લશ્કરનું ગમે તે થાય પણ આપણે તો નાશી છૂટી જીવ બચાવવો—પણ તે શી રીતે? તેના નસીએ તેને યારી દીધી. તે વેષપાલટી કોઇપણ માણસ સાથે લીધા સીવાય પગ પાળો અંધારી રાત્રિમાં અહિં તહિં કુટાતો ટીચાતો, હમણાં પકડાઇશ, હમણાં ઓળખાઈશ, એવા ભયમાં ડુંગરા ઉપર ચઢી ઝાડીમાં થઇ આડો તેડો મનુષ્ય ન મળે તેવી રીતે શત્રુની નજર ચૂકાવી જાણે ઇશ્વરેજ તેનો જીવ ઉગારવાનો ધાર્યો ન હોય તેમ નીચે ઉતરી બીજી બાજુએ થઇ ચાલ્યો. જ્યાં ભય જણાય ત્યાં ધીમેથી લગાર પણ ખડખડાટ ન થાય તેમ ને જ્યાં ભય કમી જણાય ત્યાં ઉતાવળથી ચાલતો, એક ઠેકાણેથી બીજે એમ રખડતો ટીચાતો ભૂખ ને તરસ જોયા સિવાય ત્રીજે દીવસે અજમેર જઈ પહોંચ્યો, ત્યારે એના જીવને શાંતિ વળી. દિલ્લીના પાદશાહને આવી અઘરી વેળા આ વખતેજ આવી હતી. આલમગીરના જીવનમાં આવો ભયંકર ને ત્રાસકર સમય આ પહેલ વહેલોજ આવ્યો હતો. જેમ આલમગીર નાશી છૂટ્યો તેમ એના સરદારો પૈકી મોઆજીમ, આજીમ ને દીલીરખાન પણ એજ રીતે એક એક નીકળી નાઠા ને જેને જ્યાં ફાવ્યું ત્યાં થઇ અજમેર પહોંચ્યા. ત્યાં જઈ પાદશાહને મળ્યા ત્યારેજ તેમણે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને સલામત રહેલો જાણ્યો. બાકીના સરદારો ને લશ્કર સવાર થતા સુધીમાં તો ત્યાંજ કપાઇને મરણ પામ્યું. રજપુતોએ તેમનાં મડદાં ઠેકાણે પડાવી નાળ ચોખ્ખી કરી. મડદાંની તજવીજ કરતાં પાદશાહ, તેના બે શાહજાદા ને દીલીરખાન એટલા નહિ જણાયાથી તેઓ છટકીને બચી ગયા એમ તેમની ખાત્રી થઇ.

હવે સર્વે રજપુત લશ્કર મેદાનમાં આવ્યું. મુસલમાનીલશ્કરનો ઘણો ખરો ભાગ કપાઇ ગયાથી તથા પાદશાહને શાહજાદા એકલા જીવ લેઇ નાસી ગયાથી તેમના તરફથી હુમલો થવાનો ડર તેમને થોડોજ હતો. તેથી તેઓ પાદશાહ સાથે હાથ મેળવવા મેદાનમાં આવ્યા. અને આ જયના સમાચાર મહારાણા રાજસિંગજીને મોકલ્યા.

પ્રકરણ ૧૬ મું.

પાદશાહી જાળ.

સોરઠો.

ગૌ બ્રાહ્મણ સ્ત્રી બાળ, સ્વધર્મ શરણાગત વળી.
શિર સાટે સંભાળ, કરે ક્ષત્રીવટ સાચવી.

આણી તરફ પાદશાહી લશ્કરનો નાશ થયાથી આલમગીરે પંજાબ, કાબુલ, આગ્રા, બંગાળા ને દક્ષિણ એ સર્વ જગાએથી લશ્કર રાજસ્થાનમાં બોલાવ્યાં. દક્ષિણમાં મરેઠા સાથેની લઢાઇ બંધ પાડી ત્યાંનું લશ્કર પણ અજમેર બોલાવ્યું. એટલે થોડા રોજમાં અજમેરમાં પાદશાહી લશ્કરની ભરતી થવા માંડી. પણ એ ભરતી પુરી થતા પહેલાંજ રજપુતો હુમલો લાવશે તો માઠી વલે થશે એમ વિચારી પાદશાહે રાણા રાજસિંગ સાથે તથા દુર્ગાદાસ સાથે સંધિ કરવાના મિષે માણસો મોકલ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસ પાસે પાદશાહી સરદાર જુલ્ફીકારખાં ચાળીસ હજાર સોનાના દીનાર અને એક પત્ર લેઇ આવ્યો. જુલ્ફીકારે દુર્ગાદાસના તંબુમાં મુલાકાત લેવાની અરજ કર્યાથી તેઓ ત્યાં એકઠા થયા ત્યારે પાદશાહી સરદાર બોલ્યો. પાદશાહે તમને સલામ કહાવી છે ને ખુશાલી પૂછીછે. વળી એમણે કહાવ્યું છે કે તમારા જેવા પ્રમાણિક માણસે મારા દગાખોર પુત્રને આશ્રય આપવો એ યોગ્ય નથી. તમારા બાપદાદાઓ દિલ્હીના પાદશાહોને આજ સુધી સહાય આપતા હતા, ને પાદશાહત રૂપી ઇમારતના સ્થંભરૂપ હતા. તમે તમારા મનમાં કોઇ તરેહનો વહેમ ભરાયાથી એ પાદશાહત સામા ઉઠયા છો. પણ તમે વિચાર કરો કે પાદશાહતના સ્થંભનો નાશ કરવામાં અમને લાભ છે કે નહિ ? તમે શું અમને એવા મૂર્ખ ધારો છો કે જે વડે પાદશાહત ઉભી છે તે સ્તંભ અમે તોડી પાડીએ અને અમે અમારાજ રાજ્યનો નાશ કરનાર થઇએ ? અમે સમજીએ છીએ કે તમારી સલામતી ને શુભ ઇચ્છામાં અમારી આબાદી અને શાંતિ રહેલી છે. છતાં કોઇ અવિચારી સરદારના અપકૃત્યથી અથવા અમારી ગેરહાજરીમાં અમારી પાદશાહત તોડવાની ઇચ્છા રાખનાર કોઇ સરદારના ભમાવ્યાથી તમે ઉંધો માર્ગ પકડી પાદશાહત સામા ઉઠયા છો. પણ પાદશાહત પાડયાથી તમને શો લાભ થવાનો છે ? આમાં તો તમારી ને અમારી બંનેની ખરાબી થાય છે. હજારો માણસો કપાઇ જાય છે, કરોડો રૂપીઆ ખરચાઇ જાય છે ને દેશની ખેતી ને વેપારને નુકશાન થઇ પાયમાલી થાય છે. એટલું છતાં પણ મોગલાઇ જઇ ને હિંદુ રાજ્ય થવાની તમને આશા છે! હું તો ધારૂંછું કે તમે તમારા રાજ્ય માટે લડો છો. તમારી ઇચ્છા માત્ર તમારા રાજાને રાજ્ય અપાવવાની છે. તમારી ઇચ્છા પ્રમાણે તમારૂં રાજ્ય તમને મળે તો પછી લડવાની શી જરૂર છે ? હું નથી ધારતો કે તમને તમારૂં રાજ્ય મળ્યા પછી તમે પાદશાહીના સ્થંભ મટી જવા માગો છો. તમે પાદશાહીના સ્થંભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવા માગતા હો એટલે પહેલાં જેમ મારવાડના મહારાજાઓ પાદશાહીની ચાકરી કરતા તેમ કરવા અને નેકીથી ચાલવા કબુલત કરતા હો તો તમારા પ્રમાણિક પણા ઉપર મને ભરોસો હોવાથી તમારૂં રાજ્ય તમારે સ્વાધીન સોંપવા હું તૈયાર છું. તમારે માત્ર દિલ્લીના તાબેદાર રહી ઇમાનદારીથી નોકરી કરવી એટલીજ બાંધણી કબુલ કરવી પડશે. આ પ્રમાણે પાદશાહે કહાવ્યું છે તે જો કબુલ હોયતો તમારૂં રાજ્ય પાછું મળવાનું આ રહ્યું પાદશાહી ફરમાન તે લો. આ પાદશાહી નોકરીનું આ બીજું ફરમાન છે તે પ્રમાણે કરો. એમાં રાજ્યદ્રોહી શાહજાદા અકબરને મારી સાથે પાદશાહની હજુરમાં તેના ઇનસાફ માટે મોકલવાનો હુકમ છે. એ હુકમનો અમલ કરવાના ઇનામ તરીકે આ રોકડા ચાળીશ હજાર સોનાના દીનાર તમારે માટે મોકલ્યા છે. વળી પાદશાહે કહાવ્યું છે કે જો તમે અમારી આજ્ઞા પ્રમાણે કરશો તો આ રોકડ ઉપરાંત તથા તમારી જપ્ત કરેલી જાગીર પાછી આપવા ઉપરાંત તેમાં ૮૦ ગામની જાગીર પાદશાહ તરફથી વધારી આપવામાં આવશે તથા તમારા પુત્રને પાદશાહી લશ્કરમાં પાંચ હજાર સ્વારોની સરદારી આપવામાં આવશે. કેમ બહાદૂર દુર્ગાદાસ, હવે તમો શો જવાબ આપો છો?

આ સાંભળી દુર્ગાદાસ બોલ્યો કે પાદશાહી સરદાર, મારા બોલવામાં તમને કે પાદશાહને અપમાન થાય એવું બોલાય તો હું આશા રાખું છું કે તમે તે મનમાં લાવશો નહિ. પાદશાહે પ્રથમ મહારાજા જસવંતસિંગજી ઉપર વેર લેવામાં બાકી રાખી નથી. તેટલાથી સંતોષ ન થયો ત્યારે તેમના એકના એક બાળક પુત્રનો પણ નાશ કરવાનું ધાર્યું. ત્યારે તેનો બચાવ કરતાં કેટલા રાઠોડોનો દિલ્હીમાં નાશ થયો તે મેં મારી નજરે જોયું છે. પછી અમારો બાળરાજા નાનો ને અમારા સરદારો દિલ્લીમાં મરાયલા જોઈ પાદશાહ પોતે પોતાને સલામત સમજી, અમારો મારૂ દેશ ખાલસા ફરી, એણે પાદશાહી સુબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલ્યો. એ સુબો પણ પાદશાહના મતનો હોવાથી તેણે મારૂ દેશ ઉજ્જડ કર્યો. અમારી મા બેનોની લાજ લૂંટી. બાયલાનાં ઘરબાર લૂંટયાં. મરાયલા સરદારોની જાગીરો જપ્ત કરી ને હયાત પટાવતોની ઉપર ચોકી પોહોરા મૂકયા. ખેડુતોની ખેતી ખરાબ કરી ને વેપારીઓનો માલ મફત લીધો, તેથી વેપાર ને ખેતી બંધ કરી તેઓ ડુંગરા ને જંગલમાં કે પાસેના મુલકમાં જઇ ભરાયા. ન્યાય વેચવા માંડયો. અન્યાય ને જુલમ સર્વત્ર પાથરી દીધો. પાદશાહ રજપુતોને શહેનશાહતના સ્થંભરૂપ ગણે છે. એમનું એ કહેવું સત્ય છે. એજ સ્થંભવડે અકબર, જહાંગીર ને શાહજહાન સર્વત્ર વિજય પ્રાપ્ત કરતા–દેશમાં ને પરદેશમાં, સપાટ મેદાનમાં ને ડુંગરામાં, મુસલમાન કે હિંદુ સાથે પાદશાહની પડખે રહીને કે સરદારી લેઇને એ સ્થંભોએજ વિજય મેળવી મુલકો કબજે કર્યાં છે. કાબુલ, કંદહાર, ખુરાસાન, બલ્ખ, કાશ્મીર એ સઘળા મુલકો કોણે ને કોની સહાયથી મેળવ્યા ને સાચવ્યા? રજપુતોએ ઇમાનદારીથી પાદશાહીને માટે પોતાનાજ ભાઇઓનાં ગળાં કાપી પાયમાલી કરી છે. મહારાણા પ્રતાપસિંગ ને અમરસિંગની ખરાબી કરવામાં રજપુતો નહિ તો બીજા કોણે આગેવાની કરી હતી! પણ એ ઇમાનદારીનો પાદશાહે કેવો બદલો વાળ્યો છે? આખી પાદશાહતમાં આજે એક પણ રજપુત સરદાર છે? કોઇજ નહિ. જે હતા તેમનો પણ ધીરે ધીરે ખોડો કહાડયો. વારૂ સરદારી રહી. પણ અમારા ધર્મનુંજ રક્ષણ કયાં છે? જાત્રાવેરો, જજીઆવેરો એ શું છે? મંદિરોની મસીદો બનાવી પુરાણો પાણીમાં બોળ્યાં એ કેવો ન્યાય? શીખ ને સતરામી ઉપર કેવો જુલમ વર્ત્તાવ્યો છે? વારૂ એ બધુંએ રહ્યું. પણ આજપર્યંત અમારી સામે પાદશાહે કેવી વર્તણુક ચલાવી છે તે તો જુઓ. અમને રાજ્ય પાછું આપવાની, જાગીરો આપવાની, સરદારી આપવાની ને છેવટે આ ૪૦ હજાર સોનાના દીનારની લાંચ આપવાની લાલચ બતાવે છે, પણ તે કયારે? અમે અમારી તરવાર વડે, અમારાં સગાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાલાંનાં લોહી રેડી અમારૂં જે હતું તે અમે પાછું મેળવ્યું છે ત્યારે. હવે અમારે શું મેળવવાનું બાકી છે? પાદશાહ પાસે અમારૂં શું છે કે તે અમને પાછું આપવાનું કહે છે! અમારૂં જે હતું તે અમે મેળવ્યું છે. હવે અમારે મેળવવાનું કાંઈ બાકી રહ્યું નથી. અમારે પાદશાહત જોઇતી નથી ને તે માટે અમે લડતા નથી. અમે માત્ર અમારૂં મેળવવાને લડ્યા ને મેળવ્યું. હવે અમે માત્ર પાદશાહ પાસે એટલુંજ માગીએ છીએ કે અમારૂં પાછું મેળવેલું અમને શાંતિમાં ભોગવવા દે. અમારા ઉપર નાંખેલા નવીન વેરા કહાડી નાંખે ને જુલમ બંધ પાડે. અમારા રાજ્યની રૈયત જે ખેતી વાડીથી ને વેપારથી પાયમાલ થઇ ગઇ છે તે પાછી અમારા મહારાજાના શાંત છત્રમાં આબાદ થઈ સુખી થાય ને લડાઇઓથી થતો મનુષ્યવધ અટકે એટલુંજ અમે હવે માગીએ છીએ. અમારે સરદારી જોઈતી નથી ને અમારે પાદશાહ સાથે લડવું નથી. માત્ર અમારૂં જે છે તેને પાદશાહ છેડશે નહિ તો અમારે પાદશાહને છેડવાની કે સામા થવાની જરૂર નથી. શાહજાદાને તમારે સ્વાધીન કરવા માટે મને જે લાલચ આપી છે, તેથી હું બહુ દીલગીર થાઉંછું. હું આશ્ચર્ય પામું છું કે પાદશાહ મને પ્રમાણિક કહેતાં છતાં હજુ મારા પ્રમાણિકપણાની તેને પુરી બુજ નથી. જો તે બુજ હોત તો ૪૦ હજાર તો શું પણ આખી પાદશાહત આપવાની પણ એ હિંમત કરત નહિ. તમારૂં એ નાણું તમે પાછું લેઇ જાઓ. તમારા પાદશાહનો હું ચાકર નથી ને તેનું ફરમાન હું માન્ય કરતોએ નથી. દુર્ગાદાસ શરણે આવેલાનું મરણપર્યંત રક્ષણ કરશે. તે રજપુતવટ અંતની ઘડી સુધી છોડશે નહિ. અમે પાદશાહી ઉંધી વાળવાને કે ઉંધી વાળવાની ઇચ્છા રાખનારના ભમાવ્યાથી ઉઠ્યા નથી. અમારે પાદશાહી જોઇતી નથી ને ઉંધી વાળવી પણ નથી. મોગલાઇને બદલે ક્ષત્રી રાજ્ય થવાનુંએ નથી ને કરવું પણ નથી. અકબર, જહાંગીર ને શાહજહાંન જેવા પાદ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહ હોય, ધર્મપક્ષપાત કરતા ન હોય, યોગ્યતા જોઈ નોકરી આપતા હોય, ન્યાયપરાયણ રીતે વર્તતા હોય, મારૂં તારૂં ને વહાલું અળખામણું ગણી ભેદ રાખતા ન હોય, તો પાદશાહ આલમગીર હોય કે રાજસિંગ, જશવંતસિંગ હોય કે શાહજહાંન, પ્રતાપસિંગ હોય કે અકબર હોય, તેની પ્રજાને શી જરૂર છે! માત્ર પાદશાહ કે મહારાજા પોતાની પ્રજાને પુત્રતુલ્ય ગણી પિતાની ફરજો બજાવે એટલે બસ છે. પિતાને તો પાંચે આંગળી સરખી જોઇએ. તેને વહાલું ને અળખામણું, પોતાનું ને પારકું, ઉંચ ને નીચ, રાજા ને રાંક, હિંદુ ને મુસલમાન સર્વે સરખા જોઇએ. તમારા પાદશાહને તમે સારી સલાહ આપી સન્માર્ગે ને ન્યાયને રસ્તે દોરો એટલુંજ અમારે જોઇએ છીએ. અમારે બીજું કાંઇ જોઇતું નથી. અમે અમારા અંતઃકરણથી પાદશાહીને ચાહીએ છીએ. પણ પ્રેમ પરસ્પર છે. પાદશાહનો અમારા ઉપર પ્રેમ ન હોય તો અમારો પ્રેમ કેમ ટકે? પાદશાહ અમને અંતઃકરણથી રાજ્યના સ્થંભરૂપ માની એમના વડૌવાની માફક પાળશે, તો અમે તેને સર્પની માફક નહિ ડસતાં શ્વાનની માફક સેવા કરીશું. પણ પાદશાહ બોલે છે કાંઇ, અંતઃકરણમાં ઘડે છે કાંઈ, ને કરે છે કાંઇ. અમે ઘણીએ વાર આવી રીતે છેતરાયા છીએ. કેમકે અમે ભોળા ને વિશ્વાસુ છીએ. પણ એ વિશ્વાસમાં ખાધેલા ધપ્પાથી હવે અનુભવ મેળવી ધરાયા છતાં ભૂલ ખાઇએ તો અમારા જેવા મૂર્ખ કોણ? અજમેર આગળ હમણાંજ અમને દગાથી પાદશાહે જુદા પાડયા. અને હજુ એ અમને ફસાવવા ઇચ્છે છે. અથવા અમારી જાતિમાં અમને હલકા પાડવા ઇચ્છે છે. મને લાગે છે કે પાદશાહના હાથમાં કાંઇ પણ આપવાનું ન છતાં આપવાની લાલચ આપી, પાદશાહ વખત માગે છે. છેલ્લી લડાઇમાં અમે પાદશાહી લશ્કરનો નાશ કીધો છે, માટે નવું લશ્કર આવતા સુધી લડાઇ અટકાવવાની પાદશાહે આ યુક્તિ રચી છે. બાકી આલમગીર જેવો છળ, કપટ ને પ્રપંચમાં પ્રવીણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારા ગુણથી વાકેફગાર છતાં લાલચ આપી શાહજાદાને કબજે લેવાની માગણી કરેજ નહિ. તે જાણુતોજ હોવો જોઇએ કે ગમે તેટલી લાલચથી પણ દુર્ગાદાસ લોભાવાનો નથી. ને શાહજાદો કબજે મળવાનો નથી. પણ એ રીતે સલાહ કરવામાં વખત મળશે. સલાહ તો થશે નહિ, પણ એટલામાં મદદ આવી પહોંચશે એટલે રજપુતોને છુંદી મારીશું, માટે તમે તમારા પાદશાહને જઇને આ નાણું પાછું આપી કહો કે અમારે નાણું જોઇતું નથી. શાહજાદો આ ખોળીઆમાં પ્રાણ છે ત્યાં સુધી તમારા તાબામાં સોંપાશે નહિ ને અમારૂં જે છે તે મેળવ્યું છે તેનું મરતા સુધી રક્ષણ કરીશું. સલાહ કરવી અંતઃકરણથીજ ચહાતા હો તો જજીઆ ને જાત્રા વેરો માફ કરો, ધર્મભેદ કહાડી નાંખી ન્યાયથી વર્તો ને તમારા વડીલાની રાજ્યનીતિ ગ્રહણ કરો. તથા શાહજાદા અકબરને કબજે લેવાની માગણી બંધ કરો. એટલી સરતે અમે અમારા દેશમાં શાંતિમાં રહેવા માગીએ છીએ. નહિ તો એ નક્કી સમજજો કે પાદશાહે ગ્રહણ કરેલી અન્યાયપૂર્ણ રાજ્યનીતિ જ્યાં સુધી ચલાવશે, ધર્મભેદ ને જાતિભેદ રાખી જુલમ કરશે ત્યાં સુધી અમે પાદશાહને મરણપર્યંત જંપવા દેનાર નથી. સરદાર જુલ્ફીકાર, જાઓ, ને પાદશાહને અમારો આ જવાબ કહેજો સલામ.

હવે જુલ્ફીકારનો બોલવાનો વારો આવ્યો. તે બોલ્યો કે દુર્ગાદાસ, તમે બહુ ભૂલ કરો છો. આવો સોના જેવો આવેલો લાગ ગુમાવો છો તે ફરીને આવનાર નથી. પાદશાહીનું બળ કેટલું છે તેની ખરી તુલના તમે કરી શકતા નથી. આલમગીર જો ચાહે તો તમારા દેશની વસ્તી જેટલું સૈન્ય એકઠું કરી આખો મારવાડ દેશ ઉપાડીને દરીઆમાં નાંખી શકે, એટલી તાકાદ ધરાવે છે. એમના બંડખોર શાહજાદાને કબજે લેવાનું ન હોત તો આટલી કબુલાત આપવાને પાદશાહ કદી તૈયાર થાત નહિ. ધર્માંધ, હઠીલો ને બળવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદશાહ આટલો નીચો નમે ને તમને સલાહ માટે કહેણ મોકલે ? માત્ર બંડખોર શાહજાદાનેજ માટે. તમારૂં રાજ્ય તમને પાછું આપે, ચાળીશ હજાર સોનાના દીનાર આપે, જાગીરમાં વધારો કરી આપે, ને તમારા દીકરાને પાંચ હજારની સરદારી આપે એ શું થોડું છે ? તમે કહોછો કે તમારૂં રાજ્ય તમે લીધું છે, પણ તે ક્યાં સુધી ! પાદશાહની કૃપાદષ્ટિ હોય ત્યાં સુધી. આખી મોગલાઇના શેહેનશાહને મારવાડ શી ગણત્રીમાં છે ? જે વીસ લાખ બળવાન સૈન્ય જમાવી શકે તેને તમારા મુઠીભર રજપુતો શી બીસાતમાં છે ? તમે પાદશાહની માગણીનો અનાદર કરશો, તેનું કેવું માઠું પરિણામ આવશે તેનો ખૂબ વિચાર કરો. મને નવાઇ લાગે છે કે એક બંડખોર શાહજાદાને માટે તમે આટલું બધું સોનું પાછું કેમ ઠેલો છો ? હાથમાં આવેલો કોળીઓ ફેંકી દેનારના જેવી મૂર્ખાઇ કયી ? તમે પાદશાહનો અનાદર કર્યાથી શું સુખી થશો ? એક પિતૃદ્રોહીને માટે તમે તમારા દેશની, તમારી પ્રજાની, તમારા સૈન્યની ને છેવટે તમારી પોતાની કેટલી ખરાબી કરવા તૈયાર થયા છો તેનું હજુ તમને બરાબર ભાન હોય એમ સમજાતું નથી. તમારો જવાબ પાદશાહને મળ્યો કે તે આખી શેહે-નશાહતનું સૈન્ય જમાવી મારૂ તો શું પણ આખું રા .સ્થાન ઉજાડ કરશે, તમારૂં રાજ્ય. તમારી જાગીર ને માલમિલ્કત જપ્ત કરશે, ને તમારા ધર્માલયોનું શું થશે તે હું કહી શકતો નથી. તમે શરણે આવે-લાનું રક્ષણ કરવાના ખાલી દંભમાં જંગલે જંગલ રખડતા થશો, તમારાં બાળકો ઘરબાર વિનાનાં રવડશે, ઘરબાર ને દેશ ઉજાડ થશે, ને મહા દુઃખી થઇ ભુંડા હાલ ભોગવશો, તે વખતે આ બધી ભૂલનો પસ્તાવો થશે. પણ તે વખતે એ પસ્તાવો શો કામ લાગશે ! માટે એ ખાલી અભિમાન ત્યજો. જો તમને ખરૂં અભિમાન હોય ખરૂં ધર્માભિમાન, દેશાભિમાન કે સ્વરાજ્યાભિમાન હોય તો તેના રક્ષણની ખાતર, તમારી ને કૂળની, ને સ્ત્રી પુત્રીની આબરૂની ખાતર પાદશાહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગણી સ્વીકારી પિતૃદ્રોહીના રક્ષણનો દંભ છોડી દો, તેને મારે હવાલે કરો, ને પાદશાહી ફરમાન કબુલ રાખો. બહાદૂર દુર્ગાદાસ, આ હું છેલ્લીજ વખત પાદશાહની સરતો કહું છું. આનો જવાબ હા કે નાનો આપો, એટલે હું રવાને થઇશ. તમારો જેવો જવાબ હોય તે મને કહો કે તે હું પાદશાહને જઇને કહું. હવે હું બીજીવાર કહેનાર નથી. તમારી મરજીમાં આવે તે કહો. પણ જે કહો તે પક્કો વિચાર કરીને કહો કે પાછળથી પસ્તાવું ન પડે. તમારા સરદારોની ને સહાયકારીઓની સલાહ લેવી હોય તો લો ને જવાબ આપો. હજુ વખત છે. થોડો વખત વિચાર કરીને કહેજો. કેમ શું કહો છો ?

અકબર પાસે બેઠેલોજ હતો--તે આ છેલ્લો સવાલ સાંભળી ગભરાયો. તેને રજપુતોનો ને દુર્ગાદાસનો વિશ્વાસ હતો તે તેમને ભરોંસેજ હતો. તેને પણ હવે ડર લાગ્યો. તે વિચારવા લાગ્યો કે રાજ્યની, દેશની, સગાંવહાલાંની, ઘરબારની, જાગીરની, માલમિલ્કતની સ્ત્રી પુત્રની ને પોતાની જાતની પણ ખરાબી કરીને મારૂં રક્ષણ કરવાનું રજપુતો પસંદ કરશે? પાદશાહ એવો ધર્માંધ છે કે તે મારે માટે આખી પાદશાહતનું એકત્ર બળ રજપુતો સામે વાપરી તેમના ધર્મની, રાજ્યની ને દેશની પાયમાલી કરી નાખશે. એવી ખાત્રી થયા પછી પણ રજપુતો મારૂં રક્ષણ કરશે ? વળી આ લાલચ આપી છે તે તો જુદી? એ લાલચમાં પણ કદાચ નહિ લપટાય શું! મારે માટે ધર્મ ને રાજ્યની ખરાબી કરવાને તૈયાર થશે મને તે સંભવતું નથી. ખરે, તેઓ છે તો દૈવી મનુષ્યો. પણ કોણ જાણે બધા રજપુતો કાંઇ સરખા હોય છે ? એક આડો થયો ને સૈન્યમાં કુસંપ પેઠો, કે દુર્ગાદાસ પણ શું કરશે ? એવે વખતે મને પાદશાહને સોંપે નહિ તો, શું કરે ? મારે માટે ધર્મની, રાજ્યની, જાતની, સર્વની ખરાબી કરે? તેમનામાં કુસંપ થાય એટલે છેવટે તો મારે પાદશાહ પાસે મરવાને જવાનો વારો આવેજ. પાદશાહ મને મેળવવા માટે કેટ કેટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાલચો આપેછે ? એ શું મારી હયાતી રાખવા માટે ? નહિજ. એ રાજ્યલોભીએ પિતાને કેદ કર્યો, ભાઇને હાથીને પગે બાંધીને છુંદી માર્યો, ને ભત્રીજાઓને વિષ અપાવ્યું, તે શું મને જીવતો રાખશે ? અને રાખે તોપણ એ જીવ્યાથી મરવું ભલું, એવી સ્થીતિમાં તોય પણ રજપુતોની ખરાબી થતી અટકાવી, ઘણાને દુઃખી કરવા કરતાં મારે એકલાએજ જવું, ઘણાને મારે માટે મરવા દીધા પછી મરવા જવું, તે કરતાં તેમના જીવ ઉગારીને મરવું એ વધારે સારૂં. માટે હું દુર્ગાદાસની પરવાનગી લેઈ જુલ્ફીકાર સાથે જાઉં. એમ વિચારી તે દુર્ગાદાસ તરફ ફરીને બોલ્યો.

મારા બંધુ, મુરબ્બી કે શુભેચ્છક દુર્ગાદાસ, તમે જવાબ આપો તે પહેલાં મારી એક બિનતિ છે તે સાંભળો. તમે મારા બંધુ કરતાં વિશેષ છો. તમે મારા પ્રાણદાતા છો. એ પ્રાણદાતાનો, તેના દેશનો, રાજ્યનો, કુટુંબનો, એ સર્વેનો જીવ જોખમમાં નાંખી આ પ્રાણ ઉગારવાની મારી ઇચ્છા નથી. એકનો જીવ જવાથી ઘણાનો જીવ ઉગરતો હોય તો તે એકનું કલ્યાણ થશે. પણ જો પોતાના જીવની ખાતર તે ઘણાને નુકશાન કરવા દેશે તો તે નરકમાં પડશે. એવો સ્વાર્થી અંધ જીવ ક્યાંઇ પણ સુખી થનાર નથી. મારા એકલાથી તમારૂં, તમારા રાજ્યનું ને ધર્મનું રક્ષણ થશે. માટે મનેજ એકલાને ત્યાં જવા દો. હું મારી રાજી ખુશીથી ત્યાં જાઉંછું, એટલે તમારી આબરૂને બટો લાગનાર નથી. આ દુનીઆમાં હવે જીવીને પણ હું શું કરી શકનાર છું ? તેમ છતાં કદાચ તમે મારે માટે સર્વે ખરાબી થવા દેશો, તોપણ પરિણામે હું પકડાઈ ગયો તો મારી તો એજ દશા થવાની છે. તે કરતાં તમારી ખરાબી થતી અટકે, વિના કારણ લઢાઇઓમાં મનુષ્યવધ થતો બંધ પડે, ને તમારી પરોણાગતનો બદલો મારાથી તો વળાય તેમ નથીજ, પણ મારી વતી જે થોડો **ઘણો બદલો મારા પિતા વાળવાને તૈયાર થયા છે, તે તમારી પાસે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યાથી મને સંતોષ થશે. માટે હું માગી લેઉંછું કે મારી રાજી ખુશીથી મને જુલ્ફીકારખાં સાથે જવા દો ને મને મારા નસીબને સ્વાધીન થવા દો. એ સરદાર હું કેવી રીતે ને કેવા કારણથી એની સાથે જાઉંછું તે કહેશે, તેથી જો મારા ઉપર પિતૃપ્રેમ આવ્યાથી મને જીવતો-છૂટો રાખશે તો ભલે, નહિ તો મરવું તો છેજ. મોડું કે વહેલું, ઘરમાં કે જંગલમાં, સુખશય્યામાં કે રણક્ષેત્રમાં મરવું તો છેજ. આ માટીનો દેહ કોઇનો અમર થયો નથી ને થવાનોએ નથી. અમર આત્માને તો કોઈ મારી શકનાર નથીજ. તો એવા ક્ષણભંગુર દેહના મરવા માટે ડરવું શાને ? મહમદખાં ને તૈબરખાં મુવા કે નહિ! મુવા પણ તે જીવતાજ છે. તેમનાં સદાચરણ ને કીર્ત્તિ આ જગતમાં અમર રહેશે. એમનો માટીનો દેહ માટીમાં મળી ગયો, પણ તેમનો અમર આત્મા કાંઈ મુવો નથી. એ આત્માની પેઠે તેમનું નામ પણ અમર રહેશે ને છેજ. મને પણ તેગની સાથે રહેવાનું મળશે. મારો પિતા મને તેમની સાથે મોકલશે તો હું સંતોષથી જઇશ. માટે પ્રિય બંધુ, જો તમે તમારૂં, તમારા દેશનું, ને તમારા ધર્મનું ક્ષેમ ચહાતા હો, તો મને રાજી ખુશીથી મારા પિતા સમીપ જવા દો. મને પરવાનગી આપો કે હું જાઉં. એમ બોલી ઉઠવા જાયછે, એટલે દુર્ગાદાસ ઉઠયો ને તેનો હસ્ત પકડી ઉભો.

તે પોતાના સરદાર મંડળ તરફ ફરીને બોલ્યો કે ભાઇઓ, આ સંબંધમાં તમારો શો વિચાર છે તે હું જાણવા માગુંછું. મેં મારો વિચાર તો અગાઉથીજ જણાવી દીધો છે. તથાપિ તમારો વિચાર જાણી આપણામાંના ઘણાના મતને અનુસરવું એ ડહાપણનું કામ છે. કેમકે આપણે અકબરને શરણાગત રાખીશું તો પાદશાહ આપણા ઉપર વધારે ગુસ્સે થશે, ને આપણા દેશની, ધર્મની, રાજ્યની ને આપણી ખરાબી કરશે, એ તો નક્કીજ છે. એ ખરાબીમાં પડવાનું જોખમ ખેડીને પણ શરણાગતનું રક્ષણ કરવું એવો તમારો દૃઢ ઠરાવજ હોય, તો તેમ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંવા તમારા વિચારમાં એમ આવે કે એક પરધર્મીના રક્ષણ માટે આપણે આપણી ખરાબી શામાટે વહોરી લેવી ? એનું લાગ્યું એ ધણીએ ભોગવશે. એવું નક્કી થાય તો અકબર પોતેજ પાદશાહ પાસે જવાને તૈયાર થયો છે, તેને રાજીખુશીથી જવા દો. કેમ ભાઇઓ, તમારો શો અભિપ્રાય છે ? જે જવાબ આપવો તે એક મતથી આપવાનો છે, કે પાછળથી કોઇને પસ્તાવું પડે નહિ. તથા એને લીધે આપણી છાવણીમાં માંહો માંહે વિરોધ થઇ કુસંપનાં બીજ રોપાય નહિ. કોઇની પણ ના મરજી હોયતો સુખેથી બોલજો. અકબરને રાખી આપણામાં વિરોધ વાવવો નથી. મારે એ બાબતનો આગ્રહ છે એમ કોઇએ સમજવું નહિ. માટે જેને જે કાંઇ કહેવું હોય તે ખુલ્લા દીલથી કહેજો. એમ બોલી દુર્ગાદાસ સર્વ રજપુત સરદારો તરફ જોઇ રહ્યો. એટલે મહારાણા જયસિંગ બોલ્યા—

દુર્ગાદાસ, તમે રજપુત છો ને બીજા પણ રજપુતજ છે. રજપુત માત્રને પોતાના જીવ કરતાં રજપુતવટ વહાલી હોય છે. રજપુતવટ રાખવામાં તો આજ સુધીમાં આપણી કેટલી બધી ખરાબી થઈ ગઈ છે, તે યાદ કરો. માથા ઉપર ટપલા પડતા ખમી ને પેટ ભરવું, એ કોઇ રજપુત પસંદ કરશે ? પેટ તો કુતરાં બિલાડાં પણ ભરે છે. રાજ્યસુખ તો આબરૂનું છે. આબરૂ ગુમાવીને રાજ્ય સુખ ભોગવનાર તો કુતરાં બિલાડાં જેવાજ છે. દુનિયામાં આબરૂ ગુમાવારૂપી ટપલા ખાવા, તેના કરતાં જંગલમાં ભટકીને સ્વતંત્રતામાં આબરૂ સાચવી કંદમૂળ ખાઇ રહેવું એ હજાર દરજ્જે ઉત્તમ છે. મનુષ્યની આબરૂ ગયા પછી તેનું જગતમાં શું રહેછે ? કાંઇજ નહિ—મનુષ્યને આબરૂ એજ સર્વસ્વ છે. આબરૂ ગુમાવ્યા પછી તે જીવતો **નર** નહિ, પણ **ખર** મુવા જેવોજ છે. હવે પ્રસ્તુત વિષયમાં આબરૂ શામાં છે તે વિચારો. શાહજાદાને પાદશાહને સ્વાધીન કરવામાં કે તેનું રક્ષણ કરવામાં ? પાદશાહને સ્વાધીન કરવો તે તેના કાળને સ્વાધીન કરવા બરાબર છે. શરણાગતનું રક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાથી કસાઇના હાથમાંથી ગાય છોડાવ્યા જેટલું પુણ્ય થાય છે. ધર્મ, ગાય, સ્ત્રી, બાળક, બ્રાહ્મણ ને શરણાગત એટલાનું રક્ષણ કરવું એ મહા પુણ્યનું કામ છે. એજ રજપુતનો ધર્મ છે. હવે ગાયને કસાઇને સ્વાધીન કરવી કે તેનું રક્ષણ કરવું. એ બેમાંથી કયું કામ કરવું એ-ટલુંજ વિચારવાનું છે આપણો ધર્મ શું કહેછે ? આપણી રજપુત-વટ શામાં છે ? કયું કામ કરવાથી આપણી આબરૂ સચવાશે ? આ સવાલનો જવાબ કાંઇ મુસ્કેલ નથી ને ઘણા પણ નથી. માત્ર એકજ જવાબ છે અને તે એજ કે "શરણાગતનું રક્ષણ કરવામાં." શરણાગતનું રક્ષણ નહિ કરતાં એને કોઇ રજપુત તો કાળને સ્વાધીન કરવાનો નથી. એજ અમારો અભિપ્રાય છે. ભાઇઓ, કોઇને વિરૂદ્ધ કહેવું હોયતો સુખેથી કહો.

શાબાશ, સિસોદી રાણા શાબાશ. ઠાકોર રામસિંગજી બોલ્યા. તમારા મુખમાંથી એવોજ બોલ નીકળવો જોઇએ. વટ કે પત એ બે અક્ષરને માટે ઉદેપુરની નિષ્કલંકી ગાદીના ધણીઓએ કેટલું સોસ્યું છે, તે અમારૂં ક્યાં અજાણ્યું છે. મહારાજા અમરસિંગજીની કુંવરી રૂપા-ળીબાનું લગ્ન કરી આલમગીરનું માન તોડનારા તમે જ છો. તે વખતે અમારી આબરૂ સચવાવી મુસ્કેલ હતી. જો મહારાણા રાજ-સિંગજી એ અબળાની વહારે નહિ ચઢયા હોત તો–અને આ વખતે અમારા મહારાજાની બાળ વયમાં તેમના રાજ્યના રક્ષણાર્થે પણ તમે-જ આવ્યા છે. એજ રજપુતવટ રાજ્યની, કુટુંબ પરિવારની, જીવની કે કશાની દરકાર નહિ કરતાં રજપુતવટ સાચવવાની ખાતર પાદશાહ જેવો બળવાન દુસ્મન માથે વહોરનારા તમેજ છો. એટલે તમારા મુ-ખમાંથી એવાજ બોલની સર્વે આશા રાખતા હતા. "શુદ્ધ રજપુત બીજ સાચવનારા નિષ્કલંકી ગાદીના માલેક રાજસ્થાનમાં માત્ર તમેજ છો;" એવું જે પ્રતાપસિંગ મહારાણાને અમારાજ ભાઇ વિકાનેરવાળા પ્રથુરાજે વિશેષણ આપ્યું છે તે સત્ય છે, રાઠોડો પણ તમારેજ પગલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલનારા છે. તેઓ સર્વે તમારા મતને અનુકૂળજ થવાના. તેઓ તમારોજ મત સત્ય માનશે. રાઠોડ પણ રાજ્યસુખની ખાતર આબરૂ કે રજપુતવટ ગુમાવનારા નથી. તેઓ અકબરના એક બિંદુ રક્તને માટે પોતાનો પ્રાણ અર્પણ કરીને પણ રજપુતવટ સાચવશે—શરણાગતનું રક્ષણ કરશે. રાઠોડો પોતાના મરણપર્યંત શરણાગત ને કાળને સ્વાધીન કરનારા નથી. માટે જુલ્ફીકારખાંને જેવો આવ્યો છે તેવોજ પાછો જવા દો. કેમ, બંધુઓ, કોઇને એ વિરૂદ્ધ બોલવું હોય તો બોલી દો. ઢીલ કરવામાં માલ નથી. એમાં કોઇએ શરમાવું નહિ.

આ સાંભળી સૌ એકે અવાજે બોલ્યા કે " અકબરનું રક્ષણ કરવું. "

સર્વેનું એકમત જોઈ દુર્ગાદાસ બોલ્યો. તમો સર્વે એક મત થયાથી મને કેટલો આનંદ થાય છે તે મારૂંજ મન જાણેછે સર્વેએ સંપીને એક મતથી કામ કરવું એમાંજ આપણું ભૂષણ છે. એજ આપણું લક્ષણ છે ને એજ આપણું કર્તવ્ય છે. મને વધારે આનંદ તો એથી થાય છે કે આપણા સૈન્યમાં એકપણ વિરૂદ્ધ મતનો અક્ષાત્ર ધર્મી નથી. ભાઇ જુલ્ફીકાર, તમે સર્વેનું મત સાંભળ્યું છે. તમારા પાદશાહને એ મુજબ સંદેશો કહેજો, કે આ નાણું તમે લાવ્યા છો તે સુખેથી પાછું લેઇ જાઓ. જોકે એ નાણું અધર્મથી મેળવેલું છે, અમારા આર્ય બંધુઓ ઉપર પાછલા મહાન પાદશાહોના બંધ કરેલા જાત્રા ને જજીઆ વેરા પાછા ચાલુ કરી પાદશાહે એ ધન મેળવેલું છે. એ ધન અમારૂં હોવાથી, અમારી પાસેથી પાદશાહે બળાત્કારે અમારી મરજી વિરૂદ્ધ લીધેલું હોવાથી તે ઉપર અમારો હક્ક છે. વળી પાદશાહેજ અમને પાછું આપવા માટે મોકલેલું છે, અમારા કબ્જામાં આવેલું છે તોપણ અમે તે લેવાને રાજી નથી. પાપનું ધન પાપીનેજ ભોગવવા દેવું. પાપથી મેળવેલું ધન અમે લેઈએ તો તેનો હિસ્સો અમારે પણ ભોગવવો પડે. વળી એ ધન અમને લાંચ આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે અમુક કાર્ય કરવાના બદલામાં આપેલું છે. પરંતુ એ કાર્ય નહિ કરવા છતાં, અમે જો તે સ્વાધીન આવ્યાનાજ સબબથી માત્ર લેઇએ તો અમારા ઉપર આલમગીરે મૂકેલો વિશ્વાસ અમે તોડયો કહેવાય. ગેરવાજબી રીતે સ્વાધીન આવેલું ધન પણ અમારે નથી જોઇતું. અમારે તે અગ્રાહ્ય છે. માટે લેઇ જાઓ. પાપથી ધન મેળવી તે વડે પુણ્ય કરવાથી તે પાપ ધોવાય છે. એવું માનનારા અમે નથી. નહિ તો અમે એ ધન લેઇને અકબરને આપી દેત. બાપની પુંજી ઉપર દીકરાનો હક્ક છે. એ ધોરણે તો એ ધન અકબરને આપવામાં વાજબી પણ છે. પણ હું માનું છું કે અકબર એ પાપનું ધન ગ્રહણ કરશે નહિ.

અકબર બોલ્યો, નહિ, મારે એ નથી જોઈતું. જજીઆ ને જાત્રા વેરો હું ધિક્કારૂં છું. એ જુલમી વેરાથી ઉપજેલા પૈસા મારે ન જોઇએ. મારી પાસે ધન નહિ હોય તો હું જે સુકો પાકો રોટલો મળશે તેથી ચલાવી લેઇશ. ધર્મની બાબતમાં પક્ષપાત કરવો, જુલમ કરવો, એ અન્યાય ને મહા પાપ છે. રાજાએ તો સર્વ પ્રજાને પુત્રતુલ્ય ગણવી જોઇએ. આ સ્વધર્મી છે, આ મારો ને આ પારકો છે એમ ગણવું એ નીચનું લક્ષણ છે. મનુષ્ય પોતાની મરજીમાં આવે તે ધર્મ પાળે, તેમાં રાજાને પોતાનોજ ધર્મ જુલમ કરીને પણ મનાવવાની શી જરૂર છે? તમે તમારો ધર્મ સાબીત કરી સામાની ખાત્રી કરો, એટલે જેને જે સારૂ લાગશે તે માનશે. પણ હાથમાં તરવાર લેઇ "કહે એ લુંડી સલામ" એમ કરવું એથી શું ધર્મની સર્વોત્કૃષ્ટતા જણાય છે. ઉલટો તે ધર્મ ઉપર સામાને ધિક્કાર છૂટે છે. ટુંકામાં મારા જ્યેષ્ટ બંધુ દુર્ગાદાસ, તમે એ ધન પાછું મોકલો, મારે તે જોઇતુંજ નથી.

દુર્ગાદાસે કહ્યું કે હું એમજ ધારતો હતો. તમારા સમાગમથી તમારા ગુણોની પરીક્ષા થઇ ગઈ છે. તમારા સર્વ ગુણો તમારા નામશાહી મહાન અકબરને મળતા છે પણ તેને નસીબે યારી દીધી ને તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ દીધી. પરંતુ તેમાં તમારો દોષ નથી સોનું તે સોનુંજ છે. પછી તે તાજમાં હોય કે કીચડમાં હોય. માત્ર આર્ય ભૂમિનાં કમ ભાગ્ય કે આપણે છેતરાયા. સરદાર જુલ્ફીકાર, હવે તમને રજા છે.

જુલ્ફીકાર એ સાંભળી કાંઇ બોલવા જતો હતો, પણ તેને અટકાવીને દુર્ગાદાસ બોલ્યો. ભાઇઓ, હવે જ્યારે આપણો નિશ્ચયજ થયો છે, તો તે વિષે વધુ વાદવિવાદ ને દલીલો સાંભળી વખત શા માટે ગુમાવવો ? મને લાગે છે કે પાદશાહે વધારે વખત મેળવવાને આ યુક્તિ રચી છે. મેં પ્રથમ કહ્યુંજ છે કે પાદશાહ જેવો વિચક્ષણ આપણા ગુણોથી અજાણ્યો થઇને આપણને લાંચ મોકલે, શરણાગતને માગે ને આપણે આપણી તરવારથી આપણું મેળવ્યું છતાં આપણને પાછું આપવાનું ડોળ કરે, એ કાંઇજ નહિ, પણ પ્રપંચજાળ છે. આપણે એનું બધું લશ્કર કાપી નાંખ્યું છે, ને માત્ર એજ જીવ લેઇ નાશી ગયો છે. તે પોતાની ગએલી આબરૂ પાછી મેળવવાને આખી શેહેનશાતનું સૈન્ય જમાવતો હશે. એ સૈન્ય આવતા સુધીનો વખત મેળવવાને એ આ ગત રમ્યો છે. માટે આ સરદારને રજા આપો કે આપણે આપણો બંદોબસ્ત જલદી કરી શકીએ. એવામાં મહારાણા ભીમસિંગજી ત્યાં આવી પહોંચ્યા. તેઓ ગુજરાત તરફથી પાદશાહી લશ્કર અજમેર તરફ જતું હતું, તેને હરાવીને આવ્યા હતા. તેમને મહારાણા જયસિંગજીએ આ દરબારની વાત ટુંકામાં કહી સંભળાવી. એટલે સરદાર જુલ્ફીકારને સર્વેએ રજા આપી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું.

શાહજાદો ને શંભાજી.

સોરઠો.

ધરા રસાતળ જાય, કે મેરૂ તૂટી પડે,
ભલે થવાનું થાય, પણ શરણાગત સાચવો.

જુલ્ફીકારખાંના ગયા પછી મહારાણા ભીમસિંગજી બોલ્યા કે, ભાઇઓ, તમે આ ખટપટમાં રોકાયા છો, પણ પાદશાહ શા ઘાટ ઘડે છે તે હજુ તમારા જાણવામાં આવ્યા નથી. દેબારીનો જય અમારા જાણવામાં આવ્યો કે મારા પિતાએ મને ગુજરાતનું પાદશાહી લશ્કર આવતું અટકાવવાને મોકલ્યો ને દિવાન દયાળદાસને માળવા ને દક્ષિણનું સૈન્ય રોકવાને મોકલ્યા ને પોતે બુંદેલખંડનો રસ્તો રોકવાને ગયા છે. હું ગુજરાતની હદ ઉપર ગયો તો તે વખતે આપણા ઉપર આવવાને ગુજરાતનું લશ્કર નીકળી ચૂક્યું હતું, એવા સમાચાર મને મળ્યા. હું તેઓ અસાવધ હોય એવી સ્થિતિમાં તેમના ઉપર છાપો મારવાના ઇરાદાથી વ્યવસ્થા ને જગા નક્કી કરી સાવધાનીથી ચાલ્યો. વડનગરની નજીક મેદાનમાં તેમનો મુકામ હતો. ત્યાંજ રાત્રે ચારે બાજુથી છાપો મારી તેમાંના દરેકને કાપી નાંખ્યા. પાછા જઇ ખબર આપવાને કોઇ પણ હયાત રાખ્યું નહિ. ત્યાંથી પછી સુરત સુધી જઇ હજ કરવા જનારાની, ગુજરાતથી પાદશાહનો જે ખજાનો આવતો હતો તેની, ને છેવટે પાદશાહી રાજ્યના વેપારીઓની ખબર લેઈ ગુજરાતમાં હું પાદશાહને ખરચે મોજ કરતો હતો, એવામાં મારા પિતાનો હુકમ આવ્યો કે ગુજરાત લૂટવાનું કામ પડતું મૂકી એકદમ સોજીતગઢ જઇ દુર્ગાદાસને મળવું. હું એ હુકમથી અહિં આવ્યો તો અહિંઆં આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવા સમાચાર સાંભળ્યા. પાદશાહ એક તરફથી લશ્કર જમા કરે છે ને બીજી તરફથી સલાહના સંદેશા ચલાવે છે. માટે હવે એ મ્લેચ્છોથી છેતરાશો નહિ. આપણે ભોળા હોવાથી ઘણીવાર તેમની કપટજાળમાં ફસાયા છીએ. માટે હવે બહુ સાવધાન રહેવું જોઇએ. લડાઇની વ્યવસ્થા કેમ કરવી તેનો વિચાર કરવાનો હોવાથી સર્વે એ રાત્રે મહારાણા જયસિંગજીના ઉતારા ઉપર મળવાનું ઠેરવ્યું.

રાત્રે નક્કી ઠરાવ કરવામાં આવ્યો કે આપણું ગમે તે થાય, પણ અકબરનું તો રક્ષણ કરવું. પણ આખી પાદશાહતનું લશ્કર જમાવી પાદશાહ આપણા ઉપર ચડશે ત્યારે આપણે તેનું રક્ષણ કરી શકીશું કે નહિ. એ લડાઇઓમાં કદાચ આપણી ખરાબી થાય તો તે વખત અકબરની શી વલે થાય? આપણી નાશભાગમાં એ શત્રુને હાથ પકડાઇ જાય તો એનું શું થાય એ વિચારવું કાંઇ મુસ્કેલ નથી. હમેશાં ભવિષ્યનો વિચાર ભુંડું ચિંતવીને કરવો ને એ ભુંડું થતું અટકાવવાનો ઉપાય યોજી રાખવો. આ ધોરણે આપણું ગમે તે થાય, આપણી ખરાબી થાય, પણ તે સાથે આપણે જેને માટે ખરાબી ખેંચી લીધી તેની ખરાબી થતી અટકાવવાનો ઉપાય કરવો જોઇએ. આ વિચારથી એમ નક્કી કરવામાં આવ્યું કે દુર્ગાદાસે અકબરને સાથે લેઇ જઇ દક્ષિણમાં મરેઠા મહારાજાને આશ્રયે મૂકી આવવો. આપણા જેવાજ વિચારના ને ધર્મલાગણીના મરેઠા મહારાજા એનું રક્ષણ કરી શકશે. તેઓ કાંઇ થોડા બળવાન નથી. પણ શરણાગતનું રક્ષણ મરતા સુધી કરે એવા છે. વળી તેઓ પાદશાહના કટ્ટા શત્રુ છે. હવે દક્ષિણનું પણ પાદશાહી લશ્કર આપણા ઉપર આવશે, એટલે આલમગીરનું બળ દક્ષિણમાં ઘણું રહેશે નહિ. એવા સમયમાં મરેઠારાજાને અકબરનું રક્ષણ કરવું ભારે નહિ પડે. પેલા આલમગીરના અવગુણનો ઇતિહાસ ગાનાર ભુખણ બારોટ પાદશાહના ડરથી દીલ્લીથી નાશી ગયા ત્યારે તેમનું શિવાજી મહારાજે આશ્રય આપી કેવું રક્ષણ કર્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે શાહજાદાને પણ દક્ષિણમાં મરેઠા મહારાજાને આશ્રયે મૂકી આવવામાં ડહાપણ છે. ગુજરાતનું પાદશાહી લશ્કર હમણાંજ કપાઈ ગયું છે, માટે ગુજરાતને માર્ગે દુર્ગાદાસે તેમને લેઇ જવા, એટલે હરકત નથી. એ માર્ગે લેઇ જતાં ઝાઝા લશ્કરની પણ જરૂર પડશે નહિ. શાહજાદાને સોંપી આપી દુર્ગાદાસે તરતજ પાછા વળવું. અને એ પાછા આવતા સુધી મહારાણા જયસિંગજી એમની જગાનું કામ કરશે. શાહજાદાને ખરચી માટે હાલમાં પાંચ લાખ રૂપીઆ આપવા ને તે ઉપરાંત આગળ જતાં જરૂર પડશે તો આપણે મોકલી દેઇશું. આ પ્રમાણે ઠરાવ કરી ઉઠયા ને બીજે દિવસે દુર્ગાદાસ અકબરને લેઈ દક્ષિણમાં મૂકવાને ગુજરાતને માર્ગે ચાલ્યો.

શાહજાદા અકબરને પણ રજપુતો સાથે પાદશાહના નજીકમાં રહેવામાં જોખમ જણાયું. રજપુતો દૃઢ ને બળવાન હતા, તથાપિ આખા હિંદના પાદશાહ સામા ઝાઝો વખત ટકી શકશે કે પરિણામે રજપુતો જયશાળીજ રહેશે તેની એને ખાત્રી નહોતી. તેમ પાદશાહની છાવણી નજીક રહેવામાં રાત્રિ દિવસ ભયમાંજ ગાળવા પડે. પાદશાહ છળ પ્રપંચમાં પૂરો હોવાથી કોઈપણ ઉપાયથી શાહજાદાને કબજે લેવાને ચૂકે એવો નહોતો. એટલે આખી જીંદગી ભયમાં ગુજારવા કરતાં પાદશાહથી દૂર જઇ કાંઇક શાંતિમાં કે નિર્ભયતામાં રહેવું એ સારૂં છે એમ એને જણાયું. બીજા હાથ ઉપર શિવાજી મહારાજ ને તેમના પાટવીકુંવર સાથે જ્યારે દિલ્લીમાં કેદ કર્યા ત્યારે તેમની અકબરને ઓળખાણ થઈ હતી. તેમના સદ્‌ગુણોથી એ માહીતગાર થએલો હતો એટલુંજ નહિ પણ એ બંને બાપ દીકરા નાસી ગયા તેમાં અકબરના પણ આંખ આડા હતા. તેથી આવા સંકટને સમયે એ પોતાને આશ્રય આપશેજ ને ત્યાં તે વધારે સલામતીથી રહી શકશે એવી અકબરને ખાત્રી હોવાથી તે પણ દક્ષિણમાં શિવાજી મહારાજને આશ્રયે જવાને લગારે નાખુશ નહિ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસે પોતાના ખાસ વીણી કહાડેલા સો સવારો સાથે લીધા. ગંભીરસિંગને સાથે લીધો ને પોતાના ભાઇને અને દીકરાને મુખ્ય લશ્કરમાં રાખ્યા. એણે ગુજરાતની ઉત્તરના ડુંગરા વટાવી ઋષભદેવ ને શામળાજી ઉપરનો પહાડી રસ્તો લીધો. ત્યાંથી ગુજરાતની પૂર્વના ડુંગરા ઓળંગતો લુણાવાડા, દેવગઢ, ઉદેપુર ને નાંદોદની હદમાં થઇ નર્મદા ને તાપી ઓળંગી માંડવી, વાંસદા, ને ધરમપુરનાં રાજ્ય વટાવી થાણા જીલ્લાના ડુંગરામાં પેઠો. ત્યાં સુધીમાં પાદશાહનું કોઇ ચલીયું સરખું પણ મળ્યું નહિ. પાદશાહના ચોરને લેઇ જવાનો હોવાથી દુર્ગાદાસે આવો વિકટ રસ્તો લીધો હતો. જ્યારે કોકણની હદ ઉપર આવ્યો ત્યારે એ નિર્ભય થયો. એને પોતાના દેહનો ભય નહિ હતો; પણ અકબરની સલામતીનો ભય હતો. રસ્તામાં જતાં શાહજાદો જો ઓળખાઇ જાય તો તે પાદશાહનો ગુન્હેગાર છે એમ સર્વના જાણ-વામાં હોવાથી પકડાઇ જવાનો ભય વધારે હતો. મહારાષ્ટ્રમાં તો શિવાજી મહારાજનુંજ રાજ્ય હતું. પણ ઘાટની પૂર્વના સપાટ પ્રદેશમાં પાદશાહી લશ્કર સામું મળવાનો સંભવ હોવાથી અને ઘાટની પશ્ચિમ તળેટીએ એ સંભવ બિલકુલ ન હોવાથી તે કોકણમાં પેઠો. તે વખતે મુંબાઇ એ મચ્છીમારનું એક નાનું ગામડું હતું. અંગ્રેજોએ પોતાની સુર-તની વખાર તરતનીજ મુંબાઇમાં આણેલી હતી. તેથી તે વખતે મુંબા-ઇમાં વેપાર રોજગાર કાંઇ વધારે નહોતો. દુર્ગાદાસ મુંબાઇ થઇ કોક-ણમાં પેઠો. કોકણ પ્રદેશ નીચાણનો હોવાથી ત્યાં ઠેક ઠેકાણે ખાડીઓ હતી. એ ખાડીઓ ભરતીના વખતમાં ભરાઇ જતી ને ઓટ થાય ત્યારે કીચડ થઇ રહેતો. એ ખાડીઓ ને કીચડ ઘોડાઓ સાથે પસાર થવાં મુસ્કેલ હોવાથી ઘાટના ડુંગરાની તળેટીએ તળેટીએ ભોમીઓ લેઇ ચાલ્યા. એ ભોમીઓ પણ પેટપુર ખાવાનું મળતાં તેમને કે તેમના ઘોડાને કોઇપણ પ્રકારની આપદા પડે નહિ એવે રસ્તે થઇ પરલીને કિલ્લે લાવ્યો. ત્યાં શિવાજી મહારાજના ગુરૂ રામદાસ સ્વામી રહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. તેમનાં દર્શન કરવાને દુર્ગાદાસ કિલ્લા ઉપર ચઢયો. સ્વામી સર્વજ્ઞ હતા. દુર્ગાદાસ, ગંભીરસિંગ, ને અકબર જઇ સ્વામીને સાષ્ટાંગ કરી બેઠા કે સ્વામીએ અજાણ્યા થઇ નામ, ઠામ ને આવવાનું કારણ પૂછયું. દુર્ગાદાસે વિવેકથી જવાબ આપી અકબરને ઓળખાવ્યો, ને ટુંકામાં સર્વ હકીકત કહી સંભળાવી. આ વખતે શિવાજી મહારાજની દેહ પડી હતી. *ભુખણ બારોટ વૃદ્ધ હોવાથી પોતાને મળેલી જાગીરમાં પોતાના કુટુંબને રાખી પોતે સમર્થ (સ્વામીશ્રીને સમર્થ કહેતા હતા.)

---

* ભુખણ બારોટ ઔરંગજેબના સમયમાં દિલ્હીમાં રાજ્યકવિ હતા. તેમને ઔરંગજેબે પોતાના ગુણોનું ખરૂં વર્ણન કરવાનું ફરમાવ્યાથી તેમણે એમના ગુણોનો આબેહુબ ચિતાર એક કાવ્યમાં ચિત્રી તે કાગળ એક પાડોશીને આપી પોતાના કુટુંબ સાથે પોતે છાનામાના દેશવટો લેઈ દક્ષિણમાં નાશી જઇ શિવાજી મહારાજને આશ્રયે ગયા હતા, એમ કહેવાય છે. ઔરંગજેબના ગુણોનો ચિતાર નીચેના કાવ્યમાં ચિત્રયો છે.

કવિત.

કિબલેકી ઠોર બાપ બાદશાહ શાહજહાન
તાકો કેદ કીયો માનો મકકે આગ લાઇહે
બડો ભાઇ દારા વાકો પકડકે કેદ કીયો
મેહેરહુર નાહિમાકો જાયો સગો ભાઇહે
બંધુ તો મુરાદ બક્ષ, બાદ ચુક કરવે કો
બીચ લે કુરાન ખુદાકી કસમ ખાઇહે
કહત ભુખંન ભાટ સુનકુ નૌરંગ જેબ
એતે કામ કીયે ફિર પાદશાહી પાઇહે
હાથી તસબીન લીએ ધાત ઉઠ બંદગીકો
આપહી કપટ રૂપ કપટ જાપ જપકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની સેવામાં રહી ઇશ્વિરભજન કરતા હતા. તેમનું સમર્થે ઓળખાણુ કરાવ્યું. અકબરે તો બારોટને તરતજ ઓળખ્યા ને બંને જણા સમ દુઃખી થયા. સમર્થના આગ્રહથી તે દિવસ તો દુર્ગાદાસે ત્યાંજ ગાળ્યો.

શિવાજી મહારાજ પછી તેમના પાટવી કુંવર શંભાજી ગાદીએ

આગરેમેં જાય દારા ચૌકમાં ચુનાય લીન્હો
છત્રહી છીનાયો માનો બુઢે મરે બપકે
કીનહો હે ગોત્ર ઘાત સોતો મેં નાહિ કહો
પીલપે તુરાએ ચાર ચુગલનકે ચપકે
ભુખન ભનત શઠ છંદી મતિ મંદ ભયો
સો સો ચુવા ખાયકે બિલાઇ બેઠી તપકે

શિવાજી મહારાજના દરબારમાં ભુખણ બારોટ ગયા ત્યારે તેમણે બાવન કવિત તેમની પ્રશંસાનાં કર્યાં હતાં. તેને ભુખણ બાવની કહેછે. એ બાવન કવિતમાંનું નમુના દાખલ એક કવિત આ નીચે આપ્યું છે.

કવિત.

કુંભકરણ અસુર અવતારી ઔરંગજેબ
કીન્હી મથુરા કતલ દુહાઇ ફેરી રબકી
ખોદ ડારે દેવી દેવ સહર મહલ્લા બાંકે
લાખો કીએ મુસલ્લા માલા છૂટ ગઇ તબકી
ભુખન ભનત ભાગ્યો કાશીપતિ વિશ્વનાથ
ઔર કૌન ગીનતીમૈ ભૂલી ગત ભવકી
ચારો વર્ણ ધર્મ છોડ, કલમા નિમાજ પઢે
શિવા જો ન હોત તો સુનત હોત સબકી.

એમ કહેવાય છે કે શિવાજી મહારાજે ભુખણ બારોટનાં આ બાવન કવિત સાંભળી તેમના ગુજરાન માટે બાવન ગામ જાગીરનાં આપી તેમને પોતાના દરબારમાં રાખ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠા હતા. તે વખતે તેમનો મુકામ સતારામાંજ હતો. સંગતિ ભેદથી બાપ દીકરાના ગુણુમાં કેટલોક ભેદ પડયો હતો. તે વખતે શંભાજીને ગાદીએ બેઠાને ઘણો વખત થયો નહોતો. પોતાના પિતાના ગુરૂ સમાધિસ્થ થયા નહોતા. તેથી એના પિતાની પેઠે એ પણ સ્વામીશ્રીનાં ઘણી વાર દર્શન કરવા આવતો ને વખતે વખત સમર્થની રાજ્યકાર્યમાં સલાહ પણ લેતો. પરંતુ એ સલાહ પ્રમાણે હમેશાં એની વર્ત્તણુક રહેતી નહોતી, તેથી સમર્થ પણ એનાથી કોઇવાર કંટાળી જતા. તથાપિ જ્યારે જ્યારે સલાહ લેવાને આવતો ત્યારે આદરપૂર્વક એને યોગ્ય સલાહ આપવામાં સ્વામી કોઇવાર કંટાળતા નહિ. શંભાજી પણ સ્વામીની સમક્ષ તો તેમના આજ્ઞાંકિત જેવો થઈ સાંભળતો, પણ સતારે ગયા પછી એના સોબતીની સોબતમાં સ્વામીનો ઉપદેશ સતારાના ગઢની બહાર રહી જતો. સ્વામી ઘણીવાર એને કહેતા કે ભાઇ, એ કનોજીઆની સોબત છોડી દે. એની સોબત તારીને રાજ્યની ખરાબી કરાવશે ને તારા બાપે મેળવેલી કીર્ત્તિ ઉપર પાણી ફેરવાવશે. સ્વામીની બધી સલાહ શંભાજી માન્ય કરતો, પણ માત્ર એજ સલાહ એને રૂચતી નહિ, ને એ કનોજીઆની સોબત ત્યજી નહિ. સ્વામી પણ માત્ર એથીજ કંટાળ્યા હતા. બાકી શિવાજી મહારાજના બીજા સર્વ સદ્‌ગુણો શંભાજીમાં ઓધે ઉતરેલા હતા. શંભાજી પોતાના પ્રિય શિષ્યનો પુત્ર હોવાથી તથા તેના સર્વ સદ્‌ગુણો એનામાં હોવાથી સમર્થનો એના ઉપર પ્રેમ પણ હતો. એ શંભાજી બીજે દિવસે સ્વામીશ્રીનાં દર્શન કરવાને આવવાનો હતો, તેથીજ સમર્થે સર્વ પરોણાને તે દિવસે ત્યાંજ રોકયા હતા કે તેમની મુલાકાત કરાવાય સ્વામીશ્રી સમજતા હતા કે દુર્ગાદાસને અકબર શંભાજી પાસે જશે તો પેલા કલુષાની સલાહ પ્રમાણે ચાલનાર શંભાજી એમની પરોણાગત કરશે નહિ ને અકબરને આશ્રય આપશે પણ નહિ, તેથીજ તેમણે પોતાને ત્યાંજ તેમની મુલાકાત કરાવવાનું રાખ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે શંભાજી સમર્થનાં દર્શનાર્થે આવ્યો ને સ્વામીશ્રીને સાષ્ટાંગ કરી હાથ જોડી સન્મુખ બેઠો. તે વખતે દુર્ગાદાસ, અકબર ને ગંભીર પણ સ્વામીશ્રીને સાષ્ટાંગ કરીને બેઠા. ભુખણ બારોટ તો ત્યાં બેઠેલાજ હતા. એટલે સ્વામીએ શંભાજીને ઉદ્દેશીને કહ્યું કે ભાઇ, આ ભાઇઓ તમારા પરોણા આવ્યા છે. મારવાડમાં પાદશાહ સામા ઉઠી પાદશાહને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવનાર તે આ બહાદૂર દુર્ગાદાસ છે. એણે પાદશાહી લશ્કરનો ઘાણ કહાડી નાંખ્યાથીજ આપણી સામે આવેલું લશ્કર પાદશાહે પોતાની પાસે પાછું બોલાવી લીધું છે. આ મુસલમાન ભાઇને તો તું ઓળખતો પણ હશે. શાહજાદા અકબરનું નામ તો તને યાદ હશે. એટલે શાહજાદા તરફ નજર કરીને જોતાં તેને ઓળખ્યો ને મોં મલકાવ્યું. સ્વામી તરફ ફરીને શંભાજીએ કહ્યું કે હા, સ્વામી એમણે તો અમારા ઉપર બહુ ઉપકાર કર્યો છે. હું ને મારા પૂજ્ય પિતા જ્યારે દિલ્લીમાં કેદ હતા ત્યારે મહારાજા જયસિંગ ને એજ ત્યાં અમારી સંભાળ લેનારા હતા; અને જો એમની સહાય નહોત તો અમે દક્ષિણનું મોં જોવા કયાંથી પામત ? એમણે અમારે નાસી જવા માટે આપેલી ઘોડી તો હજુ હયાત છે. એમનો ઉપકાર તો મારાથી ભૂલાય તેમ નથી અને વળાય તેમ પણ નથી. ખરૂં કહીએ તો અમારા પ્રાણદાતા એજ હતા. એટલે સ્વામી બોલ્યા તો ભાઈ એમણે કરેલા ઉપકારનો બદલો વાળવાનો સમય હમણાં આવ્યો છે એમના આવા ધર્મસંબંધી સ્વતંત્ર વિચારથી, પાદશાહનો કોપ એમના ઉપર થયો છે. તેથી એ એકલા આ બહાદૂર દુર્ગાદાસની સોબતમાં તમારો આશ્રય મેળવવાને આવ્યા છે. અજાણ્યો ને શત્રુ પણ શરણે આવે તો તેનું રક્ષણ કરવું એ તમારૂં કામ છે. કેમકે તમારો જન્મ દક્ષિણમાં છતાં તમે ક્ષત્રીય કૂળદીપક રામચંદ્રના વંશના છે. ઉદેપુરની ગાદી સૂર્યવંશી ક્ષત્રીયની છે ને તેમના વંશના તમે છો. એટલે ક્ષત્રીયનુંજ લોહી તમારી નસોમાં પણ છે. અને અકબ્બરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરણું આપવું એ તમારી બેવડી ફરજ છે. એમણે તો તમારા ઉપર ઉપકાર કરી તમારો પ્રાણ બચાવ્યો છે અને ત્યારેજ તમે આ રાજ્ય મેળવવાને શક્તિમાન થયા છો. અકબર તમારા શત્રુનો પુત્ર છે માટે એના ઉપર લેશ પણ સંશય લાવવાનું કારણ નથી. એ દગો કરવાને આવ્યો નથી પણ શરણું માગવાને આવ્યો છે ને તે આ બહાદૂર દુર્ગાદાસના કહેવાથી જણાય છે. માટે એને શરણે રાખી, એનું શાહજાદા તરીકે માન સચવાય તેવી જાગીર આપી, તમારા સલાહકાર તરીકે રાખો. તમને એમની સલાહ બહુ ઉપયોગી થઇ પડશે. આ દેહ હવે વૃદ્ધ થયો છે. એ ક્યાં સુધી ટકવાનો હતો ? એટલે તમારે કોઇ સારા અનુભવી સલાહકારની જરૂર પણ પડશે, તે એ ભાઇ પુરી પાડશે.

એટલે દુર્ગાદાસ સ્વામીશ્રી તરફ હાથ જોડી બોલ્યો, 'બાપજી, એ મુસલમાન છતાં એનામાં એક પણ મુસલમાનનું લક્ષણ નથી. આલમગીર જેવા દુષ્ટને પેટે આવું સદ્‌ગુણી રત્ન નીવડયું છે એજ મને તો નવાઈ લાગે છે. એનામાં દુર્ગુણનો સ્પર્શ પણ નથી. વળી એના વિચારો પણ ઉત્કૃષ્ટ છે. રાજ્યકાજમાં અનુભવ મેળવ્યાથી ઘડાયલા છે. એટલે એમની સલાહ પણ મહારાજાને ઉપયોગી થઇ પડશે. અકબર એ એમના એકનામી પાદશાહના સર્વ સદ્‌ગુણોથી ભૂષિત છે. માત્ર પ્રારબ્ધ ફેર છે. અને એથીજ એમને શરણું શોધવાને અહિં આવવું પડયું છે.'

શંભાજીએ કહ્યું કે સમર્થશ્રીની આજ્ઞા પ્રમાણે સર્વ વ્યવસ્થા થશેજ. આતો આપશ્રીની આજ્ઞા ન હોય તો પણ પરમેશ્વરે એમના કરેલા ઉપકારનો બદલો વાળવાનો મને લાગ આપ્યાથી મારે એમને અવશ્ય આશ્રય આપવોજ જોઇએ. તેમાં વળી આપની આજ્ઞા થઇ. અનુપકાર કરનાર પણ શરણે આવે તો તેનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે તો પછી આતો ઉપકારનો બદલો વાળવાનો છે, તે વાળવામાં નવાઇજ શી છે ? અકબરે મને દિલ્લીમાં શત્રુ છતાં ભાઇના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો ઘણી મારી સંભાળ લીધી હતી. ને છેવટે અમને સહાય કરી નસાડી મૂકયા હતા. મારા પૂજ્યશ્રીની હયાતીમાં આ વખત આવ્યો હોત તો તેમને કેટલો સંતોષ થાત. એમનો દેહ પડ્યો છે તોપણ સમર્થની સત્તાથી હું અકબરને મારા પૂજ્યની ખોટ પડવા દેઇશ નહિ. માટે આપ સમર્થની આજ્ઞા થાય એટલે આ સર્વ મેમાનોને લેઇ સતારે જઇએ.

એટલે દુર્ગાદાસે કહ્યું કે મારવાડમાં મારી હાજરીની તાકીદે જરૂર છે. હું તો માત્ર આ શાહજાદાને આપને ત્યાં સોંપવા માટેજ આવ્યો હતો. એ કામ મારૂં થયું છે માટે મને તો અહિંથીજ રજા મળે તો સારૂં. કેમકે પાદશાહ અજમેરમાં આખા ભરતખંડના મોગલાઇ લશ્કરનો જમાવ કરે છે તે થતા પહેલાંજ એના સામા જવામાં અમને લાભ છે. એનું સર્વ સૈન્ય જમાવ થયા પછી અસંખ્ય મુસલમાનો સામા અમારા મુઠીભર રજપુતોનું શું ચાલે? માટે એ સબળ થાય તે પૂર્વેજ એને ઘેરી લેવો જોઇએ. માટે મને તો સ્વામીશ્રી અહિંથીજ રજા આપે તો સારૂં.

સ્વામી બોલ્યા, ભાઇ, તમારે ગભરાવાનું કારણ નથી. સતારા નજીકજ છે. ત્યાં એક દિવસ રહી સુખેથી પાછા જજો. પાછા જાઓ ત્યારે પણ આવ્યા તેજ રસ્તે જજો ને અહિં મળીને જજો. આ રસ્તો નિર્ભય છે. આવી સમર્થની આજ્ઞા થતાંજ સર્વ મંડળ સતારે ગયું ને એક દિવસ ત્યાં શંભાજી મહારાજની પરોણા ચાકરી ભોગવી સ્વામીની આજ્ઞા પ્રમાણે દુર્ગાદાસે બીજે દિવસે શંભાજીની રજા માગી. શંભાજીએ અકબરને કોકણમાં જાગીર બાંધી આપી ને પોતાના સલાહકાર તરીકે દરબારમાં રાખ્યો. દુર્ગાદાસને અને બીજાઓને યોગ્યતા મુજબ દરબારમાં સીરપાવ આપી સર્વેને વિદાય કર્યા એટલે તેઓ સર્વે પરલીમાં સ્વામીશ્રીનાં દર્શન કરી તેમની આજ્ઞાથી જે રસ્તે આવ્યા હતા તેજ રસ્તે પાછા જવાને નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮ મું.

ભણ્યો ભૂલ્યો.

અજમેર બહાર પાદશાહની હાર.

આણી તરફ મહારાણા રાજસિંગજી સાથે જે સલાહનું કહેણ ચલાવ્યું હતું, તેમાં પણ પાદશાહ ફાવ્યો નહિ. રાજસિંગ રાણો પાદશાહથી છેતરાય એવો નહોતો. પાદશાહની કપટ જાળમાં તે ફસાયો નહિ. પાદશાહી સરદાર દીલીરખાન એ સલાહનું કહેણ લેઇ ગયો હતો. તેને રાજસિંગ રાણાએ ચોખ્ખો જવાબ દેઇ દીધો કે હવે પાદશાહના ખાલી મોંઢાનાં વચનો ઉપર અમને ભરોંસો નથી. છેલ્લી લઢાઇમાં પાદશાહના લશ્કરનો સમૂળ નાશ થયા પછી એ સલાહનું કહેણ મોકલે છે ને બીજી તરફથી દક્ષિણ, ગુજરાત, બંગાળા ને આગ્રાનાં સર્વ લશ્કરોને અજમેર બોલાવે છે, એનો અર્થ શો ? પાદશાહને જો અંતઃકરણથી સલાહ કરવાની ઇચ્છાજ હોય તો એમને જઇને તમે કહો કે, આજ સુધી અમે જે જીતીને મેળવ્યું છે તે ઉપરનો તમારો દાવો છોડી દો, જાત્રા ને જજીઆ વેરો બંધ કરી ધર્મપ્રતિબંધ દૂર કરો, હિંદુ મુસલમાનનો તફાવત કહાડી નાંખી મહાન અકબરશાહની રાજ્યનીતિ પુનઃ શરૂ કરવાનું કબુલ કરો અને એ સર્વ કબુલતોનો સંધિપત્ર લખી તે ઉપર મોહોર શિક્કો કરાવી અમારા તરફ મોકલો. તથા હિંદના દરેક ભાગમાંથી જે જે લશ્કરો અજમેર બોલાવ્યાં છે તેમને પોત પોતાને સ્થાનકે જવાના હુકમો લખી મોકલી તેમને આગળ વધતાં અટકાવો. આ પ્રમાણે કરશો તો અમે સર્વ રજપુતો અમારી તરવાર મ્યાન કરીશું. નહિ તો અમે અમારાં હથીઆર છેવટની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડી સુધી મૂકવાના નથી. માટે હવેથી જ્યાં સુધી સહી શિક્કા સાથનો કબુલાત પત્ર લાવો નહિ ત્યાં સુધી મોંઢાની વાતો કરવા હવે ફરીને આવશો નહિ. એમ કહી દીલીરખાનને વિદાયગીરી દીધી ને એ હકીકત પોતાના પાટવીકુંવર જયસિંગજીને જણાવી દીધી.

હવે રાજસિંગ રાણાએ દયાળદાસ દીવાનને માળવા ને દક્ષિણમાંથી આવતું લશ્કર રોકવાને કોટાની ખીણનો રસ્તો રોકી રહેવાને મોકલ્યા, શામળદાસને જયપુરના જયસિંગ મહારાજાની સહાયે જઇ પંજાબ દીલ્લી ને આગ્રાના લશ્કર રોકવાને મોકલ્યા ને પોતે બુંદેલખંડ, બંગાળા ને ઓઢીઆનાં લશ્કરને રોકવાને ગયા. એમણે એવી જગા પસંદ કરી હતી કે ત્રણેમાંથી જેને પાદશાહી લશ્કરનો મેળાપ પહેલો થવાનો આવે કે તેની મદદે બીજા બંને તરતજ જઇ શકે. આ પ્રમાણે બંદોબસ્ત કરી પોતાના કુંવર ભીમસિંગજી ને શિરોહીને માર્ગે ગુજરાત ને સિંધના લશ્કરને રોકવાને મોકલ્યા તથા જેસલમેર ને વિકાનેર વાળાને પણ સિંધ ને પંજાબનાં લશ્કરની દેખરેખ રાખવાનું સોંપ્યું.

એ વખતે પાદશાહની કેવી સ્થિતિ હતી તે તપાસીએ. દેબારીથી હારીને અજમેર આવ્યો કે તેણે દુર્ગાદાસ પાસે ને રાણા રાજસિંગ પાસે સલાહ કરવાને મિષે એ સરદારોને મોકલી સિંધ, પંજાબ, ગુજરાત, દક્ષિણ, ઓઢીઆ, બંગાળા, દિલ્લી, આગ્રા, બુંદેલખંડ ને કાશીના સરદારોને જેનાથી જેટલાં બચાવી શકાય તેટલાં માણસો પોતાની સહાયે અજમેર મોકલવાને તાકીદના હુકમો લખ્યા. સલાહ કરવાને આવેલા સરદારો નિષ્ફળ જઇ પાછા આવ્યા ત્યાં સુધીમાં તો દરેક ભાગમાંથી સૈન્ય આવવા માંડયું હતું. કેટલેક નજીકને ઠેકાણેથી તો રજપુતો રોકવા જાય તે અવલ આવી પહોંચ્યું હતું, કેટલેક દૂરને ઠેકાણેથી નીકળેલું સૈન્ય હજુ માર્ગમાંજ હતું ને કેટલાક સૈન્યને રજપુત સરદારોએ અને તેમના મળતીઆઓએ રસ્તામાં જ રોકયું હતું. કેટલુંક સૈન્ય તેમને રોકવા ગએલા રજપુત સરદારોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજરે ચૂકાવી પાદશાહને આવી મળ્યું હતું. કેટલાક સુબાઓ અને સૈન્યનાયકો પોતેજ સૈન્ય લઇ આવ્યા હતા, ને કેટલાકે પોતાના હાથ નીચેના સરદારોને મોકલ્યા હતા. એ પ્રમાણે બુંદેલખંડ, માળવા, ગુજરાત, સિંધ એ ભાગનાં આવતાં લશ્કરોને રસ્તામાંજ રોકીને કિંવા હરાવીને પાછાં કહાડી પાદશાહની સહાયે આવતાં રજપુતોએ અટકાવ્યાં હતાં. પંજાબ, દિલ્લી, આગ્રા ને કાશીનાં લશ્કર આવી પહોંચ્યાં હતાં. અયોધ્યા, બંગાળા, બહાર, ઓઢીઆ ને દક્ષિણનાં લશ્કર હજુ રસ્તામાંજ હતા.

પાદશાહના સારા નસીબે તે વખતે શિવાજી મહારાજનો દેહ પડેલો હતો ને તેની ગાદીએ તેનો પુત્ર શંભાજી થયો હતો. શંભાજી જો કે એના બાપ જેવોજ બહાદૂરને મ્લેચ્છોને ધિક્કારનારો હતો. તથાપિ તેનામાં શિવાજી મહારાજ જેવી ચપળતા ને યુદ્ધકૌશલ્ય નહોતાં. એવામાં શાહજાદો અકબર તેને આશ્રયે આવ્યો હતો, તેણે તેને પાદશાહી સૈન્ય સામા યુદ્ધે ચઢવાને અને દક્ષિણનું સૈન્ય ઉત્તરમાં જતું રોકવાને ઘણુંએ સમજાવ્યો. પણ સ્ત્રીલંપટ શંભાજીની સુરતી ઉડી નહિ. દક્ષિણનું સૈન્ય ઉત્તરમાં આવવા નીકળ્યું, દક્ષિણમાં પાદશાહી સૈન્ય નબળું પડી ગયું. ગોવળકોંડા ને વિજાપુરનાં બ્રાહ્મણી રાજ્યો તો પડવાની અણીપર આવેલાં હતાંજ, તોપણ એ સોના જેવો આવેલો લાગ શંભાજીએ ગુમાવ્યો ને તેના મિત્ર કલુષાની સોબતમાં ને સલાહમાં સુસ્ત થઈ પડી રહ્યો. પણ એ સુસ્તી પાદશાહને બહુ ઉપયોગી થઇ પડી. શંભાજીને આવો સુસ્ત, બેદરકાર ને અવગુણી જોઇ અકબર તેનાથી કંટાળ્યો. તેથી એ મક્કે હજ કરવા ગયો ને ત્યાંથી ઈરાન ગયો. ત્યાં તે થોડીજ મુદતમાં મરણ પામ્યો.

આણી તરફ દુર્ગાદાસ આવતા સુધી તેમની જાતીનું કામ કરનાર મહારાણા જયસિંગજી કાંઇ સુસ્ત થઇ બેસી રહ્યા નહોતા. દેબારીની લઢાઇની નુકશાનીમાંથી સાવધ થયા કે તરતજ તેમના પિતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુકમ પ્રમાણે પોતાના ભાઈ ભીમસિંગજીને ગુજરાત ને સિંધના આવતા પાદશાહી લશ્કર ઉપર નજર રાખવાને શિરોહીને માર્ગે મોકલ્યા ને પોત પોતાના સર્વ સરદારોને એકઠા કરી કહ્યું કે ભાઇઓ, આપણે આપણું આપણી તરવારથી મેળવ્યું છે. પાદશાહની મેહેરબાનીથી મેળવ્યું નથી, પણ એ નક્કી સમજવું કે દેબારીની હાર પાદશાહને બહુ સાલતી હશે અને તેથી તેનું વેર વાળવાને અને જે જુલમ અને ત્રાસમાંથી આપણે હમણાં છૂટયા છીએ તેમાં ફરીને જકડવાને તે આખી પાદશાહતનું સૈન્ય જમા કરીને આપણા ઉપર આવશેજ. એટલે આપણે હવે લડી પરવાર્યા છીએ એમ સમજવાનું નથી. આપણને હજુ લડવાનું બાકી છે એટલુંજ નહિ, પણ વધારે જુસ્સો, ઉત્સાહને દ્રઢતાથી લડવું પડશે. હમણાંજ ચીતોડથી ખબર આવી છે કે મહારાણા સાહેબે પણ તેમની પાસે સલાહ કરવાને ગએલા દીલીરખાનને આપણી પેઠેજ ખડખડીયું આપ્યું છે. તથા ફરીને દીવાન દયાળદાસને માળવામાં, શામળદાસને જયપુર તરફ ને પોતે એ બંનેની મધ્યમાં લશ્કર સાથે મુકામ નાંખી પડેલા છે કે જેથી પાદશાહની મદદે આવતાં લશ્કરોને રોકી શકે માટે આપણે હવે તૈયાર થઈ જલદીથી અજમેર ઉપર જઇ પાદશાહને પકડી લેવો એ સૌથી સારો ઉપાય છે. એ વગર પાદશાહ માન્યું કહે તેવો નથી. માટે પાદશાહ તૈયાર થાય તે પહેલાંજ આપણે આપણા સૈન્યને જીતના મદમાં યુદ્ધમાં દોરવું કે જેથી આપણો જય નક્કીજ જાણવો. આજ સુધીમાં જે કાંઇ થોડું ઘણું લશ્કર એણે જમાવ્યું હશે તેનો નાશ કીધો કે મુસલ્લા હિંમત હારી જવાના, એવે વખતે પૂર્વ તરફથી મહારાણા સાહેબને પશ્ચિમથી આપણે અજમેરને ઘેર્યું કે પાદશાહ કાંતો તાબે થાય કે કાંતો આપણી શરતો મુજબ સલાહ કરે. એ બે વગર બીજો ઉપાય એને રહેવાનો નથી. મારા પૂજ્યશ્રીની મતલબ પણ એવીજ સમજાય છે. માટે મારો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો છે કે હજુ પાદશાહ લશ્કર જમા કરે છે, હજુ તે પુરો તૈયાર થયો નથી. તે તૈયાર થઈ આપણા ઉપર ચઢી આવે ને આપણા મુલકની ખરાબી કરે તે કરતાં આપણેજ તેના મુલક ઉપર ચઢી જવું એ વધારે સારૂં છે. આજ સુધી દુર્ગાદાસે જય મેળવ્યો છે, એ આવે તો એમના વિજયી હાથનો અને યુદ્ધકળાનો આપણને લાભ મળી શકે પણ ત્યાં સુધી આપણને થોભવામાં લાભ કરતાં હાની મને વધારે સમજાય છે. કેમકે પાદશાહી લશ્કર ચોતરફથી આલમગીરને આવી મળશે તો એ એકત્ર સૈન્યને હરાવવું આપણને બહુ ભારી પડશે. માટે જો આપણો સતારો પાંશરો હશે તો ત્યાં સુધીમાં દુર્ગાદાસ પણ આવી પહોંચશે. એ આવે કે સીધા અજમેર આપણને આવી મળે એવો બંદોબસ્ત કરીશું. પણ તેમના આવતા સુધી આપણે અહિંજ થોભીને આવેલો લાગ ગુમાવવો મને યોગ્ય લાગતું નથી. માટે બોલો ભાઇઓ, આપ સર્વેનો શો અભિપ્રાય છે ?

એ સાંભળી રામસિંગજી, રૂપસિંગજી, સુરતનસિંગજી, કેશરીસિંગજી વગેરે સિંહોએ પણ એજ મતને અનુમતિ આપી. તેથી બીજે દિવસે પ્રાતઃકાળે સોજીતગઢથી અજમેર ઉપર જવાને સર્વે નીકળ્યા. હરોલ-માં મહારાણા જયસિંગજી રહ્યા. ડાબી બાજુ રામસિંગજીને જમણી બાજુ માનસિંગ રહ્યા. સોનિંગજીને કેશરીસિંગજીને પાછળ રાખ્યા. રૂપ-સિંગજી ને કરણસિંગજીને બે મુકામ દૂરથી ખબર મેળવવા આગળ મોકલ્યા. સુરતનસિંગને જશકરણને થોડા થોડા માણસો સાથે આસ-પાસ તજવીજ કરવાને મોકલ્યા. આ પ્રમાણે વ્યવસ્થાસર સર્વે અજ-મેર તરફ ચાલ્યા.

પૂર્વનાંને દક્ષિણનાં સૈન્ય અજમેર આવતા પહેલાંજ રાઠોડ લશ્કર અજમેર નજીક આવી પહોંચ્યું. રાઠોડ સૈન્ય એક મજલ દૂર હતું, તે વખતે આલમગીરને સમાચાર મળ્યા કે રાઠોડો પૂર જોસમાં અ-જમેર ઉપર આવે છે. આલમગીર યુદ્ધમાં કુશળ, સંકટ સમયે ધીર ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતે બહાદૂર હતો. તેની પાસે પાદશાહી લશ્કરનો ત્રીજો ભાગ તો આવી પહોંચ્યો હતો. હજુ એ ભાગ આવવાના બાકી હતા. તે આવવાની એ રાહ જોતો હતો. એવામાં એને સમાચાર મળ્યા કે ઉદેપુરનો રાણો, તેનો દિવાન, શામળદાસ મેડતીઓ ને જયપુરવાળો એ સર્વે દક્ષિણ ને બંગાળાના સૈન્યને આવતાં અટકાવવાને રસ્તો રોકી બેઠા છે. એટલે હવે વધુ લશ્કર તાબડતોબ આવી મળવાનો સંભવ એને જણાયોજ નહિ. તેથી તેણે તેમની રાહ નહિ જોતાં અજમેરની બહાર રજપુતોની સન્મુખ યુદ્ધે ચઢવાની તૈયારી કરી. સર્વે સરદારોને ભેળા કરી તેણે કહ્યું કે મારા શૂરવીર સરદારો, રજપુતોએ હાથે કરીને આ લડાઇ પોતાને માથે વહોરી લીધી છે. આપણા જશવંતસિંગજી કાબુલમાં મરણ પામ્યા ત્યારે તેમને કોઇ વારસ નહોતો. તેમના પુત્રો તેમની પહેલાંજ મરણ પામ્યા હતા. તેમની રાણીને ગર્ભ હતો, એવી વાત રજપુતોએ ખોટી ઉડાવી હતી. આપણા કાબુલના બાતમીદારોએ મને ખાત્રી પૂર્વક એવી બાતમી આપી હતી. અને તેજ ઉપરથી મેં તેમના સર્વ કુટુંબને અને સરદારોને દિલ્હીમાં બોલાવ્યાં હતાં. ત્યાં તેમની સાથે તેઓ એક પાંચ સાત માસના બાળકને લાવ્યા હતા. એ એ બાળક જશવંતસિંગનો છે કે નહિ તેની ખાત્રી કરવાને મેં તેને દરબારમાં બોલાવી મંગાવ્યો. પણ તેમ કરવાથી પોતાનું કપટ ઉઘાડું પડી જશે એમ ધારી રજપુતો તેને નહિ આપતાં સામા થયા, તેમાં સર્વે રજપુતો, સ્ત્રીઓ ને બાળકો મરાયા. હવે એમ ધારો કે રજપુતોએ ઉભો કરેલો બાળક ખરો હોય, તો પણ તે તો મરણ પામ્યો. એટલે જોધપુરનું રાજ્ય બીનવારસી થવાથી સરકારે તે જપ્ત કરી ત્યાં પાદશાહી સુબો નીમ્યો. તેણે પાદશાહીના બીજા સુબાની માફક રાજ્યની વ્યવસ્થા કરવા માંડી, કાફરો ઉપર જાત્રા ને જજીઆ વેરો મારવાડમાં પણ લેવા માંડયો. પાદશાહીના સર્વ નિયમો જોધપુરને પણ લાગુ પાડયા. પરંતુ તે મારવાડીઓને ખોટા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે જાણો છો કે આપણે આખા હિંદમાં દીનનો ઝુંડો રોપવાનો છે. આપણું દીન સર્વત્ર ચલાવી, સર્વત્ર સર્વને કુરાન પઢતા કરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. આખા હિંદમાં મુસલમીન લોક ને મુસલમીન ધર્મ કરી, મૂર્ત્તિપૂજકોનું નામ નાશ કરવું છે. તેમની મૂર્ત્તિની જગાએ મસીદો બનાવવી છે, પુરાણો પઢતા પુરાણીઓની જગાએ કુરાન પઢતા કાજીઓ બેસાડયા છે. આપણે આપણા રાજ્યમાં સર્વત્ર તે પ્રમાણે કરવા માંડયું છે, તે પાર પણ પડયું છે. માત્ર આ રજપુતોમાં તેમ કરવું બાકી છે. પણ એમનો મુલક કેટલો છે? સાગરમાં બિંદુ તુલ્ય. તેમનું સંખ્યાબળ કેટલું છે? આંગળાનાં વેઢામાં ગણાય એટલું!! માટે મારા શૂરા સરદારો, ચાલો, તેમનો નાશ કરી તેમના મુલકમાં પુનઃ દીનનો ઝુંડો રોપી તેમનો સમૂળ નાશ કરીએ કે ફરીને ઉઠવા પામે નહિ. ચાલો, મારવાડનું આપણા હક્કનું રાજ્ય મેળવીએ. પેલો આજ કાલનો રાજસિંગ મને શીખામણ આપવા નીકળ્યો છે. તે પેલા કાફરશાહ અકબરની માફક મને પણ કાફર બનાવવા માગે છે. હું એ કાફરશાહના નિયમો કદી પાળનાર નથી. તેણે ચલાવેલો પેલો કાફર ધર્મ આજે છે કે? તેનું નામ પણ નાશ પામ્યું. તેના નામશાહી મારા શાહજાદાને ભમાવી, લાલચ આપી તેમણે તેમના પક્ષમાં લીધો છે. પણ તેથી શું થઇ ગયું! મારો એ શાહજાદો છે, તોપણ તે કાફરોને મળી ગયાથી હું તેને પકડીને રાજ્યદ્રોહને માટે એક કાફરને સજા કરૂં તેમ તેને પણ સજા કરીશ. પણ બહાદૂરો, મારા આ બોલ ને આ પ્રતિજ્ઞા સાચી કરી આપવી, તમારા પરાક્રમ, દઢતા ને ઐકય ઉપર આધાર રાખે છે. તમે એમ નક્કી સમજજો કે હું જે લઢવા ઉઠયોછું તે મારા સ્વાર્થ માટે નથીજ. માત્ર આપણો ડુબેલો દીન તારવા માટે, આપણા દીનનો ઝુંડો સર્વત્ર ઉડાવવા માટે ને કાફરોનો નાશ કરવા માટેજ. તમે સર્વે આજ સુધી મારી સાથે એજ મતલબથી ને એજ જુસ્સાથી વળગીને લઢતા રહ્યાછો ને આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેવાજ જુસ્સાથી લઢશો એવો મને પૂર્ણ ભરોંસો છે. કાફરોને નારાજ કરવામાં મને શો લાભ છે ? તેમના સામી લડાઇ ઉઠાવવામાં મને શું સુખ છે ? ઉલટો રાત્રિ દિવસ ઉજાગરો કરવો પડે છે, અશાંતિને અસુખ ભોગવવું પડે છે. અહર્નિશ ચિંતામાં રહેવું પડે છે. પણ એ સર્વ શામાટે ? માત્ર દીન ધર્મ માટે. અને તેનેજ માટે તમે પણ ચાલો. આજે રણયુદ્ધમાં રજપુતોને જેર કરી ત્યાં દીન ધર્મ વરતાવ્યો, તો પછી મરેઠા કાંઇ ગણતીમાં નથી. આજકાલના મરેઠાને લઢતાં તો આવડતુંજ નથી. તેઓ વારંવાર હારીને તેમના ડુંગરોમાં છુપાઇ જાય છે. પણ રાજ્યસ્થાનનો બરાબર બંદોબસ્ત થયો કે એ ઘાટીઓનો ઘાટ મૂળમાંથી ઉખેડી, તેમનો ઘાટ ઘડતાં આપણને વાર લાગવાની છે ? તેમાં વળી પેલો ચોર તો મરણ પામ્યો છે. તે બડો લુચ્ચો ને ખળ કાફર હતો. તેના દીકરામાં તો કાંઇજ દમ નથી. આપણે એને દિલ્લીમાંજ જોયો હતો. એ તો પુત્રનાં લક્ષણ પારણામાંથીજ જણાય. એ બાયલાને હરાવીને મારતાં વાર નથી. પણ આ રજપુતોને સીધા કરવા એ આપણું પ્રથમ કામ છે. તેમને હરાવીને નમાવો, તેમને દીનમાં લાવો ને તેમનું રાજ્ય ખાલસા કરો, ત્યારેજ આપણું કામ સંપૂર્ણ થયું ગણાશે. ત્યારેજ મને સંતોષ થશે. ત્યારેજ હિંદવી કાફર ધર્મનું મૂળ નાશ પામશે. એ મૂળને ખોદનારા તમેજ છો. તમે પાદશાહના બાહુરૂપ છો. પાદશાહ તો ફક્ત કહેવા માત્ર છે. મારા હાથ પગતો તમેજ છો. તમારા વગર હું એકલો શું કરી શકવાનો હતો ? કાફર ધર્મનાં ઉંડાં મૂળ ખોદનાર કોદાળી પાવડા તમેજ છો. માટે તમે ધીરતાથી ને ઐક્યથી એ કામ કરવાને મારી સાથે ચાલો. આપણી ફતેહ નક્કીજ છે. આપણે જય મેળવી આપણો જન્મ સાર્થક કરીશું. દુનીઆમાં આપણું નામ અમર રહેશે ને આપણા વંશજો આપણને માનભેર યાદ કરશે. માટે મારા શૂરા સરદારો ને સેનાધિપતિઓ ચાલો, રજપુતોનો નાશ કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આના જવાબમાં સઘળાએ દીન દીનનો પોકાર કરી મૂકયો. દરબારમાં પાદશાહ ઉભો થયો કે તરવારોના ખડખડાટ થઈ રહ્યા. સઘળા જોસમાં આવી ગયા. સર્વ હિંદુધર્મનો ને રજપુતોનો નાશ કરવાની ઇચ્છાના આવેશમાં આવી ગયા. સર્વત્ર કાફરોને મારો મારોનો પોકાર પડી રહ્યો. એવા શૂર ભર્યા આવેશમાં તેઓ સર્વે ખ્વાજા પીરની દરગાહમાં દર્શન કરવા ગયા. પીરનાં દર્શન કરતાંજ તેમનો ઉભરો સમાયો નહિ. તેઓ પાદશાહ, સરદાર, નાયક, એ સર્વેનું ભાન ભૂલી ગયા. તેમના હુકમનું માન ભૂલ્યા. માત્ર તેઓ દીન દીન ને મારો મારો કરતા કિલ્લા બહાર નીકળ્યા. પાદશાહ ને સરદારો, સેનાધિપતિઓ ને નાયકો, નાના ને મોટા, હલકા ને ઉંચા, એ સર્વ એકત્ર થઈ ગયા. તેમનો બંદોબસ્ત તૂટી ગયો. મારો મારોના તાનમાં કોઇ કોઇને ઓળખે નહિ ને કોઇ કોઇનું માન રાખે નહિ એવું થયું. કાફરો કયાં છે? તેમને મારો ને કાપો કરતા ને દીન દીનનો પોકાર કરતા માર્ગમાં અવ્યવસ્થિત ચાલવા લાગ્યા. પ્રથમ તો પાદશાહ પણ પોતાનું ભાન ભૂલી ગયો. તે સ્વભાવે દાંભિક ને ખળ છતાં, સ્વાર્થમાં સ્વાર્થ છૂપાવી પરમાર્થ બતાવતો છતાં, આ વખતે જાણે પીરે તેને પણ ભાન ભૂલાવ્યો નહોય, તેમ તે પણ ધર્માંધ થઇ દીન દીન કરતો ચાલ્યો. શેહેર બહાર થોડે સુધી એમ અવ્યવસ્થિત ચાલ્યા, તેવામાં રજપુતોના ડંકાના અવાજ કાને પડયા. મુસલમાનો સ્થંભિત થાય એટલામાં તો રજપુતો સામા આવી ખડા થયા.

હવે પાદશાહની આંખ ઉઘડી. અજ્ઞાન ને ધર્માંધ ઝનુની લોકોને ધર્મનો જુસ્સો એકદમ ચઢાવવાથી કેવું માઠું પરિણામ થાય છે તે તેણે જોયું. તેણે જોયું કે રજપુતો વ્યવસ્થાસર લશ્કરી બંદોબસ્તથી આવેલા છે. તેણે જોયું કે પાદશાહી સૈન્ય ધર્માંધ બની જઇ અવ્યવસ્થિત ચાલ્યું જાય છે, એવા લશ્કરને કાપી નાંખતાં રજપુતોને વાર લાગશે નહિ અવ્યવસ્થિત ધર્માંધ ટોળાને મારી કહાડતાં કે કાપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખનાં રજપુતોને લગારે મહેનત પડવાની નથી. પણ હવે શું કરવું ? એકલો ઉશ્કેરાયલો ધર્મનો જુસ્સો માણસને ઝનુની પણ અંધ બનાવે છે. તે જેમ દીવામાં પતંગ ઝંપલાય તેમ રણમાં ઝંપલાઇને મરણ પામે છે. પણ તેઓ શત્રુને થોડુંજ નુકશાન કરી શકે છે ! અવ્યવસ્થિત ધર્માંધ ટોળાને વ્યવસ્થિત શત્રુઓ મારી હઠાવશે. એકલો ધર્મનો જુસ્સો ઉશ્કેરી, તેમનો બંદોબસ્ત રાખી, તે જુસ્સો કબજે રહે તેમ નહિ કરવાની પોતાની ગફલતી તેણે જોઇ. પણ હવે તે ભૂલ સુધરશે કે નહિ ? તે કેમ સુધારવી ? પ્રથમ તો તેઓ તેનું જ્ઞાન સાંભળે, એવા શાણપણામાં તેમને શી રીતે લાવવા ? એનો આલમગીર વિચાર કરે છે, એટલામાં તો રજપુતોએ વ્યવસ્થા કરી તોપો આગળ રાખી, ચારે બાજુથી હાથમાં નાગી તરવારો લેઇ મુસલમાનોને ઘેરી લેઈ ધસારો કર્યો. ચારે બાજુથી દબાણ થતું જોઈ આલમગીર ગભરાયો. સૈન્યને શુદ્ધિમાં લાવવાનું કે તેની વ્યવસ્થા કરવાનું તો રહ્યું, પણ પોતાની સલામતી માટેજ તેને ચિંતા થઇ. હવે તે આ સંકટમાંથી કેમ બચવું તેનોજ વિચાર કરવા લાગ્યો.

પાદશાહ નાશી છૂટયો. પણ તેનું સૈન્ય બચ્યું નહિ. જેઓ રાજ્યસ્થાનમાં દીનનો ઝુંડો રોપવાના આવેશમાં આવ્યા હતા, તેઓ અજમેરથી થોડેજ દૂર ધૂળમાં રગદોળાયા. જેમને દુશ્મનોના મારના બળથી ધર્મનો અંધ જુસ્સો જતો રહી, પોતાની સલામતી ખોળવાની આંખો ઉઘડી હતી, તેઓજ માત્ર પાદશાહની પેઠે અજમેરગઢમાં નાશી ભરાયા. બાકીના સર્વ રજપુતોની તરવારદેવીના ભોગ થઇ પડયા.

જે થોડું લશ્કર નાશી આવ્યું હતું તે, અને શેહેરમાંથી થોડુંક નવીન લશ્કર તાબડતોબ જમાવી, પાદશાહે ગઢના દરવાજા બંધ કરાવી, એ ગઢમાંજ રહી, દક્ષિણનાં ને પૂર્વનાં સૈન્ય આવતા સુધી પોતાનો બચાવ કરવાનો ધાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯ મું.

રજપુતો સાથે સંધિ.

સોરઠો.

દીલ્લી કહે દુરગેશ, કેડે કયમ લાગ્યો કમંધ;
વીલસી બાળી વેશ, અજે ન છોડે આસોત.

આ તરફ રજપુતો રણમાં જય મેળવી અજમેર ઉપર ચાલ્યા. અજમેરગઢ મજબૂત છે. તે એકદમ હુમલો કરવાથી લેવાય તેવો નથી. માટે તેમણે કિલ્લાની આસપાસ ઘેરો નાંખી પડાવ કર્યો, કે કિલ્લામાં અન્ન પાણીનો તોટો પડે ને પાદશાહ તાબે થાય. વળી તેમણે આ જયના સમાચાર રાણાજીને મોકલ્યા. કરણસિંગ, તેજકરણ, જશકરણ ને સોનિંગને થોડાં થોડાં લશ્કર આપી આસપાસ ચારે બાજુની બાતમી મેળવવા તથા પાદશાહના સૈન્યને બહારથી ખોરાકી મળતી અટકાવવા મોકલ્યા. આ પ્રમાણે પાકો બંદોબસ્ત કરી તેઓ અજમેરગઢ ઘેરીને પડયા. એ પ્રમાણે થોડા દિવસ વીત્યા નહિ એટલામાં દુર્ગાદાસ તેમને આવી મળ્યો તથા સિંધના લશ્કરને પાછું મારી કહાડી મહારાણા ભીમસિંગજી પણ આવી પહોંચ્યા. પંજાબના લશ્કરને વિકાનેર ને જેસલમેર વાળાએ મળીને પાછું કહાડયાના સમાચાર મળ્યા. દક્ષિણનું લશ્કર તો હજુ દક્ષિણમાંથી નીકળવાજ પામ્યું નહોતું. દયાળદાસે માળવા પ્રાંત લૂંટીને ઉજડ કર્યો. ત્યાં પાદશાહી સત્તાનું નામ નિશાન પણ રહેવા દીધું નહિ. દયાળશાહે દયા તજીને હજારો માણસોને કાપી નાંખ્યા. મરદો એના ડરથી સ્ત્રી અને છોકરાં તજીને જતા રહ્યા. મુસલમાનોએ હિંદુઓ ઉપર જે જુલમ કર્યો હતો તેનો બદલો વાળવાને દયાળશાહે કાજીઓને પકડીને તેમની દાઢી મૂછ મુડાવી કુરાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુવામાં નંખાવી દીધાં ને માળવાની લૂંટવડે મેવાડનો ખાલી ખજાનો તર કર્યો. પછી દક્ષિણના લશ્કરનું કાંઇ પણ નામ નિશાન નહિ જણાયાથી તે પોતાના મહારાણાને જઈ મળ્યો. ત્યાં તેઓ એકત્ર થઇ પૂર્વના લશ્કરનો રસ્તો રોકી પડયા.

આ પ્રમાણે રજપુતો પાકા બંદોબસ્તથી અજમેરની આસપાસ પડેલા હતા છતાં પાદશાહના છુપા બાતમીદારોથી પાદશાહને સર્વ સમાચાર મળતા હતા. સિંધ ને પંજાબનાં લશ્કરો હારીને પાછાં ગયાના, દુર્ગાદાસ ને ભીમસિંગ અજમેર આવી પહોંચ્યાના ને દયાળશાહે માળવા ઉજડ કર્યાના સર્વ સમાચારો પાદશાહને મળી ચૂક્યા હતા. એવામાં બંગાળેથી ખબર આવી કે બંગાળાને ઓઢીઆમાં બળવો થયાથી ત્યાંથી લશ્કર મોકલી શકાય તેમ નથી. દક્ષિણમાંથી સમાચાર મળ્યા કે બંડખોર શાહજાદો રજપુતોના લશ્કરમાં નથી. તેને તો વધારે સલામતી માટે દુર્ગાદાસ દક્ષિણમાં મરેઠાઓને આશ્રયે મૂકીને પાછો આવી પહોંચ્યો છે ને એ શાહજાદો શંભાજીને આપણી સામા થવાને ઉશ્કેરે છે તેથી દક્ષિણનું લશ્કર આપણી સહાયે આવવાની આશા નથી. એ રીતે રજપુતોથી ચારે તરફ ઘેરાવાથી તથા તેમનો પાકો બંદોબસ્ત જોઇને પાદશાહને અજમેરમાંથી છૂટવાનું બારું સૂઝયું નહિ. એનાં દક્ષિણ ને પૂર્વનાં જોરાવર લશ્કરોની અજમેર આવવાની આશા ભંગ થઇ, તેથી આલમગીર જેવા દૃઢ ને વીર પુરૂષને પણ ડર લાગ્યો. તેને પોતાની સલામતીની આશંકા ઉપજી. તેથી હવે આ સંકટથી છૂટવાને શું કરવું, તેનો શોચ કરવા લાગ્યો.

ઔરંગજેબ વિચારવા લાગ્યો કે રજપુતો છતના મદમાં નજીકમાં પાકા બંદોબસ્તથી પડેલા છે, તેમાંથી નાસી જવાય. એમ પણ નથી. આપણું લશ્કર કપાઇ ગયું છે ને આટલા થોડા લશ્કરવડે રજપુતો ઉપર હુમલો કરી તેમનું લશ્કર ભેદીને જવાય એમ નથી ને કદાચ જવાય તોપણ આગળ રાજસિંગ રાણો રસ્તામાંજ છે તેમના ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લશ્કર વચ્ચે ઘેરાઈને આપણો સમૂળ નાશ થવાનો વારો આવે. દક્ષિણમાં શાહજાદો મરેઠાને ઉશ્કેરે છે, તેથી દક્ષિણનું લશ્કર કદાચ રોકાશે ને નહિ રોકાય તોપણ શું ? એ લશ્કર અજમેર આવતાં રસ્તામાંજ રોકાશે ને આપણું દક્ષિણનું રાજ્ય લશ્કર વગરનું રક્ષકહીન થવાથી તે મરેઠાઓનો ભક્ષ થઇ પડશે. દક્ષિણનાં બંને હમજાતી રાજ્યો પણ મરેઠાની મદદમાં છે. એ બધા સાથે હાલની સ્થિતિમાં કાંઇ આપણાથી પહોંચી વળાવાનું નથી. માટે એ કાફરોમાંથી એક વર્ગને ફોડવો જોઇશે. મરેઠા કે રજપુત. મરેઠા કરતાં રજપુત વધારે બળવાન છે. તેમનું લશ્કર જીતના મદમાં છકેલું છે. આપણને ઘેરીને પડેલા છે. માટે રજપુતોને પ્રથમ ફોડવા એ ઉત્તમ માર્ગ છે. રજપુતોને શાંત પાડયા કે હિંદુસ્તાનમાં સર્વત્ર શાંતિ પથરાશે. પછી હિંદુસ્તાનનું સઘળું સૈન્ય જમાવી દક્ષિણ ઉપર જવું એ સારૂં છે. ત્યાં મરેઠાના પક્ષકાર વિજાપુરવાળાને પ્રથમ તોડવા. ગોવળકોંડાને મેળવી લેઇ તેની સહાયે જતું અટકાવવું, એટલે તે ટકી શકવાનું નથી. મરેઠા તો ચોર ને લૂંટારા છે. તે બિજાપુરને ઝાઝી મદદ કરી શકવાના નથી. અને વિજાપુર પડયું એટલે ગોવળકોંડાના ભાર નથી. એ બે બળવાન સહાયક જીત્યા પછી મરેઠા જેવા ચોર ને લૂંટારાને કચરી નાંખતાં શી વાર છે ? એ રીતે આખું દક્ષિણ એક છત્રમાં આણ્યા પછી રજ-પુતો એકલા પડશે એટલે તેમને વશ કરવા મુસ્કેલ નહિ પડે. એકદમ કાંઇ સર્વ કામ સિદ્ધ થશે નહિ. એક પછી એક સર્વ યુક્તિથી સફળ થશે. પગથીએ પગથીએ ચઢાશે. ભાગી ભાગીને ખાઇએ તો આખું ખવાય, પણ આખું એકદમ ખાતાં ગળું બંધ થઈ જાય. માટે પ્રથમ તો રજપુતોને મેળવી લેવા.

પણ એ કાફરોને મેળવવા કાંઇ સહેલું કામ નથી. તેમના તરફ સલાહનું કહેણ મોકલ્યું કે તેઓ ઉન્મત્ત થઈ વધારે માગણી કરશે. પણ કરવું શું ? બહારની મદદ આવતી અટકી છે ને ખોરાકી આ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી પણ બંધ થઇ છે. એકે તરફથી લસ્કરની મદદ આવવાની આશા જણાતી નથી ને આપણી પાસે પૂરતું લસ્કર નથી. ગઢમાંથી ખોરાકી ખૂટી કે આપણે વગર શરતે તાબે થવું પડશે કે કિલ્લા બહાર નીકળી કપાઇ મરવું પડશે. તે વખતે મોગલાઇ ભયમાં આવી પડશે. તેવે વખતે રજપુતો સીધા દિલ્લી ને આગ્રા ઉપર ચાલ્યા તો તેમને અટકાવનાર કોણ છે? અને એકવાર કાફરોએ દિલ્લી લીધી તો પછી તેમની પાસેથી છોડાવવી મુસ્કેલ છે. ઘોરીશાહને દિલ્લી લેતાં કેટલી મેહેનત પડી હતી, અને તે પણ તે વખતે રજપુતોમાં સંપ નહોતો, તેઓ માંહો માંહે લઢીને નબળા થઇ ગયા હતા ત્યારે. પણ હાલમાં તો તેઓ સર્વ એકત્ર છે ને તેમાં વળી મરેઠા ઉમેરાશે. એટલે મોગલાઇ ટકવી મુસ્કેલ છે. થડ કપાયું—થડ પડયું કે ડાળ પાંખડાં આપો આપ સૂકાઇ જશે. માટે પાણી પહેલીજ પાળ બાંધવી. સંકટ આવતાંજ અટકાવવું. રજપુતોને ફોડવા—જે માગે તે આપીને પણ ફોડવા. એ વગર આપણી મનકામના સિદ્ધ કરવાનો બીજો એકે માર્ગ મને જણાતો નથી.

બીજે દિવસે સવારમાં કિલ્લા ઉપર સલાહનો વાવટો ચડાવ્યો ને શાહજાદા મોઆઝ્ઝમ તથા જુલ્ફીકારને સલાહની શરતો માગવાને રજપુતોની છાવણીમાં મોકલ્યા. તેમણે દુર્ગાદાસને મળીને રજપુતોનું દરબાર ભરવાનું નક્કી કર્યું.

દરબારમાં દુર્ગાદાસ ને બીજા રાઠોડ સરદારો તથા મહારાણા ભીમસિંગજી, જયસિંગજી ને બીજા સહાયકારી સરદારો ભેળા થયા. એટલે શાહજાદા મોઆઝ્ઝમે પાદશાહનો સલાહ કરવાનો સંદેશો કહી સંભળાવ્યો. એ દરબારમાં સર્વેએ દુર્ગાદાસને આગેવાન ઠરાવેલો હોવાથી તેમણે પાદશાહના સંદેશાનો જવાબ આપવાને દુર્ગાદાસ તરફ નજર કરી, એટલે દુર્ગાદાસ બોલ્યો.

શાહજાદા, અમે લઢાઇની શરૂઆત કરી નથી. લઢાઈનું મૂળ તમારો પાદશાહ છે. અમારૂં રાજ્ય જપ્ત કરવાને અમને દિલ્લીમાં ઘેર્યા. અમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળ રાજાને મારવાને યુક્તિ રચી તે અફળ ગઇ ત્યારે રાજ્ય જપ્ત કર્યું. અમારી જાગીરો લેઈ લીધી. અમારો મુલક લૂટીને ઉજડ કર્યો. અમારી વહુ દીકરીઓની લાજ લૂંટી. રાજ્યમાં સર્વત્ર મુસલમાન કામદારો પાથરી દીધા. અમારા ધર્મનું ઉચ્છેદન કરવા માંડયું. હિંદુ માત્રને મારી કૂટીને મુસલમાન કરવા માંડયા. મંદિરોની જગાએ મસીદો બનાવી ને પુરાણીની જગાએ કુરાની બેસાડયા. અમારા ઉપર જાત્રા ને જજીઆ વેરા નાંખ્યા. અમને પાદશાહી નોકરીમાંથી, લશ્કરની સરદારીમાંથી, ને પ્રાંતની સુબાગીરીમાંથી બાતલ કર્યા. પાદશાહી નોકરીમાં હિંદુ નામનું મીડું વાળ્યું. આટલું થયું ત્યારે અમને અમારા રાજ્યના, ધર્મના, આબરૂના ને હક્કના બચાવ ખાતર હથીયાર લેવાં પડયાં. હવે અમે અમારૂં સર્વ સંપાદન કર્યું છે. તમે તમારે માર્ગે ચાલ્યા જાઓ. અમે જે મેળવ્યું છે તે અમને નિરાંતે ભોગવવા દો. અમારા કામમાં માથું મારશો નહિ. અમારા રાજ્યસ્થાનનું નામ દેશો નહિ ને અમારા ઉપરનું ઉપરીપણું છોડી દો. અમારા હિંદુઓ ઉપરના જાત્રા ને જજીઆ વગેરે ધર્મવેરા બંધ કરો. જાત્રાળુને હેરાન કરવા છોડી દો. અજમેર અમારૂં છે તે અમને પાછું સોંપો. મહારાજા અજીતસિંગજીને મારવાડના સ્વતંત્ર રાજા તરીકે સ્વીકારો. એટલે અમારે કાંઇજ જોઇતું નથી. અમારે પાદશાહત લેવી નથી ને અમે તમારૂં નામ લેનાર નથી. કેમ પાદશાહને એ શરતો કબુલ છે? જો કબુલ હોય તો પાદશાહના સહી સિક્કા કરાવો અને એ સંધિપત્ર અમને આપો. તથા એ સંધિપત્ર તમે ઇમાનદારીથી પાળવાના છો એજ ખાત્રી થવાને મહારાજા અજીતસિંગજીને અજમેરમાં તમારે હાથે ગાદી ઉપર બેસાડો. જો એમ હોય તો અમે મહારાણા રાજસિંગજી, મહારાજા જયસિંગજી, અને અમારા બીજા સહાયકારીઓને બોલાવીએ અને અમારા બાળ મહારાજાને તેડવા મોકલીએ. સર્વ ક્રિયા પતી રહ્યા પછી તમે તમારે અજમેર ખાલી કરીને હથીઆર બંધ આબરૂ ભેર તમારા રાજ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાજો. રજપુતો કાંઇ બેઇમાની નથી. કેમ મહારાણા સાહેબ આપના સર્વનો પણ એજ અભિપ્રાય છે કે બીજો ?

મહારાણા જયસિંગજી, અને રામસિંગજી વગેરે સરદારો સર્વે એક મત થયાથી તે સર્વે શરતો શાહજાદાએ એક પત્રમાં લખી લીધી ને કિલ્લામાં જઇ પાદશાહનો સહી સિક્કો કરાવી લાવ્યો. આ વખતે આલમગીર એટલો સંકડામણમાં આવી ગયો હતો ને ગમે તેવી શરતે પણ રજપુતો સાથે સલાહ કરવાની તેને એટલી જરૂર લાગી હતી કે તેણે રજપુતોની એ સખત માગણી પણ સ્વીકારી, તે સંધિપત્ર ઉપર સહી કરી કિલ્લાના દરવાજા ખુલ્લા મૂક્યા.

રજપુતોએ એ સંધિપત્ર લેઇ અજમેરમાં પ્રવેશ કર્યો ને દરવાજા ઉપર પોતાના માણસો મૂકી દીધા ને રાઠોડ વાવટો ચઢાવ્યો. પાદશાહની તરફથી દગો ન થાય તેના સર્વ ઉપાયો લીધા પછી દુર્ગાદાસે જયપુર તથા ચીતોડના મહારાજા જયસિંગજી તથા મહારાણા રાજસિંગજીને બોલાવવા માટે સંભાવિત માણસો મોકલ્યા. તેજ પ્રમાણે પોતાના બીજા સહાયકારીઓને પણ મહારાજા અજીતસિંગજીને રાજ્યાભિષેક સમયે પધારવા નિમંત્રણો મોકલ્યાં. તથા વિકાનેર ને નાગોરવાળાને પણ તેડાં મોકલ્યાં. ઠાકોર મહાસિંગજી જેમને જોધપુરમાં રાખ્યા હતા તેમને પણ એ શુભ અવસરે અજમેર બોલાવ્યા. પછી મહારાણા ભીમસિંગજી, જયસિંગજી. રામસિંગજી, સોનિંગ, તેજસિંગ, સુરતનસિંગ, કરણસિંગ, કેશરીસિંગ, વગેરેને અજમેરમાં રાખી થોડા માણસો સાથે ગંભીરને લેઇ પોતે મહારાજા અજીતસિંગજીને તેડવા ચાલ્યો તથા પેલી જોખમકારી પેટી લેવાને મહેંદ્રનાથ બાવાના મઠમાં માનસિંગને મોકલી બાવાને પણ ત્યાં લેઈ આવવાની સૂચના કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦ મું.

રાજકુંવર અજીતને જાહેરમાં મૂકયો.

અંબાજીની નજીક આબુના ડુંગરાની ખીણમાં ધાડી ઝાડીનું એક મોટું જંગલ હતું. તે જંગલમાં ડોડવા ગામ છે ત્યાં ભીલનાં છાપરાંની વચમાં જયદેવ ભટનું ઘર હતું ત્યાં મહારાજા અજીતસિંગજીને ઉછેરવામાં આવતા હતા. ત્યાં તેઓ પોતાની વયનાં ભીલનાં છોકરાં સાથે રમતા ને કૂદતા ફરતા તથા તીર કામઠાં લેઇ જંગલમાં જતા. મૂળ તો જાતે રજપુતજ ને તેમાં ભીલનાં ચંચળ ને ચપળ છોકરાંની સોબત એટલે મહારાજા અજીતસિંગજી ઝાડ ઉપર ચડવામાં, દોડવામાં, તીર મારવામાં ને બીજી કસરતમાં પોતાના સોબતીઓમાં સર્વોપરિ થયા હતા. કોઇ ભીલ જાણતો નહોતો કે એ પોતાનો સોબતી તે મારવાડનો મહારાજા છે. છતાં બધા છોકરાંએ તેની હોંશીઆરી, ગુણ ને સ્વભાવ ઉપરથી એને પોતાનો સરદાર ઠરાવ્યો હતો. પેલો મુસલમાન મદારી જે એને દિલ્લીથી છૂપાવી લાવ્યો હતો તે, તેજ ડુંગરામાં થોડે દૂર કોઇને શક ન પડે તેવી રીતે એક ગામડામાં રહેતો ને વખત મળે પોતે ઉગારેલા બાળક અજીતસિંગની ખબર અંતર લેઈ જતો. બાળક અજીતને પણ માલમ નહોતું કે તે મારવાડના મહારાજાનો રાજયવારસ કુંવર છે. મુકુંદદાસ ખીચી નામે એક રજપુત સરદારને એક નોકર સાથે અજીતને ઉછેરવાને ત્યાં રાખેલો હતો, તેણે પણ અજીતની પોતાની વાત તેનાથી છૂપાવી હતી. એટલે અજીત આઠ વરસનો થયો ત્યાં સુધી આ દુનીઆમાં મુકુંદદાસ (જેને અજીત કાકા કહી બોલાવતો તે) ને જયદેવ તથા તે ગામના ભીલ સિવાય બીજા કોઇને ઓળખતો નહોતો. પેલો મુસલમાન આવતો તેને પણ તે કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એવું જાણતો નહિ હતો. માત્ર કોઇ કાકાનો પિછાનવાળો હશે એમ તે સમજતો હતો. અજીતની આવી અજ્ઞાન સ્થિતિમાં દુર્ગાદાસ આબુની ખીણમાં તેના રહેઠાણમાં આવ્યો.

અજીત સમજણો થયો ત્યારથી તેણે દુર્ગાદાસને દીઠો નહોતો, તેથી તે તેને ઓળખતો નહોતો. દુર્ગાદાસ પણ તેને ભાગ્યેજ ઓળખી શકત. પણ મુકુંદદાસનું મકાન પૂછતો જેવો દુર્ગાદાસને પોતાની છાપરી ભણી જતો જોયો કે તે દોડતો તેની પાસે આવ્યો ને પૂછવા લાગ્યો કે તમારે મારા કાકાનું શું કામ છે? ચાલો તે ઘરમાં છે, હું બતાવું. આવા બોલ સાંભળતાંજ તેના ચહેરા તરફ નીહાળીને જોતાં તે સમજ્યો કે મારો માલિક તે આજ છે. નાનપણનું થોડું પિછાન, તેના બોલવાની છટા, ને તેનો રાજશાહી ચેહેરો એ જોતાંજ દુર્ગાદાસ અજીતને ઓળખી શક્યો. તેને ઓળખતાંજ તેની આંખમાં હર્ષાશ્રુ ભરાઇ આવ્યાં. તેણે તેને પોતાની છાતી સરસ્યો ચાંપ્યો ને ઘરમાં પેઠો.

દુર્ગાદાસ ને ગંભીર બેજ જણા એક નોકરને સાથે લેઈ આ જગાએ આવેલા હતા. તેની સાથેનાં બીજાં માણસોને અંબા માતાનાં દર્શને મોકલી પોતે ફરવા જવાના મિષે ને પાછા મંદિરમાંજ મળવાની કબુલાતે આ તરફ નીકળી આવેલો હતો. ગંભીરસિંગને પણ પોતાના મહારાજાને ઓળખતાં વાર લાગી નહિ. તેમને ઘરમાં પેસતા જોઇને મુકુંદદાસ તેમની સામો આવ્યો.

દુર્ગાદાસ અજીતસિંગને પોતાની ગોદમાં લેઈ મુકુંદદાસની સાથે વાતે વળગ્યો. મુકુંદદાસ, આજે હું તમને તેડવા માટે આવ્યો છું. મહારાજાની ગાદી પાછી મેળવી છે. પાદશાહના લશ્કરનો દેબારીની ખીણમાં ને અજમેર પાસે નાશ થવાથી તે અજમેરગઢમાં ભરાઇ પેઠો. એટલે આપણા લશ્કરે અજમેરગઢ ઘેરી લઇ તેને અન્નપાણીનો તોટો પડે અને બહારના ભાગમાંથી નવું લશ્કર પાદશાહની મદદે આવી ન શકે એવો બંદોબસ્ત કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે લાઈલાજ થઇ પાદશાહે આપણી સર્વ માંગણી કબુલ કરી આપણી સાથે સંધિ કરી છે ને તેમાં આપણા મહારાજાને પાદશાહને હાથે અજમેરમાં રાજ્યાભિષેક કરવાનું ઠરાવ્યું છે. તેથી એ શુભ પ્રસંગે આપણા રાજ્યના સર્વ સરદારો ને ભાયાતો તથા આપણા મુખ્ય મદદગાર ઉદેપુરના મહારાણા રાજસિંગજીને તથા જયપુરના મહારાજા જયસિંગજીને તથા બીકાનેર ને જેસલમેરવાળાને અજમેર પધારવાને નિમંત્રણ કરેલાં છે અને હું આપણા મહારાજાને તેડવા માટે આવ્યો છું માટે ચાલો તૈયારી કરો. મારી સાથેનાં માણસોને અંબા ભવાનીના દેહેરામાં રાખેલાં છે. રસોઈ પાણી પણ ત્યાંજ તૈયાર થશે. માટે આપણે સર્વે સત્વર ત્યાં ચાલો. પેલા મુસલમાન મદારીને પણ ત્યાંજ બોલાવી લો.

અજીતસિંગ આ વાતમાં પ્રથમ કાંઇ સમજ્યો નહિ, તે હવે એ વાત કોને માટે થાય છે તે જાણવાને પૂછવા લાગ્યો. તેને માલમજ નહોતું કે તે મહારાજા કે મહારાજ્યની ગાદીનો વારસ છે. તે ભીલમાં ઉછરીને મોટો થયો હતો. મુકુંદદાસના સહવાસથી પોતે રજપુત છે એટલુંજ તે જાણતો હતો. તેણે પૂછ્યું કે કાકા, તમને આ ભાઇ ક્યાં લેઇ જાય છે? મને તમે સાથે લેશો કે નહિ? આ ભાઇ કયા રાજ્યની ને પાદશાહની વાત કરે છે? તમે જે મહારાજાને માટે વાત કરો છો તે ક્યાં છે? જો તે અહિંજ હોય તો તમે મને આજસુધી કેમ બતાવ્યા નથી? મને સાથે લેવાંના હો તો મારા ભીલ સોબતીઓને પણ સાથે લેવા દેશો કે નહિ? આટલું બધું લંબાણ બોલતાં ને સવાલો કરતાં કાંઇ તે લખવા કે વાંચવા જેટલો વખત ગયો નહિ. પોતાના સવાલના જવાબની રાહ નહિ જોતાં તે બાળકના સ્વભાવ પ્રમાણે બોલ્યોજ જતો હતો. મુકુંદદાસ તેને ઉત્તર આપે તે પહેલાં દુર્ગાદાસ હર્ષાશ્રુથી ભરેલી આંખે બોલ્યો—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહારાજા સાહેબ હું ઘણો દીલગીર છું કે મેં તમને આજ સુધી અંધારામાં રાખ્યા—ખરૂં તો એ છે કે તમને આજ સુધી અંધારામાં રાખવાની જરૂર હતી તેથીજ રાખ્યા હતા. અમારા મહારાજા તે તમેજ છો. અમે જેને માટે દીલ્હીના પાદશાહ આલમગીર સામા આજ લાંબી મુદત સુધી લઢીને રાજ્ય પાછું મેળવ્યું છે તે તમેજ છો. મારવાડના એક લાખ રાંઠોડ સૈન્યના ને સોળ મહાન પટાવતોના ધણી તમેજ છો. મહારાજા સાહેબ, હું તમારો એક સેવક છું—તમારો સરદાર છું. તમારા પિતા જશવંતસિંગજી મહારાજ દિલ્લીના પાદશાહના તરફથી કાબુલમાં સુબા હતા. તમારા મોટાભાઇ પ્રથીસિંગ તે વખતે મારવાડમાં રાજ્ય ચલાવતા હતા. પણ તેમને પાદશાહે દગાથી મરાવી નાંખ્યા. તમારા બીજા બે ભાઇ કાબુલમાં મરણ પામ્યા. એના શોકમાં તમારા પિતાએ પણ દેહ મૂકી. તેમની પાછળ બધી રાણીઓ સતી થઇ. માત્ર તમારી માતુશ્રીને ગર્ભ હોવાથી અને તેમનાજ ઉપર મારવાડની ગાદીનો આધાર હોવાથી તેમને સતી નહિ થવા દેવાને અમને મહારાજા સાહેબે આજ્ઞા કરી હતી. અને ઇશ્વરેચ્છાથી પુત્ર પ્રસવે તો તેનું ને રાજ્યનું રક્ષણ કરવાની પણ એમણે આજ્ઞા કરી હતી. ઇશ્વરેચ્છાથી ને જશવંતસિંગજી મહારાજના પુણ્ય પ્રતાપથી રાણીને પુત્ર પ્રસવ્યો. આ વાતની પાદશાહને ખબર થઇ એટલે તેણે અમો સર્વેને દિલ્લી બોલાવ્યાં. અમો સર્વે દિલ્લી આવ્યાં ત્યારે માલમ પડયું કે જશવંતસિંગજી મહારાજનું નામ નિશાન કહાડી નાંખી મારવાડનું રાજ્ય ખાલસા કરવાનો પાદશાહનો વિચાર છે. આ વાત માલમ પડતાંજ અમે પેલા બાળકને એક મુસલમાન મદારીના કંડીઆમાં આબુના ડુંગરામાં મોકલી દીધો ને અમે એ બાળકની જગાએ એક બીજા બાળકને ઓઢવ્યો. પાદશાહે કહ્યું કે એ બાળક ખોટો છે. જો ખરો હોય તો દરબારમાં લાવો. પણ તેમ કરવું અમને ઠીક ન જણાયાથી અમે તે બાળકને પણ ન આપ્યો ને સામા થયા. તમારી માતાએ કમરમાં કટાર ખોસી અમારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઢાઇ જોતાં જોતાં દેહ છોડી. અમે સર્વ ઉઘાડી તરવારે પાદશાહનું લસ્કર ભેદી જેટલાથી બચાય તેણે આબુ જઇ પેલા બાળકનું રક્ષણ કરવાનું નક્કી કર્યું. ને બીજા ચાર પાંચ કેસરીઆં કરી સઘળા રણમાં પડયા. તેમાં માત્ર હું બચીને આબુ ગયો. ત્યાં જતાં મારા મિત્ર મુકુંદ દાસને સાથે લીધા ને પેલા મુસલમાનને ખોળી કહાડી તેની પાસેથી એ બાળકને લેઇ આ ડુંગરામાં મુકુંદદાસને તેને સંભાળવા માટે રાખ્યા. એ બાળક તે મહારાજા તમેજ છો. ને પેલો મુસલમાન મદારી પ્રમાણિકપણાથી તમને સંભાળીને અહિં લાવનાર તમારે ત્યાં પેલા અલ્લાહીબક્ષ મુસલમાન આવે છે તે છે. દિલ્લીનો પાદશાહ તમારૂં રહેઠાણ જાણે તો તપાસ કરાવી પકડી મગાવે એ દેહેશતથી અને તમારૂં રક્ષણ થવા માટે તમને આવી કઢણોમાં એકલા આ ભીલડાંમાં આજ સુધી રાખવાની અમને જરૂર પડી હતી.

તમારો બંદોબસ્ત કરી હું મારે ઘેર ગયો. કેમકે ઘણા જણાએ આ જગાએ રહેવામાં પણ દેહેશત હતી. અમે દિલ્લીથી આવ્યા પછી પાદશાહે આપણું રાજ્ય ખાલસા કર્યું. એક મુસલમાન સુબો નીમી મોગલાઇ લશ્કરથી કિલ્લાઓ કબજે કર્યા. પટાવતોની જાગીરોની ઝડતી લેવા માંડી. લોકો ઉપર જાત્રા ને જજીઆ વેરો લેવા માંડયો. જમીન વેરો વધારી મૂકયો. દિલ્લીના રાજ્યમાં તો નહિ પણ આપણા મારવાડના રાજ્યમાં પણ કોઇ જગાએ હિંદુ અમલદાર રાખ્યો નહિ. જ્યાં જાય ત્યાં દાઢી દાઢી ને દાઢી. દાઢી વગર વાત નહિ. હિંદુઓનાં દેવળો તોડી મસીદો બનાવવા માંડી ને મૂર્ત્તિઓને મસીદનાં પગથીઆમાં ચણાવી. પ્રથમ નાના નાના પટાવતોની જાગીરો જપ્ત કરવા માંડી અને રજપુતોની વહુ દીકરીઓની આબરૂ લુંટાવા માંડી. એવામાં આપણા માંડાના ઠાકોર મહાસિંગજીને મુસલમાન સુબા સાથે તકરાર થતાં મારામારી ચાલી. તેમનો એક માણસ મરાયો ને એ પોતે પણ એક ભીંતને અઢેલી ઘણા મુસલમાનો સામા એ એકલા પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચાવ કરતા હતા. તેમણે મદદની બૂમ મારી. રાતનો વખત હતો. હું તે રસ્તે એ વખતે જતો હતો. મેં તે બૂમ સાંભળી હું તેમની મદદે ગયો ને કેટલાક મુસલમાન સિપાઇઓને માર્યા. તેમાં તેમનો સરદાર મરાયાની બૂમ પડી. સીપાઇઓ નાશી ગયા. મેં મહાસિંગજીને મારા માણસ સાથે મારે ઘેર મોકલ્યા. ત્યાં તેમને પાટાપટી કર્યા. એટલામાં મુસલમાનો વધારે માણસો સાથે મારા ઘર ઉપર આવ્યા. અમે મહાસિંગજીને એક અવડ કૂવામાં ઉતાર્યા ને અમે એક આમલીના ઝાડની ઘટામાં સંતાયા. મુસલમાનોએ મારી શોધ કરી પણ પત્તો ન લાગ્યાથી પાછા ગયા. એટલે અમે મહાસિંગજીને એમને ઘેર વિદાય કર્યા ને હું પાસેની ભેખડોમાં ને જંગલમાં છૂપાયો. મારો ભાઇ ને દીકરો પણ સાથેજ હતા. મુસલમાનો બીજીવાર મારા ઘર ઉપર આવ્યા ને મારાં માજીનું ખુન કરી મારૂં ઘર ને ગઢી બાળી મૂક્યાં ને મારી શોધ કરવાને ચારે તરફ માણસો મોકલ્યાં. મારી સંતાવાની જગા બહુ વિકટ હતી. તેની આસપાસ પણ મુસલમાનો આવી પહોંચ્યા. એ ઘેરામાંથી છોડવવાને મહાસિંગજીએ પોતાનાં માણસો ભેળાં કરી મંને સહાય મોકલી. એ સહાય સલામત લેઇ આવનાર આ મારો બીજો ભાઇ ગંભીર હતો. એ વડે અમે સોજીતગઢ લીધો. એ જીત થઇ એટલે રાજસિંગ પાતોવત કરીને આપણો પટાવત છે તે અમારી સહાયે આવ્યો. ઠાકોર રૂપસિંગ ને કરણસિંગ, માનસિંગ ને સુરતનસિંગ, ગુલાબસિંગ ને પદ્મસિંગ એમ એક પછી એક અમારી મદદે આવ્યા. લશ્કરનો જમાવ થયો ને ઉદેપુરના મહારાણા તરફ અને બીજા રજપુત રાજાઓ તરફ અમને મદદ કરવાને વિનતિપત્રો લખ્યા. અમારી એ અરજ સ્વીકારી મહારાણા રાજસિંગ પણ પાદશાહ સામા ઉઠયા ને અમારી મદદે તેમના પાટવી કુંવર જયસિંગજીને લશ્કર આપી મોકલ્યા. એ સર્વ સૈન્ય જમાવ થયું કે અમે જોધપુર જીત્યું ને પાદશાહના મોટા સરદારને હરાવ્યો. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા જે રજપુત સરદારો આપણી જીતની શંકા ધારતા અલગ રહ્યા હતા તે પણ પોતપોતાનાં લશ્કર લેઈ આવ્યા. આ તરફ પાદશાહ પંડે એક જોરાવર સૈન્ય લેઇ આવ્યો તેને દેબારીની નાળમાં હરાવ્યો. ને બીજીવાર અજમેર આગળ હરાવ્યો એટલે પાદશાહ અજમેરમાં ઘેરાયો. ત્યારે એણે એની ઇચ્છા નહિ છતાં લાચારીથી આપણી સર્વ માગણી સ્વીકારી સલાહ કરી છે ને અજમેરમાંજ આપને પાદશાહને હાથે રાજ્યાભિષેક કરાવવાનું ઠરાવ્યું છે. આપણું સર્વ લશ્કર અજમેરમાં પડેલું છે. ઉદેપુરના મહારાણા ને જેપુરના મહારાજા પણ આવ્યા હશે. બીજા પણ નાના મોટા ઠાકોરો ને સરદારો આ માંગલિક પ્રસંગે આવશે. ત્યાં લેઈ જવાને આપને તેડવા માટે હું અહિં આવ્યો છું. આપને રાજ્યાભિષેક થાય એટલે હું મારો જન્મ સાર્થક થયો ગણીશ. મહારાજા જશવંતસિંગજી—આપના પિતાએ મરતી વખતે મને જે ભલામણ કરી હતી તે પાર પાડયાના મહા સંતોષમાં હું મરણ પામીશ.

દુર્ગાદાસ બોલતો બંધ થયો કે મુકુંદદાસ ને જયદેવે જવાની તૈયારી કરી ને પેલા મુસલમાનને પણ બોલાવી લીધો. એ વાત આસપાસના ભીલોના જાણવામાં આવી કે નાના મોટા ભીલ ત્યાં આવીને એકઠા થયા. તેમણે જાણ્યું કે પોતાની વચ્ચે ઉછરેલો બાળક અજીત તે મારવાડનો ધણી છે ને તેને રાજ્યાભિષેક કરવાને તેડવા આવ્યા છે. તેથી તેઓ ત્યાં આવી મહારાજા અજીતને પગે લાગ્યા. આજ સુધી એની સાથે જે બાળકો રમતા, કૂદતા ને તેને મારતા કૂટતા તે બાળકો હવે એના સામા અદબ વાળી ઉભા ને પ્રેમ ભરી આંખે તેના તરફ જોઇ રહ્યા. તેઓ વિચાર કરવા લાગ્યા કે હવે એ આપણને સાથે લેઈ જશે કે આ જંગલમાંજ આપણને રખડતા મૂકી ચાલ્યો જશે? હવે એ તો મારવાડનો મહારાજા થશે. હવે એ મારવાડનો મહારાજા કયાં ને આ જંગલનાં આપણે ભીલડાં કયાં. કેટલાક બહુબોલા અજીતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ સોબતીઓ તો આંખમાં આંસુ લાવી બોલી પણ ઉઠયા કે મહારાજ હવે અમને અહિં મૂકીને તમે ચાલ્યા જશો? હવે તો તમે અમને શાના સંભારો. રાજ્યસુખમાં ને રાજ્યખટપટમાં પડશો એટલે અમે શાના યાદ આવીએ ? ત્યાં તો મોટા મોટા રાજા રાણા તમને મળવા આવશે, મોટા મોટા સરદારો તમને નમશે, હાથી ઉપર બેસવાનું મળશે, ગાડી ઘોડા ફેરવવાના મળશે, નેકી પોકારનાર નેકી પોકારશે, સુખશય્યામાં પોઢવાનું ને સારૂં સારૂં ખાવા પીવાનું મળશે, હાં કહેતાં હજાર હાજર થાશે, ને પાણી કહેતાં દૂધ લાવીને હાજર કરશે, સારા સારા રૂપાળા તમારા જેવા, સુંદર લુગડાં ઘરેણાં પહેરેલા ને તેમના કુમળા હાથને શોભતી ઢાલ તરવાર બાંધેલા છોકરા ખેલવાને મળશે ત્યાં અમારા આ જંગલનાં કંદમૂળ ખાવાનાં, સાથરે સુવાનું, ઝાડ ઉપર ચઢવાનું, અમારા જેવા કાળા મેલા ને ગંદા છોકરા સાથે તીરકામઠે રમવાનું, કામળો ઓઢવાનું ને પગપ્યાદા કૂદવાનું શાનું સાંભરે? મહારાજા, તમે હાથી ઉપર બેસશો ને અમે સામા આવી સલામ કરીશું ત્યારે તો તમે અમારા સામુંએ નહિ જુઓ તો બોલશો કે વાત તો શાનાજ કરશો !

આવું બોલતાંજ અજીત દુર્ગાદાસની સામું જોવા લાગ્યો ને જાણે પૂછતો હોય કે આ મારા મિત્રોને હું મારી સાથે લેઉં ? એવો દેખાયો દુર્ગાદાસ એમના મનની વાત સમજી ગયો ને તે બોલ્યો, મહારાજા સાહેબ, આપની ઈચ્છામાં આવે તે સોબતીઓને તેમનાં માબાપ સાથે કે આખા ગામના બધા ભીલ કુટુંબોને લેવાં હોય તો સુખેથી લો. તમે આખી મારવાડના ધણી છો. તમારા બાળસ્નેહીઓને જોધપુરમાં રાખવાને કાંઈ હરકત નથી. ત્યાં તેમના ખાવા પીવાનો સર્વ બંદોબસ્ત થશે. માટે જેમને આપની સાથે આવવું હોય તે બધાને આજ્ઞા કરો કે આપણી સાથે તૈયાર થઈ આવે. આ સાંભળી અજીત બહુ ખુશી થયો ને તેના સોબતીઓ તરફ જોયું કે સર્વે દોડતા ઘેર ગયા ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખા ગામના બધાં ભીલ ટોપલામાં પોતાનો વાસ લેઇ અજીત સાથે જવાને તૈયાર થઇ આવ્યા. ત્યાંથી સર્વે અંબા માતામાં જઇ દર્શન કરી જમી પરવારી નીકળ્યા ને થોડે દિવસે અજમેર આવી પહોંચ્યા. ગંભીરે અગાઉથી જઈ સર્વેને મહારાજા આવ્યાની ખબર આપી કે તેમને સામોરે આવી સર્વે શેહેરમાં લાવ્યા ને દરબાર ગઢમાં ઉતારો આપ્યો. આ વખતે મહારાણા રાજસિંગજી, મહારાજા જયસિંગજી જેસલમેરવાળા ઉદેભાણ નાગોર વાળા ચંદ્રસિંગજી, વિકાનેરવાળા પ્રથોસિંગજી તથા કીશનગઢ, રતલામ, ઝાભવા, સીતામાઉના રાજાઓ ને જોધપુરથી મહાસિંગજી વગેરે સર્વે આવી પહોંચ્યા હતા. તેથી જોષીને બોલાવી શુભ મુહૂર્ત જોવડાવી રાજ્યાભિષેકનો દિવસ નક્કી કરવામાં આવ્યો.

પ્રકરણ ૨૧ મું.

અજીતસિંગને અજમેરમાં રાજ્યાભિષેક.

આજે રાજ્યાભિષેક કરવાનો દિવસ છે. મહારાજા અજીતસિંગજીને આલમગીર પાદશાહને હાથે રાજ્યાભિષેક થવાનો છે. મહારાજા જશવંતસિંગનું નામ આખી રાઠોડ પ્રજાને વહાલું હતું. તેમનો નિર્વંશ ગયાનું સર્વ પ્રજા જાણુતી હતી. તેમના બાળકની હયાતીની થોડાનેજ માહિતી હતી. એ જશવંતસિંગજી મહારાજનો બાળક આજે ગાદીએ બેસવાનો છે એમ જાણી સૌ પ્રજા ઉલટમાં આવી ગઈ. ઘેરેઘેર તોરણો બંધાયાં, કેળોના સ્થંભ રોપાયા ને ચંદન અક્ષતના સાથીઆ પુરાયા. ઘેરેઘેર સ્ત્રીઓ મંગળગીત ગાવા લાગી. રસ્તામાં ગુલાબજળ છંટાયાં ને શ્રીફળનાં તોરણો લટકાવ્યાં. સર્વ પ્રજાજનોના આંગણામાં સુવાસિત ધૂપ થઈ રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ઘીના દીવા સળગવા લાગ્યા. ઘેરેઘેર સુંદર પક્વાનની રસોઇઓ થઇ તે જમીને દરબારમાં જવાની વખતે નાનાં બાળકોને સુંદર વસ્ત્ર ઘરેણાં પહેરાવી તથા પોતે પહેરી તૈયાર થઇ દરબાર ભણી જવા લાગ્યા ને દરબારમાં પોતપોતાની યોગ્યતા પ્રમાણે સર્વ સંભાવિત પ્રજાજનો આવી બેઠા. દરબારગઢમાં ઘોડેસ્વારની બે હાર સામસામી હથીઆરબંધ ઉભી હતી તેની વચમાં થઇને જવાનું હતું. પ્રજાજનો પછી સરદારો પટાવતો ને ઠાકોરો આવ્યા. રાજાઓ ને ભાયાતો આવ્યા. પછી જેપુરવાળા ને ઉદેપુરવાળા આવ્યા. રાજસિંગજી રાણાની બેઠક સૌથી પહેલી જોઇએ. કેમકે આખા રાજ્યસ્થાનવાળા ઉદેપુરની નિષ્કલંકી ગાદીના મહારાણાને પોતાના મુરબ્બી તરીકે ગણે છે. એટલુંજ નહિ પણ એમની સહાય નહોત, હિંદુધર્મની અને મારવાડના રાજ્યવારસની વહારે એ ન ચઢયા હોત તો આલમગીર પાદશાહને હાથે અજીતસિંગને રાજ્યાભિષેક થવાનો સમય ભાગ્યેજ આવત. આ સમયનું સઘળું માન એમનેજ ઘટે છે એમ સર્વ સમજતા હતા, પરંતુ આ સમય અજીતસિંગને રાજ્યાભિષેક થવાનો હોવાથી તેમની બેઠક મધ્યમાં રાખી, જમણી બાજુ પાદશાહ ને તેના શાહજાદા ને સરદારોને ડાબી બાજુ પોતે, જેપુરવાળા, પછી વિકાનેર, કીશનગઢ, રતલામ, સીતામાઉ, ઝાબવા ને નાગોરવાળા, પછી અનુક્રમે તેમના કુંવરો ને સરદારોની બેઠક રાખી હતી. જોધપુરના સરદારોને તો વ્યવસ્થા કરવાની હોવાથી તેમણે પોતાની બેઠક રાખીજ નહોતી. આ સર્વ વ્યવસ્થા રાજસિંગ રાણે, પાદશાહની ને પોતાના બીજા રાજ્યભાઇઓની અનુમતિ લેઇ કરી હતી કે આ ખુશાલીને વખતે કોઇનું દીલ દુખાય નહિ.

સર્વ વ્યવસ્થાસર આવીને બેઠા કે ઠરાવ પ્રમાણે દુર્ગાદાસ, મહાસિંગજી ને રામસિંગજી મહારાજા અજીતસિંગજીને લેઇને આવ્યા. મહારાજા મધ્યની બેઠકે બેઠા કે દુર્ગાદાસ પાછળ ઉભો. બાકીના સર્વ પોતપોતાને સોંપેલું કામ કરવામાં રોકાયા. એટલે દુર્ગાદાસે આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી મહારાજાને નમીને સલામ કરી. પછી એણે મહારાજાની સાથે, પાદશાહની ને તેમના સરદારોની તથા શાહજાદાની, મહારાણા રાજસિંગજીની, મહારાજા જયસિંગજીની તથા એમના મોસાળ પક્ષના ઉદેભાણ ભાટીની તથા વિકાનેર, કીશનગઢ, રતલામ, સીતામાઉ, ઝાભવા ને નાગોરવાળાની તથા મહારાણા ભીમસિંગજી ને જયસિંગજી તથા મારૂ સરદારો ને પટાવતો તથા ઠાકોરોની ઓળખાણ કરાવી અરસપરસ મળ્યા ને ભેટયા.- એવામાં મહેંદ્રનાથ બાવા પેલી પેટી લઇ આગળ આવ્યા ને તેમની પાસે મૂકી. એ પેટી વિશે દુર્ગાદાસે કહ્યું કે મહારાજા સાહેબ, મહારાજા જશવંતસિંગજી જ્યારે નિરાશ થયા ને જીવવાની આશા ના રહી ત્યારે તેમણે એ પેટી +સોનિંગજી ચાંપાવતને આપી કહેલું કે એમાં શું છે તે જોશો નહિ, પણ મારી પાછળ મારવાડનું રાજ્ય પાદશાહના હાથમાંથી છોડાવી જે ગાદીએ બેસે તેજ ઉઘાડે, એમ કહી પેટીનું જીવની પેઠે જતન કરવાનું કહ્યું. ચાંપાવત ઠાકોર કાબુલથી આગળ આવ્યા હતા. જ્યારે સમશેરખાંએ ઝડતી લેવા તેમના આહવામઢને ઘેર્યો ત્યારે તેમણે મારો વિશ્વાસ લાવી એ પેટી મને સોંપી. પણ મારાં માજી મરાયાં, હું નાશી ગયો ને ગઢી બાળી મૂકી ત્યારે એ પેટી માંડાના મહાસિંગજીને ત્યાં ગઇ. તેમના ઘર ઉપર ધાડ આવી ત્યારે એ પેટી આ મહેંદ્રનાથ બાવાના મઠમાં ગઈ. ત્યાં આજ સુધી સલામત રહી છે. એ પેટીમાં શું છે તે અમે જાણતા નથી. હવે આપ ગાદીપતિ થાઓ છો માટે મોટા મહારાજની આજ્ઞા પ્રમાણે એ પેટી આપની સમક્ષ ઉઘાડવાને હરકત નથી. એટલે અજીતસિંગે દુર્ગાદાસને એ પેટી ઉઘાડવાની આજ્ઞા કરી. એ પેટી ઉપર જશવંતસિંગજી મહારાજનો સિક્કો સલામત હતો, તે તપાસી ભર દરબારમાં સૌની સમક્ષ એ પેટી ઉઘાડી તો તેમાં જશવંતસિંગજી મહારાજનો રાજ્ય-

---

+ આ વખતે સોનિંગજીનો દેહ પડયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુટ તથા મુદ્રિકા હતાં. વળી તેમાં બીજા કેટલાક અમૂલ્ય રાજ્ય-ચિન્હદર્શક શણગારો હતા. તે સર્વ બહાર કહાડી મૂક્યા. પાદશાહે પંડે એ મુકુટ અજીતસિંગજીને ધારણ કરાવ્યો તથા મુદ્રિકા પહેરાવી. પછી રાજ્યગોરે આવી મહારાજાને તિલક કરી અક્ષત લગાવ્યા. એટલે એક મહાન મેઘગર્જનાની પેઠે "મહારાજા અજીતસિંગજીનો જય" નો ઘોષ થયો. કે તરતજ તોપોના ધડાકા ને બંદુકોના ભડાકા થવા લાગ્યા. વાજાં વાગવા લાગ્યાં. દરબારમાં નાચરંગ ને ગાન તાન થવા માંડયું. બંદીજન, ભાટ, ચારણો, કાવ્યના છંદ ને કવિત બોલવા લાગ્યા. એટલે પોતપોતાની પાયરી પ્રમાણે અનુક્રમે પટાવતો, અમીર ઉમરાવો, સરદારો, શેઠ શાહુકારો, કામદારો સૌ સૌની યોગ્યતા મુજબ મહારાજાને નજરાણો મૂકી, કંકુ અક્ષત લગાવી, પાયે પડી પોતાને સ્થાનકે જઈ બેસવા લાગ્યા એ સર્વ ક્રિયા થઈ રહી કે સીરપાવ આપવાનું કામ ચાલ્યું. પોત પોતાના દરજ્જા પ્રમાણે ને લાયકી પ્રમાણે સર્વેને મહારાજાએ પોતાને હાથે સીરપાવ આપ્યો. જડાવ કડાં, કંદોરા, હીરા-રત્નજડિત મુદ્રિકાઓ, સુવર્ણ માળાઓ, શાલજોટા, પાઘ, શીરપેચ, શેલાં ઇત્યાદિ આપ્યાં.

હવે મહારાણા રાજસિંગજી બોલ્યા. પાદશાહ સલામત ગમે તેટલી ને ગમે તેવી દુશ્મની બતાવીને પણ છેવટે તમને સત્ય વાત માલમ પડી ને તરતજ તમે સમાધાની કરી હજારો મનુષ્યોનાં રેડાતાં લોહી ઉગાર્યાં ને દેશની પાયમાલી થતી બચાવી એ આપની દીર્ઘ-દૃષ્ટિને માટે શાબાશી ઘટે છે. આપે સલાહ કરીને અમને આભારી કર્યા એટલુંજ નહિ પણ મહારાજા જશવંતસિંગજીના કુંવરને આપની જાતે રાજ્યાભિષેક કરવાનું કબુલ કરી અમને વિશેષ આભારી કર્યા છે. એથીજ જણાય છે કે આપ દેશમાં શાંતિ ફેલાવનારી આ સલાહ કરવાને કેટલા ઉત્સુક હતા; તથા એ સલાહ પાળવાને કેટલા દૃઢ હતા. આપે અમારી સર્વ માગણીઓ સ્વીકારી સલાહ કરી તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે આપનો ઉપકાર માનીએ છીએ. તથા એ સલાહ થવાથી આખા દેશમાં શાંતિ પથરાઇ વેપાર રોજગાર આબાદ થઇ, ખેતીવાડી સારી થશે ને રૈયત સુખી થશે તથા સર્વ પ્રજાજનો આપ નામદારને અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપશે. આ સર્વ પાદશાહે મુંગે મોઢે સાંભળ્યા કર્યું. પછી રાણા સાહેબે અજીતસિંગજી મહારાજ તરફ ફરીને કહ્યું કે, મહારાજા આજનો આ દિવસ આવો ઉજળો આવ્યો, તે સર્વ (દુર્ગાદાસને બતાવીને) આ વીર પુરૂષના પરાક્રમ, દૃઢતા, દીર્ઘદૃષ્ટિ, સમય સૂચકતા, સ્વદેશ ને સ્વરાજ્ય ભક્તિ, સ્વધર્માભિમાન ને તેમની અચળ શ્રદ્ધાને આભારી છે. એ વીર પુરૂષનાં જેટલાં વખાણ કરીએ તેટલાં થોડાં છે. એમની ગઢી બળી ગઈ છે ને ઘરબાર વગરના થયા છે. તેમને રાજ્યને ખરચે ગઢી બંધાવી આપવા ને મકાન કરાવી આપવાની તજવીજ આપ રખાવજો. આપની પુખ્ત વય થતા સુધી આપનું રાજ્ય આપ સ્વતંત્રપણે સાચવી શકો એવા થાઓ ત્યાં સુધી રાજ્યરક્ષક નીમવાની જરૂર છે અને તે કામ મહારાજાની યોગ્ય વય થતા સુધી દુર્ગાદાસનેજ સોંપવું એવી મારી સલાહ છે. દુર્ગાદાસ સિવાય પણ આ બીજા સરદારો જેમણે આ રાજ્ય મેળવવામાં પોતાનાં લોહી રેડયાં છે ને જાગીરો ને પટાવતોની ખરાબી કરી નાંખી લાખો રૂપીઆની નુકશાનીમાં ઉતર્યા છે. જેમની મદદ વગર દુર્ગાદાસ એકલા શું કરી શકવાના હતા ? એ સર્વની પણ યોગ્યતા પ્રમાણે કદર પિછાણવી જોઇએ. પરંતુ આપ બાળક છો એટલે હાલમાં કાંઇ પણ નહિ કરતાં આપ લાયક ઉંમરે રાજ્યની લગામ હાથમાં લો ત્યારે તેમની કદર બુજજો એવી મારી ખાસ ભલામણ છે. હવે મને લાગે છે કે આ દરબારનું કામ ખલાસ છે. તો હવે આ નામવર પાદશાહને હથીઆર સાથે આબરૂ ભેર દિલ્લી જવામાં કાંઇ અડચણ નથી, અને આપણે પણ સર્વે પોત પોતાનું રાજ્ય સૂનું મૂકી બહાર આવ્યાને લાંબી મુદત થઇ છે માટે આપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વેએ પણ કાલેજ મુકામ ઉઠાવવો. એમ બોલી બેઠા કે સર્વે એ મહારાણાની જય બોલાવી ને પાન સોપારી અત્તર ગુલાબ લેઇ પોત પોતાના ઉતારા ઉપર ગયા.

બીજે દિવસે પાદશાહ હથીઆર સહિત પોતાનું લશ્કર લેઇ અજમેરથી દિલ્હી જવા નીકળ્યો ને ઉદેપુર, જેપુર વાળા તથા બીજા જે જે સહાયકારીઓ આ મંગળ સમયે આવ્યા હતા તે સર્વે પોત પોતાના રાજ્યમાં ગયા. સર્વેને વિદાયગીરી આપ્યા પછી દુર્ગાદાસે રામસિંગ ઠાકોરને અજમેરના સુબા નીમી ત્યાં રાખ્યા ને બાકીના સર્વે જોધપુર તરફ ગયા.

પ્રકરણ ૨૨ મું.

જોધપુરમાં મહોત્સવ.

જોધપુરમાં ઘેર ઘેર જશવંતસિંગજી મહારાજના કુંવર અજમેરમાં ગાદીએ બેઠાની જાણ થઇ હતી. તેમને જોવાને સર્વે ઇંતેજાર હતા. જશવંતસિંગજીના પરાક્રમથી, તેમની નિપુણ રાજ્યનીતિથી રૈયતનું પ્રજા પ્રમાણે પાલન કરવાથી, તેમનું કાબુલ જેવા દૂરના મુલકમાં વિયોગમાં મૃત્યુ થવાથી, તેમ બીજો કોઈ વારસ રહેલો નહિ હોવાથી, વળી પાદશાહે તેમનું રાજ્ય જપ્ત કરી તેમના ઉપર અકરા કેર વરતાવ્યાથી સર્વ પ્રજાજનો પોતાના બાળ રાજાને નિરખવાને આતુર હતા. મુસલમાની જુલમી રાજ્ય જઇને પોતાનું સ્વદેશી ક્ષત્રીય રાજ્ય થયાની ખુશાલીમાં તેઓ આવી ગયા. મહારાજાને રાજ્યધાનીમાં લાવવાને સર્વ પ્રજાજનો ને રાજકીય મંડળ સામૈયું લેઇ શેહેર બહાર ગયા. તે વખતે ધાવણાં બાળકો, સ્ત્રીઓ ને અપંગ પુરૂષો સિવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇપણ મનુષ્ય શેહેરમાં રહ્યો નહિ. સર્વ આનંદભેર વાજતે ગાજતે વધામણાં લેઇ ચાલ્યા. શેહેરમાં દીપોત્સવીના તેહેવારથી પણ વધારે આનંદ જણાતો હતો. ઘેર ઘેર તોરણો અને પતાકા ફરકતાં હતાં. આંગણામાં સાથીઆ પુરી શોભા કીધી હતી. ઠામ ઠામ રસ્તામાં ફુલનાં તોરણો બાંધી મંડપો રચ્યા હતા. ગામમાં જગાએ જગાએ સ્ત્રીઓ ઘરમાં એકઠી થઇને કે એકલી હસતે મુખે મંગળગીતો ગાતી હતી. શણગારેલા હાથી ઉપરની રત્નજડિત અંબાડીમાં મહારાજાને બેસાડ્યા હતા. સૌથી હરોલમાં મહારાજાનો હાથી હતો. તેમની પાછળ પટાવતો, તેમની પાછળ શાહુકારો ને અમલદારો, કોઇ હાથી ઉપર તો કોઇ ઘોડા ઉપર આવતા હતા. ગાડીઓની હલગાર સૌથી પાછળ હતી. બંને બાજુ રસ્તા ઉપર સ્વારો બંદોબસ્ત માટે રાખેલા હતા. દરવાજા નજીક હરોલના ડંકાવાળા આવ્યા કે કિલ્લા ઉપરથી તોપોના ધડાકા થવા લાગ્યા. તોપના અવાજ સાંભળતાંજ સર્વ સ્ત્રીઓ ઘરનું કામકાજ છોડી, ધાવતાં બાળકો વછોડી, ગાભરી ને ઉતાવળી બારીએ ને જાળીએ, અટારીએ કે ઝરૂખે, કોઇ બુરખો નાંખીને તો કોઇ જાળીદાર કપડું નાંખીને, કોઇ પોતાના મુખપર સાડલાનો છેડો આગળ લાવીને તો કોઈ ખુલ્લે મુખે આવીને બેઠી. બાળકો પણ દોડતાં દોડતાં પોતાની માતા પાસે આવીને બેઠાં ને બા, આજે તોપો શાની ફુટે છે, ડંકા નગારાં શાનાં વાગે છે, એમ પૂછવા લાગ્યાં. એટલે કોઇ પોતાના બાળકને બોકી લેતી ને કોઇ “ છાનો રહેને ” બોલતી અધીરી થઈ રસ્તા ઉપર એકી દૃષ્ટિએ જોવા લાગી. મહારાજાનો હાથી દરવાજામાં પેઠો કે “ મહારાજા અજીતસિંગજીનો જય ” નો ઘોષ મેઘગર્જનાની પેઠે ગાજી રહ્યો. રસ્તામાં ઉભેલા પુરૂષો ને બારીએ બેઠેલી બાઇઓ “ મહારાજાનો જય ” “ મહારાજા અજીતસિંગજીની જય ” કે એકલો “ જય જય ” શબ્દ બોલી પુષ્પથી વધાવી હાથ જોડી દર્શન કરતાં હતાં. કેટલાક તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોનાં રૂપાનાં પુષ્પથી વધાવી ગરીબોમાં દાન કરતા હતા. મહારાજા પોતે બંને બાજુથી પોતાની પ્રજાનો પ્રેમ જોતા ને નમન કરતા આનંદમય દેખાતા હતા. એમ કરતાં સર્વ રાજમહેલમાં જઇ ઉતર્યા

મહારાજાને રાજ્યાભિષેક તો થયો હતો. તથાપિ જોધપુરના પ્રજાજનોની ખાયસથી ત્યાં દરબાર ભરવામાં આવ્યો. સર્વ અમીર ઉમરાવો ને પટાવત-સરદારો તથા પ્રજાજનોએ આનંદથી એ દરબારમાં આવી મહારાજાને નજરાણો મૂક્યો. એટલે નાચરંગ ને ગાનતાન ચાલ્યું ને ભાટ ચારણો કાવ્ય બોલવા લાગ્યા. દરબાર વિસર્જનનો સમય થતાં પાન સોપારી ને અત્તર ગુલાબ અપાયાં ને દરબાર ખલાસ થયો.

મહાસિંગજી ઠાકોરે દુર્ગાદાસને મળી પોતાની દીકરી લાલબાનો વિવાહ ક્યાં કરવો તેનો વિચાર કર્યો. એ બંને તો સગોત્રી હોવાથી તેમને માંહોમાંહે લગ્ન થાય તેમ નહોતું. તેથી શરૂઆતથીજ દુર્ગાદાસને સહાય કરનાર મહારાણા રાજસિંગજીના પાટવીકુંવર જયસિંગજી સાથે લાલબાનું લગ્ન કરવાનું નક્કી કરી શ્રીફળ આપી ગોરને ઉદેપુર મોકલ્યો. તેમની સાથે દુર્ગાદાસે મહારાણાશ્રીને આ લગ્ન કબુલ રાખવાને એક પત્ર પણ લખી મોકલ્યો. ગોરે ઉદેપુર જઈ એ વિવાહ નક્કી કર્યો. જયસિંગજીના ગુણકર્મથી લાલબા વાકેફ થઇ હતી. તેમ તે ઉદેપુરની નિષ્કલંકી ગાદીના વારસ હતા તેથી તે ખુશી થઇ. મહારાણા રાજસિંગજી જાન લેઈ જોધપુર આવ્યા ને ઠરાવેલે દિવસે શુભ મુહૂર્તે બંનેનાં લગ્ન થયાં. એ લગ્નનું સર્વ ખર્ચ મહારાજા અજીતસિંગજીએ દરબારમાંથી અપાવ્યું. તથા એ લગ્ન સમયે મહારાજાએ વરરાજાને એક અમુલ્ય વીંટી, શીરપેંચ, કટાર ને તરવાર ભેટ આપ્યાં. તેમજ લાલબાને એક નવસેરો મોતીનો હાર અને ભરગચ્છીની એક કિંમતી સાડી આપી. એ પ્રમાણે સર્વત્ર આનંદ વરતાઇ રહ્યો. જાનની સાથેજ લાલબાને સાસરે વળાવી, મહાસિંગજી ઠાકોર તેજબાને લેઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડે ગયા. તેજબાને પણ પોતાના વૈભવની સલામતી થયાથી શાંતિ વળી હતી. તેનાં જોડકાં છોકરાં રતન ને મદન સરખા કદનાં ને સરખા દેખાવનાં બંને સરખાં ખૂબસુરત હોવાથી એમાંથી રતન કયો ને મદન કયો એ ઓળખવા મુશ્કેલ પડે એવા હતા. એ બંને બાળકો મહારાજા અજીતસિંગજીના સમોવડીઆ હતા; તેથી મહારાજાની આજ્ઞાથી તેમને દુર્ગાદાસને ત્યાં રાખ્યા. આટલા વખતમાં તો તેજબાએ દુર્ગાદાસની સ્ત્રીનો પ્રેમ મેળવી સહીપણાં કર્યાં હતાં, તેથી તેને પોતાનાં બાળકો ત્યાં રાખવામાં કાંઈ અડચણ જણાઈ નહિ.

મહારાજાની સાથે આવેલા ભીલ ને તેમનાં બાળકોને જોધપુરમાંજ રાખી તેમને જીવાઈ બાંધી આપી ને ભીલ બાળકોને પોતાની હજુરમાં રાખ્યા. મહારાજાને જેના ઘરમાં ઉછેરી મોટા કર્યા હતા તે જયદેવભટને તથા મહારાજાને દિલ્લીથી છુપાવી લાવનાર પેલા મુસલમાન મદારીને પણ જાગીર આપી જોધપુરમાં રાખ્યા. મહારાજાને સંભાળનાર મુકુંદદાસ ખીચીની જાગીરમાં પણ વધારો કરી આપ્યો. રાજ્ય કામકાજમાં મદદ કરવાને દુર્ગાદાસે માનસિંગ, ગંભીરસિંગ ને ગુલાબસિંગને પોતાની પાસે જોધપુરમાંજ રાખ્યા. દુર્ગાદાસની જાગીરનું ગામ ઉજડ થયું હતું ને તેનાં ઘરબાર બળી ગયાં હતાં તેથી મહારાજાએ સમંદરી વગેરે ગામોનો પટો કરી આપી રાજ્ય ખર્ચે ત્યાં ગઢી ને મહેલ બંધાવી આપ્યાં ને તેની સંભાળ રાખવાને મહારાજાની આજ્ઞાથી જશકરણને ત્યાં રાખ્યો. મહેંદ્રનાથ બાવાના મઠના ખર્ચ માટે મહારાજાની આજ્ઞા લેઇ દુર્ગાદાસે એક ગામ જાગીરમાં આપ્યું. વળી રાજસિંગ પાતાવત, રૂપસિંગ, કરણસિંગ, સુરતનસિંગ વગેરે જે જે ઠાકોરોએ શરૂઆતથીજ દુર્ગાદાસને સહાય કરી છેવટ સુધી વળગી રહ્યા હતા, તથા પોતાનાં ને પોતાનાં માણસોનાં લોહી રેડી નાણાંની ખુવારી ખમી હતી તે સર્વેને તેમની જાગીરમાં તેમની જાગીરના પ્રમાણમાં થોડો થોડો વધારો કરી આપી પટા કરી આપ્યા. ઉપરાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને તેમની યોગ્યતા પ્રમાણે દરબારમાં નોકરીએ વળગાડી નવાજ્યા. મહારાજાની બાળવય હોવાથી બધા સરદારોએ મહારાજા રાજ્ય સંભાળી શકે એટલી વયના થતા સુધી દુર્ગાદાસને રાજ્યરક્ષક ઠરાવી જોધપુરમાં રાખ્યા.

દુર્ગાદાસે જાતે રાજ્યનાં સર્વ કામકાજ ઉપર દેખરેખ રાખીને તથા માનસિંગ, ગંભીરસિંગ ને ગુલાબસિંગ જેવા નિપુણ, પ્રમાણિક ને ઉત્સાહી કામદારોની સહાયથી રાજ્યમાં એવો બંદોબસ્ત રાખ્યો કે મહારાજા ઇ. સ. ૧૭૦૧ માં રાજ્ય સંભાળી શકે એવા થએથી રાજ્યની લગામ તેમના હાથમાં સોંપી તે વખતે મારવાડની પ્રજા વેપાર રોજગારે ને પૈસે ટકે આબાદ થઇ. તથા ખેતીવાડીમાં સારૂં ઉત્પન્ન થવા લાગ્યાથી ખેડુતો પણ સુખી થયા. એટલા સમયમાં ફરીને કોઈ વાર રાજ્યમાં લડાઇ કે ટંટા ફીસાદ નહિ થયાથી રાજ્યનો ખજાનો તર થયો. તેથી તે સમયમાં રાજ્યના બંદોબસ્ત માટે જે જે કિલ્લા સુધારવા જેવા હતા તે દુર્ગાદાસે સુધરાવ્યા ને જ્યાં નવા કરાવવાની જરૂર જણાઇ ત્યાં નવા કરાવ્યા. કેટલેક ઠેકાણે રસ્તાઓ દુરસ્ત કરાવ્યા ને જોધપુર શેહેરમાં ને ગઢ ઉપર રાજ્ય મહેલો ને ઉતારાનાં મોટાં મકાનો બંધાવ્યાં એટલું છતાં પણ ખજાનામાં નાણું પુરતું હતું આ પ્રમાણે રાજ્યની ને રૈયતની સારી રીતે સંભાળ રાખ્યાથી, ન્યાય આપ્યાથી, વેપાર રોજગાર, ખેતીવાડી ને કારીગરીને ઉત્તેજન આપ્યાથી, લશ્કરનો ને તાબાના નોકરોનો સારો બંદોબસ્ત રાખી ચોર, લૂંટારા ને લાંચીઆને નિર્મૂળ કર્યાથી રાજ્ય ને રૈયત આબાદ થયાં.

આ પ્રમાણે રાજ્ય કારભાર ચલાવી સન ૧૭૦૧ માં દુર્ગાદાસે રાજ્યનો સઘળો ભાર મહારાજા સાહેબને માથે નાંખી પોતે પોતાની જાગીરમાં જવાનો ઇરાદો જણાવ્યો ત્યારે મહારાજા અજીતસિંગજીએ પોતાને સર્વ કામની માહિતી થતા સુધી સલાહ આપવાને તેમને દરબારમાંજ રહેવાની ઇચ્છા જણાવ્યાથી બીજાં છ વરસ દુર્ગાદાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોધપુરમાં રહ્યા. ઇ. સ. ૧૭૦૭ માં આલમગીર પાદશાહ દક્ષિણમાં મરણ પામ્યો ત્યારે એનો પાટવી શાહજાદો મોઆઝીમ પાદશાહ થયો. ઔરંગજેબની રાજ્યનીતિથી દેશમાં ઠામઠામ હિંદુઓના બળવા થતા હતા તે મટાડવાને દેશમાં સલાહ શાંતિ ફેલાવવા, એ પાદશાહે મહાન અકબરશાહની રાજ્યનીતિ ચલાવવાનો વિચાર કરી મહારાજા અજીતસિંગજી ને દુર્ગાદાસ સાથે સંધિ કરી, અકબરશાહની રાજ્યનીતિ પ્રમાણે ચાલવાનું પોતે કબુલ કર્યું. એટલે હવે દેશમાંથી લઢાઇ ટંટાનું મૂળ જશે એમ જણાયું.

પ્રકરણ ૨૩ મું.

ગુણનો બદલો અવગુણથી સંગ દોષ.

છેલ્લાં ૭ વરસમાં રાજ્યમાં હલકા લોકોનું ચલણ થવા માંડયું. ગોલા ને પાસવાનો મહારાજાના કાન ભંભેરતા, તે મહારાજા અજીતસિંગજી સાંભળવા લાગ્યા. દુર્ગાદાસના સામાવળીઆ પણ ખટપટ કરવા લાગ્યા. આ સર્વ વાતની રજેરજ બાતમી દુર્ગાદાસના વિશ્વાસુ ગંભીર, ગુલાબ ને માનસિંગ લાવતા. એક દિવસે દુર્ગાદાસ દરબારમાં આવ્યા ત્યારે મહારાજાએ કહ્યું કે " કાકા, જ્યારે જ્યારે હું તમને જોઉંછું ત્યારે ત્યારે મને નાનપણનાં દુઃખ યાદ આવે છે. " આ સાંભળી દુર્ગાદાસે મૌન ધર્યું. પણ એથી એ સમજ્યો કે હવે મહારાજાનું મન આપણાથી ઉંચું થયું છે ને આપણું અન્નજળ જોધપુરથી ઉઠયું છે. રાજા ગાદીપતિ થયા પછી પોતાની ઇચ્છાનુસાર સ્વતંત્રપણે ચાલવાને ચાહે એ સ્વાભાવિક છે. તથાપિ તેમની ઇચ્છા રાજ્યને કે રૈયતને નુકશાન કરતા ન જોઇએ. પરંતુ અજીતસિંગજી હલકા લોકમાં ઉછરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા થયા છે ને જોધપુરમાં પણ ઘણો ખરો એવાજ લોકોનો સહવાસ છે. તેથી તેવા સોબતીઓના હલકા ગુણ એમનામાં આવવાનો સંભવ છે. એ હલકા ગુણના યોગથી ભવિષ્યમાં માંહોમાંહે કુસુંપનાં બીજ રોપાઇ એમની કે રાજ્યની ખરાબી થવાનો સંભવ છે. જે રાજ્ય મહારાજાની ગેરહાજરીમાં પાદશાહે ખાલસા કરી પાયમાલ કર્યું હતું, તે રાજ્ય કેટલી મુશીબતે પાદશાહ પાસેથી છોડાવી કેટલી મુસ્કેલીઓ વચ્ચે મહારાજાને ઉછેરી સ્વાધીન કર્યું; તથા તે પછી ચૌદ પંદર વરસમાં એ રાજ્ય મહારાજા જશવંતસિંગજીના સમયમાં જેવી આબાદીમાં હતું તેવું આબાદ કર્યું છે, તે રાજ્ય પાછું મારાજ દેખતાં પાયમાલીમાં આવવાનો વખત આવે તો આ વૃદ્ધાવસ્થામાં હું શું કરી શકવાનો છું? તે કરતાં તો આ આબાદ રાજ્ય છોડીને હાલમાંજ જવું એ સારૂં છે. એવો વિચાર કરી તેણે પોતાના કુટુંબ કબીલાને ધીરે ધીરે ઉદેપુરના રાજ્યમાં વિદાય કર્યો.

એક દિવસે દુર્ગાદાસ દરબાર ગઢમાં મહારાજા પાસે જતા હતા ત્યારે કિલ્લા ઉપર એમના બાતમીદારોએ એમને ખાનગીમાં ખબર આપી કે આજે તમે પાછા ઘેર જાઓ ત્યારે તમને મારવાને કિલ્લાને દરવાજે મહારાજાએ ચાર મારા બેસાડેલા છે. માટે શી આજ્ઞા છે? દુર્ગાદાસે તેને સમજાવી પોતાને ઘેર મોકલ્યો. દુર્ગાદાસે દરબારમાં જઈ મહારાજાને સલામ કરી કહ્યું કે મહારાજા સાહેબ, હવે આપ રાજ્ય ચલાવી શકો એવા થયા છો તથા રાજ્ય કારભારની સર્વ ખાંચ ખૂંચથી વાકેફ થયા છો. હું વૃદ્ધ થયો છું તેથી હવે મારો વિચાર આ છેવટના જે થોડા ઘણા દિવસો બાકી હોય તે કાશીમાં જઇ ભગવદ્ભક્તિમાં ગાળવા એવો થાય છે. માટે હવે આપ કૃપા કરીને મને રજા આપો તો બહુ સારૂં. આ સાંભળી મહારાજા અજીતસિંગજીને પણ ભાવતું હતું ને વૈદે કહ્યા જેવું થયું. જ્યાં સુધી દુર્ગાદાસ જેવો વીર ને સદ્‌ગુણી નર રાજ્યમાં કરતા કારવતા હોય તો, જો કે દરેક કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગાદાસ મહારાજાના કાનપર નાંખી તેમની મંજુરી મેળવીને કરતો હતો તોપણ—ત્યાં મહારાજાને કોણ પૂછે ? હલકા લોકોના ભમાવ્યાથી એ વાત મહારાજાને ગમતી નહોતી. વળી દુર્ગાદાસને જોતા કે મહારાજાને પોતાની બાળપણાની સ્થિતિ યાદ આવતી. મહારાજાએ પંડે કોઇ સારૂં કામ કર્યું હોય તોપણ તે દુર્ગાદાસની સલાહથી થયું હશે એમ લોકો માનતા. આ સર્વ કારણોથી દુર્ગાદાસ મહારાજાને આંખના પાટા જેવો લાગતો હતો તેથી એ હવે દરબારમાંથી જાય તો સારૂં એમ મહારાજા ઇચ્છતા હતા, પણ જેના હાથ નીચે ઉછરીને મોટા થએલા ને જેના વડે રાજ્ય આબાદ ને સુખી થએલું, તેને જાઓ, એમ કહેવાની મહારાજાની હિંમત ચાલતી નહિ હતી. પરંતુ જ્યારે એમણે જાતેજ જવાની પરવાનગી માગી ત્યારે એમને મન તો ટાઢે પાણીએ ખસ જવા બરાબર હતું. એટલું છતાં જ્યારે દુર્ગાદાસે કાશી જવાની પરવાનગી માગી ત્યારે જાણે પોતે એમના જવાથી બહુ દીલગીર થતા હોય એમ જણાવી ખોટા દીલથી રજા આપી. તથા જ્યારે પોતાને જરૂર પડે ત્યારે તેમની સલાહ માગેથી સલાહ આપવાની વિનંતિ કરી. પછી દુર્ગાદાસે કહ્યું કે મહારાજા સાહેબ, ગઢમાં રાજ્યનો ખજાનો આજ સુધી આપનાથી ને અન્ય સર્વથી છૂપો રાખવામાં આવ્યો છે. તે કયાં છે ને કેટલો છે તે માત્ર હુંજ જાણું છું, તે મારા જતા પહેલાં આપને મારે બતાવવો જોઇએ. પણ આજે હું કુંચીઓ ઘેર ભૂલી આવ્યો છું અને તે લાવી આજે બતાવવાનો વખત નથી તેથી કાલે કુંચીઓ લાવી આપને બતાવી હું આપની રજા લેઇશ. મહારાજા તે સાંભળી રાજી થયા. પરંતુ પોતે મનમાં વિચાર કર્યો કે આજે પાછા જતાં તો દરવાજા ઉપર મારા એમનો ઘાત કરશે. તે ન થાય માટે એ ઘેર જાય તે અગાઉ મારાઓ ને ચેતાવી દેવા જોઇએ કે એમનો ઘાત કરે નહિ; એમ વિચારી તેમને ચેતાવી દીધા. થોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારે દુર્ગાદાસ ઘેર ગયો ને પોતાના પાંચસેં સ્વારોને હથીઆરબંધ સજ્જ થએલા જોઈ પોતે પણ હથીઆર સજી સ્વાર થયો ને મહારાજાને કહાવ્યું કે મહારાજા સાહેબ આપ તો દુર્ગાદાસને કુતરાના મોતે મરાવવા તૈયાર થયા હતા, પણ દુર્ગાદાસ એમ કુતરાને મોતે મરે એવો નથી. એ તો રણક્ષેત્રમાં મરવાને તૈયાર છે, માટે આપ રણમાં પધારો. આ સંદેશો સાંભળી અજીતસિંગ ભયભીત થયો ને જેણે પોતાના પરાક્રમ, સાહસ, ધૈર્ય ને દીર્ઘદ્રષ્ટિથી મારવાડ જીતી લેઇ જેનું ૨૦ વરસ સુધી સાચવી પાલન કર્યું હતું, તેના સામા થવાની પોતાની હિંમત નહિ ચાલ્યાથી તેને નિર્વિઘ્ને જ્યાં જાય ત્યાં જવા દીધો. ગુણ ઉપર અવગુણ તે આનું નામ.

દુર્ગાદાસ જોધપુરથી નીકળી ઉદેપુર ગયો ત્યારે ત્યાં મહારાણા જયસિંગજી રાજ્ય કરતા હતા. તે દુર્ગાદાસની હકીકત સાંભળી તથા એણે કરેલા અથાગ ગુણનો આ રીતે બદલો મળેલો જોઇ દીલગીર થયા. તેમણે દુર્ગાદાસનું ને એમના માણસોનું સારી રીતે પોષણ થાય એટલી જીવાઇ બાંધી આપી. તેથી દુર્ગાદાસે ઉજ્જેણમાં જઇ એકાંત વાસમાં રહી મહાકાળેશ્વરની સેવા કરી પોતાનું બાકીનું આયુષ્ય પુરૂં કર્યું. એણે સંવત ૧૭૬૫ માં દેહ છોડી ત્યારે ક્ષિપ્રાને કાંઠે એને અગ્નિ સંસ્કાર દીધો.

એના મરણ માટે એક સોરઠો છે કે.

સોરઠો.

પ્રીત ગઈ પરતીત, સાખકેડે હોતી સહી,
ઇણ ધર એહી રીત, દુર્ગાસિપરા દાગીઓ.

મતલબ કે દુર્ગાદાસના મુવા પછીના એક રાજાએ એના સાખદડાના ભાયાત સાથે પણ અજીતસિંગજીના જેવીજ વર્તણુક ચલાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણ ઉપર અવગુણ કર્યો ત્યારે તેણે કવિરાજને પૂછ્યું કે રાજા આમ કેમ કરે છે? મેં કેટલો બધો ગુણ કર્યો છે તે નહિ સંભારતાં ઉલટો ગુણચોર થાય છે? ત્યારે કવિએ ઉપલો સોરઠો કહ્યો છે. કે ભાઇ તમારી સાથે પ્રીતિ ને પ્રતીતિ હતી તે સર્વ ગયું છે? પણ જેણે અસહ્ય દુઃખ વેઠી બાળપણાથી ઉછેરી મોટો કર્યો ને દિલ્લીના આલમગીર જેવા બળવાન પાદશાહ સાથે લઢીને મારવાડ જીતી લેઇ ગાદીએ બેસાડ્યો એવા દુર્ગાદાસનો પણ અજીતસિંગજી મહારાજાએ ઘાત કરાવવાનો વિચાર કર્યાથી દુર્ગાદાસને જોધપુરમાં અગ્નિસંસ્કાર થવા વારો ન આવ્યો ને નદીને કાંઠે એમને અગ્નિસંસ્કાર થયો. ભાઇ, એ ઘેર તો એવીજ રીતિ ચાલી આવે છે.

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ-જ્ઞાનના દાખલાનું નવું પુસ્તક.

સ્વર્ગનાં રત્નો.

પૃષ્ઠ ૩૮૪, પાકું પૂઠું ત્રણ સોનેરી નામ, કિં. રૂા. એક.

આ પુસ્તક હાલમાં નવુંજ બહાર પડયું છે. ભક્તિ જ્ઞાનના ઉત્તમ સિદ્ધાંતો સ્હેલામાં સ્હેલી રીતે અને અંતરમાં ઝટ દઇને ઉતરી જાય તેવી રીતે આ પુસ્તકમાં દાખલા દલીલો સાથે વર્ણવેલા છે. તેમાં પોતાના સ્વભાવને જીતવા વિષે, તપ વિષે, ત્યાગ વિષે, નામસ્મરણ વિષે, પ્રભુપ્રેમ વિષે, પ્રાર્થના વિષે, પરમાર્થ વિષે, ભગવદ્ ઇચ્છા વિષે, ધર્મ વિષે, સુખ દુઃખ વિષે, મોહ વિષે, માયા વિષે, વ્રત નિયમ વિષે, ભક્તો વિષે; જ્ઞાનીઓ વિષે. મહાત્માઓ વિષે, સંત સાધુઓ વિષે, મહાજનો વિષે, અજ્ઞાન વિષે, નશીબ વિષે, કુદરત વિષે, વખત વિષે, કામ ક્રોધ વિષે, મોત વિષે, તીર્થ વિષે, વાંચન વિષે, શાંતિ વિષે, મોક્ષ વિષે, તથા આત્મા અને પરમાત્મા વિષેના ખુલાસાવાળા ૧૦૧ દાખલા છે. સ્હેલી રીતે અને રમુજ પડે તેવી રીતે એ દાખલાઓ વર્ણવેલા હોવાથી વાંચવામાં રસ પડી જાય છે. જીજ્ઞાસુઓ અને હરિજનોને આ પુસ્તક ખાસ ગમી જાય તેવું છે. સ્વર્ગનું વિમાન, સ્વર્ગની કુંચી અને સ્વર્ગનો ખજાનો એ લોકપ્રિય થયેલાં પુસ્તકોના જેવાજ અને તેના કરતાં વધારે ઉંડાણવાળા તથા લંબાણ દાખલાઓ આ પુસ્તકમાં આવેલા છે.

અમૃતલાલ સુંદરજી પઢીયાર, હાથી બીલ્ડીંગ મુંબઇ નં. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર્ષિક મૂલ્ય ૨)ની
(ટપાલ ખર્ચ સહિત)
વી. પી. ખર્ચ ૦)-
ભેટનો ટપાલ ૦)ાા

"સત્ય."

(ગુજરાતી માસિક.)

ક્રાઉન રૉયલ ૮ પેજી,
૪૮ પાનાં કાગળ,
સાઠ રતલી ગ્લેઝ,તથા
સુંદર રગીન પુઠું.
ઝીણા ટાઇપ.

બીજાં ગુજરાતી માસિકો અને 'સત્ય' વચ્ચે શું ભેદ છે?

૧ આ પત્ર દર અંગ્રેજી માસને પ્રારંભે પ્રગટ થાય છેજ.

૨ **ભાષા**-શુદ્ધ તથા સરળ, આનંદદાયક તથા ભભકદાર.

૩ **વ્યકિતના** આત્મિક, માનસિક અને કાયિક કલ્યાણના, અને સમષ્ટિના ધાર્મિક, સાંસારિક તથા સુબોધક **વિષયો** ઉપર જ્ઞાનયુક્ત ચર્ચા.

૪ સત્યનો પક્ષ કરીને, પૃથ્વીના સકલ ધર્મો તથા માન્યતાઓ સંબંધી દેશોન્નતિની દૃષ્ટિથી ચર્ચા.

૫ જગતમાં થતી રહેતી **નવીન શોધો, ઉન્નતિના ઉદ્ભવતા નવા સિદ્ધાંતો** ને સાધનો વિચારોનું દિગ્દર્શન તથા આલોચના.

૬ દેશ વિદેશના **ઉત્તમ માસિકોના ઉત્તમ લેખોનો સારાંશ.**

૭ જ્ઞાન, **ગમ્મત** તથા **હાસ્યના લેખો.**

૮ દર માસે કોઇ પ્રખ્યાત મહા પુરૂષનું જીવન ચરિત્ર.

૯ આ માસિક અતિ સસ્તું છે. રૂ. ૨ાા માં દસોઠસ ભરેલી ઉપયુક્ત 'મેટર' નાં મોટા કદનાં ૫૭૬ પાનાં ઘેર બેઠાં મળે છે.

૧૦ જુલાઇથી શરૂ થતા નવા વર્ષનું લવાજમ ભરનારાઓને **ભેટનું સુંદર પુસ્તક** પણ મળે છે.

(વિગત માટે જુનનો અંક જોવો.)

ગુજરાતી માસિકોમાં 'સત્ય' સર્વોત્તમ છે તેની ખાત્રી કર્યા પછીજ ગ્રાહક થવા, પ્રથમ બે આનાની ટીકીટ મોકલી નમુનાનો અંક મંગાવી જોવા વિનંતિ છે

વ્યવસ્થાપક—**મોતીલાલ ત્રિ. દલાલ. હાઇકોર્ટ વકીલ.**
નં. ૮૨ કાંદાવાડી' ગીરગામ,—**મુંબઇ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પાગલ હરનાથ અંતરમાંથી ઉભરાઈ જતાં દિવ્ય પ્રેમથી ભરપૂર છે."

ઍની બીસેન્ટ.

" પાગલ હરનાથનાં એક એક પૃષ્ઠમાં અમૂલ્ય ઉપદેશો છે."

હિન્દુ પંચ.

પાગલ હરનાથ ભા. ૧

મહાત્મા ઠાકુર શ્રી હરનાથજીના અમૃતધારા જેવા પત્રો તેમની સુંદર છબિ અને જીવન વૃત્તાંત સહિત. પૃષ્ટ દોઢસો.

મૂલ્ય રૂ. ૦–૮–૦ મળવાનું ઠેકાણું:-

નર્મદાશંકર બાળાશંકર.

શાહપોર—સુરત.

આ પત્રોનો પ્રધાન ભાવ શ્રી કૃષ્ણ પ્રતિ અનન્ય ભક્તિ છે. તેમાં ભક્તિનો પ્રવાહ એવો અસ્ખલિત અને ગંભીર વહે છે કે જેઓ તેમાં નિમગ્ન થાય છે તેઓ શ્રી કૃષ્ણનાં દર્શન કરી શકે છે" મહાકાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્તું—સુંદર તથા સુબોધક

આનંદ માસિક.

જો તમે માત્ર નહિ જેવી કિંમતે નૈતિક, વ્યાવહારિક તથા આધ્યાત્મિક વિષયોનું અણમોલું વાંચન મેળવવા માગતા હો, જો સામાજીક ઘટનાઓ વિષેના સ્વતંત્ર વિચારકોના વિચારો સાંભળવા માંગતા હો, જો આનંદના અશ્રુને વહેવડાવે એવી કથાઓના વૃતાંતોથી તમારા આત્માને રસમાં ભીંજવવા માગતા હો, તો પ્રિય વાચક! આનંદ–માસિક પત્રની ગ્રાહક સંખ્યામાં તમારૂં નામ ઉમેરવામાં વિલંબ કરશો નહિ. આજે આ માસિક તેના રસવતા ધર્મને લેઇને તથા અલ્પ મૂલ્યને લઈને વિદ્વાન તથા વિદ્યાર્થી, શ્રીમંત તથા ગરીબ એમ સર્વત્ર આવકાર પામતું જાય છે. વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧–૦–૦ પોસ્ટેજ સહિત. દર વર્ષે એક ભેટનું પુસ્તક પણ આપવામાં આવે છે. જેના કેવળ ટપાલ ખર્ચના રૂ. ૦–૪–૦ લેવામાં આવે છે. આ માસિકપત્રનું અવલોકન લેતાં જૈનપત્ર લખે છે કેઃ—

" આ માસિકની અંદર લેખો કાંઇ સ્વતંત્રતાથી લખાય છે. શ્રીમદ્ રાજચંદ્ર વિષેનો લેખ બહુ વિચારપૂર્વક લખાયો છે. બધા વિષયો વાંચવા જોગ છે. માસિકની ભાષા સારી છે અને ટપાલ સાથે વાર્ષિક મૂલ્ય રૂ. ૧–૦–૦ વધારે નથી." સારાંશ એ છે કે આવું સસ્તું, સુબોધક તથા સુંદર માસિક ગુજરાતી સાહિત્યમાં ભાગ્યેજ બીજું મળી આવશે.

લખોઃ—

મેનેજર, આનંદ–પાલીતાણા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વદેશી ભારત સ્ટોવ્સ

(ચૂલા.)



તથા સ્ટોવ ઉપર લાઇટ થાય તેવા ભારત પેટંટ સ્ટોવ લાઇટ બરનરો, તેમજ વિલાયતી પ્રાઇમસ તથા દરેક જાતના ચુલાઓ તથા તેનો છુટો સામાન કિફાયત ભાવે મળશે. તેમજ ચુલાઓનું રીપેર કામ સારૂં તેમજ કીફાયતે કરી આપવામાં આવે છે.

ઠે. ભારત સ્ટોવ ડીપો.

માલોક, બી. એમ. મઢીવાળા.

ગીરગામ, મોહન બીલ્ડીંગ—મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામદાર શાહેનશાહ
અને
શાહેનશાહબાનુ

ગયા ડીસેમ્બરમાં આપણા દેશમાં પધાર્યાં હતાં તે વેળા તેઓના તાજ અને ઝવેરાતની જાળવણી માટે **ગોદરેજની તીજોરી** ખરીદવામાં આવી હતી, અને એ તીજોરી આખો વખત તેઓની સાથેજ રહી હતી.

નામદાર ગવરનરની

દીલ્હીની છાવણી માટે બે બે દરવાજાવાળી બે મોટી તીજોરીઓ લેવામાં આવી હતી, અને તેમાં ગવરનર સાહેબ અને તેઓના પરોણાઓનો જોખમ રહેતો હતો. આ બન્ને તીજોરીઓ પણ ગોદરેજની હતી.

ગોદરેજનું કારખાનું–ગેસ કંપની પાસે, પરેલ–મુંબઈ.

દુકાન–મૂળજી જેઠાની મારકીટ સામે–મુંબઈ.

શાખા—રેલ્વે સ્ટેશન સામે, રીડરોડ–અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar